# ગુજરાતના ચૌલુક્યકાલીન અભિલેખો : એક અધ્યયન



(ઈ.સ. ૯૪૨ થી ૧૨૪૪)



લેખિકા વર્ષા ગગનવિહારી જાની

# ગુજરાતના ચૌલુક્યકાલીન અભિલેખો : એક અધ્યયન

(ઈ. સ. ૯૪૨ થી ૧૨૪૪)

લેખિકા :

ડૉ. વર્ષા ગગનવિહારી જાની

Gujaratna Chaulukyakalina Abhilekho : Eka Adhyayana (A.D. 942-1244) : by Dr. Varsha Gaganvihari Jani

પ્રકાશક :
શ્રીમતી લીલાબેન કે. જાની
૩, મહેતા એપાર્ટમેન્ટ્સ
ડુંગરશીનગર સોસાયટી, વિ. ૧ પાસે
ભઠ્ઠા, સરખેજ રોડ, અમદાવાદ-૭

© લેખિકા

માર્ચ, ૧૯૯૧
નકલ : ૫૦૦

કિંમત : રૂ. ૧૨૫/-

મુદ્રક :
હરજીભાઈ એન. પટેલ,
ક્રિશ્ના પ્રિન્ટરી,
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩

મારી વિદ્યાકીય કારકિર્દીના ઘડતરમાં
સક્રિય પ્રેરણા અને બળ પૂરું પાડનાર મારા
ગુરુજન
ડૉ. પ્રવીણચંદ્ર પરીખને
સાદર અર્પણ

# આ મુ ખ

ડૉ. વર્ષાબહેનનો "ચૌલુક્યકાલીન અભિલેખો : એક અધ્યયન" શીર્ષકથી 'ડૉક્ટરેટ'ની પદવી માટે લખાયેલો મહાનિબંધ પ્રસિદ્ધ થઈ રહ્યો છે એ આનંદનો વિષય છે. ઉત્તમ રીતે લખાયેલા આવા મહાનિબંધ છપાયા વિના પડી રહેતા હોય છે. આ મહાનિબંધ થોડા સમયમાં જ પ્રકાશિત થઈ રહ્યો છે, એ અભિનંદનનો વિષય છે. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના ઇતિહાસના થોડા જ તેજસ્વી યુગોમાં "મૈત્રકયુગ" પછી આ "ચૌલુક્યયુગ" કે 'ચૌલુક્યકાલ' આવે છે, જેમાં ભારતીય સંસ્કૃતિ–સભ્યતાનાં તેજસ્વી તત્ત્વો ઉચ્ચ કક્ષાએ વિકસી આવ્યાં હતાં. આની મીમાંસા મુખ્યત્વે અભિલેખોનો સબળ અભ્યાસ સાધી (ક) લલિત સાહિત્ય, (ખ) અભિલેખસંગ્રહો, (ગ) ગુજરાતી ગ્રંથો, (ઘ) અપ્રસિદ્ધ (ટાઈપ કરેલા) મહાનિબંધો, (ચ) હિંદી-ગ્રંથો અને (છ) અંગ્રેજી ગ્રંથોના પણ સબળ અભ્યાસના પરિપાકરૂપે સપ્રમાણ મૂર્ત કરી આપવામાં આવી છે. મને લાગે છે કે આવા સુંદર પ્રયત્નને રમતો–ભમતો કરવામાં પરિશિષ્ટો મહત્ત્વનો ભાગ ભજવી રહ્યાં છે. પરિશિષ્ટ ૧ : અભિલેખોમાંથી પ્રાપ્ત થયેલાં ગામોનો સ્થળ–નિર્દેશ, ૨ : અભિલેખોની મિતિઓ અને એની અંગ્રેજી તારીખો, ૩ : ચૌલુક્યકાલીન મુસ્લિમ અભિલેખો, ૪ : ચૌલુક્યકાલીન ત્રણ અભિલેખોની વિશિષ્ટ સમીક્ષા તથા 'સંદર્ભ-સૂચિ' આપતાં (૧) મૂળ અભિલેખો, (૨) ચૌલુક્યકાલીન અરબી–ફારસી અભિલેખો અને (૩) પ્રતિમાલેખો મળી ૪૦૫ અભિલેખોની સુવિશદ યાદી આપવામાં આવ્યા પછી (અ) વિશિષ્ટ સંદર્ભગ્રંથોની ઉપર જણાવ્યા પ્રમાણેના શીર્ષકવાળી યાદી આપવામાં આવી છે. બહેને આ પરિશિષ્ટો જોવા માત્રથી પણ કેવો ભારે મહત્ત્વનો પ્રયત્ન કર્યો છે એનો ખ્યાલ આવશે.

મહાનિબંધનાં ૯ પ્રકરણ આપતાં અભિલેખોના 'પ્રાસ્તાવિક વિશ્લેષણ'માં અભિલેખોનું મહત્ત્વ, પઠન–પ્રકાશન–સૂચીકરણ, વર્ગીકરણ, ફલકની દૃષ્ટિમાં પ્રકારો, ભાષા, લિપિ (સુવિશદતાથી), સંકેતચિહ્નો, લખવાની પદ્ધતિ, વિશ્લેષણ –આ વિષયોને સુયોગ્ય રૂપે નિરૂપી ચૌલુક્યકાલની વિશિષ્ટતા સુલભ કરી આપી છે. બીજા 'રાજકીય સ્થિતિ' પ્રકરણમાં 'ચૌલુક્યવંશ' વિશે પરિચય આપતાં 'ચૌલુક્યનામ' 'કુલની ઉત્પત્તિ' 'પૂર્વજો' અને પછી રાજકીય ઇતિહાસ આપવામાં આવ્યો છે. આમાં ચૌલુક્યો સાથે એના ફાંટારૂપના વાઘેલાઓ વિશે પણ

પ્રામાણિક માહિતી અપાઈ છે. અનેક સંદિગ્ધ બાબતોનું નિરાકરણ પણ આમાં જોવા મળે છે.

૩ જું 'સમકાલીન રાજ્યો'નું પ્રકરણ ૧. કચ્છનો જાડેજા વંશ, ૨. ચૂડાસમા વંશ, ૩. જેઠવાવંશ, ૪. વાજાવંશ, ૫. માંગરોળનો ગૂહિલવંશ, ૬. મેહર-રાજ્ય, ૭. લાટનો ચાલુક્યવંશ (નાંદિપુર), ૮. દક્ષિણનો ચાલુક્યવંશ, ૯. ભરૂચનો ચાહમાન વંશ, ૧૦. પરમારવંશની ત્રણ શાખા (માળવા, આબુ અને ભિન્નમાલ–કિરાડુની), ૧૧. ચૌહાણવંશની શાકંભરી નડુલ અને જાલોરની મળી ૩ શાખા) અને ૧૨. ગોવાનો કદંબવંશ, એક જ ગ્રંથમાં આ વિભિન્ન સમકાલીન રાજ્યોનું નિરૂપણ ધ્યાન ખેંચી રહ્યું છે. ૪ થા પ્રકરણમાં 'રાજ્યતંત્ર'નો 'રાજા' 'અધિકારીઓ' 'વહીવટી પદ્ધતિ' (વિભાગો અને પેટાવિભાગો સાથે, મંડલોના 'સ્થાન-નિર્ણય'ના કોઠા સાથે) આ પૂરી સક્ષમતાથી નિરૂપાયેલાં જોવા મળે છે. આ પછી ૫ મા પ્રકરણથી સામાજિક અભ્યાસ શરૂ થાય છે. 'આર્થિક પરિસ્થિતિ'માં 'ખેતી' 'વેપાર–વણજ અને મહેસૂલ–પદ્ધતિ' 'વાહનવ્યવહાર' 'ચલણીનાણું–સિક્કા (સારા એવા વિસ્તારથી)' આ બતાવ્યા પછી ૬ઠ્ઠા પ્રકરણમાં 'સામાજિક સ્થિતિ' આપતાં 'વર્ણવ્યવસ્થા' 'વિવિધ જ્ઞાતિઓ : બ્રાહ્મણો (નાગર બ્રાહ્મણ, મોઢ બ્રાહ્મણો, શ્રીમાળી બ્રાહ્મણો, ઔદીચ્ય બ્રાહ્મણો, રાયકવાળ બ્રાહ્મણો, કનોજિયા બ્રાહ્મણો અને ગૂગળી બ્રાહ્મણો), ક્ષત્રિયો, વૈશ્યો (માહેશ્વરી વણિકો, શ્રીમાળી વણિકો, મોઢ વણિકો, ઓસવાળ જ્ઞાતિ, પોરવાડ જ્ઞાતિ, હુંબડ, ખડાયતા, ધરકટ, પલ્લી–પલ્લીવાલ), કાયસ્થ, ઉપરાંત વિવિધ સમુદાયો, મનુષ્યનામોનો વિકાસ (વિસ્તારથી), વિવિધ ગોત્રો, વિવિધ અટકો, વધુમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિ (સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, લગ્નવિચ્છેદ, દાસીપ્રથા, (અપુત્રિકાધનનો ત્યાગ), મોજશોખ અને વહેમ–માન્યતા આ વિષયોની તારવેલી માહિતી રોચક બની છે.

૭ મા પ્રકરણમાં 'ધાર્મિક સ્થિતિ' આપતાં 'ધર્મદાય' 'પૂર્તધર્મ (પૂર્તકાર્યોની સમીક્ષા સાથે)' 'ધર્મભાવના' 'બ્રાહ્મણજીવન' 'પંચ મહાયજ્ઞો' 'ધર્મપરકતા' 'દેવપૂજા' 'આશ્રમો' અને 'વિવિધ સંપ્રદાયો (જેમાં શૈવ સંપ્રદાય અને અભિલેખોમાં ઉલ્લિખિત શિવાલયો, શાક્ત સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, આદિત્યપૂજા, ગણેશપૂજા અને સૂર્યપૂજા), જૈનધર્મ (એમાં મૂર્તિપૂજા આપીને વિવિધ સુપ્રસિદ્ધ આચાર્યોનો પરિચય અને ગચ્છોનો પણ), આ ઉપરાંત 'ઉત્સવો–પર્વો' વિશે આપતાં 'હિંદુપર્વો'ના પ્રકાર આપવામાં આવ્યા છે.

૮ મું પ્રકરણ 'કાલગણના અને સમયનિર્દેશ' મહત્ત્વ એ રીતે ધરાવે છે કે એમાં ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાં ચૌલુક્યકાલીન સંવત્સરો વિશે સારી માહિતી આપી છે, વળી એના ચોક્કસ આરંભને લક્ષ્યમાં રાખી સમયનિર્દેશ કરવામાં આવ્યો છે. આમાં 'વિક્રમ' 'શક' 'વલભી' અને 'સિંહ (આ ચર્ચાસ્પદ હોઈ એની ચર્ચા પ્રમાણમાં ઘણી વધુ)' તથા અલ્પપ્રચલિત 'સિદ્ધહેમકુમાર સંવત' વિશે સપ્રમાણ વિવરણ સુલભ કરવામાં આવ્યું છે.

૯ મું અને છેલ્લું પ્રકરણ 'કલા' વિશે છે. સ્થાપત્યકલામાં સમગ્ર ભારતીય ઉપખંડમાં ચૌલુક્યકાલ ઉચ્ચ કોટિએ પહોંચ્યો હતો. 'કિલ્લાઓ' 'જળાશયો (સરોવરો, વાવ, કૂવા)' 'કીર્તિસ્તંભો' અને 'અન્ય સ્થાપત્યો,' જેમાં મુખ્યત્વે 'ધાર્મિક સ્થાપત્યો' પ્રધાનતા ભોગવી રહ્યાં છે. આમાં 'હિંદુધર્મનાં દેવાલયો' અને 'જૈનધર્મનાં દેવાલયો' વિશે ખૂણે ખાંચરેથી ઊંડી શોધ કરીને માહિતી તે તે સ્થાપત્યના કરાવનારાઓનાં નામ અને સમય આપીને સૂચક રીતે અપાઈ છે.

લખવામાં લેશ પણ સંકોચ થતો નથી કે બહેને મહાનિબંધને છેલ્લામાં છેલ્લા પ્રકાશિત સંદર્ભોની સહાય લઈને આ ભારે શ્રમનું સંશોધન રજૂ કરી આપ્યું છે, જે માટે એ અને એમના માર્ગદર્શક વિદ્વાન બંને અભિનંદનને પાત્ર છે.

મધુવન, એલિસબ્રિજ,
અમદાવાદ–૩૮૦૦૦૬
તા. ૧૪–૩–૯૧

**કેશવરામ કા. શાસ્ત્રી**

# પ્રાક્કથન

"ગુજરાતના ચૌલુક્યકાલીન અભિલેખો : એક અધ્યયન" નામના મારા મહાનિબંધ નિમિત્તે થયેલ સ્વાધ્યાય અને સંશોધનને પુસ્તકરૂપે પ્રગટ કરતાં મને અતિ આનંદ થાય છે.

ગુજરાતના પ્રાચીનકાલના ઇતિહાસમાં ક્ષત્રપકાલ મૈત્રકકાલ અને ચૌલુક્ય કાલ એ ત્રણે દીર્ઘ કાલો વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. એમાં ચૌલુક્યકાલ ઈ. સ. ૯૪૨ થી ૧૨૪૪ ના સમય પટને આવરે છે. આ કાલ દરમ્યાનનો ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ જાણવા માટે અનેકવિધ સંશોધનો થયાં છે એમાં અભિલેખોનું વિશિષ્ટ મહત્ત્વ છે.

ચૌલુક્યકાલીન અભિલેખો જુદાં જુદાં સામયિકોમાં છેલ્લા કેટલાય દાયકાથી પ્રગટ થતા રહ્યા છે. એ પૈકીના ઐતિહાસિક અભિલેખોને 'ગુજરાતના ઐતિહાસિક લેખો'માં શ્રી ગિરજાશંકર વલ્લભજી આચાર્યે પ્રગટ કર્યા છે. આ કાલના લેખોની સૂચિ પણ ગુજરાત ઇતિહાસ પરિષદ તરફથી પ્રગટ કરવામાં આવી છે. શ્રી અશોકકુમાર મજુમદારે અભિલેખોનો કેટલોક ઉપયોગ કરીને "The Chaulukyas of Gujarat" નામે પુસ્તક રચ્યું છે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ"માં અને શ્રી રસિકલાલ છો. પરીખે "કાવ્યાનુશાસન"ની પ્રસ્તાવનારૂપે આપેલ ગુજરાતના ઇતિહાસમાં એનો કેટલોક ઉપયોગ કર્યો છે. વળી સોલંકીકાલને લગતા "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ગ્રંથ–૪ તેમજ નવીનચંદ્ર આચાર્યે એ નામે લખેલા ઇતિહાસમાં પણ એઓનો ઉપયોગ થયો છે, પરંતુ આ બધા ગ્રંથોમાં અભિલેખોનો સર્વાંગી ઉપયોગ થયો નથી. એમાં ઘણું કરીને ચૌલુક્યોના ઇતિહાસ પર વધુ ઝોક અપાયો છે અને એમાં સાહિત્યિક સાધનોનો વિશેષ અને અભિલેખોનો પૂરક સાધન તરીકે ઉપયોગ થયો છે. એમાં પણ રાજકીયને મુકાબલે સાંસ્કૃતિક માહિતીનો અતિ અલ્પ પ્રમાણમાં વિનિયોગ થયો છે. તાજેતરમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું Historical and Cultural Study of the Inscriptions of Gujarat નામે પુસ્તક પ્રગટ થયું છે તેમાં પણ ઐતિહાસિક મુખ્યત્વે રાજકીય મહત્ત્વ ધરાવતા અભિલેખોને આવરી લેવાયા છે. અહીં પ્રસ્તુત પુસ્તકમાં અભિલેખોને મુખ્ય આધાર તરીકે લઈ, જરૂર પડે આનુષંગિકપણે સાહિત્યિક સામગ્રીનો

ઉપયોગ કર્યો છે. અહીં ચૌલુક્ય રાજવંશ ઉપરાંત બધા સમકાલીન રાજવંશોને પણ આવરી લીધા છે અને રાજકીયની સાથે શક્ય તમામ સાંસ્કૃતિક માહિતીનું પણ વિશ્લેષણાત્મક રીતે નિરૂપણ કર્યું છે.

મારા સ્વાધ્યાયના નિચોડરૂપે આ પુસ્તક તૈયાર થયું છે. આ વિષયના સુજ્ઞ વાચકોને એ ઉપયોગી નીવડશે એવી આશા રાખું છું.

મારા સંશોધનકાર્યમાં હમેશાં ઉત્સાહભેર સતત અને સંગીન માર્ગદર્શન આપતા રહેવા માટે તેમજ આ પુસ્તક તૈયાર કરાવવા માટે મારા વિદ્યાગુરુ ડૉ. પ્રવીણચંદ્ર ચિ. પરીખનો હું હૃદયપૂર્વક જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

આ ઉપરાંત સંશોધન અંગે ઉપસ્થિત થતા કેટલાક મુદ્દાઓ અંગે માર્ગદર્શન આપવા તેમજ આ પુસ્તકનો 'આમુખ' લખી આપવા માટે મહામહિમોપાધ્યાય પૂજ્ય કે. કા. શાસ્ત્રીજીનો પણ ઉપકાર માનું છું.

મારા સ્વાધ્યાય–સંશોધન દરમ્યાન મને પ્રેરણા પ્રોત્સાહન અને સહકાર આપવા માટે હું પ્રો થોમસ પરમાર, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભારતીબહેન શેલત, ડૉ. યતીંદ્ર દીક્ષિત અને ડૉ. રામજીભાઈ સાવલિયાનો આ તકે આભાર માનું છું.

મારાં માતાતુલ્ય સાસુશ્રી શ્રીમતી લીલાબહેને વાત્સલ્યભાવે મારા આ પુસ્તકને પ્રકાશિત કર્યું છે એ માટે હું તેમની ઋણી છું.

મારા આ કાર્યમાં મને મારા પતિ શ્રી ગગનવિહારી જાનીનાં સાથ, સહકાર અને પ્રોત્સાહન મળતાં રહ્યાં છે તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

પુસ્તક ઉપરના કવરની ડિઝાઈન માટે શ્રી રમણભાઈ પટેલ તેમજ આ પુસ્તક સાનુકૂળતા પ્રમાણે, ઝડપી તેમજ સરસ રીતે તૈયાર કરવા બદલ ક્રિશ્ના પ્રિન્ટરીના માલિક શ્રી હરજીભાઈનો પણ આભાર માનું છું.

૧૭–૩–૯૧ **વર્ષા જાની**

---

## ઋણ સ્વીકાર

ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ : આકૃતિ ૧૧ અને ૧૩ના બ્લોક
પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્ય : આકૃતિ ૧૪ અને ૧૬ના ફોટોગ્રાફ
ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ : આકૃતિ ૧૭નો ફોટોગ્રાફ
લા. દ. સંગ્રહાલય, અમ.: જયસિંહ સિદ્ધરાજની લેખયુક્ત પ્રતિમાનો ફોટોગ્રાફ

# અનુક્રમણિકા


આમુખ ૫
પ્રાક્કથન ૮
ઋણસ્વીકાર ૯
અનુક્રમણિકા ૧૦
સંક્ષેપસૂચિ ૧૩

**પ્રકરણ**

૧. **ચૌલુક્યકાલીન અભિલેખો : પ્રાસ્તાવિક વિશ્લેષણ** **[૧-૩૧]**

અભિલેખો અને એની અગત્ય – અભિલેખોનું પઠન, પ્રકાશન અને સૂચીકરણ – અભિલેખોનું વર્ગીકરણ – અભિલેખોના ફલકની દૃષ્ટિએ પ્રકારો – અભિલેખોની ભાષા

લિપિ – વર્ણોનાં લક્ષણો – અંતર્ગત સ્વરચિહ્નો – સંયુક્તાક્ષરો–અંકચિહ્નો – સંકેતચિહ્નો – અભિલેખો લખવાની પદ્ધતિ – ચૌલુક્યકાલીન અભિલેખોનું વિશ્લેષણ

૨. **રાજકીય સ્થિતિ : ચૌલુક્યવંશ** **[૩૨-૯૦]**

પ્રાસ્તાવિક – ચૌલુક્ય નામ – ચૌલુક્યકુલની ઉત્પત્તિ – ચૌલુક્યોના પૂર્વજો–ચૌલુક્યવંશનો રાજકીય ઇતિહાસ – મૂળરાજનો રાજ્યવિસ્તાર – ચામુંડરાજ–વલ્લભરાજ–દુર્લભરાજ–ભીમદેવ ૧લો–આબુ પરનું સામ્રાજ્ય–માળવા સાથેનો સંઘર્ષ – ભીમદેવની વિવિધ પ્રવૃત્તિઓ - કર્ણદેવ ૧ લો–સિદ્ધરાજ જયસિંહ–કુમારપાળ–કુમારપાળના વિજય–અજયપાલ–મૂળરાજ ૨ જો–ભીમદેવ ૨જો (પ્રથમ વાર)–રાજ્ય–વિસ્તાર—જયસિંહ કે જયંતસિંહ ૨ જો–ત્રિભુવનપાલ

૩. **રાજકીય સ્થિતિ : સમકાલીન રાજ્યો** **[૯૧-૧૧૨]**

કચ્છનો જાડેજાવંશ – ચૂડાસમાવંશ – જેઠવાવંશ – વાજાવંશ–માંગરોળનો ગૂહિલવંશ – મેહર રાજ્ય – લાટનો ચાલુક્યવંશ – દક્ષિણનો ચાલુક્યવંશ – ભરૂચનો ચાહમાનવંશ–પરમારવંશ – ચૌહાણવંશ – ગોવાનો કદંબ વંશ

૪. **રાજ્યતંત્ર** **[૧૧૩-૧૩૪]**

રાજા–સામંતોનાં બિરુદો–રાજાનાં કાર્યો, અધિકારીઓ–રાજ્યની–વહીવટી પદ્ધતિ–વિવિધ મંડળો અને એનાં પથક વિષય અને ગ્રામ–મંડળોનો સ્થાન–નિર્ણય

૫. **આર્થિક સ્થિતિ** [૧૩૫-૧૫૦]

પ્રાસ્તાવિક-ખેતી-વેપાર-વણજ અને મહેસૂલ-પદ્ધતિ-ચલણીનાણું સિક્કા-તોલમાપ-વ્યાજના દર-સમીક્ષા

૬. **સામાજિક સ્થિતિ** [૧૫૧-૧૭૫]

વર્ણવ્યવસ્થા - વિવિધ જ્ઞાતિઓ - કાયસ્થજ્ઞાતિ-વિવિધ સમુદાયો-મનુષ્ય નામો-સ્થળનામો-વિવિધ ગોત્રો-વિવિધ અટકો-સ્ત્રીઓની સામાજિક સ્થિતિ-મોજશોખ-ખાનપાન-વહેમ-માન્યતા-સમીક્ષા

૭. **ધાર્મિક સ્થિતિ** [૧૭૬-૨૧૫]

પ્રાસ્તાવિક-ધર્મદાય-પૂર્તધર્મ-પૂર્તકાર્યોની સમીક્ષા-ધર્મભાવના-બ્રાહ્મણો-પંચમહાયજ્ઞો-ધર્મપરકતા-દેવપૂજા-આશ્રમો-વિવિધ સંપ્રદાયો-શૈવ સંપ્રદાય-અભિલેખોમાં ઉલ્લિખિત વિવિધ શિવાલયો-શાક્તસંપ્રદાય-વૈષ્ણવસંપ્રદાય-આદિત્યપૂજા- ગણેશપૂજા - સર્પપૂજા-જૈનધર્મ—જૈનધર્મમાં મૂર્તિપૂજા-જૈનસૂરિઓ-દ્રોણાચાર્ય-પાર્શ્વિલગણિ- વટેશ્વરસૂરિ-પૂર્ણકલશસૂરિ-દેવચંદ્રસૂરિ-વિજયસેનસૂરિ-હેમચંદ્રસૂરિ-વિવિધ ગચ્છો-ઉત્સવો-પર્વો.

૮. **કાલગણના અને સમયનિર્દેશ** [૨૧૬-૨૪૫]

પ્રાસ્તાવિક-વિક્રમ સંવત-શક સંવત-વલભી સંવત-સિંહ સંવત-સિંહ સંવતની ઉત્પત્તિ અંગે વિવિધ મંતવ્યો-સિદ્ધહેમકુમાર સંવત

૯. **કલા** [૨૪૬-૨૬૯]

સ્થાપત્ય-અભિલેખોમાં ઉલ્લિખિત નાગરિક સ્થાપત્ય-કિલ્લાઓ-જળાશયો-કીર્તિસ્તંભો-અન્ય સ્થાપત્ય-અભિલેખોમાં ઉલ્લિખિત ધાર્મિક સ્થાપત્ય-અભિલેખોમાં ઉલ્લિખિત પ્રતિમાઓ

**પરિશિષ્ટ**

૧. અભિલેખોમાંથી પ્રાપ્ત થયેલાં ગામોનો સ્થળનિર્ણય [૨૭૦-૨૭૮]

૨. અભિલેખોની મિતિઓ અને એની અંગ્રેજી તારીખો [૨૭૯-૨૮૪]

૩. ચૌલુક્યકાલીન મુસ્લિમ-અભિલેખો [૨૮૫-૨૮૮]

૪. ચૌલુક્યકાલીન ત્રણ અભિલેખો : સમીક્ષા [૨૮૯-૨૯૪]

**સંદર્ભસૂચિ** [૨૯૫-૩૨૮]

સંસ્કૃત અભિલેખો-ચૌલુક્યકાલીન અરબી-ફારસી અભિલેખો—પ્રતિમા-લેખો

વિશિષ્ટ સંદર્ભગ્રંથોની સૂચિ — [૩૨૯–૩૩૫]
લલિત સાહિત્ય–અભિલેખસંગ્રહો–ગુજરાતી ગ્રંથો–અપ્રસિદ્ધ (ટાઈપ કરેલા) મહાનિબંધો—હિંદી ગ્રંથો–અંગ્રેજી ગ્રંથો.

## ચિત્રો

આકૃતિ — પૃષ્ઠ

૧ ચૌલુક્યકાલીન વર્ણો — ૯
૨ અંતર્ગત સ્વરચિહ્નો — ૧૨
૩ અંતર્ગત સંયુક્ત વ્યંજનો — ૧૪
૪ નૂતન શૈલીનાં અંકચિહ્નો — ૧૬
૫ અનુસ્વાર — ૧૮
૬ વિસર્ગ — ,,
૭ હલંત વ્યંજનો — ૧૯
૮ અવગ્રહ — ,,
૯ વિરામચિહ્નો — ૨૦
૧૦ શંખાકાર અને ૐ નાં મંગલ ચિહ્નો — ,,
ચૌલુક્ય રાજાઓની સાલવારી — ૩૯
નકશો : ચૌલુક્ય રાજ્યના વહીવટીવિભાગ — ૩૩૬

પટ્ટ આકૃતિ
૧ ૧૧ મૂલરાજનું વિ. સં. ૧૦૪૩ નું કડી–તામ્રપત્ર
૨ ૧૨ અજિતનાથની પ્રતિમા પરનો વિ. સં. ૧૧૧૦ નો લેખ
૩ ૧૩ વિ. સં. ૧૧૮૧ નો પ્રતિમા–લેખ (વંથળી)
૪ ૧૪ વિ. સં. ૧૧૯૫ નો કચ્છનો ગોખંડા મહાદેવમાં આવેલો જયસિંહ સિદ્ધરાજનો શિલાલેખ
૫ ૧૫ જયસિંહ સિદ્ધરાજનો સહસ્રલિંગ સરોવર પરનો વિ. સં. ૧૧૯૫ નો કીર્તિસ્તંભ લેખ
૬ ૧૬ સિં. સં. ૬૫ (વિ. સં. ૧૨૩૫)નો રુદ્રમહાલયના સ્તંભ પરનો લેખ (સિદ્ધપુર)
૭ ૧૭ મહારાજ્ઞી ઉદયમતિની સલેખ પ્રતિમા (રાણીવાવ, પાટણ)
૮ ૧૮ વિ. સં. ૧૦૭૬ નો લેખયુક્ત પાળિયો (ઓડીદર–કોડીનાર)
૧૯ જયસિંહ સિદ્ધરાજનો ચાંદીનો સિક્કો
આવરણ ૪ જયસિંહ સિદ્ધરાજની લેખયુક્ત પ્રતિમા

# ૩ સંક્ષેપ-સૂચિ (ગુજરાતી)

| | |
|---|---|
| અ | – અરબી |
| અ. પ્ર. | – અપ્રસિદ્ધ |
| અ. પ્રા. જૈ. લે. સં. | – અર્બુદ પ્રાચીન જૈન લેખસંદોહ, ભાગ–૨ |
| ઈ. સ. | – ઈસ્વીસન |
| ક. સં. દ. | – કચ્છનું સંસ્કૃતિદર્શન |
| કું. તી. | – કુંભારિયાજી તીર્થ |
| ગુ. ઐ. લે. | – ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ ૨–૩ |
| ગુ. પ્રા. ઇ. | – ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ – લે. હરિપ્રસાદ શાસ્ત્રી |
| ગુ. મ. રા. ઇ. | – ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ |
| ગુ. મૂ. | – ગુજરાતનું મૂર્તિવિધાન |
| ગુ. રા. સાં. ઇ. | – ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ |
| ગુ. સાં. ઇ. | – ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ – લે. રત્નમણિરાવ જોટ |
| ચા. જૈ. તી. | – ચાર જૈન તીર્થો |
| જૈ. સા. સં. ઈ. | – જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ |
| જૈ. ધા. પ્ર. લે. સં. | – જૈન ધાતુપ્રતિમાલેખસંગ્રહ, ભાગ ૧–૨ |
| જૈ. સ. પ્ર. | – જૈન સત્યપ્રકાશ |
| જૈ. પ્ર. લે. સં. | – જૈન પ્રતિમાલેખસંગ્રહ |
| તા. | – તામ્રપત્ર |
| ધા. | – ધાતુ |
| ધા. પ્ર. | – ધાતુપ્રતિમા |
| પા. | – પાષાણ |
| પરિ. | – પરિશિષ્ટ |
| બુ. પ્ર. | – બુદ્ધિપ્રકાશ |
| બૃ. શિ. શા. | – બૃહદ્ શિલ્પશાસ્ત્ર (સં. જગન્નાથ અ. સોમપુરા) |
| પ્ર. ચિં. | – પ્રબંધચિંતામણિ |
| પ્રા. જૈ. લે. સં. | – પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભાગ ૨ (૧૯૨૧) |

| | |
|---|---|
| પ્રા. લે. સં. | – પ્રાચીન લેખસંગ્રહ, ભાગ ૧ |
| પ્રા. ઈ. | – પ્રાગ્વાટ ઇતિહાસ |
| ફા. | – ફારસી |
| ભી. પા. તી. | – ભીલડિયા પાર્શ્વનાથતીર્થ |
| ભો. તી. | – ભોરોલ તીર્થ |
| મૈ. ગુ. | – મૈત્રકકાલીન ગુજરાત |
| રા. પ્ર. લે. સં. | – રાધનપુર પ્રતિમાલેખસંદોહ |
| વ. સં. | – વલભી સંવત |
| વિ. સં. | – વિક્રમ સંવત |
| શં. તી. | – શંખેશ્વર તીર્થ |
| શિ. | – શિલાલેખો |
| શૈ. ધ. સં. ઈ. | – શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ |
| સિં. સં. | – સિંહ સંવત |
| હિ. સં. | – હિજરી સંવત |

## સંક્ષેપ-સૂચિ (અંગ્રેજી)

| | |
|---|---|
| આ. ડી. બ. સ્ટે. એ. રી. | – આર્કિયોલોજિકલ ડિપાટમેન્ટ ઑફ બરોડા સ્ટેટ, એન્યુઅલ રિપોર્ટ, ૧૯૩૭–૩૮ |
| આ. રી. વે. સ. | – આર્કિયોલૉજિકલ રિપોર્ટ, વેસ્ટર્ન સર્કલ |
| આ. સ. ઈ. | – આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ૧૯૩૬–૩૭ |
| આ. સ. ઓ. ઈ. એ. રી. | – આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઈંડિયા, એન્યુઅલ રિપોર્ટ, ૧૯૦૨–૩ |
| આ. સ. વે. ઈ. | – આર્કિયોલૉજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા, પુ. ૪ |
| આ. સ. વે. સ. પ્રો. રી. | – આર્કિયોલોજિકલ સર્વે ઑફ વેસ્ટર્ન સર્કલ, પ્રોગ્રેસ રિપોર્ટ, ૧૯૦૫–૬, ૧૯૦૮ |
| ઈ. ઈ. બ. સ્ટે. | – ઈમ્પોર્ટન્ટ ઇન્સ્ક્રિપ્શન્સ ફ્રોમ ધી બરોડા સ્ટેટ, પુ. ૧ (૧૯૪૩) |
| ઈ. એ. | – ઇન્ડિયન એન્ટિક્વેરી |
| ઈ. કા. | – ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ (૧૯૪૪) |
| ઈ. હિ. ક્વા. | – ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લી, પુ. ૧૫ |

એ. ઈ. – એપિગ્રાફિયા ઇન્ડિકા

એ. ઈ. અ. ૫. સ. – એપિગ્રાફિયા ઇન્ડિકા અરેબિક ઍન્ડ પર્શિયન સપ્લીમેન્ટ

ઓ. ઈ. ઓ. કો. સે. ૭ – ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ સેશન : ૭

એ. ઈ. મો. – એપિગ્રાફિયા ઇન્ડો–મોસ્લેમિકા

એ. રી. ઈ. એ. – એન્યુઅલ રિપોર્ટ ઓફ ધી ઇન્ડિયન એપિગ્રાફી

એ. રી. વો. મ્યુ. – એન્યુઅલ રિપોર્ટ ઓફ ધી વોટ્સન મ્યુઝિયમ, રાજકોટ

એ. ભા. ઓ. રી. ઈ. – ઍનાલ્સ ઑફ ધી ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

ક. સન્ટ – ક્રેસેન્ટ મેગેઝિન, સુરત

કો.ઈ.ભા. – કૉપર્સ ઇન્સ્ક્રિપ્સન્સ, ભાવનગર

ગા. આ. સી. ૩ – ગાયકવાડ આર્કિયોલોજિકલ સીરિઝ, (ધી રિમેઈન્સ ઑફ ડભોઈ ઓર દર્ભાવતી ઇન બરોડા સ્ટેટ

જ. એ. સો. બે. – જર્નલ ઓફ ધી એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલ

જ. ઓ. ઈ. – જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ

જ. બો. બ્રા. એ. સો. – જર્નલ ઑફ ધી બોમ્બે બ્રાન્ચ ઑફ ધી એશિયાટિક સોસાયટી

જ. યુ બો. – જર્નલ ઑફ ધી યુનિવર્સિટી ઑફ બૉમ્બે

જ. રો. એ. સો. ઇ. – જર્નલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાયટી ઓફ ઇન્ડિયા, (ન્યૂ સીરિઝ)

ત. ઓ. ડે. – તઝકિરે એ–ઓલિઆ–ઈ–ડેક્કન

ન્યૂ. ઈ. એ. – ન્યૂ ઇન્ડિયન એન્ટિકવેરી, પુ ૧

પુ. ઓ. – પૂના ઓરિયેન્ટાલિસ્ટ

પ્રો. ઓ. કો. પૂ. – પ્રોસિડિંગ્સ ઑફ ઓરિયેન્ટલ કૉન્ફરન્સ, પૂના

પ્રો. ઈ. હિ. કો. – પ્રોસિડિંગ્સ ઑફ ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ

પ્રો. રો. એ. સો. વે. સ. – પ્રોસિડિંગ્સ ઑફ રોયલ એશિયાટિક સોસાયટી, વેસ્ટર્ન સર્કલ, ૧૯૦૭–૮, ૧૯૧૫–૧૬

| | |
|---|---|
| બો. ગે. ૧. ૧ | – ગેઝેટિયર ઓફ ધ બોમ્બે પ્રેસિડન્સી, પુ. ૧, ભા. ૧ (૧૮૯૬) |
| ભા. પ્રા. સં. ઇ. | – એ કલેકશન ઓફ પ્રાકૃત એન્ડ સંસ્કૃત ઇન્સ્ક્રિપ્શન્સ પબ્લિશ્ડ બાય ધ ભાવનગર આર્કિયોલોજિકલ ડિપાર્ટમેન્ટ |
| ભા. વિ. (અ) | – ભારતીય વિદ્યા |
| મુ. મો. અ. ઈ. | – મુસ્લિમ મોન્યુમેન્ટસ ઓફ અહમદાબાદ ઇન્સ્ક્રિપ્શન્સ |
| રિ. લિ. એ. રી. | – રિવાઈઝ્ડ લિસ્ટ એન્ટિકવરિયન રિમેઈન્સ ઇન ધી બોમ્બે પ્રેસિડન્સી |
| લિ. ઈ. નો. ઈ. | – એ લિસ્ટ ઓફ ધી ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ નોર્ધર્ન ઇન્ડિયા (એઈ, પૃ. ૧૯–૨૧ ના પરિશિષ્ટ–રૂપે) (૧૯૨૭–૩૧) |
| વિ. ઓ. કો. આ. સે. | – વિયેના ઓરિયેન્ટલ કોન્ફરન્સ, આર્યન સેકશન રિપોર્ટ |
| વિ. ઓ. જ. | – વિયેના ઓરિયેન્ટલ જર્નલ |

# ૧ ચૌલુકયકાલીન અભિલેખો : પ્રાસ્તાવિક વિશ્લેષણ

## (૧) અભિલેખો અને તેની અગત્ય

અભિલેખ એટલે કોઈ પદાર્થ પર કોતરેલું લખાણ. સામાન્ય રીતે આ પ્રકારનાં લખાણ શિલા પર કોતરવામાં આવતાં હોય છે, જે શિલાલેખ તરીકે ઓળખાય છે. અલબત્ત, કેટલાંક લખાણો તામ્રપત્રો અને ધાતુપ્રતિમાઓ જેવી અન્ય સામગ્રી પર કોતરેલાં જોવા મળે છે, પરંતુ તેને શિલાલેખ તરીકે ઓળખાવાય નહિ. આ પ્રકારના કોતરેલા લેખ માટે "ઉત્કીર્ણલેખ" એમ કહેવામાં આવે છે. હવે આ અંગે "અભિલેખ" જેવો પારિભાષિક શબ્દપ્રયોગ રૂઢ કરવામાં આવ્યો છે, જે ઉચિત છે.

અભિલેખોનો મુખ્ય હેતુ અમુક વ્યક્તિ કે વૃત્તાંતને લગતી માહિતી મજબૂત પદાર્થ પર કોતરીને એની કાયમી નોંધ રાખવાનો હોય છે. આથી આ લખાણ જે તે વ્યક્તિ કે વૃત્તાંતના ઇતિહાસ માટે સમકાલીન સમયનું મહત્ત્વનું સાધન બની રહે છે. આ લખાણોમાં એ સમયની વ્યક્તિ અથવા કોઈ મહત્ત્વની ઘટનાનું નિરૂપણ એ કાલના લેખકે કર્યું હોવાથી લખાણની ઘણી માહિતી શ્રદ્ધેય હોય છે. અલબત્ત, આ લખાણ કાવ્યમય કે પ્રશંસાત્મક હોય તો એવા કિસ્સાઓમાં અતિશયોક્તિ કે કલ્પનાનું ભારણ વધી ગયેલું હોય છે. આમ છતાં અતિશયોક્તિ કે કલ્પનાઓથી અતિરંજિત એવાં વૃત્તાંતો પણ તત્કાલીન કે અનુકાલીન અનુશ્રુતિઓ કરતાં વધુ શ્રદ્ધેય હોય છે. અલબત્ત, આમાં ઇતિહાસનું તત્ત્વ ગાળી, ચાળીને લેવું પડે છે તેમ જ જરૂર પડે તેને અન્ય સાધનોથી ચકાસવું પણ પડે છે. આમ આમાંથી એકંદરે સમકાલીન પ્રમાણભૂત માહિતી મળતી હોઈ કોઈ પણ દેશ કે પ્રદેશનો ઇતિહાસ તારવવા માટે એને લગતી બધી સાધન–સામગ્રીઓમાં અભિલેખોનો ઉપયોગ અનિવાર્ય ગણાય.

અભિલેખોના અભ્યાસમાં સહુથી મહત્ત્વની બાબત તેમના યથાર્થ વાંચનની છે. તે માટે જે તે કાલની લિપિ તેમજ તે તે કાલની ભાષાનું જ્ઞાન આવશ્યક

બને છે. સામાન્ય રીતે અભિલેખો તે તે કાલની પ્રશિષ્ટ ભાષામાં લખાયેલા હોય છે. ચૌલુક્ય કાલના થોડા અરબી લેખોને બાદ કરતાં મોટા ભાગના લેખો સંસ્કૃત ભાષામાં લખાયા છે. લિપિ પરત્વે પણ આ કાલમાં પ્રચલિત આદ્ય-સ્વરૂપની નાગરી લિપિ વ્યાપકપણે પ્રચલિત હોઈ સંસ્કૃત ભાષા અને આદ્યસ્વરૂપની નાગરી લિપિના જ્ઞાનથી મોટા ભાગના લેખો ઉકેલી શકાય છે. ભાષા તેમજ લિપિમાં થોડી થોડી વિશિષ્ટતા હોય છે, જે તેનો અભ્યાસ કરતાં તરત ખ્યાલમાં આવે છે.

અભિલેખોમાં યથાર્થ પઠનથી એમાં નોંધાયેલી મહત્ત્વની હકીકતોની માહિતી પ્રાપ્ત થાય છે. સાધારણ રીતે અભિલેખોમાં મોટાભાગે જે તે કાલના રાજાઓનાં નામ તેમનું કુલ તથા ઘણે ભાગે પ્રવર્તમાન સંવત્સરના વર્ષમાં સમયનિર્દેશ કરેલો હોય છે. આથી તે કાલના રાજકીય ઇતિહાસ તથા તેની સાલવારી માટે નોંધપાત્ર માહિતી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત અભિલેખમાં નોંધાયેલી અન્ય વિગતોના આધારે જે તે કાલનાં ધર્મ, સમાજ, અર્થતંત્ર, રાજ્યતંત્ર, સ્થાપત્ય, શિલ્પ વગેરેને લગતી મહત્ત્વની સાંસ્કૃતિક વિગતો ઉપલબ્ધ થાય છે. પ્રાચીન અભિલેખોમાં નિર્દેશ પામેલાં સ્થળો રાજાઓ, વર્ષો વગેરેનો નિર્ણય કરવો એ અભ્યાસની બાબત બને છે અને આથી જ્યાં સ્પષ્ટ લિખિત ઇતિહાસ મળતો ન હોય ત્યાં મુખ્યત્વે અને જ્યાં લિખિત ઇતિહાસ મળતો હોય તેને પ્રમાણભૂત બનાવવાની દૃષ્ટિએ અભિલેખોનો અભ્યાસ મહત્ત્વનો બની રહે છે. આ દૃષ્ટિએ અહીં ચૌલુક્યકાલીન અભિલેખોનો અભ્યાસ અભિપ્રેત છે.

## (૨) પ્રસ્તુતકાલીન અભિલેખોનું પઠન, પ્રકાશન અને સૂચીકરણ :

ચૌલુક્યકાલીન અભિલેખો જુદા જુદા સામયિકોમાં છેલ્લા કેટલાક દાયકાથી પ્રગટ થતા રહ્યા છે. આ અભિલેખો પ્રગટ કરવામાં નીચેની વ્યક્તિઓએ પોતાનો ફાળો આપ્યો છે :

ઈ. હુલ્શ, એચ. લ્યુડર્સ, એચ. એચ. ધ્રુવ, એચ. એચ. વિલ્સન, કઝીન્સ, કનૈયાલાલ ભા. દવે, કિલ્હોર્ન, કે. એન. દીક્ષિત, કાશીનાથ પાઠક, ગિરજાશંકર વ. આચાર્ય, જે. એસ. કુડાલકર, જે. જી. કુન્હા, જે. એફ. ફ્લીટ, જી. બ્યૂલર, ઝેડ. એ. દેસાઈ, ડી. આર. ભાંડારકર, ડી. બી. ડિસકળકર, ડી. સી. સરકાર, દ. પૂ. ખખ્ખર, દેવીપ્રસાદ મુન્શી, પિટર્સન પીટર, બર્જેસ, પ્રવીણચંદ્ર પરીખ, ભારતી શેલત, ભોગીલાલ સાંડેસરા, મુનિ દર્શનવિજયજી, મુનિ જયંતવિજયજી,

મુનિ જિનવિજયજી, રતિલાલ ડી. દેસાઈ, રામકર્ણ પંડિત, રામસિંહ રાઠોડ, વજેશંકર ઓઝા, વી. એસ. સુકથંકર અને હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, વગેરે.

આ અભિલેખો પૈકીના ઐતિહાસિક અભિલેખોનો સંગ્રહ "ગુજરાતના ઐતિહાસિક અભિલેખો"માં શ્રી ગિરજાશંકર વલ્લભજી આચાર્યે કરેલો છે. આ કાલના લેખોની "સૂચિ" પણ ગુજરાત ઇતિહાસ પરિષદ તરફથી પ્રગટ કરવામાં આવી છે. શ્રી અશોક મજુમદારે આ અભિલેખોની વાચનાનો ઉપયોગ કરીને "The Chaulukyas of Gujarat" નામે પુસ્તક રચ્યું છે. દુર્ગાશંકર શાસ્ત્રીએ "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ"માં અને શ્રી રસિકલાલ છો. પરીખે "કાવ્યાનુશાસન"ની પ્રસ્તાવના રૂપે આપેલ ગુજરાતના ઇતિહાસમાં તેનો કેટલોક ઉપયોગ કર્યો છે. વળી સોલંકી કાલને લગતા "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ગ્રંથ ૪ તેમજ શ્રી નવીનચંદ્ર આચાર્યે એ નામે લખેલ ઇતિહાસમાં એમનો ઉપયોગ થયો છે, પરંતુ આ બધા ગ્રંથોમાં અભિલેખોનો સર્વાંગી ઉપયોગી થયો નથી. એમાં ઘણું કરીને ચૌલુક્યોના ઇતિહાસ પર વધુ ઝોક અપાયો છે અને તેમાં સાહિત્યિક સાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોઈ અભિલેખોનો તેના પૂરક તરીકે ઉપયોગ વિશેષ થયો છે. અહીં આ અભિલેખોનો સર્વાંગી અભ્યાસ કરી તેમાં જરૂર પડે આનુષંગિકપણે સાહિત્યિક સામગ્રીનો ઉપયોગ કર્યો છે.

## (૩) અભિલેખોનું વર્ગીકરણ

આ સમયના અભિલેખોનું સામાન્ય વર્ગીકરણ કરતાં એમાં કુલ ૬૪૪ અભિલેખો પ્રાપ્ત થાય છે. આમાં શિલાલેખો ૨૩૫ અને પ્રતિમાલેખો ૪૦૯ નો સમાવેશ થાય છે.

૨૩૫ શિલાલેખો પૈકી ૧૮૨ લેખો શિલા પર અને ૫૩ જેટલા તામ્રપત્રો પર લખાયેલા મળે છે, જ્યારે ૪૦૯ પ્રતિમાલેખોમાંથી ૩૩૪ લેખો પાષાણ પ્રતિમાઓ પર કોતરેલા છે, જ્યારે ૭૫ લેખો ધાતુ-પ્રતિમાઓ પર કોતરેલા જોવા મળે છે.

અહીં આ વર્ગીકરણને આધારે બે મુદ્દાઓ વિશેષ નોંધપાત્ર બને છે : ચૌલુક્ય કાલમાં પાષાણ પ્રતિમાઓ પર કોતરાયેલા લેખોની સંખ્યા વધુ છે અને ધાતુ પર પ્રતિમાલેખોની સંખ્યા લગભગ પાંચમા ભાગની છે. એ પરથી એ કાળે પાષાણ પ્રતિમા કરાવવાનું વલણ વિશેષ પ્રવર્તતું જણાય છે. સમય જતાં ધાતુ પ્રતિમાઓ કરાવવાનું વલણ વધતું જાય છે અને ધાતુ પ્રતિમાઓની સંખ્યા પાષાણ પ્રતિમાઓ કરતાં પણ વધી જતી હોવાનું નજરે પડે છે.[1]

બીજું, ચૌલુક્ય કાલની પહેલાં મૈત્રક કાલ તેમજ અનુમૈત્રક કાલમાં શિલાલેખોની સરખામણીમાં તામ્રપત્રોની સંખ્યા વિશેષ મળતી હતી. આ કાલમાં તામ્રપત્રોની સંખ્યા ઘટી છે અને શિલાલેખોની સંખ્યા વધીને લગભગ ત્રણ ગણી જેટલી થઈ છે. ઉત્તરકાલમાં તામ્રપત્રો પરના લેખો વિરલ બનતા જાય છે, જ્યારે શિલાલેખોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે.

## (૪) અભિલેખોના ફલકની દૃષ્ટિએ પ્રકારો

ફલકની દૃષ્ટિએ ઉપલબ્ધ અભિલેખોને નીચેના પ્રકારોમાં વર્ગીકૃત કરી શકાય:

**શિલાલેખ :** શિલા એટલે કે પથ્થર કે ખડક પર લખાણ કોતરવાની પ્રથા ભારતની જેમ ગુજરાતમાં અતિ પ્રાચીનકાલથી પ્રચલિત હતી. ઈ. પૂ. ત્રીજી સદીના અશોકના ગિરનાર શૈલલેખો એના આ પ્રકારના પ્રાચીનતમ પુરાવા રૂપ છે.

સોલંકીકાલ દરમ્યાન ઘણા લેખો શિલા પર લખાયેલા છે, જેમકે સિદ્ધરાજ જયસિંહનો વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)નો ગાળાનો લેખ[૨] આ પ્રકારનું સરસ દૃષ્ટાંત પૂરું પાડે છે. ભીમદેવ–૨ જાનો વિ. સં. ૧૨૯૧ (ઈ. સ. ૧૨૩૫)નો આબુનો શિલાલેખ પણ આ પ્રકારનો સરસ નમૂનો પૂરો પાડે છે.[૩]

**શિલાફલક :** શિલાફલક એટલે પથ્થરની તકતી. આના પર સાધારણ રીતે નાના કે મધ્યમ કદનો લેખ લખાતો. સામાન્ય રીતે શિલાની સરખી ઘડેલી સુંવાળી બાજુ પર આવો લેખ કોતરવામાં આવતો. આ પ્રકારના લેખ મંદિર, વાવ, મસ્જિદ, કબર વગેરેના નિર્માણ, જીર્ણોદ્ધારને લગતાં લખાણ ધરાવતા હોય છે.

આ કાલ દરમ્યાન આ પ્રકારના લગભગ ૪૨ જેટલા લેખો ઉપલબ્ધ થયા છે. જેમકે સિદ્ધરાજના સમયનો વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯) નો કચ્છભદ્રેશ્વરનો ચોખંડા મહાદેવનો લેખ આ પ્રકારનો છે.[૪] કુમારપાલના સમયનો વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬) ના માંગરોળની સોઢલી વાવનો લેખ[૫] તેમજ હિ. સં. ૬૧૫ (ઈ. સ. ૧૨૧૮)ની ખંભાતની સાલ્વામહોલ્લા મસ્જિદનો લેખ[૬] આના દૃષ્ટાંતરૂપ છે.

***શિલાસ્તંભ :*** *ઘણી વાર કેટલાક લેખો શિલાસ્તંભ પર કોતરવામાં આવતા.* તેને શિલાસ્તંભ–લેખ કહેવામાં આવે છે.

આ કાલ દરમ્યાન આ પ્રકારના બે લેખો પ્રાપ્ત થયેલા છે. વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)નો સિદ્ધરાજ જયસિંહના સમયનો કીર્તિસ્તંભ લેખ સિદ્ધપુરના

રુદ્રમહાલયમાં આવેલો છે. જો કે હાલ આ લેખ સ્તંભ પર આવેલો નથી પરંતુ પાટણમાં વિજયકૂઆ નામના મોહલ્લામાં આવેલ શિવમંદિરની દીવાલમાં એને ચણી લેવામાં આવ્યો છે.[૭]

બીજો લેખ ભીમદેવ–૨ જાના સમયનો વિ. સં. ૧૨૩૫નો છે, જે સિદ્ધપુરમાંથી મળી આવેલો છે.[૮]

**પાળિયા-લેખ :** પતિની પાછળ સતી થયેલી સ્ત્રીની યાદગીરીમાં તેમજ યુદ્ધમાં વીરગતિ પામેલ યોદ્ધાની યાદમાં શિલા–સ્તંભ કે શિલા-યષ્ટિ પર લેખ કોતરવામાં આવતો. આવા શિલાલેખને "પાળિયા"–લેખ તરીકે ઓળખવામાં આવે છે. જો સતીને લગતો પાળિયા–લેખ હોય તો પાળિયામાં સતીના કંકણવાળા હાથની કે પતિનું શબ હાથમાં લઈ બેઠેલી સ્ત્રીની આકૃતિ કોતરવામાં આવેલી હોય છે, જ્યારે યોદ્ધાને લગતા પાળિયામાં લેખની ઉપર તલવાર, ભાલો કે ઢાલ ધારણ કરેલા ઘોડેસવારની આકૃતિ કોતરવામાં આવેલી હોય છે.

ચૌલુક્ય કાલ દરમ્યાન જૂનામાં જૂનો પાળિયા-લેખ વિ. સં. ૧૦૬૦ (ઈ. સ. ૧૦૦૩–૦૪)નો મળ્યો છે. આ લેખ કચ્છના સિક્રા ગામમાંથી પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત લેખ સ્પષ્ટ વંચાયો નથી.[૯] વિ. સં. ૧૦૭૬ (ઈ. સ. ૧૦૨૦)નો પાળિયા–લેખ બોડીદર (કોડીનાર)માંથી પ્રાપ્ત થયો છે.[૧૦] આ પછી કચ્છ ગેડીમાંથી વિ. સં. ૧૨૬૮ (ઈ. સ. ૧૨૧૧–૧૨)ના વર્ષનો પાળિયા–લેખ પ્રાપ્ત થાય છે. આ લેખ ક્ષેત્રપાળના પાળિયાને લગતો છે. લેખના અક્ષરો જમીનમાં દટાઈ ગયા છે, તેથી એ વાંચી શકાતા નથી.[૧૧]

વિ. સં. ૧૨૭૭ (ઈ. સ. ૧૨૨૧)નો પાળિયા લેખ પણ કચ્છ ગેડીમાંથી પ્રાપ્ત થયો છે.[૧૨] આ લેખની બે લીટી વાંચી શકાય છે.[૧૩] તે પરથી જાણી શકાય છે કે આ પાળિયો સાચોરા બ્રાહ્મણ દલસુખ જોશીનો છે, જે કરણ પધરિયા સાથેના ગરાસ અંગેના ઝઘડામાં બળીને મરી ગયેલો.[૧૪] આ પાળિયો ૧૦ ફૂટ ઉંચો છે જે તેની વિશેષતા ગણાય. આ પાળિયામાં ડાબો હાથ જમીન પર ટેકવી ત્રાગાળી મુદ્રા ઉપસાવેલી છે.

**પ્રતિમા-લેખ :** પાષાણ પ્રતિમાની બેસણી પર કે પીઠ પર કેટલીકવાર લેખ કોતરવામાં આવે છે. ધાતુની પ્રતિમામાં સાધારણ રીતે લેખ પાછળની બાજુએ, જ્યાં જ્યાં ખાલી જગ્યા જણાય ત્યાં આડાં, ઊભાં કે અર્ધવર્તુળાકારે લખાણ લેવામાં આવતાં નજરે પડે છે.

પ્રતિમા-લેખમાં પ્રતિમાના નિર્માણ તથા તેની પ્રતિષ્ઠાને લગતી હકીકત નોંધવામાં આવે છે. ચૌલુક્ય કાલ દરમ્યાન આ પ્રકારના કુલ ૪૦૯ લેખો પ્રાપ્ત થયા છે, જે મોટાભાગના જૈનધર્મને લગતા છે.

**તામ્રપત્રો :** ઘણા પ્રાચીન સમયથી ભૂમિદાનનો મહિમા સ્વીકારાયો છે. ભૂમિદાનથી દાન લેનારને કાયમી ઊપજનું સલામત સાધન પ્રાપ્ત થતું હતું. ભૂમિદાન વંશપરંપરાગત હોવાથી એ ભૂમિનો ભોગવટો પેઢી–દર–પેઢી ચાલુ રહેતો. આથી ભૂમિદાન સાથે એને લગતું ખત લખી આપવામાં આવતું અને એ રાજશાસનનું ખત તાંબાના પતરા પર કોતરાવી આપવામાં આવતું. તાંબુ એ દીર્ઘ ટકાઉ પદાર્થ હોઈ તેના પરના લખાણનો દસ્તાવેજ સૈકાઓ સુધી ટકી રહેતો. દાનશાસન કોતરેલાં તાંબાનાં પતરાંને "તામ્રપત્ર", "તામ્રશાસન" કે "દાનપત્ર" કહેવામાં આવે છે. એમાં લેખને અંતે રાજાના સ્વહસ્ત (દસ્કત) કરવામાં આવતા હોય છે.

પતરાંની આડી કે ઊભી ધાર પાસે એક કે બે કાણાં પાડવામાં આવતાં અને તેમાં તાંબાની સળી પરોવીને તેની કડી વાળવામાં આવતી. આમાંની એક કડીના સાંધા પર તાંબાનો કે કાંસાનો ગઠ્ઠો લગાવીને તેના પર રાજમુદ્રાની છાપ લગાડવામાં આવતી, જેથી જુદાં જુદાં શાસનપત્રોમાં પતરાંને આડાં–અવળાં જોડી શકાય નહીં. દાનપત્રમાં અક્ષર ઊંડા કોચવામાં આવતા, આથી અક્ષરોની કોરો ઉપસેલી રહેતી. સામાન્ય રીતે તામ્રપત્રને જમીનની અંદર, પાણિયારામાં, કોઠીમાં કે દીવાલની અંદર રાખેલા બાકોરામાં મૂકવામાં આવતાં હતાં. વિ. સં. ૧૧૮૪ (ઈ. સ. ૧૧૨૮)નું સિદ્ધરાજ જયસિંહનું તામ્રપત્ર નદીની ભેખડોમાંથી મળી આવ્યું હતું,[૧૫] જ્યારે મૂળરાજ–૨ જાનું વિ. સં. ૧૨૩૨ (ઈ. સ. ૧૧૭૬)નું બ્રાહ્મણવાડામાંથી પ્રાપ્ત થયેલું તામ્રપત્ર પાણિયારામાંથી મળ્યું હતું.[૧૬]

તામ્રપત્રના ઉપલા પતરાની અને નીચેના પતરાની બહારની બાજુ કોરી રાખવામાં આવતી હતી. એટલે કે પતરાની અંદરની બાજુ પર જ લખાણ કોતરવામાં આવતું હતું. આ લખાણની નજીકની બાજુઓ એક બીજા પાસે ઘસાય નહીં તે માટે એની કિનારોને અંદરની બાજુ સ્હેજ ઉપસાવવામાં આવતી હતી. આ કાલનાં બધાં પતરાં આ પ્રકારનાં દૃષ્ટિગોચર થાય છે.

આ કાલ દરમ્યાન કુલ ૫૩ જેટલાં તામ્રપત્રો ઉપલબ્ધ થયાં છે. આ તામ્રપત્રોને તેનાં પૂર્વવર્તી મૈત્રક કાલનાં તથા અનુમૈત્રક કાલનાં તામ્રપત્રો સાથે સરખાવતાં તે ઉત્તરમૈત્રક કાલનાં તામ્રપત્રોની સાથે મળતાં જણાય છે. અનુમૈત્રક કાલમાં રાષ્ટ્રકૂટોનાં તામ્રપત્રો ત્રણ પતરાં પર કોતરાયેલાં હતાં, જ્યારે તેની પહેલાં મૈત્રકોનાં તામ્રપત્રો બે પતરાં પર કોતરેલાં હતાં. અલબત્ત, એમનું કદ મોટું રખાતું. ચૌલુક્યકાલીન તામ્રપત્રો પણ સાધારણ રીતે મોટા કદનાં બે

પતરાં પર એક બાજુએ કોતરાયેલાં મળે છે. માપની દૃષ્ટિએ ભીમદેવ–૧ લાનું વિ. સં. ૧૦૮૬ નું તામ્રપત્ર સૌથી નાનું ૧૦.૧૬ × ૭.૬૨ સે. મી.નું છે,[૧૭] જ્યારે સહુથી મોટું તામ્રપત્ર અભિનવ સિદ્ધરાજનું વિ. સં. ૧૨૮૦ નું છે, જેનું માપ ૩૮.૧ × ૩૫.૮૬ સે. મી. નું મળે છે.[૧૮] આ કદનું તામ્રપત્ર ભીમદેવ–૨ જાનું વિ. સં. ૧૨૮૭ નું પણ મળે છે.[૧૯] તે પરથી એમ લાગે છે કે શરૂઆતમાં લખાણ ટૂંકું હોઈ તામ્રપત્રો નાનાં હતાં. ધીમે ધીમે લખાણ વધતાં તેમનું કદ પણ વધતું ગયું.

## (૫) ભાષા

આ કાલ દરમ્યાન મોટા ભાગના અભિલેખો સંસ્કૃત ભાષામાં લખાયા છે,[૨૦] જ્યારે થોડા અરબી–ફારસી ભાષામાં પણ લખાયા છે.[૨૧]

ઉપલબ્ધ સંસ્કૃત અભિલેખો પૈકી કેટલાક પદ્યમાં,[૨૨] કેટલાક ગદ્યમાં[૨૩] અને કેટલાક ગદ્ય તેમજ પદ્ય એમ ઉભય રીતે લખાયેલા જોવા મળે છે.[૨૪] આ અભિલેખોમાં પ્રયોજાયેલ ગદ્ય સામાન્ય પ્રકારનું છે અને તે સ્પષ્ટપણે સમજી શકાય તેવું છે. અલબત્ત, કોઈ કોઈ વાર સમાસ-બાહુલ્ય ધરાવતાં ગદ્ય લખાણોનું આલંકારિક સ્વરૂપ પણ મળી આવે છે.[૨૫]

અભિલેખોની ભાષામાં બોલચાલની લઢણ અનુસાર કેટલીક વિલક્ષણતાઓ વરતાય છે. તેનાં કેટલાંક દૃષ્ટાંત અત્રે પ્રસ્તુત છે :

(૧) લેખનપદ્ધતિમાં ब ને માટે व પ્રયોજેલો છે. દંતસ્થાની ઉષ્માક્ષર ઘણીવાર તાલુસ્થાની માટે અને તાલુસ્થાની ઉષ્માક્ષર દંતસ્થાની ઉષ્માક્ષર માટે વાપરવામાં આવેલો હોય છે.[૨૬]

(૨) *કેટલીકવાર[૨૭] શબ્દોને નાન્યતર જાતિમાં વાપરવામાં આવતા હોય છે. જેમ કે અજયપાલના વિ. સં. ૧૨૨૯ ના લેખમાં ग्राम શબ્દ બધી* જગ્યાએ નાન્યતર જાતિમાં વપરાયેલો નજરે પડે છે.[૨૮]

(૩) કેટલાક લેખોમાં વ્યંજનો તેમજ તાલવ્ય શબ્દોને બેવડાવવામાં આવેલા છે. જેમ કે કુમારપાલના વિ. સં. ૧૨૧૩ના લેખમાં વ્યંજન र ને બેવડાવ્યો છે.[૨૯]

(૪) સંયુક્તાક્ષરોમાં 'ર્' પછી આવતા વ્યંજનને બેવડાવવાનો વિકલ્પ ખૂબ પ્રચલિત હોવાનું જણાય છે જેમ કે अर्च्चित, धर्म्म, दुर्ग्ग, વગેરે.

## (૬) લિપિ

ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે એ સમયની લિપિનું સ્વરૂપ જાણવા મળે છે.

ગુજરાતમાં ૯ મી સદીની દક્ષિણી શૈલીની લિપિના બદલે ઉત્તરી શૈલીની આદ્યનાગરી લિપિનો પ્રયોગ શરૂ થયો હતો અને ટૂંક સમયમાં આ લિપિએ દક્ષિણી લિપિનું સ્થાન લઈ લેતાં સમગ્ર ગુજરાતમાં આદ્ય-નાગરી લિપિનો પ્રયોગ થવા લાગ્યો હતો.[૩૦] ચૌલુક્ય કાલની લિપિ એનું સ્વાભાવિક અનુસંધાન ધરાવે છે. આ લિપિનો સોલંકી કાલના લાંબા સમય દરમ્યાન વિકાસ થયો હતો.

અલબિરૂનીએ લારદેશ (લાટદેશ)માં "લારી" લિપિ પ્રચલિત હોવાનું લખ્યું છે.[૩૧] દક્ષિણ ગુજરાતને એ સમયે "લાટ"ના નામથી ઓળખવામાં આવતો હતો[૩૨] તેમજ એ વિસ્તારની લિપિ લારી કહેવાતી હોય.

આ સમયમાં સોલંકી રાજવીઓના લેખો ઉપરાંત સમકાલીન રાજવંશો જેવા કે માળવાનો પરમારવંશ, મોઢવંશ, લાટનો ચૌલુક્યવંશ, આબુનો પરમાર-વંશ, સૌરાષ્ટ્રના જેઠવા અને મહેરવંશ વગેરેના ઉપલબ્ધ લેખોનો સમાવેશ થાય છે. એ લેખોનો લિપિવિષયક સર્વાંગી અભ્યાસ "ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ" નામના પુસ્તકમાં ડૉ. પ્રવીણચંદ્ર પરીખે કરેલો છે. અહીં તેના આધારે કેટલુંક અવલોકન પ્રસ્તુત છે :

### અભિલેખોમાં પ્રયોજાયેલા વર્ણો

અહીં સાથે આપેલ કોષ્ઠક (આકૃતિ ૧)માં ચૌલુક્યકાલીન લિપિમાં પ્રયોજાયેલા વર્ણો આ ક્રમમાં ગોઠવેલા છે :

(૧) પહેલા ઊભા ખાનામાં મૂળરાજ તેમજ યુવરાજ ચામુંડરાજના લેખોમાંથી,

(૨) બીજા ખાનામાં ભીમદેવ–૧લો, કર્ણદેવ અને સિદ્ધરાજના લેખોમાંથી,

(૩) ત્રીજા ખાનામાં કુમારપાળ, મૂળરાજ–૨ જો, ભીમદેવ–૨ જો અને જયસિંહ–૨ જાના લેખોમાંથી,

(૪) ચોથા ખાનામાં માળવાના પરમાર રાજા સીયક (૨ જો) અને ભોજદેવના લેખોમાંથી,



પટ્ટ ૧



(૫) પાંચ, છ અને સાતમા ખાનામાં સૌરાષ્ટ્રના અનુક્રમે બાષ્કલદેવ, ગુહિલ રાજાઓ અને મહેરવંશના જગમલ્લના લેખોમાં પ્રયોજાયેલા વર્ણો ગોઠવ્યા છે.

(૬) જ્યારે આઠમા ખાનામાં લાટના ચાલુક્ય (નિરબાર્ક) વંશના ત્રિલોચનાપાલ અને કીર્તિરાજના લેખોમાંથી,

(૭) નવમા ખાનામાં કદંબવંશના ષષ્ઠ (૨ જા)ના લેખમાંથી અને

(૮) દસમા ખાનામાં મોઢવંશના ચામુંડરાજ અને વિજ્જલદેવના લેખોમાંથી વર્ણો ગોઠવ્યા છે.

આ સમયના લેખોમાં કુલ મળીને ૪૫ વર્ણો[૩૩] પ્રાપ્ત થાય છે : ૧૧ સ્વરો अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ए, ऐ, ओ, औ; ૨ અયોગવાહો (અનુસ્વાર અને વિસર્ગ); ૨૪ સ્પર્શ વ્યંજનો (क, ख, ग, घ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म); ૪ અંતઃસ્થ (य, र, ल, व) અને ૪ ઉષ્મા (श, ष, स, ह).

## વર્ણોનાં લક્ષણો

ચૌલુક્યકાલીન વર્ણોનાં કેટલાંક નોંધપાત્ર સામાન્ય લક્ષણો નીચે પ્રમાણે જણાય છે :[૩૪]

(૧) આ સમયે ज, ठ, त, न અને म ના વર્ણોમાં વિકાસની બાબતમાં એકસમાન પ્રક્રિયા થતી નજરે પડે છે. વર્ણોમાં ઉપરની બાજુએ થતી નાની-શી ઊભી રેખા, જે નીચેલે છેડેથી વર્ણોના અંગભૂત બહિર્ગોળની પીઠ ઉપર મધ્યમાં જોડાતી હતી, તે રેખા જમણી બાજુએ ખસીને બહિર્ગોળની જમણી ભુજા સાથે સળંગ જોડાઈ, અને એ રેખા અને બહિર્ગોળની જમણી ભુજા એક સીધી ઊભી રેખાનું સ્વરૂપ ધારણ કર્યું. એ રેખાની ડાબી બાજુએ, વર્ણોના બાકીના ભાગ યથાવત્ સ્વરૂપે જોડાયા. આ પ્રક્રિયા વખતે શિરોરેખાને યથાવત્ રહેવા દેવામાં આવતી, જેથી ટોચની નાની ઊભી રેખા જમણી બાજુએ ખસતાં શિરોરેખા તેની બહુધા ડાબી બાજુએ જોડાતી નજરે પડે છે.

(૨) શિરોરેખાનો પ્રચાર અને વિકાસ વર્ણોના સ્વરૂપમાં વિકાસની સાથોસાથ થતો રહ્યો છે. इ અને ई ને મથાળે શિરોરેખા પ્રયોજાવી શરૂ થઈ છે. थ श ની ટોચ પર શિરોરેખા કરવાનો ચાલ નજરે પડે છે.

*घ, प, म, य, ष અને स જેવા બે ટોચવાળા વર્ણોની બંને ટોચ પર* અલગ અલગ થતી શિરોરેખાને બદલે બંને ટોચને એક સળંગ શિરોરેખા વડે સાંકળવાની પ્રથા નિશ્ચિત બની ચૂકી છે.

જે વર્ણોની ટોચ એક જ ઊભી રેખાવાળી હોય ત્યાં ઊભી રેખાની ડાબી બાજુએ આડી રેખા કરવામાં આવતી, જેમ કે ड, छ, ज, ट, ठ, ड, ढ, त, थ, द, न, ब, र, ल, व અને ह ના મોટા ભાગના મરોડમાં. આથી વિપરીત, ज (૪-૨), ढ (૧૦-૧), द (૧-૨) અને ह (૨-૧)માં શિરોરેખા વર્ણની ટોચે માત્ર જમણી દિશામાં જોડી છે, જે અપવાદ રૂપ ગણી શકાય.

મહદંશે શિરોરેખા સુરેખાત્મક સ્વરૂપ ધરાવે છે અને મોટે ભાગે શિરોરેખા પૂર્ણવિકસિત આડી રેખા સ્વરૂપે પ્રયોજાતી નજરે પડે છે, છતાં ક્યારેક શિરોરેખાને કલાત્મક બનાવવા માટે (અ) ઊંધા ત્રિકોણાકારે જોડવામાં આવે છે. આ જાતની પ્રવૃત્તિને ખાસ કરીને પરમાર સીયક (૨ જા) ના વિ. સં. ૧૦૨૬ ના અમદાવાદ લેખમાં (ખાના નં. ૪માં) ज, त, द, न, ल અને ह ના મરોડમાં તેમ જ મોઢવંશના ચામુંડરાજના શ. સં. ૯૫૬ ના ચિંચણી તામ્રલેખમાં (ખા. નં. ૧૦માં) च, ज અને ल ના મરોડમાં નજરે પડે છે; ક્યારેક (આ) શિરોરેખા તરંગાકારે પણ કરવામાં આવતી જોવા મળે છે. ચૌલક્ય મૂલરાજ (૧ લો) ના વિ. સં. ૧૦૪૩ ના કડી તામ્રલેખમાં (ખાના ૧ માં) ड, ग, ब, ढ, द, म, य અને ह ના મરોડમાં એ નજરે પડે છે.

(૩) અહીં अ, आ, इ, ई, ऋ, ञ, ण, म અને ल નાં બેવડાં સ્વરૂપો ઉપલબ્ધ છે, જેમાં ऋ, ञ, म અને તેનું પર્યાય સ્વરૂપ-એ સિવાયનાં સ્વરૂપો તેમની વર્તમાન અવસ્થાને પામ્યાં છે.

(૪) આ સમયના કેટલાક વર્ણોના સ્વરૂપ પરસ્પર ઘણી સમાનતા ધરાવતાં હોઈને તેમને પારખવામાં ભ્રાંતિ થવાનો સંભવ ઊભો રહે છે. ખાસ કરીને ऊ અને ज તેમ જ ञ ના કેટલાક મરોડ ઘણા સરખા સ્વરૂપના છે. તેવી રીતે ऋ અને ञ ના મરોડ પણ પરસ્પર ખૂબ જ સરખાં સ્વરૂપ ધરાવે છે.

ब અને व નાં સ્વરૂપો તો બહુધા એક જ સરખાં રહેતાં જણાય છે. જોકે આ સમયથી ब ના સ્વરૂપમાં મધ્યના ગોળ અવયવમાં ત્રાંસી રેખા ઉમેરવાને કારણે રૂપાંતર થવાનો આરંભ થયો છે.

(૫) આ કાલના સમગ્ર વર્ણો મોટાભાગે કલાત્મક મરોડવાળા છે. આ કાલ પૂર્વે અનુમૈત્રક કાલમાં કેટલાક વર્ણોએ તેમનું વિકસિત સ્વરૂપ ધારણ કરેલું હતું.[૩૫] આ કાલ દરમ્યાન इ, ई, ऋ, च, छ, ठ, घ, न અને ब નાં સ્વરૂપોમાં સતત વિકાસ થયેલો જણાય છે.

ચૌલુક્યકાલીન અંતર્ગત સ્વરચિહ્નો



આકૃતિ ૨

## અંતર્ગત સ્વરચિહ્નોનું સ્વરૂપ અને તેમનાં લક્ષણો : (આકૃતિ ૨)

(૧) ચૌલુક્યકાલીન અભિલેખોમાં ઉલ્લેખિત અંતર્ગત સ્વરચિહ્નોનું સ્વરૂપ નીચે પ્રમાણે વર્ણવી શકાય :

આ—આ સ્વરૂપનો અહીં પૂર્ણ વિકાસ થયેલો જણાય છે અને તે અર્વાચીન પદ્ધતિ અને સ્વરૂપે વર્ણની ટોચની જમણી બાજુએ જોડાય છે. આમાં અંતર્ગત આ ની ઊભી રેખાને મોટા ભાગના મૂળાક્ષરના જમણા ભાગને સમાંતર દર્શાવવામાં આવે છે. જેમ કે, का (૧–૧) ला (૧–૬), या (૧–૭), श (૨–૮)ના મરોડ.

इ, ई—આ અંતર્ગત સ્વરચિહ્ન અહીં અર્વાચીન સ્વરૂપે વિકસેલાં જણાય છે. તેના વળાંકદાર તેમજ સુરેખાત્મક બંને મરોડ નજરે પડે છે.

उ, ऊ તથા ऋ—આ અંતર્ગત સ્વરચિહ્નો અર્વાચીન પદ્ધતિએ વર્ણની નીચે જોડાતાં નજરે પડે છે. જો કે એમના સ્વરૂપનો હજી પૂર્ણ વિકાસ નજરે પડતો નથી. ચામુંડારાજના વિ. સં. ૧૦૩૩ ના લેખમાં અંતર્ગત ऋ સ્વરચિહ્નનો પ્રયોગ થયેલો છે. એ (૧૩–૧) માં અંતઃસ્થ ૫રના મરોડને નીચેના છેડે એક નાની ઊભી રેખા ઉમેરીને આ ચિહ્ન બનાવવામાં આવેલ છે.

ए—અગાઉની જેમ જ આ વર્ણને મથાળે માત્રારૂપે વર્ણની આગળ અગ્ર કે પડિમાત્રા સ્વરૂપે પ્રયોજાયેલાં છે. આ સમયે માત્રાના બદલે પડિમાત્રા કરવાનો રિવાજ જણાય છે. ए નું ચિહ્ન જ્યારે પડિમાત્રા સ્વરૂપે જોડાય છે ત્યારે આ વર્ણના ડાબા ભાગ સાથે પડિમાત્રાની ઊભી રેખાનો સ્પર્શ થઈ જવાનો સંભવ રહે છે. આથી તે સ્પર્શ દૂર કરવા વર્ણની શિરોરેખાની ડાબી બાજુને સહેજ વધારે લંબાવી તેને છેડે પડિમાત્રા જોડવામાં આવે છે. જેમ કે के (૧૪–૧), दे (૧૪–૨), मे (૧૪–૫), रे (૧૪–૭) ના મરોડ.

घे (૧૪–૪) માં घ ની ઉપલી ડાબી ટોચ આગળ વધેલી હોવાથી પડિમાત્રા જોડવાથી ઉપરની મુશ્કેલી દૂર થાય છે. અહીં दे (૧૪–૩) અને शो (૧૫-૮)માં અંતર્ગત ए ના મરોડ પ્રાથમિક કલાત્મક બન્યા છે. घे (૧૪–૪) માં પડિમાત્રાને નીચલે છેડેથી જમણી તરફ સહેજવાળી છે.

ઓ, औ – આમાં ए ની માત્રા ઉપરમાત્રા અને પડિમાત્રા બંને પ્રકારે પ્રયોજાયેલી જણાય છે, પણ પડિમાત્રાનો ઉપયોગ વિશેષ થયેલો જણાય છે. જેમ કે को (૧૬–૧), ठो (૧૬–૨), ढो (૧૬–૩), हो (૧૬–૬), અને शो (૧૬-૮) ના મરોડ. णो (૧૬–૪) તથા गो (૧૬–૫) માં અંતર્ગત ए ની રેખા ઉપરમાત્રા સ્વરૂપે જોડાઈ છે.

ચૌલુક્યકાલીન સંયુક્ત વ્યંજનો.



આકૃતિ ૩

को (૧૬–૧) અને शो (૧૬–૮)માં પડિમાત્રા નીચલે છેડેથી જમણી તરફ વળેલી છે. हो (૧૬–૬)માં પડિમાત્રાનો ગોળ મરોડ પ્રયોજાયેલો છે.

**સંયુક્તાક્ષરોનાં લક્ષણો :** (આકૃતિ ૩)

સંયુક્તાક્ષરો (સંયુક્ત વ્યંજનો) ના મરોડનું નિરીક્ષણ કરતાં તેને આધારે તેમનાં કેટલાંક લક્ષણો નજરે પડે છે :

(૧) અનુમૈત્રક કાલની પ્રચલિત ત્રણ પદ્ધતિએ જ આ કાલના વ્યંજનો જોડાયેલાં જણાય છે : (૧) પૂર્વ વ્યંજનની નીચે ઉત્તર વ્યંજનને સીધો ઊભો જોડવાની પ્રથા, જેમ કે क्कु (૧, ૧,) क्र (૧–૬), क्ष्म (૨–૩), घ्न (૩–૧), ज्ञा (૪–૧), ड्गु (૫–૧), त्री (૭–૫)માં. (૨) પૂર્વ વ્યંજનના છેડે સામાન્ય રીતે બે ટોચવાળા ઉત્તર વ્યંજનની ડાબી ટોચ જોડવાની પદ્ધતિ, જેમ કે क्यं (૧–૩), रव्य (૨–૫), ज्य (૪–૩), त्यं (૭–૧), ध्र (૯–૩), स्य (૧૭–૧) વગેરે. (૩) પૂર્વ વ્યંજનની જમણી ઊભી રેખા સાથે ઉત્તર વ્યંજનની ડાબી રેખા એકાકારે જોડવાની પદ્ધતિ, જેમ કે क्य (૧–૫), क्ष्मी (૨–૪), त्स (૭–૮), ल्य (૧૩–૫) વગેરે.

આ કાલ દરસ્યાન આ ત્રણે પદ્ધતિઓનો પ્રયોગ થતો હતો, પરંતુ તેમાં સૌથી વિશેષ પ્રથમ પદ્ધતિ પ્રયોજાતી.

(૨) य ના પ્રાચીન મરોડ ઉત્તર વ્યંજન તરીકે ક્યાંક પ્રયોજાયેલા નજર પડે છે. જેમ કે रव्य (૨-૫), ग्न्य (૨-૭), ध्य, (૩-૨), ण्य (૫-૭) વગેરે.

(૩) કેટલાક વ્યંજનોમાં વર્ણના વિકસિત સ્વરૂપ હોવા ઉપરાંત તેમના પ્રાચીન મરોડ પણ પ્રયોજવામાં આવતા. જેમ કે ध्य (૩-૨), ण्य (૫-૭), त्त (૬-૬) વગેરે.

(૪) સંયુક્તાક્ષરો સ્વાભાવિક રીતે સપ્રમાણ છે. તેમ છતાં ક્યારેક તેમાં અનિયમિતતા જણાય છે. જેમ કે ज्ञ (૩-૩), च्छे (૩-૫), त्य (૭-૩) વગેરે.

(૫) આ વ્યંજનો સામાન્ય રીતે કલાત્મક મરોડ પણ ધરાવે છે, જેમાંના કેટલાકમાં તો એ ખાસ તરી આવે છે. જેમ કે त्य (૭-૨), न्यै (૧૦-૩), र्गं (૧૨-૫), स्क (૧૬-૪), स्थ (૧૭-૧) અને स्व (૧૭-૩) વગેરે.

આમ ચૌલુક્યકાલીન સંયુક્તાક્ષરો એકંદરે તેમની અર્વાચીન નાગરી અવસ્થાએ પહોંચ્યા હતા.

**અભિલેખોમાં પ્રયોજાયેલ અંકચિહ્નોનાં લક્ષણો :** (આકૃતિ ૪)

**ચૌલુક્યકાલીન અભિલેખોમાં પ્રયોજાયેલાં અંકચિહ્નો** તપાસતાં એનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણો નજરે પડે છે.[૩૭]

(૧) આ કાલના ૧ થી ૯ સુધીનાં ૯ અંકચિહ્નો અને ખાલી સ્થાનસૂચક ચિહ્ન (૦) શૂન્ય છે. આ દસ ચિહ્નોથી સંખ્યાલેખનનો સમગ્ર વ્યવહાર ચાલતો હતો. આને નૂતન શૈલીનાં અંકચિહ્નો તરીકે ઓળખવામાં આવે છે.




આકૃતિ ૪

(૨) આ દશ ચિહ્નો સ્થાનમૂલ્યના સિદ્ધાંત અનુસાર પ્રયોજાયાં છે. તદનુસાર એકમ, દશક, શતક, વગેરે પ્રત્યેક સ્થાન પર આવી શકે છે. આ સ્થાન જમણી તરફ ખસતાં દરેક અંકનું સ્થાનિક મૂલ્ય દસગણું વધી જાય છે. દા. ત. ૮, ૮૮, ૮૮૮ આમાં છયે અંકો "૮" છે પરંતુ જમણેથી ડાબી બાજુ લેતાં પહેલો ૮ નો, બીજો ૮૦ નો, ત્રીજો ૮૦૦ નો ચોથો ૮૦૦૦ નો, પાંચમો ૮૦૦૦૦ નો અને છઠ્ઠો ૮૦૦૦૦૦ નો સૂચક છે. આ સંખ્યાસૂચક ક્રમને દસ ગુણોત્તર સંખ્યા અથવા તો સ્થાનમૂલ્યનો સિદ્ધાંત કહેવાય છે.

(૩) મરોડ પરત્વે આ અંકચિહ્નો તેમના અર્વાચીન નાગરી સ્વરૂપની નિકટના જણાય છે. જોકે ક્યાંક ક્યાંક તેમના પ્રાચીન મરોડ પણ પ્રયોજાય છે.

આ કાલમાં પૂર્વ કાલમાં પ્રચલિત પ્રાચીન શૈલીએ અંકચિહ્નો લખવાની પદ્ધતિનો લોપ થયેલો જોવામાં આવે છે.

## લિપિની પ્રાદેશિક વિશેષતા :[૩૭]

ચૌલુક્યકાલીન અભિલેખોના અભ્યાસને આધારે આ કાલના લેખોની લિપિની કેટલીક વિશેષતાઓ જણાય છે :

(૧) અનુમૈત્રકકાલ દરમ્યાન પ્રયોજેલી આદ્યનાગરી લિપિ અહીં લગભગ વર્તમાન અવસ્થાને પહોંચી હતી.

(૨) આ કાલમાં વર્ણો અને અંતર્ગત સ્વરચિહ્નો મુખ્યત્વે વિકાસ પામ્યાં હતાં.

(૩) વર્ણોની શિરોરેખા અર્વાચીન રીતે પ્રયોજાતી હતી, જ્યારે સંયુક્ત વ્યંજનો હજુ અર્ધવિકસિત રહ્યા હતા.

(૪) કેટલાક વર્ણોનાં બેવડાં સ્વરૂપો પ્રાપ્ત થાય છે, જેમ કે અ, ઝ, ળ, ભ, લ અને શ. હાલમાં પ્રવર્તમાન ઉત્તરી નાગરી અને દક્ષિણી બાળબોધના ભેદને ધ્યાનમાં લેતાં કહી શકાય કે આ વૈકલ્પિક સ્વરૂપો પૈકી ઉત્તરી શૈલીનાં સ્વરૂપો અહીં વિશેષ પ્રમાણમાં પ્રયોજાયેલાં છે.

(૫) કેટલાંક વર્ણોનાં બેવડા સ્વરૂપો જણાય છે. જેમ કે અ, ળ અને લ આ સ્વરૂપો આ કાલમાં અર્વાચીન સ્વરૂપને પામેલાં છે.

આમ ચૌલુક્ય કાલમાં રજૂ થયેલી લિપિ નાગરી લિપિના વર્તમાન સ્વરૂપની નજીક આવેલી છે. એનાં જે જે અક્ષરોનાં વૈકલ્પિક સ્વરૂપો ઘડાયાં છે, તેમાં ઉતરી સ્વરૂપની સાથે દક્ષિણી સ્વરૂપ પણ પ્રયોજાયેલું છે.

## સંકેત ચિહ્નો :

ચૌલુક્યકાલીન અભિલેખોમાં અક્ષરો અને અંકો ઉપરાંત અનુસ્વાર, વિસર્ગ, સ્વરરહિત વ્યંજનો, અવગ્રહ, વિરામચિહ્નો તેમજ મંગલચિહ્નો વગેરે વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે :

**અનુસ્વાર** (આકૃતિ ૫)

ચૌલુકયકાલીન અભિલેખોમાં અનુસ્વાર કરવાની પ્રથા હતી. આ અનુસ્વારો પોલા મીંડાવાળા કરવામાં આવતા હતા. આ પ્રકારની પદ્ધતિ વ્યાપકપણે પ્રચલિત હતી. આની સાથે સાથે બિંદુ સ્વરૂપનો પ્રયોગ પણ થતો હતો, જેમ કે कं, लं, વગેરે :




આકૃતિ ૫

**વિસર્ગ** (આકૃતિ ૬)

અનુસ્વારની જેમ ચૌલુકય કાલમાં વિસર્ગનું ચિહ્ન પણ કરવામાં આવતું હતું. આ ચિહ્નો વિવિધ પ્રકારે કરવામાં આવતાં હતાં. તેમાં એ બિંદુસ્વરૂપ, નાની આડી રેખા સ્વરૂપે, પોલા શૂન્યરૂપે કરવામાં આવતું હતું. આ કાલમાં ખાસ કરીને પોલા શૂન્યરૂપે વિસર્ગ ચિહ્નો કરવામાં આવતાં હતાં. જેમ કે :




આકૃતિ ૬

**સ્વરરહિત વ્યંજનો (હલંત વ્યંજનો)** (આકૃતિ ૭)

સ્વરરહિત વ્યંજનોને જુદી જુદી રીતે ઓળખવામાં આવે છે. આ વ્યંજનો હલંત વ્યંજનો અથવા રૂઢ ગુજરાતીમાં "ખોડા વ્યંજનો" તરીકે ઓળખાય છે. આમાં વ્યંજનનો મુખ્ય આકાર મૂળ વ્યંજન જેવો હોય છે, પણ હલંત સ્વરૂપ દર્શાવવા માટે નીચે અમુક પ્રકારનાં ચિહ્ન કરવામાં આવે છે, જે અહીં આપેલ ચિત્રમાં સ્પષ્ટ થાય છે. સ્વરાત્મક મૂળાક્ષરોની માફક વ્યંજનાત્મક મૂળ અક્ષરોમાં પણ અલગ ચિહ્નોની આશા રહે. પરંતુ ઉચ્ચારણમાં અકાર ઉમેરાતો હોવાથી વ્યંજન ચિહ્નો અકારન્ત હોવાનું માનવામાં આવે છે.[૩૮]

ચૌલુકય કાલમાં વ્યંજનને સ્વરરહિત સૂચવતી રેખાને ઉપરને છેડે ગાંઠ કરાતી નજરે પડે છે. જેમ કે क्, म्, न्, વગેરે (જુઓ અહીં આપેલ ચિત્રમાં).

હલંત વ્યંજનો



આકૃતિ ૭

**અવગ્રહો** (આકૃતિ ૮)

આ કાલ દરમ્યાન મોટાભાગે અવગ્રહોનો વિકાસ થયેલો જણાય છે. આ અવગ્રહોની સંસ્કૃત ભાષામાં ખાસ જરૂર પડે છે. આ મુખ્યત્વે ए અને ओ પછી अ આવે ત્યારે તેની જરૂરિયાત જણાય છે. સ્વરસંધિના નિયમ પ્રમાણે ए અને ओ પછી अનો લોપ થવાથી મૂળ ઉત્તરપદના પ્રારંભમાં अ રહેલો છે કે નહિ તે માટે શંકા થાય છે. આથી આ કારણોસર લુપ્ત अ દર્શાવવા માટે અવગ્રહનું ચિહ્ન દર્શાવવામાં આવે છે.

ચૌલુક્ય કાલમાં આવાં ચિહ્નો પ્રયોજાયેલાં નજરે પડે છે. અહીં આપેલ ચિત્રમાં જોતાં જણાય છે કે તેના પૂર્ણ વિકસિત ઉપરાંત 'इ' ને મળતા આવતા તેના પ્રાચીન સ્વરૂપનો પ્રચાર પણ હતો.

અવગ્રહ



આકૃતિ ૮

**વિરામચિહ્નો** (આકૃતિ ૯)

આ કાલ દરમ્યાન વિરામચિહ્નો પણ પ્રયોજવામાં આવતાં હતાં. સામાન્ય રીતે વિરામચિહ્નો લેખ, વાક્ય, શ્લોક અને શ્લોકોના અંતે કરવામાં આવતાં હોય છે. અત્યારની માફક વાક્ય-ખંડો કે સમાન શબ્દસમૂહો બતાવવા માટે વિરામચિહ્નો ક્યારેક કરાતાં હતાં. એકસરખા અનેક શબ્દો સમાસની અંદર આવતા હોવાથી શબ્દોને અલગ કરવા માટે ક્યારેક વિરામચિહ્નોનો પ્રયોગ થતો હતો. તેમનો પ્રયોગ દર્શાવતા કેટલાક નમૂના આ પ્રમાણે છે :




આકૃતિ ૯

ચૌલુક્યકાલમાં વિરામચિહ્નોની રેખાને વળાંકદાર અને કલાત્મક કરવામાં આવતી હતી. ક્યારેક આ ચિહ્નોમાં બે રેખા હોય તો ડાબી બાજુની વચ્ચે નાની આડી રેખા ડાબી તરફ જોડાયેલી જણાય છે. આ પ્રકારનાં ચિહ્નો અકોટાના પ્રતિમા લેખો, પરમાર સીયક–૨ જાના લેખમાં, લાટના ચૌલુક્યો કીર્તિરાજ અને ત્રિલોચનપાલના લેખોમાં તેમજ મોઢવંશના વિજ્જલદેવના લેખોમાં જોવા મળે છે. અલબત્ત, આવું ચિહ્ન અક્ષરની સાથે વિસર્ગ હોય ત્યારે જ પ્રયોજાયેલું નજરે પડે છે.

આ કાલ દરમ્યાન શબ્દોને અલગ અલગ બતાવવા માટે વિરામચિહ્નો ક્વચિત નાની રેખારૂપે મળે છે. મોટાભાગે એ સૂચવવા માટે એક ઊભો દંડ કે ઊભી રેખા કરેલી હોય છે.[૩૯]

**મંગલચિહ્નો** (આકૃતિ ૧૦)

ચૌલુક્યકાલીન અભિલેખોમાં લેખના પ્રારંભમાં વિવિધ પ્રકારનાં મંગલચિહ્નો પ્રયોજવામાં આવતાં હતાં (જુઓ અહીં આકૃતિ). આ કાલ દરમ્યાન બે પ્રકારનાં મંગલચિહ્નો પ્રયોજાતાં હતાં. શંખાકાર મંગલચિહ્ન અને ૐ નું મંગલચિહ્ન.




આકૃતિ ૧૦

**શંખાકાર મંગલચિહ્ન :** આ કાલમાં આ પ્રકારના ચિહ્નો કલાત્મકરૂપે પ્રયોજાતાં હતાં. એમાં દક્ષિણાવર્ત અને વામાવર્ત મરોડ મુખ્ય હતા.[40] આમાં વામાવર્તનું વૈવિધ્ય વિશેષ જણાય છે. દક્ષિણાવર્ત સ્વરૂપ આ કાલ દરમ્યાન લુપ્ત થતું જણાય છે. વામાવર્ત સ્વરૂપનો વિકાસ ચૌલુક્યકાલમાં થયેલો અને તે પછીના કાલોમાં પણ ચાલુ રહેલો હતો. બીજા પ્રકારના સ્વરૂપમાંથી એનો સાદો મરોડ બન્યો. ધીમે ધીમે તેનાં કલાત્મક સ્વરૂપ ઘડાયાં.

**ૐનું મંગલચિહ્ન :** ભારતીય સંસ્કૃતિની પ્રાચીન પરંપરામાં ૐને શુભ મંગલકારી ગણવામાં આવેલ છે. તેમાંય યોગશાસ્ત્ર અને આધ્યાત્મિક દૃષ્ટિએ ૐનો વિશેષ મહિમા છે.

આ કાલ દરમ્યાન ૐ ના મંગલચિહ્નનો પ્રયોગ થતો હતો. આ કાલમાં ઓ ના મરોડના વિકાસની સાથે આ સ્વરૂપનો પણ વિકાસ થયો હતો. આ કાલમાં ઓ ના મરોડમાં ઉપરની આડી રેખાને જમણે છેડે નાની ઊભી રેખા ઉમેરાતી હતી. આ રેખા કયારેક જમણી બાજુ પણ થતી હતી.[41] આ ઓના મરોડની ટોચે અનુસ્વાર ઉમેરીને એ મરોડ પ્રયોજાવા લાગ્યો.

આમ ચૌલુકયકાલીન લિપિ–સ્વરૂપ વર્તમાન નાગરી લિપિના સ્વરૂપની ઘણી નિકટનું બન્યું છે, છતાં તેમાં પડિમાત્રાનો પ્રયોગ, અમુક અક્ષરોના વિલક્ષણ મરોડ, કેટલાક અક્ષરોનું પરસ્પરનું સામ્ય, શબ્દોશબ્દો વચ્ચે અંતર નહિ રાખવાની પદ્ધતિ, વગેરેને લઈને વિશેષ મહાવરા વગર તેમજ સંસ્કૃત ભાષાના જ્ઞાન સિવાય આ કાલના લેખો સરળતાથી ઉકેલી શકાય તેમ નથી.

આ સમયમાં ૧૨ અભિલેખો અરબી–ફારસીમાં લખાયેલા પ્રાપ્ત થાય છે. આ લેખોમાં હિજરી સંવત પ્રયોજેલ છે. હિજરી સં. ૪૪૫ (ઈ. સ. ૧૦૫૩)નો લેખ અરબી–ફારસી ભાષામાં લખાયો છે, તે સિવાયના ૧૧ લેખો અરબી ભાષામાં લખાયેલા છે. આ અભિલેખો બહુધા કુફી શૈલીમાં લખાયા છે.[42]

અરબી–ફારસી લખાણોમાં અક્ષરોને ઘણું કરીને એકબીજા સાથે જોડીને સળંગ કલમે લખવામાં આવે છે. આ અક્ષરોને જોડતી વખતે જે રેખાઓ ખેંચવામાં આવે છે તેને 'બંધ' કહે છે. આ બંધોને લઈને સુલેખનની વિશિષ્ટ શૈલીઓ વિકસી છે. આમાં 'નસ્ખ' અને 'કૂફી' એવા બે મરોડ ઘણા વહેલા વિકસ્યા હતા. કૂફી શૈલી ઇરાકના કૂફા શહેરમાં વિકસેલી હોઈ તેના પરથી તેનું નામ 'કૂફી' પડેલું. આ શૈલીમાં અક્ષરો ઊભી, આડી કે ત્રાંસી રેખાઓના કોણીય કે ખૂણાદાર સંયોજનો વડે લખાય છે.[42અ]

## (૭) અભિલેખો લખવાની પદ્ધતિ :

શિલાલેખ, તામ્રપત્રલેખ વગેરેના નિર્માણમાં લેખ લખાવનાર ઉપરાંત લેખનું લખાણ તૈયાર કરનાર અને લેખ કોતરનારનો પણ ફાળો રહેલો હોય છે.

**લેખક** : અભિલેખનું લખાણ તૈયાર કરનાર લેખક તરીકે ઓળખાતો. અભિલેખોમાં લેખના અંતે લેખકનું નામ પણ આપેલું હોય છે.[૪૩]

આ લેખકો દ્વારા લખાયેલાં દાનશાસનો પ્રચલિત પદ્ધતિનાં સાદાં ટૂંકાં અને મુદ્દાસર હોય છે. મોટેભાગે આવા લેખો દસ્તાવેજ પ્રકારના નજરે પડે છે. અલબત્ત, કેટલાક સાહિત્યિક કોટિના પણ છે. દાનશાસનોમાં આપેલી રાજાઓની પ્રશસ્તિ ઉચ્ચ ગદ્યશૈલીના કે સુંદર પદ્યરચનાના સરસ નમૂનારૂપ હોય છે. ચૌલુક્ય કાલમાં સાદાં દાનશાસનો કાયસ્થોએ લખેલાં છે, જ્યારે શિલાલેખમાં કોતરાયેલી ઉત્તમ પ્રશસ્તિઓ શ્રીપાલ અને સોમેશ્વરદેવ જેવા સિદ્ધહસ્ત કવિઓએ રચેલી છે.[૪૪]

સામાન્ય રીતે પ્રશસ્તિ-રચના યશસ્વી પરાક્રમોને લગતા અથવા વાવ, મંદિર વગેરે પૂર્ત નિર્માણનાં કાર્યોને લગતા અભિલેખોમાં કરવામાં આવે છે. ભૂમિદાનને લગતાં શાસનોમાં દાન આપનાર રાજા તથા એના પૂર્વજોની માહિતી આપવાની પ્રથા હતી. આ કારણોસર પ્રાચીન દાનશાસનોમાં રાજાઓનાં ચરિતની પ્રશસ્તિ આપવામાં આવતી હતી.[૪૫]

**લહિયો :** લેખકે રચેલું લખાણ પહેલાં લહિયા પાસે જતું. લહિયો અભિલેખના પદાર્થ પર પદ્ધતિસર શાહીથી એ લખાણ લખતો. અભિલેખોમાં આવું લખાણ કરી આપનાર લહિયાનું નામ ભાગ્યે જ લખવામાં આવતું.

ઘણીવાર લેખનો મુસદ્દો ઘડનાર લેખક પોતે અભિલેખનના પદાર્થ પર નકલ કરી આપતો અથવા તો સલાટ કે કંસારો પોતે જ એના પર નકલ કરી લેતો.[૪૬]

**લેખન પદ્ધતિ :** સામાન્ય રીતે અભિલેખ માટે તૈયાર કરેલા લખાણને શિલા કે તામ્રપત્ર પર લિખિત નકલ પ્રમાણે શાહીથી લખીને અક્ષરો, આંકડાઓ તથા ચિહ્નો કોતરવામાં આવતાં. પ્રાચીન અભિલેખોમાં લખાણના વાક્યમાં શબ્દ–શબ્દ વચ્ચે જગ્યા ભાગ્યે જ રાખવામાં આવતી. વિરામચિહ્નો જૂજ પ્રમાણમાં કરવામાં આવતાં.[૪૭] લેખોમાં અવગ્રહનું ચિહ્ન ક્યારેક જ લખવામાં આવતું. ક્યારેક પ્રચલિત શબ્દોના સંક્ષેપરૂપ તરીકે એના આદ્ય અક્ષર વપરાતા.

ચૌલુક્ય કાલ દરમ્યાન આ પ્રકારે અભિલેખો લખવામાં આવતા નજરે પડે છે.

**લેખની શરૂઆત :** અભિલેખોના લખાણની શરૂઆત પહેલાં કેટલાક મંગલ શબ્દો કે મંગલચિહ્નો દ્વારા થતી હતી. આ મંગલ શબ્દો કે ચિહ્નોમાં સ્વસ્તિક, ॐ, સિદ્ધં, શ્રી, વામાવર્ત ગૂંચળાં, ત્રિરત્ન, ધર્મચક્ર, પદ્મ, શ્રી વત્સ, નંદિ, ત્રિશૂલ, મત્સ્ય, વરાહ વગેરે અનેક ચિહ્નો પ્રયોજવામાં આવતાં નજરે પડે છે.

ચૌલુક્યકાલીન અભિલેખોમાં પણ લેખની શરૂઆતમાં આ પ્રકારનાં મંગલ ચિહ્નો કરવામાં આવતાં. જેમકે વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯) ના પરમાર સીયક–૨ જાના હરસોલના તામ્રપત્રમાં લેખની શરૂઆતમાં "ॐ" ચિહ્ન રૂપે આપેલ છે.[૪૮] સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)ના સૂણુસરના તામ્રપત્રની શરૂઆતમાં સ્વસ્તિકનું ચિહ્ન આપેલું છે.[૪૯] વિ. સં. ૧૨૦૧ (ઈ. સ. ૧૧૪૪–૪૫)ના કુમારપાલના લેખમાં સ્વસ્તિકનું ચિહ્ન પ્રયોજાયેલું છે.[૫૦] તેવી જ રીતે વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૪)ના અજયપાલના ઉંઝાના શિલાલેખની શરૂઆતમાં સ્વસ્તિકનું ચિહ્ન પ્રયોજાયેલું છે.[૫૧]

આ સમયના કેટલાક અભિલેખોમાં મંગલચિહ્નોની સાથે મંગલ શબ્દો જેવા કે ॐ नमो भगवते वासुदेवाय नमः । ॐ नमः शिवाय नमः । श्री गणेशाय नमः । વગેરેથી લેખની શરૂઆત કરેલી હોય છે. મંગલ શબ્દો ઉપરાંત મંદિરને લગતા લેખોમાં ઘણી વાર પ્રારંભમાં ઇષ્ટદેવની સ્તુતિના એક કે એકથી વધુ શ્લોક આપવામાં આવતા હતા. જેમ કે, વિ. સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૪)ના કર્ણદેવ–૧ લાના નવસારીના તામ્રપત્રમાં લેખની શરૂઆત "ॐ नमो भगवते वासुदेवाय ।થી કરેલી છે.[૫૨] કુમારપાલના વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના માંગરોળના શિલાલેખની શરૂઆત" ॐ नमः शिवाय થી કરેલી છે.[૫૩] વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના ભીમદેવ ૨ જાના આબુના શિલાલેખમાં લેખની શરૂઆતમાં સરસ્વતી દેવીને વંદન કરીને બીજા શ્લોકમાં નેમિનાથની આશિષ માંગેલી છે.[૫૪] વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)ના સોમનાથ–વેરાવળ શિલાલેખમાં પ્રારંભના પહેલા બે શ્લોક શિવની સ્તુતિને લગતા અને ત્રીજો શ્લોક સરસ્વતીની સ્તુતિને લગતો છે.[૫૫]

## સાંક્ષિપ્ત રૂપો

અભિલેખોમાં કેટલાક પૂરા શબ્દોને બદલે એનો એકાદ અક્ષર લખીને એનું

સંક્ષિપ્ત રૂપ પ્રયોજવામાં આવતું. આવા અક્ષરોમાં સમય-નિર્દેશને લગતા શબ્દોમાં ખાસ કરીને सं, सव કે संवत વગેરે શબ્દો પ્રયોજાતા. અધિકાર-દર્શક શબ્દોમાં दूतक માટે दू, महाक्षपटलक માટે महाअ, महासांधिविग्रहक માટે महासा જેવાં સંક્ષિપ્ત રૂપે પ્રયોજવામાં આવતાં. બીજા શબ્દો જેવા કે रूपक માટે रु, कार्षापण માટે का., द्रम्म માટે द्र., ठाकुर માટે ठ., पंडित માટે पं., सांवत्सारिक માટે सां વગેરે શબ્દો પ્રયોજવામાં આવતા હતા. ઉ. ત. વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના કુમારપાલના માંગરોળના શિલાલેખમાં महासांधिविग्रहक માટે महासा,[૫૬] કુમારપાલના વિ. સં. ૧૨૨૫ (ઈ.સ. ૧૧૬૮–૬૯)ના વેરાવળના શિલાલેખમાં सूत्रधार ને માટે सूत्र[૫૭], વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના ભીમદેવ–૨ જાના આબુના શિલાલેખમાં संवत ને માટે सं,[૫૮] વિ. સં. ૧૨૯૫ (ઈ. સ. ૧૨૩૮)ના ભીમદેવ–૨ જાના કડીના તામ્રપત્રમાં ઠાકુરને બદલે ઠા. પ્રયોજાયેલ છે.[૫૯]

### મુદ્રાંક

રાજશાસનમાં તામ્રપત્રોને જોડતી એક કડીના સાંધા ઉપર રાજમુદ્રાની છાપ લગાડવામાં આવતી, જેથી પતરાનું સંયોજન અકબંધ રહેતું. સામાન્ય રીતે રાજમુદ્રાની છાપનાં ઉપલા ભાગમાં એ રાજવંશના લાંછન(પ્રતીક)ની આકૃતિ અને નીચલા ભાગમાં એ રાજાનું નામ કોતરવામાં આવતું. અલબત્ત, ચૌલુક્ય-કાલીન લેખોમાં આ પ્રકારનાં મુદ્રાંકો જોવા મળતાં નથી. જો કે મૂળરાજ-૧લાના વિ. સં. ૧૦૪૩ ના કડીના તામ્રપત્રમાં આ પ્રકારનું રાજચિહ્ન નજરે પડે છે. એમાં નંદીનું રાજચિહ્ન આપવામાં આવેલું છે.[૬૦] પરમાર સીયક–૨ જાના વિ. સં. ૧૦૦૫ ના હરસોલના તામ્રપત્રમાં તામ્રપત્રની નીચે ઉડતા ગરુડનું રાજચિહ્ન અંકિત કરેલું છે.[૬૧] પરંતુ આ બંને કિસ્સામાં રાજાનું નામ અપાયેલું નથી. જોકે ચૌલુક્ય કાલનાં બધાં તામ્રપત્રોમાં છેવટે રાજાના હસ્તાક્ષર કરેલા મળે છે.

## (૮) ચૌલુક્યકાલીન અભિલેખોનું વિશ્લેષણ

આ સમયના અભિલેખોનો અભ્યાસ કરતાં આ લેખોને ચાર પ્રકારોમાં વહેંચી શકાય છે :

| ક્રમ | પ્રકાર | લેખોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાનશાસનો | ૫૩ |
| ૨ | પૂર્ત-નિર્માણને લગતા | ૮૭ |
| ૩ | પ્રતિમા-પ્રતિષ્ઠાને લગતા | ૪૦૯ |
| ૪ | પ્રશસ્તિ-લેખો | ૯ |

## (૧) દાનશાસનો

આ સમયના અભિલેખોમાં આ પ્રકારના લેખોની સંખ્યા કુલ ૫૩ની છે. જો કે પૂર્તનિર્માણને લગતા લેખોની સરખામણીએ આ પ્રકારના લેખો ઘણા ઓછા પ્રાપ્ત થાય છે.

ધાર્મિક હેતુથી કરાયેલા દાનને "ધર્મદાય" કહેવામાં આવતું. ધર્મશાસ્ત્રમાં દાનનો ઘણો મહિમા ગવાયો છે. આ દાનોમાં ધેનુ, ભૂમિ અને વિદ્યાનાં દાનો પૈકી ભૂમિદાનને શ્રેષ્ઠ ગણવામાં આવતું હતું. તદનુસાર આ કાલમાં ઘણાં દાનો ભૂમિદાનને લગતાં આપવામાં આવેલાં હતાં.

દાન લેનારને ભૂમિદાન એ કાયમી ઊપજનું અક્ષય સાધન પ્રાપ્ત થતું, જે એને જીવનપર્યંત ઉપયોગી નીવડતું. આથી ભૂમિદાનની કાયમી નોંધ રહે એવું એને લગતું રાજશાસન લખાવી આપવામાં આવતું હતું. આ લખાણ દાન લેનારને હકનામાના પુરાવા તરીકે કામ લાગતું. આ ઉપરાંત ભૂમિદાનનો લાભ દાન લેનારના પુત્રપૌત્રાદિકને પણ વારસાગત રીતે પેઢીઓને પેઢીઓ સુધી ચાલુ રહેતો. આથી દાનશાસનની પ્રત દાન લેનારના કુટુંબે કાયમ માટે સાચવીને રાખવી પડતી. તેથી આ પ્રકારનાં લખાણો તાંબાનાં પતરાં પર લખવામાં આવતાં.

ભૂમિદાનને લગતાં દાનશાસનોમાં દાન આપનાર અર્થાત્ "દાતા", દાન લેનાર અર્થાત્ 'પ્રતિગ્રહીતા' અને દાનમાં આપવાની વસ્તુ અર્થાત્ "દેય" એમ ત્રણ મુખ્ય બાબતો હોય છે. આ ઉપરાંત મિતિ, સ્વહસ્ત વગેરે અન્ય બાબતો જણાવેલી હોય છે. આ દાનશાસનોનો પ્રારંભ સિદ્ધમ્ સ્વસ્તિ કે ૐ સ્વસ્તિ જેવાં મંગલપદોથી કરવામાં આવેલો હોય છે. ઘણીવાર એમાં દેવોની સ્તુતિ જણાવેલી હોય છે.

દાનશાસનો સામાન્ય રીતે રાજધાનીમાંથી અને ક્યારેક વિજયછાવણી કે યાત્રા સ્થાનેથી ફરમાવવામાં આવતાં. દાનશાસનોમાં આનો ક્યારેક નિર્દેશ પણ કરવામાં આવતો. જેમકે ભીમદેવ–૧ લાના વિ. સં. ૧૧૨૦ (ઈ. સ.૧૦૪૬)ના પાલનપુરના દાનપત્રના આધારે જણાય છે કે ભીમદેવે પોતાની છાવણી ઈલા (હાલનું કલોલ) મુકામે હતી ત્યારે જનક નામના મોઢ બ્રાહ્મણને વરણવાડા ગામમાં ત્રણ હળ જમીન દાનમાં આપી હતી.[૬૨]

દાનશાસનોમાં રાજકુલ અને વંશાવળીની વિગત, દાતાના સંદર્ભમાં આપવામાં આવતી હતી. ઘણીવાર વંશાવળી સાદી સીધી રીતે ટૂંકમાં આપવામાં આવતી હતી.[૬૩] ઘણીવાર એમાં પ્રત્યેક પુરોગામી રાજાની પ્રશસ્તિ આવતી હતી.

દાનશાસનો શાસન કે નિવેદન રૂપે હોવાથી દાન આપનાર રાજા લાગતા-વળગતા અધિકારીઓને તથા અન્ય લોકોને સંબોધીને દાનની હકીકત જણાવતો.

દાનને લગતી મુખ્ય માહિતીમાં દાન આપવાનો હેતુ, પ્રતિગ્રહીતાનાં નામ–ઠામ, દાનનાં અને એને માટેનાં પ્રયોજન, દેયભૂમિની વિગતો, દેયભૂમિ પર પ્રતિગ્રહીતાના હકો વગેરેની માહિતી ઉપલબ્ધ થાય છે. દાન લેનાર બ્રાહ્મણ, દેવાલય તેમજ વહીવટી વિભાગો અને પેટા વિભાગો, ગામો, ખેતરો વગેરેને લગતી પણ ઘણી માહિતી પ્રાપ્ત થાય છે.

દાન આપનાર રાજા લાગતાવળગતાઓને દાનની જાણ કરી પ્રતિગ્રહીતાને દેયભૂમિની બાબતમાં કનડગત નહિ કરવા આદેશ આપતો તેમજ એનું પરિપાલન કરવાનો નૈતિક અનુરોધ પણ કરતો હતો. આપેલું દાન આગામી રાજા પાળે તો તે પણ દાનના પુણ્યનો ભાગીદાર થાય અથવા લઈ લેનારને કેટલું પાપ લાગે તે દર્શાવતા શ્લોકો પણ ચાલી આવતી પદ્ધતિ મુજબ ટાંકવામાં આવતા.[૬૪]

દાનશાસનોમાં દાનની મિતિ જણાવવી જરૂરી ગણાતી. એમાં સંવત, વર્ષ, માસ, પક્ષ, તિથિ અને વાર જણાવાતા હતા અને અંતમાં રાજાના નામે કોઈ બનાવટી દાનશાસન તૈયાર ન કરાવી દે એટલા માટે છેવટે રાજાના સ્વહસ્ત પણ આપવામાં આવતા હતા.

## પૂર્ત-નિર્માણને લગતા લેખો

આ સમયના અભિલેખોમાં પૂર્તનિર્માણને લગતા ૮૭ જેટલા લેખો પ્રાપ્ત થયા છે.

ધર્મશાસ્ત્રોના ગ્રંથમાં દાનની જેમ જ પૂર્ત કાર્યોનો મહિમા ઘણો ગવાયો છે. આ પૂર્ત કાર્યોમાં કિલ્લા, સરોવર, વાવ, કૂવો, સત્રાગાર, પાઠશાળા, પગથિયાં અને મંદિરો વગેરે કરાવવાનો સમાવેશ થાય છે. ચૌલુક્ય કાલમાં આ પ્રકારનાં અનેક બાંધકામો અથવા જીર્ણોદ્ધાર થયેલાં જણાય છે, જે પૈકી થોડાં દૃષ્ટાંત પ્રસ્તુત છે :

વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨) ના લેખમાં તેમજ વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮–૬૯) ના લેખમાં કિલ્લાઓ કરાવ્યાનો નિર્દેશ મળે છે.[૬૫]

સિદ્ધરાજ જયસિંહના સમય દરમ્યાન વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના શિલાલેખમાં સહસ્રલિંગ સરોવરનો નિર્દેશ થયેલો છે.[૬૬]

જ્યારે વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨),[૬૭] વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬),[૬૮] વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૫૮–૬૯),[૬૯] વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)[૭૦] અને વિ. સં. ૧૨૭૫ (ઈ. સ. ૧૨૧૯)[૭૧]ના વર્ષોનાં લેખોમાં વાવ કરાવ્યાના ઉલ્લેખો મળે છે.

તેવી જ રીતે કૂવો કરાવ્યાને લગતા ત્રણ લેખો અનુક્રમે ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)[૭૨]ના સિદ્ધરાજના, વર્ષ વગરના લેખમાં[૭૩] તેમજ વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)[૭૪]ના લેખમાં મળે છે.

શસ્ત્રાગાર અને પાઠશાળાના ઉલ્લેખો વિ. સં. ૧૧૩૪ (ઈ. સ. ૧૦૭૭), વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૪), વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૭), વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧) અને વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)ના લેખોમાં થયેલા છે.[૭૫]

આ ઉપરાંત મંદિર-નિર્માણને લગતા લેખો તેમજ જીર્ણોદ્ધારને લગતા ઘણા લેખો પ્રાપ્ત થયા છે.

## (૩) પ્રતિમા-લેખો

ચૌલુક્યકાલીન અભિલેખોમાં દાનશાસનો અને પૂર્તનિર્માણના લેખો પૈકી પ્રતિમા લેખોની સંખ્યા સૌથી વધારે છે. આ પ્રતિમાલેખોની સંખ્યા ૪૦૯ની છે.

પ્રતિમા બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરાવવી એ ભારે પુણ્યપ્રદ મનાતું. કેટલીક પ્રતિમાઓ પર તેના નિર્માણ તથા તેની પ્રતિષ્ઠાને લગતો લેખ કોતરેલો હોય છે. આ લેખમાં જેણે એ પ્રતિમા કરાવી હોય તે વ્યક્તિનું નામ, જે દેવ–દેવીની પ્રતિમા કરાવી હોય તે દેવતાનું નામ અને મૂર્તિની પ્રતિષ્ઠા કરાવનાર આચાર્યનું નામ તથા પ્રતિષ્ઠા વર્ષ અને તેનો સમયનિર્દેશ વગેરે વિગતો આપવામાં આવતી. આ સમયની મોટા ભાગની પ્રતિમાઓ અને તેને લગતા લેખો જૈન ધર્મને લગતા છે.

## (૪) પ્રશસ્તિ–લેખો

ચૌલુક્ય કાલ દરમ્યાન આ પ્રકારના ૯ લેખો મળ્યા છે. સાધારણ રીતે સ્મારક અભિલેખોને તથા પૂર્તનિર્માણના લેખોને "પ્રશસ્તિ" કહેવામાં આવે છે. આ લેખોમાં પરાક્રમ કે પરમાર્થની ઘટના નિમિત્ત હોય છે અને એ નિમિત્તે એના નાયકની પ્રશંસાત્મક લાંબી પ્રશસ્તિ રચવામાં આવેલી હોય છે.

આ પ્રશસ્તિઓ એ સંસ્કૃત સાહિત્યનો એક રસપ્રદ પ્રકાર છે. પ્રશસ્તિનાં કાવ્યો આલંકારિક રીતે રચાયાં હોવા છતાં તેમાંથી ઘણી ઉપયોગી ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ થાય છે. પ્રશસ્તિની રચના બહુ સરળ રીતે કરવામાં આવેલી હોય છે. તેમાં મંગલાચરણ પછી પૂર્તકાર્ય કરાવનારનું કે દાતાનું વર્ણન આવે છે. જેનું વર્ણન કરવામાં આવ્યું હોય એ વ્યક્તિ જો તત્કાલીન રાજ્યકર્તાથી જુદી હોય તો એવા કિસ્સામાં રાજાનું વર્ણન પણ કરવામાં આવે છે અને તેની વંશાવળી પણ આપવામાં આવે છે. દાનની વિગતોનું વર્ણન કાવ્યમય રીતે કરવામાં આવે છે. આ ઉપરાંત પ્રશસ્તિમાં સ્થપતિનું, પ્રતિષ્ઠા કરનાર પુરોહિત અથવા ધર્મગુરુનું, પ્રશસ્તિ રચનાર કવિનું તથા લેખ કોતરનાર કારીગરનું નામ, લેખની મિતિ વગેરે ઉમેરવામાં આવે છે. આવી પ્રશસ્તિઓ ખાસ કરીને મંદિરોમાં તેમજ જાહેર ઉપયોગના કોઈક સ્થળે મૂકવામાં આવેલી હોય છે. કેટલીકવાર મૂર્તિની ઉપર કે તામ્રપત્રમાં પણ આવી પ્રશસ્તિઓ કોતરેલી જોવામાં આવે છે. હસ્તપ્રતોને અંતે પણ ઘણી પ્રશસ્તિઓ હોય છે. પ્રશસ્તિમાં આપવામાં આવેલી વંશાવળી તેમજ રાજાઓના પરાક્રમનું વર્ણન ઇતિહાસની દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું હોય છે. કેટલીક પ્રશસ્તિઓમાં શ્લોકની સંખ્યા અલ્પ હોય છે, તો કેટલીકમાં એ સો કરતાં પણ વધારે સંખ્યામાં હોય છે. કેટલીક પ્રશસ્તિઓ ગદ્યમાં રચાયેલી હોય છે, પરંતુ મોટાભાગની પ્રશસ્તિઓ પદ્યમાં રચાયેલી જોવામાં આવે છે.[૭૬]

(૧) આ કાલ દરમ્યાન રચાયેલી પ્રશસ્તિઓ આ પ્રમાણે ગણાવી શકાય : વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)નો ધવલનો હસ્તિકુંડી શિલાલેખ પ્રશસ્તિ-લેખ છે. આ પ્રશસ્તિ સૂર્યાચાર્યે રચેલી છે.[૭૭] આ પ્રશસ્તિ રાષ્ટ્રકૂટ રાજવી ધવલે હસ્તિકુંડિમાં મંદિર કરાવ્યું હતું તેને લગતી છે.

(૨) વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯) ના વર્ષનો સિદ્ધરાજ જયસિંહના સમયનો લેખ આ પ્રકારનો છે. આ પ્રશસ્તિનો કર્તા કવિ શ્રીપાલ હતો. પ્રશસ્તિનો મુખ્ય હેતુ સિદ્ધરાજ જયસિંહે કરેલા માળવા વિજયની યશોગાથા નિરૂપવાનો છે.[૭૮]

(૩) માંગરોળની સોઢલી વાવનો પ્રશસ્તિ લેખ વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬) ના સમયનો છે. આ પ્રશસ્તિના રચનાર પાશુપતાચાર્ય "પ્ર" સર્વજ્ઞનું નામ આપેલું છે. આ પ્રશસ્તિ ગૂહિલ વંશના મૂલુકના ભાઈ સોમરાજે આત્મશ્રેયાર્થે કરાવેલ સહજિગેશ્વર મંદિરને લગતી છે.[૭૯]

(૪) વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૦)નો પ્રશસ્તિ લેખ કુમારપાલનો ચિતોડ-

ગઢનો છે. આ પ્રશસ્તિના રચયિતા રામમૂર્તિ છે. આ પ્રશસ્તિ કુમારપાલને લગતી છે.[૮૦]

(૫) વડનગરની વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૧) ની પ્રશસ્તિના રચયિતા કવિ શ્રીપાલ છે. આ પ્રશસ્તિ કુમારપાલને લગતી છે.[૮૧]

(૬) વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮–૬૯)નો પ્રશસ્તિ લેખ પ્રભાસપાટણના ભદ્રકાળી મંદિરમાં આવેલો છે. આ પ્રશસ્તિના રચનાર ભાવબૃહસ્પતિ છે. આ પ્રશસ્તિમાં કુમારપાલે કરેલાં પૂર્તકાર્યોની પ્રશંસા કરેલી છે.[૮૨]

(૭) વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭) નો પ્રશસ્તિ લેખ ભીમદેવ–૨ જાના સમયનો છે. આ પ્રશસ્તિના રચનાર કવિ શ્રીધર છે. આ પ્રશસ્તિમાં ભીમદેવ–૨ જાની સાથે શ્રીધરના પણ ઉલ્લેખો કરેલા છે.[૮૩]

(૮) કવિ સોમેશ્વરે રચેલી વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧) ની પ્રશસ્તિ આબુ પરના નેમિનાથના મંદિરમાં આવેલી છે. આ પ્રશસ્તિ વસ્તુપાલ–તેજપાલને લગતી છે.[૮૪]

(૯) ભીમદેવ–૨જા નો વિ. સં. ૧૨૯૯ (ઈ.સ. ૧૨૪૩) નો લેખ પણ આ પ્રકારનો છે. આમાં ભીમદેવ–૨ જાની પ્રશસ્તિ કરવામાં આવી છે.[૮૫]

## પાદટીપ

૧. જુઓ ત્રિવેદી ઇન્દ્રવદન—ગુજરાત ઇતિહાસ સંદર્ભ સૂચિ, ખંડ ૪–૫

૨. અ. નં. ૧૭ 	૩. અ. નં. ૧૫૬ 	૪. અ. નં. ૨૯

૫. અ. નં. ૩૯ 	૬. અ. નં. ૧૯૨ 	૭. અ. નં. ૨૯–અ

૮. અ. નં. ૭૩–અ

૯. ડૉ. શેલત ભારતી : કચ્છના અભિલેખોમાંથી પ્રાપ્ત થતો કચ્છનો ઇતિહાસ, વિદ્યાપીઠ–અંક ૧૧૩, સપ્ટેમ્બર, ઑકટોબર ૧૯૮૧, પૃ. ૩૩.

૧૦. જુઓ ચિત્રનો પટ્ટ

૧૧–૧૨. અ. નં. ૫૩–અ, ૯૬–અ

૧૩. આ લેખનું વર્ષ શ્રી ખખ્ખરે અને તેમને અનુસરીને શ્રી રામસિંહ રાઠોડ અને ડૉ. ભારતી શેલતે વિ. સં. ૧૨૧૭ (ઈ. સ. ૧૧૬૦–૬૧) આપેલું છે, પરંતુ તેઓ પૈકી કોઈએ લેખનો પાઠ આપ્યો નથી. તેથી તેની ખાતરી થઈ શકતી નથી. શ્રી નાગજીભાઈ ભટ્ટીએ ઉપર્યુક્ત મિતિ ૧૨૧૭ને બદલે

૧૨૭૭ છે એમ ખાતરીપૂર્વક નોંધ્યું છે. ભટ્ટી નાગજીભાઈ, 'કચ્છનો સાંસ્કૃતિક વારસો' : પાળિયા પૃ. ૫૪

૧૪. ભટ્ટી નાગજીભાઈ, ઉપર્યુક્ત, પૃ. ૫૪

૧૫. ગુ. ઐ. લે., ભા. ૩, નં. ૧૪૩-બની પ્રસ્તાવના

૧૬. ગુ. ઐ. લે., ભા. ૩, નં. ૧૫૭-બની પ્રસ્તાવના

૧૭. અ. નં. ૯ ૧૮. અ. નં. ૧૦૪ ૧૯. અ. નં. ૧૧૩

૨૦-૨૧. શાસ્ત્રી, હ. ગં. "ભારતીય અભિલેખવિદ્યા", પૃ. ૧૦૩

૨૨. અ. નં. ૫, ૨૧, ૬૧, ૧૧૦, ૧૮૨ વગેરે

૨૩. અ. નં. ૫૫, ૧૦૨, ૧૧૧ વગેરે

૨૪. અ. નં. ૧૮, ૧૯, ૪૩, ૪૪, ૬૯ વગેરે

૨૫. અ. નં. ૪૩, ૪૪, ૬૯ વગેરે

૨૬. દા. ત. અ. સૂ. નં. ૪૩ ૨૭. અ. સૂ. નં. ૬૯

૨૮. જુઓ આ વર્ષના અભિલેખોની વિગતો

૨૯. અ. સૂ. નં. ૫૦

૩૦. પરીખ, પ્ર. ચિ. 'ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ', પૃ. ૧૪૬

૩૧. સચાઉ, ઈ. સી., 'અલબિરૂનીઝ ઇન્ડિયા', ગ્રંથ ૧-૨, પૃ. ૧૭૩

૩૨. શાસ્ત્રી, હરિપ્રસાદ, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ', પૃ. ૪૪

૩૩. હેમચંદ્રાચાર્યકૃત શબ્દાનુશાસન, (૧, ૧ પૃ. ૪, ૧૧૬)માં વર્ણોની સંખ્યા ૫૧ આપી છે, જેમાં ઉપરના ૪૫ વર્ણો ઉપરાંત ૠ, ૡ, ૡ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય અને ळ એ ૬ વર્ણ જણાવ્યા છે.

૩૪. પરીખ, પ્ર. ચિ., ઉપર્યુક્ત, પૃ. ૧૫૨

૩૫. પરીખ, પ્ર. ચિ., ઉપર્યુક્ત, પૃ. ૧૭૮, પાદટીપ નં. ૧૦

૩૬. પરીખ, પ્ર. ચિ., ઉપર્યુક્ત પૃ. ૨૨૪

૩૭. પરીખ, પ્ર. ચિ., ઉપર્યુક્ત, પૃ. ૧૭૭

૩૮. પરીખ પ્ર. ચિ., : ઉપર્યુક્ત, પૃ. ૨૩૧

૩૯. જુઓ અ. સૂ. નં. ૧૧૩

૪૦. પરીખ, પ્ર. ચિ., ઉપર્યુક્ત, ૨૩૯ થી ૨૪૧

૪૧. જુઓ, પૃ. ૯ ઉપર પ્રસ્તુત કરેલ ચૌલુક્યકાલીન વર્ણો (આકૃતિ ૧)

૪૨. જુઓ ગ્રંથને અંતે પરિશિષ્ટ

૪૨-અ. ઝિ. અ. દેસાઈ, 'ઇસ્લામી સુલેખનકળા', "કુમાર", અંક ૫૭૩, પૃ. ૩૪૪-૪૬

૪૩. જેમકે વિ. સં. ૧૦૮૭ ના ભીમદેવ–૧લા ના સમયના લેખોમાં લેખક તરીકે કાયસ્થ કાંચનનો પુત્ર વટેશ્વર હતો. અ. નં. ૯–૧૦
૪૪. અ. નં. ૪૪, ૬૧, ૯૯, ૧૧૦
૪૫. અ. નં. ૧૮, ૧૯, ૨૬, ૩૬, ૮૩, ૯૧, ૯૫, ૧૦૨, ૧૦૭, ૧૧૩, ૧૩૩, ૧૭૬
૪૬. બ્યૂલર, 'ઇન્ડિયન પેલિયોગ્રાફી', પૃ. ૧૫૧
૪૭. પાંડે, 'ઇન્ડિયન પેલિયોગ્રાફી.' પૃ. ૧૦૫
૪૮. અ. નં. ૧ ૪૯. અ. નં. ૨૮ ૫૦. અ. નં. ૩૬ ૫૧. અ. નં. ૭૦
૫૨. અ. નં. ૧૮ ૫૩. અ. નં. ૩૯ ૫૪. અ. નં. ૧૧૦ ૫૫. અ નં. ૧૮૨
૫૬. અ. નં. ૩૯ ૫૭. અ. નં. ૬૦ ૫૮. અ. નં. ૧૧૧ ૫૯. અ નં. ૧૭૬
૬૦. અ. નં. ૬ ૬૧. અ. નં. ૨ ૬૨. અ. નં. ૧૭
૬૩. અ. નં. ૮૩, ૯૧, ૯૫, ૧૦૪, ૧૦૭, ૧૧૩, ૧૩૩, ૧૭૬, ૧૭૭, ૧૮૩
૬૪. જુઓ આ મહાનિબંધમાં પ્રસ્તુત કરેલ ધાર્મિક સ્થિતિનું પ્રકરણ
૬૫. અ. નં. ૪૪, ૬૧ ૬૬. અ. નં. ૨૯–અ
૬૭–૭૧ અ. નં. ૨૧, ૩૯, ૬૧, ૯૫, ૧૦૨
૭૨–૭૪. અ. નં. ૬–અ, ૩૫, ૯૫
૭૫. અ. નં. ૭૦, ૯૧, ૧૩૩, ૧૮૩ અને ૧૯–અ
૭૬. સાંડેસરા ભોગીલાલ, "મહામાત્ય વસ્તુપાલનું સાહિત્ય મંડલ તથા સંસ્કૃત સાહિત્યમાં તેનો ફાળો", પૃ. ૧૭૬–૧૭૭
આચાર્ય ન. આ., અધ્યયન અને સંશોધન, પૃ. ૧
૭૭. અ. ન. ૭–અ ૭૮. આચાર્ય ન. આ., ઉપર્યુક્ત પૃ. ૨
૭૯. અ. નં. ૩૯ ૮૦. અ. નં. ૪૩
૮૧. અ. નં. ૪૪ ૮૨. અ. નં. ૬૧ ૮૩. અ. નં. ૯૯
૮૪. અ. નં. ૧૧૦ ૮૫. અ. નં. ૧૮૨

*

# ૨ રાજકીય સ્થિતિ : ચૌલુક્ય વંશ

**પ્રાસ્તાવિક :**

ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં ચૌલુક્ય કાલ અત્યંત મહત્ત્વનો ગણાય છે. ચૌલુક્યકાલીન ગુજરાતે સંસ્કૃતિનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી હતી. એટલે ચૌલુક્ય કાલને પ્રાચીન ગુજરાતનો જાહોજલાલીનો કાલ ગણવામાં આવે છે. આ કાલમાં ચૌલુક્યોનું રાજ્ય ગુજરાતનું સહુથી પ્રબળ રાજ્ય હતું. એના રાજવીઓ ભારે ઉત્સાહી, પ્રતાપી અને પ્રેરક વ્યક્તિત્વ ધરાવતા હતા. આ રાજ્યનો વિસ્તાર હાલના ગુજરાત રાજ્યના વિસ્તાર કરતાં ઘણો વધારે હતો. આ કાલ દરમ્યાન ગુજરાતની પ્રજાએ સાહિત્ય, ધર્મ, કલા વગેરે ક્ષેત્રોમાં વ્યાપક પ્રગતિ કરી હતી. સિદ્ધરાજ અને કુમારપાલ જેવા સમર્થ ચૌલુક્ય રાજવીઓના લાંબા શાંતિભર્યા શાસન કાલને લઈને વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગો વગેરેને ભારે પ્રોત્સાહન મળ્યું હતું તેથી ગુજરાતની આર્થિક સમૃદ્ધિ વિપુલ પ્રમાણમાં વધી હતી. અહીં વિશેષ નોંધપાત્ર બાબત એ છે કે, આ કાલ દરમ્યાન ગુજરાતને સૌ પ્રથમવાર "ગુર્જરદેશ", "ગુર્જરત્તા" એવું નામ પ્રાપ્ત થયું.

આ કાલના રાજકીય ઇતિહાસના મુખ્ય પ્રભાવક બળ તરીકે ચૌલુક્યો હોઈ તેમના વિશેનો અભિલેખોમાંથી મળતો ઇતિહાસ પ્રથમ નિરૂપી ત્યારબાદ તેમના સમકાલીન રાજવંશોનો રાજકીય ઇતિહાસ તારવવાનો પ્રયત્ન કરીએ.

**ચૌલુક્ય નામ :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાં તથા સાહિત્યમાં આ વંશના નામનાં વિવિધ રૂપો પ્રયોજાયાં છે.

મૂળરાજ ૧લાના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના કડીના તામ્રપત્રમાં[1] "ચૌલુક્કિક" અને તેના જ સમયના ચામુંડરાજના વિ. સં. ૧૦૩૩ (ઈ. સ. ૯૭૬–૭૭)ના તામ્રપત્રમાં[2] "ચૌલિક્કિક"નો પ્રયોગ થયેલો મળે છે, જ્યારે વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)ના અજયપાલના કડીના તામ્રપત્રમાં[3] "ચૌલુક્કિક" રૂપ

પ્રયોજાયું છે. પરંતુ આ સિવાયના મોટા ભાગના ચૌલુક્ય રાજવીઓના લેખોમાં જેમ કે ભીમદેવ ૨જાના વિ. સં. ૧૨૮૩[૪] (ઈ. સ. ૧૨૨૬) તથા વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના તામ્રલેખોમાં[૫], શ્રીધરની વિ. સં. ૧૨૭૩ (ઈ. સં. ૧૨૧૭)ની પ્રશસ્તિમાં[૬] આબુ પરના વસ્તુપાલ-તેજપાલના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના લેખમાં[૭] "ચૌલુક્ય" રૂપ પ્રયોજાયું છે.

*"કીર્તિકૌમુદી", સુકૃતસંકીર્તન", સુકૃતકીર્તિકલ્લોલિની" અને "પ્રબંધ-ચિંતામણિ"* જેવાં આ કાલને લગતાં સાહિત્યિક સાધનોમાં પણ "ચૌલુક્ય" રૂપ પ્રયોજાયું છે.[૮] અલબત્ત, "દ્વયાશ્રય"માં "ચુલુક"[૯] અને "કુમારપાલચરિત"માં "ચુલુગ" કે "ચુલુક્ક" અને ક્વચિત્ "ચાલુક્ક"[૧૦] જેવાં રૂપો મળે છે. ટૂંકમાં, અભિલેખો અને સાહિત્યમાંથી પ્રાપ્ત ઉલ્લેખોને તુલનાત્મક રીતે જોઈએ તો "ચૌલુક્ય" રૂપનો વ્યાપક પ્રયોગ થતો નજરે પડે છે.[૧૧] આ પરથી જણાય છે કે "ચૌલુક્ય" શબ્દના મૂળમાં "ચુલુક" હોવાનું પ્રતીત થાય છે.

આ ચૌલુક્ય શબ્દનું "ચાલુક્ય" સાથે સામ્ય જણાયું છે. તે સંદર્ભમાં આ મુદ્દો વિગતે તપાસીએ.

૬ ઠ્ઠી સદી દરમ્યાન કર્ણાટકમાં વાતાપિ (બાદામી)માં "ચલિક્ય" કે "ચલુક્ય" વંશની સત્તા હતી. આગળ જતાં એ વંશ "ચાલુક્ય" નામથી પ્રસિદ્ધ થયો. આ વંશની એક શાખા ઈ. સ.ની ૭ મી સદી દરમ્યાન વેંગી પ્રદેશમાં સ્થપાઈ હતી. તેમના લેખોમાં "ચલુકિ", "ચલિક" વગેરે નામો પ્રયોજેલાં છે.[૧૨] ૮ મી સદીમાં આ ચૌલુક્યોની સત્તા રાષ્ટ્રકૂટોએ લઈ લીધેલી પણ ૧૦ મી સદીમાં ચાલુક્યોઓએ એ પુનઃ હસ્તગત કરી લઈ વાતાપિને બદલે કલ્યાણીમાં પોતાના વંશની સત્તા સ્થાપી. દરમ્યાનમાં ૯ મી સદીમાં સૌરાષ્ટ્રમાં ઊના વિસ્તારમાં બલવર્મા અને અવનિવર્મા નામના ચાલુક્યોની સત્તા પ્રવર્તતી હતી.[૧૩] આ બધા રાજવંશ "ચાલુક્ય" તરીકે ઓળખાય છે.[૧૪] દખ્ખણના પશ્ચિમી ચાલુક્ય વંશમાંની શાખાના લેખોમાં "ચાલુક્યુ"[૧૫] "ચલિક્ય"[૧૬] અને "ચાલુક્ય"[૧૭] રૂપો પ્રયોજાયાં છે. એ બધાં પણ "ચાલુક્ય"નાં સૂચક છે.

દખ્ખણના ઉત્તરકાલીન ચાલુક્યો(લગભગ ઈ. સ. ૯૯૫–૧૧૮૯)ના લેખોમાં તો સ્પષ્ટતઃ "ચાલુક્ય" રૂપ જ પ્રયોજાયું છે.[૧૮] "ચાલુક્ય" રૂપ મૂલતઃ "ચલુક" પરથી સાધિત થયેલું પ્રતીત થાય છે.

મૂળમાં આ વંશનું નામ "ચુલિક" કે "શુલિક" નામની જાતિ પરથી પડયું હોય તેમ જણાય છે.[૧૯] પુરાણો, 'બૃહત્સંહિતા' તેમજ 'ચરક સંહિતા'માં એમનો એક પ્રાચીન જાતિ તરીકે ઉલ્લેખ થયેલો છે. "ચુલિક" કે "શુલિક" એ મૂળ નામ ભૂંસાઈ જતાં તેનાં વિવિધ રૂપો પ્રયોજાયાં. એમાંથી આ વંશનો ઉદ્ભવ બ્રહ્માના "ચુલુક" (ખોબો કે કમંડળ)માંથી થયાની માન્યતા પ્રચલિત થઈ.[૨૦]

ટૂંકમાં દક્ષિણના ચાલુક્યો અને અણહિલવાડના ચૌલુક્યો એક જ જાતિના છે. "ચલુક્ય" કે "ચાલુક્ય" શબ્દ "ચલુક" પરથી અને "ચૌલુક્ય" શબ્દ "ચુલુક" પરથી ઉત્પન્ન થયેલા જણાય છે. સંસ્કૃતમાં "ચલુક" અને "ચુલુક" એ બંને શબ્દોનો એક જ અર્થ ખોબો કે કમંડળ એવો થાય છે. આથી "ચાલુક્ય" અને "ચૌલુક્ય" એ એક જ શબ્દનાં બે વૈકલ્પિક રૂપ હોવાનું અને દક્ષિણના રાજવંશોમાં "ચાલુક્ય" રૂપ અને અણહિલપુર પાટણના વંશ માટે "ચૌલુક્ય" રૂપ જાણીતું થયું.[૨૧]

ચૌલુક્યો માટે પ્રયોજાયેલ "સાલુક્કિ"[૨૨] અને "શૌલિક્ક"માંથી "સોલંકી" રૂપ પ્રચલિત થયું જણાય છે.[૨૩]

આ વંશો અલગ હોવાનું જણાયું નથી, કેમ કે તેઓ બંને પોતાનો ઉદ્ભવ બ્રહ્માના ચુલુકમાંથી થયાનું જણાવે છે. વળી દક્ષિણના ચાલુક્ય વંશોની જેમ ગુજરાતનો ચૌલુક્ય વંશ માનવ્ય ગોત્ર કે હારિતની સાથે સંબંધ ધરાવતો નથી. દક્ષિણના ચાલુક્યોએ એ ઉલ્લેખ કદંબો પાસેથી અપનાવ્યો હતો.[૨૪] દક્ષિણના ચાલુક્યોનું રાજચિહ્ન વરાહ હતું જ્યારે ગુજરાતના ચૌલુક્યોનું રાજચિહ્ન નંદી હતું.[૨૫] આથી એક નજરે એમ લાગે કે આ બંને એક જાતિના ન હોય પરંતુ આ અંગે એવો ખુલાસો અપાય છે કે કદાચ લાંબા સમય દરમ્યાન એઓમાં આ સાંપ્રદાયિક ફેરફાર થયો હોય. આથી એકંદરે જોતાં આ બંને રાજકુલો એક જ જાતિનાં હોવાનું પ્રતીત થાય છે.[૨૬]

## ચૌલુક્ય કુલની ઉત્પત્તિ

ચૌલુક્ય કુલની ઉત્પત્તિ અંગે ભારે મતભેદ પ્રવર્તે છે. આ કુલના પ્રથમ રાજવી મૂળરાજ–૧ લાએ તેના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭) ના કડીના તામ્રપત્રમાં પોતાને ચૌલુક્કિ વંશનો ગણાવ્યો છે, પરંતુ આ વંશ વિશેના મૂળ પુરુષ વિશે સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થતી નથી.

કાશ્મીરના કવિ બિલ્હણે "વિક્રમાંકદેવચરિત" નામના મહાકાવ્યમાં આ આ વંશના મૂળ પુરુષની ઉત્પત્તિ વર્ણવી છે.[૨૭] તેમાં બ્રહ્માના ચુલુક (ખોબા)માંથી

એક વીર યોદ્ધો ઉત્પન્ન થયો અને તેમાંથી આ વંશ ચાલ્યો હોવાનું જણાવ્યું છે. તેમના જણાવ્યા પ્રમાણે આ વંશમાં ચુલુક પછી ક્રમશઃ હારિત અને માનવ્ય નામના વીરો થયા. આ વંશનું મૂળ સ્થાન અયોધ્યા હતું. સમય જતાં આ વંશની એક શાખાએ દક્ષિણમાં રાજ્ય સ્થાપ્યું.[28]

કવિ બિલ્હણે જણાવેલી અનુશ્રુતિ ગુજરાતમાં પછી વ્યાપકપણે સ્વીકારાયાનું જણાય છે. ચૌલુક્ય રાજા કુમારપાલના વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૦–૫૧) ના ચિત્તોડગઢના લેખમાં[29] તેમજ વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨) ના લેખમાં[30] તથા ખંભાતના કુંથુનાથના મંદિરના લેખમાં[31] ચૌલુક્યોની ઉત્પત્તિ બ્રહ્માના ચુલુકમાંથી થઈ હોવાનું નોંધાયું છે.

"દ્વ્યાશ્રય"ની વિ. સં. ૧૩૧૦ ની અભયતિલકગણિની ટીકામાં, વિ. સં. ૧૩૦૦ માં લખાયેલ બાલચંદ્રસૂરિ-રચિત "વસંતવિલાસ"માં, વસ્તુપાલ–તેજપાલની વિ. સં. ૧૨૮૭ ની પ્રશસ્તિમાં અને વિ. સં. ૧૩૬૧ માં વઢવાણમાં લખાયેલી મેરુતુંગની "પ્રબંધચિંતામણિ"માં પણ ચૌલુક્યોના મૂળ પુરુષની કલ્પના બ્રહ્માના ચુલુકમાંથી થઈ હોવાનું જણાવ્યું છે.[32]

"કુમારપાલચરિત"માં બ્રહ્માના ચુલુકમાંથી આ વંશની ઉત્પત્તિ થયાની અનુશ્રુતિને બદલે પ્રાચીનકાળમાં ચુલુક્ય નામના કોઈ ક્ષત્રિય વીર પુરુષમાંથી આ વંશ ઊતરી આવ્યાનું જણાવ્યું છે. તેમાં જણાવ્યા પ્રમાણે એ પુરુષે પોતાનાં પરાક્રમોથી શત્રુઓનો સંહાર કરી પોતાનું નવું રાજ્ય સ્થાપ્યું. તેના વંશજો ઉત્તરકાલમાં ચાલુક્યોના નામે જાણીતા થયા. ચુલુક્યે મથુરામાં પોતાનો વંશ પ્રવર્તાવ્યો. આ વંશમાં સિંહવિક્રમ નામનો રાજવી થયો. એણે પોતાના નામનો સંવત પણ પ્રચલિત કર્યો અને એના પુત્ર હરિવિક્રમમાંથી અનુક્રમે ૮૫ તેજસ્વી રાજવીઓ થયા. આ પછી રામ, ભટ, દડ્ડક, કાંચિકવ્યાલ, રાજ અને મૂળરાજ થયા.[33]

આ વૃત્તાંતમાં આપેલ રાજાઓનાં નામ પૈકી કેટલાક મૂળરાજના જ્ઞાત પૂર્વજો છે અને તેમને ઉત્તરભારત સાથે જોડી દીધેલા જણાય છે. આમાં કેટલાક રાજવીઓનાં નામો કલ્પિત ઉમેરેલાં હોવાનું જણાય છે.[34] વસ્તુતઃ "કુમારપાલચરિત"ના વૃત્તાંતમાં ખાસ કોઈ ઐતિહાસિક તથ્ય જણાતું નથી.

બીજી બાજુ ભાટ-ચારણોએ પરમારો, પ્રતીહારો અને ચાહમાનોની જેમ ચૌલુક્યોની ઉત્પત્તિ પણ આબુ પર વશિષ્ઠઋષિએ કરેલા યજ્ઞ વખતે અગ્નિ-

કુંડમાંથી થઈ હોવાનું કલ્પ્યું છે.[૩૫] વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧) ના ભીમદેવ–૨ જાના આબુ પરના ચૌલુકયોના અભિલેખોમાં આ પ્રકારનો ઉલ્લેખ છે, પણ તે તો પરમારોને લગતો છે.[૩૬]

અહીં એક મુદ્દો એ નોંધવો જોઈએ કે કેટલીક અનુશ્રુતિઓમાં ચૌલુકયોને પ્રતીહારો સાથે સરખાવ્યા છે અને પ્રતીહારો ગુર્જર જાતિના હોવાનું મનાય છે. આથી કેટલાક આધુનિક ઇતિહાસકારોએ ચૌલુકયોને પણ ગુર્જર જાતિના ગણાવ્યા છે.[૩૭] જો કે ગુજરાતને "ગુર્જરદેશ" કે "ગુજરાત" નામ ચૌલુક્ય કાલમાં પ્રાપ્ત થયું હતું અને આ વંશનો સ્થાપક મૂળરાજનો પિતા રાજિ કલ્યાણકટક અથવા કનોજનો હોવાથી ગુર્જરોની રાજધાની સાથે તે સંકળાયેલ રહે તે સ્વાભાવિક છે.[૩૮] આથી ભાંડારકરે એવું અનુમાન કર્યું કે, ગુર્જરોનો એક સમૂહ ૬ ઠ્ઠી સદીમાં શિવાલિક પ્રદેશમાંથી આવી દક્ષિણ સુધી ફેલાયો હતો અને તે "ચાલુક્ય" નામથી પ્રસિદ્ધ થયો. જ્યારે ૧૦ મી સદીમાં કનોજથી બીજો સમૂહ આવી ગુજરાતમાં વસ્યો અને તે "સોલંકી" કે ચૌલુક્ય" તરીકે ઓળખાયો.[૩૯] પરંતુ ચૌલુકયો ગુર્જર જાતિના હતા એ નક્કી નથી. બીજું, પ્રતીહારો સાથે ચૌલુકયોને સાંકળતી અનુશ્રુતિ "પૃથ્વીરાજ–રાસો" પર આધારિત છે અને આ રાસાની વિગતોની ઐતિહાસિકતા પ્રત્યે શંકા પ્રવર્તે છે.[૪૦] પ્રતીહારો તેમજ ચૌલુકયો સાથે પ્રયોજાતો "ગુર્જર" શબ્દ તેઓની જાતિ માટે નહીં પરંતુ તેઓના પ્રદેશ કે વતનનો સૂચક હોવાનું વધારે સંભવિત છે.[૪૧] મૈત્રક કાલ દરમ્યાન ભિલ્લમાલની નજીકનો પ્રદેશ "ગુર્જરદેશ" તરીકે ઓળખાતો હતો. પરંતુ આગળ જતાં આ ગુર્જરદેશના દક્ષિણ ભાગમાં ચૌલુકયોનું રાજ્ય જેમ જેમ વિસ્તરતું ગયું તેમ તેમ આ નામ નવાં ઉમેરાતાં મંડલોને લાગુ પડતું ગયું.[૪૨] અને ગુર્જરદેશ અધિપતિ હોઈ ચૌલુકયો પણ "ગુર્જરપતિ" અને "ગુર્જરનૃપ" કહેવાયા.[૪૩]

## ચૌલુકયોના પૂર્વજો

ચૌલુક્ય વંશનો ૧ લો રાજવી મૂળરાજ હતો. મૂળરાજના વિ. સં. ૧૦૪૩ ના કડી તામ્રપત્રમાં તેના પિતા "રાજિ"નો ઉલ્લેખ મળે છે. મૂળરાજના પુત્ર યુવરાજ ચામુંડરાજના વિ. સં. ૧૦૩૩ (ઈ. સ. ૯૭૬) ના તામ્રપત્રમાં "મૂલરાજ ચૌલિક્ક વંશના તિલકરૂપ શ્રી વ્યાલકાંચિપ્રભુનો પુત્ર હતો" તેવો ઉલ્લેખ થયેલો છે.

સાહિત્યમાં મૂળરાજના પૂર્વજોની જુદી જુદી વંશાવળી આપેલી છે. દ્વયાશ્રય"માં મૂળરાજનો રાજિના પુત્ર તરીકે અને દંડકનો રાજિના ભાઈ તરીકે ઉલ્લેખ થયેલો છે.[૪૪] "પ્રબંધચિંતામણિ"માં રાજ, બીજ અને દંડક નામના ત્રણ ભાઈઓ કનોજના રાજવી ભૂયરાજના વંશજ અને મુંજાલદેવના પુત્ર હતા તેવા નિર્દેશ જોવા મળે છે.[૪૫]

"કુમારપાલભૂપાલચરિત"માં રામ, સહજરામ, ભટ, દંડક્ક, કાંચિક વ્યાલ, રાજિ અને મૂળરાજ એમ વંશાવલી આપેલી છે. [૪૬]

જ્યારે "કુમારપાલ–પ્રબંધ" અને "રત્નમાલ"માં ભૂયડ, કર્ણાદિત્ય, ચંદ્રાદિત્ય, સોમાદિત્ય, ભુવનાદિત્ય અને રાજ એ પ્રમાણે વંશાવળી મળે છે.[૪૭]

ઉપર્યુક્ત ઉલ્લેખોને આધારે સ્પષ્ટ થાય છે કે મૂળરાજના પિતાનું નામ "રાજિ" કે "રાજ" હતું. ચામુંડરાજના લેખમાં જણાવેલ મૂળરાજના પૂર્વજ વ્યાલકાંચિપ્રભુને "કુમારપાલભૂપાલચરિત"ની વંશાવળી સાથે સરખાવતાં જણાય છે કે "કાંચિકવ્યાલ" ઉર્ફે વ્યાલકાંચિપ્રભુ મૂળરાજના પિતામહ હશે.[૪૮]

જો કે "પ્રબંધચિંતામણિ"માં રાજિના પિતાનું નામ "મુંજાલદેવ" આપેલું છે તે કદાચ "કાંચિકવ્યાલ"નું બીજું નામ હોય અથવા એનું મૂળ નામ મુંજાલદેવ હોય અને "કાંચિકવ્યાલ" તેનું બિરુદ હોય.[૪૯]

"પ્રબંધચિંતામણિ"માં તેમજ "રત્નમાલ"માં મૂળરાજનો પૂર્વજ ભૂયરાજ અથવા ભૂયડ હોવાનું જણાવ્યું છે અને એ ભૂયડ કનોજનો રાજા હોવાનો ઉલ્લેખ થયો છે.[૫૦]

આ પરથી મૂળરાજનો પૂર્વજ કનોજ સાથે સંકળાયેલો હોવાનું કહેવાય. પરંતુ આ ભૂયડ એ કનોજના પ્રતીહાર વંશનો રાજા ભોજ હોવાનું પ્રતિપાદિત થયું છે અને ચૌલુક્યો ને પ્રતીહારો એક જ નથી. આથી ભૂયડ મૂળરાજનો પૂર્વજ હોવાની શક્યતા નથી. આ સંજોગોમાં દુ. કે. શાસ્ત્રીના મત પ્રમાણે મૂળરાજનો પિતા, કનોજના ગૂર્જર પ્રતીહાર રાજા વતી ગુર્જરદેશ તરીકે જાણીતા ભિન્નમાલની આસપાસના પ્રદેશનો સામંત હોવો જોઈએ.[૫૧] મૂળરાજના વિ. સં. ૧૦૪૩ના કડીના તામ્રપત્રમાં આ "રાજિ"ને "મહારાજાધિરાજ" કહ્યો છે.

"પ્રબંધચિંતામણિ" અને "કુમારપાલભૂપાલચરિત"ના ઉલ્લેખ પ્રમાણે મૂળરાજનો પિતા રાજિ તેના ભાઈઓ સાથે સોમનાથની યાત્રાએ ગયો હતો

ત્યારે પાછા ફરતાં તેઓ અણહિલપુરમાં રોકાયા હતા. પાટણમાં આ વખતે ચાવડા વંશનો છેલ્લો રાજવી સામંતસિંહ રાજ્ય કરતો હતો. આ રાજિની ઘોડેસવારીની કલાથી પ્રભાવિત થયેલા રાજા સામંતસિંહે એની વેરે પોતાની બેન પરણાવી. એમના પુત્ર મૂળરાજે પોતાના મામા સામંતસિંહને મારી અણહિલપુર પાટણની સત્તા પોતાને હસ્તગત કરી.[૫૨]

આ ઘટનાનો સંકેત મૂળરાજના વિ. સં. ૧૦૪૩ ના લેખમાં, મૂળરાજે પોતાના બાહુબળથી સારસ્વત મંડલ મેળવ્યું તેવા ઉલ્લેખમાં મળે છે.[૫૨અ] વિ. સં. ૧૨૦૮ ના કુમારપાલના વડનગર પ્રશસ્તિલેખમાં તો સ્પષ્ટપણે જણાવ્યું છે કે, "મૂલરાજે ચાવડા રાજાઓની રાજલક્ષ્મીને સ્વછંદ રીતે પોતાની દાસી બનાવીને વિદ્વાનો, વિપ્રો વગેરેને ભોગ્ય બનાવી.[૫૩] વિ. સં. ૧૨૩૦ ના સમયગાળા દરમ્યાન લખાયેલી "મોહરાજપરાજય"–નાટિકામાં "ચાપોત્કટ રાજા મદિરાયુક્ત હતો અને તેથી એણે રાજ્ય ગુમાવ્યું હતું" તેવા ઉલ્લેખો થયેલાં છે,[૫૪] જ્યારે સુકૃતસંકીર્તન અને સુકૃતકીર્તિકલ્લોલિનીમાં પણ મૂળરાજને ચાપોત્કટ વંશના છેલ્લા રાજવીનો ભાણેજ કહ્યો છે અને તેણે અણહિલપુર પાટણની ગાદી લઈ લીધી તેવા ઉલ્લેખો મળે છે.[૫૫]

## ચૌલુક્ય વંશનો રાજકીય ઇતિહાસ

પ્રાચીન ગુજરાતના ઇતિહાસનો સૌથી ઉજ્જવળકાલ તે ચૌલુક્ય કાલ જણાય છે. આ કાલ દરમ્યાન ગુજરાતમાં પ્રવર્તેલી આબાદીનું મુખ્ય શ્રેય ચૌલુક્ય રાજકુલને ફાળે જાય છે. ઈ. સ. ૯૪૨ માં અણહિલપાટણમાં ચાવડા વંશની સત્તાનો અંત આવતાં ચૌલુક્યવંશની સ્થાપના થયેલી. આ ચૌલુક્ય વંશનો સ્થાપક રાજિનો પુત્ર મૂળરાજ–૧ લો હતો. "પ્રબંધચિંતામણિ"માં મૂળરાજના રાજ્યાભિષેકનું વર્ષ વિ. સં. ૯૯૩ કે ૯૯૮ જણાવેલ છે,[૫૬] જ્યારે "વિચારશ્રેણી"માં વિ. સં. ૧૦૧૭ જણાવેલ છે.[૫૭] પરંતુ સિદ્ધરાજ જયસિંહના વર્ષ વગરના સાંભર શિલાલેખમાં[૫૮] મૂળરાજ–૧ લો વિ. સં. ૯૯૮ માં સત્તા પર આવ્યો એવી સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થાય છે.

આમ ચૌલુક્ય રાજવીઓના અભિલેખો તેમજ સાહિત્યમાંથી મળતી વિગતોને આધારે તેમની સાલવારી આ પ્રમાણે તારવી શકાય છે :–




**ચૌલુક્ય રાજાઓની સાલવારી**

૦ ૧ ૨ ૩ ૪ સે.મી.
૦ ૧૦ ૨૦ ૩૦ ૪૦ વર્ષ

## મૂળરાજ ૧ લો

આ રાજવીના રાજ્યકાલ દરમ્યાનના કુલ ચાર અભિલેખો પ્રાપ્ત થયા છે, જે નીચે પ્રમાણે છે :

(૧) વિ. સં. ૧૦૩૦ (ઈ. સ. ૯૭૪) માં મૂળરાજે વચ્છકાચાર્યને ગંભૂતા (ગાંભૂ, જિ. મહેસાણા) વિષયનું એક ગામ દાનમાં આપ્યાને લગતો,[૫૯]

(૨) વિ. સં. ૧૦૩૩ (ઈ. સ. ૯૭૬) માં રાજપુત્ર ચામુંડરાજે વરુણશર્મક (વડસમા, જિ. મહેસાણા) માં જૈનગૃહને ભૂમિદાન કર્યું તેને લગતો,[૬૦]

(૩) વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭) માં મૂળરાજે સારસ્વતમંડલમાંના મોઢેરક ૭૫૦ વિભાગનું એક ગામ વર્દ્ધિ-વિષયમાં મંડલી ગામમાં આવેલા મૂલનાથ-દેવને આપ્યું હતું[૬૧] તેને લગતું, અને

(૪) વિ. સં. ૫૦૫૧ (ઈ. સ. ૯૯૫) માં મૂળરાજે સત્યપુર (સાંચોર) મંડલમાંનું એક ગામ દીર્ઘાચાર્યને દાનમાં આપ્યું તેને લગતો છે.[૬૨]

આ ઉપરાંત મૂળરાજના સમયના સમકાલીન રાજવીઓના લેખોમાં પણ એને લગતા ઉલ્લેખો થયેલા છે. જેમકે :

(૧) વિ. સં. ૧૦૦૧ (ઈ. સ. ૯૪૯)ના પરમાર સીયક-૨ જાના તામ્રપત્રમાં[૬૩]

(૨) વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના રાષ્ટ્રકૂટ રાજા ધવલના બીજાપુરના લેખમાં.[૬૪]

વળી આ વંશના અનુકાલીન ચૌલુક્ય રાજવીઓના લગભગ બધા અભિલેખોમાં મૂળરાજનો આપેલ વંશાવળીમાં ઉપરાંત કેટલાકમાં પ્રસંગોપાત્ત ઉલ્લેખ પણ થયેલો છે. આમાં બે લેખો વિશેષ મહત્ત્વના છે :-

(૧) સિદ્ધરાજ જયસિંહના વર્ષ વગરના સાંભર લેખમાં મૂળરાજ વિ. સં. ૯૯૮ માં ગાદી પર બેઠાનો નિર્દેશ થયેલો છે.[૬૫]

(૨) વિ. સં. ૧૨૦૮(ઈ. સ. ૧૧૫૨) ના કુમારપાલના વડનગર પ્રશસ્તિ લેખમાં મૂળરાજનો ઉલ્લેખ આ રીતે થયેલો છે- "સ્વેચ્છાએ બન્દિવાન કરેલા ચાપોત્કટની રાજલક્ષ્મીને એણે વિદ્વાનો, બન્ધુજનો, દ્વિજો, કવિઓ અને ભૃત્યોનારૂપ ભોગની વસ્તુ બનાવી."[૬૬]

ઉપરોક્ત બધા આભિલેખિક તેમજ આ અંગે મળતા વિપુલ સાહિત્યિક ઉલ્લેખો પરથી જણાય છે કે ચૌલુક્ય વંશનો પહેલો રાજવી મૂળરાજ–૧ લો હતો. જો કે ચૌલુક્ય વંશના એક પણ અભિલેખોમાં મૂળરાજનો ચૌલુક્ય વંશના સ્થાપક તરીકે નિર્દેશ થયેલો નથી. પરંતુ પ્રબંધો અને સાહિત્યમાં મૂળરાજને ચૌલુક્ય વંશના સ્થાપક તરીકે ગણાવેલ છે[૬૭] અને અભિલેખોમાં પણ ઉત્તરકાલીન રાજવીઓની વંશાવળીનો પ્રારંભ મૂળરાજથી થતો હોઈ તે આ વંશનો સ્થાપક હોવાનું પ્રમાણિત થાય છે.

મૂળરાજ તેની યુવાનીમાં અત્યંત પરાક્રમી હતો. એના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના કડીના તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે એણે પોતાનું રાજ્ય બાહુબળથી પ્રાપ્ત કર્યું હતું. તેણે પોતાના મામા સામંતસિંહની હત્યા કરી અણહિલપુર પાટણમાં ચૌલુક્ય વંશની સ્થાપના કરી હતી.

શ્રી દુ. કે. શાસ્ત્રીના મત પ્રમાણે મૂળરાજનો પિતા રાજિ સંભવતઃ કનોજના પ્રતીહાર રાજ્યમાં ગુર્જર દેશનો સામંત હતો.[૬૮]

**મૂળરાજનો રાજ્યવિસ્તાર :** સાહિત્યિક સાધનો પરથી મૂળરાજે વિ. સં. ૧૯૯૮ થી ૧૦૫૩ સુધી એટલે કે લગભગ ૫૫ વર્ષ સુધી રાજ્ય કર્યું હોવાનું પ્રમાણિત થયું છે.[૬૯] મૂળરાજે આટલાં લાંબા વર્ષો દરમ્યાન રાજ્ય કર્યું હોવા છતાં તેનાં કેવળ ચાર જ દાનપત્રો ઉપલબ્ધ થયાં છે અને તેય એના રાજ્યકાલના છેવટના સમયનાં છે.

વિ. સં. ૧૦૩૩ (ઈ. સ. ૯૭૬)ના યુવરાજ ચામુંડરાજના લેખના આધારે જાણવા મળે છે કે મૂળરાજની પત્ની માધવી ચાહમાન (ચૌહાણ) વંશની હતી.

મૂળરાજનાં ચારેય દાનપત્રોના આધારે મૂળરાજના રાજ્યવિસ્તારનો ખ્યાલ આવે છે. મૂળરાજના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના તામ્રપત્રને આધારે તેમજ વિ. સં. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના લેખના આધારે જણાય છે કે એ સત્યપુર મંડલ તથા સારસ્વત–મંડલ પર ચોક્કસપણે રાજ્ય કરતો હશે. સત્યપુરનો પ્રદેશ તેના પિતા તરફથી તેને વારસામાં મળ્યો હતો જ્યારે સારસ્વતનો પ્રદેશ તેણે પોતે પોતાના બળથી મેળવ્યો હતો. સારસ્વત–મંડલ સરસ્વતી નદી પર આવેલું હતું. આ મંડલમાં અણહિલવાડ, સિદ્ધપુર, ગાંભુ, મોઢેરા, માંડલ, વીરમગામ અને મહેસાણાનો સમાવેશ થતો હતો. સારસ્વત–મંડલની

ઉત્તરે સત્યપુરમંડલ આવેલું હતું. આ મંડલની રાજધાની સત્યપુર હતી. સત્યપુર એ હાલનું સાંચોર (જિ. જોધપુર–રાજસ્થાન) છે.

મૂળરાજના લેખોમાંથી તેનાં "પરમભટ્ટારક," મહારાજાધિરાજ," પરમેશ્વર" અને "રાજાધિરાજ" જેવાં બિરુદો જાણવા મળે છે. તેના આધારે કહી શકાય કે મૂળરાજ સ્વતંત્ર, સમર્થ રાજવી અને કેટલાક સામંતોનો અધિરાજ પણ હતો.

સમકાલીન અભિલેખોને આધારે મૂળરાજ વિશે કેટલીક પ્રાસંગિક વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના પરમાર સીયક–૨ જાના તામ્રપત્રને આધારે જણાય છે કે, ખેટક મંડલમાં રાષ્ટ્રકૂટ રાજા અકાલવર્ષ (કૃષ્ણરાજ–૩ જા)નું રાજ્ય હતું અને એમાં મોહડવાસક (મોડાસા) વિષય પર પરમાર સીયક–૨જાની આણ પ્રવર્તતી હતી. વિ. સં. ૧૦૨૬ (ઈ. સ. ૯૭૦)માં સીયકની સત્તા ચાલુ રહેલી હતી.[૭૦] આ પછી થોડાક વર્ષોમાં જ પરમાર સીયકે રાષ્ટ્રકૂટોનું આધિપત્ય ફગાવી દીધું અને એની સાથે દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજ્યનો ગુજરાતમાંથી અંત આવ્યો હતો.[૭૧] આ પરિસ્થિતિમાં મૂળરાજે ખેટકમંડલ પર પોતાની સત્તા ફેલાવી શક્યો હશે.[૭૨] જોકે પરમારોની મોડાસા વિષય પરની સત્તા મૂળરાજના પૌત્ર દુર્લભરાજના સમય સુધી ચાલુ રહેતી હતી એમ દુર્લભરાજના વિ. સં. ૧૦૬૭ (ઈ. સ. ૯૦૧૩)ના તામ્રપત્રને આધારે જાણવા મળે છે.

હસ્તિકુંડીના ધવલના બીજાપુરના વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના શિલાલેખમાં[૭૩] જણાવ્યા પ્રમાણે મૂળરાજે ધરણીવરાહ રાજાની સત્તાનો નાશ કર્યો હતો અને રાષ્ટ્રકૂટ રાજા ધવલે તેને આશરો આપ્યો હતો. આમાંનો ધરણીવરાહ એ આબુનો પરમાર રાજા ધરણીધર હોવાનું મનાય છે.[૭૪] મૂળરાજના પૌત્ર ભીમદેવના સામંત તરીકે ધરણીધરનો પૌત્ર ધંધુક હોવાનું જણાયું છે. આના પરથી કદાચ શક્ય છે કે ધરણીવરાહે મૂળરાજના સામંતનું પદ સ્વીકારી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું હોય.[૭૫]

એકંદરે જોતાં મૂળરાજની આણ અણહિલપાટકની આસપાસ આવેલા સારસ્વતમંડલ, જોધપુર, સાંચોર, સત્યપુરમંડલ, ખેટકમંડલ, કચ્છ અને આબુ સુધી વિસ્તરેલી હશે.[૭૬]

**મૂળરાજની કેટલીક પ્રવૃત્તિઓ :** અભિલેખોને આધારે મૂળરાજની કેટલીક પ્રવૃત્તિઓનો ખ્યાલ આવે છે. જેમકે વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના લેખમાં જણાવ્યા પ્રમાણે મૂળરાજે મંડલી ગામમાં મૂલનાથ–મૂલેશ્વરનું મંદિર બંધાવ્યું હતું. આ જ લેખમાં મૂળરાજનો શ્રી સ્થલ (સિદ્ધપુર)ના રુદ્રમહાદેવના ભક્ત તરીકે નિર્દેશ થયેલો છે.

વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના કુમારપાલના વડનગરના લેખના આધારે જણાય છે કે મૂળરાજે રાજ્યમાં કરનો દર ઘટાડીને પ્રજાનો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો.

વિ. સં. ૧૨૭૩(ઈ. સ. ૧૨૧૭)ના ભીમદેવ–૨ જાના લેખમાં[૭૭] જણાવ્યા પ્રમાણે વડનગરના ઊયા ભટ્ટના પુત્ર માધવ, લાલ અને ભાભને મૂળરાજે વાપી વગેરે પૂર્તકાર્યોની દેખરેખનું કામ સોંપ્યું હતું.

### ચામુંડરાજ

આ રાજા મૂળરાજનો પુત્ર હતો. ચામુંડરાજનો રાજ્યાભિષેક ઘણી મોટી ઉંમરે થયો હતો.[૭૮] તેમ છતાં તે છેક મૂળરાજના સમયથી એટલે કે વિ. સં. ૧૦૩૩ થી યુવરાજ તરીકે નિયુક્ત હતો અને એ હોદ્દાની રૂએ તે ભૂમિદાન આપવાનો હક પણ ધરાવતો હતો.[૭૯] આ બાબત એણે યુવરાજ તરીકે આપેલ દાનશાસનો પરથી પ્રતીત થાય છે. ચામુંડરાજે વિ. સં. ૧૦૫૩ થી ૧૦૬૬ સુધી ૧૩ વર્ષ જેટલું રાજ્ય કર્યું હતું. જો કે તેના આ રાજ્યકાલ દરમ્યાનની કોઈ આભિલેખિક માહિતી પ્રાપ્ત થઈ નથી. અલબત્ત, તેના વિશેની માહિતી સાહિત્યિક પ્રમાણોમાંથી ઠીકઠીક પ્રાપ્ત થાય છે.

વિ. સં. ૧૨૦૮ ના કુમારપાલના વડનગરના લેખમાં[૮૦] જણાવ્યા પ્રમાણે ચામુંડરાજના હસ્તિઓના મદની ગંધ દૂરથી આવવાના કારણે સિંધુરાજ ભાગી ગયો હતો અને તેણે યશ ગુમાવ્યો હતો. સિંધુરાજ એ માળવાનો પરમાર રાજા સિંધુરાજ હોવાનું જણાય છે.[૮૧] આ પરથી જણાય છે કે ચામુંડરાજે માળવા પર વિજય મેળવ્યો હશે.[૮૨] વસ્તુપાલ–તેજપાલ પ્રશસ્તિમાં ચામુંડરાજને અત્યંત પરાક્રમી દર્શાવ્યો છે[૮૩] તે આ સંદર્ભમાં હોય.

સોલશર્માનો પુત્ર લલ્લ ચામુંડરાજનો પુરોહિત હતો.[૮૪] "પ્રબંધચિંતામણિ"માં જણાવ્યા પ્રમાણે ચામુંડરાજે શ્રીપત્તન(પાટણ)માં ચંદ્રનાથદેવ તથા

ચાચિગેશ્વરદેવનો પ્રાસાદ કરાવ્યા હતા.[૮૫] "દ્વચાશ્રય"માં જણાવ્યા પ્રમાણે ચામુંડરાજે વલ્લભરાજને ગાદીએ બેસાડી પોતે શુકલતીર્થ જઈ ત્યાં દેહત્યાગ કર્યો હતો.[૮૬]

## વલ્લભરાજ

વલ્લભરાજે વિ. સં. ૧૦૬૬–૬૭ (ઈ. સ. ૧૦૧૦) દરમ્યાન માત્ર છ માસ જેટલું જ રાજ્ય કર્યું હતું અને તે શીતળાના રોગથી અકાળ અવસાન પામ્યો હતો. એણે આટલા ટૂંકા ગાળા દરમ્યાન રાજ્ય કર્યું હોવાને કારણે ચૌલુક્યકાલના કેટલાક અભિલેખોમાંની[૮૭] વંશાવળીમાં એનું નામ લુપ્ત થયેલ છે, જ્યારે બીજા કેટલાક અભિલેખોમાં એનું નામ આપેલું છે.[૮૮]

## દુર્લભરાજ

ચૌલુક્ય રાજવી વલ્લભરાજનું ઓચિંતુ મૃત્યુ થતાં દુર્લભરાજ સત્તા પર આવ્યો. દુર્લભરાજે વિ. સં. ૧૦૬૭ થી ૧૦૭૮ સુધી લગભગ ૧૧ વર્ષ સુધી રાજ્ય કર્યું હોવાનું મનાય છે.[૮૯]

આ રાજાના સમયનું કેવળ એક જ દાનપત્ર તાજેતરમાં મળયું છે અને તે પણ તેના મંત્રી ક્ષેમરાજનું છે. વિ. સં. ૧૦૬૭ ના એ દાનપત્રમાં[૯૦] જણાવ્યા પ્રમાણે મહારાજાધિરાજ દુર્લભરાજના તંત્રપાલ ક્ષેમરાજે ભિલ્લમાલ નિવાસી ગોવિંદના પુત્ર બ્રાહ્મણ નન્નુકને ભિલ્લમાલ–મંડલમાંના ક્ષત્રિયપાદ ગામનું દાન આપ્યું હતું. આ ઉલ્લેખોના આધારે સ્પષ્ટ જણાય છે કે ભિલ્લમાલ ઉપર દુર્લભરાજની આણ પ્રવર્તતી હોવી જોઈએ. એ પરથી એમ લાગે છે કે વિ. સં. ૧૦૬૭ માં ભિલ્લમાલ પરમારોની આણ નીચેથી નીકળીને ચૌલુક્ય રાજ્યમાં આવી ગયું હતું. દશરથ શર્મા ધારે છે તેમ, સંભવતઃ આ વિજય દુર્લભરાજે કર્યો હતો.[૯૧] દુર્લભરાજે ભિલ્લમાલ–મંડલનો હવાલો ક્ષેમરાજને સોંપ્યો હતો. ક્ષેમરાજ સંભવતઃ પરમારવંશનો હોવાનું દશરથ શર્મા ધારે છે.[૯૨] ક્ષેમરાજ માટે તેને પાદપદ્મોપજીવી અને 'સ્વભુજ્યમાન ભિલ્લમાલમંડલ' કહ્યો છે. આ પરથી એમ લાગે છે કે દુર્લભરાજે ભિલ્લમાલના પ્રદેશને ખાલસા નહીં કર્યો હોય પરંતુ પોતાની આણ નીચે લાવી તેનું શાસન તંત્રપાલ ક્ષેમરાજને સોંપ્યું હોય.

લાટના કીર્તિરાજના શક સંવત ૯૪૦ (ઈ. સ. ૧૦૧૮)ના તામ્રપત્રમાં[૯૩] દુર્લભરાજનો નિર્દેશ થયેલો છે. તદનુસાર લાટ પર કીર્તિરાજની સત્તા હતી.

શ્રી એ. કે. મજુમદારના જણાવ્યા પ્રમાણે કીર્તિરાજ કલ્યાણીના ચાલુક્ય રાજ્યનો મહામંડલેશ્વર હતો. કલ્યાણીનરેશ ઈ. સ. ૧૦૧૮ થી ૧૦૨૪ સુધી ચોળ રાજ્ય સામે યુદ્ધમાં રોકાયેલો હતો ત્યારે દુર્લભરાજે કીર્તિરાજને હરાવી લાટ પ્રદેશ જીતી લીધો.[૯૪] આ પ્રકારના ઉલ્લેખો કુમારપાલના વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના વડનગરના પ્રશસ્તિલેખમાં પણ આપેલા છે.

પરંતુ શ્રી દુ. કે. શાસ્ત્રીના મત પ્રમાણે પરમાર ભોજરાજે ટૂંક સમયમાં જ અર્થાત્ વિ સં. ૧૦૬૭ માં લાટ અને કોંકણ વચ્ચેના પ્રદેશ પર આધિપત્ય પ્રવર્તાવ્યું હતું.[૯૫]

"દ્વયાશ્રય"માં થયેલા નિર્દેશોને આધારે જણાય છે કે દુર્લભરાજને ચૌહાણો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. દુર્લભરાજે નડુલના રાજવી મહેન્દ્રની બહેન દુર્લભદેવી વેરે લગ્ન કર્યાં હતાં.[૯૬] "દ્વયાશ્રય"ના આ ઉલ્લેખો એ સમયના લેખમાં પણ થયેલા છે. વિ. સં. ૧૦૫૩ ના સૂંધાના લેખમાં[૯૭] મહેન્દ્ર નડુલનો રાજવી હતો તેમ વારંવાર નિર્દેશ થયેલો છે. મહાસામંતાધિપતિ કૃષ્ણરાજનું વિ. સં. ૧૦૭૯ (ઈ. સ. ૧૦૧૩)ના સમયનું તામ્રપત્ર પ્રાપ્ત થયું છે જેમાં દુર્લભરાજનો ઉલ્લેખ થયેલો છે. "પ્રબંધચિંતામણિ"માં જણાવ્યા પ્રમાણે દુર્લભરાજે શ્રીપત્તન (અણહિલપાટણ)માં દુર્લભ સરોવર કરાવ્યું હતું તેમજ કોશગૃહ, હસ્તિશાલા અને ઘટિકાગૃહ સાથેનું સાત મજલાનું ધવલગૃહ કરાવ્યું હતું.[૯૮]

## ભીમદેવ ૧ લો

ભીમદેવ ૧ લો ચૌલુક્ય કુલનો પાંચમો રાજવી હતો. તે દુર્લભરાજ પછી સત્તા પર આવેલો. સગપણ પરત્વે તે તેના પૂર્વવર્તી રાજા દુર્લભરાજનો ભત્રીજો હતો. દુર્લભરાજ નિઃસંતાન હોવાથી તેણે પોતે જ વિ. સં. ૧૦૭૮ (ઈ. સ. ૧૦૨૨)માં ભીમદેવ ૧ લાનો રાજ્યાભિષેક કર્યો હતો.[૯૯]

ભીમદેવ ૧ લાના રાજ્યકાલના કુલ ૧૦ અભિલેખો પ્રાપ્ત થયા છે જેમાંનો પહેલો લેખ વિ. સં. ૧૦૮૩ (ઈ. સ. ૧૦૨૬–૨૭) વર્ષનો અને અંતિમ લેખ વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪) વર્ષનો છે.

(૧) વિ. સ. ૧૦૮૩ (ઈ. સ. ૧૦૨૬–૨૭)નો લેખ, જે મોઢેરાના મંદિરમાંથી પ્રાપ્ત થયો છે.[૧૦૦] આ લેખમાં મિતિ સિવાય અન્ય કોઈ વિગતો આપેલ નથી.

(૨) વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)નો રાધનપુરમાંથી પ્રાપ્ત થયેલ લેખ,

જેમાં વર્દ્ધિ–વઢિયારના મંડલ ગામની જમીન દાનમાં આપ્યાની વિગત મળે છે.[૧૦૧]

(૩) વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)માં ભીમદેવે કચ્છમંડલમાં આવેલા ઘડહિકા–દ્વાદશનું મસૂરા ગામ મંગલશિવના પુત્ર અજયપાલને દાનમાં આપ્યું હતું તેને લગતી વિગત નોંધાયેલી છે.[૧૦૨]

(૪) વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૨)ના લેખમાં ભીમદેવ ૧ લાના મંત્રી વિમલે આબુ પર વિમલવસહી કરાવી તેને લગતી વિગતો છે.[૧૦૩]

(૫) વિ. સં. ૧૦૯૩ (ઈ. સ. ૧૦ : ૩૬–૩૭)ના લેખમાં પ્રસન્નપુરના ગોવિંદને કચ્છમાં જમીનનું દાન આપ્યું હતું તેની વિગત અપાઈ છે.[૧૦૪]

(૬) વિ. સં. ૧૧૧૨ (ઈ. સ. ૧૦૫૬)નો પાળિયાદ લેખ, જેમાં વર્દ્ધિ વિષયના ઉદીચ્ય બ્રાહ્મણને દાન આપ્યાનો લેખ છે.[૧૦૫]

(૭) વિ. સં. ૧૧૧૭ (ઈ. સ. ૧૦૬૧)નો કચ્છ ભદ્રેશ્વરનો લેખ, જેમાં પ્રસન્નપુરથી આવેલા બ્રાહ્મણોને દાન આપ્યાની નોંધ છે.[૧૦૬]

(૮) વિ. સં. ૧૧૧૯ (ઈ. સ. ૧૦૬૨–૬૩)નો આબુ પર આવેલા વિમલવસહી મંદિરને લગતો લેખ.[૧૦૭] આ લેખમાંથી વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી.

(૯) વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)ના પાલનપુરના લેખમાં ધાણુદા આહારમાં એક મોઢ બ્રાહ્મણને વરણાવાડા ગામમાં ત્રણ હળ જમીન દાનમાં આપી હતી તેવો ઉલ્લેખ છે.[૧૦૮]

સમકાલીન તથા અનુકાલીન અભિલેખોમાં ભીમદેવનો નિર્દેશ હોય તેવા લેખો આ પ્રમાણે મળે છે, જેમકે સમકાલીન સૂંધાના લેખમાં ભીમદેવ ૧ લાનો ઉલ્લેખ થયેલો છે.[૧૦૯]

કુમારપાલના વિ. સં. ૧૨૦૮ ના વડનગર પ્રશસ્તિ લેખમાં માળવા સાથેના સંઘર્ષ સંબંધી ભીમદેવ–૧ લાનો ઉલ્લેખ થયેલો છે.[૧૧૦]

જ્યારે કુમારપાલની વિ. સ. ૧૨૨૫ ની સોમનાથની ભાવબૃહસ્પતિ પ્રશસ્તિમાં ભીમદેવે સોમનાથનું મંદિર કરાવ્યાનો નિર્દેશ થયેલો છે.[૧૧૧]

ઉપરોક્ત પ્રાપ્ત થયેલ માહિતીને આધારે ભીમદેવ–૧ લાની વિગતો નીચે પ્રમાણે તારવી શકાય.

**આબુ પરનું સામ્રાજ્ય :** ભીમદેવ–૧ લાના લેખોમાં તેના મંત્રી તરીકે વિમલના ઉલ્લેખો થયેલા છે. ભીમદેવે આ વિમલ મંત્રીને આબુ પર દંડનાયક તરીકે નીમ્યો હતો તેમ તેના વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૨)ના શિલાલેખ પરથી પ્રતીત થાય છે. આ વિમલમંત્રીનો આબુ પરના વિમલ-વસહી મંદિરમાંનો આ વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૨)નો તેમજ એ જ મંદિરમાંનો વિ. સં. ૧૧૧૯ (ઈ. સ. ૧૦૬૨-૬૩)નો શિલાલેખ એમ સૂચવે છે કે આબુ પર ભીમદેવ ૧ લાનું આધિપત્ય પ્રવર્તતું હતું પણ તેને ખાલસા કરવામાં આવ્યું નહોતું. પાછળથી આ પ્રદેશને તેણે પોતાના રાજ્યમાં જોડી દીધો હતો અને ત્યાં વિમલમંત્રીને પોતાના દંડનાયક તરીકે નીમ્યો હતો.

આ પહેલાં આબુમાં પરમાર રાજા ધંધુક રાજ્ય કરતો હતો. તે દુર્લભરાજનો સામંત હતો.[૧૧૨] ભીમદેવ–૧ લાના સમયમાં એણે સ્વતંત્ર થવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા, પરંતુ ભીમદેવે તેને પોતાને અધીન જ રાખ્યો હતો. આ ધંધુકે પછી માળવાના પરમાર રાજ્યમાં આવેલ ચિત્રકૂટમાં આશરો લીધો[૧૧૩] હતો અને આ પ્રદેશને ખાલસા કરી ભીમદેવે ત્યાં વિમલમંત્રીને દંડનાયક નીમી આબુનો વહીવટ સોંપ્યો હતો.

**માળવા સાથેનો સંઘર્ષ :** કુમારપાલના વડનગરના વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના પ્રશસ્તિ લેખમાં ભીમદેવે ગુજરાતનો પૂર્વ તરફનો પંચમહાલનો માળવા અને ગુજરાત વચ્ચે આવેલો થોડોક ભાગ પોતાને તાબે કર્યો હોવાનું જણાય છે.

સાહિત્યિક ઉલ્લેખોમાં પણ ભીમદેવ ૧ લો અને માળવાના રાજવી ભોજ સાથે સતત સંઘર્ષ હોવાના ઉલ્લેખો મળે છે. "પ્રબંધચિંતામણિ"માં જણાવ્યા પ્રમાણે ભીમદેવ અને ભોજ વચ્ચે ઘણા લાંબા સમય સુધી મુત્સદ્દી-ગીરીભર્યા સંબંધો ચાલુ રહેલા હતા.[૧૧૪]

"દ્વયાશ્રય"માં અને "પ્રબંધચિંતામણિ"માં જણાવ્યા પ્રમાણે ચેદિના કલચુરિ રાજા કર્ણને માળવાના રાજા ભોજ સાથે સર્વોપરિતા માટે સ્પર્ધા હતી. આથી કર્ણે ભીમદેવને માળવાનું અર્ધું રાજ્ય આપવાનું વચન આપી બન્ને ભેગા થઈ માળવા જીત્યું.[૧૧૫] આ બન્ને ઉલ્લેખો પરથી કહી શકાય કે ભીમદેવે ચેદિપતિ કર્ણની મદદથી માળવા જીતી તેણે માળવા અને ગુજરાત વચ્ચે આવેલો કેટલોક પ્રદેશ તાબે કર્યો.

**નડુલના ચાહમાન સાથેના સંબંધ :** નડુલના ચાહમાન સાથે ભીમદેવના સંબંધો સંઘર્ષભર્યા હતા. આ પ્રકારની માહિતી દુર્લભરાજના સાળા મહેન્દ્રના પુત્ર અણહિલ અને પૌત્ર આહિલના સૂંધાના લેખમાંથી મળે છે. એમાં લખ્યું છે કે, "એણે ગુર્જરરાજ ભીમની સેનાને હરાવી હતી." શ્રી દુ. કે. શાસ્ત્રીના મત મુજબ અણહિલ અને આહિલ બન્ને એક જ યુદ્ધમાં ભીમના લશ્કર સામે લડયા હોવા જોઈએ. આ ઉપરાંત અણહિલ પછી નડુલની સત્તા પર બાલપ્રસાદ આવ્યો જે ભીમદેવનો સામંત જણાય છે.[116] આ બાલપ્રસાદે ભીમદેવને સમજાવી કૃષ્ણદેવને કેદમાંથી છોડાવ્યો હતો.

આ પરથી શકય છે કે વિમલમંત્રીએ ચંદ્રાવતી પર ચડાઈ કરી ત્યારે તેનું લશ્કર નડુલ પર પણ ચડયું હશે અને એ રીતે અણહિલ અને આહિલે તેને હરાવ્યો હશે.[117] પરંતુ આ અણહિલ તેમજ તેનો ઉત્તરાધિકારી બાલપ્રસાદ સ્વતંત્ર રહી શકયા નહિ અને તેઓ ભીમદેવની અર્ધ સત્તા સ્વીકારી તેનું સામંત પદ ધરાવતા હોવાનું જણાય છે. પ્રો. કિલ્હોર્નના મત મુજબ સામંત બાલપ્રસાદે ભીમદેવને મનાવી તેના કેદખાનામાંથી કૃષ્ણદેવને છોડાવેલો તે કૃષ્ણદેવ આબુનો રાજા કૃષ્ણદેવ હોવો જોઈએ.[118]

કૃષ્ણદેવના મોટાભાઈ પૂર્ણપાલનો વિ. સં. ૧૧૦૨ (ઈ. સં. ૧૦૪૬)નો લેખ મળ્યો છે.[119] તેના આધારે જણાય છે કે, ભીમદેવે આબુ પર ચડાઈ કરી કૃષ્ણદેવને કેદ કર્યો હોય.

## ભીમદેવની વિવિધ પ્રવૃત્તિઓ

આભિલેખિક તેમજ સાહિત્યિક અભ્યાસને આધારે જણાય છે કે ચૌલુકય રાજવી મૂળરાજે સ્થાપેલા ગુજરાતના ચૌલુકય રાજ્યનો વિકાસ કરવાનું મુખ્ય કાર્ય ભીમદેવ ૧ લાએ કર્યું. મૂળરાજે જીતેલો ઉત્તરનો આબુ સુધીનો પ્રદેશ ભીમે પોતાને તાબે રાખ્યો. આ ઉપરાંત નડુલના રાજવીને પણ પોતાનો સામંત બનાવ્યો જ્યારે ભોજ જેવા પરાક્રમી રાજા સામે ટકી ચેદીના કર્ણને મદદ કરીને એણે ગુજરાતની સીમા વિકસાવી. સમય જતાં સિદ્ધરાજ એને પગલે આગળ વધીને માળવા વિજય હાંસલ કરી શકયો.

અભિલેખોના આધારે જણાય છે કે ભીમદેવના બધા જ લેખોમાં તેના નામની આગળ "સમસ્ત રાજાવલી વિરાજિત મહારાજાધિરાજ" એવું વિશેષણ લગાડેલું છે, પણ એમાં અગાઉના રાજવીઓની જેમ પરમભટ્ટારક, પરમેશ્વર, રાજાધિરાજ

જેવાં બિરુદો પ્રયોજેલાં નથી. અભિલેખોમાં પ્રયોજેલાં બિરુદમાં 'મહારાજાધિરાજ' શબ્દ તેના ચક્રવર્તીત્વનું સૂચન કરે છે.

અહીં અભિલેખોને આધારે તેના ત્રણ ચાર અધિકારીઓનાં નામ જાણવા મળે છે. એમાં પહેલાં મંત્રી અને પછી આબુનો દંડનાયક બનેલ વિમલશાહ, દૂતક તથા મહાસાંધિવિગ્રહકનો સંયુક્ત હોદ્દો ધરાવતો ચંડ શર્મા તથા તેના પછી એ જ હોદ્દો ધરાવતા ભોગાદિત્ય વિશે પણ માહિતી ઉપલબ્ધ થાય છે.

અભિલેખો પરથી જણાય છે કે ભીમદેવના રાજ્યકાલ દરમ્યાન ગુજરાતમાં સ્થાપત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ હતી. જેમ કે વિ. સં. ૧૦૮૩ (ઈ. સ. ૧૦૨૬–૨૭)ના લેખને આધારે જણાય છે કે મોઢેરાનું વિખ્યાત સૂર્યમંદિર ભીમદેવ ૧ લાના મંત્રી વિમલે વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૨)માં બંધાવ્યું હતું. આ ઉપરાંત કુમારપાલના વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮–૬૯)ના સોમનાથ–પાટણની પ્રશસ્તિને લગતા લેખમાં ભીમદેવે વિ. સં. ૧૦૮૪માં સોમનાથનું મંદિર પત્થરથી બંધાવ્યું હોવાનો નિર્દેશ થયેલો છે.

**ભીમદેવની દાનપ્રવૃત્તિ :** અભિલેખોને આધારે ભીમદેવની ધાર્મિક-પ્રવૃત્તિનો ખ્યાલ આવે છે. ભીમદેવે અનેક ભૂમિદાન કર્યાં હતાં. ભૂમિદાનને લગતાં એનાં કુલ છ તામ્રપત્રો પ્રાપ્ત થયાં છે. આ ભૂમિદાનો વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૨૯)થી વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૩) દરમ્યાન અપાયાં છે.

આ પૈકી ત્રણ દાન કચ્છમંડલની ભૂમિને લગતાં છે. એમાંનું એક દાનપત્ર કચ્છમાં નવણીસકથી આવેલા આચાર્ય મંગલશિવના પુત્ર અજયપાલને અપાયું હતું. એમાં દેયભૂમિ તરીકે મસૂરા ગામ અપાયેલું છે. બીજાં બે દાન પ્રસન્નપુરથી આવેલા બ્રાહ્મણોને અપાયાં છે. એ પણ ભૂમિદાનને લગતાં છે. બીજાં બે દાન પ્રસન્નપુરથી આવેલા બ્રાહ્મણોને સારસ્વતમંડલનાં ગામો દાનમાં આપ્યાની નોંધ ધરાવે છે. એમાંનું એક દાન વર્દ્ધિવિષયમાં એક ઉદીચ્ય બ્રાહ્મણને આપ્યું હતું, જ્યારે બીજું દાન પ્રસન્નપુરથી આવેલા બ્રાહ્મણને મુંડક ગામની જમીન દાનમાં આપી હતી. ત્રીજું દાનપત્ર વરણાવાડા ગામમાં એક મોઢ બ્રાહ્મણને ત્રણ હળ જમીન દાનમાં આપી હોવાનું નોંધે છે.

આ દાનશાસનો કાયસ્થ વટેશ્વર અને એના પછી એના પુત્ર કેક્ક દ્વારા લખાયેલાં હતાં. દાનશાસનોનો દૂતક મહાસાંધિવિગ્રહક ચંડશર્મા અને એ પછી તેનો પુત્ર ભોગાદિત્ય હતો.

**કર્ણદેવ ૧ લો**

વિ. સં. ૧૧૨૦ (ઈ.સ. ૧૦૫૪)માં ચૌલુક્ય રાજવી ભીમદેવ ૧લાએ તેના અંતિમ સમયમાં કર્ણદેવ ૧લાનો રાજ્યાભિષેક કર્યો હતો.[૧૨૦] કર્ણદેવ ૧લાના રાજ્યકાલ દરમ્યાનના ત્રણ અભિલેખો પ્રાપ્ત થયા છે :

(૧) વિ. સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૩)માં નાગસારિકા (નવસારી) વિષયમાંનું એક ગામ પંડિત મહીધરને દાનમાં આપ્યું હતું તેને લગતું તામ્રપત્ર પ્રાપ્ત થયું છે.[૧૨૧] આ પછી બીજા જ મહિને નાગસારિકાના મહામંડલેશ્વર દુર્લભરાજે આ દાન પોતાના નામે કરવાનો પ્રયત્ન કરેલો છે.[૧૨૨]

આ દાનપત્રની બે નકલો પ્રાપ્ત થાય છે. આ પૈકીનું બીજુ દાનપત્ર છે તે પૂરેપૂરું છે અને તેને ગિરજાશંકર વ. આચાર્યે કર્ણદેવના દાનપત્ર તરીકે પ્રસિદ્ધ કર્યું છે.[૧૨૩] આ બન્ને તામ્રપત્રોની એ વિશેષતા રહી છે કે તેમાં છેલ્લે રાજાના દસ્તકત કરી આપેલા નથી. આ બન્ને તામ્રપત્રો વચ્ચે એક મહિનાનો ગાળો છે અને દાનનો પ્રતિગ્રહીતા અને દેયભૂમિ બન્ને એક જ છે. એટલે અહીં બે વસ્તુ વચ્ચે ફરક પડે છે : (૧) દાતા, (૨) દાનની મિતિ. આ સાથે ત્રીજો ફરક એ પડે છે કે દુર્લભરાજવાળા દાનપત્રમાં દૂતક અને લેખકનું નામ તેમજ રાજાની સહી આપેલ નથી. જ્યારે કર્ણદેવના તામ્રપત્રમાં દૂતક અને લેખકનું નામ છે. પરંતુ રાજાની સહી નથી. આ પહેલાં આ બાબત પ્રત્યે કોઈનું ધ્યાન ગયું હોય તેમ જણાતું નથી. અહીં ઉપસ્થિત થતા મુદ્દાઓને એક સાથે લેતાં, તેના માટે સંભવિત અર્થઘટન એમ કરી શકાય કે દાનના પ્રતિગ્રહીતા વિદ્વાન બ્રાહ્મણને ગામ દાન આપવાની દરખાસ્ત સામંત દુર્લભરાજે કરીને રાજાને તે મોકલાવી હશે અને એ વખતે એણે જે વિગત આપી હશે તે વિગતને આધારે કર્ણદેવના દફતરે (કાર્યાલયે) મુસદ્દો તૈયાર કરીને એ આખું દાનપત્ર દુર્લભરાજ ઉપર જોવા માટે મોકલ્યું હશે, અને એ વખતે દુર્લભરાજે એ દાનપત્ર રહેવા દઈને નવેસરથી દક્ષિણ ગુજરાતમાં પ્રચલિત દાનશાસનની પદ્ધતિએ મુસદ્દો તૈયાર કરીને જાણે પોતે એ દાન ફરમાવતો હોય તેવો મુસદ્દો તૈયાર કરીને દાન આપવા માટે એક મહિના પછીની તિથિ નક્કી કરીને મુસદ્દો રાજાની મંજૂરી માટે મોકલ્યો હશે અને તેમાં દૂતક, લેખકનાં નામ તેમજ દસ્તક કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલવાનું રાખ્યું હશે. પરંતુ આ દાનપત્ર અધૂરું રહેલું હોવાના કારણે અથવા તો મંજૂર થયેલ હોય પણ એ દાન આપવા માટે કોઈ મુશ્કેલી ઊભી થઈ હોય

અથવા પ્રતિગ્રહીતા અંગે રાજા પાસે કોઈ ફરિયાદ ગઈ હોય અને તેથી આ દાન બ્રાહ્મણને અપાયું નહીં હોય. મૂળ પતરામાં પણ રાજાની સહી નથી તેથી એ બાબત પણ આમ જ સૂચવે છે.

(૨) બીજું દાનપત્ર કર્ણદેવે વિ. સં. ૧૧૪૦ (ઈ. સં. ૧૦૮૪)માં ગંભૂતામાં તીર્થંકર સુમતિનાથદેવના મંદિરને ભૂમિદાન કર્યું હતું તેને લગતું છે.[૧૨૪]

(૩) વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)માં કર્ણદેવે આનંદપુર (વડનગર) વિભાગમાંની અમુક ભૂમિ સુણક ગામની વાવના નિભાવ અર્થે આપેલી તેની આ લેખમાં નોંધ છે.[૧૨૫]

**કર્ણદેવ ૧ લાનાં પરાક્રમો :** કર્ણદેવના અભિલેખોના આધારે તેનાં વિવિધ પરાક્રમો જાણવા મળે છે. કર્ણદેવના વિ. સં. ૧૧૪૦ (ઈ. સ. ૧૦૮૪)ના ગંભૂતાના લેખમાં[૧૨૬] તેના નામની આગળ "ત્રૈલોક્યમલ્લ" બિરુદ આપેલું છે. આ બિરુદને વિગતે જોતાં આ પ્રકારની માહિતી પ્રાપ્ય થાય છે. ત્રિલોચનપાલના શક. સં. ૯૭૨ (ઈ. સ. ૧૦૫૧)ના તામ્રપત્રના[૧૨૭] આધારે જાણવા મળે છે કે ભીમદેવના રાજ્યકાલ દરમ્યાન ચાલુક્ય બારપ્પનો વંશજ ત્રિલોચનપાલ રાજ્ય કરતો હતો. આ પછી કલચુરિ કર્ણદેવે લાટ પર આક્રમણ કરી અર્જુનકુલના યશને મારી નાંખ્યો એટલે કે કલચુરિ રાજા યશઃકર્ણનું શાસન દૂર કર્યું.[૧૨૮] આ બનાવ ઈ. સ. ૧૦૭૩ની આસપાસ બન્યો અને તે પછીના વર્ષે એટલે કે ઈ. સ. ૧૦૭૪ માં કર્ણદેવ ૧ લાનો એ નાગસારિકા (નવસારી) વિષયમાંનું એક ગામ પંડિત મહીધરને દાન આપવા અંગે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૧૨૯] તે સૂચક છે.

આમ કર્ણદેવે લાટદેશના નવસારી પ્રદેશ પર પોતાની સીધી અને સંપૂર્ણ સત્તા પ્રવર્તાવી. જોકે આ સત્તા બહુ લાંબો વખત ટકી ન હતી. આ પ્રકારની માહિતી ત્રિવિક્રમપાલના શક સંવત ૯૯૯ (ઈ. સ. ૧૦૩૭)ના શુકલતીર્થની પાઠશાલાના નિર્વાહ માટે નંદિપુર વિષયમાં એક ગામ દાનમાં આપ્યું હતું તેને લગતા લેખને[૧૩૦] આધારે જાણવા મળે છે. આ લેખ પરથી સ્પષ્ટ થાય છે કે બારપ્પના વંશજોએ લાટનો પ્રદેશ ત્રણચાર વર્ષમાં જ પાછો મેળવ્યો હશે. જો કે આ પછી બારપ્પ વંશની સત્તાના ઉલ્લેખો મળતા નથી, આથી સંભવ છે કે કર્ણદેવે થોડા સમયમાં લાટ પર પાછી સત્તા મેળવીને "ત્રૈલોક્યમલ્લ" બિરુદ પ્રાપ્ત કર્યું હોય. તેનું આ બિરુદ નવસારીના વિ. સં. ૧૧૩૧ (ઈ. સ.

૧૦૭૩)ના લેખમાં નથી, પરંતુ એ પછીના વિ. સં. ૧૧૪૦ (ઈ. સ. ૧૦૮૪)ના લેખમાં નજરે પડે છે. આથી આ બનાવ ઈ. સ. ૧૦૮૪ પહેલાનો ગણી શકાય. આ બિરુદ સાધારણ રીતે દખ્ખણના ચાલુક્ય રાજાઓનાં તામ્રપત્રોમાં પ્રયોજાતુ જોવા મળે છે, તે પરથી આ બાબતમાં દખ્ખણના ચાલુક્યોની અસર પ્રવર્તી હોવાનું કહી શકાય.

કર્ણદેવના ઉપરોક્ત દર્શાવેલ દાનોના આધારે જણાય છે કે કર્ણદેવ ધાર્મિક વૃત્તિનો હતો હતો. શ્રી રસિકલાલ પરીખના મત પ્રમાણે કર્ણદેવ શૈવ હતો, પરંતુ તેની ઉત્તરાવસ્થામાં તે લક્ષ્મી અને વિષ્ણુની પણ આરાધના કરતો હતો.[૧૩૧]

આમ કર્ણદેવે વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)થી વિ. સં. ૧૧૫૦(ઈ. સ. ૧૦૯૪) સુધી રાજ્ય કર્યું હતું.

## સિદ્ધરાજ જયસિંહ

ચૌલુક્ય કાલમાં કર્ણદેવ ૧ લા પછી સાતમો રાજવી સિદ્ધરાજ જયસિંહ થયો. આ રાજવી ચૌલુક્ય કાલનો સૌથી પ્રતાપી રાજવી ગણાય છે. કર્ણદેવ ૧ લાના સમયમાં ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક પ્રગતિ થઈ હતી, તે સિદ્ધરાજના સમયમાં તેની ચરમસીમાએ પહોંચી હતી.[૧૩૨] સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ (ઈ. સ. ૧૦૯૪ થી ૧૧૪૩) સુધી લગભગ ૪૯ વર્ષ સુધી રાજ્ય કર્યું હતું. તેના આટલા લાંબા રાજ્યકાલ દરમ્યાન ૧૫ જેટલા અભિલેખો પ્રાપ્ત થાય છે. તેનો સૌથી પહેલો અભિલેખ વિ. સં. ૧૧૫૬ (ઈ. સ. ૧૧૦૦)નો લાડોલમાંથી પ્રાપ્ત થયેલ છે, જ્યારે છેલ્લો અભિલેખ વિ. સં. ૧૧૯૬ : દાહોદનો શિલાલેખ છે.[૧૩૩] કાલાનુક્રમ પ્રમાણે આ અભિલેખોની વિગતો જોઈએ.

(૧) વિ. સં. ૧૧૫૬ (ઈ. સ. ૧૧૦૦)ના લાડોલમાંથી પ્રાપ્ત લેખમાં મહામાત્ય પૂંજકના પુત્ર વિલહલે ટકોધી ગામમાં બંધાયેલી વાવના નિભાવ માટે દાન કર્યાનો નિર્દેશ છે.[૧૩૪]

(૨) વિ. સં. ૧૧૮૪ (ઈ. સ. ૧૧૨૮)નું તામ્રપત્ર સૂણસરમાંથી પ્રાપ્ત થયું છે. આ તામ્રપત્રનું એક જ પતરું પ્રાપ્ત થયું છે. આથી અન્ય માહિતી ઉપલબ્ધ થતી નથી.[૧૩૫]

(૩) વિ. સં. ૧૧૮૬ (ઈ. સ. ૧૧૩૦)નું તામ્રપત્ર ભિન્નમાલમાંથી ઉપલબ્ધ થયું છે. આ તામ્રપત્રમાંથી વિગતો પ્રાપ્ત થતી નથી.[૧૩૬]

(૪) વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)ના તામ્રપત્રમાં ભરાણા ગામમાં દાન આપ્યાના નિર્દેશો થયેલા છે.[૧૩૭] આ તામ્રપત્રનું એક જ પતરું મળ્યું હોવાથી દાન અંગેની અન્ય માહિતી પ્રાપ્ત થતી નથી.

(૫) વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજના ખજાનચી અંબપ્રસાદે અને તેના સંબંધીઓએ ગાળામાં ગણેશ તેમજ ભટ્ટારિકાનું મંદિર કરાવ્યાં હતાં.[૧૩૮]

(૬) વિ. સં. ૧૧૯૫ (ઈ. સં. ૧૧૩૯)ના ઉજ્જૈનના લેખમાં નાગર બ્રાહ્મણ દંડનાયક દાદાકના પુત્ર મહાદેવને અવંતીમંડલ સોંપ્યું હતું તેની વિગતો મળે છે.[૧૩૯]

(૭) વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના કચ્છ ભદ્રેશ્વરના ચોખંડા મહાદેવના શિલાલેખમાં તેના મંત્રીએ ઊદલેશ્વર અને કુમારપાલેશ્વરનાં મંદિરો પ્રજાર્થે કરાવ્યાંનો નિર્દેશ છે.[૧૪૦]

(૮) વિ. સં. ૧૧૯૮ (ઈ. સ. ૧૧૪૧–૪૨)નો લેખ કિરાડુમાંથી પ્રાપ્ત થયો છે.[૧૪૧] આ લેખમાં સિદ્ધરાજે કિરાડુમાં શિવમંદિર કરાવ્યાનો ઉલ્લેખ છે.

(૯) વિ. સં. ૧૧૯૮ (ઈ. સ. ૧૧૪૧–૪૨)ના લેખમાં અજયપાલદેવના રાજ્યમાં જયસિંહદેવે મંદિર કરાવ્યાની માહિતી પ્રાપ્ત થાય છે.[૧૪૨]

(૧૦) વિ. સં. ૧૨૦૦ (ઈ. સ. ૧૧૩૩)ના બાલીના શિલાલેખમાં જયસિંહના સામંત આસરાજે બહુસુણાદેવીની પૂજા માટે દાન આપ્યું હતું તેને લગતી વિગત મળે છે.[૧૪૩]

(૧૧) વિ. સં. ૧૧૯૬ : ૧૨૦૨ (ઈ. સ. ૧૧૩૯–૪૬)ના દાહોદના શિલાલેખમાં ગોગાનારાયણદેવની પૂજા માટે દાન આપ્યું હતું, તેવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૧૪૪]

(૧૨) સિદ્ધરાજના વર્ષ વગરના લેખોમાં પાટણમાંથી એક શિલાલેખ પ્રાપ્ત થયો છે.[૧૪૫] કેટલાક વિદ્વાનોના મતે આ લેખ સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિનો ટુકડો છે.

(૧૩) સિદ્ધરાજના મંત્રી સજ્જનનો લેખ પ્રાપ્ત થયો છે. આ મંત્રી સૌરાષ્ટ્રનો દંડનાયક હતો. લેખની માહિતી ત્રુટક છે.[૧૪૬]

(૧૪) આ લેખ ઉદયપુરમાં પ્રાપ્ત થયેલો છે. આ લેખ ત્રુટિત છે.[૧૪૭] પ્રસ્તુત લેખને પ્રસિદ્ધ કરતાં પ્રો. કિલ્હોર્ને લખ્યું છે કે આ લેખમાં તારીખ આપેલ નથી. પરંતુ લેખની ત્રીજી પંક્તિમાં આ લેખ જયસિંહના રાજ્ય-કાળમાં લખાયો હોવાનું જણાવેલું છે.[૧૪૮] જ્યારે શ્રી મુનશીએ આ લેખને પ્રશ્નચિહ્ન સાથે ઈ. સ. ૧૧૨૩નો અને સિદ્ધરાજનો માન્યો છે.[૧૪૯] પરંતુ આ લેખને સિદ્ધરાજનો માનવામાં મુશ્કેલી છે. કારણ કે માળવાનો વિજય કર્યા પહેલાં સિદ્ધરાજની પ્રશસ્તિ ઉદયપુર (ગ્વાલિયર)માં શક્ય બને નહિ, એટલે કદાચ આ લેખ સિદ્ધરાજનાં છેલ્લાં વર્ષોમાં લખાયો હોય કે એ પછી એના અનુગામીના લેખમાં સિદ્ધરાજનું નામ મુકાયું હોય.[૧૫૦]

(૧૬) આ લેખ સાંભરના કૂવામાંથી પ્રાપ્ત થયો છે, પરંતુ દાન અંગેની માહિતી ઉપલબ્ધ થતી નથી.[૧૫૧]

(૧૭) તલવાડા ગામની ગણેશની પ્રતિમા નીચેથી ત્રુટિત વર્ષ વગરનો લેખ પ્રાપ્ત થયો છે.[૧૫૨] આ લેખમાં જણાવ્યા પ્રમાણે જયસિંહે નરવર્માનું માનખંડ કર્યું અને પરમર્દીને કચડી નાંખ્યો હતો.

સિદ્ધરાજ જયસિંહના સમકાલીન તથા અનુકાલીન લેખોમાં પણ સિદ્ધરાજના ઉલ્લેખો થયેલા જણાય છે. જેમકે યશોવર્માના વિ. સં. ૧૧૯૨ (ઈ. સ. ૧૧૩૬)ના દાનપત્રમાં સિદ્ધરાજે માળવાનો વિજય કર્યો હતો તેવા નિર્દેશો થયેલા છે.[૧૫૩] જ્યારે કુમારપાલના વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના વડનગરના લેખમાં[૧૫૪] તેમજ વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨)ના શિલાલેખમાં સિદ્ધરાજે સિંધુરાજને હરાવ્યો હતો તેવા ઉલ્લેખો થયેલા છે.[૧૫૫]

સિદ્ધરાજ જયસિંહના ઉપલબ્ધ અભિલેખોને આધારે તેના વિશે વિશેષ માહિતી નીચે પ્રમાણે જાણવા મળે છે.

**સિદ્ધરાજ જયસિંહના વિજયો :** સિદ્ધરાજને લગતા પ્રબંધોમાં જે વૃત્તાંતો મળે છે તેમાં ક્યાંય કાલાનુક્રમ આપેલો નથી[૧૫૬] પરંતુ અહીં ઉપલબ્ધ અભિલેખોમાં જણાવેલ બિરુદો તેમજ પ્રસંગોને આધારે તેના વિવિધ વિજયો નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે.

**(૧) બર્બરક પર વિજય :** સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૮)ના ગાળાનાં શિલાલેખમાં જયસિંહના નામની આગળ "બર્બરકજિષ્ણુ"નો એવું બિરુદ પ્રયોજેલું છે. આ બિરુદ સૌ પ્રથમ નિર્દેશ ઉપરોક્ત શિલા-

લેખોમાં થયેલો છે. આ પછી તેના ઘણાખરા લેખોમાં આ બિરુદ પ્રયોજેલું જણાય છે.[૧૫૭] જો કે તેનું આ બિરુદ વિ. સં. ૧૧૮૪ (ઈ. સ. ૧૧૨૮)ના તામ્રપત્રમાં પણ પ્રયોજેલું છે પરંતુ આ તામ્રપત્ર બનાવટી સાબિત થયું છે.[૧૫૮]

સિદ્ધરાજના લેખોમાં જણાવેલ આ બર્બરક કોણ તે એક પ્રશ્ન છે. તે શા માટે બર્બર તરીકે ઓળખાતો હતો તેના વિવિધ મતભેદો પડે છે. જેમકે હેમચંદ્રાચાર્યે બર્બરકને રાક્ષસ તરીકે ઓળખાવ્યો છે,[૧૫૯] જ્યારે સોમેશ્વર અને અરિસિંહે એને સ્મશાનમાં રહેનારો રાક્ષસ હતો એમ કહ્યું છે. આ રાક્ષસરાજને બાંધીને તેને જીતવામાં સફળતા પ્રાપ્ત થતાં જયસિંહ પોતે એ "રાજ"ને કાબૂમાં લેનાર સિદ્ધ તરીકે અર્થાત્ "સિદ્ધરાજ" તરીકે જાણીતો થયો.[૧૬૦] આ બર્બરક ગુજરાતના લોકસાહિત્યમાં "બાબરોભૂત" તરીકે જાણીતો થયો છે. ડો. બ્યૂલરના મત પ્રમાણે આ બાબરો કે બર્બરક કોળી, ભીલ કે કદાચ મેર હોઈ શકે.[૧૬૧] ડો. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ આ મતને અનુમોદન આપીને બર્બરક એ નામની અનાર્ય લડાયક કોમનો સરદાર હોવાનું સૂચવ્યું છે.[૧૬૨]

ઉપરોક્ત અનુમાનને સિદ્ધરાજના સમકાલીન વાગ્ભટનું—"બર્બરે સિપ્રા નદીના પાણીને બાંધ્યું હતું."—એ વાક્ય અનુમોદન આપે છે.[૧૬૩]

આમ સિદ્ધરાજના સત્તા પર આવ્યાના થોડાંક જ વર્ષોમાં તેણે આ બર્બર પર વિજય પ્રાપ્ત કર્યો હશે.

**માળવા પરનો વિજય :** વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૮)ના ગાળાના શિલાલેખમાં "બર્બરકજિષ્ણુ"ની સાથે "અવંતીનાથ"નું બિરુદ પ્રયોજેલું છે. આ પરથી અનુમાન થઈ શકે કે બર્બર–વિજય અને માળવા પરનો વિજય સિદ્ધરાજે નજીક નજીક પ્રાપ્ત કર્યા હશે. સિદ્ધરાજ જયસિંહના ગાળાના શિલાલેખ તથા બાદના અન્ય લેખોમાં પણ આ બિરુદનો વારંવાર નિર્દેશ પ્રાપ્ત થાય છે.

સિદ્ધરાજના લેખોની સાથે સાથે તેના સમકાલીન તેમજ અનુકાલીન રાજવીઓના લેખોમાં તેના આ પરાક્રમનો ઉલ્લેખ થયેલો છે. સિદ્ધરાજના જ વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૭)ના દાહોદના શિલાલેખમાં સિદ્ધરાજે માળવાના રાજા યશોવર્માને હરાવ્યો હતો તેવો સ્પષ્ટ નિર્દેશ થયેલો છે. આ યશોવર્મા સિદ્ધરાજનો સમકાલીન હતો. યશોવર્માના વિ. સં. ૧૧૯૨ (ઈ. સ. ૧૧૪૬)ના દાનપત્રમાં સિદ્ધરાજના માળવા પરના આક્રમણનો ઉલ્લેખ થયેલો છે.[૧૬૪] વડનગરની કુમારપાલની પ્રશસ્તિમાં સિદ્ધરાજે માળવાના રાજાને કેદ કર્યાનો ઉલ્લેખ મળે છે.[૧૬૫]

ઉપરોક્ત આભિલેખિક પુરાવાઓ જોતાં જણાય છે કે સિદ્ધરાજે માળવા પર વિજય કર્યો હતો અને આ ઘટના વિ. સં. ૧૧૯૨માં અથવા તે પૂર્વે બની હોય.

માળવા પરનો વિજય એ સિદ્ધરાજનું એક યશસ્વી પરાક્રમ ગણાય છે. ચૌલુકય રાજવીઓ અને માળવાના પરમાર રાજવીઓ વચ્ચે ઘણા લાંબા સમયથી સંઘર્ષ ચાલ્યો આવતો હતો જેની ચર્ચા અગાઉ મૂળરાજ ૧ લો અને ભીમદેવ ૧ લાના સંદર્ભમાં કરેલી જ છે.

માળવામાં ઉદયાદિત્ય પછી તેનો પુત્ર લક્ષ્મણદેવ પછી તેનો ભાઈ નરવર્મા ઈ. સ. ૧૦૮૪ સુધી ગાદીએ આવ્યો હતો. નરવર્મા પછી ઉત્તરાધિકાર તેના પુત્ર યશોવર્માને મળ્યો હતો[૧૬૬] અને આ યશોવર્મા સિદ્ધરાજનો સમકાલીન હતો.

હેમચંદ્રાચાર્યે માળવા વિજયનાં કારણો દર્શાવેલાં છે તેમાં જણાવ્યા પ્રમાણે કાલિકાના પૂજન માટે સિદ્ધરાજને ઉજ્જૈન જવું હતું. આ ઉજ્જૈન માલવપતિ યશોવર્માના તાબા નીચે હતું. આથી સિદ્ધરાજે માળવાની તરફ પ્રયાણ કર્યું અને રસ્તામાં કિરાતોની મદદથી એણે માળવાની રાજધાની ધારણદુર્ગ જીતી યશોવર્માને કેદ કર્યો.[૧૬૭]

મેરુતુંગે "પ્રબંધચિંતામણિ"માં માળવા–વિજયનો વૃત્તાંત જુદી રીતે આપ્યો છે. તેમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજ સોમનાથની યાત્રાએ ગયો એ દરમ્યાન યશોવર્માએ ગુર્જરદેશ પર ચડાઈ કરી હતી. સિદ્ધરાજને આની જાણ થતાં તેણે માળવા તરફ પ્રયાણ કર્યું.[૧૬૮]

સોમેશ્વરે "કીર્તિકૌમુદી"માં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજે ધારાપતિને કાષ્ઠ-પિંજરમાં નાંખીને ધારાનગરી પર કબજો મેળવ્યો હતો.[૧૬૯]

જયસિંહસૂરિએ "કુમારપાલભૂપાલ–ચરિત"માં તેમજ જયમંડને "કુમારપાલ-પ્રબંધ"માં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજને ધારાનગરી કબજે કરતાં બાર વર્ષ લાગ્યાં હતાં.[૧૭૦]

ઉપરોક્ત આભિલેખિક તેમજ સાહિત્યિક પુરાવા જોતાં જણાય છે કે સિદ્ધરાજે વિ. સં. ૧૧૯૨ (ઈ. સ ૧૧૩૫–૩૬)માં માળવા વિજય કર્યો હતો.[૧૭૧]

**પંચમહાલ જીત્યો :** સિદ્ધરાજના સમયમાં વિ. સં. ૧૧૯૬ના દોહદના શિલાલેખને આધારે જણાય છે કે સિદ્ધરાજે માળવા જીતતા પહેલાં રસ્તામાં આવેલ પંચમહાલ પ્રદેશને જીત્યો હતો. આ લેખમાં જણાવ્યા પ્રમાણે જયસિંહે

સેનાપતિ કેશવને દધિપદ્ર (દોહદ) મંડલનો અધિકારી નીમ્યો હતો અને એ કેશવે ગોદ્રહક (ગોધરા)માં પોતાની માતાના કલ્યાણ અર્થે ગોગ્ગનારાયણની પ્રતિમા કરાવી હતી. આ નિમિત્તે ગોદ્રહકના સ્વામી વાપલના સેવક રાણક સાકરસિંહે અમુક જમીન દાનમાં આપી હતી. આ લેખના સંદર્ભમાં વિચારતાં જણાય છે કે આ વિસ્તારમાં સિદ્ધરાજે દંડનાયક નીમ્યો હોઈ તે એની હકુમતમાં હતો. આ પ્રદેશ પર સિદ્ધરાજના પૂર્વજોએ આધિપત્ય જમાવ્યું હોવાનું પ્રતીત થતું નથી. આથી સિદ્ધરાજે આ પ્રદેશ જીત્યો હોવાની સંભાવના વધુ છે.

ડૉ. બ્યૂલર આ સંદર્ભમાં જણાવે છે કે માળવાની સરહદ પાસે તથા માળવાના રસ્તામાં એ સ્થળ હોવાની સિદ્ધરાજે દોહદમાં લશ્કરી થાણું રાખેલું હોવું જોઈએ.[૧૭૨]

**વાંસવાડા પર આધિપત્ય :** વિ. સં. ૧૧૮૫ (ઇ. સ. ૧૧૩૯)ના ઉજ્જન શિલાલેખમાં નાગર બ્રાહ્મણ દંડનાયક દાદાકના પુત્ર મહાદેવને અવંતીમંડલના દંડનાયક તરીકે નીમ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત વાંસવાડા રાજ્યના તલવાડા ગામમાં ગણપતિની મૂર્તિની પાટલી પર એક ત્રૂટિત લેખ પ્રાપ્ત થયો છે. આ લેખના આધારે સ્પષ્ટ જણાય છે કે વાંસવાડા પ્રદેશ સિદ્ધરાજ જયસિંહના તાબા નીચે આવ્યો હતો.

સિદ્ધરાજ જયસિંહના સમગ્ર ઉત્કીર્ણ લેખોને આધારે સ્પષ્ટ થાય છે કે સિદ્ધરાજે યશોવર્માને હરાવીના માળવા, ચિત્તોડ, ડુંગરપુર અને વાંસવાડાના પ્રદેશો મેળવેલા જે છેક ભીમદેવ ૨ જા સુધી ચૌલુક્ય સત્તા નીચે રહ્યા હતા.[૧૭૩]

**સોરઠ વિજય :** સિદ્ધરાજના સોરઠ–વિજયનો નિર્દેશ એના વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના દોહદ શિલાલેખમાં મળે છે. એમાં જણાવ્યું છે કે એણે સોરઠના રાજાને કારાગૃહમાં નાંખ્યો હતો.

આ અંગે સાહિત્યિક ઉલ્લેખો એમ નોંધે છે કે સિદ્ધરાજને સોમનાથની યાત્રાએ જવું હતું અને માર્ગમાં આવતા જૂનાગઢમાં શાસન કરતો સોરઠનો રાજા રા'ખેંગાર તેને જવા દે તેમ ન હતો. આથી સિદ્ધરાજે સોરઠ પર આક્રમણ કરી ખેંગારને માર્યો અને તેની પત્ની રાણકદેવીને પોતાની સાથે એ લઈ જતો હતો પરંતુ માર્ગમાં વઢવાણ પાસે તે સતી થઈ.[૧૭૪] આ સાહિત્યિક ઉલ્લેખને ઉપર્યુક્ત અભિલેખના પ્રમાણ સાથે સરખાવવા ઉપરાંત અહીં એક બીજી બાબત પણ લક્ષ્યમાં લેવી જોઈએ. કુમારપાલે તેના વિ. સં. ૧૨૦૯ના કિરાડુ લેખમાં નડૂલના

ચૌહાણોની મદદથી સૌરાષ્ટ્ર–વિજય કર્યાનું જણાવેલું છે.[૧૭૫] આથી દાહોદનો સિદ્ધરાજનો લેખ અને કુમારપાલનો કિરાડુનો લેખ જોતાં સિદ્ધરાજે સોમનાથ યાત્રા નિમિત્તે જવા માટે સોરઠ પર આક્રમણ કર્યું હોય અને રા'ખેંગારને એણે પકડ્યો હોય અને ત્યારબાદ શ્રી નરોત્તમ પલાણ ધારે છે તેમ, સોમનાથની યાત્રા દરમ્યાન પાટણ પર માળવાનું આક્રમણ થવાના ભયને લીધે તે તરત જ પાટણ પાછો ફર્યો હોય અને જૂનાગઢમાં રા'ખેંગાર ફરીથી સ્વતંત્ર થયો હોય.[૧૭૬] આ સ્વતંત્ર થયેલા સોરઠને ત્યાર પછી કુમારપાલે જીત્યો હોય.

અહીં આ સંદર્ભમાં બીજો પણ એક મુદ્દો વિચારવા જેવો એ છે કે સિદ્ધરાજે સોરઠ વિજય ક્યારે કર્યો હશે? ચૌલુક્યોના તેમજ સમકાલીન રાજ્યોના અભિલેખોમાં આનો નિર્દેશ થયો નથી. "પ્રબંધચિંતામણિ"માં સોરઠ–વિજયનું વર્ષ વિ. સં. ૧૧૭૦નું આપ્યું છે.[૧૭૭] વળી જૈન પ્રબંધોમાં એમ કહેવાયું છે કે સિદ્ધરાજે સોરઠ–વિજય કરીને ત્યાં દંડનાયક તરીકે સજ્જનમંત્રીને નીમેલો અને સજ્જનમંત્રીએ સોરઠની ત્રણ વર્ષની ઊપજમાંથી ગિરનાર પર નેમિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.[૧૭૮] ગિરનાર પર આ અંગે સજ્જનમંત્રીનો વર્ષ વગરનો લેખ પ્રાપ્ત થયો છે.[૧૭૯] વંથળીમાંથી પાર્શ્વનાથની પ્રતિમા પરની પીઠિકા પરનો વિ. સં. ૧૧૮૧નો લેખ પ્રાપ્ત થયો છે. આ લેખમાં શોભનદેવને દંડનાયક કહ્યો છે. જો કે આ લેખમાં વંથલી કે સોરઠના નામનો નિર્દેશ નથી. આથી એમ જણાય છે કે સજ્જન મંત્રી પછી શોભનદેવ દંડનાયક બન્યો હોય.

શ્રી નરોત્તમ પલાણ ધારે છે કે સજ્જનમંત્રી સિદ્ધરાજના દંડનાયક તરીકે ગાળામાંથી અમલ ચલાવતો હશે અને કુમારપાલના સમય સુધી સોલંકીઓની ગાળા સુધી જ સત્તા પ્રવર્તી હશે. કુમારપાલના વખતમાં સોરઠ જીતાયું તેમ છતાં તે વિસ્તારનું મુખ્ય મથક ગાળા ચાલુ રહ્યું હોવાનું ત્યાંના ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૪૯ના[૧૮૦] લેખ પરથી પ્રતીત થાય છે. સ્વાભાવિક છે કે ગાળામાંથી દંડનાયક તરીકે વહીવટકર્તા સજ્જન મંત્રીએ ગિરનાર અને વંથળી જેવાં જૈનતીર્થોમાં પૂર્તકાર્યો કરાવ્યાં હોય અને સોરઠના રાજાએ એ સામે વાંધો લીધો ન હોય.[૧૮૧]

ઉપર્યુક્ત મુદ્દાઓને સમગ્રતયા જોતાં એમ જણાય છે કે દાહોદના લેખ અન્વયે સિદ્ધરાજે સોરઠ જીતીને રા'ખેંગારને કેદ કરેલો. પણ તેને સોમનાથની યાત્રા કર્યા પછી પાટણ તુરત પાછું ફરવાને લઈને રા'ખેંગારે એનું આધિપત્ય ફગાવી દીધું હોય. કારણ, ત્યાર પછી સોરઠમાં રા'ખેંગારના ઉત્તરાધિકારીઓનો અમલ ચાલતો જણાય છે. પરંતુ સોરઠને પુનઃ પ્રાપ્ત કરવામાં રા'ખેંગારને ઓછામાં ઓછાં ૧૦ થી ૧૫

વર્ષ લાગ્યાં હશે અને તે ગાળામાં સિદ્ધરાજના દંડનાયક તરીકે અનુક્રમે સજ્જનમંત્રી અને તેના પછી શોભનદેવે અમલ ચલાવ્યો હશે. અહીં રાણકદેવીવાળી વાતનો પણ નિર્દેશ કરવો ઘટે. રાણકદેવીને સિદ્ધરાજ પોતાની સાથે લઈ જતો હતો ત્યારે તે માર્ગમાં વઢવાણ પાસે સતી થયાની જે વાત લોકસાહિત્યમાં તેમજ "પ્રબંધ-ચિંતામણિ" વગેરેમાં મુકાયેલી છે તે કપોલકલ્પિત લાગે છે. સિદ્ધરાજ જેવો નામાંકિત રાજા આવી રીતે કોઈ રાજાની પરણેતરની ઉઠાવી જાય એ શક્ય નથી. બીજું વઢવાણમાં રાણકદેવી સતી થયા અંગે જે દેરી બતાવવામાં આવે છે, તે તો સિદ્ધરાજના સમયની નથી. પુરાતત્ત્વવિદો અને વાસ્તુવિદ્યાના વિશારદો એ સ્મારકને રાણકદેવી–સિદ્ધરાજથી સહેજે ૧૦૦ વર્ષ વહેલું અર્થાત્ ઇસવીસનની દશમી સદીનું ગણાવે છે.[૧૮૨]

સિદ્ધરાજે સોરઠ જીત્યો એ ઘટના અગત્યની હોઈ તેની સ્મૃતિમાં એણે સિંહ સંવત પ્રવર્તાવ્યો હોય એવી અટકળ થયેલી છે. આ સંવત સોરઠના ચાર અભિલેખોમાં પ્રયોજાયેલો મળે છે. એ અંગે કાલગણનાવાળા પ્રકરણમાં વિગતવાર નિરૂપણ કર્યું છે, તેથી અહીં એની ચર્ચા લંબાવી નથી.

**સિંધુ–વિજય :** સિદ્ધરાજના વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના દોહદના શિલાલેખમાં સિદ્ધરાજે સિંધુરાજ વગેરે રાજાઓનો નાશ કર્યો હતો તેવા ઉલ્લેખ થયેલા છે.

સમકાલીન સાહિત્યમાં પણ સિંધુ વિજયના નિર્દેશો થયેલા છે. વાગ્ભટાલંકારમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજે સિંધુરાજ વગેરે રાજવીઓને હરાવ્યા હતા.[૧૮૩]

પરંતુ કુમારપાલના વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના કિરાડુના શિલાલેખમાં સિદ્ધરાજની કૃપાથી સોમેશ્વરને સિંધુરાજપુરનું રાજ્ય પાછું મળ્યું તેવા ઉલ્લેખો છે.[૧૮૪] આ સિંધુરાજ કોણ તે ચર્ચાસ્પદ છે. શ્રી રસિકલાલ પરીખના સૂચન પ્રમાણે લાટનો મંડલેશ્વર ચાહમાન શંખ હતો, જે વસ્તુપાલનો સમકાલીન હતો. આ શંખનો પિતા સિંધુરાજ એ આ સિંધુરાજ હશે.[૧૮૫] જો કે હ. ગં. શાસ્ત્રીના મત પ્રમાણે વસ્તુપાલનો સમય (લગભગ ઈ. સ. ૧૨૨૦–૧૨૪૦) જોતાં શંખના પિતાનો સમય આટલો વહેલો હોઈ શકે નહીં.[૧૮૬] કુમારપાલના કિરાડુના લેખમાં જણાવ્યા અનુસાર મરુમંડલના પરમાર વંશના રાજા સોમેશ્વરે જયસિંહદેવની મદદથી સિંધુરાજપુર પાછું મેળવ્યું હતું. આ સોમેશ્વરને અહીં સિંધુરાજ ગણાવ્યો છે.[૧૮૭] અશોકકુમાર મજુમદારના મત પ્રમાણે સોમેશ્વર અને તેનો પિતા

સિદ્ધરાજના મિત્ર હતા આથી સિંધુરાજ એ સિંધનો કોઈ સુમરા ઠાકોર હોવાની શક્યતા જણાય છે.[૧૮૮] ડો. હ. ગં. શાસ્ત્રી અશોકકુમારના આ મંતવ્યને સ્વીકારતા જણાય છે.[૧૮૯] શ્રી મજુમદારનો આ મત ગ્રાહ્ય લાગે છે.

**અન્ય રાજાઓ સાથેના સંબંધો :**

પ્રાપ્ત થતા અભિલેખોને આધારે સિદ્ધરાજ જયસિંહના અન્ય રાજાઓ સાથેના સંબંધો કેવા હતા તેના વિશે પણ જાણવા મળે છે.

વિ. સં. ૧૧૯૬ : (ઈ. સ. ૧૧૩૯–૪૬) ના દોહદના લેખમાં ઉત્તરના રાજાઓ જયસિંહની આજ્ઞાને અનુરતા હતા તેમ જણાવ્યું છે.[૧૯૦] પરંતુ આ ઉત્તરના રાજાઓ કોણ તે એક પ્રશ્ન છે. શ્રી દુ. કે. શાસ્ત્રીના મત પ્રમાણે, અજમેરનો ચૌહાણ રાજા વિવક્ષિત હોય. પરંતુ એમ જણાય છે કે સિદ્ધરાજના વખતમાં અજમેર વસાવનાર અજયદેવનો પુત્ર આનાક કે અનલદેવ તે એ પ્રદેશનો રાજા હતો. સિદ્ધરાજના વર્ષ વગરના સાંભરના લેખના આધારે જણાય છે કે સિદ્ધરાજે આ આનાકને હરાવ્યો હશે.

**પરમર્દી–મર્દન :** સિદ્ધરાજના જયસિંહના વર્ષ વગરના તલવાડા શિલાલેખમાં જયસિંહને પરમર્દીમર્દન કરનારો કહ્યો છે. આ પરમર્દી કોણ તે ચર્ચાસ્પદ છે. કારણ કે દખ્ખણનો ચાલુક્ય રાજવી વિક્રમાદિત્ય ૬ઠ્ઠો જે પરમર્દી કહેવાતો હતો તેને સિદ્ધરાજે હરાવ્યો તેવું એક સૂચમ થયેલું છે,[૧૯૧] પરંતુ જો સિદ્ધરાજે આવા પરાક્રમી રાજાનો વિજય કર્યો હોય તો એનું વિગતે વિવરણ થયું હોત. આથી શક્ય છે કે, પરમર્દી નામનો કોઈ સામંત કે મંડલેશ્વર હોઈ શકે.[૧૯૨] ચૌલુક્ય કાલ દરમ્યાન પરમર્દી નામના ઘણા સામંત હતા.[૧૯૩] આ પરથી જણાય છે કે સિદ્ધરાજે પરમર્દી નામના કોઈ સામંતનું મર્દન કર્યું હશે.

**સિદ્ધરાજનો રાજ્યવિસ્તાર :**

સિદ્ધરાજ જયસિંહે ચૌલુક્ય રાજ્યને એક વિશાળ સામ્રાજ્યમાં ફેરવી નાંખ્યું હતું. ગુજરાતમાં સિદ્ધરાજનું શાસન દક્ષિણે છેક લાટ દેશ સુધી પ્રવર્તતું હતું.[૧૯૪] વિ. સં. ૧૧૯૩ના ગાળાના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજના મંત્રી અંબપ્રસાદે અને તેના સંબંધીઓએ ગાળામાં ભટ્ટારિકાનું મંદિર કરાવ્યું હતું. વિ. સં. ૧૧૯૫ના કચ્છ–ભદ્રેશ્વરના ચોખંડા મહાદેવમાંના શિલાલેખમાં કચ્છ મંડલનો નિર્દેશ થયેલો છે. જ્યારે સિદ્ધરાજના દંડનાયક સજ્જનનો વર્ષ વગરનો

લેખ પ્રાપ્ત થાય છે. તેણે જૂનાગઢમાં જૈન મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો.[૯૫] આ બધા ઉલ્લેખો પરથી જણાય છે કે સિદ્ધરાજની સત્તા સૌરાષ્ટ્ર તેમજ કચ્છ પર પણ પ્રવર્તતી હતી.

વિ. સ. ૧૧૯૫ના ઉજ્જૈનના શિલાલેખમાં દંડનાયક દાદાકના પુત્ર મહાદેવને અવંતીમંડલ સોંપ્યાનો નિર્દેશ થયેલો છે. વિ.સં. ૧૧૯૬નો શિલાલેખ દોહદમાંથી પ્રાપ્ત થાય છે. આ ઉલ્લેખોના આધારે જણાય છે કે સિદ્ધરાજની સત્તા પૂર્વમાં છેક માળવા સુધી ફેલાયેલી હતી. માળવાના વિજયની સાથે સાથે વાગડ અને મેવાડના રાજ્યનો પણ ચૌલુક્ય સામ્રાજ્યમાં સમાવેશ થતો હતો.

વિ. સં. ૧૧૮૬નું એક તામ્રપત્ર ભિન્નમાલમાંથી પ્રાપ્ત થાય છે. વિ. સં. ૧૧૯૮ના કિરાડુના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજે કિરાડુમાં શિવાલય કરાવ્યું હતું. વિ. સં. ૧૨૦૦ના બાલીના લેખમાં સિદ્ધરાજના સામંત આસરાજે બહુસુણાદેવીની પૂજા માટે દાન આપ્યું હતું. ઉપરોક્ત લેખોના આધારે માહિતી પ્રાપ્ત થાય છે કે ઉત્તરમાં છેક રાજસ્થાનનાં કેટલાક ભાગોમાં તેમજ દક્ષિણ રાજસ્થાનમાં પણ સિદ્ધરાજની સત્તા પ્રવર્તતી હતી.

સિદ્ધરાજનો વર્ષ વગરનો એક લેખ સાંભરના એક કૂવામાંથી પ્રાપ્ત થયો છે જ્યારે તલવાડા ગામમાં ગણેશની પ્રતિમા નીચેથી વર્ષ વગરનો ત્રુટિત લેખ પ્રાપ્ત થાય છે. તેમાં જણાવ્યા અનુસાર સિદ્ધરાજે નરવર્માનું માનખંડ કર્યું અને પરમર્દીને કચડી નાંખ્યો. આ પુરાવાઓના આધારે જણાય છે કે શાકંભરી પણ સિદ્ધરાજની સત્તા નીચે હતું.

ઉપરોક્ત માહિતીના આધારે સ્પષ્ટ થાય છે કે સિદ્ધરાજના રાજ્યકાલ દરમ્યાન ચૌલુક્યોની સત્તા વર્તમાન ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને માળવાના ઘણા વિસ્તારોમાં વિસ્તરી હતી.

**સિદ્ધરાજ જયસિંહની વિવિધ પ્રવૃત્તિઓ :**

આભિલેખિક તેમજ સાહિત્યિક અભ્યાસને આધારે જણાય છે કે ચૌલુક્ય રાજવી સિદ્ધરાજે, મૂળરાજે સ્થાપેલ ચૌલુક્ય રાજ્યને એક વિશાળ સામ્રાજ્યમાં ફેરવવાનું મહત્ત્વનું કાર્ય કર્યું હતું. સિદ્ધરાજે ગુર્જર દેશ ઉપરાંત રાજસ્થાન, માળવા, લાટદેશ, કચ્છ–સૌરાષ્ટ્ર, મેવાડ અને શાકંભરી સુધી તેની સત્તા ફેલાવી હતી.

અભિલેખોમાં પ્રયોજાયેલ કેટલાંક વિશેષ બિરુદો ઘણું કરીને તેના વિજયોના જ સૂચક છે. સિદ્ધરાજનાં બિરુદોમાં "રાજા ધિરાજ," "પરમેશ્વર," "પરમભટ્ટારક"ની સાથે સાથે "બર્બરકજિષ્ણુ," "અવંતીનાથ," "સિદ્ધચક્રવર્તી", "ત્રિભુવનગંડ" વગેરે મળે છે. આ બિરુદોના આધારે સિદ્ધરાજના વિશાળ રાજ્યના સ્વામીત્વનું સૂચન મળે છે.

અભિલેખોમાંથી સિદ્ધરાજના અધિકારીઓનાં નામ જ્ઞાત થાય છે. એમાં સોરઠનો દંડનાયક સજ્જન તથા તેનો અનુગામી શોભનદેવ, દધિપદ્રમંડલનો અધિકારી કેશવ, અવંતિમંડલનો દંડાહીપતિ મહાદેવ, કચ્છમંડલનો મહામાત્ય નાગર દાદાક વગેરેનો સમાવેશ થતો હતો.

સિદ્ધરાજે તેના રાજ્યકાલ દરમ્યાન સ્થાપત્યકીય પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. તેના અભિલેખોમાંથી એણે કરાવેલ કેટલાંક સ્થાપત્યોની વિગતો જાણવા મળે છે. જેમકે વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના વર્ષનો એક શિલાલેખ પાટણમાંથી પ્રાપ્ત થયો છે.[૧૯૬] આ લેખ તેણે કરાવેલ કીર્તિસ્તંભને લગતો છે. એક અનુમાન પ્રમાણે સિદ્ધરાજે માળવા વિજયના ઉપલક્ષમાં આ કીર્તિસ્તંભ કરાવ્યો હશે.[૧૯૭] આ લેખના આધારે કેટલીક ઐતિહાસિક માહિતી પણ ઉપલબ્ધ થાય છે. કમભાગ્યે આ લેખ આખો મળ્યો નથી. જો આ લેખ આખો હોત તો તેમાં ચાવડાઓ અને ચૌલુકયોના ઇતિહાસની સાથે સિદ્ધરાજનાં પરાક્રમોનું વર્ણન જાણવા મળત. આ લેખના આધારે નીચેની બે બાબતો પર વધુ પ્રકાશ પડે છે :

(૧) પ્રસ્તુત લેખની પ્રથમ પંકિતના આધારે જણાય છે કે સિદ્ધરાજે કોટકિલ્લા અને જળાશયો ઉપરાંત પાઠશાળાઓ પણ બંધાવી હતી. હેમચંદ્રાચાર્ય પણ જણાવે છે કે સિદ્ધરાજે સહસ્ત્રલિંગ સરોવરના કિનારા ઉપર બ્રાહ્મણોના અધ્યયન માટે આશ્રમો અને દેવગૃહો બંધાવ્યાં હતાં.[૧૯૮]

(૨) લેખની છઠ્ઠી પંક્તિમાં સરસ્વતીના જળથી સરોવર ભરાયાનો ઉલ્લેખ છે.

અહીં એ નોંધવું જોઈએ કે "પ્રબંધચિંતામણિ" પ્રમાણે સરોવરમાં પ્રથમ પાણી નહોતું નીકળ્યું પરંતુ વરસાદના પાણીથી એ ભરાયું હતું.

બીજી બાજુ લોકકથા એમ જણાવે છે કે સમાજના શાપથી સહસ્ત્રલિંગ સરોવર સુકાઈ ગયું હતું પરંતુ માયા ઢેડના બલિદાનથી એ ભરાયું હતું.

આ લોકકથાનો અહીં આ લેખથી છેદ ઊડી જાય છે. સરસ્વતી નદીમાંથી નહેર ખોદીને અથવા તો નદીનું વહેણ એમાં વાળીને સરોવરમાં પાણી ભરવામાં આવ્યું હશે. અત્યારે પણ આ પ્રવાહ સરોવરને અડીને વહે છે.[૧૯૯]

ભીમદેવ ૨ જાના સમયનો સિંહ સંવત ૬૫, વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૮)નો એક શિલાલેખ સિદ્ધપુરમાંથી પ્રાપ્ત થયો છે, આ લેખમાં સિદ્ધપુરમાં બંધાવેલ રુદ્રમહાલયના સ્તંભોના સમારકામને લગતો છે. આ લેખ પરથી સ્પષ્ટ થાય છે કે રુદ્રમહાલયનો વિસ્તાર સિદ્ધરાજે કરાવ્યો હશે.

વિ. સં. ૧૧૮૩ (ઈ. સ. ૧૧૩૭)ના સિદ્ધરાજ જયસિંહના સમયના ગાળાના શિલાલેખમાં ઉલ્લેખ્યા પ્રમાણે સિદ્ધરાજના ખજાનચી અંબપ્રસાદે અને તેના સંબંધીઓએ ગાળામાં ભટ્ટારિકા તેમજ ગણેશનું મંદિર કરાવ્યાં હતાં.

જયસિંહના કચ્છ ભદ્રેશ્વરના ચોખંડા મહાદેવના શિલાલેખમાં તેના મંત્રીએ ઉદલેશ્વર અને કુમારપાલેશ્વરનાં મંદિરો પ્રજાર્થે કરાવ્યાંનો નિર્દેશ થયેલો છે.[૨૦૦]

કિરાડુમાંથી પ્રાપ્ત થયેલ વિ. સં. ૧૧૯૮ (ઈ. સ. ૪૧–૪૨)ના લેખમાં કિરાડુમાં શિવમંદિર કરાવ્યાનો ઉલ્લેખ થયેલો છે.

આ ઉપરાંત તલવાડામાંથી વર્ષ વગરનો લેખ પ્રાપ્ત થયેલો છે. આ લેખમાં જયસિંહે તલવાડામાં ગણેશનું મંદિર કરાવ્યું હતું તેવા ઉલ્લેખો થયેલા છે.

સિદ્ધરાજ પોતે શૈવધર્મી હતો. ઉપરોક્ત જણાવેલ સ્થાપત્યકીય સ્મારકોમાં ઘણાં શિવાલયો છે. તેણે તેના રાજ્યકાલ દરમ્યાન અનેક શિવાલયોને દાન આપ્યાં હતાં તેમજ કેટલાંક શિવાલયોનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો. દ્વયાશ્રયમાં જણાવ્યા અનુસાર સિદ્ધરાજે ભગવાન સોમનાથની યાત્રા પગપાળા કરી હતી.

સિદ્ધરાજ જયસિંહના સિક્કા વિશેના ઉલ્લેખો સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જોકે તેના થોડા સિક્કા જાણમાં આવ્યા છે, પરંતુ તેનું પ્રમાણ જૂજ મળે છે. આ અંગે આ મહાનિબંધમાં અન્યત્ર ચર્ચા કરવામાં આવી છે.[૨૦૧]

### કુમારપાલ

સિદ્ધરાજ જયસિંહ પછી ચૌલુક્ય સત્તા પર આવનાર કુમારપાલ આઠમો રાજવી હતો. સિદ્ધરાજ પોતે અપુત્ર મૃત્યુ પામતાં તેના પછી તેનો ભત્રીજો કુમારપાલ પાટણની ગાદીએ આવ્યો હતો. આ કુમારપાલ ૫૦ વર્ષની પ્રૌઢ

વયે સત્તા પર આવ્યો હતો. કુમારપાલે* વિ. સં. ૧૧૯૯ થી ૧૨૨૯ સુધી ૩૨ વર્ષ રાજ્ય કર્યું હોવાનું જણાય છે.

આ રાજવીના અભિલેખોની સંખ્યા સિદ્ધરાજ જયસિંહના લેખો કરતાં પણ વધુ મળે છે. એના ૩૫ લેખો મળ્યા છે. આમાંના મોટા ભાગના લેખો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતા છે. જો કે જૂજ લેખોમાંથી રાજકીય વિગતો પણ પ્રાપ્ત થાય છે.

કુમારપાલનો સૌથી પહેલો લેખ વિ. સં. ૧૨૦૧ (ઈ. સ. ૧૧૪૪–૪૫)ના વર્ષનો છે જે ગાળામાંથી પ્રાપ્ત થયો છે.[૨૦૨] જ્યારે છેલ્લો લેખ વિ. સં. ૧૨૨૭ (ઈ. સ. ૧૧૭૧)નો ગિરનારમાંથી પ્રાપ્ત થાય છે.[૨૦૩] કુમારપાલનો લેખ ઉપલબ્ધ અભિલેખોમાંથી કેવળ રાજકીય વિગતને લગતા લેખોનું અહીં વિવરણ કરેલું છે. આ લેખોને નીચે મુજબ ગણાવી શકાય :

— વિ. સ. ૧૧૦૨ (ઈ. સં. ૧૧૪૫)ના માંગરોળના શિલાલેખમાં કુમારપાલે શાકંભરી વિજય કર્યો હતો તેવો ઉલ્લેખ મળે છે.[૨૦૪]

— વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૦૫૦–૫૧)ના ચિત્તોડગઢના સમિદ્ધેશ્વર મહાદેવના લેખથી જણાય છે કે કુમારપાલે શાકંભરીના રાજાને હરાવ્યો હતો.[૨૦૫]

— વિ. સ. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૬)ના વડનગરના પ્રશસ્તિ લેખમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલે આનંદપુર (વડનગરમ)માં કિલ્લો બંધાવ્યો હતો. આ લેખમાં જણાવ્યા પ્રમાણે એણે શાકંભરીના રાજા અર્ણોરાજને હરાવ્યો હતો[૨૦૬]

— વિ. સં. ૧૨૦૯ (ઈ. સ. ૧૧૫૩)નો અમારિને લગતો લેખ કિરાડુમાંથી પ્રાપ્ત થયો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે અમુક પવિત્ર દિવસોએ વધ કરવો નહીં. આ આજ્ઞાનો ભંગ કરી જીવહિંસા કરનારને દંડની સજા કરવામાં આવશે.[૨૦૭]

— વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨)નો લેખ કિરાડુમાંથી પ્રાપ્ત થયેલો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલના સામંત સોમેશ્વરે જેસલમીરના રાજા જજ્જક પાસેથી ૧૭૦૦ ઘોડાનો દંડ લીધો તેમજ તણુકોટ (જેસલમીર) અને નવસર(નૌસર–જોધપુર રાજ્ય) એ બે કિલ્લા લીધા તથા થોડાક વખત સુધી જજ્જકને સેવક બનાવ્યા પછી તેને એનું રાજ્ય પાછું સોંપ્યું હતું.[૨૦૮]

— કુમારપાલના ધોળકાના વર્ષ વગરના એક લેખમાં તેણે (શિલાહાર રાજા) મલ્લિકાર્જુનનો વધ કર્યો હોવાનો ઉલ્લેખ છે.[૨૦૯]

આમ કુમારપાલના પોતાના લેખોમાં તેમજ સમકાલીન તથા અનુકાલીન લેખોમાં તેની કેટલીક રાજકીય વિગતો વિશે જાણવા મળે છે.

**કુમારપાલનો રાજ્યાભિષેક :** કુમારપાલના રાજ્યભિષેક વિશે ભિન્ન–ભિન્ન મત પ્રવર્તે છે. સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૨૦૦ (ઈ. સ. ૧૧૪૩)ના બાલીના શિલાલેખના વાંચનના આધારે શ્રી એ. કે. મજુમદારે કુમારપાલના રાજ્યાભિષેકનું વર્ષ હેમચંદ્રાચાર્યની આગાહીમાં જણાવેલ "વીર નિર્વાણથી ૧૬૬૯ વર્ષ વીતતાં" વિ. સં. ૧૨૦૦ હોવાનું જણાવ્યું છે.[૨૧૦]

"પ્રબંધચિંતામણિ"માં કુમારપાલનો રાજ્યાભિષેક વિ. સં. ૧૧૯૯ના કારતક વદ ૬ને રવિવારે થયેલો હોવાનું જણાવ્યું છે,[૨૧૧] જ્યારે "વિચારશ્રેણી"માં વિ. સં. ૧૧૯૮માં સિદ્ધરાજના મૃત્યુ પછી ૩૦ દિવસે કુમારપાલનો રાજ્યાભિષેક થયો હોવાની વિગત નોંધાયેલ છે.[૨૧૨] 'સુપાસનાહચરિત'ની પ્રશસ્તિમાં સં. ૧૧૯૯ ના માઘ સુદ ૧૦ ને ગુરુવારે કુમારપાલનો રાજ્યાભિષેક થયો હોવાનું જણાવ્યું છે.[૨૧૩]

ઉપરોક્ત વિવિધ મતો જોતાં શ્રી દુ. કે. શાસ્ત્રીના મત મુજબ સિદ્ધરાજના વિ. સં. ૧૨૦૦ (ઈ. સં. ૧૧૪૩)ના બાલીના શિલાલેખના વાંચનામાં હજુ શંકા રહે. પરંતુ પ્રબંધોમાં આપેલું વર્ષ સંભવિત ગણી શકાય. આ પ્રમાણે સિદ્ધરાજનું મૃત્યુ ઈ. સ. ૧૧૪૨ના ઑકટોબરમાં થયું હોય અને કુમારપાલનો રાજ્યાભિષેક લગભગ એ પછીના મહિને થયો હોય.[૨૧૪]

**કુમારપાલના વિજય :**

કુમારપાલના અભિલેખોને આધારે તેણે કરેલા વિજયો વિશે જાણવા મળે છે.

**શાકંભરી વિજય :** શાકંભરીના રાજા અર્ણોરાજનો પરાજય કરવામાં કુમારપાલને મળેલી સફળતા એ એની મોટી રાજકીય સિદ્ધિ હતી.

કુમારપાલ સત્તા પર આવ્યો તે પછી ટૂંક સમયમાં જ એણે અર્ણોરાજનો પરાભવ કર્યો. કુમારપાલના આ વિજયની નોંધ તેના પોતાના અભિલેખો તેમજ અનુકાલીન અભિલેખોમાં પણ થયેલી છે. આમાં દૃષ્ટાંત રૂપે કુમારપાલના પોતાના વિ. સં. ૧૨૦૮ના વડનગર પ્રશસ્તિ લેખ તેમજ તેના વિ. સં. ૧૨૦૯ અને વિ. સં. ૧૨૧૩ના લેખોમાં થયેલ નિર્દેશને ગણી શકાય.

કુમારપાલના આ વિજયનાં કારણો અભિલેખોમાં ચર્ચાયાં નથી, પરંતુ સાહિત્યિક સાધનોમાંથી આ અંગેનાં જુદાં જુદાં કારણો જાણવા મળે છે. મેરુતુંગના જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજના માનેલા પુત્ર ચાહડકુમારે અર્ણોરાજને કુમારપાલ સામે ઉશ્કેર્યો હતો. તેથી એ લડાઈ થઈ હતી[૨૧૫] જ્યારે જિનમંડન, રાજશેખર અને જયસિંહ-સૂરિએ આ અંગે જણાવ્યું છે કે કુમારપાલની બહેન દેવલદેવી સાથે દ્યૂત રમતાં એના પતિ અર્ણોરાજે કુમારપાલ માટે અપમાનજનક શબ્દો બોલતાં કુમારપાલે અર્ણોરાજ પર ચડાઈ કરી હતી.[૨૧૬]

આ ઉપરથી લાગે છે કે કુમારપાલે અર્ણોરાજને બે વાર પરાજય આપ્યો હશે. આબુના પરમાર રાજા વિક્રમસિંહે કુમારપાલને દગો દેતાં કુમારપાલે એને પદભ્રષ્ટ કરી એનું રાજ્ય એના ભત્રીજા યશોધવલને આપેલું.[૨૧૭] આ યશોધવલના વિ. સં. ૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૫)ના લેખ[૨૧૮] પરથી જણાય છે કે કુમારપાલે અર્ણોરાજ પર પહેલી ચડાઈ વિ. સં. ૧૨૦૨ પહેલાં કરી હશે[૨૧૯] જ્યારે બીજી ચડાઈ વિ. સં. ૧૨૦૭માં થઈ હોવાનું કુમારપાલના એ વર્ષના ચિત્તોડના શિલાલેખને આધારે જણાય છે.[૨૨૦]

**બલ્લાલ સામે વિજય :** વિ. સં ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના વડનગરના પ્રશસ્તિ લેખમાં કુમારપાલે માલેશ્વરના શિરને દરવાજે લટકાવ્યાનો ઉલ્લેખ થયેલો છે. આ માલેશ્વર એ માળવાનો રાજા બલ્લાલ હોવાનું જણાય છે. આ ઉપરાંત વિ.સં. ૧૨૨૫(ઈ. સ. ૧૧૬૯)ના વેરાવળના ભદ્રકાળી મંદિરમાંના કુમાર-પાલના શિલાલેખમાં પણ બલ્લાલ–વિજયનો ઉલ્લેખ થયેલો છે. કુમારપાલના સમકાલીન રાજવીઓના લેખમાં પણ તેના આ પરાક્રમનો નિર્દેશ થયેલો છે. આબુના પરમાર રાજા યશોધવલના સમયની ત્યાંની તેજપાલ મંદિરની પ્રશસ્તિમાં યશોધવલે કુમારપાલની સામે આવેલા માળવાના રાજા બલ્લાલને માર્યો એવા ઉલ્લેખો થયેલા છે.[૨૨૧]

સાહિત્યિક ઉલ્લેખોમાં પણ કુમારપાલના આ વિજયને સમર્થન મળે છે. હેમચંદ્રાચાર્યે નોંધ્યા પ્રમાણે પૂર્વના રાજા બલ્લાલે અર્ણોરાજની ચડાઈ વખતે ગુજરાત પર ચડાઈ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે કુમારપાલે નંદીપુરના સૈન્યને બલ્લાલ સામે મોકલ્યું હતું.[૨૨૨] આ વખતે કુમારપાલના પાંચ સામંતોએ ભેગા મળીને બલ્લાલને હરાવ્યો હતો. આ પાંચે સામંતોમાં આબુનો રાજવી યશોધવલ મુખ્ય હતો.[૨૨૩]

આ બલ્લાલ કોણ તે સ્પષ્ટ કહી શકાતું નથી. એક મત પ્રમાણે બલ્લાલને માળવાનો રાજવી ગણવામાં આવ્યો છે. પરંતુ પુરાતત્ત્વ–સંશોધકોને માળવાના પરમાર રાજાઓની વંશાવળીમાં બલ્લાલનું નામ મળતું નથી.[૨૨૪] આથી શ્રી દુ. કે. શાસ્ત્રીના મત મુજબ માળવાનો રાજા યશોધર્મ સિધ્ધરાજને હાથે કેદ થયા પછી તેનો પુત્ર જયવર્મા સંભવત: ગુજરાતના રાજાના સામંત તરીકે માળવામાં રાજ્ય કરતો હશે ત્યારે કદાચ દ્વારસમુદ્રના હોયસલ રાજા બલ્લાલે[૨૨૫] (વીર–બલ્લાલ ૨ જાએ) કર્ણાટકના ચાલુક્ય સેનાપતિ બનીને નબળા પડી ગયેલા માળવાના રાજાને હરાવી પોતાની સત્તા સ્થાપી હશે. આ અંગે શ્રી ડી. સી. ગાંગુલી તર્ક કરતાં કહે છે કે આ બલ્લાલને કુમારપાલે મારીને આખા માળવા પર પોતાની સત્તા સ્થાપી અને માળવાને જુદા જુદા પ્રાંતોમાં વહેંચી નાંખ્યું હશે.[૨૨૬]

ઉપર જણાવેલી સંભાવનાના સમર્થનમાં કુમારપાલના મહાસાંધિવિગ્રહકનો ભીલાસા પાસે વિ. સં ૧૨૨૧ના ઉદયપુરના ઉદીલેશ્વરને દાન આપ્યાનો લેખ ટાંકી શકાય.[૨૨૭]

ઉપરોક્ત પુરાવાને જોતાં એમ કહી શકાય કે કુમારપાલે બલ્લાલનો વિજય કરી ઉદયપુર–ભીલસા પ્રદેશમાં પણ પોતાની આણ પ્રવર્તાવી હશે.

**મલ્લિકાર્જુન–વધ :** કુમારપાલના વર્ષ વગરના ધોળકામાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખમાં કુમારપાલે મલ્લિકાર્જુનનો શિરચ્છેદ કર્યો હતો તેવા ઉલ્લેખો છે.

મલ્લિકાર્જુન એ ચૌલુક્ય રાજ્યની ઉત્તરમાં આવેલ શિલાહાર રાજ્યનો રાજવી હતો. કુમારપાલના આ વિજયની વાત સાહિત્યમાં કરેલી છે અને તેમાં પણ આ પરાક્રમને સ્વીકારેલું છે. કીર્તિકૌમુદીમાં પણ તેના આ વિજયનો નિર્દેશ થયેલો છે.[૨૨૮] આ પછી હેમચંદ્રાચાર્યે આનું વિસ્તારથી વર્ણન કરેલું છે.[૨૨૯] શ્રી રસિકલાલ પરીખને મતે કુમારપાલનો આ અંતિમ વિજય હોઈ શકે.[૨૩૦]

**સોરઠનું બંડ સમાવ્યું**

ચૌલુક્યોના નડૂલના સામંત આલ્હણદેવના વિ. સં. ૧૩૧૯ (ઈ. સ. ૧૨૬૩)ના સૂંધાના લેખમાં જણાવ્યા પ્રમાણે આલ્હણદેવે ગુર્જરેશની ઇચ્છાથી સૌરાષ્ટ્રના કુટિલ કાંટાને ઉખેડી નાંખ્યો.[૨૩૧] આ આલ્હણદેવનો કિરાડુમાંથી વિ. સં. ૧૨૦૯નો લેખ મળ્યો છે. આ લેખમાં તેણે પોતાને કુમારપાલનો સામંત હોવાનું કહ્યું છે.[૨૩૨] આ ઉપરાંત આલ્હણદેવના પુત્ર કીર્તિપાલનો વિ. સં. ૧૨૧૮નો લેખ મળેલો છે તેમાં પણ આલ્હણે સૌરાષ્ટ્રિકોને હરાવ્યા હતા તેવા ઉલ્લેખો છે.[૨૩૩]

ઉપરોક્ત આભિલેખિક પુરાવાઓ જોતાં શ્રી દુ. કે. શાસ્ત્રીના મત મુજબ સોરઠમાં કોઈએ બંડ કરેલું અને તેને દબાવવા માટે જે જે સામંતો મોકલ્યા તેમાં આ ચૌહાણ સામંત આલ્હણ મુખ્ય હતો તેમ કહી શકાય.[૨૩૪]

**કુમારપાલનો રાજ્યવિસ્તાર :**

કુમારપાલના રાજ્યકાલ દરમ્યાન જે અભિલેખો પ્રાપ્ત થયા છે તેના આધારે તેના સમગ્ર રાજ્યવિસ્તારનો ખ્યાલ આવે છે.

સૌરાષ્ટ્રના લેખોમાં વિ. સં. ૧૪૦૧ (ઈ. સ. ૧૧૪૫)નો મહામાત્ય મહાદેવનો, વિ. સં ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)નો માંગરોળ પાસે ગુહિલવંશના રાજા મૂલુકનો અને વિ. સ. ૧૨૨૫માં (ઈ. સ. ૧૧૬૯) કુમારપાલે સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. તે પરથી કુમારપાલની આણ સૌરાષ્ટ્રના લગભગ બધા ભાગો પર પ્રવર્તતી હોવાનું પ્રતીત થાય છે.

કુમારપાલના વિ. સ. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬) ના લેખમાં જણાવ્યા પ્રમાણે ગોદ્રહક(ગોધરા)માં મહામંડલેશ્વરનો વહીવટ હતો. વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૧)ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે આબુના રાજા યશોધવલે કુમારપાલનું આધિપત્ય સ્વીકાર્યું હતું. વિ. સં. ૧૧૦૯ (ઈ. સ. ૧૧૫૩) ના લેખના આધારે જણાય છે કે મારવાડની પલ્લિકા(પાલી)માં પણ કુમારપાલની આણ પ્રવર્તતી હતી. વિ. સં. ૧૨૨૦–૨૧ (ઈ. સ. ૧૦૬૪–૬૫)ના શિલાલેખને આધારે જણાય છે કે માળવાના ઉદયપુર રાજ્યમાં પણ કુમારપાલનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. વિ. સં. ૧૨૧૩ (ઈ. સ. ૧૧૫૭)ના કુમારપાલના સમયમાં નાડોલમાં કુમારપાલના ખંડિયા રાજા મહામાંડલિક પ્રતાપસિંહે ત્રણ જૈનમંદિરોને દાન આપ્યું હતું. તેના આધારે જણાય છે કે નાડોલમાં પણ કુમારપાલનું રાજ્ય હતું. વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨) ના શિલાલેખના આધારે જણાય છે કે કિરાડુમાં કુમારપાલના સામંત તરીકે સોમેશ્વરનું શાસન હતું.

આમ અભિલેખોના આધારે જણાય છે કે કુમારપાલનો રાજ્યવિસ્તાર સારસ્વતમંડલ ઉપરાંત સૌરાષ્ટ્ર, ગોધરા, આબુ, મેવાડ, મારવાડ, ઉદયપુર, માળવા તેમજ ઉત્તરમાં સાંભર–અજમેર તથા દક્ષિણમાં ઉત્તર કોંકણના શિલાહાર રાજા સુધી હતો.

## કુમારપાલનાં બિરુદો

કુમારપાલના અભિલેખોમાં તેના નામની આગળ વિવિધ બિરુદો પ્રયોજેલાં છે. આ બિરુદોમાં પરમભટ્ટારક સમસ્ત રાજાવલી વિરાજિત પરમેશ્વર વગેરે; ખાસ બિરુદોમાં "શાકંભરીભૂપાલ" તેમજ "ઉમાપતિવર–લબ્ધપ્રસાદ" વગેરે પ્રયોજાયાં છે. શાકંભરીભૂપાલનું બિરુદ તેના શાકંભરી–વિજયનું સૂચક છે, જ્યારે ઉમા-પતિવરલબ્ધપ્રસાદ એ તેના શૈવધર્મ પ્રત્યેના અનુરાગનું સૂચન કરે છે.

## કુમારપાલનાં ચરિત્ર અને કારકિર્દી

વિ. સં. ૧૨૦૮ના શિલાલેખમાં કુમારપાલના ગુણોનો ઉલ્લેખ થયેલો છે. તેમાં કુમારપાલને અત્યંત પ્રતાપી, હરિસમાન ગુણોવાળો, શુદ્ધ આચરણવાળો સદ્ધર્મનાં કર્મોનો પ્રાદુર્ભાવ કરવાવાળો, ચતુરનયનોવાળો, કૃતયુગ પ્રવર્તાવનાર, કાલવ્યવસ્થાને વશ કરનાર અને ધર્મ ફેલાવનાર કહેવામાં આવેલો છે.

કુમારપાલના ઘણા લેખોમાં એને "ઉમાપતિવરલબ્ધપ્રસાદ" બિરુદ આપેલું છે. વિ. સં. ૧૨૧૬, ૧૨૨૦, તેમજ વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૯)ના લેખોમાં એને "ઉમાપતિલબ્ધવરપ્રૌઢપ્રતાપ" કહ્યો છે, જે બાબત એના શૈવધર્મ પ્રત્યેના અનુરાગની સૂચક છે. પરંતુ હેમચંદ્રાચાર્યના સંપર્કમાં આવતાં કુમારપાલનો જૈનધર્મ પ્રત્યેનો અનુરાગ વધ્યો હતો. એમ કહેવાય છે કે કુમારપાલે વિ. સં. ૧૨૧૬ (ઈ. સ. ૧૧૬૦)માં જૈનધર્મ અંગીકાર કર્યો હતો. જૈનધર્મ સ્વીકાર્યા પછી એણે અહિંસા, ત્યાગ વગેરે સિદ્ધાંતો અપનાવી લીધા હતા. જોકે તેના અભિલેખોમાં આ પ્રકારની અસર ક્યાંય જણાતી નથી. જો કે તેના રાજ્યકાલ દરમ્યાન મારવાડના બે સામંતોના લેખોમાં અમારિઘોષણા (જીવહિંસા નહિ કરવાના ફરમાન)ના ઉલ્લેખો થયેલા છે.

બીજી બાજુ વિ. સં. ૧૨૨૧, ૧૨૨૭ અને ૧૨૨૮ના લેખોમાં એને પરમ આર્હત અને પરમશ્રાવક કહ્યો છે.

આ ઉપરાંત વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮)ના લેખમાં[૨૩૫] જણાવ્યા પ્રમાણે તેણે સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેવી રીતે તેણે કેદારેશ્વર મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો[૨૩૬] અણહિલપુરમાં તેણે કુમારપાલેશ્વર નામનું શિવમંદિર પણ કરાવ્યું હતું.[૨૩૭] આમ આભિલેખિક અને સાહિત્યિક

પુરાવા જોતાં એમ જણાય છે કે કુમારપાલે તેનો વંશપરંપરાગત શૈવ ધર્મ ચાલુ રાખીને જૈન ધર્મ અપનાવ્યો હશે.[૨૩૮]

કુમારપાલ પોતે ઘણો ધાર્મિક હોવાથી તેના સમય દરમ્યાન ગુજરાતમાં અનેક દેવાલયો બંધાયાં. તેમાંનાં કેટલાંક દેવાલયોનો જીર્ણોદ્ધાર પણ કરવામાં આવ્યો હતો. દેવાલયો ઉપરાંત એણે ઘણાં વાવ, કૂવા, તળાવ વગેરે પણ કરાવ્યાં હતાં જેનો કેટલોક નિર્દેશ અભિલેખોમાંથી પ્રાપ્ત થાય છે.

**અજયપાલ**

કુમારપાલ અપુત્ર મૃત્યુ પામતાં એના ભાઈ મહીપાલનો પુત્ર અજયપાલ સત્તા પર આવ્યો.[૨૩૯] અજયપાલે વિ. સં. ૧૨૨૯ થી ૧૨૩૨ (ઈ. સ. ૧૧૭૩ થી ૧૧૭૬) સુધી અર્થાત્ ત્રણ વર્ષ જેટલું ટૂંકું રાજ્ય કર્યું હતું.

અજયપાલના રાજ્યકાલ દરમ્યાનના ત્રણ અભિલેખો પ્રાપ્ત થયા છે. વિ. સં. ૧૨૨૯ના શિલાલેખથી જણાય છે કે અજયપાલ માળવાના ભીલસા પ્રદેશ પર આધિપત્ય ધરાવતો હતો ત્યાં એના વતી મહામાત્ય સોમેશ્વર અમલ ચલાવતો હતો. વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૪)ના શિલાલેખના આધારે જણાય છે કે મંડલેશ્વર વયજલદેવ નર્મદાતટમંડલનો વહીવટ કરતો હતો.

અજયપાલના ઉત્તરાધિકારીઓના લેખને આધારે અજયપાલ વિશે કેટલીક માહિતી જાણવા મળે છે. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૫૬ના પાટણના તામ્રપત્રના આધારે જણાય છે કે અજયપાલ અજમેરના રાજા પાસેથી કર લેતો હતો. આ માહિતીને સાહિત્યિક ઉલ્લેખો પણ સમર્થન આપે છે.[૨૪૦] શાકંભરીમાં એ વખતે સિદ્ધરાજનો દૌહિત્ર સોમેશ્વર સત્તા પર હતો. અજયપાલે સોમેશ્વરને વશ કરી એની પાસેથી હાથીઓ અને સોનાની મંડપિકા લીધાં હતાં.[૨૪૧]

**મૂળરાજ ૨ જો**

મૂળરાજ ૨ જો અજયપાલનો મોટો પુત્ર હતો. "પ્રબંધચિંતામણિ"માં તેને "બાલમૂલરાજ" તરીકે અને "વિચારશ્રેણી"માં "લઘુમૂળરાજ" તરીકે ઓળખાવ્યો છે. પ્રબંધચિંતામણિમાં આ મૂળરાજનો રાજ્યકાલ વિ. સં. ૧૨૩૩ થી ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૭ થી ૧૧૭૯)નો જણાવ્યો છે,[૨૪૨] જ્યારે "વિચારશ્રેણી"માં[૨૪૩] વિ. સં. ૧૨૩૨ થી ૧૨૩૪ (ઈ. સ. ૧૧૭૬ થી ૧૧૭૮) જણાવ્યો છે, પરંતુ મૂળરાજ ૨ જાનું વિ. સં. ૧૨૩૨ના ચૈત્ર સુદ ૧૧નું તામ્રપત્ર મળ્યું છે.[૨૪૪]

બ્રાહ્મણવાડાના તેના આ તામ્રપત્રમાં તેને "પરમભટ્ટારક" "મહારાજાધિરાજ" અને "પરમેશ્વર" કહ્યો છે. આ દાનપત્રમાં અજયપાલની પત્ની કર્પૂરદેવીની મરણોત્તર શૈય્યા લેનાર નાગર બ્રાહ્મણ ધૂહડસુત પ્રભાકરને બ્રાહ્મણવાડા ગામની થોડી જમીન દાનમાં આપ્યાની વિગત નોંધાઈ છે. આ દાનપત્રમાં જણાવેલ વર્ષ એ "વિચારશ્રેણી"માં આપેલ વર્ષ સાથે બંધ બેસે છે. આથી મૂળરાજ ૨ જાના રાજ્યકાલનું આરંભ-વર્ષ વિ. સં. ૧૨૩૨ બરાબર જણાય છે.

મૂળરાજ ૨ જાના સમયમાં તેના ઉત્તરાધિકારીઓના ઘણા લેખોમાં[૨૪૫] મૂળરાજે ગર્જનકના દુર્જેય અધિરાજને યુદ્ધમાં પરાભૂત કર્યાનો નિર્દેશ થયેલો છે જ્યારે બીજાં દાનપત્રોમાં[૨૪૬] એને "મ્લેચ્છરૂપી તમોરાશિથી છવાયેલા મહીવલયને ઉજાસ આપનાર બાલાર્ક" તરીકે ઓળખાવ્યો છે. સાહિત્યમાં "વસંતવિલાસ," "કીર્તિકૌમુદી," "સુકૃતસંકીર્તન" અને "સુકૃતકીર્તિકલ્લોલિની"માં મૂળરાજે મુસલમાનોને હરાવ્યા હતા તેનો નિર્દેશ થયેલો છે.[૨૪૭] મૂળરાજે કદાચ આ વિજય તેના દાનશાસનમાં જણાવેલ વર્ષ વિ. સં. ૧૨૩૨ અને વિ. સં. ૧૨૩૪ દરમ્યાન કર્યાનો સંભવ છે.

મૂળરાજની મુસલમાનો સાથેની વિજયની માહિતી પ્રબંધો ઉપરાંત મુસ્લિમ ઇતિહાસોમાંથી પણ ઉપલબ્ધ થાય છે.

વિ. સં. ૧૨૩૪ (ઈ. સ. ૧૧૭૮, હિજરી સંવત ૫૭૪)માં પરપ્રાંતનો મુઈઝુદ્દીન મહમ્મદ બિન સામ પાટણ પર ચડી આવ્યો ત્યારે એ વિશે મિન્હાઝ–ઉલ્ સિરાઝ લખે છે કે "મહમ્મદ" ઉચ્છ અને મુલતાનને રસ્તે પોતાના લશ્કરને નહરવાલા (અણહિલપુર) તરફ લઈ ગયો. આ વખતે નહરવાલાનો રાજા ભીમદેવ બાળક હતો પરંતુ તેની પાસે મોટું લશ્કર અને હાથી હતા. યુદ્ધમાં મુસલમાનો હારી ગયા અને સુલતાનને પાછા હઠવું પડ્યું. આ બનાવ હિજરી સંવત ૫૭૪ (ઈ. સ. ૧૧૭૮)માં બન્યો.[૨૪૮] આ ઉપરાંત "તારિખ–એ–ફિરસ્તા"માં જણાવ્યું છે કે, "મુહમ્મદ ઘોરી મુલતાન થઈ ગુજરાતના રેતાળ જંગલ તરફ ગયો ત્યારે ભીમદેવ મોટા લશ્કર સાથે સામે આવ્યો અને મુસલમાનોને પાછા નસાડ્યા."[૨૪૯]

ઉપરોક્ત મુસ્લિમ તવારીખોમાં મૂલરાજને બદલે ભીમદેવનું નામ છે જે ભૂલ થયેલી જણાય છે. જોકે આ પ્રસંગ પછી તરતમાં મૂલરાજનું મૃત્યુ થયું અને ભીમદેવ સત્તા પર આવ્યો હતો તેથી કદાચ આ ભૂલ શક્ય બને.

**ભીમદેવ ૨ જો (પ્રથમવાર) (વિ. સં. ૧૨૩૪ થી ૧૨૬૬)**

મૂળરાજ ૨ જાના મૃત્યુ પછી ચૌલુક્યોની સત્તા મૂળરાજના નાના ભાઈ ભીમદેવ ૨ જાના હાથમાં આવી. ભીમદેવ ૨ જો વિ. સં. ૧૨૩૪ (ઈ. સ. ૧૧૭૮)માં સત્તા પર આવ્યો અને એણે વિ. સં. ૧૨૯૮ (ઈ. સ. ૧૨૪૨) સુધી લગભગ ૬૩ વર્ષ રાજ્ય કર્યું હોવાનું પ્રબંધોમાં નોંધાયું છે.[૨૫૦] પરંતુ એણે સળંગ ૬૩ વર્ષ સુધી રાજ્ય કર્યું હોવાનું જણાતું નથી. કારણ કે વિ. સં. ૧૨૬૩ થી ૧૨૮૩ દરમ્યાન જયસિંહ ૨ જાનું ૧૫ વર્ષ જેટલું રાજ્ય હોવાના પુરાવા પ્રાપ્ત થયા છે.[૨૫૧]

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૩૪ થી ૧૨૬૬ (ઈ. સ. ૧૧૭૮ થી ૧૨૧૦) સુધીના ૩૨ વર્ષના રાજ્યકાલ દરમ્યાન ઘણા ઉત્કીર્ણ લેખો પ્રાપ્ત થયા છે. તેનો પ્રથમ અભિલેખ વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૯)નો કિરાડુમાંથી પ્રાપ્ત થાય છે, જ્યારે છેલ્લું તામ્રપત્ર વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)નું છે.

અહીં બધા અભિલેખોની વિગતો અપ્રસ્તુત હોઈ કેવળ રાજકીય ઇતિહાસને ઉપયોગી લેખોની વિગતો આપી છે, જે નીચે મુજબ છે :

૧. વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૮)નો લેખ. કિરાડુમાંથી પ્રાપ્ત આ લેખમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાના સામંત તેજપાલે, કિરાડુમાં તુરુષ્કોએ ભાંગેલી મૂર્તિની જગ્યાએ નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી.[૨૫૨]

૨. વિ. સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦)ના તામ્રપત્રમાં ભીમદેવે રાયકવાલ બ્રાહ્મણ જ્યોતિ સોઢલના પુત્ર આસધરને આનલેશ્વરદેવ મંદિરના નિભાવ અર્થે કડાગ્રામની ભૂમિ આપ્યાની નોંધ છે.[૨૫૩]

૩. ત્રીજું તામ્રપત્ર વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૬–૭)નું છે, એમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાએ પ્રસન્નપુરથી આવેલા દામોદરના પુત્ર ગોવિંદને સહસચાણા ગામની ભૂમિ દાનમાં આપી હતી.[૨૫૪]

૪. વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૬–૭)ના તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે આ રાજાએ લીલાપુરમાં બંધાયેલ ભીમેશ્વર અને લીલેશ્વરનાં મંદિરો તેમજ લીલાપુરના જ પ્રપા અને સત્રાગારને ઇંદિલા ગામની જમીન દાનમાં આપી હતી.[૨૫૫]

૫. વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯)ના આબુના શિલાલેખમાં ભીમદેવ ૨ જાના સમયમાં કેદારરાશિએ અચલગઢમાં કનખલ તીર્થમાં સ્મારકો કરાવ્યા તેની નોંધ છે.[૨૫૬]

૬. વિ. સં. ૧૨૬૬ (ઈ. ૧૨૧૭)ના અણહિલવાડના તામ્રપત્રમાં નાગરજ્ઞાતિના પારાશરના પુત્ર માધવને ઘણટેલાણા ગામમાં વાપી સાથે જોડાયેલું ૫૦ પારાનું ખેતર આપ્યું હતું તેને લગતો લેખ છે.[૨૫૭]

સમકાલીન લેખોમાં પણ ભીમદેવ ૨ જાને લગતા નિર્દેશો થયેલા છે. જેમ કે વિ. સં. ૧૨૬૩ ના આહડના તામ્રપત્રના આધારે જણાય છે કે ભીમદેવની સત્તા છેક મેદપાટમંડલ સુધી પ્રવર્તી હશે.[૨૫૮] વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૮)ના મહેર જગમલ્લના ટિમાણા તામ્રપત્રમાં ભીમદેવ ૨ જાનો ઉલ્લેખ થયેલો છે.[૨૫૯]

**રાજ્ય–વિસ્તાર :**

ભીમદેવ ૨ જાના પ્રાપ્ત થતા લેખોને આધારે તેના રાજ્ય વિસ્તારને લગતી માહિતી ઉપલબ્ધ થાય છે.

ઉપર જોયું તેમ વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૮)ના કિરાડુના શિલાલેખના આધારે જણાય છે કે કિરાડુકૂપમાં એટલે કે કિરાડુમાં એનું રાજ્ય હશે. વિ.સં. ૧૨૪૨ થી વિ. સ. ૧૨૬૬ (ઈ. સ. ૧૧૮૫ થી ૧૨૧૦)નાં[૨૬૦] દાનશાસનોમાં ભીમદેવ ૨ જાનાં જુદાં જુદા બિરુદો આપેલાં છે. આ બિરુદોમાં "પરમભટ્ટારક", "મહારાજાધિરાજ", "પરમેશ્વર" અને તે ઉપરાંત "અભિનવ સિદ્ધરાજ"નું બિરુદ પણ જોવા મળે છે. આ દાનશાસનોમાંથી સારસ્વતમંડલના જુદા જુદા પથકોનો નિર્દેશ થયેલો હોઈ તેના વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

ભીમદેવ ૨ જાએ દેવાલયોના નિભાવ માટે ભૂમિદાન પણ આપ્યાં હતાં. વિ.સં. ૧૨૬૩ના તામ્રપત્રના આધારે જાણવા મળે છે કે લીલાપુરમાં ભીમેશ્વરદેવ અને લીલેશ્વરદેવ મંદિર હતાં. લીલાપુર ગામ ભીમદેવની રાણી લીલાદેવીના નામથી વસ્યું હતું. આ ગામ કરીરાગ્રામ અને માલકતરી ગામની વચ્ચે આવેલું હતું. આ લેખમાં જણાવેલ બન્ને મંદિરો ભીમદેવ અને તેની રાણી લીલાદેવીના નામ પરથી બંધાવવામાં આવ્યાં હતાં. રાણી લીલાદેવી ચૌહાણ સમરસિંહની પુત્રી હતી. સમરસિંહ જાબાલિપુર (જાલોર)નો રાજવી હતો અને એ નડુલના કીર્તિપાલનો પુત્ર હતો.

સૌરાષ્ટ્રના સમકાલીન લેખોને આધારે ભીમદેવ ૨ જાની સત્તા સૌરાષ્ટ્ર પર હતી તેનો ખ્યાલ આવે છે. સૌરાષ્ટ્રમાં પહેલાં સોમરાજદેવ અને પછી સામંતસિંહ વહીવટકર્તા હતો. પ્રભાસપાટણના પ્રખ્યાત સોમનાથ મંદિરમાં ભીમદેવે મેઘધ્વનિ

કે મેઘનાદ નામનો મંડપ કરાવ્યો હતો.[૨૬૧] આ વખતે મહેર રાજવી જગમલ્લ ટિમાણામાં રાજ્ય કરતો હતો અને તે ભીમદેવ ૨ જાનો સામંત હતો. આમ અભિલેખોના પુરાવાના આધારે જણાય છે કે ભીમદેવના સમયમાં સૌરાષ્ટ્રના જુદા જુદા વિભાગોમાં જુદા જુદા સામંતો વહીવટ કરતા હતા. ભીમદેવ ૨ જાના સમયની વિ.સં. ૧૨૪૭ (ઈ. સ. ૧૧૯૧) ની હસ્તપ્રતના[૨૬૨] આધારે જણાય છે કે ભરૂચમાં પણ ભીમદેવ ૨ જાની સત્તા હશે. વિ. સં. ૧૨૪૨ (ઈ. સ. ૧૧૮૬)ના તામ્રપત્રના આધારે તેમજ વિ. સં. ૧૨૫૩ના પ્રતિમાલેખના આધારે[૨૬૩] જણાય છે કે વાગડ (ડુંગરપુર–વાંસવાડા) પ્રદેશમાં ભીમદેવનું રાજ્ય ચાલુ હતું.

વિ. સં ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૭) ના તામ્રપત્ર પરથી જણાય છે કે મેવાડમાં પણ ભીમદેવની સત્તા હતી. આ તામ્રપત્રમાં મેદપાટમંડલમાંથી ભીમદેવે ભૂમિદાન કર્યાનો નિર્દેશ થયેલો છે.

વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯) ના શિલાલેખના આધારે જણાય છે કે આબુના પરમાર રાજાઓ પર પણ ભીમદેવનું આધિપત્ય હતું. આ લેખમાં ચંદ્રાવતીના માંડલિક તરીકે ધારાવર્ષદેવનો તથા યુવરાજ તરીકે પ્રહ્‌લાદનદેવનો નિર્દેશ થયેલો છે. આ લેખમાં પ્રહ્‌લાદનદેવને ષડ્દર્શનોમાં તથા બધી જ કલાઓમાં નિષ્ણાત કહ્યો છે.

આમ ઉપરોક્ત અભિલેખોના આધારો પ્રમાણે જોતાં જણાય છે કે વિ.સં. ૧૨૩૪ થી વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૧૭૮ થી ૧૨૧૦) દરમ્યાન ભીમદેવે ઉત્તર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, લાટ, વાગડ, મેવાડ, આબુ અને કિરાડુ સુધી પોતાની સત્તા પ્રવર્તાવી હતી.

જો કે ભીમદેવ ૨ જાના રાજ્યકાલ દરમ્યાન બાહ્ય આક્રમણો પણ થયાં હતાં. આ આક્રમણ કરનાર માળવાનો રાજવી અર્જુનવર્મા હતો. આ અર્જુનવર્મા પરમાર સુભટવર્માનો પુત્ર હતો. અર્જુનવર્માએ પાટણ પર ચડાઈ કરી તે વખતે પાટણમાં ભીમદેવ ૨ જાને બદલે જયસિંહ ૨ જાની સત્તા હતી. આ યુદ્ધ વિ. સં. ૧૨૬૭ (ઈ. સ. ૧૨૧૧) પહેલાં થયું હતું, કારણ કે અર્જુનદેવના એ જ વર્ષના દાનપત્રમાં એનો ઉલ્લેખ થયેલો છે.[૨૬૪] ભીમદેવનો ઉલ્લેખ એ પહેલાં ઈ. સ. ૧૨૦૯ સુધીના લેખોમાં થયેલો છે.[૨૬૫] આ અર્જુનવર્મા અંગેની વિશેષ ચર્ચા હવે પછીના રાજવી જયસિંહ ૨ જામાં કરેલી છે.

**જયસિંહ કે જયંતસિંહ ૨ જો (ઈ. સ. ૧૨૧૦ થી ૧૨૨૩)**

ચૌલુકય કાલના કેટલાક અભિલેખોને આધારે જણાય છે કે ભીમદેવ ૨ જાએ વિ. સં. ૧૨૩૪ (ઈ. સ. ૧૧૭૮) થી વિ. સં. ૧૨૯૮ (ઈ.સ. ૧૨૪૨) વર્ષ દરમ્યાન સળંગ ૬૩ વર્ષ સુધી રાજ્ય કર્યું નથી પણ વચ્ચેના ઈ.સ. ૧૨૧૦ થી ૧૨૨૩ના પંદર વર્ષના ગાળામાં જયસિંહ કે જયંતસિંહ ૨ જો નામનો રાજા રાજ્ય કરતો હોવાનું જણાયું છે. જોકે આ રાજવીના તેના રાજ્યકાલ દરમ્યાનના બે જ લેખો પ્રાપ્ત થયા છે :

૧. વિ. સં. ૧૨૭૪ (ઈ. સ. ૧૨૧૮) નું ભૂતિયાવાસણા તામ્રપત્ર[૨૬૬]
૨. વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩–૨૪) નું કડીનું તામ્રપત્ર[૨૬૭]

આ રાજવીના દાનપત્રમાં અગાઉના ચૌલુકય રાજવીનાં દાનશાસનોની જેમજ ચૌલુકય વંશની વંશાવળી આપેલી છે તથા ચૌલુકય વંશના દરેક રાજાની જેમ "સમસ્ત રાજાવલીસમલંકૃત" અને "ઉમાપતિવરલબ્ધપ્રસાદ પ્રૌઢપ્રતાપ" જેવાં બિરુદો લગાડેલાં છે. લેખમાં આપેલી વંશાવળી છેક ભીમદેવ ૨ જા સુધી ચાલે છે. જયસિંહે પોતાને માટે "એકાંગવીર" અને "અભિનવસિદ્ધરાજ" એવાં બિરુદો પ્રયોજેલાં છે.

ચૌલકય કાલના ઇતિહાસમાં આ જયસિંહ કોણ એ એક સમસ્યા રહી છે. આ કુળમાં સિદ્ધરાજ જયસિંહ થયો, પરંતુ એ તો વિ. સ. ૧૧૫૦ થી ૧૧૯૯ દરમ્યાન ગુર્જરપતિ હતો. અહીં જયસિંહે તેના બંને લેખોમાં ચૌલુકય કુલની જ વંશાવલી આપેલી છે. આથી એ ચૌલુકય વંશનો જ હોવો જોઈએ. પ્રબંધમાં જયસિંહનું નામ નથી તેમજ એના લેખમાં પણ મુખ્ય વંશ સાથે એનો સંબંધ બતાવ્યો નથી તેથી તે ચૌલુકય વંશનો કોઈ ભાયાત હોવાનું સંભવે છે.[૨૬૮] માળવાના પરમાર રાજા સુભટવર્માના પુત્ર અને ઉત્તરાધિકારી અર્જુનવર્માનાં કુલ ત્રણ દાનશાસનો ઉપલબ્ધ થયાં છે. આ દાનશાસનો અનુક્રમે વિ. સં. ૧૨૬૭ (ઈ. સ. ૧૨૧૧),[૨૬૯] વિ. સં. ૧૨૭૦ (ઈ. સ. ૧૨૧૩)[૨૭૦] અને વિ. સં. ૧૨૬૭ (ઈ. સ. ૧૨૧૧)[૨૭૧] નાં છે. આ લેખોમાં જણાવ્યા પ્રમાણે અર્જુનવર્માએ ગુર્જરપતિ જયસિંહને હરાવ્યો હતો.

આ ઉપરાંત ઈ. સ. ૧૮૦૫માં પ્રો. હુલ્શે "ધારાપ્રશસ્તિ" નામનું સંસ્કૃત નાટક પ્રકાશિત કરેલું છે.[૨૭૨] આ નાટકમાં પણ અર્જુનવર્મા અને જયસિંહ વચ્ચેના પર્વ–પર્વત યુદ્ધમાં અર્જુનવર્માની જીત થઈ હોવાનું નોંધાયું છે. આમાં પર્વપર્વત તે પાવાગઢ હોવાનું મનાય છે.[૨૭૩]

ઉપર્યુક્ત બન્ને ઉલ્લેખોને આધારે જણાય છે કે અર્જુનવર્મા અને જયસિંહ વચ્ચે પાવાગઢની તળેટીમાં યુદ્ધ થયું હતું અને આ યુદ્ધમાં અર્જુનવર્માએ જયસિંહની પુત્રી[૨૭૪] વિજયશ્રી કે પારિજાતમંજરીનું અપહરણ કર્યું અને પાછળથી જયસિંહે મૈત્રી સંબંધ ટકાવવા એનું લગ્ન અર્જુનવર્મા વેરે કર્યું.[૨૭૫] જોકે આ બન્ને વચ્ચે થયેલા યુદ્ધ વિશે મતભેદ પડેલા છે. દુ. કે શાસ્ત્રી આ અંગે "પારિજાતમંજરી"માં જણાવેલું પાવાગઢ પાસેનું યુદ્ધ, અર્જુનવર્માના અભિલેખોમાં તેમજ સોમેશ્વરની "કીર્તિકૌમુદી"માં તેમજ "પ્રબંધચિંતામણિ"માં જણાવેલ સુભટવર્માના આક્રમણને ગણે છે, તેમજ આ યુદ્ધ અર્જુનદેવના વિ. સં. ૧૨૬૭ના તામ્રપત્ર પહેલાં ઈ. સ. ૧૨૧૦–૧૧માં થયું હોવાનું જણાવે છે. પરંતુ આ મુદ્દાને સ્પષ્ટ કરતાં હ. ગં. શાસ્ત્રી જણાવે છે કે દુ. કે. શાસ્ત્રીની આમાં કંઈ ગેરસમજ થઈ લાગે છે, કારણ કે "પારિજાતમંજરી"માં આ આક્રમણ સ્પષ્ટતઃ અર્જુનવર્માએ કર્યું હોવાનું જણાવ્યું છે.[૨૭૬] જો કે દુ. કે. શાસ્ત્રીએ "પ્રબંધચિંતામણિ"ના આધારે આગળ જતાં અર્જુનવર્માની સાથેના યુદ્ધનો ઉલ્લેખ તો કર્યો જ છે.

વળી દુ. કે શાસ્ત્રી જયશ્રી–પ્રશસ્તિમાં ઉલ્લેખિત માલવસેનાના આક્રમણને આ યુદ્ધ માને છે. આથી એના આધારે એનો સમય વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૬) પહેલાં જણાવે છે. આ ઉપરાંત તેઓ અર્જુનવર્માના વિ. સં. ૧૨૭૨ (ઈ. સ. ૧૨૧૬) ના તામ્રપત્રમાં આવતા "જયસિંહ ભાગી ગયા"–નો ઉલ્લેખ દર્શાવતી વખતે એ જયસિંહ ભીમદેવ તરફથી સામે થયેલ સામંત હોવાનું ધારે છે.[૨૭૭] જો કે આગળ જતાં શ્રી દુ. કે. શાસ્ત્રી આ જયસિંહ જેનું વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩)નું તામ્રપત્ર મળ્યું છે અને જે થોડા વખત માટે ગુજરાતની સત્તા પર બેઠેલો તે જયંતસિંહ જ હોવાનો તર્ક પણ રજૂ કરે છે.[૨૭૮]

શ્રી એ. કે. મજુમદાર આ બાબતની વિગતે છણાવટ કરતાં જણાવે છે કે પ્રબંધોમાં અર્જુનવર્માએ ગુજરાત સામે યુદ્ધ કર્યું અને તેમાં તે વિજયી નીવડ્યો તેવા નિર્દેશો છે, પરંતુ તેમાં જયસિંહના કોઈ ઉલ્લેખો કરેલા નથી. જોકે અર્જુનવર્માના અભિલેખો દ્વારા આ બાબત સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત "પારિજાતમંજરી"–નાટિકામાં પણ અર્જુનવર્માએ જયસિંહને હરાવ્યાના ઉલ્લેખો આપેલા જ છે. આથી તેઓ એમ સ્પષ્ટ કરે છે કે જયસિંહ પરના આ વિજયનો ઉલ્લેખ અર્જુનવર્માના ઈ.સ. ૧૨૧૦ના દાનપત્રમાં આવતો હોવાથી આ યુદ્ધ ઈ.સ. ૧૨૧૦ પહેલાં થયું હોવું જોઈએ.[૨૭૯] આ ઉપરાંત એ. કે. મજુમદાર એમ પણ જણાવે છે કે વિ.સં. ૧૨૮૦ (ઈ.સ. ૧૨૨૩)ના જયંતસિંહના લેખની

માહિતીના આધારે જણાય છે કે જયંતસિંહ ઈ.સ. ૧૨૦૫ અને ૧૨૧૦ની વચ્ચે સત્તા પર આવ્યો હશે અને તેણે ઈ.સ. ૧૨૨૩ અને ૧૨૨૬ની વચ્ચે સત્તા ગુમાવી હશે.[૨૮૦]

ભીમદેવ ૨ જાએ વિ.સં. ૧૨૩૫ થી ૧૨૯૮ સુધી એમ સળંગ ૬૩ વર્ષ રાજ્ય કર્યું હતું તેવા ઉલ્લેખો "પ્રબંધચિંતામણિ"માં કરેલા છે, તેમજ વચ્ચે જયસિંહ કે જયંતસિંહે કેટલાં વર્ષ રાજ્ય કર્યું હશે તેમ જણાવેલ નથી.[૨૮૧] જયસિંહના રાજ્યકાલની ઉત્તરમર્યાદા વિશે ખાસ કોઈને શંકા નથી પરંતુ એની (જયસિંહની) પૂર્વમર્યાદા અર્જુનવર્માના લેખોમાં જણાવેલ વર્ષ પરથી નક્કી થઈ હોવા છતાં ભીમદેવ આટલાં બધાં વર્ષો દરમ્યાન સત્તા પર હોવાનું સંશયાત્મક જણાય છે.

ડૉ. મજુમદાર, વિ.સં. ૧૨૬૧ (ઈ.સ. ૧૨૦૪–૫)ની સિદ્ધજયંત–ચરિતની હસ્તપ્રતની પુષ્પિકામાં ભીમદેવ રાજ્ય કરતો હોવાનું જણાવ્યું હોઈ તેને આધારે જયસિંહની પૂર્વમર્યાદા એ પછી જણાવે છે.[૨૮૨] આ પહેલાં ભીમદેવ ૨ જાના વિ.સં. ૧૨૭૫ (ઈ.સ. ૧૨૧૯)ના ભરાણાના લેખના આધારે શ્રી દુ. કે. શાસ્ત્રીએ જયસિંહની પૂર્વમર્યાદા વિ.સં. ૧૨૭૫ પછી મૂકી હતી.[૨૮૩] પરંતુ વિ.સં. ૧૨૭૫નો આ લેખ પહેલાં ભીમદેવનો હોવાનું સાબિત થયેલું હતું[૨૮૪] પણ લેખનો વધુ અભ્યાસ કરતાં પ્રસ્તુત લેખ ભીમદેવનો નહીં પરંતુ વાઘેલા શાખાના અર્જુનદેવના સમયનો વિ.સં. ૧૩૨૭નો હોવાનું પુરવાર થયું છે.[૨૮૫] આથી શ્રી હ.ગં. શાસ્ત્રી જણાવે છે કે શ્રી દુ. કે. શાસ્ત્રીએ જણાવેલી જયસિંહની પૂર્વ મર્યાદા હવે અસ્વીકાર્ય ગણાય.[૨૮૬]

આ સંદર્ભમાં ડૉ. હ.ગં. શાસ્ત્રી જણાવે છે કે ભીમદેવ ૨ જાના વિ.સં. ૧૨૬૩ના કડીના દાનપત્રમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવે અણહિલપાટકમાંથી ગંભૂતા પથકમાં દાન આપ્યું છે.[૨૮૭] આ ઉપરાંત વિ.સં. ૧૨૬૬ (ઈ.સ. ૧૨૧૦)ના લેખમાં પણ એ અણહિલપાટણમાં રાજ્ય કરતો હોવાનું જણાવ્યું છે. આ પરથી ભીમદેવ ૨ જાની સત્તા વિ. સં ૧૨૬૬ સુધી હશે અને જયસિંહના રાજ્યકાલની પૂર્વ મર્યાદા વિ. સં. ૧૨૬૬–૬૭ માં આવતી હોવાનું સ્પષ્ટ થાય છે.[૨૮૮]

બીજા તામ્રપત્ર પરથી એમ જણાય છે કે, વિ. સં. ૧૨૮૦માં જયસિંહનું અણહિલપાટણમાં રાજ્ય હશે અને એના રાજ્યકાલની ઉત્તર મર્યાદા વિ.સં. ૧૨૮૦ અને ૧૨૮૩ની વચ્ચે રહેલી છે. પરંતુ અહીં પ્રશ્ન એ થાય કે જયસિંહે કયા કારણોસર ભીમદેવ ૨ જા પાસેથી સત્તા છીનવી લીધી હશે ? આ મુદ્દાનો

ખુલાસો કરતાં દુ. કે. શાસ્ત્રી જણાવે છે કે વિ. સં ૧૨૬૬ થી ૧૨૮૦ દરમ્યાનના કોઈ પણ વર્ષમાં મુસલમાનોના હુમલાઓથી તથા પુષ્કળ દાનો કરવાથી ભીમદેવની તિજોરીનું તળિયું દેખાઈ ગયું હતું, આથી ભીમદેવના રાજ્યના બળવાન મંડલિકો તથા મંત્રીઓએ બળવો કર્યો હોય અને તેમાં છેવટે જયસિંહે પાટણની સત્તા પ્રાપ્ત કરી હોય.[૨૮૯] આ જ પ્રકારની વાત જયસિંહે તેના વિ. સં ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૪) ના દાનપત્રમાં કરેલી છે. તેમાં જણાવ્યા પ્રમાણે જયસિંહે પોતાના વિશે "દુર્દૈવ – દાવાનલ – દગ્ધગૂર્જરાબીજ – પ્રરોહક – પર્જન્ય" એટલે કે દુર્દૈવ રૂપ અગ્નિથી બળી ગયેલી ગૂર્જર ભૂમિમાં બીજ ઊગી શકે એ માટે જેણે એકલાએ વરસાદની જેમ વરસવાનું કામ કર્યું છે.[૨૯૦]

વિ. સં. ૧૨૬૬માં અર્જુનવર્માએ હરાવેલો જયસિંહ તેમજ વિ. સં. ૧૨૮૦માં જણાવેલ જયંતસિંહ એ બન્ને શું એક છે કે જુદા જુદા છે? આ પ્રશ્નના સંદર્ભમાં એમ કહી શકાય કે વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩) ના લેખમાં જણાવ્યું છે કે ભીમદેવ ૨ જા પછી ગાદીએ આવેલા મહારાજાધિરાજ જયંતસિંહદેવે અણહિલપુર રાજધાનીમાંથી ગંભૂતા પથકમાંની ભૂમિનું દાન આપ્યું હતું. આ જયંતસિંહ પણ પોતાને "અભિનવસિદ્ધરાજ" તરીકે ઓળખાવે છે. દાતા તરીકે એનું નામ "જયંતસિંહ" આપેલું છે, પરંતુ લેખના અંતે દસ્તકમાં "જયસિંહદેવ" એવું નામ લખેલું છે. આથી અહીં એ સ્પષ્ટ થાય છે કે વિ.સં. ૧૨૬૬–૬૭માં અર્જુનવર્માએ હરાવેલો જયસિંહ અને વિ.સં. ૧૨૮૦માં અણહિલપુરમાંથી ભૂમિદાન આપનાર જયંતસિંહ કે જયસિંહ એક જ છે.

વળી અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જયસિંહે વિ.સં. ૧૨૬૬ થી વિ.સં. ૧૨૮૩ સુધી સળંગ ૧૫–૧૭ વર્ષ રાજ્ય કર્યું હશે? કારણ, ગિરનારના વિ.સં. ૧૨૭૬ના અભિલેખો[૨૯૧] તેમજ તે સમયની વસ્તુપાલ-તેજપાલ પ્રશસ્તિમાં[૨૯૨] જણાવ્યા પ્રમાણે ધોળકાના રાણા વીરધવલે વસ્તુપાલ–તેજપાલની મહામાત્ય તરીકેની નિમણૂક કરવા અંગે ભીમદેવને વિનંતી કરી હતી.

આ સંદર્ભમાં ડૉ. મજુમદાર જણાવે છે કે જયસિંહના રાજ્યકાલ દરમ્યાન ભીમદેવના અનેક અભિલેખ લખાયા હોવા જોઈએ. કારણ કે જયસિંહે રાજધાની અને આસપાસના પ્રદેશો સિવાય બીજા કોઈ વધારે પ્રાંતો જીત્યા નહીં હોય.[૨૯૩] આ મુદ્દાના સંદર્ભમાં જણાવવાનું કે ઉપર જણાવ્યા પ્રમાણે ભીમદેવ વિ.સં. ૧૨૬૩–૬૬ સુધી સત્તા ધરાવતો હતો અને વિ.સં. ૧૨૬૬ થી ૧૨૮૦ વર્ષના સમય દરમ્યાન ભીમદેવ ૨ જાનો એક જ અભિલેખ વિ.સં. ૧૨૭૪નો દેવપાટણની

પ્રશસ્તિનો ઉપલબ્ધ થાય છે. આ લેખમાં ફક્ત સોમનાથ પાટણના સંદર્ભમાં જ ભીમદેવનો રાજા તરીકે નિર્દેશ થયેલો છે. આ પરથી સંશય થાય કે ભીમદેવ આટલો લાંબો સમય સારસ્વતમંડલની બહારના પ્રદેશો પર સત્તા ધરાવતો હશે ખરો ? અને કયા કારણોસર તેના આ સમય દરમ્યાનનો એક પણ લેખ પ્રાપ્ત થતો નથી ? જો કે અહીં આ મુદ્દો ચર્ચાસ્પદ જ રહ્યો છે. કેમકે અહીં રજૂ કરેલા પુરાવા ઉપરાંત અન્ય કોઈ નવા વધુ પુરાવા જો પ્રાપ્ત થાય તો જ આ જટિલ સમસ્યાનો ઉકેલ લાવી શકાય.

ઉપરોક્ત ચર્ચાને વિગતે જોતાં ~~એક બીજો~~ મુદ્દો પણ ધ્યાન ખેંચે તેવો છે. ગિરનારના વિ.સં. ૧૨૮૮ના અભિલેખો પરથી જણાય છે કે વસ્તુપાલ તેજપાલની નિમણૂક વીરધવલના મહામાત્યો તરીકે થઈ હતી. આ ઉપરાંત વસ્તુપાલના સમયના કેટલાક ગ્રંથોમાં[૨૯૪] વીરધવલની વિનંતીથી ભીમદેવે વસ્તુપાલ-તેજપાલને મંત્રીઓ તરીકે નિમ્યા હોવાનું જણાવેલું છે. આ મુદ્દો જોતાં એમ જણાય છે કે પાટણમાં વિ.સં. ૧૨૭૬ (ઈ.સ. ૧૨૧૯–૨૦)માં ભીમદેવ રાજ્ય કરતો હતો. તે પરથી જયસિંહને રાજ્યપ્રાપ્તિ સં. ૧૨૭૬–૧૨૮૦ દરમ્યાન થઈ ગણાય. અર્જુનવર્મા, જયસિંહ, ભીમદેવ અને જયંતસિંહને લગતા સર્વ સમય-નિર્દેશોનો મેળ મેળવવો હોય તો જયસિંહ એકવાર ૧૨૬૬–૬૭માં અને બીજી વાર વિ.સં. ૧૨૭૬–૮૩ દરમ્યાન સત્તારૂઢ હતો, જ્યારે ભીમદેવે તેનું રાજ્ય એકવાર વિ.સં. ૧૨૬૭–૭૩ દરમ્યાન અને બીજીવાર સં. ૧૨૮૦–૮૩ દરમ્યાન મેળવ્યું હોવાનું નક્કી થાય. આથી એમ જણાય કે જયસિંહે ભીમદેવની ગાદી બે વાર પડાવી લીધી અને ભીમદેવે બે વાર પાછી મેળવી.

આ હકીકત મળતા અભિલેખોને આધારે તૈયાર કરેલા નીચેના કોઠા દ્વારા તારવી શકાય :

| | | |
|---|---|---|
| વિ.સં. ૧૨૬૧ | : | ભીમદેવ ૨ જો |
| વિ.સં. ૧૨૬૩ | : | ભીમદેવ ૨ જો |
| વિ.સં. ૧૨૬૬ | : | ભીમદેવ ૨ જો |
| વિ.સં. ૧૨૬૭ | : | જયસિંહ ૨ જો |
| વિ.સં. ૧૨૭૩ | : | ભીમદેવ ૨ જો |
| વિ.સં. ૧૨૭૬ | : | ભીમદેવ ૨ જો |
| વિ.સં. ૧૨૮૦ | : | જયસિંહ ૨ જો |
| વિ.સં. ૧૨૮૩ | : | ભીમદેવ ૨ જો |

ઉપરોક્ત રજૂ કરેલા મુદ્દાઓને આધારે એમ સ્પષ્ટ માની શકીએ કે જયસિંહે ભીમદેવ પાસેથી વિ.સં. ૧૨૬૬–૬૭માં રાજસત્તા પડાવી લીધી હશે, એ પછી ભીમદેવે વિ.સં. ૧૨૬૭–૭૩ દરમ્યાન એ પાછી મેળવી હશે. આ પછી જયસિંહે ફરી વિ.સં. ૧૨૭૬–૮૦ દરમ્યાન ફરી તે સત્તા પડાવી લીધી હશે અને ભીમદેવે સં. ૧૨૮૦–૮૩ દરમ્યાન તેને પુનઃ હસ્તગત કરી હશે.[૨૯૫] ઉપર્યુક્ત ૧૨૭૪નો જે લેખ તાજેતરમાં પ્રકાશમાં આવ્યો છે તેમાં પહેલું પતરું પાટણમાંથી પ્રાપ્ત થયું છે, બીજું પતરું મળ્યું નથી. આ લેખમાં વર્ષ વિ.સં. ૧૨૭૪ આપેલું છે. આ લેખમાં મૂળરાજ ૧ લાથી ભીમદેવ ૨ જા સુધીની વંશાવળી આપેલી છે. આ પછી અભિનવ સિદ્ધરાજ જયસિંહદેવની પ્રશસ્તિ આવે છે. આ ભૂમિદાન જયસિંહદેવે વાઉલોપથકમાંથી આપેલું જણાય છે.[૨૯૬] આ લેખના વર્ષના આધારે સ્પષ્ટ જણાય છે કે વિ.સં. ૧૨૭૪માં જયસિંહદેવ અણહિલપુરમાં રાજ્ય કરતો હતો. આ પરથી તો ભીમદેવે વિ.સં. ૧૨૭૩–૭૪ દરમ્યાન બીજીવાર અને વિ.સં. ૧૨૭૬–૮૦ દરમ્યાન ત્રીજીવાર સત્તા ગુમાવ્યાનું તેમજ વિ.સં. ૧૨૭૪–૭૬ દરમ્યાન બીજી વાર અને વિ.સં. ૧૨૮૦–૮૩ દરમ્યાન ત્રીજીવાર સત્તા પાછી મેળવ્યાનું સ્પષ્ટ થાય.

**ભીમદેવ ૨ જો (ત્રીજીવાર)**

ઉપરોક્ત માહિતીના આધારે સ્પષ્ટ જણાય છે કે વિ.સં. ૧૨૮૩માં ભીમદેવ–૨ જાએ તેની ગુમાવેલી સત્તા ફરીથી પ્રાપ્ત કરી હતી અને એ પછી તેણે લગભગ વિ.સં. ૧૨૯૮ (ઈ.સ. ૧૨૪૨) સુધી ૧૫ વર્ષ રાજ્ય કર્યું હતું.

વિ.સં. ૧૨૮૩માં ભીમદેવ ૨ જો પાછો સત્તા પર આવ્યો પછી તેણે કેટલાંક દાનશાસનો ફરમાવ્યાં હતાં. તેના આ દાનશાસનો વિ.સં. ૧૨૮૩ થી ૧૨૯૮ દરમ્યાનનાં છે. જોકે આ દાનશાસનોમાંથી રાજકીય કરતાં સાંસ્કૃતિક વિગતો વિશેષ પ્રમાણમાં જાણવા મળે છે. આ દાનશાસનોમાં અભિનવસિદ્ધરાજ, સપ્તમ–ચક્રવર્તી અને ક્યારેક બાલનારાયણાવતાર જેવાં બિરુદોથી એને નવાજેલ છે. આ વખતે ભીમદેવે લવણપ્રસાદને પોતાના રાજ્યનો સર્વેશ્વર બનાવ્યો હતો અને વીરધવલને યુવરાજ તરીકે નીમ્યો હતો.[૨૯૭]

ભીમદેવના રાજ્યકાલના થોડા વખતમાંજ દેવગિરિના યાદવ રાજવીએ ગુજરાત પર ચડાઈ કરી હતી. આ દરમ્યાન (વિ.સં. ૧૨૮૮ ઈ.સ. ૧૨૩૨ લગભગ) મારવાડના ચાર રાજવીઓએ પણ ચડાઈ કરી, પરંતુ લવણપ્રસાદે અને વીરધવલે આ બધા સાથે મૈત્રી બાંધી લીધી હતી.[૨૯૮]

વિ.સં. ૧૨૯૮માં ભીમદેવ મૃત્યુ પામતાં[૨૯૯] તેની જગ્યાએ ત્રિભુવનપાલ સત્તા પર આવ્યો હતો.

**ત્રિભુવનપાલ**

ત્રિભુવનપાલ વિ.સં. ૧૨૯૮ (ઈ.સ. ૧૨૪૨)માં સત્તા પર આવ્યો હતો અને તેણે ફક્ત બે વર્ષ સુધી જ એટલે કે વિ.સં. ૧૩૦૦ (ઈ.સ. ૧૨૪૪) સુધી જ રાજ્ય કર્યું હતું.[૩૦૦] આ રાજવીનો એક લેખ પ્રાપ્ત થાય છે અને તે વિ.સં. ૧૨૯૯ (ઈ.સ. ૧૨૪૩)નું કડીનું તામ્રપત્ર છે. તેના આધારે જણાય છે કે ત્રિભુવનપાલ ભીમદેવ ૨ જાનો ઉત્તરાધિકારી હતો. "પ્રબંધચિંતામણિ"માં આનો નિર્દેશ થયેલો જોવા મળતો નથી, પરંતુ કેટલીક પટ્ટાવલીઓમાં ભીમદેવ ૨ જા પછી ત્રિભુવનપાલનો ઉલ્લેખ થયેલો છે.[૩૦૧]

ઉપરોક્ત દાનશાસનમાં જણાવ્યા પ્રમાણે ત્રિભુવનપાલે વિષય પથક તથા દંડાહી પથકના એક–એક ગામનું દાન લવણપ્રસાદની માતા સલખણદેવીના શ્રેય માટે કરાવેલ સત્રાગારના નિભાવ અર્થે આપ્યું હતું. આ દાનશાસનમાં "મહારાજાધિરાજ પરમેશ્વર–પરમભટ્ટારક" એ બિરુદો પ્રયોજાયાં છે.

સુભટકૃત "દૂતાંગદ" નાટકની પ્રસ્તાવનાના આધારે જણાય છે કે ત્રિભુવનપાલના સમયમાં પણ ચૌલુક્યોની સત્તા સૌરાષ્ટ્રમાં ચાલુ રહેલી હતી.

આમ ત્રિભુવનપાલ મૂળરાજ ૧ લાના વંશનો અંતિમ રાજવી હતો. ત્રિભુવનપાલના મૃત્યુ પછી ધોળકાના રાણા વીસલદેવે ચૌલુક્યોની સત્તા પોતાના હાથમાં લઈ લીધી. આથી વિ.સં. ૯૯૮ (ઈ.સ. ૯૪૨)માં સ્થપાયેલ મૂળરાજવંશી ચૌલુક્યોની સત્તા વિ.સં. ૧૩૦૦ (ઈ.સ. ૧૨૪૪) સુધી એટલે કે લગભગ ૩૦૨ વર્ષ જેટલા લાંબા કાલ સુધી પ્રવર્તી હોવાનું જણાય છે.

ચૌલુક્યકાલીન સમગ્ર અભિલેખોનો અભ્યાસ કરતાં ચૌલુક્ય કુલની વંશાવળી આ પ્રમાણે તારવી શકાય :

રાજિ

૧. મૂળરાજ–૧લો (વિ.સં. ૯૯૮ થી ૧૦૫૩)

૨. ચામુંડરાજ (વિ.સં. ૧૦૫૩ થી ૧૦૬૬)

૩. વલ્લભરાજ (વિ.સં. ૧૦૬૬)

૪. દુર્લભરાજ (વિ.સં. ૧૦૬૬ થી ૧૦૭૮)

નાગરાજ

૫. ભીમદેવ ૧ લો (વિ.સં. ૧૦૭૮ થી ૧૧૨૦)

ક્ષેમરાજ

દેવપ્રસાદ

ત્રિભુવનપાલ

૬. કર્ણદેવ ૧લો (વિ.સં. ૧૧૨૦ થી ૧૧૫૦)

૭. સિદ્ધરાજ જયસિંહ (વિ.સં. ૧૧૫૦ થી ૧૧૯૯)

૮. કુમારપાલ (વિ.સં. ૧૧૯૯ થી ૧૨૨૯)

મહીપાલ

૯. અજયપાલ (વિ.સં. ૧૨૨૯ થી ૧૨૩૨)

૧૦. મૂળરાજ ૨ જો (વિ.સં. ૧૨૩૨ થી ૧૨૩૪)

૧૧. ભીમદેવ ૨ જો (પ્રથમ વાર) (વિ.સં. ૧૨૩૪ થી ૧૨૬૬)

૧૨. જયસિંહ કે જયંતસિંહ (૧૨૬૬ થી ૧૨૭૩) (પહેલી વાર)

૧૩. ભીમદેવ ૨જો (બીજી વાર) (વિ.સં. ૧૨૭૩–૭૪ થી ૧૨૭૬)

૧૪. જયસિંહ કે જયંતસિંહ (૧૨૭૬ થી ૧૨૮૩) (બીજી વાર)

૧૫. ભીમદેવ ૨ જો (ત્રીજી વાર) (વિ.સં. ૧૨૮૩ થી ૧૨૯૮)

૧૬. ત્રિભુવનપાલ (વિ.સં. ૧૨૯૮ થી ૧૩૦૦)

## પાદટીપ

૧. અ. નં. ૬
૨. અ. નં. ૫. આ લેખમાં ગિરજાશંકર આચાર્યે "ચૌલ્કિક" વાંચેલું છે, જ્યારે મુનિ જિનવિજયજીએ "શૌલ્કિક" વાંચેલું છે. (ભારતીય વિદ્યા-ગ્રં. ૧ ભાગ : ૧, પૃ, ૭૩). લેખની છબી જોતાં એમાં સ્પષ્ટતઃ "ચૌલ્કિક" વંચાય છે.
૩. અ. નં. ૧૮૩ ૪-૫. અ. નં. ૧૦૭, ૧૧૩ ૬. અ. નં. ૯૯
૭. અ. નં. ૧૧૦, ૧૧૧, ૧૧૨ અને ૧૧૬
૮. દવે, માણેકલાલ ચ. "ચૌલુક્ય વંશનો ઇતિહાસ", ફાર્બસ ગુ.સ. ત્રૈમાસિક, પુ. ૫, અં. ૧, પૃ. ૩૨૨ (ઈ.સ. ૧૯૪૦)
૯. "દ્વયાશ્રય", સર્ગ ૮, શ્લોક ૧૨૪; સર્ગ ૧૪, શ્લોક ૭૨
૧૦. હેમચંદ્રાચાર્ય, "કુમારપાલચરિત", ૧-૨૨, ૬-૮૪, ૯-૯૧
૧૧. શાસ્ત્રી, હ. ગં. "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ. ૧૭૬
૧૨. વેંકટનારાયણ, એન., "ધ ઈસ્ટર્ન ચૌલુક્યઝ ઓફ વેંગી", પૃ. ૮
૧૩. આચાર્ય, નં. આ. "ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ", પૃ. ૧૩
૧૪. શાસ્ત્રી, હ. ગં. ઉપર્યુક્ત, પૃ. ૧૭૬
૧૫-૧૬-૧૭. આચાર્ય, ગિ.વ. "ગુજરાતના ઐતિહાસિક લેખો", ભાગ : ૨, લેખ નં. ૧૦૨, ૧૦૩, ૧૦૭
૧૮. મજુમદાર, આર. સી. (સં.), "ધ કલાસિકલ એઈજ", પૃ. ૨૨૭. કયારેક "ચલુક્કિ", "ચાલુકિક" કે 'સાલુકિક' પણ લખાતું હતું.
૧૯-૨૦. મજુમદાર, એ. કે., "ધ ચૌલુક્યાઝ ઓફ ગુજરાત", પૃ. ૧૪
૨૧. શાસ્ત્રી, હ.ગં. ઉપર્યુક્ત, પૃ. ૧૭૭
૨૨. મજુમદાર, આર. સી., (સં.), ઉપર્યુક્ત, પૃ. ૨૨૭
૨૩. પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં. : (સં.) "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૪, પૃ. ૧૬
૨૪. મજુમદાર, આર. સી. (સં.), ઉપર્યુક્ત, પૃ. ૨૨૮
૨૫. "ગુ. રા. સાં. ઈ." ગ્રંથ ૪, પૃ. ૧૬
૨૬. શાસ્ત્રી, દુ. કે.-"ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૧૩૫-૧૩૬
૨૭. "વિક્રમાંકદેવચરિત", સર્ગ ૧, શ્લોક ૩૯ થી ૬૪.
૨૮. ભાંડારકર, રામકૃષ્ણ, "દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ," પૃ. ૮૧
૨૯-૩૦. અ. નં. ૪૩, ૪૪

૩૧. ઓઝા, ગૌ. હી. "સોલંકીયોકા પ્રાચીન ઇતિહાસ", ભા. ૧, પૃ. ૧૧
૩૨. દવે, માણેકલાલ ચ., ઉપર્યુક્ત, પૃ. ૩૨૦
૩૩. જયસિંહસૂરિ, "કુમારપાલચરિત," સર્ગ–૧, શ્લોક ૧૬–૨૧
૩૪. શાસ્ત્રી, હ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૩૩
૩૫. ટોડ, "એનાલ્સ એન્ડ એન્ટિક્વિટિઝ ઓફ રાજસ્થાન," પૃ. ૬૯, ૭૩. વળી જુઓ શાસ્ત્રી હ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૨૬
૩૬. અ. નં. ૧૧૦–૧૧૧ ૩૭. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૧૭
૩૮–૩૯. ભાંડારકર, દેવદત્ત રામકૃષ્ણ, 'ગુર્જરાઝ', "જે. બી. બી. આર. એ. એસ.", વૉ. ૨૧, પૃ. ૪૧૩
૪૦. શાસ્ત્રી, હ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૩૪
૪૧. મુનશી, ક.મા. "ચક્રવર્તી ગુર્જરો," પૃ. ૧–૮ ૪૨. એજન, પૃ. ૮–૧૧
૪૩. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત પૃ., ૧૨–૧૩
૪૪. "દ્વયાશ્રય," સર્ગ ૪, શ્લોક ૯૯ ૪૫. "પ્રબંધચિંતામણિ"–પૃ. ૧૫
૪૬. જયસિંહસૂરિ, ઉપર્યુક્ત, સર્ગ ૧, શ્લોક ૨૪–૨૯
૪૭. જિનમંડનગણિ, "કુમારપાલપ્રબંધ,", પૃ. ૨; કૃષ્ણકવિ, "રત્નમાલ", પૃ. ૨૨
૪૮. દવે માણેકલાલ ચ., ઉપર્યુક્ત, પૃ. ૩૨૩
૪૯–૫૦. "ગુ. રા. સાં. ઇ.," ગ્રંથ ૪, પૃ. ૨૦
૫૧. શાસ્ત્રી, હ. કે. ઉપર્યુક્ત, પૃ. ૧૩૯
૫૨. આચાર્ય, ન. આ "ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ", પૃ. ૧૮; ભટ્ટ, માલતીબેન કા.–"અનુ મૈત્રકકાલનું ગુજરાત : ઇતિહાસ અને સંસ્કૃતિ" મહાનિબંધ (અપ્રગટ), પૃ. ૮ (ઈ.સ. ૧૯૭૩)
૫૨.અ અ. નં. ૬ ૫૩. અ. નં. ૪૪
૫૪. "મોહરાજપરાજય", પૃ. ૧૦૮–૧૦૯
૫૫. અરિસિંહ, "સુકૃતસંકીર્તન", સર્ગ ૨, શ્લોક ૧; ઉદયપ્રભસૂરિ, "સુકૃતકીર્તિકલ્લોલિની", શ્લોક ૨૩
૫૬. "પ્રબંધચિંતામણિ", પૃ. ૧૫, ૧૬; ૧૯; મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૯૮, ૨૦૦
૫૭. "વિચારશ્રેણી,", ખંડ–૨, અંક ૪, પૃ. ૯
૫૮. અ.નં. ૩૫ ૫૯. અ. નં. ૪ ૬૦. અ. નં. ૫ ૬૧. અ. નં. ૬
૬૨. અ. નં. ૭ ૬૩. અ. નં. ૧ ૬૪. અ. નં. ૭–અ ૬૫. અ. નં. ૩૫
૬૬. यश्चापोत्कटराजराज्यकमलां स्व...छंदवंदीकृतां
विद्वद्बांधवविप्रबंदिभृतकव्यूहोपभोग्यां व्यधात ॥ અ. ૪૪, શ્લો. ૫

૬૭. "પ્રબંધચિંતામણિ", પૃ. ૧૫–૧૬
૬૮. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૩૯–૧૪૫
૬૯. "પ્રબંધચિંતામણિ", પૃ. ૧૯ ૭૦. અ. નં. ૩
૭૧. મજુમદાર, આર. સી. "એઈજ ઓફ ઈમ્પિરિયલ કનોજ", પૃ. ૯૫
૭૨. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૫૧ થી ૧૫૩; "ગુ. રા.સાં.ઈ" ગ્રં ૪, પૃ. ૨૬–૨૭ ૭૩. અ. નં ૭અ
૭૪. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૭૦; મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૧
૭૫. "ગુ. રા. સાં. ઈ" ગ્રં. ૪, પૃ. ૨૭
૭૬. આ પ્રકારની માહિતી મૂળરાજના તેમજ તેના સમકાલીન અભિલેખોને આધારે જાણી શકાય છે.
૭૭. અ. નં. ૯૯ ૭૮. "પ્રબંધચિંતામણિ", પૃ. ૨૦
૭૯. જુઓ મૂળરાજનું વિ. સં. ૧૦૩૩નું કડીનું તામ્રપત્ર (અ. નં. ૫).
૮૦. અ. નં. ૪૪ ૮૧–૮૨. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૪
૮૩. દલાલ સી. ડી (સં) "હમ્મીરમદમર્દન", પરિશિષ્ટ; ૧ પૃ. ૫૮; જયસિંહસૂરિ, "વસ્તુપાલ–તેજપાલ–પ્રશસ્તિ", શ્લોક ૮–૯
૮૪. "પ્રબંધચિંતામણિ", પૃ. ૨૦ ૮૫. દ્વયાશ્રય"–સર્ગ, ૭, શ્લો. ૮–૨૦
૮૬. "પ્રબંધચિંતામણિ", પૃ.૨૦ ૮૭. અ. નં. ૧૮, ૧૯, ૮૩, ૯૧, ૯૫
૮૮. અ. સૂ. નં. ૪૪, ૧૦૪, ૧૦૭, ૧૧૩, ૧૩૩, ૧૭૭, ૧૮૩
૮૯. "પ્રબંધચિંતામણિ," પૃ. ૨૦ ૯૦. અ. નં ૮અ
૯૧. શર્મા દશરથ, '(ચૌલુક્ય) મહારાજાધિરાજ શ્રી દુર્લભરાજ કે સમય કા રાષ્ટ્રીય સંગ્રહાલય દિલ્હી કા વિ. સં. ૧૦૬૭ કા દાનપત્ર,' "મુનિ જિનવિજયજી અભિનંદન ગ્રંથ", તૃતીય ખંડ, પૃ. ૫૯
૯૩. અ. નં. ૮ક ૯૪. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૯
૯૫. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૯૦–૧૯૧
૯૬. "દ્વયાશ્રય", સર્ગ ૭, શ્લોક ૬૬–૧૦૬
૯૭. "એ. ઈ." ગ્રં. ૯ પૃ. ૭૦ ૯૮. "પ્રબંધચિંતામણિ," પૃ. ૯૦
૯૯. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૦૧
૧૦૦. અ. નં. ૮૬ ૧૦૧. અ. નં. ૯ ૧૦૨. અ. નં. ૧૦
૧૦૩. અ. નં. ૧૧–અ ૧૦૪. અ. નં. ૧૨ ૧૦૫. અ. નં. ૧૪–અ
૧૦૬. અ. નં. ૧૫ ૧૦૭. અ. નં. ૧૬ ૧૦૮. અ. નં. ૨૦
૧૦૯. "એ., ઈ." ગ્રં. ૯, પૃ. ૭૦ ૧૧૦. અ. નં. ૪૪ ૧૧૧. અ.નં. ૬૧

૧૧૨. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૧૩–૨૧૪
૧૧૩. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૯
૧૧૪. "પ્રબંધચિંતામણિ", પૃ. ૩૩
૧૧૫. એજન, પૃ. ૫૦–૫૨; "દ્વયાશ્રય", સ, ૯, શ્લોક ૧–૬૪
૧૧૬. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૨૫.
૧૧૭. "એ. ઈ." ગ્રં. ૯, પૃ. ૭૦, શ્લોક ૧૮
૧૧૮. રેઉ, વિશ્વેશ્વરનાથ, "ભારત કે પ્રાચીન રાજવંશ", ભા. ૧, પૃ. ૨૮૮
૧૧૯. ઉપર્યુક્ત, પૃ. ૨૮૯
૧૨૦. "ગુ. રા. સાં. ઇ.," ગ્રં. ૪, પૃ. ૩૯–૪૦
૧૨૧. અ. નં. ૧૯ ૧૨૨. અ. નં. ૧૮–૧૯
૧૨૩. જુઓ "ગુ. ઐ. લે." ભાગ–૧, લેખ નં. ૧૪૧–૧૪૨ ની પ્રસ્તાવના.
૧૨૪. અ. નં. ૨૦ ૧૨૫. અ. નં. ૨૧. ૧૨૬. અ. નં. ૨૯
૧૨૭. અ. નં. ૧૪ ૧૨૮. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૫૮
૧૨૯. અ. નં. ૧૮–૧૯ ૧૩૦. અ. નં. ૧૮ ૧૯–અ
૧૩૧. જુઓ પરીખ, આર. સી., ઇન્ટ્રોડક્શન "કાવ્યાનુશાસન".
૧૩૨. "પ્રબંધચિંતામણિ", પૃ. ૭૬ ૧૩૩. અ. નં. ૩૨ ૧૩૪. અ. નં. ૨૨
૧૩૫. અ. નં. ૨૪ ૧૩૬. અ. નં. ૨૫ ૧૩૭. અ. નં. ૨૬
૧૩૮. અ. નં. ૨૭ ૧૩૯. અ. નં. ૨૮ ૧૪૦. અ. નં. ૨૯
૧૪૧. અ. નં. ૩૦ ૧૪૨. અ. નં. ૩૦–અ ૧૪૩. અ. નં. ૩૧
૧૪૪. અ. નં. ૩૨ ૧૪૫. અ. નં. ૨૯–અ ૧૪૬. અ. નં. ૩૩
૧૪૭. અ. નં. ૩૪ ૧૪૮. "ઈ. એ". ગ્રં. ૧૮, પૃ. ૩૪૧
૧૪૯. મુનશી, ક. મા. "ગ્લોરી ધેટ વોઝ ગુર્જરદેશ," પૃ. ૧૬૦
૧૫૦. શાસ્ત્ર, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૬૮ ૧૫૧. અ. નં. ૩૫
૧૫૨. અ. નં. ૩૫–અ ૧૫૩. "ઈ. એ". ગ્રં. ૧૯, પૃ. ૧૪૯
૧૫૪–૧૫૫. અ. નં. ૪૪, ૫૪
૧૫૬. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૭૧ ૧૫૭. અ. નં. ૨૫ થી ૩૫અ
૧૫૮. અ. નં. ૨૪, ૧૫૯. "દ્વયાશ્રય", સર્ગ ૧૨
૧૬૦. "કીર્તિકૌમુદી," સ. ૨, શ્લોક ૩૮; "કુમારપાલચરિત" સ. ૧, શ્લોક ૧૨
૧૬૧. "ઈ. એ". વૉ. ૬, પૃ. ૧૮૬
૧૬૨. શાસ્ત્રી, હ. ગં. "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ ૨૦૦–૨૦૬
૧૬૩. "વાગ્ભટાલંકાર", પરિચ્છેદ ૪, શ્લોક ૧૨૨

164. "ઈ. એ." ગ્રં. 19, પૃ. 349 165. અ. નં. 44
166. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. 4, પૃ. 51 167. "દ્વ્યાશ્રય", સ. 14
168. "પ્રબંધચિંતામણિ", પૃ. 58–59
169. "કીર્તિકૌમુદી", સર્ગ 2, શ્લોક 31–32
170. "કુમારપાલભૂપાલચરિત", સ. 1 શ્લોક 41; "કુમારપાલપ્રબંધ", પૃ. 7
171. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. 4, પૃ. 52 172. "ઈ. એ". ગ્રં. 10, પૃ. 158
173. વિ. સં. 1229નો ઉદયપુરમાંથી અજયપાલનો લેખ પ્રાપ્ત થાય છે. આ જોતાં જણાય છે કે અજયપાલ સુધી માળવા અને બીજા પ્રદેશો પર ગુજરાતની સત્તા હતી. પરંતુ માળવાના પરમાર રાજાઓના લેખના આધારે જણાય છે કે ભીમદેવ ર જાના વખતમાં માળવા સ્વતંત્ર થયું હોય અને મેવાડ ગુજરાતના તાબે રહ્યું હશે. આ પ્રકારની માહિતી ભીમદેવ ર જાના આહડના તામ્રપત્ર વિ. સં. 1263 દ્વારા પ્રાપ્ત થાય છે.
174. "પ્રબંધચિંતામણિ", પૃ. 64–65, 175. અ. નં. 45
176. પલાણ, નરોત્તમ "સિંહ સંવત," ફા. ગુ. સ. ત્રૈમાસિક, પુ. 40, અં. 2. પૃ. 68, 177. "પ્રબંધચિંતામણિ", શ્લોક 463
178. દેસાઈ, મોહનલાલ દ., "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ," 1933 પૃ. 245–246; "રેવંતગિરિરાસુ", કડવું 1, કડી 9
179. અ. નં. 33, 180. અ. નં. 81
181. પલાણ નરોત્તમ, ઉપર્યુક્ત
182. "ગુ. રા. સાં. ઈ.", ગ્રંથ 4 પૃ. 501, પાદટીપ નં. 572
183. "વાગ્ભટાલંકાર", શ્લોક 4, પૃ. 129
184. અ. નં. 54, 185. પરીખ, આર. સી., ઉપર્યુક્ત, પૃ. 180
186. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. 294–295, 187. એજન, પૃ. 294
188. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. 81
189. "ગુ. રા. સાં. ઈ"., ગ્રં. 4, પૃ. 53, 190. અ. નં. 32
190અ. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. 295
191. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. 203,
192. "ગુ. રા. સાં. ઈ", ગ્રં. 4, પૃ. 55
193. "ગુ. ઐ. લે." નં. 205; 194. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. 84
195. અ. નં. 33 196. અ. નં. 29–અ

૧૯૭. બોમ્બે ગેઝેટીયર પૃ. ૧૭૭; મોદી રા. ચુ. "સિદ્ધરાજના કીર્તિસ્તંભના લેખનો એક અંશ", પ્રસ્થાન, પૃ. ૧૨ અંક ૫ પૃ. ૨૯૮
૧૯૮. "દ્વયાશ્રય", સર્ગ ૧૫, શ્લોક ૧૨૧, ૧૨૨
૧૯૯. "પ્રસ્થાન", પુ. ૧૨, અં. ૫, પૃ. ૨૯૮ ૨૦૦. અ. નં. ૨૮
૨૦૧. વિશેષ ચર્ચા માટે જુઓ આર્થિક સ્થિતિનું પ્રકરણ.
૨૦૨. અ. નં. ૩૫૭ ૨૦૩. અ. નં. ૬૪
૨૦૪. અ. નં. ૪૦ ૨૦૫. અ. નં. ૪૩
૨૦૬. અ. નં. ૪૪ ૨૦૭. અ નં. ૪૫ ૨૦૮. અ. નં. ૫૪
૨૦૯. અ. નં. ૬૮ ૨૧૦. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૯૯, ૪૭૩
૨૧૧. "પ્રબંધચિંતામણિ", પૃ. ૭૮ ૨૧૨. "વિચારશ્રેણી", પૃ. ૯
૨૧૩–૧૪. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૨૩
૨૧૫. "પ્રબંધચિંતામણિ" પૃ. ૭૮–૭૯
૨૧૬. "પ્રબંધકોશ" પૃ. ૫૨; "કુમારપાલપ્રબંધ" પૃ. ૩૯; "કુમારપાલભૂપાલ ચરિત", પૃ. ૪, ૧૭૨, ૨૧૨
૨૧૭. "ગુ. રા. સાં. ઈ." ગ્રં. ૪, પૃ. ૬૦ ૨૧૮. અ.નં. ૪૦
૨૧૯. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત પૃ. ૧૦૬
૨૨૦. અ. નં. ૪૩ ૨૨૧. "પ્રા. જૈ.લે.સં." લે. ૬૪
૨૨૨. "દ્વયાશ્રય", સ. ૧૬, શ્લોક ૮, ૨૩; સ. ૧૯, શ્લોક ૧૫–૧૨૫
૨૨૩. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૪૪
૨૨૪–૨૨૫. એજન, પૃ. ૩૪૫, ૩૪૬ પાદ નં. ૧
૨૨૬. જુઓ "ઈ. એ". ૧૯૩૨, ઑક્ટોબર, "પરમારો" નો ખાસ લેખ,
૨૨૭. અ. નં. ૫૫ ૨૨૮. "કીર્તિકૌમુદી", સ. ૨ શ્લોક ૪૯
૨૨૯. "કુમારપાલચરિત", સ. ૬
૨૩૦. પરીખ, આર. સી., ઉપર્યુક્ત, પૃ. ૨૧૫
૨૩૧. "એ. ઈ.", ગ્રં. ૯, પૃ. ૭૦, શ્લોક ૩૨–૩૭
૨૩૨. અ. નં. ૪૫ ૨૩૩. "એ. ઈ". ગ્રં. ૯, પૃ. ૬૮
૨૩૪. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૫૨ ૨૩૫. અ. નં. ૬૧
૨૩૬. "દ્વયાશ્રય," સ. ૩૦, શ્લોક ૯૦–૯૭
૨૩૭. એજન, શ્લોક ૧૦૧
૨૩૮. શાસ્ત્રી, દુ. કે. ઉપર્યુક્ત, પૃ. ૩૬૭–૩૭૦
૨૩૯. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૮૦, પાદટીપ નં. ૧

૨૪૦–૨૪૧. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૯૪
૨૪૨. "પ્રબંધચિંતામણિ", પૃ. ૨૦૪
૨૪૩. "વિચારશ્રેણી", પૃ. ૯ ૨૪૪. અ. નં. ૭૨
૨૪૫. અ. નં. ૮૩, ૯૧, ૯૫, ૧૦૪, ૧૧૩, ૧૩૩, ૧૭૬, ૧૮૩
૨૪૬. અ. નં. ૧૦૭, ૧૭૭
૨૪૭. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૩૧
૨૪૮. "મું. ગે". ગ્રં. ૧, ભા. ૧, પૃ. ૧૯૫ ટિ ૪ તથા પૃ. ૧૯૬
૨૪૯ બ્રીગ્ઝ, 'ફિરિસ્તા', ગ્રં. ૧, પૃ. ૧૭૦
૨૫૦. "પ્રબંધચિંતામણિ", પૃ, ૯૭; "ગુ. રા. સા. ઈ", ગ્રંથ ૪, પૃ. ૮૧
૨૫૧. શાસ્ત્રી હ. ગં.—"સોલંકીરાજા જયસિંહ અને જયંતસિંહનો અભેદ અને રાજ્યકાલની સમસ્યા", "સામીપ્ય", એપ્રિલ, ૧૯૮૪, અં. ૧, પૃ. ૧, પૃ. ૨૬
૨૫૨. અ. નં. ૭૩ ૨૫૩. અ. નં. ૮૩ ૨૫૪. અ. નં. ૮૯
૨૫૫. અ. નં. ૯૧ ૨૫૬. અ. નં. ૯૪ ૨૫૭. અ.નં. ૯૫ ૨૫૮. અ.નં. ૯૦
૨૫૯. અ.નં. ૯૨ ૨૬૦. અ.નં. ૭૬, ૮૩, ૮૬અ, ૮૮, ૮૯, ૯૦, ૯૧
૨૬૧. અ. નં. ૧૮૩. ૨૬૨. મજુમદાર, એ. કે. "ઉપર્યુક્ત" પૃ. ૧૩૮
૨૬૩. અ. નં. ૭૬ ૨૬૪. "જ. એ. સો. બેં". ગ્રં. ૫, પૃ. ૩૭૮
૨૬૫. અ. નં. ૯૪–૯૫ ૨૬૬–૬૭. અ. નં. ૧૦૦ અને ૧૦૪
૨૬૮. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૧૯
૨૬૯–૭૦–૭૧. કિલ્હોર્ન, 'લિસ્ટ ઓફ ધ ઈન્સ્ક્રિપ્શન્સ ઓફ નોર્થ ઇન્ડિયા, નં. ૧૯૫
૨૭૨. ઈ. હુલ્શ, "ધારાપ્રશસ્તિ ઓફ અર્જુનવર્મા, નાયક ઓફ પારિજાતમંજરી", 'એપિગ્રાફીઆ ઈન્ડિકા', વૉ, ૭ (૧૯૦૫–૦૬), પૃ. ૯૬
૨૭૩. શાસ્ત્રી, હ.ગં–"સોલંકીરાજા જયસિંહ અને જયંતસિહનો અભેદ અને રાજ્યકાલ : એક સમસ્યા", સામીપ્ય, એપ્રિલ–૧૯૮૪, અં. ૧, પુ. ૧, પૃ. ૨૬; "સોલંકીરાજા જયસિંહ ૨ જાનું ત્રાજેતરમાં મળેલું દાનશાસન અને એના રાજ્યકાલનો પુનર્વિમર્શ", સામીપ્ય, પુ. ૧, અં. ૪, જાન્યુઆરી–માર્ચ, ૧૯૮૫
૨૭૪. "ગુ. રા. સાં. ઈ"., ગ્રંથ : ૪, પૃ. ૭૬
આ પુસ્તકમાં સરતચૂકથી જયશ્રીને જયસિંહની પત્ની કહી છે પણ વસ્તુત : તે એની પુત્રી હતી.

૨૭૫. શરૂઆતમાં પ્રબંધચિંતામણિ (પૃ. ૯૭) અને એને આધારે હુલ્શ વગેરે વિદ્વાનોએ અર્જુનવર્માનું યુદ્ધ "અભિનવ સિદ્ધરાજ"નું બિરુદ ધરાવતા ભીમદેવ ૨ જા સાથે થયાનું જણાવ્યું, પરંતુ પાછળથી હુલ્શ વગેરે વિદ્વાનો પણ ભીમદેવ ૨ જો અને જયસિંહ બન્ને જુદા રાજાઓ છે એમ સ્વીકારતા થયા અને અર્જુનવર્માએ ભીમદેવ ૨ જાને નહિ પણ જયસિંહને હરાવ્યાનું નિશ્ચિત થયું. જુઓ–

–પ્રો. કિલ્હોર્ન–ઈ. એ, વૉ. ૧૧, ૧૯૦૭–૮, પૃ. ૧૧૮

–ગાંગુલી, ડી.સી., "હિસ્ટરી ઑફ ધી પરમાર ડાયનેસ્ટીઝ", પૃ, ૨૦૪,

–શાસ્ત્રી, દુ. કે, ઉપર્યુક્ત, પૃ. ૪૧૭

–મજુમદાર, એ. કે.–ઉપર્યુક્ત પૃ. ૧૪૮

૨૭૬. શાસ્ત્રી, હ. ગં. ઉપર્યુક્ત, સામીપ્ય, અં. ૧, પુ. ૧ (એપ્રિલ ૧૯૮૪)

૨૭૭. ૨૭૮. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૧૪–૪૧૫

૨૭૯. મજુમદાર, એ.કે., ઉપર્યુક્ત, પૃ. ૧૪૮

૨૮૦. એજન, પૃ. ૧૬૦ ૨૮૧. "પ્રબંધચિંતામણિ", પૃ. ૯૭

૨૮૨. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૬૪

૨૮૩. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૧૮ ૨૮૪. અ.નં. ૧૨૦

૨૮૫. પૂના ઓરિયેન્ટાલીસ્ટ, વૉ. ૨, ૧૯૩૮, પૃ. ૨૦૨

૨૮૬. શાસ્ત્રી, હ.ગં. ઉપર્યુક્ત, પૃ. ૨૭ ૨૮૭. અ.નં. ૯૦

૨૮૮. શાસ્ત્રી, હ.ગં. ઉપર્યુક્ત, પૃ. ૨૮ ૨૮૯. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૧૮

૨૯૦. અ. નં. ૧૦૪ ૨૯૧. અ.નં. ૧૩૪ થી ૧૩૯

૨૯૨. અરિસિંહ, "સુકૃતસંકીર્તન" સ. ૩, શ્લોક ૪૧–૬૨

૨૯૩. જયસિંહસૂરિ "વસ્તુપાલ–તેજપાલ–પ્રશસ્તિ", શ્લોક ૩૯૫૯;
મજુમદાર, એ. કે. ઉપર્યુક્ત, પૃ. ૪૬૭, ટીપ નં. ૧૨૬

૨૯૪. અરિસિંહ, "સુકૃતસંકીર્તન", સર્ગ–૩, શ્લોક ૪૧–૬૨.

૨૯૫. શાસ્ત્રી, હ.ગં., ઉપર્યુક્ત પૃ. ૨૫

૨૯૬. શાસ્ત્રી, હ.ગં. ઉપર્યુક્ત, સામીપ્ય, જાન્યુઆરી–માર્ચ, ૧૯૮૫ પુ. ૧, અં. ૪, પૃ. ૧૯૨. ૨૯૭. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૨૭

૨૯૮. એજન, પૃ. ૪૩૩–૪૩૯

૨૯૯. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૫૫

૩૦૦. "ગુ.રા.સાં.ઈ"., ગ્રં. ૪, પૃ. ૮૩, પાદ. ૬૬

૩૦૧. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૬૭

—*—

# ૩ રાજકીય સ્થિતિ : સમકાલીન રાજ્યો

ચૌલુક્યકાલીન અભિલેખોમાંથી ચૌલુક્યોનાં સમકાલીન વિવિધ રાજ્યોની વિગતો પ્રાપ્ત થાય છે. અલબત્ત, આ માહિતી અલ્પ પ્રમાણમાં મળે છે. આ સમકાલીન રાજ્યોમાં કેટલાંક રાજ્યો ચૌલુક્યો સાથે મૈત્રી સંબંધો ધરાવતાં, જ્યારે કેટલાંક રાજ્યો સાથે ચૌલુક્યોને અણબનાવ પણ રહેલો. કેટલાંક રાજ્યો સાથે તેમને સામાજિક તેમજ આર્થિક સંબંધો પણ હતા. આ સમકાલીન રાજ્યોમાં કચ્છ, સૌરાષ્ટ્ર, લાટનાં તથા પૂર્વમાં માળવા અને ઉત્તરમાં રાજસ્થાનનાં રાજ્યોનો સમાવેશ થાય છે. વળી દક્ષિણમાં કોંકણમાં–મહારાષ્ટ્ર અને કર્ણાટકના રાજવીઓનો પણ આ વિસ્તારમાં તેમની પ્રવર્તેલી આણના સંદર્ભમાં સમાવેશ થાય છે.

## ૧. કચ્છનો જાડેજા વંશ

ભીમદેવ ૧લાના વિ. સં. ૧૦૯૩ (ઈ. સ. ઈ. સ. ૧૦૩૭)ના અભિલેખના આધારે જણાય છે કે કચ્છ મંડલ પર ભીમદેવ ૧ લાનું આધિપત્ય પ્રવર્તતું હતું. સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના કચ્છ ભદ્રેશ્વરના ચોખંડા મહાદેવના લેખ દ્વારા જણાય છે કે તેના સમયમાં પણ ચૌલુક્યોની આણ કચ્છમાં પ્રવર્તતી હતી.

જોકે કચ્છમાં આ વખતે જાડેજા વંશની સત્તા હતી. અનુશ્રુતિ મુજબ પુંઅરોની રાણી રાજીએ તેના પતિના મૃત્યુ પછી જામ જાડાનાં દત્તક પુત્ર લાખા જાડેજાને કચ્છનું રાજ્ય ચલાવવા લગભગ ઈ. સ. ૧૩૫૦માં આપ્યું હતું.[૧] પરંતુ લાખા જાડેજાનો કચ્છનો રાજ્યારંભ ઈ. સ. ૧૧૪૭ થી શરૂ થાય છે.[૨] આથી ઈ. સ. આથી કદાચ એ શક્ય બને કે કેરાકોટમાં સમા વંશનો લાખો ફુલાણી મરાયો હશે, અને તે પછી મૂળરાજની સત્તા છેક કચ્છના કેરાકોટના વિસ્તાર સુધી પ્રસરી હશે અને પધરગઢમાં સંધારોને હાથે પુંઅરાનો અંત આવ્યા પછી તેની રાણીએ લાખા જાડેજાને સત્તા પર આણ્યો હશે.[૩]

સૌરાષ્ટ્રમાં આ સમયે સોરઠમાં ચૂડાસમા વંશનું, હાલાર વિસ્તારમાં જેઠવા વંશનું, પ્રભાસપાટણમાં વાજા વંશનું, માંગરોળ વિસ્તારમાં ગૂહિલ વંશનું તેમજ તળાજા વિસ્તારમાં મેહર વંશનું રાજ્ય પ્રવર્તતું હતું, જેની ટૂંકી વિગતો નીચે મુજબ છે.

**૨. ચૂડાસમા વંશ**

સિંધના સમા જાતિના ચંદ્રચૂડ કે ચંદ્રાચૂડે વામનસ્થલી (વંથલી)માં ઈ. સ. ૮૭૫માં પોતાની સત્તા સ્થાપી તેનો રાજવંશ ચૂડાસમા નામથી ઓળખાયો.[૪] આ વંશના ગ્રાહરિપુને મૂળરાજ ૧ લાએ હરાવ્યાનું હેમચંદ્રાચાર્યે નોંધ્યું છે.[૫] વળી દુર્લભરાજે પણ વંથળીનો વિજય કરીને તેના પર પોતાનું આધિપત્ય પ્રર્વતાવ્યાનું કહેવાય છે.

આ વંશમાં રા'ખેંગાર ૧ લો ઈ. સ. ૧૦૪૪ થી ૧૦૬૭ દરમ્યાન થયો હતો. ચૌલુક્ય રાજવી ભીમદેવ ૧ લાની રાણી ઉદયમતી આ ખેંગારની પુત્રી હતી.[૬] રા'ખેંગાર ૧ લા પછી રા'નોઘણ ૨ જો (૧૦૬૭ થી ૧૦૯૮) સત્તા પર આવેલો. તેને લીમડી પાસે સોલંકી સેનાએ પરાજય આપેલો.[૭]

સિદ્ધરાજ જયસિંહના અમલ વખતે ચૂડાસમા વંશમાં રા'ખેંગાર ૨ જો સત્તા પર હતો. વિ. સ. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના દાહોદના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજે સુરાષ્ટ્રના રાજાને કારાગૃહમાં નાખ્યો હતો. આ પ્રદેશને સિદ્ધરાજે ખાલસા કરીને ત્યાં સજ્જનમંત્રીની નિયુક્તિ કરી હોવાનું "પ્રબંધચિંતામણિ" પરથી જણાય છે.[૮] આ સજ્જનમંત્રીએ ગિરનાર પર નેમિનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને એ માટે તેણે સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઊપજ ખર્ચમાં વાપરેલી. આ કારણે સિદ્ધરાજે નારાજ થઈને સૌરાષ્ટ્રનો દંડાધિપતિ તરીકેનો હવાલો તેની પાસેથી લઈ લીધો અને તે શોભનદેવને સોંપ્યો હોવાનું વંથળીના વિ. સં. ૧૧૮૧ (ઈ. સ. ૧૧૨૫)ના પ્રતિમા–લેખ પરથી જણાય છે.[૯] અલબત્ત, સજ્જનના વર્ષ વગરના શત્રુંજયના લેખમાં તેનો મંત્રી તરીકે ઉલ્લેખ થયેલો છે.[૧૦] આ ઉપરાંત 'પ્રભાવકચરિત'માં[૧૧] પણ સજ્જનનો મંત્રી તરીકે ઉલ્લેખ થયેલો છે. અહીં પ્રસ્તુત મુદ્દો એ છે કે શોભનદેવ ઈ. સ. ૧૧૨૫માં સોરઠનો દંડાધિપતિ હતો એ પછી તેની પાસેથી સત્તા ખૂંચવી લઈને સૌરાષ્ટ્રમાં ફરીથી ચૂડાસમા સત્તા કેવી રીતે પ્રવર્તી ? જોકે ચારણોએ તો ચારણી સાહિત્યમાં સિદ્ધરાજ અને ખેંગારના યુદ્ધમાં ખેંગાર મરાયાની વાત કરી છે, પરંતુ દાહોદના લેખ પરથી જણાય છે કે સિદ્ધરાજે તેને મારી નાંખ્યો ન હતો પરંતુ બંદીવાન કર્યો હતો. આથી એમ

ફલિત થાય છે કે સિદ્ધરાજે તેને કેદ પકડીને પોતાની પિતામહી ઉદયમતીના સગપણના નાતે તેને છોડી દીધો હોય અને પછી એ ચૌલુક્યોનું આધિપત્ય સ્વીકારીને વશવર્તી રહેશે તેવી ખાતરી પડતાં તેને સોરઠનો વહીવટ સોંપ્યો હોય અને શોભનદેવને ત્યાંથી બીજે હટાવ્યો હોય. આ ફેરફાર ઈ. સ. ૧૧૨૫ પછી બે ત્રણ વર્ષે થયો હોય તો ખેંગારને સોરઠની પુનઃ પ્રાપ્તિ માટે ઈ. સ. ૧૧૧૩–૧૪ થી ઈ. સ. ૧૧૨૭–૨૮ જેટલો અર્થાત્ ઓછામાં ઓછાં ૧૦ થી ૧૫ વર્ષનો સમયગાળો મળ્યો હોય. ખેંગારે ચૌલુક્યોનું આધિપત્ય સ્વીકાર્યું હોય તો જ તેને સત્તા પુનઃ પ્રાપ્ત થઈ હોય.

અહીં એક મુદ્દો લક્ષમાં લેવો જોઈએ કે સોરઠ(જિલ્લો જૂનાગઢ)ના થોડા લેખોમાં[૧૨] સિંહ સંવતનાં ૩૨ થી ૧૫૧ નાં વર્ષો પ્રયોજાયેલાં મળે છે. આ લેખોમાં સિંહ સંવતની સાથે વિક્રમ સંવત અને વલભી સંવતનાં વર્ષો પણ આપેલાં હોવાથી સિંહ સંવત ઈ. સ. ૧૧૧૩ કે ૧૧૧૪માં સ્થપાયો હોવાનું જણાય છે.[૧૩] આ સંવત કેવળ સોરઠ પૂરતો જ સિમિત રહ્યો હોવાથી એ સંવત કોણે શરૂ કર્યો એ બાબતે ભારે મતભેદ પ્રવર્તે છે. શ્રી રાયજાદાને મતે[૧૪] આ સંવત વસ્તુતઃ રા'ખેંગારે પોતે જ ચલાવ્યો હતો અને તેથી જ તે સોરઠમાં પ્રચલિત થયો હતો, પરંતુ આ મંતવ્ય સ્વીકાર્ય બન્યું નથી. વધુ સંભવિત તો એ છે કે જયસિંહ સિદ્ધરાજે સોરઠવિજયની સ્મૃતિમાં આ સંવત ચલાવ્યો હોય અને એ રીતે જોઈએ તો સિદ્ધરાજે સોરઠ વિજય ઈ. સ. ૧૧૧૩ કે ૧૧૧૪માં કર્યો હોવાનું જણાય.[૧૫]

રા'ખેંગાર પછીથી સોરઠ પર રા'નોંઘણ ૩ જો (ઈ.સ. ૧૧૩૬–૧૧૪૦), રા'ક્વાત ૨ જો (ઈ.સ. ૧૧૪૦–૧૧૫૨), રા'જયસિંહ ૧ લો (ઈ.સ. ૧૧૫૨–૧૧૮૦), રા'રાયસિંહ (ઈ.સ. ૧૧૮૦–૧૧૮૪), રા'મહીપાલ ૨ જો (ઈ.સ. ૧૧૮૪–૧૨૦૧), રા'જયમલ્લ (ઈ. સ. ૧૨૦૧–૧૨૩૦), રા'મહીપાલ ૩ જો (ઈ. સ. ૧૨૩૦–૧૨૫૩) રા'ખેંગાર ૩ જો (ઈ. સ. ૧૨૫૩–૧૨૬૦), રા'માંડલીક ૧ લો (ઈ, સ. ૧૨૬૦–૧૩૦૬) વગેરે રાજાઓ થયા હતા, જેમના વિશે કોઈ અભિલેખિક વિગતો પ્રાપ્ત થતી નથી.

### ૩. જેઠવા વંશ

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સૈંધવ વંશના રાજાઓએ ઈ. સ. ૭૩૫ થી ઈ. સ. ૯૨૦ દરમ્યાન રાજ્ય કર્યું હતું. આ સૈંધવોની રાજધાની ધૂમલીમાંથી રાણક બાષ્કલદેવનું વિ. સં. ૧૦૪૫ (ઈ. સ. ૯૮૯)નું તામ્રપત્ર[૧૬] પ્રાપ્ત થયું

છે. આ લેખના આધારે જણાય છે કે બાષ્કલદેવે ભૂતાંબિલી(ભૂમલી–ધૂમલી)માં પોતાની રાજધાની રાખી હતી અને તેને ફરતો રાજ્યવિસ્તાર જ્યેષ્ટુક દેશ તરીકે ઓળખાતો હતો.[૧૭] આ બાષ્કલદેવ કયા વંશનો હતો તે તામ્રપત્ર પરથી નક્કી થઈ શકતું નથી. પરંતુ તે સંભવતઃ જેઠવા જાતિનો હોવાનું જણાય છે. આવું મંતવ્ય બાંધવા માટે તામ્રપત્રમાં ઉલ્લેખાયેલ જ્યેષ્ટુકદેશ તથા તેના પછી ધૂમલીમાંથી રાજ્ય કરતા જેઠવા વંશના રાજાઓની મળતી વિગતો સહાયભૂત થાય છે.

ભાટચારણોની અનુશ્રુતિઓમાં જેઠવા વંશના શરૂઆતના રાજાઓનો જે ઉલ્લેખ થયો છે તેમાં ઐતિહાસિક તથ્ય ભાગ્યે જ જણાય છે. આ વંશના સીધા નિર્દેશવાળો જૂનામાં જૂનો અભિલેખ વિસાવાડા (જિ. પોરબંદર)ના સિધ્ધેશ્વર મંદિરમાં વિ. સં. ૧૨૬૨ (ઈ. સ. ૧૨૦૬)ના "રાણશ્રી સીહ"ના રાજ્યનો પ્રાપ્ત થયો છે.[૧૮] આ લેખમાં રાણશ્રી વિક્રમાદિત્યની મૂર્તિ વિસાવાડામાં તે જ વર્ષે સ્થાપિત કરાવ્યાનો ઉલ્લેખ થયેલો છે. આ રાણશ્રી સિંહનો ઉલ્લેખ વિ. સં. ૧૨૬૨ (ઈ. સ, ૧૨૦૬)ના આજક ગામમાંથી પ્રાપ્ત થયેલા લેખમાં પણ થયેલો છે. ભાટ–ચારણોની વંશાવળી અનુસાર જોઈએ તો રાણશ્રી વિક્રમાદિત્ય તે વિકિયાજી ૨ જો અને રાણશ્રી સિંહ તે વિજયસિંહ હોવાનું પ્રતીત થાય છે.[૧૯] મિયાણીના વિ. સં. ૧૨૯૦ (ઈ. સ. ૧૨૩૪)ના સ્તંભલેખમાં[૨૦] સ્થાનિક રાજાનું નામ સુવાચ્ય બન્યું નથી પણ તે સંભવતઃ આ વંશનો હોવાનું જણાય છે. કારણ કે ભાટ-ચારણોની અનુશ્રુતિ પ્રમાણે જેઠવાઓએ મિયાણીને પણ કેટલાંક વર્ષો માટે પોતાની રાજધાની બનાવી હતી.

પોરબંદરનો વિ. સં. ૧૩૧૫ (ઈ. સ. ૧૨૫૯)નો શિલાલેખ[૨૧] સૂચવે છે કે ધૂમલીની આજુબાજુનો વિસ્તાર ચૌલુક્ય સજાી વીસલદેવના આધિપત્ય નીચે હતો. તે વખતે સૌરાષ્ટ્રનો ઉપરાજ સામંતસિંહ હતો. જેઠવા વંશની ભાટચારણોની વંશાવળીમાં આ રાજા સિંહનો શિયોજી તરીકે ઉલ્લેખ કરેલો છે.

આ સિંહ ધોળકાના વાઘેલા રાજા વીસલદેવનો મામો થતો હતો અને એકવાર ધોળકામાં તે એક પૌષધશાળા નીચેથી જતો હતો ત્યારે પૌષધશાળાના નોકરથી તેના પર કચરો પડતાં તે ગુસ્સે થયો અને પૌષધશાળામાં જઈને અપશબ્દો બોલી આવ્યો. પરિણામે ગુસ્સે થયેલા મંત્રી વસ્તુપાલે સિંહની જમણા હાથની હથેળી ઉતરાવી લીધી. આથી જેઠવાઓ ગુસ્સે થયા. રાજા વીસલદેવે એ બાબતનું કારણ જાણી વસ્તુપાલે યોગ્ય જ કર્યું છે તેમ જણાતાં સિંહ જેઠવાએ મંત્રી વસ્તુપાલની ક્ષમા માંગીને પૌષધશાળામાં પોતે કરેલ તોફાન માટે ક્ષોભ અનુભવ્યો હોવાની ઘટના રાજશેખરે 'પ્રબંધકોશ'માં નોંધી છે.[૨૨]

## ૪. વાજા વંશ

આ વંશની ઉત્પત્તિ વિક્રમ સંવતની ૧૩ મી શતાબ્દીના અંતિમ ભાગમાં પ્રભાસપાટણમાં થઈ હોવાનું માનવામાં આવે છે. તેના સ્થાપક તરીકે વિજાજીનું નામ અપાયું છે.[૨૩]

જોકે વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭)ના ભીમદેવ ૨ જાના સમયના શ્રીધરની સોમનાથ પાટણ પ્રશસ્તિ લેખના[૨૪] આધારે જણાય છે કે એ વખતે પ્રભાસપાટણ અને તેની આસપાસનો પ્રદેશ ભીમદેવ ૨ જાના સીધા આધિપત્ય નીચે હતો.

આથી હવે સવાલ એ થાય છે કે વિજાજીએ પ્રભાસપાટણ પર ક્યારે અધિકાર કર્યો હશે. આ બાબતમાં શંભુપ્રસાદ હ. દેશાઈનું માનવું છે કે પ્રભાસપાટણમાં વાજાવંશની સ્થાપના ઈ. સ. ૧૨૪૫માં થઈ હતી.[૨૫] જ્યારે હરિશંકર શાસ્ત્રીએ આ અંગે વિસ્તૃત ચર્ચા કરીને જણાવ્યું છે કે વાઘેલા અર્જુનદેવના સમયમાં વેરાવળ હરસત માતાના મંદિરમાં વિ. સં. ૧૩૨૦ (ઈ. સ. ૧૨૬૪)ના લેખમાં[૨૬] જણાવ્યા પ્રમાણે પ્રભાસપાટણમાં રાજશ્રી છાડાનું રાજ્ય હતું. આથી વિજાજીના સમય વિશે વિચાર કરીએ તો માત્ર ૨૦ વર્ષના ટૂંકા ગાળામાં અર્થાત્ ૧૨૪૫ થી ૧૨૬૪ દરમ્યાન પ્રભાસપાટણમાં ત્રણ રાજાઓ થયા એમ માનવું પડે. આથી વધુ સંભવિત તો એ જણાય છે કે વિજાજીએ ઈ.સ. ૧૨૪૫માં નહિ પરંતુ એ પહેલાં એટલે કે ભીમદેવ ૨ જાના સમયમાં ભીમદેવના મંત્રી શ્રીધર પછીના અધિકારીઓ પાસેથી આ પ્રદેશ જીતી લઈ વાજા વંશની સ્થાપના કરી હશે.[૨૭]

## ૫. માંગરોળનો ગૂહિલ વંશ

માંગરોળમાં ગૂહિલોની સત્તા ૧૧મી સદીમાં સ્થપાયાનું જણાય છે.[૨૮] આ વંશનો પ્રાચીનતમ લેખ વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)નો મૂલુકનો મળે છે. આ લેખ માંગરોળની સોઢલી વાવમાંથી ઉપલબ્ધ થયો છે. કુમારપાલના સમયના એ અભિલેખમાં કેટલાંક દાનોની નોંધ આપી છે.[૨૯]

પ્રસ્તુત દાન ગૂહિલવંશના ઠક્કુર મૂલુકે સહજિગેશ્વર મંદિરના નિભાવ માટે આપેલાં હતાં. આ મંદિર મૂલુકના ભાઈ સોમરાજે બંધાવ્યું હતું. આ લેખમાં જણાવ્યા અનુસાર મૂલુક સાહારનો પૌત્ર અને સહજિગનો પુત્ર હતો. સહજિગ ચૌલુક્ય ચક્રવર્તિનો અંગરક્ષક હતો. ગૂહિલો સૌરાષ્ટ્રમાં ચૌલુક્યોવતી શાસન ચલાવતા હતા. મંગલપુર (માંગરોળ) સંભવતઃ ગોહિલોની સત્તાનું કેન્દ્ર હતું. મૂલુકે

આપેલાં દાન મંગલપુર (માંગરોળ), ચાલુયાવાડ (ચોરવાડ), વલઈજ (બળેજ), લાડીપદ્ર પથક (લાઠોદરા તાલુકો) અને વામનસ્થલી (વંથલી) સાથે સંકળાયેલાં હતાં.

આ લેખ મૂળમાં ચોરવાડના જડેશ્વર મંદિરમાં હોવાનું ધારવામાં આવે છે. ત્યાંથી તેને વિ. સં. ૧૩૭૫ (ઈ. સ. ૧૩૧૯)માં બંધાયેલી સોઢલી વાવની એક દીવાલમાં ચણવામાં આવેલો.

ગૂહિલ મૂલુકના પુત્ર રાણકનો એક લેખ માંગરોળથી પૂર્વદિશાએ પદ્મકુંડ પાસેના કામનાથ મહાદેવ પાસેથી મળેલો છે. વલભી સં. ૯૧૧ (ઈ. સ. ૧૨૨૯) ના આ અભિલેખમાં ઠક્કુર મૂલુકના પુત્ર રાણક રાણાએ માંગરોળ પાસેના ઘેલાણામાં આવેલ ભૃગુમઠમાં દેવની પૂજા અર્થે આસનપટ્ટ આપ્યાનું નોંધાયું છે.[૩૦]

ઉપર્યુક્ત બે લેખો સિવાય ગૂહિલોના આ કાલના બીજા લેખો મળતા નથી. સં. ૧૩૨૮ (ઈ. સ. ૧૨૭૨) માં કોડીનાર પ્રશસ્તિ લેખ પરથી જણાય છે કે ગોહિલો પાસેથી ચૌલુક્યોએ એ પૂર્વે સત્તા કબજે કરી હશે.[૩૧] અહીં ઉપર્યુક્ત લેખોમાં આપેલ વિગતો પરથી ગૂહિલ વંશની વંશાવળી આ પ્રમાણે તારવી શકાય :

```
              સાહાર
                |
              સહજિગ
                |
      ---------------------
      |                   |
    મૂલુક              સોમરાજ
      |
    રાણક
```

### ૬. મેહર રાજ્ય :

ભાવનગર પાસે તળાજાની નિકટ ટીમાણામાં મેહરવંશનું એક નાનું રાજ્ય આ સમયગાળામાં આવેલું હતું. આ વંશના જગમલ્લ નામના રાજવીનું વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૭) નું તામ્રપત્ર[૩૨] ટીમાણામાંથી પ્રાપ્ત થાય છે. આ તામ્રપત્રમાં ચૌલુક્ય મહારાજાધિરાજ ભીમદેવ ૨ જાના શાસન દરમ્યાન મેહર રાજા જગમલ્લે પોતાના માતાપિતાના પુણ્ય અર્થે તળાજાનાં બે મંદિરોના નિભાવ માટે ભૂમિ દાનમાં આપ્યાની નોંધ છે. આ ભૂમિદાન અંગે કાંબલઉલિ, ફૂલસર, કુંઠાવલી, બાલાક અને ટિમ્બાનક ગામોની ભૂમિ આપ્યાનો ઉલ્લેખ મળે છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે આ દાનની પૂર્તિ શ્રેષ્ઠી વલહલ અને સમસ્ત મહાજને પ્રતિવર્ષ દરેક દુકાન દીઠ એક 'રૂપક' આપીને કરી હતી.

આ લેખમાં જગમલ્લના પિતાનું નામ ચઉંડરા અને દાદાનું નામ મેહર રાજા આન અપાયું છે.

શિયાળબેટના (હાલમાં મહુવામાં રખાયેલ) વિ. સં. ૧૨૭૨ (ઈ. સ. ૧૨૧૬) ના જૈનપ્રતિમા પરના લેખમાં[૩૩] ટિંબાનકના મેહર રાજા રણસિંહનો ઉલ્લેખ છે, જે સંભવત: મેહર જગમલ્લનો પુત્ર અને ઉત્તરાધિકારી હોવાનું જણાય છે.[૩૪]

આ લેખો પરથી મેહર વંશની વંશાવળી આ પ્રમાણે તારવી શકાય :

મેહરરાજ આન
|
ચઉંડરા
|
જગમલ્લ
|
રણસિંહ

તળ ગુજરાતમાં આ સમયે નાંદિપુર (નાંદોદ–રાજપીપળા)માં ચાલુક્ય વંશનું, ત્યારબાદ લાટમાં દક્ષિણના ચાલુક્યોનું, ભરૂચમાં ચાહમાન વંશનું, પૂર્વ ગુજરાત અને માળવા તથા આબુ–વિસ્તારમાં પરમાર વંશની ભિન્ન ભિન્ન શાખાઓનું, અને દક્ષિણ–પશ્ચિમ રાજસ્થાનમાં ચૌહાણ વંશનું શાસન હતું. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં રાષ્ટ્રકૂટ વંશ તેમજ ગોવાના કદંબ વંશની સત્તા પ્રવર્તી, જે વિશે કેટલીક માહિતી અભિલેખોમાંથી મળે છે.

## ૭. લાટનો ચાલુક્ય વંશ (નાંદિપુર)

ઈ. સ. ૯૮૦ પહેલાં કલ્યાણીના ચાલુક્યરાજા તૈલ ૨ જાએ લાટ પર વિજય મેળવીને ત્યાં ચાલુક્ય વંશની સત્તા સ્થાપી અને પોતાના સામંત તરીકે એણે બારપ્પ કે બારપને સેનાપતિ તરીકે નિમ્યો. આ સેનાપતિ બારપ્પ પણ ચાલુક્ય વંશનો હતો. આ ચાલુક્ય વંશની રાજધાની નાંદિપુર (નાંદોદ–રાજપીપળા) હતી. તેથી આ રાજવંશ નાંદિપુરીનો ચાલુક્ય વંશ એ નામે ઓળખાય છે. કહેવાય છે કે બારપ્પે જે સમયે મૂળરાજ ૧ લા પર આક્રમણ કર્યું તે વખતે સપાદલક્ષના ચાહમાન રાજા વિગ્રહરાજ ૨ જાએ પણ ગુજરાત પર આક્રમણ કર્યું. મૂળરાજે બારપ્પની સામે તેના યુવરાજ ચામુંડરાજને મોકલ્યો. ચામુંડરાજે ચાલુક્ય સેનાને હરાવી અને તેમના ગજદળને કબજે કર્યું[૩૫] એટલું જ નહિ પરંતુ સંભવત: રાજા બારપ્પ આ યુદ્ધમાં મરાયો અને આ રીતે લાટ પર અણહિલવાડના ચૌલુક્યોનો

અધિકાર થયો. જો કે ત્રિલોચનપાલનું બીજું તામ્રપત્ર જણાવે છે કે બારપ્પના પુત્ર ગોગ્ગિરાજે શત્રુઓના હાથમાંથી પોતાનો સમગ્ર પ્રદેશ પાછો મેળવ્યો. સંભવતઃ આ સત્તા પાછી મેળવવામાં એને પશ્ચિમી ચાલુકયોની સહાય મળી હશે.

જોકે દુર્લભરાજે લાટ ફરીથી મેળવ્યું હોવાનું વડનગર–પ્રશસ્તિ પરથી જણાય છે. સુરતના ત્રિલોચનપાલના તામ્રપત્ર પરથી જણાય છે કે ગોગ્ગિરાજના પુત્ર કીર્તિરાજે લાટ ગુમાવ્યું હતું. આ કીર્તિરાજે થોડાજ વખતમાં પોતાનું રાજ્ય મેળવીને તેણે શક સંવત ૯૪૦(ઈ. સ. ૧૦૧૮)માં તાપીના તટ પરની જમીન દાનમાં આપી હતી એ અંગેની નોંધ પણ સદર ત્રિલોચનપાલના સુરતના તામ્રપત્રમાં મળે છે.

આ વખતે ચાલુકયરાજા અણહિલપુરના ચૌલુકયોનું નહીં પરંતુ ધારાનગરીના ભોજ રાજાનું આધિપત્ય સ્વીકારતા હોવાનું જણાય છે. કીર્તિરાજના પુત્ર વત્સરાજે વિ. સં. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧) માં મોહડવાસક–૭૫૦–મંડલમાંથી ભૂમિદાન કર્યું હતું. આ રાજા વત્સરાજ પરમાર ભોજદેવનો સામંત હતો. એણે સોમનાથ-પાટણમાં આવેલ પ્રસિદ્ધ સોમનાથ મંદિરને શક સ. ૯૭૨ (ઈ. સ. ૧૦૫૦–૫૧) માં સોના અને રત્નોથી જડેલું છત્ર ભેટ કર્યું હતું.[૩૬] આ વત્સરાજની પ્રેરણાથી કવિ સોડ્ઢલે 'ઉદયસુંદરી–કથા' નામના ગ્રંથની રચના કરી હતી. વત્સરાજ પછી તેનો પુત્ર ત્રિલોચનપાલ સત્તા પર આવ્યો હતો. આ ત્રિલોચનપાલે શ. સં. ૯૭૨ (ઈ. સ. ૧૦૫૦–૫૧)માં માધવ નામના ભાર્ગવ બ્રાહ્મણને એરથાણ–૯૦૦ વિસ્તારમાંનું એક ગામ દાનમાં આપ્યું હતું.

આ પછી ચૌલુક્યરાજવી કર્ણદેવ ૧ લાએ ઈ. સ. ૧૦૭૪ પહેલાં લાટને જીતી લીધું અને ત્યાં પોતાનો સીધો અમલ પ્રવર્તાવ્યો. વિ. સં. ૧૧૩૧ (ઈ.સ. ૧૦૭૪)ના મહારાજાધિરાજ કર્ણદેવના લેખને આધારે જણાય છે કે નાગસારિકા (નવસારી) વિષય કર્ણદેવની સત્તા નીચે હતો[૩૭] અને એ વિષયમાંથી કર્ણદેવે એક ગામનું દાન કર્યું હતું. આ લેખના આધારે એ પણ જણાય છે કે કર્ણદેવે લાટ જીતીને ત્યાં મહામંડલેશ્વર તરીકે દુર્લભરાજની નિમણૂંક કરી હતી. આ મહામંડલેશ્વર દુર્લભરાજે એ જ દાન પછીના મહિને પોતાના નામ પર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

ત્રિલોચનપાલના પુત્ર ત્રિવિક્રમપાલના સમયનો શક સં. ૯૯૯ (ઈ. સ. ૧૦૭૭)નો લેખ પ્રાપ્ત થયો છે. આ લેખના આધારે જણાય છે કે ત્રિવિક્રમપાલે ચૌલુક્યરાજવી કર્ણદેવ પાસેથી નાગસારિકા–વિષય પાછો મેળવ્યો હતો. સદર લેખ

પરથી એમ જણાય છે કે ત્રિવિક્રમપાલના કાકા સેનાપતિ જગતપાલે વિશ્વામિત્રીને કાંઠે કર્ણદેવની સેનાને હરાવી, આથી ત્રિવિક્રમપાલે કાકાના પુત્ર પદ્મપાલને ૫૦૦ ગામો ધરાવતો અષ્ટગ્રામ વિષય ભેટ આપ્યો હતો. આ લેખના આધારે જણાય છે કે ત્રિવિક્રમપાલે શુકલતીર્થની પાઠશાળાને નાંદિપુર વિષયમાંનું એક ગામ પણ દાન કર્યું હતું.

ત્રિવિક્રમપાલ પછી આ વંશના ઇતિહાસ વિશે કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

ઉપલબ્ધ લેખોને આધારે આ વંશની વંશાવળી આ પ્રમાણે તારવી શકાય :

બારપ્પ
|
ગોગ્ગિરાજ
|
કીર્તિરાજ
|
વત્સરાજ
|
ત્રિલોચનપાલ
|
ત્રિવિક્રમપાલ

**૮. દક્ષિણનો ચાલુકય વંશ :**

એમ જણાય છે કે ત્રિવિક્રમપાલ પાસેથી લાટ રાજ્યનો દક્ષિણનો ભાગ ચાલુકય સમ્રાટ વિક્રમાદિત્ય ૬ ઠ્ઠાના નાનાભાઈ જયસિંહ ૩ જાએ પડાવી લીધો હતો. આ જયસિંહ ૩ જાએ વિક્રમાદિત્ય ૬ ઠ્ઠા સામે બંડ કરેલું પણ તે હારી જતાં દક્ષિણ લાટ તરફ નાસી છૂટયો અને એ વિસ્તારમાં તે સ્થાયી થયો હોવાનું જણાય છે. દક્ષિણ લાટના સોનગઢ અને વ્યારા તાલુકાઓ તેમજ ડાંગના કેટલાક પ્રદેશોમાં તેના પુત્ર વિજયસિંહે નાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને મંગલપુરીને રાજધાની બનાવી.[૩૮] આ મંગલપુરી તે વ્યારા તાલુકાનું મંગળીઆ ગામ હોવાનું ઓળખાવાયું છે. વિ. સં. ૧૧૪૯ (ઈ. સ. ૧૦૯૩)ના લેખ પરથી જણાય છે કે[૩૯] વિજયસિંહે વનવાસીથી આવેલા એક બ્રાહ્મણને વિજયપુર–મંડલમાં એક ગામ દાનમાં આપ્યું હતું. એણે સંભવત: પોતાના નામ પરથી વિજયપુર નામે નગર વસાવ્યું અને ત્યાં પોતાની રાજધાની પણ ખસેડી હતી. જોકે આ વિજયપુરનો સ્થળ–નિર્ણય હજુ થયો નથી.[૪૦]

આ વંશમાં વિજયસિંહ પછી ધવલદેવ થયો. વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૯)ના લેખ પરથી જણાય છે કે વિજયસિંહનો અનુગામી ધવલદેવ એ પછી એનો પુત્ર મહાસામંત વાસંતદેવ, રામદેવ અને રામદેવનો ભત્રીજો વીરસિંહદેવ અનુક્રમે સત્તા પર આવ્યા[૪૧]. વીરસિંહના પિતાનું નામ લક્ષ્મણદેવ હતું. રામદેવે વાસંતપુર નામનું નગર વસાવ્યું હતું જે વ્યારા પાસેનું "બિસનપુર" છે. વીરસિંહદેવે પાટણનું આધિપત્ય ત્યજી દઈ વાસંતપુરમાં પોતાની રાજધાની સ્થાપી અને વિ. સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૯)માં વાસંતપુરના પાંચ બ્રાહ્મણોને પૂર્ણા નદી પરનું એક ગામ દાનમાં આપ્યું હતું.[૪૨]

વીરસિંહ પછી સત્તા પર તેનો પુત્ર કર્ણદેવ આવ્યો. આ કર્ણદેવે વિ. સં. ૧૨૭૭ (ઈ. સં. ૧૨૨૦)માં વૈહારિકા વિષય (વ્યારા તાલુકો)માં આવેલું કર્પૂરા (કાપૂર, તા. વ્યારા, જિ. સુરત)ના ૧૧ બ્રાહ્મણોને દાન આપ્યુ હતું.[૪૩]

કર્ણદેવ પછી આ વંશમાં સિદ્ધેશ્વર વિશાલ, ધવલ, વાસુદેવ અને ભીમ સત્તા પર આવ્યા હતા.

**૯. ભરૂચનો ચાહમાન વંશ :**

ઉત્તર લાટમાં ભરૂચ વિસ્તાર પર આધિપત્ય સ્થાપવા માળવાના પરમારો અને લાટના ચાલુક્યો પ્રયત્ન કરતા હતા એ વખતે ભીમદેવ ૨ જાના સમય દરમ્યાન ભરૂચમાં ચાહમાન વંશના સિંહની સત્તા પ્રવર્તતી હતી. તેને પરમારો સાથે મૈત્રી સંબંધો હતા પણ દેવગિરિના યાદવોના વારંવારનાં આક્રમણોથી તેણે પરમારોને બદલે અણહિલપુરના ચૌલુક્યો તરફ પોતાનું મુખ ફેરવ્યું. તેણે સંભવતઃ ભીમદેવ ૨ જાનું સામંતપદ સ્વીકાર્યું હશે.[૪૪]

થોડા સમય બાદ સિંહના ભાઈ સિંધુરાજના પુત્ર સંગ્રામસિંહ ઉર્ફે શંખની લાટ પર સત્તા સ્થપાઈ. યાદવરાજા સિંધણે પ્રથમવાર આ વિસ્તાર પર આક્રમણ કર્યું ત્યારે શંખે તેને પાછો હઠવા ફરજ પાડી. પરંતુ આ ઘટના દરમ્યાન ધોળકાના રાણા વીરધવલે શંખના તાબાનું ખંભાત લઈ લીધું. સિંધણે જ્યારે બીજીવાર લાટ પર આક્રમણ કર્યું ત્યારે તેણે સિંહને હરાવ્યો. એ વખતે સિંધણના આ વિજયથી પ્રભાવિત થયેલા ધોળકાના રાણાએ તેની સાથે સંધિ કરી લીધી. સિંધણની વિજયકૂચ ઉત્તર મારવાડ તરફ આગળ વધી. દરમ્યાનમાં સિંધણની ગેરહાજરીનો લાભ લઈ શંખે ખંભાત પર આક્રમણ કર્યું પણ ત્યાં તેને મંત્રી વસ્તુપાલે ભારે શિકસ્ત આપી તેને ભરૂચ ભગાડી મૂક્યો.[૪૫] આથી ગુસ્સે ભરાઈ

શંખે યાદવ રાજા સિંઘણને ગુજરાત પર ચડાઈ કરવા પ્રેર્યો. પરંતુ આ વખતે વસ્તુપાલે શંખ અને યાદવ રાજવી સિંઘણ વચ્ચે ફૂટ પડાવી અને સિંઘણની કૂચને માળવા તરફ વાળી. ઈ. સ. ૧૨૩૭ના અરસામાં સિંઘણની સેના તેના સેનાપતિ રામના નેતૃત્વ નીચે ચડી આવી. તેમને રાણા વીસલદેવે પાછા હાંકી કાઢી કાઢ્યા. એ વખતથી શંખે લાટ પ્રદેશને સદાને માટે ગુમાવ્યો હોવાનું જણાય છે.[૪૬] વિ. સં. ૧૨૯૬ (ઈ. સ. ૧૨૪૪)માં ભરૂચ સ્પષ્ટતઃ વીસલદેવની હકુમતમાં હોવાનું જણાય છે.[૪૭]

## ૧૦. પરમાર વંશ

### (૧) માળવા શાખા :

ગુજરાતના ચૌલુક્ય કાલ દરમ્યાન તળ ગુજરાત તેમજ સમીપવર્તી પ્રદેશમાં પણ કેટલાક રાજવંશોની સત્તા હતી. તેમાં પરમારો મુખ્ય હતા. આ પરમારોની ઉત્પત્તિ આબુ પર્વત પર વશિષ્ઠે કરેલા યજ્ઞમાંથી થઈ એ અનુશ્રુતિને આધારે તેઓ અગ્નિકુળના હોવાનો ઉલ્લેખ અભિલેખોમાં થયો છે.[૪૮] આ વંશનો પૂર્વજ ઉપેંદ્ર મૂળમાં દક્ષિણના રાષ્ટ્રકૂટોના પદાધિકારી તરીકે માળવા આવ્યો હતો[૪૯] અને એણે ઈ. સ. ૮૦૨ થી ૮૧૨ના ગાળામાં માળવા પર પોતાની સત્તા જમાવી હતી.[૫૦]

ઉપેન્દ્ર પછી આ વંશમાં અનુક્રમે વૈરિસિંહ ૧ લો, સીયક ૧ લો, વાક્પતિ ૧ લો, વૈરસિંહ ૨ જો વગેરે રાજવીઓ થયા. આ વૈરસિંહ ૨ જાના પછી તેનો પુત્ર સીયક ૨ જો થયો. આ સીયક ૨ જાનું ગુજરાતમાંથી વિ સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)નું તામ્રપત્ર મળ્યું છે. હરસોલના આ તામ્રપત્રને આધારે જણાય છે કે સીયકનો ગુજરાતમાં ખેટકમંડલ (હાલનું ખેડા અને તેની આસપાસનો પ્રદેશ) પર પણ અધિકાર હતો.[૫૧]

સીયક ૨ જાનાં હરસોલમાંથી વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)નાં બે તામ્રપત્રો પ્રાપ્ત થયાં છે.[૫૨] આ તામ્રપત્રોને આધારે જણાય છે કે સીયકે યોગરાજ પર ચડાઈ કરી પાછા ફરતાં રસ્તામાં મહી નદીને કાંઠે સરનાલ પાસે છાવણી નાંખી મોહડવાસક વિષય (હાલનું સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાનું મુખ્ય મથક મોડાસા)ના કુંભારોટક[૫૩] (મોડાસાથી પૂર્વમાં મેઘરજ તાલુકામાં આવેલ કમરોડા) અને સીહકા (મોડાસાથી ૮ માઈલ દક્ષિણમાં આવેલ સીકા) ગામ આનંદપુરના લલ્લોપાધ્યાય તથા તેના પુત્ર નીના દીક્ષિત નામના બ્રાહ્મણને દાનમાં આપ્યાં હતાં.

આ તામ્રપત્રમાં રાષ્ટ્રકૂટરાજા પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર અમોઘવર્ષદેવના અનુગામી પરમ ભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર અકાલવર્ષદેવ પૃથ્વીવલ્લભ શ્રી નરેન્દ્રનો ઉલ્લેખ કરેલો છે અને દાનનો દાતા મહામાંડલિક સીયક ૨ જો છે. તેથી આ સમયે સીયકનો ખેટકમંડલ પરનો અધિકાર સ્પષ્ટ થાય. આ તામ્રપત્રના આધારે એ. એસ. અલતેકરનું માનવું યોગ્ય છે કે ઈ. સ. ૯૪૯માં સીયક ૨ જો રષ્ટ્રકૂટોનો સામંત હતો.[૫૪]

વિ. સં. ૧૦૨૬ (ઈ. સ. ૯૭૦)નું એક ત્રીજું તામ્રપત્ર અમદાવાદમાંથી ઉપલબ્ધ થયું છે. એ તામ્રપત્રનું બીજું પતરું પ્રાપ્ત થયું છે.[૫૫] પણ આ પતરામાંથી કોઈ સઘન માહિતી પ્રાપ્ત થતી નથી.

પરમાર સીયક ૨ જાના શાસનકાલ દરમ્યાન ચૌલુક્ય કુલમાં પાટણમાં મૂળરાજ ૧ લો સત્તા પર હતો. મૂળરાજ જ્યારે સત્તા પર આવ્યો ત્યારે તેની સત્તા નીચે પાટણની આસપાસનો સારસ્વતમંડલનો પ્રદેશ (હાલનો મહેસાણા જિલ્લો અને બનાસકાંઠા જિલ્લો) હતો. આ વખતે પરમારોની સત્તા માળવા પર સ્થપાઈ ગઈ હતી અને ખેટકમંડલ તેમજ મોહડવાસકમંડલ પરમારોના તાબામાં હતાં.

મૂળરાજના સત્તા પર આવ્યા પછી સીયક ૨ જાના પુત્ર વાક્પતિરાજ મુંજે મેવાડ જીત્યું હતું અને ત્યાંથી એણે ગુર્જરેશને ભગાડયા અંગેની માહિતી વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના બીજાપુરના લેખના આધારે જણાય છે.[૫૬] શ્રી ગાંગુલીના મત પ્રમાણે આ ગુર્જરેશ તે મૂળરાજ હોવાનું જણાય છે,[૫૭] પરંતુ આ ચૌલુક્ય રાજવી મૂળરાજ હોવા વિશે કોઈ ચોક્કસ પુરાવા પ્રાપ્ત થતા નથી.[૫૮]

વાક્પતિ મુંજરાજ પછી સત્તા પર આવેલા તેના નાનાભાઈ સિંધુરાજે લાટ પર ચડાઈ કરી ત્યાંના ગોગ્ગિરાજને પોતાનો સામંત બનાવ્યો.[૫૯] આ ગોગ્ગિરાજના પુત્ર કીર્તિરાજે પરમારોની ધૂસરીમાંથી છૂટવા પ્રયત્ન કર્યા હતા. પરંતુ સિંધુરાજ પછી સત્તા પર આવેલા પરમાર ભોજદેવે લગભગ ઈ. સ. ૧૦૧૮માં ચડાઈ કરી કીર્તિરાજને નમાવી પુનઃ લાટ પર પોતાનું આધિપત્ય પ્રવર્તાવ્યું.[૬૦]

વિ. સં. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧)નું પરમાર ભોજદેવનું એક તામ્રપત્ર મોડાસામાંથી પ્રાપ્ત થયું છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે ભોજદેવના રાજ્યમાં મોહડવાસકમંડલના ૭૫૦ ગામના અધિપતિ મહારાજપુત્ર વત્સરાજે ઉપાન્યસ ગોત્રના ગોપાદિત્યના પુત્ર દેદાકને હર્ષપુર (હરસોલ) ગામનું શયનપટ (હાલનું શેણવાડ; મેઘરજ તાલુકો) ગામ દાનમાં આપ્યું હતું.

આ ઉપરાંત પરમાર ભોજદેવનું વિ. સં. ૧૧૦૩ (ઈ. સ. ૧૦૪૬)નું તામ્રપત્ર તિલકવાડામાંથી પ્રાપ્ત થયું છે. આ બન્ને લેખોને આધારે એમ જણાય છે કે નર્મદાના સંગમ પર ભોજના સામંત સુરાદિત્યના પુત્ર જશોરાજે ઘટાંપલ્લી (ઘંટોલી, વડોદરા જિલ્લો) ગામના ઘણેશ્વર મહાદેવને વિલ્હજ (વેલ્પુર) ગામ અને ૧૦૦ એકર જમીન દાનમાં આપી હતી. આ સુરાદિત્યે શાહવાહનને હરાવી ભોજની કીર્તિ વધારી હતી.[૬૧]

આમ ઉપરોક્ત પરમાર ભોજરાજના તામ્રપત્રને આધારે સ્પષ્ટ થાય છે કે ઈ. સ. ૧૦૪૬ સુધી ભોજરાજની સત્તા હતી. ત્યારબાદ માળવામાં જયસિંહ ૧ લો ઉદયાદિત્ય, લક્ષ્મદેવ, નરવર્મા અને યશોવર્મા સત્તા પર આવ્યા. આમાંના યશોવર્માને સિદ્ધરાજ જયસિંહે હરાવી માળવા સર કરી પોતે અવંતિનાથનું બિરુદ ધારણ કર્યું. સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના ઉજ્જૈનના શિલાલેખમાં અવંતિનાથ બિરુદ નજરે પડે છે.

સિદ્ધરાજની ઉત્તરાવસ્થામાં માળવાના રાજવી જયવર્મા ૧ લાએ માળવાનો કેટલોક ભાગ પાછો મેળવેલો, પરંતુ કુમારપાલે તે પુનઃ હસ્તગત કરી લીધો હોવાનું જણાય છે. સમય જતાં ચૌલુક્યોની સત્તા નબળી પડતાં પરમાર રાજવી અર્જુનવર્માએ ગુજરાત પર આક્રમણ કરી અણહિલપુરના ચૌલુક્ય રાજા જયસિંહ કે જયંતસિંહને હરાવી પાવાગઢ અને તેની આસપાસનો પ્રદેશ જીતી લીધો હતો, જેની ચર્ચા આ પૂર્વના પ્રકરણમાં આવી ગયેલી છે.

**(૨) આબુની શાખા :**

ચૌલુક્યરાજવી મૂળરાજ ૧ લાએ જ્યારે અણહિલપાટણમાં પોતાની સત્તા સ્થાપી ત્યારે આબુમાં પરમાર વંશનું રાજ્ય પ્રવર્તમાન હતું. આ વંશની રાજધાની ચંદ્રાવતી નગરી હતી. આ પહેલાં ચંદ્રાવતીમાં નાડોલના ચૌહાણ રાજવીઓની સત્તા હતી. આ શાખાનો મૂળ પુરુષ ધૂમરાજ હતો.[૬૨] આ વંશની ઉત્પત્તિ પણ આબુ પર્વત પર વશિષ્ટ મુનિના યજ્ઞકુંડમાંથી થઈ હોવાનું મનાય છે. અભિલેખોમાં તેના ઉલ્લેખો મળે છે.[૬૩]

ધૂમરાજ પછી આ વંશમાં ઉત્પલ થયો, જે માળવાનો પરમાર રાજવી વાક્પતિમુંજ હોવાનું મનાય છે. આ રાજવીએ આબુનો પ્રદેશ જીતી લઈ ત્યાંની સત્તા તેના પુત્ર અરણ્યરાજને સોંપી. અરણ્યરાજ પછી તેનો પુત્ર કૃષ્ણરાજ અને

તેના પછી તેનો પુત્ર ધરણીવરાહ ગાદીએ આવ્યા હતા.[૬૪] આ ધરણીવરાહ પર મૂળરાજ ૧ લાએ આક્રમણ કર્યું અને તેને પોતાનો સામંત બનાવ્યો.[૬૫]

ધહણીવરાહ પછી તેનો પુત્ર મહીપાલ કે ધ્રુવભટ્ટ અને એ પછી તેનો પુત્ર ધંધુક સત્તા પર આવ્યો હતો. ભીમદેવ ૧ લાના રાજ્યકાલ દરમ્યાન ધંધુકને ભીમદેવ વચ્ચે ઘર્ષણ થયું એમાં ભીમદેવે આબુ જીતી લઈ ત્યાં પોતાના દંડનાયક તરીકે મંત્રી વિમલની નિમણૂંક કરી. વિમલે નાસીપાસ થઈ માલવાના પરમાર ભોજને શરણે ગયેલા રાજા ધંધુકને બોલાવી તેને સમજાવ્યો અને ફરીથી સામંત-પદે સ્થાપી ચંદ્રાવતીની ગાદી પર બેસાડ્યો.[૬૬] વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૧) માં વિમલે આબુ પર્વત પર આદિનાથનું ભવ્ય મંદિર કરાવ્યું[૬૭] જે વિમલવસહિ તરીકે ઓળખાય છે.

ધંધુક પછી તેનો મોટો પુત્ર પૂર્ણપાલ ગાદીએ આવ્યો. આ રાજવીના ત્રણ શિલાલેખો પ્રાપ્ત થયા છે. તેમાં બે લેખો વિ. સં. ૧૦૯૯ (ઈ. સ. ૧૦૪૩)ના અને એક લેખ વિ. સં. ૧૧૦૨ (ઈ. સ. ૧૩૪૫) નો છે. તેના વિ. સં. ૧૦૯૯ ના વસંતગઢના લેખમાં ઉત્પલરાજથી પૂર્ણપાલની વંશાવળી આપેલી છે. પૂર્ણપાલે ભીમદેવ ૧લાની ધૂંસરી ફગાવી દેવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ ભીમદેવે તેને વશ કર્યો હતો. આ પછી આ વંશમાં યોગરાજ, રામદેવ, કાકણદેવ અને વિક્રમસિંહ થયા હતા. કુમારપાલના રાજ્યકાલ દરમ્યાન વિક્રમસિંહ કુમારપાલની સામે થયો હતો ત્યારે કુમારપાલે તેને હરાવી કેદ કર્યો હતો અને તેની જગ્યાએ રામદેવના પુત્ર યશોધવલની નિમણૂંક કરી હતી.[૬૮] આ યશોધવલના સમયના બે લેખ મળ્યા છે. આ લેખો વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૫) અને વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૦) ના છે. યશોધવલે કુમારપાલ અને માળવાના રાજા બલ્લાલ સાથેના યુદ્ધમાં બલ્લાલને મારી નાખ્યો હતો. યશોધવલના બે પુત્રો ધારાવર્ષ અને પ્રહ્લાદન હતા.[૬૯]

યશોધવલ પછી કુમારપાલના સામંત તરીકે ધારાવર્ષ આવ્યો. ધારાવર્ષે મલ્લિકાર્જુન સાથેના યુદ્ધમાં કુમારપાલને સાથ આપ્યો હતો. ઈ. સ. ૧૧૯૭માં કુત્બુદ્દીન ઐબકે ગુજરાત પર ચડાઈ કરી. આબુની તળેટીમાં યુદ્ધ થયું ત્યારે ચૌલુક્યોના સેનાપતિ તરીકે ધારાવર્ષે નોંધપાત્ર ફાળો આપ્યો હતો.

ધારાવર્ષ પછી તેનો ભાઈ પ્રહ્લાદન ગાદી પર આવ્યો હતો. આ પ્રહ્લાદને ચૌલુક્ય રાજવી અજયપાલની રક્ષા માટે મેવાડના ગુહિલ રાજા સામંતસિંહને

હરાવી પોતાની વીરતા બતાવી હતી. તેણે આબુની દક્ષિણે પોતાના નામ પરથી પ્રહ્‌લાદનપુર વસાવ્યું હતું, જે હાલ પાલનપુર તરીકે ઓળખાય છે.[૭૦]

આ પછી પરમાર વંશમાં ધારાવર્ષનો પુત્ર સોમસિંહ સત્તા પર આવ્યો. તેના સમયમાં ધોળકાના રાણા વીરધવલના મહામાત્ય વસ્તુપાલના નાનાભાઈ તેજપાલે વિ. સં ૧૨૮૭ (ઈ.સ. ૧૨૩૧)માં આબુ પર નેમિનાથનું મંદિર (લૂણવસહિ) કરાવ્યું હતું. આ મંદિરને લગતા એ વર્ષના લેખમાં ચંદ્રાવતીના પરમાર વંશના રાજાઓની પણ પ્રશસ્તિ કરેલી છે.[૭૧] આ લેખમાં તેજપાલના કુટુંબ ઉપરાંત તેજપાલની પત્ની અનુપમાદેવીના કુટુંબનો પણ નિર્દેશ કરેલો છે.

સોમસિંહદેવ પછી તેનો પુત્ર કૃષ્ણરાજ (કાન્હડદેવ) સત્તા પર આવ્યો હતો. તે પછી તેનો પુત્ર પ્રતાપસિંહ આવ્યો. તેણે મેવાડના રાજા જૈત્રસિંહ પાસેથી ચંદ્રાવતીનો પ્રદેશ પાછો મેળવ્યો હતો. આ પ્રતાપસિંહ ચૌલુક્યરાજની સારંગદેવનો સામંત હતો.[૭૨]

### (૩) ભિન્નમાલ અને કિરાડુની શાખા :

આ શાખાનો સ્થાપક આબુના પરમાર વંશના સિંધુરાજનો પુત્ર દુઃશલ હતો. આ પછી આ વંશમાં દેવરાજ થયો. દેવરાજના પૌત્ર કૃષ્ણરાજને ભીમદેવ ૧ લાએ કેદ પકડયો હતો. ત્યારે તેને નડૂલના ચૌહાણ બાલાપ્રસાદે છોડાવ્યો હતો.[૭૩] એ પછી કૃષ્ણરાજનો પુત્ર જયસિંહ અને સોચ્છરાજ થયા. આ સોચ્છરાજના હાથે કિરાડુની શાખા સ્થપાઈ હતી.[૭૪] આ પછી આ શાખામાં ઉદ્દયરાજ અને સોમેશ્વર થયા. સિદ્ધરાજના સમય દરમ્યાન એઓ બન્ને સામંતપદે હતા.

કુમારપાલના વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨)ના કિરાડુના લેખને આધારે જણાય છે કે ઉદ્દયરાજ અને સોમેશ્વરે જેસલમેર અને જોધપુર પ્રાંતમાંથી તણુકોટ અને નવસર કિલ્લા જીત્યા હતા.

## ૧૧. ચૌહાણ વંશ :

આ વંશના ઉલ્લેખો ચૌલુક્યરાજવી મૂળરાજ ૧લાથી છેક ભીમદેવ ૨જા સુધીના અભિલેખોમાં થયેલા છે. ચૌલુક્ય વંશ સાથે આ કુલના સબંધો લગભગ મૈત્રીપૂર્ણ હતા.[૭૫]

**(૧) શાકંભરીની શાખા :**

આ શાખાના ઉલ્લેખો કુમારપાલના લેખોમાં આવે છે. કુમારપાલના લેખોમાં તેમજ એ પછીના અનુકાલીન લેખોમાં કુમારપાલના નામની આગળ "શાકંભરી-ભૂપાલ" બિરુદ પ્રયોજાયેલું નજરે પડે છે.[૭૬]

આ પહેલાં આ વંશમાં થયેલ વિગ્રહરાજ ૨ જાએ મૂળરાજ ૧ લાને યુદ્ધમાં હરાવ્યો હતો. એ પછી આ શાખામાં દુર્લભરાજ ૨ જો, ગોવિંદરાજ ૨ જો, વાક્પતિરાજ ૨ જો, વીર્યરાજ, ચામુંડરાજ, સિંઘટ, દુર્લભરાજ ૩ જો, વીરસિંહ અને વિગ્રહરાજ ૩ જો ગાદીએ આવ્યા હતા.[૭૭] એ પછી પૃથ્વીરાજ, અજયરાજ અને તેનો પુત્ર અર્ણોરાજ સત્તા પર આવ્યા હતા.

સિદ્ધરાજે અર્ણોરાજ વેરે પોતાની પુત્રી પરણાવી હતી અને અર્ણોરાજે માળવાના નરવર્મા સાથેના યુદ્ધમાં સિદ્ધરાજને મદદ કરી હતી.[૭૮] આ પછી કુમારપાલે અર્ણોરાજને યુદ્ધમાં હરાવ્યો હતો. આથી અર્ણોરાજે તેની પુત્રી કુમારપાલ વેરે પરણાવી મૈત્રી સંબંધો બાંધ્યા હતા.[૭૯]

અર્ણોરાજ પછી વિગ્રહરાજ ૪ થો, પૃથ્વીભટ, સોમેશ્વર, પૃથ્વીરાજ ૩ જો વગેરે સત્તા પર આવ્યા હતા.

**(૨) નડુલની શાખા :**

ચૌહાણવંશની આ શાખાનો મૂળ પુરુષ લક્ષ્મણ હતો. આ લક્ષ્મણ શાકંભરીના વાક્પતિરાજનો પુત્ર હતો. તેણે શાકંભરીથી આવી નડુલનો કિલ્લો બંધાવ્યો અને નડુલને રાજધાની બનાવી હતી. લક્ષ્મણ પછી તેનો પુત્ર શોભિત સત્તા પર આવ્યો હતો. એ પછી તેનો પુત્ર બલિરાજ આવ્યો. બલિરાજ પછી તેના કાકા વિગ્રહપાલનો પુત્ર મહેંદ્ર સત્તા પર આવ્યો હતો. ચૌલુક્ય રાજવી દુર્લભરાજે મહેન્દ્રને રંજાડયો હતો, ત્યારે રાષ્ટ્રકૂટ ધવલે મહેન્દ્રનું રક્ષણ કર્યું હતું. આ મહેન્દ્રે પોતાની બે પુત્રીઓનાં લગ્ન દુર્લભરાજ અને તેના નાનાભાઈ નાગરાજ સાથે કર્યાં હતાં.[૮૦]

મહેન્દ્ર પછી તેનો પુત્ર અશ્વપાલ એ પછી તેનો પુત્ર અહિલ સત્તા પર આવ્યા. ભીમદેવ ૧ લો જ્યારે નડુલ પર ચડી આવ્યો હતો ત્યારે અહિલે તેને પાછો કાઢયો હતો.[૮૧] અહિલ પછી તેનો કાકો અણહિલ સત્તા પર આવ્યો હતો. એ પછી તેનો પુત્ર બાલાપ્રસાદ આવ્યો હતો. આ બાલાપ્રસાદે ભિન્નમાલના કૃષ્ણરાજને ભીમદેવ ૧ લા પાસેથી છોડાવ્યો હતો.

બાલાપ્રસાદ પછી તેનો ભાઈ જિંદુરાજ સત્તા પર આવ્યો હતો. એ પછી તેનો જ્યેષ્ઠ પુત્ર પૃથ્વીપાલ સત્તા પર આવ્યો. પૃથ્વીપાલના વખતે કર્ણદેવ ૧ લાની સેનાએ આક્રમણ કર્યું ત્યારે પૃથ્વીપાલે એ હુમલો પાછો હઠાવ્યો હતો.[૮૨] પૃથ્વીપાલ પછી તેનો ભાઈ જોજલ્લ સત્તા પર આવ્યો હતો. જોજલ્લ પછી તેનો નાનોભાઈ આશારાજ આવ્યો હતો. આ આશારાજને બે પુત્રો હતા. કટુદેવ અને આલ્હણદેવ. આશારાજે પૃથ્વીપાલના પુત્ર એટલે કે તેનો ભત્રીજો રત્નપાલને નડુલની સત્તા આપી પોતે મારવાડના બાલીમાં જઈ પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું.[૮૩]

સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાલ દરમ્યાન વિ. સં. ૧૨૦૦ (ઈ. સ. ૧૧૪૪) નો લેખ બાલીમાંથી પ્રાપ્ત થયો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે મહારાજાધિરાજ જયસિંહદેવના રાજ્યમાં સામંત આશારાજે બહુસુણાદેવીની પૂજા માટે દાન આપ્યું હતું.[૮૪]

આશારાજ પછી નડુલમાં રત્નપાલ અને પછી તેનો પુત્ર રાયપાલ સત્તા પર આવ્યા હતા. પરંતુ ઈ. સ. ૧૧૪૪ દરમ્યાન આશારાજના પુત્ર કટુદેવે થોડાક સમય દરમ્યાન નડુલની સત્તા લઈ લીધી હતી, પણ ઈ. સ. ૧૧૪૫ માં રાયપાલે ફરી એ સત્તા હસ્તગત કરી હતી.[૮૫]

સિદ્ધરાજ જયસિંહના સમય દરમ્યાન રાયપાલ અને કટુદેવને જયસિંહ સાથે સારા સંબંધો ન હતા. આથી સિદ્ધરાજના મૃત્યુ પછી કુમારપાલે વિ. સં. ૧૨૦૯–૧૨૧૦ (ઈ. સ. ૧૧૫૩–૧૧૫૪) દરમ્યાન આ બન્નેના પ્રદેશો લઈ લીધા અને ત્યાં વૈજ્જલદેવને દંડનાયક તરીકે મૂક્યો. આ જ સમય દરમ્યાન આશારાજના બીજા પુત્ર આલ્હણદેવે કુમારપાલને સૌરાષ્ટ્રના યુદ્ધમાં સાથ આપ્યો. આથી કુમારપાલે તેને ઈ. સ. ૧૧૫૩–૧૧૫૪ દરમ્યાન કિરાડુ સહિત નડુલનું સામંતપદ પાછું આપ્યું. આલ્હણદેવનો વિ. સં. ૧૨૦૯ (ઈ. સ. ૧૧૫૩) નો કિરાડુમાંથી શિલાલેખ પ્રાપ્ત થયો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે શાકંભરીના વિજેતા કુમારપાલના વિજયરાજ્યમાં સ્વામીની કૃપાથી એને કિરાડુનું રાજ્ય પ્રાપ્ત થયું હતું. આ લેખ પ્રમાણે રાજા આલ્હણદેવે પોતાના રાજ્યમાં પ્રત્યેક પક્ષની અષ્ટમી, એકાદશી અને ચતુર્દશીના દિવસોએ જીવહિંસાની મનાઈ કરી.

આલ્હણદેવ પછી તેના પુત્ર કેલ્હણે કુમારપાલનું સામંતપદ ચાલુ રાખ્યું હતું. વિ. સં. ૧૨૨૮ (ઈ. સં. ૧૧૭૧) નો કેલ્હણનો શિલાલેખ નડુલમાંથી પ્રાપ્ત થાય છે. જો કે આ લેખમાંથી વિશેષ માહિતી ઉપલબ્ધ થતી નથી.

કેલ્હણે તેના ભાઈ કીર્તિપાલની મદદથી ફરી સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી, પરંતુ જ્યારે મુહંમદ ઘોરીએ નડુલની લૂંટ કરી ત્યારે ચૌલુક્યોના સૈન્યની મદદથી કાસહ્રદ પાસે મુહંમદ ઘોરીને એણે હાર આપી હતી. કીર્તિપાલે ઈ. સ. ૧૧૭૮ પછી ગૂહિલ સામંતસિંહને હરાવી મેવાડ પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

કેલ્હણના મૃત્યુ પછી તેનો પુત્ર જયંતસિંહ સત્તા પર આવ્યો હતો. જયંતસિંહના રાજ્યકાલ દરમ્યાન કુતબુદ્દીને નડુલ પર ચડાઈ કરી હતી.[૮૬]

ઉપરોક્ત માહિતીના આધારે આ શાખાની વંશાવળી આ પ્રમાણે મૂકી શકાય :

- ૧ લક્ષ્મણરાજ (શાકંભરીના વાક્પતિરાજ ૧ લાનો પુત્ર)
  - ૨ શોભિત
    - ૩ બલિરાજ
  - ૪ વિગ્રહપાલ
    - ૫ મહેન્દ્ર
      - અશ્વપાલ
        - અહીલ
      - ૬ અણહિલ્લ
        - ૭ બાલાપ્રસાદ
        - ૮ જેન્દ્રરાજ (જિંદુરાજ)
          - ૯ પૃથ્વીપાલ
            - ૧૨ રત્નપાલ
              - ૧૩ રાયપાલ
          - ૧૦ જોજલ્લ
          - ૧૧ આશારાજ
            - ૧૪ કટુદેવ
            - ૧૫ આલ્હણદેવ
              - ૧૬ કેલ્હણ
                - ૧૭ જયંતસિંહ
              - ગજસિંહ
              - કીર્તિપાલ

**(૩) જાલોરની શાખા :**

આ શાખાના સ્થાપક તરીકે કેલ્હણનો ભાઈ કીર્તિપાલ હતો. એ પછી તેનો પુત્ર સમરસિંહ ગાદીએ આવ્યો. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૬) ના તામ્રપત્રના આધારે જણાય છે કે આ સમરસિંહે તેની પુત્રી લીલાદેવી ભીમદેવ ૨ જા વેરે પરણાવી હતી.[૮૭]

સમરસિંહ પછી તેના પુત્રો માનવસિંહ અને ઉદયસિંહ સત્તા પર આવ્યા. ઉદયસિંહ પછી તેનો પુત્ર ચાચિગ, તે પછી સામંતસિંહ, કાન્હડદેવ અને તેનો પુત્ર વીરમ સત્તા પર આવ્યા હતા. આ વીરમને મુસલમાનોએ હરાવી તેના પ્રદેશને દિલ્હી સલ્તનત સાથે જોડી દીધો હતો.[૮૮]

**૧૨ ગોવાનો કદંબ વંશ**

આ વંશનો મૂળ સ્થાપક મયૂર શર્મા હતો. સમુદ્રગુપ્તની ચડાઈ વખતે દક્ષિણમાં પ્રસરેલી અવ્યવસ્થાનો લાભ લઈ ગોવાની આસપાસનો થોડો પ્રદેશ કબજે કરી બનવાસી (જિ. શિમોગા, મૈસૂર) ને રાજધાની બનાવી ત્યાં સત્તા આ વંશની સ્થપાઈ હતી.[૮૯]

આ વંશના પ્રથમ રાજવી તરીકે કંટકાચાર્ય કિંવા ષષ્ઠ ૧ લા (ઈ. સ. ૯૬૬–૯૮૦) ને ગણવામાં આવ્યો છે. આ રાજવીનું શાસન પહેલાં કોંકણમાં હતું, પરંતુ પાછળથી તેણે ગોવામાં રાજધાની સ્થાપી હતી. ષષ્ઠ ૧ લા પછી આ વંશમાં નાગવર્મા, ગૂહલ્લદેવ અને ષષ્ઠરાજ કે ષષ્ઠ ૨ જો થયા હતા. ષષ્ઠ ૨ જો ઈ. સ. ૧૦૦૫ થી ૧૦૫૦ સુધી સત્તા પર રહ્યો. ષષ્ઠદેવ ૨ જાનું શક સં. ૯૬૪ (ઈ. સ. ૧૦૪૨) નું એક તામ્રપત્ર ગણદેવીમાંથી પ્રાપ્ત થયું છે.[૯૦]

ષષ્ઠદેવ પછી જયકેશી ૧ લો સત્તા પર આવ્યો હતો. તેણે તેની પુત્રી મયણલ્લાનાં લગ્ન ચૌલુક્ય રાજવી કર્ણદેવ ૧ લા વેરે કર્યાં હતાં, જેનાથી સિદ્ધરાજ જયસિંહનો જન્મ થયો હતો.[૯૧] આ જયકેશી ૧ લાએ લાટ પર પણ ચડાઈ કરી હતી.[૯૨]

તેના પછી તેનો પુત્ર ગૂહલ્લદેવ ૩ જો, એ પછી તેનો નાનો ભાઈ વિજયાદિત્ય અને પછી તેનો પુત્ર જયકેશી ૨ જો સત્તા પર આવ્યા હતા.

## પાદટીપ

૧. જેમ્સ બર્જેસ, "રીપોર્ટ ઓન ધ એન્ટિકિવટી ઓફ કાઠિયાવાડ એન્ડ કચ્છ," પૃ. ૧૯૯
૨. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં ૪., પૃ. ૧૩૦
૩. એજન, પૃ. ૧૩૧ ૪. એજન, ગ્રં. ૩, પૃ. ૧૪૬
૫. "દ્વયાશ્રય", પૃ. ૧૬૭ ૬. "ગુ. રા. સં. ઈ.", ગ્રં ૪, પૃ. ૧૩૭
૭. જુઓ દેશાઈ શં. હ., "સૌરાષ્ટ્રનો ઇતિહાસ," પૃ. ૨૪૬
૮. "પ્રબંધચિંતામણિ", પૃ. ૬૫
૯. પ્ર. નં. ૧૦૪–અ. આની ચર્ચા અન્યત્ર કરી છે.
૧૦. અ. નં. ૩૩ ૧૧. "પ્રભાવક–ચરિત", પૃ. ૧૯૪–૯૫
૧૨. અ. નં. ૩૯, ૬૦, ૬૪, ૭૩અ, ૮૯
૧૩. શેલત ભારતી, "ક્રોનોલોજિકલ સિસ્ટમ્સ ઓફ ગુજરાત," પૃ. ૩૩૦–૩૧
૧૪. રાયજાદા, રાજેન્દ્રસિંહ, "કુમાર", અં. ૬૧૭ (મે, ૧૯૭૫), પૃ. ૧૬૩
૧૫. આ સમગ્ર ચર્ચા હવે પછી એક અલગ પ્રકરણમાં કરી છે.
૧૬. અ. નં. ૬–અ.
૧૭. "એ. ઈ.", વૉ. ૨૬, પૃ. ૨૨૨, ૨૨૬
૧૮. ડિસ્કળકર, ડી. બી., "ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ કાઠિયાવાડ", લે. નં. ૨
૧૯. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૧૪૨
૨૦. ડિસ્કળકર ડી. બી., ઉપર્યુક્ત, લે. નં. ૬
૨૧. એજન, લે. નં. ૧૧
૨૨. રાજશેખર, "પ્રબંધકોશ", પૃ. ૧૨૬–૨૭
૨૩. શાસ્ત્રી હરિશંકર તથા ત્રિવેદી પ્રભાશંકર, 'યત્કિંચિત્', પૃ. ૫૧
૨૪. અ. નં. ૯૯
૨૫. દેશાઈ શં. હ., "પ્રભાસ અને સોમનાથ", પૃ. ૨૨૯
૨૬. આચાર્ય, ગિ. વ., "ગુ. ઐ. લે.", ભા. ૩, પૃ. ૬૦
૨૭. શાસ્ત્રી હરિશંકર અને ત્રિવેદી પ્રભાશંકર, "યત્કિંચિત્", પૃ. ૫૧–૫૩
૨૮. શાસ્ત્રી કે. કા., "સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ; માંગરોળ–સોરઠ" (૧૯૬૭)
૨૯. અ. નં. ૩૯ ૩૦. અ. નં. ૧૦૯
૩૧. શાસ્ત્રી કે. કા., ઉપર્યુક્ત, પૃ. ૨૨
૩૨. અ. નં. ૯૨ ૩૩. અ. નં. ૯૮

૩૪. ડિસકળકર, ઉપર્યુક્ત, લે. નં. ૪
૩૫. મજુમદાર એ. કે., "ચૌલુક્યઝ ઓફ ગુજરાત", પૃ. ૨૮
૩૬. પંડ્યા એ. વી., 'ન્યૂ ડાયનેસ્ટીઝ ઓફ મીડવલ ગુજરાત", પૃ. ૫૩
૩૭. અ. નં. ૧૮ ૩૮–૩૯. પંડ્યા એ. વી., ઉપર્યુક્ત, પૃ. ૫૮
૪૦. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૧૬૧
૪૧–૪૩. પંડ્યા એ. વી., ઉપર્યુક્ત, પૃ. ૫૮
૪૪. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત પૃ. ૧૪૮–૪૯
૪૫. શાસ્ત્રી દુ. કે., "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ," પૃ. ૪૩૪–૩૫
૪૬. એજન, પૃ. ૪૩૫ અને પછીનાં પૃષ્ઠ; મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૪૯ અને પછીનાં પૃષ્ઠ.
૪૭. "કેટલોગ ઓફ ધી એમ એસ એસ ઈન ધ જૈન ભંડાર એટ પાટણ", નં. ૮૪ (દેશીનામમાલા), પૃ. ૬૦
૪૮. અ. નં. ૫૪, ૧૧૦, ૧૧૧
૪૯. ગાંગુલી, "હિસ્ટરી ઓફ પરમાર ડાયનેસ્ટી", પૃ. ૧૮–૧૯
૫૦. આચાર્ય, ન. આ., "લેખ–સંચય", પૃ. ૨
૫૧. અ. નં ૧ ૫૨. અ. નં. ૧–૨
૫૩. આચાર્ય, ન. આ., ઉપર્યુક્ત, પૃ. ૨
૫૪. અલતેકર એ. એસ., "ધ રાષ્ટ્રકૂટઝ એન્ડ ધેર ટાઇમ્સ", પૃ ૧૨૧
૫૫. અ. નં. ૩ ૫૬. અ. નં. ૭અ
૫૭. ગાંગુલી., ઉપર્યુક્ત, પૃ. ૧૯
૫૮. હ. ગં શાસ્ત્રીના મત પ્રમાણે સીયકના રાજકાલ દરમ્યાન માળવામાં ગુર્જરેશની સત્તા હતી અને તે ગુર્જરેશ તે ગુર્જર પ્રતીહાર વંશના હતા. આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં પણ શૌલ્કિક (ચૌલિક્ક) કુલની સત્તા હતી. એ કુલ પણ ચૌલુકયોની જેમ ભારદ્વાજ ગોત્ર અને માહેશ્વર સંપ્રદાય ધરાવતું હતું. આથી મુંજે હરાવેલ ગુર્જરેશ તે મૂળરાજ નહિ, પણ બીજો કોઈ ગુર્જરેશ હોય.—જુઓ હ. ગં શાસ્ત્રી., "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ. ૨૭૬.
૫૯. પંડ્યા, એ. વી., ઉપર્યુક્ત, પૃ. ૭
૬૦. આચાર્ય, ન. આ., ઉપર્યુક્ત, પૃ. ૩ ૬૧. એજન, પૃ. ૪
૬૨. શાસ્ત્રી હ. ગં., 'ચંદ્રાવતી નગરી', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૧૪, (ઈ. સ. ૧૯૬૭), અંક ૧, પૃ. ૨૫

૬૩. અ. નં. ૧૧૦–૧૧
૬૪. ઓઝા ગૌ. હી., "સોલંકીઓંકા ઇતિહાસ", પૃ. ૧૭૧
૬૫. શાસ્ત્રી દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૧૭૦–૧૭૧
૬૬. એજન, પૃ. ૨૧૪
૬૭. અ. નં. ૧૧–અ
૬૮. શાસ્ત્રી, હ. ગં., 'ચંદ્રાવતી નગરી, ઉપર્યુક્ત, પૃ. ૨૫
૬૯. એજન, પૃ. ૨૬
૭૦. ઓઝા, ગૌ. હી., ઉપર્યુક્ત, પૃ. ૧૭૬
૭૧. અ. નં. ૧૧૦ ૭૨. શાસ્ત્રી, હ. ગં., 'ચંદ્રાવતી નગરી', ઉપર્યુક્ત, પૃ. ૨૬
૭૩. શાસ્ત્રી દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૫૨૬
૭૪. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૧૭૬
૭૫. એજન, પૃ. ૧૮૩
૭૬. જુઓ ઉપર પ્રકરણ ૨ માં કુમારપાલને લગતી સમીક્ષામાં.
૭૭. મજુમદાર, આર. સી. "સ્ટ્રગલ ફોર એમ્પાયર", પૃ. ૮૧–૮૨
૭૮. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪., પૃ. ૧૭૮
૭૯. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૩૯
૮૦. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૧૮૧, પાદટીપ નં. ૨૦૬
૮૧. મજુમદાર, આર. સી., ઉપર્યુક્ત, પૃ. ૮૬; રાય એચ. સી., "ડાયનેસ્ટીક હિસ્ટરી ઓફ નોર્ધન ઈન્ડિયા", વૉ. ૨, પૃ. ૧૧૦૩–૧૧૦૬
૮૨. એજન, પૃ. ૧૧૦૮
૮૩. મજુમદાર, આર. સી., ઉપર્યુક્ત, પૃ. ૮૬
૮૪. અ. નં. ૩૧ ૮૫. મજુમદાર, આર. સી., ઉપર્યુક્ત, પૃ. ૮૬
૮૬. એજન, પૃ. ૮૭ ૮૭. અ. નં. ૯૧
૮૮. મજુમદાર, આર. સી., ઉપર્યુક્ત, પૃ. ૮૭–૮૮
૮૯. "ગુ. રા. સાં. ઈ.", ગ્રં. ૪, પૃ. ૧૯૪
૯૦. અ. નં. ૧૨ અ
૯૧. મોરેસ, જી. એમ., "ધ કદંબ કુલ", પૃ. ૧૬૭–૬૮
૯૨. શાસ્ત્રી, દુ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૪૫

# ૪ રાજ્યતંત્ર

આ પૂર્વે ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે આ કાલના રાજવંશોની રાજકીય પરિસ્થિતિનું અવલોકન કર્યું. એ પરથી સ્પષ્ટ થાય છે કે ચૌલુક્યોના સમય દરમ્યાન ગુજરાતનો વિસ્તાર વર્તમાન ગુજરાતની સીમાથી પણ વધુ થયો હતો. આટલા મોટા રાજ્યની આબાદીનો મુખ્ય આધાર સુયોજિત અને કાર્યક્ષમ રાજ્યતંત્ર પર નિર્ભર રહેતો. ચૌલુક્યોએ પોતાના રાજયતંત્રનો આ માટે વિકાસ કર્યો હતો. તેમણે આ રાજ્યતંત્રનો પ્રયોગ પોતાની સીધી હકૂમતવાળા પ્રદેશોમાં કર્યો હતો. અહીં અભિલેખોને આધારે રાજ્યતંત્ર વિશે મળતી માહિતીનું વિહંગાવલોકન પ્રસ્તુત છે.

## રાજા

રાજા રાજ્યનો સર્વોપરિ હતો. એ દરેક પ્રકારના હકો ધરાવતો. ચૌલુક્યરાજ્યની શરૂઆતમાં રાજા 'મહારાજાધિરાજ' બિરુદ ધારણ કરતો હતો.[1] સમય જતાં એ "પરમભટ્ટારક" "મહારાજાધિરાજ" અને "પરમેશ્વર" એમ ત્રણેય બિરુદ ધરાવતો થયો.[2]

કેટલાક રાજાઓ એમનાં વિવિધ પરાક્રમોને આધારે વિશિષ્ટ બિરુદો પણ ધારણ કરતા; જેમકે કર્ણદેવ ૧ લાએ "ત્રૈલોક્યમલ્લ", જ્યારે કુમારપાલે "અપરાર્જુન", "રાજનારાયણ", "લક્ષ્મીસ્વયંવર", "ઉમાપતિવરલબ્ધપ્રૌઢપ્રતાપ", "ઉમાપતિવરલબ્ધપ્રસાદ", "પરમમાહેશ્વર", "પરમભટ્ટારક" વગેરે, જ્યારે સિદ્ધરાજ જયસિંહે "ત્રૈલોક્યગંડ", "સિદ્ધચક્રવર્તી", "અવંતીનાથ", અને 'બર્બરકજિષ્ણુ', જ્યારે ભીમદેવ ૨ જાએ "અભિનવ સિદ્ધરાજ", "બાલનારાયણાવતાર અને સપ્તમચક્રવર્તી" અને જયસિંહ ૨ એ "એકાંગવીર", "એકાંગવીરતિલક", "અભિનવસિદ્ધરાજ" જેવાં બિરુદો ધારણ કરેલાં છે.[3]

### સામંતોનાં બિરુદો

સામંત રાજવીઓ "મંડલેશ્વર" કે "મહામંડલેશ્વર" તરીકે ઓળખાતા.[4] ક્યારેક એઓ "માંડલિક" પણ કહેવાતા. ક્યારેક તેઓ "મહામાંડલિક" પણ

કહેવાતા[૫]. મોટા સામંતો "મહારાજ" કહેવાતા હતા, જ્યારે ઠકરાતના માલિકો માટે "રાણક" (રાણો) બિરુદ પ્રયોજાતું[૬]. ચૌલુકયોમાં પટરાણી માટે "મહારાજ્ઞી" બિરુદ હતું[૭]. "યુવરાજ" બિરુદનો સ્પષ્ટ ઉલ્લેખ અભિલેખોમાં થયેલો જણાતો નથી. મૂળરાજ ૧ લાના શાસનકાલ દરમ્યાન ચામુંડરાજે યુવરાજ તરીકે દાન આપ્યું હતું પરંતુ એનો અભિલેખમાં યુવરાજ તરીકે નિર્દેશ થયેલો નથી. અલબત્ત, આબુના રાજા ધારાવર્ષના સમયમાં ધારાવર્ષનો નાનો ભાઈ યુવરાજ તરીકે અધિકાર ધરાવતો હતો. અભિલેખોમાં ક્યારેક "મહારાજપુત્ર" બિરુદનો પણ નિર્દેશ થતો હતો.[૮]

**રાજાનાં કાર્યો**

રાજાનો મુખ્ય ધર્મ પ્રજા અને પ્રજાના જાનમાલનું રક્ષણ કરવાનો રહેતો. શત્રુઓ સામે યુદ્ધ કરી પ્રજાનું રક્ષણ કરવું એ રાજાની મુખ્ય ફરજ બની રહેતી. એ વહીવટની સુગમતા ખાતર નાના મોટા અધિકારીઓની નિમણૂક કરતો અને તંત્ર ચલાવવા માટે આવશ્યક રાજકોશ ઊભો કરવા એ વિવિધ કરવેરા પણ લેતો. દુષ્કાળ જેવી વિપત્તિને વખતે એ જમીન-મહેસૂલ પણ માફ કરતો હતો. અન્યાયી વેરાઓને રદ પણ કરતો; જેમકે કુમારપાલે અપુત્રિકાધનનો ત્યાગ કર્યો તેમજ સિદ્ધરાજે યાત્રાવેરો માફ કર્યો હતો.[૯]

મંદિરો, દેરાસરો તેમજ બ્રાહ્મણોને રાજાઓ તરફથી નિભાવ માટે દાનરૂપે આર્થિક સહાય પણ મળતી. રાજા તરફથી અપાયેલ દાનનું શાસન રાજા પોતે ફરમાવતો. રાજ્યમાં આવેલાં જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવો તથા નવાં મંદિરોનું નિર્માણ કરવું, પ્રજાને ઉપયોગી એવાં વાવ-કૂવા વગેરે જળાશયો કરાવવાં વગેરે કાર્યો રાજા તેમજ રાજપરિવારના સભ્યો કરતા, ઉપરાંત કલા, સાહિત્ય તેમજ વેપાર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપી રાજા રાજ્યનો વિકાસ કરવા તત્પર રહેતો હોવાની અભિલેખો પરથી પ્રતીતિ થાય છે.

## અધિકારીઓ

રાજ્યમાં વહીવટની સુગમતા માટે જુદા જુદા વહીવટી વિભાગો હતા અને એમને માટે જુદા જુદા અધિકારીઓની નિમણૂક કરવામાં આવતી. આ સમયના લેખોમાં આમાંના કેટલાક અધિકારીઓનો નિર્દેશ મળે છે.

રાજ્યના વહીવટ માટે રાજ્યતંત્રને વિવિધ કરણો, અધિકરણો કે ખાતાંઓમાં પણ વહેંચવામાં આવતું, વિવિધ પ્રકારના શાસનલેખોના સંગ્રહરૂપે લખેલા,

લેખપદ્ધતિ–ગ્રંથમાં ઘણા નમૂના ચૌલુક્યકાલને લગતા અભિલેખોમાંથી આપવામાં આવેલા છે.[૧૦] આ ગ્રંથમાં ૩૨ ખાતાં ગણવામાં આવેલાં છે, જેવાં કે,

૧. શ્રીકરણ એટલે આવકખાતું
૨. વ્યયકરણ એટલે ખર્ચખાતું
૩. ધર્માધિકરણ એટલે ન્યાયખાતું
૪. મંડપાધિકરણ એટલે માંડવીખાતું
૫. વેલાકુલકરણ એટલે બંદરખાતું
૬. જલપથકકરણ એટલે જલમાર્ગો અને માર્ગોનું ખાતું
૭. ઘટિકાગૃહકરણ એટલે શાળાનાં મકાનોનું ખાતું
૮, ટંકશાલાકરણ એટલે ટંકશાળખાતું
૯. દ્રવ્યભાંડાગારકરણ એટલે વસ્તુભંડારખાતું
૧૦. અંશુકભાંડાગારકરણ એટલે વસ્ત્રભંડારનું ખાતું
૧૧. વારિગૃહકરણ અને
૧૨. દેવવેશ્મકરણ } એટલે રાજમહેલનું ખાતું
૧૩. ગણિકાકરણ એટલે ગણિકાનું ખાતું
૧૪. હસ્તિશાલાકરણ એટલે હસ્તશાળાનું ખાતું
૧૫. અશ્વશાલાકરણ એટલે અશ્વશાળાનું ખાતું
૧૬. કલભશાલાકરણ એટલે ઊંટશાળાનું ખાતું
૧૭. શ્રેણિકરણ એટલે વેપારખાતું
૧૮. વ્યાપારકરણ એટલે રાજકીયખાતું
૧૯. તંત્રકરણ એટલે રાજકીય ખાતું
૨૦. કોષ્ઠાગારકરણ એટલે કોઠારખાતું
૨૧. ઉપક્રમકરણ એટલે અમાત્ય પરીક્ષાનું ખાતું
૨૨. કર્મકરકરણ એટલે જાહેર બાંધકામનું ખાતું
૨૩. સ્થાનકરણ એટલે જાહેર બાંધકામખાતું
૨૪. દેવકરણ એટલે દેવસ્થાનનું ખાતું
૨૫. સંધિ(વિગ્રહ)કરણ એટલે વિદેશખાતું
૨૬. મહાક્ષપટલકરણ એટલે દફતરનું ખાતું
૨૭. મહાનસકરણ એટલે રસોડાખાતું
૨૮. જયનશાલાકરણ એટલે આયુધખાતું
૨૯. સત્રાગારકરણ એટલે સદાવ્રત–ખાતું

૩૦. અંતઃપુરકરણ

૩૧. સુવર્ણકરણ

૩૨. કોષ્ઠિકા[11]

ઉપર દર્શાવેલ વિવિધ ખાતાંઓ પૈકી ચૌલુક્યકાલના અભિલેખોમાં શ્રીકરણ,[12] વ્યયકરણ[13], વ્યાપાર,[14] દેવકરણ,[15] મંડપિકા,[16] મહાક્ષપટલ,[17] સંધિવિગ્રહ[18] અને શ્રેણીના ઉલ્લેખ મળે છે, આથી શક્ય છે કે "લેખપદ્ધતિ"માં જણાવેલ મોટાભાગનાં ખાતાંઓ ચૌલુક્યોના રાજ્યને લગતાં હોય.

ચૌલુક્યુકાલીન અભિલેખોમાં નીચે પ્રમાણેના અધિકારીઓના ઉલ્લેખો મળે છે :

## મહામાત્ય

મહામાત્ય એ રાજ્યનો વરિષ્ઠ અધિકારી હતો. પ્રત્યેક વહીવટી કાર્યમાં રાજા એનો અભિપ્રાય પૂછતો. રાજ્યની મહામુદ્રા તેની પાસે રહેતી. એટલા માટે લેખોમાં તેને 'श्रीकरणादिसमस्तमुद्राव्यापारान्परिपथयति' કહ્યો છે. આ શબ્દનો અર્થ "નાણાનો વેપાર" કે "નાણાવટીનો ધંધો કરતા હતા" એવો કરવો યોગ્ય નથી, પરંતુ લાલચંદ્ર ગાંધીના મતે–"મહારાજા તરફથી મળેલી મંત્રિ–મુદ્રા (અધિકારાજ્ઞા) દ્વારા રાજ્યકારભાર કરતા" એવો અર્થ ઉચિત જણાય છે.[19] મહામાત્યના હાથ નીચે મંત્રીઓ અથવા સચિવો પણ હતા. મહામાત્યને 'મહામંત્રી' અથવા 'મહત્તમ' તરીકે પણ ઓળખવામાં આવતા.

## મંત્રી, પ્રધાન અને સચિવ

અધિકારીઓમાં મંત્રીઓ પ્રધાન અને સચિવોના વારંવાર નિર્દેશ થયેલા જણાય છે. જેમકે ભીમદેવ ૨ જાના સમયના વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭) ના શિલાલેખમાં[20] જણાવ્યા પ્રમાણે ચામુંડરાજનો મહામંત્રી માધવ હતો તેમજ માધવનો વંશજ વલ્લ કુમારપાલનો સચિવ હતો.

આબુના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના લેખમાં[21] લૂણિગ, મલ્લદેવ, વસ્તુપાલ અને તેજપાલ સચિવ કે મંત્રી હોવાના ઉલ્લેખો થયેલા છે. સિદ્ધરાજ જયસિંહના દાહોદના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે દધિપદ્રમંડલનો વહીવટીમંત્રી સેનાપતિ કેશવ હતો. આ પરથી જણાય છે કે 'મંત્રી' અને 'સચિવ' શબ્દો ઘણું કરીને એક અર્થમાં વપરાતા હશે અને મહામાત્યને 'મહામંત્રી' પણ કહેતા હશે.

### મહાક્ષપટલિક અને મહાસંધિવિગ્રહક

અભિલેખોમાં આ બે અધિકારીઓનો ઉલ્લેખ વારંવાર થયેલો જણાય છે. રાજશાસનના દૂતક તરીકે લગભગ મહાસંધિવિગ્રહકનો અને દાનશાસન લખનાર તરીકે મહાક્ષપટલિક કે અક્ષપટલકનો ઉલ્લેખ થયેલો છે. સંધિ અને વિગ્રહને લગતાં ખાતાંઓનો વડો 'મહાસંધિવિગ્રહક' હતો. અન્ય રાજ્યો સાથેના રાજકીય સંબંધો સુધારવાનું કામ એનું રહેતું હતું. ભીમદેવ ૧ લાના સંધિવિગ્રહક તરીકે દામોદર હતો. એને લગતા વિવિધ પ્રસંગોનો "પ્રબંધચિંતામણિ"માં ઉલ્લેખ થયેલો છે.[૨૨] સિદ્ધરાજ જયસિંહના દાહોદના શિલાલેખને આધારે જણાય છે કે ક્યારેક પ્રતીહાર પણ દૂતક તરીકેનું કામ કરતો. ભીમદેવ ૧ લાના વિ. સં. ૧૦૮૭ના લેખને આધારે જણાય છે કે[૨૩] એનો સંધિવિગ્રહક ચંડશર્મા હતો.

મહાક્ષપટલિકનું કાર્ય દાનશાસનોનું લખાણ તૈયાર કરવાનું રહેતું. આ ખાતાના અધિકારી તરીકે મોટા ભાગે કાયસ્થની નિમણૂક કરવામાં આવતી હતી. આ અધિકારીનું નામ દાનપત્રોના લેખક તરીકે પણ અપાયું છે. તેથી તેને 'રાજ્યલેખાધિકારી' પણ કહી શકાય. ગુજરાતી ભાષાનો 'પટેલ' અને મરાઠી ભાષાનો 'પાટિલ' શબ્દ આ 'પટલિક' ઉપરથી આવ્યો હશે એમ જણાય છે. ગામડામાં રાજ્યનો પત્ર–વ્યવહાર કરનાર 'પટલિક' કહેવાતો હશે.[૨૪]

### મહામુદ્રામાત્ય

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯)ના શિલાલેખમાં[૨૫] દાભૂનો મહામુદ્રામાત્ય તરીકે ઉલ્લેખ થયેલો છે, જ્યારે એના વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)ના તામ્રપત્રમાં[૨૬] શોભનદેવનો સોરઠના 'મહામુદ્રામાત્ય' તરીકે ઉલ્લેખ થયેલો છે.

આ અધિકારીનું મુખ્ય કાર્ય કદાચ પ્રજાનાં ખતપત્રોને સરકારી સંમતિ આપવામાં જુદી જુદી મહોરછાપ મારવા માટેનું પણ હશે. આ અધિકારીઓ પ્રાંત(મંડલ)નાં મુખ્ય મથકોમાં રહેતા હશે.

### અન્ય અધિકારીઓ

વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૫)નું અજયપાલના સમયનું દાનશાસન, દંડનાયક, દેશ–ઠક્કુર, અધિષ્ઠાનક, કરણપુરુષ, શય્યાપાલ, ભટ્ટપુત્ર વગેરે રાજપુરુષો તથા બ્રાહ્મણોને ફરમાવવામાં આવ્યું હતું. આમાં 'દંડનાયક' એટલે બલાધ્યક્ષ –સેનાધ્યક્ષ થાય. અન્ય અધિકારીઓનું પણ અભિધાન થયું છે.[૨૭] દેશઠક્કુર

એટલે દેશ કે મંડલનો મુખ્ય ઠક્કુર, 'અધિષ્ઠાનક' એટલે વડા મથકનો વહીવટી અધિકારી, 'કરણપુરુષ' એટલે સચિવાલયમાં કામ કરતો અધિકારી કે કારકુન 'શય્યાપાલક' એટલે રાજા કે મહામંડલેશ્વરના શય્યાગૃહનો રક્ષક, 'ભટ્ટપુત્ર' એટલે ભટ(સૈનિક).

આમાં ભટ્ટનો અર્થ 'ભર્ત્તા' થાય, પણ અહીં સ્તુતિગાયક 'ભ.ટ' અભિપ્રેત હોવાનું લાગે છે.

આ દાનપત્રના અંતમાં ઉપરોરિ નામના અધિકારીનો ઉલ્લેખ થયો છે, કદાચ એનો અર્થ ઉપરિક થતો હશે.[૨૮]

'બલાધિ'એ બલાધિકૃતનું ટૂંકું રૂપ છે.[૨૯] વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૮)ના 'તામ્રપત્રમાં[૩૦] "પૂજામાત્ય"નો ઉલ્લેખ થયેલો છે. "પૂજામાત્ય" એટલે દેવકરણનો અધિકારી. રાજાઓ દૈવજ્ઞ (જોશી) અને મહામૌહૂર્તિકની પણ નિમણૂક કરતા હતા.[૩૧] કુમારપાલના વિ. સં. ૧૨૦૨ (ઈ. સં. ૧૧૪૬)ના શિલાલેખમાં[૩૨] અંગનિગૂહકનો નિર્દેશ થયેલો છે. આ 'અંગનિગૂહક' એટલે રાજાનો અંગરક્ષક હતો.

## પ્રાદેશિક અધિકારીઓ

ચૌલુક્યકાલીન રાજ્યનો મુખ્ય વહીવટી વિભાગ 'મંડલ' તરીકે ઓળખાતો હતો. મંડલના વડા અધિકારી 'મંડલેશ્વર' કે 'મહામંડલેશ્વર' તરીકે ઓળખાતા હતા. ઘણી વાર આ અધિકાર દંડનાયકને પણ આપવામાં આવતો હતો; જેમકે વયજલ્લદેવની ઘણી વાર મંડલેશ્વર તરીકે એક મંડલમાંથી બીજા મંડલમાં બદલી થતી હતી.[૩૩] કેટલીક વાર મંડલેશ્વર કે દંડનાયક કોઈ નાના વહીવટી વિભાગ પર કે કોઈ અમુક ગામ પર અધિકાર ધરાવતા હતા.[૩૪]

ઘણીવાર નવા જિતાયેલા મંડલમાં દંડનાયક કે સેનાપતિની નિમણૂક કરાતી. જેમકે ભીમદેવ ૧ લાએ ચંદ્રાવતીમાં દંડનાયક તરીકે વિમલની નિમણૂક કરી હતી, જ્યારે સૌરાષ્ટ્રમાં દંડનાયક તરીકે સજ્જન તથા શોભનદેવની તથા દધિપદ્રમાં સેનાપતિ તરીકે કેશવની નિમણૂક કરી હતી.

ઘણા અભિલેખોમાં 'મહાસાધનિક' નામના અધિકારીનો નિર્દેશ થયેલો જણાય છે. આ 'મહાસાધનિક' એટલે નગરની પોલીસનો વડો હશે.[૩૫] કેટલાક અભિલેખોમાં 'દેશાધિકારી'નો પણ ઉલ્લેખ થયેલો જણાય છે. આ અધિકારી મંડલનો મુખ્ય મહેસૂલી અધિકારી હશે.[૩૬] વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના કુમારપાલના લેખમાં 'નાયક'નો ઉલ્લેખ થયેલો છે.[૩૭]

# રાજ્યની વહીવટી પદ્ધતિ

આ સમયના અભિલેખોમાં વહીવટને લગતા કેટલાક ઉલ્લેખો આવે છે તેના આધારે ચૌલુક્યકાલ દરમ્યાન રાજ્યની વહીવટી પદ્ધતિનો ખ્યાલ આવે છે.

**ગ્રામ-વહીવટ :**

વહીવટનો સૌથી નાનો એકમ ગામ હતો. દરેક ગામની ચારે બાજુ સીમાઓ નિર્ધારિત હતી. આ ગામોની સીમાઓ માટે ઝઘડાઓ ન થાય તે માટે કરારનામું એટલે કે "શીલપત્ર" કરવામાં આવતું હતું.[૩૮]

ગ્રામ-વહીવટને લગતા કેટલા હોદ્દેદારોના ઉલ્લેખ લેખોમાં પ્રાપ્ત થાય છે. એમાં તલાર, હિંડીપક, પ્રતિસારક, ઠાકુર, મહંતક વગેરેના ઉલ્લેખ વિશેષ આવે છે.

**તલાર :** ચૌલુક્યકાલીન અભિલેખોમાં તેમજ લેખપદ્ધતિમાં ગામના અધિકારીઓના ઉલ્લેખ થયેલા જણાય છે. કુમારપાલના સમયના વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૫-૪૬)ના શિલાલેખમાં[૩૯] "તલાર"નો ઉલ્લેખ થયેલો જણાય છે. હેમચંદ્રાચાર્યે તલારનો અર્થ નગરરક્ષક આપ્યો છે.[૪૦] નગર-તલારની માફક ગ્રામ-તલાર પણ હતા.[૪૧]

**હિંડીપક :** ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના શિલાલેખમાં[૪૨] હિંડીપકનો ઉલ્લેખ થયેલો છે. એનો અર્થ હિંડીને એટલે કે ફરીને કર ઉઘરાવનાર અધિકારી હશે.

**પ્રતિસારક :** ઉપર્યુક્ત શિલાલેખમાં[૪૩] પ્રતિસારકનો ઉલ્લેખ પણ નજરે પડે છે. 'પ્રતિસારક' એટલે કે એક સ્થાનેથી બીજે સ્થાને જવાની પરવાનગી (દેશોત્તાર) મેળવવા માટે નાળિયામાં રોકી રાખેલાં વાહનોની જકાત લઈ આગળ જવા દેનાર અધિકારી અર્થાત્ જકાત અધિકારી.[૪૪]

**ઠક્કુર :** અભિલેખોમાં ઠક્કુરનો નિર્દેશ થયેલો જણાય છે. 'ઠક્કુર' એટલે વડો. એના બે ભેદ હતા : (૧) દેશઠક્કુર[૪૫] અને (૨) ગ્રામઠક્કુર[૪૬]. દેશઠક્કુર એટલે દેશનો વડો અને 'ગ્રામઠક્કુર' એટલે ગ્રામપતિ હતો.[૪૭]

**વોલાપિક :** 'વોલાપિક' એટલે વાટમાં સંભાળ રાખનાર વળાવિયો તેને વુલાપિકા (વળામણુ) માટે મહેનતાણું પણ મળતું હતું.[૪૮]

**મહંતક :** 'મહંતક' એટલે મહેતો, કારકુન અથવા ગુમાસ્તો.[૪૯]

**બૃહદ્વાજિક :** 'બૃહદ્વાજિક' એટલે ઘોડેસવાર પોલીસ અધિકારી.[૫૦]

**નિર્યામક :** નિર્યામક એટલે પરવાનગીવાળી ચીજોને પસાર થવા દેનાર અધિકારી.[૫૧]

ગ્રામ–વહીવટમાં આ ઉપરાંત બલાધિકૃત, ખેતમંત્રી (મહેસૂલી અધિકારી) વગેરેના પણ નિર્દેશો થયેલા છે.

**પંચકુલ**

ચૌલુક્યકાલીન અભિલેખોમાં પંચકુલનો નિર્દેશ થયેલો છે. 'પંચકુલ' એટલે પાંચ અધિકારીઓથી બનેલું મંડલ. આ પંચકુલના સભ્યને "પંચકુલિક" એટલે કે પંચોળી કહેવામાં આવતો.[૫૨] આ પંચકુલની નિમણૂક રાજા દ્વારા થતી હતી.[૫૩]

આ પંચકુલનો નિર્દેશ ખાસ કરી સૌરાષ્ટ્રમંડલના અભિલેખોમાં સ્થાનિક વેચાણ તથા વહીવટના સંદર્ભમાં થયેલો છે.[૫૪]

સ્થાનિક વહીવટમાં પંચકુલને ઘણા પ્રકારની ફરજ બજાવવાની રહેતી. દા. ત. અપુત્રિકાધન જપ્ત કરવાનો કાયદો હતો ત્યારે એ પંચકુલને સોંપવામાં આવતું. આ ઉપરાંત મહેસૂલ કે યાત્રાવેરો વસૂલ કરવાનું, બાંધકામની દેખરેખ રાખવાનું તેમજ જીવહિંસાની મનાઈના કાયદાનું પાલન કરવાનું કામ પંચકુલનું રહેતું;[૫૫] જેમકે ભીમદેવ ૨ જાના સમયમાં વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)ના લેખમાં[૫૬] જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાના મહાપ્રતિહાર સોમરાજદેવે વામનસ્થલીમાં પંચકુલોની મંજૂરી લીધી હતી.

## વહીવટી વિભાગો અને પેટા વિભાગો

ચૌલુક્યરાજ્યમાં તળગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મારવાડ, મેવાડ, અને પશ્ચિમ માળવા વગેરેનો સમાવેશ થયેલો હતો. આવડા મોટા વિશાળ રાજ્યમાં વહીવટ માટે ચોક્કસ પ્રકારની વ્યવસ્થા કરેલી હોય એ સ્વાભાવિક છે. આ માટે રાજ્યને અનેક વહીવટી વિભાગો તથા પેટા વિભાગોમાં વહેંચવામાં આવેલું હતું. અભિલેખોમાંથી આ અંગે કેટલીક સ્પષ્ટ માહિતી પ્રાપ્ત થાય છે.

**(ક) દેશ**

ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે જાણી શકાય છે કે આ કાલ દરમ્યાન વહીવટી એકમ તરીકે 'દેશ'નો જૂજ પ્રમાણમાં ઉપયોગ થયેલો છે. જે બે લેખોમાં એનો ઉલ્લેખ થયેલો છે તેમાં લાટ દેશનો ઉલ્લેખ કર્ણદેવ ૧ લાના વિ. સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૪)ના તામ્રપત્રમાં અને બીજો ભીમદેવ ૨ જાના વિ. સં.

૧૨૭૫ (ઈ. સ. ૧૨૧૯)ના ભરાણાના શિલાલેખમાં "સુરાષ્ટ્રદેશ"ના સંદર્ભમાં છે.

સામાન્ય રીતે "દેશ"નો અર્થ "પ્રાંત" કરવામાં આવેલો છે. પણ અત્યાર સુધીમાં "દેશ" માટેનો કોઈ ચોક્કસ અર્થ થયેલો જોવા મળતો નથી.[૫૭]

## (ખ) વિષય

ચૌલુક્યકાલીન અભિલેખો દ્વારા "વિષય" વિશેની માહિતી પ્રાપ્ત થાય છે. "વિષય" એવો વહીવટી વિભાગ હતો, જે મંડલ કરતાં નાનો અને પથક કરતાં મોટો હોવાનું જણાય છે. અભિલેખોમાં વર્દ્ધિ-વિષય,[૫૮] નાગસારિકા-વિષય,[૫૯] માલવા-કાન્યકુબ્જ-વિષય,[૬૦] પાલિકા-વિષય[૬૧] વગેરેનો નિર્દેશ થયેલો નજરે પડે છે.

## (ગ) પથક

આ વહીવટી એકમ વિષય કરતાં નાના એકમ સ્વરૂપનો હતો. નાના વિભાગોના ગ્રામ-સમૂહને 'પથક' તરીકે ઓળખવાનો ચાલ હતો. અભિલેખો અને સાહિત્યમાં નીચે પ્રમાણેના પથકોનો ઉલ્લેખ મળે છે :

(૧) ગંભૂતા-પથક[૬૨]
(૨) ગંભૂતા-૪૪ પથક
(૨) ઊભલોડ-પથક[૬૩]
(૩) વિષય-પથક[૬૪]
(૪) દધિ-પથક[૬૫]
(૫) વારાહી-પથક[૬૬]
(૬) પૂર્ણા-પથક[૬૭]
(૭) દંડાહાર-પથક[૬૮]
(૮) તલભદ્રિકા-પથક[૬૯]
(૯) ભૃંગારિકા-પથક[૭૦]
(૧૦) ચાલીસા-પથક[૭૧]
(૧૧) અરિષ્ટા-પથક[૭૨]
(૧૨) વલય-પથક[૭૩]
(૧૩) સેડસર-પથક[૭૪]
(૧૪) લાઠિવદ્ર-પથક[૭૫]
(૧૫) ખેટકધરા-પથક[૭૬]

(૧૬) નવસારી–પથક[૭૭]
(૧૬) મંડલિકા–પથક[૭૮]

### (ઘ) મંડલ

ચૌલુક્યકાલીન રાજ્યતંત્રમાં વહીવટનો સૌથી મોટો એકમ "મંડલ" હતો. મંડલ એટલે જિલ્લો અથવા પ્રાંત. કૌટિલ્યના "અર્થશાસ્ત્ર"માં આ શબ્દપ્રયોગ મળે છે; જોકે જૂના લેખોમાં આ પ્રયોગ મળતો નથી.[૭૯]

ચૌલુક્ય–રાજ્યની સ્થાપના મૂલરાજે સારસ્વત મંડલમાં સૌ–પ્રથમ કરી હતી. મૂલરાજ ૧ લો સત્યપુરમંડલ પર પણ સત્તા ધરાવતો હતો. દુર્લભરાજ ભિલ્લમાલ-મંડલ પર રાજ્ય કરતો હતો, જ્યારે કચ્છમંડલ પર ભીમદેવ ૧ લાની સત્તા હતી અને લાટમંડલ ઉપર કર્ણદેવની સત્તા હતી. સુરાષ્ટ્રમંડલ, અવંતિમંડલ, દધિપદ્રમંડલ, ગોદ્રહકમંડલ, ભાઇલ્લસ્વામિ–મહાદ્વાદશકમંડલ વગેરે પર સિદ્ધરાજ જયસિંહની સત્તા હતી. ભીમદેવ ૨ જાના સમય દરમ્યાન મેવાડનો ઉલ્લેખ મેદપાટ–મંડલ તરીકે આવે છે. અજયપાલના લેખોમાં નર્મદાતટમંડલનો નિર્દેશ થયેલો છે. મંડલ અને એના વિભાજન પરત્વે ચૌલુક્યકાલમાં એક નોંધપાત્ર ફેરફાર થયેલો જણાય છે. વહીવટી એકમ તરીકે મંડલનો પ્રયોગ ગુજરાતમાં ૯ મી સદીથી થયો અને ચૌલુક્યકાલમાં એનો વ્યાપક પ્રયોગ થવા લાગ્યો. બીજી બાજુ ચૌલુક્યકાલ પહેલાં વહીવટી એકમ તરીકે વિષયનું પ્રાબલ્ય હતું. ચૌલુક્યકાલમાં વિષયોનું સ્થાન વ્યાપકપણે પથકોએ લીધેલું જણાય છે. આ બાબત શરૂઆતમાં મૂલરાજના તેમજ ભીમદેવ ૧ લાના અભિલેખોમાં પ્રયોજાયેલા વહીવટી વિભાગોને પછીના સમયમાં અભિલેખોમાં પ્રયોજાયેલા વિભાગો સાથે સરખાવવાથી સ્પષ્ટ થાય છે. અહીં દૃષ્ટાંતરૂપે વર્દ્ધિ ગંભૂતા અને નાગસારિકા વહીવટી વિભાગ જોઈએ.

| **વહીવટી વિભાગ** | **ઉલ્લેખ** |
|---|---|
| (૧) વર્દ્ધિવિષય | વિ. સં. ૧૦૪૩ મૂલરાજ ૧ લાના લેખમાં[૮૦] |
| (૨) વર્દ્ધિપથક | વિ. સં. ૧૨૯૫ ભીમદેવ ૨ જાના લેખમાં[૮૧] |
| (૩) ગંભૂતાવિષય | વિ. સં. ૧૦૪૩ મૂલરાજ ૧ લાના લેખમાં[૮૨] |
| (૪) ગંભૂતાપથક | વિ. સં. ૧૨૩૨ મૂલરાજ ૨ જાના લેખમાં[૮૩] |
| (૫) નાગસારિકાવિષય | વિ. સં. ૧૧૩૧ કર્ણદેવ ૧ લાના લેખમાં[૮૪] |
| (૬) નાગસારિકાપથક | વિ. સં. ૧૨૮૮ ભીમદેવ ૨ જાના દસ્તાવેજમાં[૮૫] |

અહીં આ ત્રણ વિષયો અને પથકોનાં દૃષ્ટાંતોનું નિરીક્ષણ કરતાં જણાય છે કે ચૌલુક્યકાલના લેખોમાં શરૂઆતમાં જૂની પદ્ધતિ મુજબ વિષયનો વહીવટી

વિભાગ ચાલુ રહ્યો હતો, પરંતુ વર્ગીકરણ કરવું વધુ સુગમ થવા વિષયવાળી પદ્ધતિ છોડી દેવાઈ અને વિષયોને પથકવાર રૂપાંતરિત કરવામાં આવ્યા, આથી મંડલોનું વિભાજન પથકોમાં થયેલું દૃષ્ટિગોચર થાય છે.[૮૬]

## વિવિધ મંડલો અને એના પથક, વિષય અને ગ્રામ[૮૭]

આ કાલના શાસનકાલ દરમ્યાન લગભગ પંદર જેટલાં મંડલો હતાં. આ દરેક મંડલના ઉલ્લેખ આ સમયના ઉત્કીર્ણ લેખોમાં થયેલા નજરે પડે છે.

### (૧) સારસ્વતમંડલ

આ ચૌલુક્ય રાજ્યનું "કેન્દ્રવતી" મંડલ હતું. આ મંડલમાં સરસ્વતી નદીને કાંઠે આવેલું અણહિલ્લપાટક પત્તન (અણહિલવાડ પાટણ) ચૌલુક્યોની રાજધાની હતું. ભૌગોલિક દૃષ્ટિએ સરસ્વતીતટના પ્રદેશને 'સારસ્વતમંડલ' તરીકે ઓળખવામાં આવતો.[૮૮] આ મંડલની શરૂઆતમાં એમાં વર્દ્ધિવિષય અને ગંભૂતા વિષય હતા[૮૯] એમ વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના મૂલરાજ ૧ લાના તામ્રપત્રમાંથી[૯૦] જણાય છે. આ તામ્રપત્રમાં સારસ્વતમંડલની અંદર મોઢેરકીય અર્ધાષ્ટમ નામના પેટા વિભાગનો નિર્દેશ કરેલો છે. કદાચ શરૂઆતમાં આ વિભાગ ૭૫૦ ગામનો હશે અને એનું મથક મોઢેરક હશે,[૯૧] પણ સમય જતાં એમાં મોઢેરકના સ્થાને ગંભૂતા, વર્દ્ધિ, વાલૌય, ધાણુદ્દા, વિષય, દંડાહી, ચાલીસા વગેરે પથકો થયા; જો કે અભિલેખોમાં સ્પષ્ટતઃ આ બધા પથકોનો નિર્દેશ થયેલો નથી, પરંતુ ભૌગોલિક ઉલ્લેખોના આધારે આ બધા પથકો સારસ્વતમંડલમાં આવ્યા હશે એમ જણાવેલું છે, જે યોગ્ય જણાય છે.[૯૨] અલબત્ત, ૧૩ મી સદીમાં માત્ર પથકો જ હોવાનું જણાય છે. વર્દ્ધિ અને ગંભૂતા વિભાગ પણ આ પછી પથક તરીકે નજરે પડે છે.[૯૩] આ કાલના અભિલેખોમાં સૌથી વધારે ઉલ્લેખો આ બે પેટાવિભાગોનાં ગામોના છે.

**ગંભૂતાપથક :** આ પથકનું મુખ્ય મથક ગંભૂતા મહેસાણા જિલ્લાના ચાણસ્મા તાલુકામાં આવેલું ગાંભુ હતું. આ મથક પુષ્પાવતી નદીના દક્ષિણના કિનારે વસેલું હતું. ગાંભુની દક્ષિણ–પશ્ચિમે મોઢેરા આવેલું હતું. આ પથકનાં ગામો ચાણસ્મા તાલુકામાં ખારી–પુષ્પાવતી–રૂપેણ એમ ત્રણે નદીના પ્રદેશમાં આવેલાં હતાં. આ પથકમાં ઉત્તરે આવેલા પાટણ તાલુકાના દક્ષિણ પૂર્વ ભાગનો (જેમાં સંડેર આવેલું છે) પણ સમાવેશ થતો હશે[૯૪] એમ માનવામાં આવેલું છે, પરંતુ આ ગામની વધુ શક્યતાઓ "વિષય–પથક"માં હોય તેમ લાગે છે.

**વર્દ્ધિપથક** : આ પથક ગંભૂતાપથકની પશ્ચિમે તથા દક્ષિણ–પશ્ચિમે આવેલો હતો. ભૌગોલિક રીતે આ પ્રદેશ અત્યારે "વઢિયાર" તરીકે પ્રચલિત થયેલો છે. મંડલી એ આ પથકનું વડું મથક હતું. આ વડા મથકમાં મૂલરાજ ૧ લાએ મૂળેશ્વર નામનું શિવાલય બંધાવ્યું હતું. અમદાવાદ જિલ્લાના વીરમગામ તાલુકામાં આવેલું માંડલ એ વર્દ્ધિપથકનું મંડલી હોવાનું નક્કી થયું છે. અત્યારનું વીરમગામ છે ત્યાં સૂંસડી ગામ આવેલું હતું.[૯૫] વિ. સં. ૧૨૯૬ (ઈ. સ. ૧૨૩૯–૪૦)ના ભીમદેવ ૨ જાના સમયના લેખના[૯૬] આધારે જાણવા મળે છે કે રાણા લવણપ્રસાદના પુત્ર રાણા વીરમે ત્યાં વીરમેશ્વરનું મંદિર બંધાવ્યું હતું. આ ગામ વર્દ્ધિપથકના દક્ષિણ ભાગે આવેલું હતું. આ ગામની દક્ષિણ–પશ્ચિમે આવેલું લીલાપુર ગામ ભીમદેવ ૨ જાની રાણી લીલાદેવીના નામથી વસ્યું હતું. વિ. સં. ૧૨૬૩(ઈ. સ. ૧૨૦૭)ના તામ્રપત્રને[૯૭] આધારે જણાય છે કે આ ગામમાં ભીમેશ્વર અને લીલેશ્વરનાં મંદિરો હતાં. ચાણસ્મા તાલુકાના દક્ષિણ પશ્ચિમ ભાગમાં હાલ શંખલપુર આવેલું છે, આ શંખલપુર વર્દ્ધિપથકમાં ઉત્તર ભાગમાં આવેલું ગણાય. રાણા લવણપ્રસાદે પોતાની માતા સલખણદેવીના નામે સલખણપુર વસાવ્યું હતું. તે જ આ હાલનું શંખલપુર છે. વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩–૪)ના તામ્રપત્રના[૯૮] આધારે અને વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧-૩૨)ના લેખના[૯૯] આધારે જણાય છે કે રાણા લવણપ્રસાદે સલખણપુરમાં માતાના નામથી સલખણેશ્વરનું મંદિર અને પિતાના નામથી આનલેશ્વરનું મંદિર કરાવ્યાં હતાં. શંખલપુરની નજીક બહુચરાજી ગામનો 'બહિચર ગ્રામ' તરીકેનો ઉલ્લેખ વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩–૨૪)ના તામ્રપત્રમાં[૧૦૦] થયેલો છે.

**વાલૌયપથક** : ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧–૩૨)ના તામ્રપત્રમાં[૧૦૧] આ પથકનો નિર્દેશ થયેલો છે. આ પથક અણહિલવાડની ઉત્તરે આવેલો હતો. આ તામ્રપત્રમાં જણાવેલ પથકનું ગામ એ કદાચ મહેસાણા જિલ્લાના પાટણ તાલુકામાં વોહો નદીના દક્ષિણ કાંઠે આવેલું બાલવા હશે.[૧૦૨] આ પથકમાં પાટણ તાલુકાની સાથે સાથે સિદ્ધપુર તાલુકાનો ઉત્તરના ભાગનો પણ સમાવેશ થતો હશે.[૧૦૩]

**ધાણદાહારપથક** : ભીમદેવ ૧ લાના વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)ના તામ્રપત્રમાં આ પથકનો નિર્દેશ થયેલો છે.[૧૦૪] આ પથક વાલૌયપથકની પૂર્વે આવેલો હતો, જ્યારે સારસ્વતમંડલમાં ઉત્તર બાજુ આવેલો હતો. આ પથકનું મુખ્ય મથક ધાણદા હતું, જે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પૂર્વભાગમાં આવેલું અત્યારનું ધાણદા ગામ છે. હાલના પાલનપુર અને ડીસા તાલુકાના વિસ્તાર કદાચ આ પથકમાં સમાવિષ્ટ થતા હશે.[૧૦૫]

**વિષયપથક :** વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)ના ત્રિભુવનપાલના તામ્રપત્રમાં આ પથકનો નિર્દેશ થયેલો છે. ધાણદાહાર પથકની દક્ષિણ દિશાએ આ પથક આવેલો હતો. આ પથકમાં આવેલાં ભાંષર તેમજ એની નજીકના કેટલાંક ગામો સિદ્ધપુર તાલુકાના દક્ષિણ ભાગમાં હતાં.[૧૦૬] વિ. સં. ૧૧૯૯ (ઈ. સ. ૧૧૪૩)ના કુમારપાલના લેખમાં જણાવ્યા પ્રમાણે વિષય–પથકમાં આવેલું મૂણવદ ગામ પાટણ તાલુકાના દક્ષિણપૂર્વ ભાગમાં આવેલું મણૂંદ જણાય છે. એટલે વિષય પથક પાટણ તાલુકાની દક્ષિણ–પૂર્વ દિશામાં સિદ્ધપુર તાલુકાની દક્ષિણ દિશામાં અને વિસનગર તાલુકાની ઉત્તર દિશાએ આવેલો ગણાય. કર્ણદેવ ૧ લાના વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)ના[૧૦૭] આનંદપુર–૧૨૬ વિભાગમાં સિદ્ધપુર અને પાટણ તાલુકાઓની દક્ષિણ દિશામાં આવેલાં ગામોનો સમાવેશ થતો હોવાથી આ વિભાગ આગળ જતાં "વિષય–પથક"માં ફેરવાયો હશે, તેથી સંભવ છે કે એનું મુખ્ય મથક આનંદપુર (વડનગર) હોય.

**દંડાહીપથક :** વિ. સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦)ના ભીમદેવ ૨ જાના તામ્રપત્રમાં તેમજ વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૨)ના ત્રિભુવનપાલના તામ્રપત્રમાં આ પથકનો ઉલ્લેખ થયેલો છે. આ પથક વિષય–પથકની દક્ષિણ દિશાએ આવેલો હતો. ભીમદેવ ૨ જાના તામ્રપત્રમાં ઉલ્લિખિત કડાગ્રામ અને એની આજુબાજુના ગામ તથા મહેસાણા (મહિસાણા) ગામ અત્યારે વિસનગર તાલુકાની દક્ષિણ દિશાએ અને મહેસાણા તાલુકાની ઉત્તર દિશાએ આવેલાં હતાં,[૧૦૮] જ્યારે ત્રિભુવનપાલના તામ્રપત્રમાં ઉલ્લિખિત રાજપુરિગ્રામ અને એની આજુબાજુનાં ગામો કડી તાલુકાની ઉત્તરપૂર્વ દિશાએ આવેલાં હતાં.

**ચાલીસ–પથક :** વિ. સં. ૧૨૮૩ (ઈ. સ. ૧૨૨૭)ના ભીમદેવ ૨ જાના લેખમાં આ પથકનો નિર્દેશ છે.[૧૦૯] આ પથક દંડાહી–પથકની દક્ષિણ પૂર્વે દિશાએ આવેલો હતો. આ લેખમાં ઉલ્લેખિત વડસર તથા ચુંયાતિજ ગામ કલોલ તાલુકાની દક્ષિણ–પૂર્વ દિશાએ આવેલાં હતાં. આ પથકનું મુખ્ય મથક ચાલીસા હતું તે કડી તાલુકાની ઉત્તર દિશાએ આવેલું ચલાસણ હોવાનું માનવામાં આવે છે.[૧૧૦]

આમ ઉપર્યુક્ત પથકોને આધારે સારસ્વતમંડલના વિસ્તારનો ખ્યાલ આવે છે. આ મંડલમાં અત્યારના મહેસાણા જિલ્લાના મોટાભાગનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત આસપાસના જિલ્લાઓના નજીકના ભાગોનો પણ સમાવેશ થતો હતો.

**(૨) કચ્છમંડલ**

ભીમદેવ ૧ લાના વિ. સં. ૧૦૮૭ (ઈ. સ. ૧૦૩૦)ના લેખમાં તેમજ વિ. સં. ૧૦૯૦ (ઈ. સ. ૧૦૩૪)ના લેખમાં આ મંડલનો નિર્દેશ થયેલો છે. એના વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)ના દાનપત્રમાં ઘડહડિકા–૧૨ નામના પેટા વિભાગનો ઉલ્લેખ છે. આ ઘડહડિકા જાણવામાં આવ્યું નથી.

સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના શિલાલેખમાં કચ્છમંડલનો અને ભદ્રેશ્વર વેલાકુલ (બંદર)નો નિર્દેશ થયેલો છે. ભદ્રેશ્વર એ આજનું ગાંધીધામ પાસેનું પ્રસિદ્ધ જૈન તીર્થ ભદ્રેશ્વર છે.

**(૩) સુરાષ્ટ્રમંડલ**

આ મંડલનો ઉલ્લેખ માત્ર ત્રણ જ અભિલેખોમાં થયેલો છે. આ ત્રણ અભિલેખો પૈકી ભીમદેવ ૨ જાના વિ સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)ના તામ્રપત્રમાં એના મુખ્ય મથક તરીકે વામનસ્થલી (વંથળી)નો નિર્દેશ થયેલો છે. વિસલદેવના તેમજ કર્ણદેવ ૨ જાના લેખોમાં પણ સુરાષ્ટ્રમંડલનો કેવળ નિર્દેશ થયેલો છે.

જોકે ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૭૫ (ઈ. સ. ૧૨૧૯)ના ભરાણા (તા. જામનગર)ના શિલાલેખમાં "સૌરાષ્ટ્રદેશ" તરીકે ઉલ્લેખ થયેલો છે, બીજી બાજુ વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના માંગરોળના શિલાલેખમાં મંગલપુર (માંગરોળ), ચોરુયાવાડ (ચોરવાડ), વલઈજ (બળેજ) અને વામનસ્થલી (વંથળી) તથા લાઠિવદ્રા (લાઠોદરા) પથકનો નિર્દેશ થયેલો છે.

મૂલરાજ ૧ લાના રાજ્યકાલ દરમ્યાન ધૂમલીમાં બાષ્કલદેવ રાજ્ય કરતો હતો ત્યારે પૂર્વકાલનું અપરસુરાષ્ટ્રમંડલ "નવસુરાષ્ટ્રમંડલ" તરીકે ઓળખાતું થયું હતું, જ્યારે એની અંદરનો પ્રદેશ "જેષ્ટુક" દેશ તરીકે જાણીતો હતો. આ પ્રદેશમાં પૌરવેલાકુલ (પોરબંદર)નો પણ સમાવેશ થયો હતો. આ હકીકત બાષ્કલદેવના વિ. સં. ૧૦૪૫ (ઈ. સ. ૯૮૯) ધૂમલીના તામ્રપત્રમાંથી પ્રાપ્ત થાય છે.

**(૪) ખેટક–મંડલ**

પ્રાક્–ચૌલુક્યકાલમાં વિષયથી મોટો વિભાગ "મંડલ" કહેવાતો અને ખેટક-મંડલનો ત્યાં એ રીતે ઉલ્લેખ થતો જોવા મળે છે.[૧૧૧]

ચૌલુક્યોનાં ઉપલબ્ધ તામ્રપત્રોમાં ક્યાંય ખેટક–મંડલનો ઉલ્લેખ આવતો નથી; જોકે લેખપદ્ધતિમાં આપેલા વિ. સ. ૧૨૮૮ના ભીમદેવ ૨ જાના સમયના બે દસ્તાવેજોમાં "ખેટકધારમંડલ"નો ઉલ્લેખ થયેલો છે.[૧૧૨] બીજી બાજુ આ સમયના

પરમાર વંશના વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના તામ્રપત્રમાં ખેટકમંડલ અને એની અંદર મોહડ વાસકમંડલનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવેલો છે.[૧૧૩] વળી એ જ પરમાર વંશના વિ. સ. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧)ના તામ્રપત્રમાં ખેટકમંડલને બદલે મોહડવાસકમંડલનો નિર્દેશ થયેલો છે.[૧૧૪]

ઉપર્યુક્ત ઉલ્લેખોને તપાસતાં એમ જણાય છે કે પરમારોએ રાષ્ટ્રકૂટો પાસેથી જે પ્રદેશ પડાવી લીધો તેમાં ખેટકમંડલનો સમાવેશ થતો. આ ખેટકમંડલ પર પરમારોનું આધિપત્ય લાંબા સમય સુધી એટલે કે ભોજદેવના સમય સુધી પ્રવર્ત્યું હતું. સિદ્ધરાજે ભોજને જીતી લીધા પછી ખેટકમંડલનો સમાવેશ ચૌલુક્ય–રાજ્યમાં થયો હશે એમ લેખપદ્ધતિમાં "ખેટકાધારમંડલ"ના પ્રયોગ પરથી જાણી શકાય છે. અહીં બીજી નોંધપાત્ર બાબત એ છે કે રાષ્ટ્રકૂટોના સમયમાં ખેટકમંડલ વહીવટી વિભાગ હતો અને ખેટક (ખેડા) એનું વડું મથક હતું. પરમારોએ શરૂઆતમાં ખેટકમંડલનો વિભાગ ચાલુ રાખ્યો અને કદાચ એનું વડું મથક એમણે ખેડા રાખ્યું હોય. પરંતુ સ્વાભાવિક રીતે જ મોડાસા પરમારોના શાસનની વધુ કેન્દ્રવર્તી હોઈ ને એને વિષયનો દરજ્જો આપવામાં આવેલો. આ મોહડવાસક વિષયને વિ. સ. ૧૦૬૭માં મોહડવાસકમંડલમાં રૂપાંતરિત કર્યું એટલે કે મોડાસાને એનું વડું મથક બનાવ્યું, અને સ્વાભાવિક છે કે એટલા સમય સુધી ખેટકમંડલનો વિસ્તાર મોહડવાસકમંડલ તરીકે ઓળખાતો હોય. આ પરમારોની સત્તા સિદ્ધરાજના સમયમાં ચૌલુક્યોએ લઈ લેતાં મોહડવાસક–મંડલના સ્થાને પુનઃ ખેટકમંડલની રચના કરેલી હોય.

ડૉ. સાંકળિયાએ ખેટકમંડલનો વિસ્તાર સાબરમતીથી મહી નદી વચ્ચેનો જણાવ્યો છે જે યથાર્થ જણાય છે.[૧૧૫]

### (૫–૬) નાગસારિકા–મંડલ અને લાટમંડલ

કર્ણદેવ ૧ લાના વિ. સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૪)ના નવસારી–તામ્રપત્રમાં આ મંડલનો ઉલ્લેખ થયેલો છે. આ વિષયનું મુખ્ય મથક નવસારી (જિ. વલસાડ) હતું. ઈ. સ. ૧૦૫૦–૫૧ નાં ત્રિલોચનપાલનાં તામ્રપત્રોમાં લાટદેશના ધિલ્લીશ્વર કે લિલ્લીશ્વર મથકનો તેમજ એમાં આવેલા ૪૨ ગામોના સમૂહનો તથા એરથાણ–૯૦૦ નો ઉલ્લેખ આવે છે. એરથાણ એ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનું હાલનું એરથાણ હોવાનું માનવામાં આવે છે.[૧૧૬]

આ મંડલનો વિસ્તાર દક્ષિણમાં નવસારીથી થોડેક સુધી જ હશે. કારણ કે ચૌલુક્યકાલ દરમ્યાન સંયાન(સંજાણ)મંડલ ઉપર ગોવાના કદંબવંશની સત્તા

હતી.[117] ગોવાના કંદંબવંશના ષષ્ટ ૨ જાના ઈ. સ. ૧૦૪૨ના લેખ પરથી જણાય છે કે ષષ્ટ ૨ જાએ લાટમંડલના સંચાનમાં મંડપિકા (માંડવી) કરાવી હતી.[118]

## (૭) સંગમખેટક–મંડલ

વિ. સં. ૧૧૦૩ (ઈ. સ. ૧૦૪૬)ના પરમાર ભોજના સમયના તામ્રપત્રમાં આ મંડલનો નિર્દેશ થયેલો છે.[119] આ મંડલનું વડું મથક સંગમખેટક હતું. અત્યારે એ સંખેડા (જિ. વડોદરા) તરીકે ઓળખાય છે.

## (૮) નર્મદાતટ–મંડલ

વિ. સં. ૧૨૩૧ (ઈ. સં. ૧૧૭૫)ના અજયપાલના લેખમાં આ મંડલનો ઉલ્લેખ થયેલો છે.[120] આ લેખમાં પૂર્ણ–પથકનો પણ ઉલ્લેખ કરેલો છે. પૂર્ણ–પથકનું મુખ્ય મથક પૂર્ણ હતું, જે હાલના અંકલેશ્વર તાલુકાનું પુનગામ કદાચ હોઈ શકે.

## (૯) દધિપદ્રમંડલ

સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૬ અથવા ૧૨૦૨ (ઈ. સ. ૧૧૩૯–૪૬)ના દાહોદ શિલાલેખમાં આ મંડલ જણાવાયું છે. આ મંડલનું મુખ્ય મથક દધિપદ્ર હતું, જે અત્યારનું દાહોદ (જિ. પંચમહાલ) હતું. દાહોદમાં ગોગનારાયણનું મંદિર આવેલું હતું. આ મંડલમાં ઊભલોડ મથકનું મુખ્ય મથક ઊભલોડ હતું. ઊભલોડ એ દાહોદ તાલુકામાં આવેલું અભલોડ છે.

## (૧૦) અવંતિ–મંડલ

સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના ઉજ્જૈન શિલાલેખમાં આ મંડલનો નિર્દેશ થયેલો છે. આ મંડલનું મુખ્ય મથક કયું હતું તે સ્પષ્ટ જાણવા મળતું નથી, પણ સ્વાભાવિકપણે અવંતિ (ઉજ્જન) હોવાનું માની શકાય.

## (૧૧) ભાઈલ્લસ્વામિ મહાદ્વાદશ–મંડલ

અજયપાલના વિ. સં. ૧૨૨૯ (ઈ. સ. ૧૧૭૩)ના ઉદયપુરના શિલાલેખમાં આ મંડલનો ઉલ્લેખ થયેલો છે. આ મંડલમાં ભૃંગારિકા ૬૪ પથકનો પણ સમાવેશ થયેલો હતો. આ પરથી સ્પષ્ટ થાય છે કે ભાઈલ્લસ્વામિમંડલ ૧૨ નહિ, પરંતુ ૧૧૨ થી પણ વધુ ગામોના સમૂહનું હોવું જોઈએ. આ મંડલનું મુખ્ય મથક ભાઈલ્લસ્વામિ હતું. અત્યારે એ ભોપાલની ઉત્તરપૂર્વ દિશાએ બેટવા નદીની પૂર્વ બાજુએ આવેલું વિદિશા છે. આ મંડલ અવંતિ–મંડલની પૂર્વમાં આવ્યું હતું.

**(૧૨) મેદપાટમંડલ**

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૬–૭)ના તામ્રપત્રમાં આ મંડલનો ઉલ્લેખ થયેલો છે.[૧૨૧] આ મંડલનું વડું મથક આઘાટ (આહાડ) હતું. આઘાટ અત્યારે ઉદેપુર પાસે આવેલું છે.

**(૧૩) ભિલ્લમાલમંડલ**

વિ. સ. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧)ના દુર્લભરાજના તંત્રપાલ ક્ષેમરાજના તામ્રપત્રમાં આ મંડલનો નિર્દેશ થયેલો છે. આ મંડલનું મુખ્ય મથક ભિલ્લમાલ હતું. અત્યારે એ ભીનમાલ તરીકે ઓળખાય છે. ભીનમાલ એ રાજસ્થાનના દક્ષિણ–પશ્ચિમ ભાગમાં આબુની ઉત્તર–પશ્ચિમે શિરોહીની પશ્ચિમે તથા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની ઉત્તરે આવેલું છે.

**(૧૪) સત્યપુરમંડલ**

કુમારપાલના રતનપુરના શિલાલેખમાં આ મંડલનો નિર્દેશ થયેલો છે. વિ. સં. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના તામ્રપત્રના આધારે જણાય છે કે આ મંડલ ભિલ્લમાલ–મંડલની દક્ષિણ–પશ્ચિમે આવેલું હતું. આ મંડલનું મુખ્ય મથક સત્યપુર હતું. સત્યપુર એ અત્યારના બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાની ઉત્તરે આવેલા સાંચોર જિલ્લાનું સાંચોર છે. કુમારપાલના શિલાલેખમાં ઉલ્લિખિત રત્નપુર–૮૪ એ કોઈ મંડલનો પેટાવિભાગ હોય એમ જણાય છે. એનું મુખ્ય મથક રત્નપુર એ અત્યારનું રતનપુર છે.

કુમારપાલના વિ. સં. ૧૨૦૯ (ઈ. સ. ૧૧૫૩)ના શિલાલેખમાં ઉલ્લિખિત પલ્લિકા (પાલી), વિ. સં. ૧૨૧૦ (ઈ. સ. ૧૧૫૪)ના શિલાલેખમાં જણાવેલ ભાટુદ્રપદ્ર (ભાટુંડા), વિ. સં. ૧૨૧૩ (ઈ. સ. ૧૧૫૬–૭)ના શિલાલેખમાં જણાવેલ નડ્ડૂલ (નાડોલ) અને વિ. સં. ૧૨૧૬ (ઈ. સ. ૧૧૬૦)ના શિલાલેખમાં જણાવેલ બાલહી (બાલી) એ ગામો જોધપુરની દક્ષિણ દિશા પાસે આવ્યાં હોવાથી આ બધાંનો નડ્ડૂલ મંડલમાં સમાવેશ થતો હતો.

આમ ચૌલુક્યકાલીન અભિલેખોનો સર્વાંગીણ અભ્યાસ કરતાં ઉપર્યુક્ત ૧૪ મંડલો વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

આ પૈકીનાં કેટલાંક મંડલોના સીમાવિસ્તારના સંદર્ભમાં ડૉ. સાંકળિયાએ નિર્ણય આપેલ છે તેનું કોષ્ટક એઓના વર્તમાન સ્થળનિર્દેશ સાથે અત્રે પ્રસ્તુત છે:

## મંડલોનો સ્થાન-નિર્ણય

| ક્રમ | અભિલેખોમાં ઉલ્લિખિત મંડલો | ડૉ. સાંકળિયાએ જણાવેલ સ્થાનો | વર્તમાન સમયનાં સ્થાનો |
|---|---|---|---|
| ૧ | સારસ્વતમંડલ | મહેસાણા પ્રાંત, રાધનપુર પાલનપુર અને દહેગામ તાલુકો | મહેસાણા જિલ્લો, રાધનપુર તાલુકો (બનાસકાંઠા જિલ્લો), પાલનપુર તાલુકો (બનાસકાંઠા જિલ્લો), દહેગામ તાલુકો, અમદાવાદ જિલ્લાનો કેટલોક ભાગ |
| ૨. | સત્યપુરમંડલ | જોધપુર પ્રાંત | જોધપુર જિલ્લો (રાજસ્થાન રાજ્ય) |
| ૩. | ખેટકમંડલ | અમદાવાદ જિલ્લો, ખેડા અને ભરૂચ જિલ્લાનો ઉત્તર ભાગ | અમદાવાદ જિલ્લો, ખેડા જિલ્લો, ભરૂચ જિલ્લાનો ઉત્તરનો ભાગ |
| ૪. | લાટમંડલ | ભરૂચ જિલ્લામાં દક્ષિણ અર્ધો ભાગ, સુરત જિલ્લો અને થાણા જિલ્લાનો ઉત્તરનો ભાગ | ભરૂચ જિલ્લાનો દક્ષિણનો અર્ધો ભાગ, સુરત જિલ્લો, વલસાડ જિલ્લો તથા થાણા જિલ્લાનો ઉત્તરનો ભાગ |
| ૫. | નર્મદાતટ મંડલ | ભરૂચ જિલ્લાનો પશ્ચિમ ભાગ, નર્મદાપ્રદેશનો ભાગ, રાજપીપળા, સંખેડા તાલુકો | ભરૂચ જિલ્લાનો પશ્ચિમનો ભાગ, રાજપીપળા (ભરૂચ જિલ્લો, નાંદોદ તાલુકો) તથા સંખેડા તાલુકો (વડોદરા જિલ્લો) |
| ૬. | દધિપદ્રમંડલ અને ગોદ્રહકમંડલ | લગભગ પંચમહાલ જિલ્લો સંભવત : જંબુનો ભાગ અને રતલામ | પંચમહાલ જિલ્લો, જંબુ (ભરૂચ જિલ્લો, જંબુ તાલુકો), રતલામ જિલ્લો (મધ્યપ્રદેશ) |

| | | | |
|---|---|---|---|
| ૭. | અવંતી અને ભાઇલ્લસ્વામી–૧૨ મંડલ | માળવા | માળવા(મધ્યપ્રદેશ)નો ઉજ્જન – રતલામ વચ્ચેનો પ્રદેશ |

## પાદટીપ

૧. જેમકે મૂલરાજ ૧ લાના લેખોમાં આમ જોવા મળે છે.

૨. જેમકે કર્ણદેવ ૧ લાના અને એ પછીના રાજાઓના લેખોમાં આ બિરુદો નજરે પડે છે.

૩. આની ચર્ચા ઉપર પ્રકરણ ૨ માં થઈ ગઈ છે.

૪. અ. નં. ૪૫

૫. અ. નં. ૯૪, વિ. સં ૧૨૬૫ના ભીમદેવ ૨ જાના આબુના લેખમાં ધારાવર્ષનો 'માંડલિક' તરીકે ઉલ્લેખ થયેલો છે.

૬. અ. નં. ૯૨. વિ. સં. ૧૨૬૪ના લેખમાં મહામાત્ય રાણક ચારિણદેવ કરણાદિ સમસ્ત મુદ્રાવ્યાપાર કરતા હોવાનો ઉલ્લેખ છે.

૭. અ. નં ૯૧. વિ. સં. ૧૨૬૪ના ભીમદેવ ૨ જાના તામ્રપત્રમાં મહારાજ્ઞી લીલાદેવીનો ઉલ્લેખ થયો છે.

૮. અ. નં. ૭૩

૯. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૨૨૪–૨૫, પાદટીપ ૭–૮

૧૦. આ ગ્રંથમાં ૭૦ જેટલા લેખોની મિતિઓ વિ. સં. ૧૨૮૮ની આપવામાં આવી છે,

૧૧. "લેખપદ્ધતિ", (સં. ગોન્ડાકર, જી. કે.), ગ્લોસરી, પૃ. ૯૭; મજુમદાર એ. કે., 'ચૌલુક્યઝ ઑફ ગુજરાત", પૃ. ૨૩૨

૧૨. અ. નં. ૩૦

૧૩. દેસાઈ મો. દ., "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", ટીપ નં. ૨૩૩; અ. નં. ૨૮

૧૪.–૧૬. અ. નં ૭૦

૧૭–૧૮. અ. નં ૯

૧૯. ગાંધી, લાલચંદ્ર ભ., "ઐતિહાસિક લેખ-સંગ્રહ", પૃ. ૨૯૭

૨૦. અ. નં. ૯૯

૨૧. અ. નં. ૧૧૦

૨૨. "પ્રબંધચિંતામણિ", પૃ. ૩૦–૩૪

૨૩. અ. નં. ૯

૨૪. મોદી રા. ચુ., "રામલાલ ચુનીલાલ મોદી લેખસંગ્રહ", ભા. ૨, પૃ. ૯૩
૨૫. અ. ન. ૯૪ ૨૬. અ. નં ૯૫
૨૭. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૨૯–૩૦
૨૮. એજન, પૃ. ૨૩૧
૨૯. "લેખપદ્ધતિ", પૃ. ૮
૩૦–૩૧. અ. નં. ૯૨ ૩૨. અ. નં. ૩૯
૩૩. ભીમદેવ ૨ જાના સમયમાં વયજલદેવની બીજા મંડલમાં બદલી થઈ હતી. જુઓ અ. નં. ૧૭૬, ૧૭૯, ૧૮૨.
૩૪. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૨૫
૩૫. એજન, પૃ. ૨૨૮ ૩૬. એજન, પૃ. ૨૩૧
૩૭. અ. નં. ૩૯ ૩૮. અ. નં. ૪૦; "લેખપદ્ધતિ", પૃ. ૫૦–૫૧
૩૯. હેમચંદ્રાચાર્ય, "દેશીનામમાલા", પૃ. ૫૩
૪૦. "લેખપદ્ધતિ," પૃ. ૮
૪૧–૪૩. અ. નં. ૧૧૩
૪૪. "લેખપદ્ધતિ", પૃ, ૧૨૪ ૪૫. એજન, પૃ. ૮
૪૬. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, ૨૩૬
૪૭. "દ્વયાશ્રય", સર્ગ ૩, શ્લો. ૩
૪૮. "લેખપદ્ધતિ", પૃ. ૮ અને ૯૯
૪૯–૫૧. એજન, પૃ. ૧૦૦
૫૨. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત પૃ. ૨૩૯
૫૩. એજન, પૃ. ૨૪૧
૫૪. એજન, પૃ. ૨૩૬; "ગુ. રા. સાં. ઇ."; ગ્રં. ૪, પૃ. ૨૧૩
૫૫. મજુમદાર એ. કે. ઉપર્યુક્ત, પૃ. ૨૪૦
૫૬. અ. નં. ૯૫
૫૭. દિક્ષીત, વાય. આઇ., "એ સ્ટડી ઑફ ધ એડમિનિસ્ટ્રેટિવ ઓર્ગેનિઝેશન એન્ડ ઇટ્સ વર્કિંગ ઇન ગુજરાત ફ્રોમ ધ બિગિનિંગ ઑફ ધ મૈત્રક પિરિયડ ટુ ધ એન્ડ ઑફ ધ ચૌલુક્યન પિરિયડ", મહાનિબંધ, (અપ્રકટ) પૃ. ૫૨૫
૫૮. અ. નં. ૬, ૧૦ ૫૯. અ. ન. ૧૯ ૬૦. અ. નં. ૬૧
૬૧. અ. નં. ૪૭ ૬૨. અ. નં. ૨૬, ૩૬, ૭૨, ૯૧, ૧૦૪

૬૩. અ. નં. ૩૨ ૬૪. અ. નં. ૧૮૨ ૬૫. અ. નં. ૮૩, ૧૮૨
૬૬. અ. નં. ૧૦૪, ૧૧૩, ૧૭૬, ૧૭૭
૬૭. અ. નં. ૭૦ ૬૮. અ. નં. ૧૭ ૬૯. અ. નં. ૧૮
૭૦. અ. નં. ૬૯ ૭૧. અ. નં. ૧૦૭ ૭૨. અ. નં. ૧૧૩
૭૩. અ. નં. ૧૩૩ ૭૪. અ. નં ૧૧૩ ૭૫. અ. નં. ૧૯
૭૬. "લેખપદ્ધતિ", પૃ. ૫
૭૭. એજન. પૃ. ૬૪ ૭૮. એજન, પૃ. ૨૫
૭૯. દીક્ષિત, વાઇ. આઇ., ઉપર્યુક્ત, પૃ. ૫૭
૮૦. અ. નં. ૬ અ ૮૧. અ. નં. ૧૭૬ ૮૨. અ. નં. ૬ અ
૮૩. અ. નં. ૭૨ ૮૪. અ. નં. ૧૮
૮૫. જુઓ "લેખપદ્ધતિ", પૃ. ૫૭.
૮૬. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૧૦
૮૭. જુઓ નકશો–૧.
૮૮. જોશી, ઉમાશંકર, "પુરાણોમાં ગુજરાત," પૃ. ૨૦૬
૮૯. સાંકળિયા, એચ. ડી., "સ્ટડીઝ ઇન ધ હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ જ્યોગ્રોફી એન્ડ એથનોગ્રાફી ઑફ ગુજરાત," પૃ. ૩૫ ૯૦. અ. નં. ૬
૯૧. "ગુ. રા. સાં. ઇ.," ગ્રં. ૪, પૃ. ૨૧૪
૯૨. સાંકળિયા, એચ. ડી., ઉપર્યુક્ત, પૃ. ૩૫
૯૩. એજન, પૃ. ૩૪ ૯૪. એજન, પૃ. ૩૯
૯૫. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૨૧૫
૯૬. અ. નં. ૧૭૭ ૯૭. અ. નં. ૯૧
૯૮–૯૯. અ. નં. ૧૦૪, ૧૩૩ ૧૦૦. અ. નં. ૧૦૪
૧૦૧. અ. નં. ૧૩૩
૧૦૨–૩. સાંકળિયા, એચ. ડી., ઉપર્યુક્ત, પૃ. ૪૦
૧૦૪. અ. નં. ૧૮
૧૦૫. સાંકળિયા, એચ. ડી. ઉપર્યુક્ત, પૃ. ૩૫
૧૦૬. શાસ્ત્રી, હરિપ્રસાદ, "દંડાહીપથકનો સ્થળનિર્ણય", વિદ્યાપીઠ, વર્ષ–૨, પૃ. ૮; સાંકળિયા, એચ. ડી., ઉપર્યુક્ત, પૃ. ૩૪
૧૦૭. અ. નં. ૨૧
૧૦૮. શાસ્ત્રી, હરિપ્રસાદ, ઉપર્યુક્ત, પૃ. ૭ થી ૧૯
૧૦૯. અ. નં. ૧૦૭

૧૧૦. સાંકળિયા, હ. ધી., ઉપર્યુક્ત, પૃ. ૩૪

૧૧૧. "ગુ. રા. સાં. ઇ.," ગ્રંથ : ૩, પૃ. ૧૮૨

૧૧૨. 'લેખપદ્ધતિ', પૃ. ૭, ૧૭

૧૧૩. અ. નં. ૧

૧૧૪. અ. નં. ૮

૧૧૫. સાંકળિયા હ. ધી., ઉપર્યુક્ત, પૃ. ૩૩

૧૧૬. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૨૧૮

૧૧૭. શાસ્ત્રી, હ. ગં., "સંજાણના સ્થાનિક ઇતિહાસ પર પડેલો પ્રકાશ", ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૧ મું સંમેલન, અહેવાલ, ૩૭૮–૨૮૩

૧૧૮. અ. નં. ૧૨ અ

૧૧૯. અ. નં. ૧૩

૧૨૦. અ. નં. ૭૦

૧૨૧. અ. નં. ૯૦

# ૫ આર્થિક સ્થિતિ

**(૧) પ્રાસ્તાવિક :**

ચૌલુક્યોની આર્થિક સ્થિતિ વિશેની માહિતી અભિલેખોમાંથી ઘણી આછી અને ઓછી ઉપલબ્ધ થાય છે, પરંતુ સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે આ કાલ દરમ્યાન ગુજરાતના વેપારમાં વૃદ્ધિ થઈ હતી અને એ દ્વારા ગુજરાતની સમૃદ્ધિ ખૂબ ખૂબ વધી હોવાનું પ્રતીત થાય છે. જોકે ભરૂચ અને ખંભાતનાં બંદરોનાં બહોળા વેપારની ખ્યાતિ આ પહેલાંના સમયમાં પણ હતી, પરંતુ ચૌલુક્યોના સમયમાં જળમાર્ગે તથા સ્થળમાર્ગે ગુજરાતમાં સાહસિક વેપારીઓએ વેપાર કરીને ગુજરાતમાં ધનની જાણે નદીઓ વહેવરાવી હતી[૧].

આ કાલ દરમ્યાન એક વિશિષ્ટ લક્ષણ પ્રથમ વાર નજરે પડે છે તે એ છે કે આ સમયના લોકોમાં વેપારથી પૈસા મેળવવાની આવડત વધી હતી. પૈસાના આધારે વ્યવહારમાં ઘણાંખરાં ક્ષેત્રોમાં રસ્તો કાઢવાની જે કુશળતા આવી તે હજુ આજે પણ ગુજરાતીઓમાં જોવા મળે છે.

અભિલેખોના આધારે જે થોડી ઘણી માહિતી પ્રાપ્ત થાય છે તેમાં મુખ્યત્વે ખેતી, વેપાર, વાણિજ્ય, વાહનવ્યવહાર, મહેસૂલ, સિક્કા, વ્યાજના દર, તોલમાપ વગેરેને મુદ્દાસર અહીં અવલોકીએ.

**(૨) ખેતી**

ચૌલુક્યકાલીન ગુજરાતી લોકોનું જીવન મુખ્યત્વે ખેતીપ્રધાન હતું. જમીનની માપણી એક હળથી, બે હળથી એમ હળથી ખેડી શકાય એ રીતે થતી હતી. દાનશાસનોમાં એના માટે 'હલ' કે 'હલવાહ' શબ્દનો પ્રયોગ થયો છે. એક હલ કે હલવાહ એ ભૂમિમાપનો એકમ છે. હલવાહ એટલે એક હળથી ખેડાય તેટલી જમીન.[૨] ભીમદેવ ૧ લાના લેખમાં[૩] રાજા ભીમદેવે મુંડક ગામમાં એક હળથી ખેડાય તેટલી ભૂમિ દાનમાં આપ્યાનો ઉલ્લેખ થયેલો છે. અભિલેખોમાં દાનમાં આપેલી જે જમીનના ઉલ્લેખો થયા છે તેમાં જમીનના ટુકડાઓ ૧, ૨, ૩, ૪, ૧૮ અને ૨૦ હલ કે હલવાહ માપના દર્શાવ્યા છે.

શ્રી આર. એન. સાલેટોર જણાવે છે કે "મધ્ય ભારત"માં, ખાસ કરીને ઈ. સ. ૬ ઠ્ઠી સદીના પ્રારંભમાં 'હલી' એ સંભવત : ભૂમિમાપન તરીકે વપરાતો એકમ હતો. અને "હર્ષચરિત"માંનો એક ઉલ્લેખ આ બાબતને ટેકો આપે છે.[૪] એમાં જણાવ્યા પ્રમાણે એક હજાર શેર (માપનાં) એવાં ગામોના દાનના ઉલ્લેખ છે.[૫] હર્ષવર્ધનના રાજ્ય પછી પણ આ પ્રથા કેટલોક સમય ચાલુ રહી હતી. શ્રી સાલેટોર માને છે કે એક 'શેર' એટલે એક હળની લંબાઈ જેટલી જમીનનો ટુકડો. પરંતુ ડી. સી. સરકારના મત પ્રમાણે એક શેર=ચાર હલ.[૬] આમ છતાં શેર અથવા હલની લંબાઈ વિશે ચોક્કસ અંદાજ નથી. સામાન્ય રીતે એક હલની લંબાઈ ૧૨ ફૂટ હોય છે. જમીનના ટુકડાની દરેક બાજુ જો ૧ હલ હોય તો જમીનનું માપ હાલની ભાષામાં ૧૨ ફૂટ × ૧૨ ફૂટ = ૧૪૪ સમચોરસ ફૂટ કહી શકાય. જો આમ હોય તો ખરેખર આ ખૂબ જ નાનો એકમ થાય અને એક હલવાહ જમીન દાનમાં આપી હોય તો બહુ ઓછી ગણાય. "ગણિતસાર" પ્રમાણે ૧ હલવાહ = ૩૧૨૦ હસ્ત એટલે કે ૪૬૮૦ ફૂટ, પરંતુ આ માપ જમીનના માપમાં લઈએ તો ૧ હલવાહ = ૨૧૯૦૨૪૦૦ ચો. ફૂટ થાય, એટલે કે આશરે ૮૫૫ વીઘા થાય, પરંતુ આ બહુ મોટું માપ થાય.[૭] આમ છતાં એ સત્ય છે કે વ્યક્તિગત જે ભૂમિ દાનમાં આપી છે તે વધુમાં વધુ ૨૦ હલવાહ માપની છે. આથી 'હલ' શબ્દનો અર્થ હલની લંબાઈના અર્થમાં ન લેતાં વાસ્તવમાં એમ જણાય છે કે 'હલ' એ હલવાહ શબ્દનું સંક્ષિપ્તરૂપ હોવું જોઈએ, કે જે ખેતરમાં હલ ચલાવવાના કાર્યનું સૂચન કરે છે, આથી જમીનના એક ટુકડાને એક હલથી ઓળખાવાય છે. લેખપદ્ધતિના સંપાદક વી. વી. મિરાશી અને ડી. સી. સરકારે આ અર્થ દર્શાવ્યો છે,[૮] પરંતુ આમ છતાં એ સ્પષ્ટ નથી કે એક હલવાહમાં કેટલી ભૂમિના વિસ્તારનો સમાવેશ થઈ શકે. ડી. સી. સરકાર નોંધે છે કે એનો વિસ્તાર ભારતના જુદા જુદા ભાગોમાં જુદો જુદો આંકવામાં આવે છે.[૯] જેમકે રાજસ્થાનમાં એક હલવાહ બરાબર ૫૦ વીઘા (લગભગ ૨૯.૪૧ એકર)[૧૦] ગણાય છે. વી. વી. મિરાશી એ ૫ એકર હોવાનું ગણે છે.[૧૧] પરંતુ દુર્ભાગ્યે આ વિદ્વાનોએ એમના આ કથન માટે કોઈ ખાસ આધાર ટાંકયા નથી.

ગુજરાતમાં હાલમાં આ એકમ પ્રચલિત નથી. આ કાલ દરમ્યાન ભૂતકાળના પરિચિત ઉલ્લેખો દ્વારા આપણે એના વિસ્તારના અનુમાન વિશે એંધાણી કરી શકીએ એમ છે.

સૂણકના વિ. સં. ૧૧૪૮ના દાનપત્રમાં ૪ હલવાહ ભૂમિ = ૧૨ પાઈલાં તરીકે રજૂ કરી છે. પાઈલાં એટલે વાવવાના દાણા. ૧ પાઈલા = ૪ શેર. આથી

૧ હલ ભૂમિમાં ૧૨ શેર જેટલા દાણા વાવી શકાય. સ્વાભાવિક રીતે ભૂમિનો વિસ્તાર દાણાના પ્રકાર કે જમીનની જાતને આધારે બદલાતો હોય છે. એમ કહેવાય છે કે, હલવાહ નામના માપનું એકમ મધ્યપ્રદેશના કેટલાંક ભાગમાં પ્રચલિત છે અને ત્યાં તે વીઘાના જેટલું ગણાય છે.[૧૨] સંભવત : આ ગુજરાતમાં પણ લાગુ પડે. જી. ડબ્લ્યુ. ટ્રાઈલ નોંધે છે કે, બીજી ગણતરી એ રીતે થઈ શકે કે, હલવાહ એટલે બે બળદની જોડી વડે ખેડી શકાય તેટલી ભૂમિ.[૧૩]

સૌરાષ્ટ્રમાં 'હલ' કે 'હલવાહ'ને સ્થાને 'સાંતી' શબ્દ પ્રયોજાય છે ૧ સાંતીની, ૨ સાંતીની વગેરે. 'બળદની જોડી એક હળથી જેટલી ખેતી કરી શકે તેટલી જમીન' માં અનો સામાન્ય અર્થ છે.

વિ. સં. ૧૧૦૩ ના માળવાના પરમાર ભોજના દાનશાસનમાં[૧૪] ભોજરાજના ખંડિયા રાજા સુરાદિત્યના પુત્ર શ્રી જશોરાજે ઘણ્ટાપલ્લી ગામમાં ઘણ્ટેશ્વર મહાદેવના ઉપયોગ માટે વિલહજ ગામ અને શતંભૂમિ (૧૦૦ એકર જમીન) દાનમાં અપાયાનો ઉલ્લેખ થયેલો છે.

ભીમદેવ ૧ લાના વિ. સં. ૧૧૨૦ ના શિલાલેખમાં[૧૫] ભીમદેવ ૧ લાએ લુણાવાડા ગામની ૩ હલ જમીન મોઢ બ્રાહ્મણને દાનમાં આપી હતી એનો નિર્દેશ થયેલો છે. વિ. સં. ૧૨૧૬ ના કુમારપાલના લેખમાં[૧૬] નડૂલના દંડનાયક વયજલદેવે એ વાલરી ગામમાં બહુસુણાદેવીની પૂજા માટે ગામની ભૂમિમાંથી એક હલ જેટલી જમીન અને વાડી દાનમાં આપી હોવાનો ઉલ્લેખ થયેલો છે. એ પરથી ૧૨ શેર બીજ વાવી શકાય એટલી જમીન દાનમાં આપી હશે.

મૂલરાજ ૨ જાના વિ. સં. ૧૨૩૨ ના લેખમાં[૧૭] નાગર બ્રાહ્મણ ધૂણ્ડના પુત્ર પ્રભાકરને બ્રાહ્મડવાડા ગામની બે હલવાહ જમીન દાનમાં આપી હતી તેવો ઉલ્લેખ થયેલો છે. આના પરથી ૨૪ શેર બીજ વાવી શકાય એટલી જમીન આપ્યાનું કહી શકાય.

વિ. સં. ૧૨૫૬ ના ભીમદેવ ૨ જાના લેખમાં[૧૮] આસધરને કડાગામની ચાર હલવાહ જમીન દાનમાં આપ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, એટલે કે ઉપર પ્રમાણે જોતાં આમાં ૧૨ પાઇલા બીજ તરીકે વપરાય અને એ પરથી અહીં ૧ હલવાહ ભૂમિમાં ૩ પાઇલા એટલે કે ૧૨ શેર અનાજ વવાય એવો સામાન્ય હિસાબ મૂકી શકાય. એ પરથી ૪૮ શેર બીજ વવાય એટલી ભૂમિનું દાન કર્યાનું કહી શકાય.

વિ. સં. ૧૨૯૫ ના ભીમદેવ ૨ જાના લેખમાં[૧૯] લૂણપસાકના પુત્ર રાણા વીરમે ધૂસડીમાં બાંધેલા વીરમેશ્વર અને સૂમલેશ્વર મંદિરમાં પૂજાર્થે બે હલવાહ ભૂમિનો એક બગીચો દાનમાં આપ્યાનો ઉલ્લેખ થયેલો છે. આ પરથી ૨૪ શેર બીજ વવાય એટલું ભૂમિદાન થયાનું ગણાય.

ખેતરોને ખેડવા માટે ખેડૂતોની નિમણૂક પણ કરવામાં આવતી હતી. વિ. સં. ૧૨૬૪ના દાનપત્રમાં આ પ્રકારનો ઉલ્લેખ થયેલો છે.[૨૦]

ખેતીના મુખ્ય પાકોમાં મગ, તુવેર, અડદ, ઘઉં, ડાંગર અને જુવાર આ ધાન્યોના ઉલ્લેખ મળે છે. વળી નારંગી, લીંબુ, કેળ, કોઠાં, કરમદા, ચારોળી, પીલુ, કેરી, સીતાફળ, બિજોરાં, ખજૂર, શેરડી, ફણસ વગેરે ઉગાડવામાં આવતાં હતાં. બેશક, આ પ્રકારની માહિતી અભિલેખોમાંથી પ્રાપ્ત થાય છે.[૨૧]

આ બધા ખેતીના પાક માટે તેમજ ખેતી માટે કૂવો તથા એ સાથેના હવાડાના નિભાવ માટે દાન આપ્યાનો ઉલ્લેખ વિ. સં. ૧૨૬૬ ના લેખમાં થયેલો છે.[૨૨] આ પરથી ત્યાં કોસથી કદાચ સિંચાઈ પણ થતી હોવાનું કહી શકાય.

### (૩) વેપાર–વણજ અને મહેસૂલ–પદ્ધતિ :

ચૌલુક્યકાલના વેપાર–વાણિજ્ય અને મહેસૂલ અંગેની માહિતી અભિલેખોમાંથી નહિવત્ મળે છે. જો કે કરવેરાઓ અને લાગાઓના ઉલ્લેખ મળે છે એ પરથી વેપાર–વણજ અંગે કેટલોક અંદાજ મેળવી શકાય છે.

આ કાલ દરમ્યાન અનાજની ઊપજ ઉપર તેમજ વિવિધ ઉદ્યોગ-ધંધા પર જુદી જુદી જાતના કર અને લાગા લેવામાં આવતા.

વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના હસ્તિકુંડીના ધવલના બીજાપુરના લેખમાં કેટલાક કરવેરા વિશેની માહિતી પ્રાપ્ત થાય છે,[૨૩] જેવી કે

(૧) ૨૦ પોઠ દીઠ ૧ રૂપક
(૨) દરેક ગાડી દીઠ ૧ રૂપક (ગામમાંથી અથવા ગામની આગળથી પસાર થાય એ વખતે)
(૩) તેલની ઘાણીમાં એક ઘડા દીઠ ૧ કર્ષ (કર્ષ એટલે તાંબાનો સિક્કો)
(૪) ભટ્ટ લોકોએ ૧૩ પાનનાં ચોલ્લિકા (ચોલ્લિકા એટલે પાનનાં બીડાં)
(૫) દ્યૂત (જુગાર) રમનારાઓએ ૧ પેલ્લક
(૬) દરેક અરઘટ્ટે (રેંટવાળો કૂવો) ઘઉં અને જવનો ૧ આઢક (ચાર શેર)
(૭) પેડ઼ા–દીઠ ૫ પળી
(૮) દરેક ભાર (૨૦૦૦ પલ) દીઠ ૧ વિંશોપક
(૯) રૂ, કેસર, ગૂંદ, ઊન વગેરેના દરેક ભાર દીઠ ૧૦ પલ
(૧૦) રાળ વગેરે માટે ૧ દ્રોણ દીઠ ૧ માણક.

આ કાલ દરમ્યાન ધર્મસ્થાન માટે પણ કરવેરા—લાગા લેવામાં આવતા હતા. આ વખતમાં ધર્મસ્થાન માટે લોકો પર કેવી જાતના કર રાજ્ય તરફથી નખાતા હશે એનું દૃષ્ટાંત વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના કુમારપાલના માંગરોળના શિલાલેખમાંથી મળે છે.[૨૪]

(૧) મંડિકા (માંડવી) ઉપર રોજ ૧ કાર્ષાપણ (ખુશ્કી જકાતની ઉપજ)
(૨) તલાર પર ૧ કાર્ષાપણ
(૩) ચોઢિયાની છાઠ દીઠ ૧ કાર્ષાપણ
(૪) દાણા ભરેલા ગાડા દીઠ ૪ કાર્ષાપણ
(૫) ગધેડાની છાટ (છાલકા) દીઠ ૦ાા કાર્ષાપણ
(૬) પાન ભરેલા દરેક ઊંટ દીઠ ૨ાા કાર્ષાપણ
(૭) પાનના વેપારીઓ માટે પ્રત્યેક વેપારી દીઠ પાનનાં બીડહરાં
(૮) પાન ભરેલી ગાડી દીઠ ૧ દ્રમ
(૯) ખેતર દીઠ (સારું પાકે તો) ૧ કાર્ષાપણ
(૧૦) અગર (મીઠું પાકવાની જગાએ એના કરેલા ઢગલામાં ખૂંટી તથા ખરાળી અને હાસા) પર ૧ કાર્ષાપણ

આ લાગો માંગરોળ ચોરવાડ તથા બળેજ ગામ ઉપર નખાયો હતો.

વળી એ લેખ પરથી જણાય છે કે લાઠોદરા પંથકમાં રાહદારીઓ માટેની જકાતની માંડવીમાંથી રોજનો ૧ રૂપક મંદિરને મળે એ માટે ગૂહિલ રાજા મૂલુકે આદેશ કર્યો હતો.

ચૌલુક્યકાલમાં સરોવરના નિભાવ અર્થે રાજ્ય તરફથી ભાગ, ભોગ, કર અને સુવર્ણ લેવામાં આવતાં હતાં. વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)ના કર્ણદેવ ૧ લાના સૂણકના તામ્રપત્રમાં આ પ્રકારનો નિર્દેશ થયેલો છે.[૨૫] આ લેખમાં જણાવ્યા પ્રમાણે ૧૨ પાઇલાં (એટલે ૪૮ શેર) બીજ તરીકે લેતી ૪ હલ જમીન સરોવરના નિભાવ માટે દાનમાં આપી અને એના નિભાવ અર્થે ભાગ, ભોગ, કર અને સુવર્ણ લેવામાં આવતાં હતાં. આ ભાગ, ભોગ, કર અને સુવર્ણની વધુ વિગતોની ચર્ચા આ પહેલાં રાજ્યતંત્રના પ્રકરણમાં કરેલી છે.

વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૮)ના ભીમદેવ ૨ જાના સમય દરમ્યાન જગમલ્લ મહેરના ટિમાણા અભિલેખમાંથી જાણવા મળે છે કે તળપદની (રાજ્યને ભાડું આપતી) જમીન પરનું મહેસૂલ પ્રતિદિન ૧૧ રૂપક પ્રમાણે આપવાનું હતું. આ ઉપરાંત જગમલ્લના શ્રેય અર્થે ટિમાણાના શ્રેષ્ઠી વલહણ અને સમસ્ત મહાજનને

પ્રતિવર્ષ દરેક દુકાન માટે એક રૂપક આપવાનું ઠર્યું હતું. આ ઉપરાંત ટિમાણામાં દરેક વેપારીએ દેવોને પ્રતિ વર્ષ ૧ દ્રમ્મ આપવાનો હતો. વળી તળાજા અને બીજાં સ્થાનોમાં દરેક દુકાને પ્રતિ વર્ષ ૧ દ્રમ્મ આપવાનો હતો.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૧૨૩)ના કડીના તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે સોલંકી રાણા લૂણપસાકે જણાવ્યા પ્રમાણે સલખણપુરમાં બાંધેલા આનલેશ્વર અને સલખણેશ્વર મંદિરના પૂજા–ખર્ચ અને બ્રહ્મભોજનના અર્થે વિવિધ લાગા બાંધી આપ્યા હતા. આ લેખ થોડો તૂટક હોવાથી લાગા વિશેની સ્પષ્ટ માહિતી જાણવા મળતી નથી, પણ કેટલીક માહિતી આ પ્રમાણે મળે છે :

ધૂપતેલ માટે ૨ દ્રમ્મ

ભૃતપત્રો પર ૧ દ્રમ્મ

માંજિષ્ઠ, ત્રપુષ એક ધાતુ), હિંગુ પર ૧ દ્રમ્મ

પટ્ટસૂત્ર, હિંગુલ, શ્રીખંડ, કપૂર, કસ્તૂરી, કંકુ, અગરુ પર પણ લાગા હતા.

તમાલપત્ર, જાઇફળ, જાવંત્રી, લમસી (જટામાસી જેવું સુગંધી દ્રવ્ય),[૨૬] કાપડ, નારિયેળ, હરડાં, બહેડાં, ખાંડ, ગોળ, સાકર, મરી, હાથીદાંત, મસમાંસી (એક સુગંધી દ્રવ્ય), મહુવસ[૨૭] (સંભવતઃ સૂંઠ)[૨૮], કાશ્યાલોહ (અગરુ), વથલોહ, ખજૂર, ખારેક પ્રત્યેકમાં ૧ દ્રમ્મ.

આમ ઉપર્યુક્ત નિર્દેશ પ્રમાણે ચૌલુકયકાલ દરમ્યાન વિવિધ કરો લેવામાં આવતા હતા. આ વેરાઓ અને લાગાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે એ કવચિત મૂળ વસ્તુરૂપે લેવાતા હતા. જ્યારે એ પદાર્થ ઉપયોગી હોય ત્યારે એ વસ્તુરૂપે લેવાય એ સ્વાભાવિક છે. દા. ત. નાગરવેલનાં પાન, પરંતુ એ સિવાય મોટા ભાગના પદાર્થો પર રોકડમાં વેરા લેવામાં આવતા અને એ તત્કાલીન પ્રચલિત સિક્કામાં લેવાતા; જેમકે હિંગુ–આદિ પદાર્થો પર એક દ્રમ્મ, જે સંભવતઃ દરેક વેપારી હસ્તાંતરણ (જથ્થાબંધ વેપારી નાના વેપારીને આપે ત્યારે અથવા ખેડૂત વેપારીને આપે ત્યારે) ચૂકવવાનો થતો. દેવાલયના નિભાવ અર્થે કે બ્રાહ્મણને અપાયેલ લાગા માટે સાધારણ રીતે વાર્ષિક ચુકવણી થતી હોવાનું જણાય છે.

**(૪) વાહનવ્યવહાર :**

આ સમયના લેખો પરથી જણાય છે કે માલ ગધેડાં, બળદની પોઠ અને ગાડાંઓ મારફતે લઈ જવાતો.[૨૯] માલની હેરફેર વખતે પ્રત્યેક વાહન દીઠ વેરા

ચૂકવવા પડતા. ઘોડાનો ઉપયોગ સવારી માટે થતો હશે. એનો માલસામાન લઈ જવા કદાચ યુદ્ધ વખતે આકસ્મિક પરિસ્થિતિમાં થયો હોય. હાથીનો ઉપયોગ પણ આ અર્થમાં વિરલ જણાય છે.

### (૫) ચલણીનાણું-સિક્કા :

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં વેપારધંધા સારા પ્રમાણમાં વિકસ્યા હતા. અનેક દેશો અને પ્રદેશો સાથે આર્થિક સંબંધો પણ હતા, આમ છતાં પણ ચૌલુક્ય રાજવીઓના ચલણી સિક્કા પ્રાપ્ત થયા નથી, જોકે સાહિત્યિક ઉલ્લેખોમાં પ્રબંધો અને "લેખપદ્ધતિ" નામના ગ્રંથમાં જયસિંહપ્રિય, કુમારપાલપ્રિય, વીસલપ્રિય, ભીમપ્રિય, લૂણપ્રિય વગેરે દ્રમ્મોના ઉલ્લેખો કરેલા છે.[૩૦] અલ્લાઉદ્દીન ખીલજીના સમયના સિક્કા વિશે ઠક્કુર ફેરુના પ્રાકૃત ગ્રંથ "દ્રવ્યપરીક્ષા"માં (લગભગ ૧૩ મા સૈકા અને ૧૪ માં સૈકાનો આરંભ) "ગુર્જરી મુદ્રા"નું પ્રકરણ આપેલું છે. તેમાં ચૌલુક્ય રાજવીઓની વિવિધ મુદ્રાઓનાં નામ આપવામાં આવેલાં છે.[૩૧] એમાં કુમરપુરી (કુમારપાલની), અજયપુરી (અજયપાલની), ભીમપુરી (ભીમદેવની) વગેરેની મુદ્રાઓ (સિક્કાઓ) અને એનાં વજન વગેરેનો પણ ઉલ્લેખ કરેલો છે. આ પરથી એક અનુમાન તારવી શકાય કે, ચૌલુક્ય રાજવીઓએ પોતાના ચલણી સિક્કા ચોક્કસ પડાવ્યા હશે. આ સિક્કાઓનાં કોષ્ઠક આ પ્રમાણે આપેલાં છે.[૩૨]

૫/૪ કુમરપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૮, માસા ૪
૫/૪ અજયપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૮, માસા ૪
૫/૪ ભીમપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૮, માસા ૪
૫/૪ લવણપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૮, માસા ૪
૮ અર્જુનપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૬, માસા ૬
૬ વિસલપુરી ૧૦૦ મધ્યે તોલા ૧૬, માસા ૮

સિદ્ધરાજ જયસિંહના સોનાના બે સિક્કા લખનૌ મ્યુઝિયમમાં આવેલા કહે છે. આ સિક્કા જો ખરેખર સિદ્ધરાજના હોય તો એ માલવાના વિજય પ્રસંગે પાડેલાં હશે, એમ કેટલાક વિદ્વાનો માને છે. પ્રો. હોડીવાલાના સંગ્રહમાં કેટલાય નાના સિક્કાઓ પર "શ્રી મજ્જયસિંહ" એવા અક્ષરો વંચાય છે. આ સિક્કા સિદ્ધરાજના હોવાનું શ્રી ગિરજાશંકર આચાર્યે સૂચવ્યું હતું.[૩૩]

ઝાંસી પાસે પંડવાહાથી કેટલાક સિક્કાઓ મળી આવ્યા છે. આ સિક્કાઓ પર "સિદ્ધરાજ" એવા અક્ષર વંચાય છે.[૩૪]

કેટલાક ચાંદીના સિક્કા મહેસાણા પાસેના પિલવાઈમાંથી પ્રાપ્ત થયા છે. આ સિક્કા ઉપર "શ્રીમજ્જયસિંહ" એવા અક્ષર વંચાય છે, તેથી આ સિક્કાઓ સિદ્ધરાજ જયસિંહના હોવાનું મનાય છે.[૩૫]

૬ થી ૭ ગ્રેઇનના ચાંદીના નાના સિક્કા ૮ મી સદીના અંતભાગમાં મધ્ય ભારત તથા ગુજરાતમાં પણ પ્રચલિત હતા. આ પ્રકારના સિક્કા ગુજરાતના ચૌલુક્ય રાજવી સિદ્ધરાજ જયસિંહના સમયમાં પ્રચલિત થયા હતા. એના અગ્ર ભાગ પર હાથીની આકૃતિ અને પૃષ્ઠભાગ પર ત્રણ પંક્તિઓમાં શ્રીમજ્જયસિંહપ્રિય લખેલું છે. "લેખપદ્ધતિ" વગેરે ગ્રંથો પરથી જાણવા મળે છે કે ચૌલુક્યકાલમાં તે તે રાજાના સિક્કાઓ માટે તે તે રાજાના નામ પછી 'પ્રિય' શબ્દ પ્રયોજાતો; જેમકે "ભીમપ્રિય", "વિસલપ્રિય" વગેરે.[૩૬]

ઠક્કર ફેરુના ઉપર્યુક્ત કોષ્ઠકનો ઉપલબ્ધ "જયસિંહપ્રિય" લખેલા સિક્કાના સંદર્ભમાં અભ્યાસ કરવો જરૂરી છે.

આ કોષ્ઠકમાં કુમરપુરીથી માંડીને લવણપુરી અર્થાત્ કુમારપાલ, અજયપાલ, ભીમદેવ અને લવણપ્રસાદના "પુરી" અંતવાળા ૧૦૦ સિક્કાઓનું વજન ૧૮ તોલા અને ૪ માસા આપેલું છે, આથી પ્રત્યેક રાજાના ૧૦૦ સિક્કાનું વજન ૧૮ × ૧૨=૨૧૬ + ૪ = ૨૨૦ માસા થાય, આથી પ્રત્યેક સિક્કો ૨.૨ માસા વજનનો થાય. એ જમાનામાં ચાંદીનું ૧ માપ = ૨ રતી વજન ગણાતું,[૩૭] આથી પ્રત્યેક સિક્કો ૨.૨ × ૨ = ૪.૪ રતીનો થાય, રતીનો સરેરાશ તોલ ૧.૮૩ ગ્રેઇન કે .૧૧૯ ગ્રામ હોઈ એ પ્રમાણે પ્રત્યેક સિક્કો ૪.૪ × ૧.૮૩ = ૮.૦૫૨ ગ્રેઇન અથવા ૪.૪× .૧૧૯ = .૫૨૩૬ ગ્રામ વજનનો થાય. "જયસિંહપ્રિય"ના ઉપલબ્ધ થયેલ સિક્કાનું વજન પણ .૫ ગ્રામ જેટલું છે.[૩૮] (અર્થાત્ ૫૦૦ મિલીગ્રામ). એ પરથી ઠક્કર ફેરુએ આપેલ કોષ્ઠક સાથે આ સિક્કો બંધબેસતો આવે છે, જો કે ફેરુએ 'જયસિંહપુરી' કે 'સિદ્ધરાજપ્રિય'ના નામનો ઉલ્લેખ કર્યો નથી.

ગુજરાત બહારથી પણ કુમારપાલનું નામ અંકિત હોય તેવા સિક્કાઓ પ્રાપ્ત થાય છે. આ સિક્કાઓ ચૌલુક્ય રાજા કુમારપાલના હોવાનું શક્ય છે; એ પ્રવાસી કે વેપારીઓ મારફતે બહાર ગયા હોય.[૩૯]

હરિભદ્રસૂરિકૃત પ્રાકૃત "ચંદ્રપ્રભચરિત" (સં. ૧૨૩૩=ઈ. સ. ૧૧૭૭) તથા અપભ્રંશ "નેમિનાથ ચરિત"ના આધારે ડૉ. ઉમાકાંત શાહે સાબિત કર્યું છે કે ચૌલુક્યોના બધા જ સિક્કાઓ અને રાજકીય મુદ્રાઓ પર લક્ષ્મીની

આકૃતિ હતી.[૪૦] વિમલશાહનો પિતા ચૌલુક્ય રાજાઓની ટંકશાળનો ઉપરી હતો. આ વિગત "ચંદ્રપ્રભચરિત"ની પ્રશસ્તિમાંથી જાણવા મળે છે, જ્યારે શ્રીમાલની ટંકશાળ વિશે અનેક આધારભૂત ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૪૧]

ચૌલુક્યકાલીન અભિલેખોમાં પણ ચલણી સિક્કાઓના ઉલ્લેખો મળે છે; જેમકે હસ્તિકુંડીના ધવલના વિ. સં. ૧૦૩૫ ના બીજાપુરના લેખમાં કેટલાંક ચલણી નાણાંનો ઉલ્લેખ થયેલો છે.[૪૨] આ લેખમાં રૂપક, કર્ષ, વિંશોપક વગેરેનો ઉલ્લેખ થયેલો છે.

વિ. સં. ૧૧૪૦ ના એક તામ્રપત્રમાં ૨ વિંશોપક, ૧૮ રૂપક અને ૩ રૂપક વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે.[૪૩]

વિ. સં. ૧૧૪૮ ના લેખમાં સરોવરના નિભાવ અર્થે રાજ્ય તરફથી ભાગ, ઉપભોગ, કર અને "સુવર્ણ" લેવામાં આવતાં હતાં એવા ઉલ્લેખો છે. આમાં "સુવર્ણ" એ સ્પષ્ટતઃ સિક્કાનું નામ લાગે છે.[૪૪]

માંગરોળની સોઢળી વાવના વિ. સં. ૧૨૦૨ ના લેખમાં[૪૫] મંદિરના નિભાવ માટે લોકો પાસેથી વિવિધ કર રાજ્ય તરફથી લેવામાં આવતા હતા તેમાં કાર્ષાપણ, દ્રમ્મ અને રૂપકના ઉલ્લેખો કરેલા છે.

કુમારપાલના વિ. સં. ૧૨૧૩ ના લેખમાં ઉલ્લિખિત બંદરી માંડવીની ઉપજમાંથી રોજના ૧ રૂપકનું દાન ત્રણ જૈન મંદિરોને આપવામાં આવ્યું હતું.[૪૬]

વિ. સં. ૧૨૩૫ ના લેખમાં પણ વિંશોપક શબ્દનો ઉલ્લેખ થયેલો છે.[૪૭]

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૪ ના લેખમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાનો મંત્રી શ્રીકરણ સમસ્ત મુદ્રા–વ્યાપાર (=મુદ્રા-વ્યવહાર) ચલાવતો હતો. આ ઉપરાંત એમાં "દ્રમ્મ"નો ઉલ્લેખ પણ કરેલો છે.[૪૮]

વિ. સં. ૧૨૮૮ ના લેખમાં પણ દ્રમ્મ અને વિંશોપકનો નિર્દેશ થયેલો છે.[૪૯]

વિ. સં. ૧૨૮૮ ના બીજા એક લેખમાં દ્રમ્મ અને વિંશોપકનો ઉલ્લેખ થયેલો છે.[૫૦]

વિ. સં. ૧૨૯૧ ના લેખમાં[૫૧] વસ્તુપાલનો પુત્ર જયંતસિંહ ખંભાતમાં મુદ્રાવ્યાપાર (=મુદ્રા–વ્યવહાર) કરતો હોવાનું જણાવ્યું છે.

ભીમદેવ ૨ જાના સમયના વિ. સં. ૧૨૯૨ ના લેખમાં દ્રમ્મનો ઉલ્લેખ થયેલો છે.[૫૨]

આમ ઉપર્યુક્ત વિવિધ અભિલેખોમાં ચૌલુક્યકાલીન નાણાંનો ઉલ્લેખ મળે છે. આ નાણાંનો અર્થ આ પ્રમાણે સ્પષ્ટ કરી શકાય :

સુવર્ણ = સોનાનો સિક્કો
રૂપક = રૂપાનો–ચાંદીનો સિક્કો
દ્રમ્મ = ચાંદીનો સિક્કો

"વિંશોપક" સિક્કાના અર્થ વિશે વિવિધ મતો પ્રવર્તે છે. એક મત પ્રમાણે વિંશોપક એટલે કોડી કે દોકડો.[૫૩]

બીજા મત પ્રમાણે આ સિક્કો બીજા કોઈ સિક્કાનો ૧/૨૦ મો ભાગ હોય. પ્રો. ડી. આર. ભાંડારકર માને છે કે "વિંશોપક" એ મૂળ દ્રમ્મ કાર્ષાપણનો ૧/૨૦મા ભાગનો ત્રાંબાનો સિક્કો હોવો જોઈએ, પરંતુ વિ. સં. ૧૨૩૫ના લેખમાં જણાવ્યા પ્રમાણે સોમેશ્વરની પૂજા માટે માત્ર બે વિંશોપક રોજના દાનમાં આપેલા છે તેથી આ સિક્કો રૂપાનો સિક્કો હોવો જોઈએ.[૫૪]

સાધારણ રીતે અહીં "કાર્ષાપણ" એટલે ચાંદીનો સિક્કો એવું જણાય છે. વિ. સં. ૧૧૪૦ના તામ્રપત્રમાં વિંશોપકનો ઉલ્લેખ થયેલો છે, જે રૂપક નામના ચાંદીના સિક્કાનો ૨૦ મા ભાગના મૂલ્યનો ચાંદીનો સિક્કો હોય.

પરંતુ બીજા કેટલાકના મતે કાર્ષાપણ એટલે ત્રણ ધાતુ–સોનું, ચાંદી અને તાંબાનો બનેલો સિક્કો. ઘણી વાર કાર્ષાપણ ચાંદીના સિક્કા માટે પણ વાપરવામાં આવતો હતો.[૫૫]

અભિલેખોમાંથી મળતા આ સિક્કાનાં અનુપાત આ પ્રમાણે આપી શકાય :[૫૬]

| | | |
|---|---|---|
| ૧૬ માષ | = | ૧ સુવર્ણ |
| ૧ કર્ષ | = | ૧ પણ કે કાર્ષાપણ |
| ૪ કર્ષ | = | ૧ પલ |
| ૧ કર્ષ | = | ૮૦ ગુંજા |
| ૧ વિંશોપક | = | ૨૦ માપ |
| ૨૦ કોડી | = | ૧ વિંશોપક |
| ૫ રૂપક | = | ૧ દ્રમ્મ |

શ્રીધરાચાર્યના "ગણિતસાર" ઉપર સં. ૧૪૪૯ (ઈ. સ. ૧૩૯૩)માં લખાયેલી જૂની ગુજરાતીની ટીકામાંથી નાણાં અને તોલમાપનાં કોષ્ઠક મળે છે.[૫૭] આ કોષ્ઠક આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| (૧) | ૨૦ વારાટક (કોડી) | = | ૧ કાકિણી |
| | ૪ કાકિણી | = | ૧ પણ |
| | ૧૬ પણ | = | ૧ પુરાણ |
| | ૫ કોડી | = | ૧ પાવીસ |
| | ૪ પાવીસ | = | ૧ વીસુ |
| | ૫ વીસુ | = | ૧ લોહડિયું |
| | ૪ લોહડિયા | = | ૧ રૂઉ (રૂપક) |
| | ૭ લોહડિયા | = | ૧ વોકડિઉ |
| | ૫ રૂઅ | = | ૧ દ્રમ્મ |
| | ૩ વાંકુલા | = | ૧ દ્રમ્મ |
| | ૧૦૦ વીસા | = | ૧ દ્રમ્મ |
| | ૪૦૦ પાવીસા | = | ૧ દ્રમ્મ |
| (૨) | ૨૦ કોડી | = | ૧ વિંશોપક |
| | ૫ વિંશોપક | = | ૧ લોહડિયું |
| | ૪ લોહડિયા | = | ૧ રૂપક |
| | ૫ રૂપક | = | ૧ દ્રમ્મ |
| (૩) | ૧ રૂપક | = | ૨ ભાગક |

ઉપર્યુક્ત કોષ્ઠકમાં આપેલા સિક્કાઓ પૈકી કેટલાંકનાં નામ અન્ય શિલા-લેખોમાંથી પણ મળે છે. નડ્લના આદિનાથ મંદિરમાંના ઠક્કુર રાજપાલદેવના વિ. સં. ૧૨૦૦ના શિલાલેખમાં "વિંશોપક" શબ્દ વપરાયો છે. પ્રસ્તુત કોષ્ઠકમાં "વીસ" એ વિંશોપકનું પ્રાકૃત રૂપ છે.[૫૮] રાજપાલદેવના સં. ૧૨૦૨ ના શિલા-લેખમાં "રૂઓ" શબ્દ વપરાયો છે.

કોષ્ઠક(નં. ૨)ના સંદર્ભમાં જોતાં "વિંશોપક" એ ૨૦ કોડી મૂલ્યનો તાંબાનો સિક્કો હોવાનું વધુ પ્રતીત થાય છે. "રૂઓ"ને રૂપકના અર્થમાં લેવો જોઈએ અને કોષ્ઠક અનુસાર ૧ રૂપક = ૨૦ વિંશોપક = ૪૦૦ કોડી થાય.

ચૌલુક્ય-રાજ્યના સિક્કાઓ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ય નથી, એનો એક સંભવ એ કલ્પી શકાય કે ચૌલુક્ય-રાજ્યના અંત પછી એ સમયના જૂના સિક્કાઓને નવા રાજ્યે માન્ય ન પણ રાખ્યા હોય. અથવા તો વધુ સંભવિત તો એ છે કે ગુજરાતમાંથી સેંકડોની સંખ્યામાં અને હજારોની સંખ્યામાં રૂપાંના અને તાંબાના

મિશ્રિત ગદ્યેયા નામે ઓળખાતા સિક્કા પ્રાપ્ત થાય છે. આ સિક્કા ચૌલુક્યકાલમાં અને એ પૂર્વે સાર્વત્રિકપણે પ્રચલિત હોઈને ચૌલુક્યકાલમાં ચૌલુક્ય રાજાઓએ પડાવેલ સિક્કા લોકોએ અપનાવ્યા નહિં હોય. પરિણામે એનો વપરાશ મર્યાદિત ક્ષેત્રમાં અને સિમિતપણે થયો હશે. પરિણામે આ રાજ્યના સિક્કાઓ લુપ્ત થઈ ગયા હોય. તેમ છતાં સમકાલીન અભિલેખો અને સાહિત્યમાં આવતા નિર્દેશો પરથી આ કાલ દરમ્યાન નિશ્ચિત પ્રકારનું નાણું પ્રચલિત હતું એમ જરૂર કહી શકાય.

## (૬) તોલમાપ :

અભિલેખોમાંથી સિક્કાના માપ ઉપરાંત કેટલાક અભિલેખોમાંથી ધાન્ય સુવર્ણ, ઘી, તેલ, જમીન વગેરેના તોલમાપનો પણ ઉલ્લેખ થયેલો નજરે પડે છે.

વિ. સં. ૧૦૫૩ ના લેખમાં[૫૯] ધાન્યના તોલમાપના નિર્દેશ કરેલા છે. જેમકે

દરેક અરઘટ્ટે (રેંટવાળો કૂવો) ઘઉ અને જવનો

—૧ આટક (ચારશેર)

—પેડુા દીઠ ૫ પળી

—દરેક ભારે (૨૦૦૦ પલ) ૧ વિંશોપક

—રૂ, કેસર, ગૂંદ, ઊન વગેરેના દરેક ભારે ૧૦ પલ

—રાળ વગેરેના ૧ દ્રોણે ૧ માણક

શ્રીધરાચાર્યના "ગણિતસાર" ઉપર સં. ૧૪૪૯ (ઈ. સ. ૧૩૯૩)માં લખાયેલી જૂની ગુજરાતી ટીકામાંથી નાણાંના તોલમાપ ઉપરાંત અન્ય તોલમાપ પણ જાણવા મળે છે.[૬૦]

**ધાન્યનાં તોલમાપ આ પ્રમાણે છે :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ પણ | = | ૧ પ્રસૂતિ | ૪ પાવલા | = | ૧ પાલી |
| ૨ પ્રસૂતિ | = | ૧ કુડવ | ૪ પાલી | = | ૧ માણક |
| ૪ કુડવ | = | ૧ પ્રસ્થ (૬૪ તોલા) | ૪ માણક | = | ૧ સેતિ (મણ) |
| ૪ પ્રસ્થ | = | ૧ આઢક | ૬ સેતિ | = | ૧ હારિ |
| ૧ આઢક | = | ૧ દ્રોણ | ૪ હારિ | = | ૧ માણી |
| ૧ દ્રોણ | = | ૧ ખારી | ૧૬ સેતિ | = | ૧ કળશી |
| | | | ૧૦ કળશી | = | ૧ મૂડો |

**ઘી–તેલ માટે :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ તિલ | = | ૧ ટીપ | ૪ પાવલી | = | ૧ કર્ષ |
| ૪ ટીપ | = | ૧ લગાર | ૪ કર્ષ | = | ૧ પલ |
| ૪ લગાર | = | ૧ પાવલી | ૪ પલ | = | ૧ સોહલ |
| ૨ પાવલી | = | ૧ અધોળ | ૧૬ સોહલ | = | ૧ ઘડી |

**જમીનનાં માપ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ સરસવ | = | ૧ જવ | ૩ દંડ | = | ૧ વાંસ |
| ૩ જવ | = | ૧ અંગુલ | ૧૪ વાંસ | = | ૧ નેતન |
| ૨૪ અંગુલ | = | ૧ હસ્ત | ૧ નેતન | = | ૧ હલવાહ |
| ૪ હસ્ત | = | ૧ દંડ | ૧ હલવાહ | = | ૩૩૬૦ હસ્ત |
| ૨૦૦૦ દંડ | = | ૧ કોશ (ગાંઉ) | | = | ૮૦૬૪૦ અંગુલ |
| ૪ કોશ | = | ૧ યોજન | | = | ૪૦૮૩૮૪૦ જવ |

ઉપર્યુક્ત જણાવેલ તોલમાપ ચૌલુક્યકાલ દરમ્યાન અમલમાં રહેલાં જોવા મળે છે.

**(૭) વ્યાજના દર :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાંથી ચલણી નાણાં ઉપરાંત વ્યાજના દર વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે; જોકે આ માહિતી ઘણી અલ્પ પ્રમાણમાં જ પ્રાપ્ત થાય છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૮ ના લેખમાં[૬૧] વ્યાજની ઊપજમાંથી ૧૬ દ્રમ્મ આપ્યાનો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત આ ૧૬ દ્રમ્મનું વ્યાજ દર મહિને આઠ વિંશોપક આવશે એવું પણ જણાવેલ છે અને એમાંથી અર્ધા દ્રવ્યથી મંદિરના મૂલ નાયક અને અર્ધા દ્રવ્યથી દેરીના મૂલનાયકની પૂજા કરવી એવો પણ ઉલ્લેખ છે. ઉપર્યુક્ત હિસાબ જોતાં ૧૬ દ્રમ્મનું વાર્ષિક વ્યાજ ૯૬ વિંશોપક ઊપજે. ઉપર્યુક્ત કોષ્ઠક અનુસાર ૧૬ દ્રમ્મ = ૧૬ × ૫ = ૮૦ રૂપક = ૮૦ × ૨૦ = ૧૬૦૦ વિંશોપક થાય. આથી ૧૬૦૦ વિંશોપક ઉપર વાર્ષિક વ્યાજ ૯૬ વિંશોપક મળતાં વ્યાજનો દર ૬ ટકા થયો ગણાય.

"લેખપદ્ધતિ"માંના આપેલ એક દસ્તાવેજમાં વ્યાજનો દર માસિક બે ટકા એટલે કે વાર્ષિક ૨૪ ટકા જણાવેલ છે.[૬૨]

નાણાં, વ્યાજ ઉપરાંત વસ્તુવિનિમયની પ્રથા પણ આ સમય દરમ્યાન ચાલુ રહી હશે, કારણ કે આભિલેખિક પુરાવા જોતાં જણાય છે કે રાજ્ય તરફથી જે લાગા કે કર લેવામાં આવતા હતા તેમાં વસ્તુની સાટે વસ્તુ લીધેલી હોવાના ઉલ્લેખો પણ જણાય છે; જેમકે વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના લેખના[૬૩] ઉલ્લેખ પ્રમાણે રૂ, કેસર, ગૂંદ, ઊન વગેરેના ભારે દસ પલ ભરીને આપી શકાય અને રાળ વગેરેના એક દ્રોણે એક માણક આપવાનું કહ્યું છે.

સાહિત્યમાં પણ આવા ઉલ્લેખ થયેલા જોવા મળે છે. "દ્વયાશ્રય"માં જણાવ્યા પ્રમાણે ધાન્યના બે દ્રોણથી ૬ આખલા અને ઊનના સો કામળાથી એક ઘોડી ખરીદી શકાતી હતી, વગેરે.[૬૪]

### (૮) સમીક્ષા :

ઉપર્યુક્ત માહિતીના આધારે સ્પષ્ટ કહી શકાય કે ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતનું અર્થતંત્ર બરાબર ગોઠવાયેલું હતું. અભિલેખોમાં જણાવેલ મંદિરો કરાવવાં, બ્રાહ્મણોને ભૂમિદાન આપવાં વગેરે તેમજ કરવેરાનું માળખું જોતાં ગુજરાતની આબાદી વધી હોવાનું પ્રતીત થાય છે. અલબત્ત, અભિલેખોમાંથી ચૌલુક્યોની આર્થિક સ્થિતિ વિશે પ્રાસંગિક માહિતી મળે છે, જે તત્કાલીન સાહિત્યિક ઉલ્લેખોને ભારે સમર્થક બને છે જ.

---

### પાદટીપ

૧. શાસ્ત્રી દુ. કે., "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૫૧૧
૨. સરકાર, ડી. સી., "ઇન્ડિયન એપિગ્રાફી", પૃ. ૧૨૪
૩. અ. નં. ૧૦
૪. સાલેટોર, આર. એન., "લાઇફ ઇન ધ ગુપ્ત એઇજ", પૃ. ૩૫૯
૫. એજન, પૃ. ૪૬૦ પર ઉદ્ધૃત
૬. સરકાર, ડી. સી., ઉપર્યુક્ત, પૃ. ૧૨૫
૭. સાંડેસરા ભો. જ. "મધ્યકાલીન ગુજરાતનાં તોલમાપ અને નાણાં વિશે કેટલીક માહિતી", ગુજરાતી સાહિત્ય પરિષદ, ૧૨ મું સાહિત્ય સંમેલન, ઇતિહાસ વિભાગ, પૃ. ૩૯ થી ૪૨
"જર્નલ ઑફ ધ ન્યુમિસમેટિક સોસાયટી ઑફ ઇન્ડિયા", પુ. ૮, પૃ. ૧૩૮

૮. સરકાર, ડી. સી., ઉપર્યુક્ત, પૃ. ૪૧૧; વી. વી. મિરાશી, "કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનસ ઇન્ડિકેરમ", વૉ. ૪. ભા. ૧, પૃ. ૬૯–૭૦; "લેખપદ્ધતિ", પૃ. ૧૧૮

૯ સરકાર, ડી. સી. ઉપર્યુક્ત, પૃ. ૨૧૨ ૧૦. એજન, પૃ. ૪૧૧

૧૧. "કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ" વૉ. ૪, ભા. ૧, પૃ. ૬૯

૧૨. યતીન્દ્ર આઇ. દીક્ષિત, "એ સ્ટડી ઑફ ધી ઍડમિનિસ્ટ્રેટિવ ઑર્ગેનાઇઝેશન ઍન્ડ ઇટ્સ વર્કિંગ ઇન ગુજરાત" (અપ્રસિદ્ધ મહાનિબંધ), પૃ. ૫૫૭

૧૩. રેઝ એ. એસ., "રિપોર્ટ્સ ઑન કુમાઉં," પુ. ૧૬, પૃ. ૧૭૮; ઈ. થૉમસ, ઍન્શિયન્ટ ઇન્ડિયન વેઇટ" (૧૮૭૪), પૃ. ૩૨ ઉદ્ધૃત

૧૪. અ. નં. ૧૪ ૧૫. અ. નં. ૧૭ ૧૬. અ. નં. ૫૨

૧૭. અ. નં. ૭૨ ૧૮. અ. નં. ૮૩ ૧૯. અ. નં. ૧૭૬

૨૦. અ. નં. ૯૨ ૨૧. અ. નં. ૧૧૩ ૨૨. અ. નં. ૯૫

૨૩. અ. નં. ૭ અ ૨૪. અ. નં. ૩૯ ૨૫. અ. નં. ૨૧

૨૬. વૈદ્ય બાપાલાલ, "નિઘંટુ આદર્શ" (ઈ. સ. ૧૯૬૫), પૃ. ૫

૨૭. એજન, પૃ. ૫–૬

૨૮. હેમચંદ્રાચાર્ય; "દેશીનામમાલા", પૃ. ૧૦૨

૨૯. અ. નં. ૭અ, ૩૯

૩૦. જિનવિજયજી, "પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી,' પૃ. ૫૬

૩૧. गुज्जरवइरायाणं बहुविहमुदाई विविहनामाई ।, જુઓ ઠક્કર ફેરુ, "દ્રવ્યપરીક્ષા", (સંપા. ભંવરલાલ નાહટા), પૃ. ૨૭–૨૮

૩૨. એજન, પૃ. ૬૩

૩૩. "પ્રોસિડિંગ ઑફ સેવન્થ ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ", બડૌદા, ૧૯૩૩, પૃ. ૬૯૫

૩૪. ઉમાકાંત શાહ, "કુમારપાલના સિક્કા", સ્વાધ્યાય, પુ. ૬, પૃ. ૪૯૯

૩૫. અમૃત વ. પંડ્યા, "મહારાજા જયસિંહ સિદ્ધરાજના ચાંદીના સિક્કા," વિજયવલ્લભસૂરિસ્મારક ગ્રંથ, પૃ. ૧૦૧–૧૧

૩૬. હ. ગં. શાસ્ત્રી અને પ્ર. ચિ. પરીખ, "ભારતીય સિક્કાશાસ્ત્ર", પૃ. ૧૩૨

૩૭. એજન, પૃ. ૧૩૩

૩૮. આવો એક સિક્કો અમદાવાદના માજી મેયર શેઠશ્રી ચીનુભાઈ ચિમનભાઈના અંગત સંગ્રહમાં છે.

૩૯. ઉમાકાંત શાહ, ઉપર્યુક્ત, પૃ. ૫૦૦–૧
૪૦. ઉમાકાંત શાહ, "કોઇન ઑફ અર્લી ચૌલુક્યઝ ઑફ અણહિલવાડપાટણ", 'જર્નલ ઑફ ધ ન્યુમેસ્ટિક સોસાયટી ઑફ ઇન્ડિયા', વૉ. ૧૬, પૃ. ૨૩૯–૪૧
૪૧. "લેખપદ્ધતિ", પૃ. ૩૪–૩૭, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૫, વગેરે
૪૨. અ. નં. ૭અ
૪૩. અ. નં. ૨૦
૪૪. અ. નં. ૨૧
૪૫. અ. નં. ૩૯
૪૬. અ. નં. ૫૦
૪૭. અ. નં. ૮૧
૪૮. અ. નં. ૯૨
૪૯. "આ. પ્રા. જૈ. લે. સં," લે. ૨૭૭, પૃ. ૧૧૬
૫૦. એજન, લે. નં. ૮૨, પૃ. ૯૫
૫૧. અ. નં. ૧૫૭
૫૨. અ. નં. ૧૬૦
૫૩. "આ પ્રા. જૈ. લે. સં.", પૃ. ૧૧૬
૫૪. જુઓ વિ. સં. ૧૨૩૫ના લેખની પ્રસ્તાવના, "ગુ. ઐ. લે.' નં. ૧૫૭–ક
૫૫. હ. ગં. શાસ્ત્રી અને પ્ર. ચિ. પરીખ, ઉપર્યુક્ત, પૃ. ૩૮
૫૬. એજન, પૃ. ૨૪૬–૪૭
૫૭. સાંડેસરા ભોગીલાલ, ઉપર્યુક્ત, પૃ. ૩૯ થી ૪૨
૫૮. ડૉ. ભારતી શેલત, "સોલંકી રાજાઓના સિક્કા", પથિક, ૧૯૮૧, અં. ૧૨–૧, સપ્ટેમ્બર–ઑકટોબર, પૃ. ૩૯–૪૧
૫૯. અ. નં ૭ અ
૬૦. ભોગીલાલ સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૩૯ થી ૪૨
૬૧. "આ. પ્રા. જૈ. લે. સં.", લે. ૨૭૭, પૃ. ૧૧૬
૬૨. "લેખપદ્ધતિ", પૃ. ૩૩
૬૩. અ. નં. ૭૨
૬૪. મોદી રામલાલ ચુ., "સંસ્કૃત દ્વયાશ્રય કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ", પૃ. ૩૨

—※—

# ૬ સામાજિક સ્થિતિ

## ૧. વર્ણવ્યવસ્થા

ચૌલુક્યકાલના અભિલેખોમાંથી તત્કાલીન વર્ણવ્યવસ્થાનો ખ્યાલ આવે છે. આ સમયમાં પરંપરાગત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ઉપરાંત નાગર, કાયસ્થ અને અતિશૂદ્રોના પણ પેટાસમુદાયો હતા. આ હિન્દુ સમુદાયો ઉપરાંત મુસલમાનો અને પારસીઓની વસ્તી પણ હોવાના પુરાવા મળે છે.[૧]

હિન્દુસમાજ મુખ્યત્વે અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલો હતો. આ જ્ઞાતિઓ જન્મથી જ્ઞાતિના સિદ્ધાંત અનુસાર હતી. એમાં બેટીવ્યવહાર ચુસ્તપણે જ્ઞાતિમાં જ થતો. રોટીવ્યવહાર પોતાની જ્ઞાતિમાં અને પોતાની સમાંતર જ્ઞાતિઓમાં અથવા તો પોતાનાથી ઉપલી વર્ણમાં થઈ શકતો. અલબત્ત, આ વ્યવહાર નિયંત્રિત હતો.

અભિલેખોને આધારે પરંપરાગત પ્રચલિત ચાર વર્ણો, જેવા કે બ્રાહ્મણો, વૈશ્યો, ક્ષત્રિયો અને શૂદ્રો વગેરે જાણવા મળે છે, પરંતુ અભિલેખોમાં બ્રાહ્મણોનો વિશેષ ઉલ્લેખ આવે છે. દાનશાસનોમાં શૂદ્રોનો ઉલ્લેખ જવલ્લેજ પ્રાપ્ત થાય છે.

ચૌલુક્યકાલીન દાનશાસનોને આધારે આ કાલના સમાજમાં એક મહત્ત્વનો સામાજિક ફેરફાર થયો જણાય છે. આ ફેરફાર એ કે સમાજમાં નાતોના વાડા બંધાવા શરૂ થતા જણાય છે. ભીમદેવ ૧ લાએ વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)માં એક દાન ઉદીચ્ય બ્રાહ્મણોને આપ્યું હતું.[૨] મૂળરાજના સમયમાં ઉત્તરના બ્રાહ્મણો ગુજરાતમાં આવ્યા અને એઓ સમાજમાં "ઉદીચ્ય" તરીકે ઓળખાવા લાગ્યા.

મોઢેરા નગરમાં વસેલા અથવા ત્યાંથી નીકળેલા બ્રાહ્મણ કે વણિકો મોઢ બ્રાહ્મણ અને મોઢ વાણિયા તરીકે જાણીતા થયા. મોઢનો ઉલ્લેખ વિ. સં. ૧૧૨૦ના દાનપત્રમાં થયેલો દૃષ્ટિગોચર થાય છે.[૩]

આ કાલના અભિલેખો પૈકી મૂલરાજના સમયના વિ. સં. ૧૦૦૫ના (ઈ. સ. ૯૪૯)ના લેખમાં[૪] નાગરજ્ઞાતિનું સર્વપ્રથમવાર વર્ણન મળે છે. ઉપર્યુક્ત માહિતીને આધારે કહી શકાય કે આ સમય દરમ્યાન જૂના ચાર વર્ણો જ્ઞાતિઓરૂપે અને

જ્ઞાતિઓ પેટાજ્ઞાતિઓ–રૂપે બંધાવા લાગી હતી. આ અર્થમાં હિંદુસમાજનું બંધારણ વધુ સંકુલ અને જટિલ થયું હતું.

## ૨. વિવિધ જ્ઞાતિઓ

ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે સમાજમાં એ સમય દરમ્યાન પ્રવર્તતી વિવિધ જ્ઞાતિઓનો ખ્યાલ આવે છે. આ જ્ઞાતિઓમાં બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો છે. બ્રાહ્મણોમાં પણ વિવિધ પેટાજ્ઞાતિઓ જણાય છે, જેવી કે નાગર બ્રાહ્મણો[૫], મોઢ બ્રાહ્મણો[૬], શ્રીમાળી બ્રાહ્મણો[૭], ઔદીચ્ય બ્રાહ્મણો[૮], રાયકવાલ બ્રાહ્મણો[૯], કનોજિયા બ્રાહ્મણો[૧૦], વાયડ બ્રાહ્મણો, શ્રીગોડ બ્રાહ્મણો, ગૂગળી બ્રાહ્મણો[૧૧] અને ઉદુમ્બર બ્રાહ્મણો વગેરે.

ક્ષત્રિયોની જ્ઞાતિઓમાં રજપૂતો, સૈંધવો, ચૂડાસમા, વાળા, ઝાલા, કાઠી વગેરે, જ્યારે વૈશ્યોની વિવિધ જ્ઞાતિઓમાં માહેશ્વરી વણિકો[૧૨], મોઢ, ઓસવાલ, પોરવાડ, વાયડા, હુંબડ[૧૩], ખડાયતા[૧૪], ધરકૂટ[૧૫], પલ્લી વણિકો વગેરે જાણવા મળે છે.[૧૬]

કાયસ્થોની અલગ જ્ઞાતિનો નિર્દેશ આ સમયના અભિલેખો દ્વારા જાણવા મળે છે[૧૭]. ઉપર્યુક્ત દર્શાવેલ જ્ઞાતિઓનું વિવરણ નીચે પ્રમાણે રજૂ કરી શકાય.

### (૧) બ્રાહ્મણો

ચૌલુક્યકાલ પહેલાં બ્રાહ્મણોની ઓળખાણ ગોત્ર, પ્રવર અને વેદની શાખાઓ દ્વારા થતી હતી, પરંતુ ચૌલુક્યકાલથી એમની ઓળખ ઘણું કરીને સ્થળ કે પ્રદેશવાર થવા લાગી. આ વંશના સ્થાપક મૂલરાજ ૧ લાએ ઉત્તરના જુદા જુદા પ્રદેશો, જેવા કે કાશી, પ્રયાગ, કુરુક્ષેત્ર, નૈમિષારણ્ય, કનોજ, ગૌડ વગેરેમાંથી કર્મકાંડી બ્રાહ્મણોને ગુજરાતમાં તેડાવ્યા અને એમને સિદ્ધપુર, શિહોર, ખંભાત વગેરે સ્થળોએ વસાવ્યા હતા. આ પ્રકારની વિગતો તે તે સ્થળના માહાત્મ્યમાંથી પ્રાપ્ત થાય છે[૧૮]. અભિલેખોને આધારે આ હકીકતને સમર્થન પણ પ્રાપ્ત થાય છે. જેમકે વિ. સં. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના બાલેરાના લેખમાં જણાવ્યા પ્રમાણે કાન્યકુબ્જથી દુર્લભાચાર્યના પુત્ર દીર્ઘાચાર્યને સત્યપુર(સાચોર) મંડલમાં વરણક ગામ દાનમાં આપ્યું હતું. અભ્યાસની દૃષ્ટિએ આ લેખ મહત્ત્વનો કહી શકાય. કેમકે એમાં "કાન્યકુબ્જવિનિર્ગત, અશેષવિદ્યાપારગ તપોનિધિ" આ પ્રમાણે બ્રાહ્મણની ઓળખ છે. આ લેખમાં દાન લેનાર પ્રતિગ્રહીતાની કોઈ પેટાજ્ઞાતિનો નિર્દેશ નથી એ નોંધવા લાયક છે. આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે ગોત્ર, પ્રવર તથા વેદશાખાનું સ્થાન હવે પ્રદેશોએ લીધું હતું. આ પછી દાનશાસનોમાં

ઔદીચ્ય, મોઢ, શ્રીમાલી, નાગર, રાયકવાલ વગેરે જ્ઞાતિભેદોના ઉલ્લેખો મળવા લાગે છે.

સ્થળપ્રદેશોની સાથે સાથે ગોત્ર, પ્રવર વગેરે દ્વારા બ્રાહ્મણોની ઓળખ આપવાની પરંપરાગત પ્રથા પણ ચાલુ હતી; જેમકે બાષ્કલદેવના ધૂમલીના વિ. સં. ૧૦૪૫ (ઈ. સ. ૯૮૯)ના લેખમાં દાન લેનાર પ્રતિગ્રહીતાની ઓળખ ભારદ્વાજ ગોત્રના અધ્વર્યુ બ્રાહ્મણ તરીકે કરેલ છે. દુર્લભરાજના વિ. સં. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧)ના લેખમાં ભિન્નમાલનિવાસી વાજિમાધ્યંદિન શાખના લાટ્યાયન ગોત્રના બ્રાહ્મણ નન્નકને દાન આપવામાં આવેલ છે. વિ. સં. ૧૦૬૯ (ઈ. સ. ૧૦૧૩)ના લેખમાં નાગહ્રદમંડલમાં આવેલ કાલિવલ્લી ગામના વતની ભારદ્વાજ ગોત્રના પંડિત ગોવિંદને દાન અપાયાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૧૦૬–૭ (ઈ સ. ૧૯૫૦–૧)ના દાનપત્રમાં કુશિક ગોત્રમાં ભાર્ગવ માધવને અપાયાનો નિર્દેશ છે. વિ. સં. ૧૧૧૭ (ઈ. સ. ૧૦૬૧)ના લેખમાં પ્રસન્નપુરના વાસ્તવ્ય વચ્છસ ગોત્રના વાજસનેયી શાખાના યજુર્વેદી બ્રાહ્મણ ગોવિંદને દાન અપાયાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૧૩૪ (ઈ. સ. ૧૦૭૭)ના લેખમાં કાંપિલ્યનગરવાસ્તવ્ય ગૌતમ ગોત્રના પંચપ્રવર કાણ્વ શાખાના અધ્વર્યુ બ્રહ્મદેવ શર્માને દાન આપ્યાનો ઉલ્લેખ છે.

આમ આ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રદેશ કે સ્થળ દ્વારા બ્રાહ્મણોની ઓળખના પ્રયત્નો વધતા જતા જણાય છે. આ ઉપરાંત ૧૧ મી સદી પછી વેદ, પ્રવર અને ગોત્રનો નિર્દેશ થયેલ હોય તેવાં દાનશાસન વિરલ બનતાં જણાય છે.

**નાગર બ્રાહ્મણો :**

નાગર બ્રાહ્મણોનો સૌ–પ્રથમ નિર્દેશ ગુજરાત બહાર ગ્વાલિયર(ગોપાદ્રિ)માંથી પ્રાપ્ત થયેલા લેખમાં મળે છે.

વિ. સં. ૯૩૨ (ઈ. સ. ૮૭૫–૭૬)ના આ લેખમાં વજ્જાર કુલમાં, લાટપ્રદેશમાં આનંદપુરનિવાસી નાગર ભટ્ટકુમારનો નિર્દેશ થયો છે.[૧૯] આ પછી નાગર બ્રાહ્મણનો ચૌલુક્યકાલ દરમ્યાન પરમાર સીયક ૨ જાના વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના તામ્રપત્રમાં થયો છે. લેખમાં જણાવ્યા પ્રમાણે આનંદપુરના નાગર બ્રાહ્મણ લલ્લને કુંભારોટક ગ્રામ તથા એના પુત્ર નીના દીક્ષિતને સીહકા નામનું ગામ દાનમાં અપાયેલ છે. આ લેખો દ્વારા કેટલીક અગત્યની માહિતી પ્રાપ્ત થાય છે. (૧) ચૌલુક્યકાલીન ગુજરાતમાંથી મળતા નાગર વિશેના આભિલેખિક ઉલ્લેખોમાં આ

ઉલ્લેખ સૌ–પ્રથમ છે. (૨) ગોપાલિય ગોત્રનો ઉલ્લેખ જોતાં એકબાજુથી બ્રાહ્મણની પેટા જ્ઞાતિ "નાગર"નો ઉપયોગ અભિલેખોમાં શરૂ થયો, ત્યારે બીજી બાજુએ ગોત્ર દ્વારા બ્રાહ્મણની ઓળખ ચાલુ રહી છે.

નાગર બ્રાહ્મણો પ્રાદેશિક સ્થળભેદને લીધે વડનગરા, વિસનગરા વગેરે પેટા ભેદોમાં વિભક્ત થયા છે. આ પેટા જ્ઞાતિઓના નાગર બ્રાહ્મણોમાં બ્રાહ્મણોનાં જ ગોત્રો, જેવાં કે ભારદ્વાજ, ગાર્ગ્ય, શાંકુત્ય વગેરે જણાય છે. આથી સંભવ છે કે આ બ્રાહ્મણો હાલના નાગર બ્રાહ્મણોના પૂર્વજો હશે.[૨૦]

આનંદનગર (વડનગર)ના બ્રાહ્મણો રાજકીય કુનેહને લીધે ચૌલુક્ય રાજવીઓના પ્રિય બન્યા હતા અને વહીવટનાં વિવિધ પદો સંભાળતા હતા. આ સમયે આનંદ-નગર "નગર" તરીકે પ્રખ્યાત બન્યું હતું અને નગરમાંથી આવતા વિદ્વાન અને કાર્યકુશળ બ્રાહ્મણો "નાગર" નામથી જાણીતા બન્યા હોય એમ શક્ય છે. આમ પ્રાચીન કાલથી જ આનંદનગર એ બ્રાહ્મણોનું આદિસ્થાન હતું. ત્યાર પછી કાલાંતરે આ બ્રાહ્મણો નજીકમાં વસેલા વિસનગરમાં વસવાટ કરતા થયા એટલે "વડનગરા" અને "વિસનગરા" એવા ભેદ ઊભા થયા. જો કે વિસનગરમાં આ બ્રાહ્મણોના વસવાટ અંગે કોઈ આભિલેખિક પુરાવો પ્રાપ્ત થતો નથી. આનંદપુરના નાગર ઋત્વિજોએ ષટ્પદ–સાઠોદ ગામ દાનમાં આપીને ત્યાં બ્રાહ્મણોને વસાવ્યા હતા તેમાંથી વખત જતાં સાઠોદરા નાગરનો પેટાવિભાગ ઉત્પન્ન થયો[૨૧]. આ ઉપરાંત જ્યાં જ્યાં નાગરો વસ્યા તેમાંથી કૃષ્ણપુરા અથવા કૃષ્ણોરા, ચિત્રપુરા–ચિત્રોડા અને પ્રશ્નપુરા અથવા પ્રશ્નોરા બ્રાહ્મણો એવા પેટાવિભાગો થયા. કાપિષ્ઠલ ગોત્રના આનંદપુરીય નાગર બ્રાહ્મણ નાનાક નામના કર્મકાંડી વિદ્વાન બ્રાહ્મણને પ્રભાસપાટણમાં હવેલી બંધાવી અપાઈ હતી. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૦૯૩ (ઈ. સ. ૧૦૩૭)ના લેખમાં પ્રસન્નપુરવાસી વત્સગોત્રના બ્રાહ્મણ દામોદરના પુત્ર ગોવિંદને ભૂમિદાન આપવામાં આવ્યું હતું. આ પ્રસન્નપુર સાથે પ્રશ્નોરા નાગર જ્ઞાતિને કંઈક સંબંધ છે એવું અનુમાન રસિકલાલ પરીખે કર્યું છે.[૨૨] નાગર જ્ઞાતિના બ્રાહ્મણોને ઈ. સ. ૧૧ મા શતકમાં વિસલનગર વગેરે ગામો દાનમાં આપ્યાં હતાં ત્યારથી વડનગરા, વિસનગરા, સાઠોદરા વગેરે નાગર જ્ઞાતિઓ જુદી પડી એવો વિદ્વાનોનો મત છે.[૨૩]

**મોઢ બ્રાહ્મણો**

પુરાણોક્ત મોહેરક, હાલનું મહેસાણા જિલ્લામાં આવેલ મોઢેરા, પરથી મોઢેરાના બ્રાહ્મણો અને ત્યાંના વતની વૈશ્યો બહાર જતાં ત્યાંના નામથી ઓળખાયા.

હજુ આજે પણ ત્યાં આ બન્ને જ્ઞાતિઓની કુલદેવી માતંગી માતાનું મંદિર છે. વિદ્વાનોએ મોઢેરાને આ બન્ને જ્ઞાતિના વતન તરીકે સ્વીકારેલું છે.[૨૪]

મોઢ બ્રાહ્મણોનો સ્વતંત્ર જ્ઞાતિ તરીકેનો ઉલ્લેખ આ સમયના લેખોમાંથી પ્રાપ્ત થાય છે; જેમકે ચિંચણીમાંથી મળેલા શિલાહાર વંશના રાજા છિતુરાજદેવના મહાસામંત અને મહાસાંધિવિગ્રહક શ્રી વૈજ્જલદેવ તથા એના પુત્ર ચામુંડરાજના લેખોમાં એમને માટે "મોઢવંશીય" શબ્દ પ્રયોજાયો છે. આ બાબત પરથી એ જાણવા મળે છે કે આવા ઊંચા હોદ્દા પર રાજકાજમાં નિષ્ણાત બ્રાહ્મણોને નીમવામાં આવતા હતા, જેને ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની નોંધપાત્ર ઘટના ગણી શકાય.

વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૦)ના ભીમદેવ ૧ લાના પાલનપુરના એક લેખમાં મોઢ બ્રાહ્મણ જનકને ભૂમિદાન અપાયાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૩૨ (ઈ. સ. ૧૧૭૬)ના મૂલરાજ ૨ જાના લેખમાં અંતે, 'लिखितमिदं शासनं मोढान्वयप्रसूतमहाक्षपटलिक' । લખેલું વંચાય છે. એમાં મહાક્ષપટલિકના હોદ્દા પર મોઢ વ્યક્તિ હોવાનું સૂચિત થાય છે.

**શ્રીમાળી બ્રાહ્મણો**

આ બ્રાહ્મણોનું મૂળ વતન શ્રીમાલ કે ભિન્નમાલ નગર છે.

વિ. સં. ૧૦૬૭ (ઈ. સ. ૧૦૧૧)ના દુર્લભરાજના સમયના તામ્રપત્રમાં આ બ્રાહ્મણોનો ઉલ્લેખ થયેલો છે.

**ઔદીચ્ય બ્રાહ્મણો**

અત્યારે ગુજરાતમાં વસતા બ્રાહ્મણોમાં ઔદીચ્ય જ્ઞાતિના બ્રાહ્મણોની સંખ્યા સૌથી મોટી છે. "ઉદીચ્ય" શબ્દ એ બહુ વિશાળ ભૌગોલિક સંદર્ભને વ્યક્ત કરે છે. ઉત્તર દિશાના રહીશ તે "ઉદીચ્ય". ગુજરાતમાં અને બીજા પ્રદેશોમાં વસતા બ્રાહ્મણો મૂળ ઉત્તરમાંથી નીકળીને બીજે રહેવા ગયા છે. આ જોતાં ઘણીખરી બ્રાહ્મણ જ્ઞાતિઓ મૂળે ઉદીચ્ય ગણાય, પરંતુ અહીંયાં 'ઉદીચ્ય' શબ્દ માત્ર ચૌલુક્ય રાજાઓએ જે બ્રાહ્મણોને ઉત્તરમાંથી તેડાવીને ગુજરાતમાં વસાવ્યા તેમના સમૂહના નિર્દેશ માટે પ્રયોજ્યો છે.

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં મૂલરાજે ઔદિચ્ય બ્રાહ્મણોને આશ્રય આપ્યો હતો. મૂલરાજે એની જિંદગીના અંતિમ દિવસો સરસ્વતી નદીના કિનારે આવેલા

સિદ્ધપુરમાં ગાળેલા. ત્યાં એણે રુદ્રમહાલય બંધાવ્યો. આ મહાલયની પ્રતિષ્ઠા પ્રસંગે ઉત્તરભારતના અનેક કર્મકાંડી બ્રાહ્મણોને ગુજરાતમાં બોલાવીને એમને સિદ્ધપુર, શિહોર, ખંભાત વગેરે ગામો દાનમાં આપી વસાવ્યા હતા એવી અનુશ્રુતિ છે.[૨૫]

ગુજરાતના ઔદીચ્ય, શ્રીગૌડ અને કનોજિયા બ્રાહ્મણો ગુજરાતમાં પોતાનું મૂળ મૂલરાજના આ પ્રયત્નને ગણે છે, પરંતુ આભિલેખિક પુરાવાઓ પ્રાપ્ત ન થવાથી આ માન્યતા માની શકાય નહીં. શ્રી દુ. કે. શાસ્ત્રી[૨૬] તથા ડૉ. હ. ધી. સાંકળિયા[૨૭] પણ આવી માન્યતા સ્વીકારતા નથી. મૂલરાજના વિ. સં. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના બાલેરાના તામ્રપત્રમાં મૂલરાજે કાન્યકુબ્જથી આવેલા દીર્ઘાચાર્યને સત્યપુરમંડલમાં ગામનું દાન કર્યું હતું.

ઔદીચ્યનો સ્પષ્ટ ઉલ્લેખ ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)ના દાનશાસનમાં થયેલો છે. આ લેખમાં જણાવ્યા મુજબ ભીમદેવે ઉદીચ્ય બ્રાહ્મણ બલભદ્રના પુત્ર વાસુદેવને ભૂમિદાન કર્યું હતું.

### રાયકવાળ બ્રાહ્મણો

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૫૬ (ઈ. સ. ૧૨૦૦)ના તામ્રપત્રમાં આ બ્રાહ્મણોનો નિર્દેશ થયેલો છે. આ જ્ઞાતિના બ્રાહ્મણો વિશે નોંધ કરતા ડૉ. હ. ધી. સાંકળિયા લખે છે કે એઓ મોટા ભાગે દક્ષિણા અને કૃષિ પર નિર્વાહ કરતા હતા. એઓની વસ્તી અમદાવાદની આસપાસ મોટા પ્રમાણમાં અને થોડી વડોદરા જિલ્લામાં મળે છે.[૨૮] ભીમદેવના તામ્રપત્રમાં એઓને મહેસાણા જિલ્લાની નજીક ભૂમિદાન કરવામાં આવેલું છે તેથી એમની વસ્તી ત્યારે સારસ્વતમંડલ–હાલના ઉત્તર ગુજરાતમાં હોવાનો સંભવ છે.

### કનોજિયા બ્રાહ્મણો

આ બ્રાહ્મણોને ગંગા અને જમનાના અંતરાલ પ્રદેશમાંથી બોલાવવામાં આવેલા હતા. મૂલરાજે કાન્યકુબ્જ બ્રાહ્મણને દાન આપ્યાનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. વિ. સ. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના લેખમાં આ બ્રાહ્મણનો ઉલ્લેખ છે.

### ગૂગળી બ્રાહ્મણો

વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના આબુના શિલાલેખમાં[૨૯] આ બ્રાહ્મણોનો ઉલ્લેખ થયેલો છે. આબુ પર તેજપાલે બંધાવેલા નેમિનાથના મંદિરની સંભાળ રાખવાની જવાબદારી જેમને સોંપવામાં આવી હતી તેમની યાદીમાં ગૂગળી બ્રાહ્મણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બ્રાહ્મણો મૂળે ઝારોળી (જાલોર–

રાજસ્થાન) બ્રાહ્મણોનો ફાંટો ગણાય છે. વાલખિલ્ય પુરાણમાં આ બ્રાહ્મણોની વિગતો પ્રાપ્ય થાય છે. એમાં જણાવ્યા મુજબ જાલોધરમાં વસતા બ્રાહ્મણો અને વૈશ્યો કોઈ કારણોસર સ્થળાંતર કરીને બનાસકાંઠા વિસ્તારમાં આવ્યા. આ બ્રાહ્મણોમાંના પાંચસો પાંચ બ્રાહ્મણો દ્વારકા જઈ રહ્યા. તેઓએ ગૂગળનો હોમ કરી રાક્ષસોનો નાશ કર્યો તેથી તેઓ "ગૂગળી" નામથી વિખ્યાત બન્યા.[30]

ઉપર્યુક્ત બ્રાહ્મણોની ચર્ચાના આધારે કેટલીક મહત્ત્વની વિગતો પ્રાપ્ત થાય છે; જેમકે સોલંકીકાલની સ્થાપનાના સાઠ વર્ષ પહેલાં ગ્વાલિયરના વઇલ્લ ભટ્ટ સ્વામી મંદિરના વિ. સ. ૯૩૨ (ઈ.સ. ૮૭૫)ના લેખમાં ગુજરાતના આનંદનગરના બ્રાહ્મણો માટે "નાગર" શબ્દ પ્રયોજાયેલો હતો. સોલંકીકાલની સ્થાપનાના ફક્ત સાત વર્ષ પછી "નાગર" શબ્દનો પ્રયોગ વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના પરમાર સીયક ૨ જાના લેખમાં થયેલો નજરે પડે છે. આમ ઉત્તર ભારતમાં "નાગર" સંજ્ઞાના પ્રયોગનો સૌ પ્રથમ આભિલેખિક પુરાવો પ્રાપ્ત થાય છે.

મોઢ બ્રાહ્મણોને માટે "મોઢ" શબ્દ પણ આવી જ રીતે સોલંકીકાલની સ્થાપના પૂર્વે પ્રયોજાયો હતો, જે અભિલેખો દ્વારા સ્પષ્ટ થાય છે.

સ્થળપ્રદેશ દ્વારા જ્ઞાતિનું સૂચન કરવાની પ્રથા ઘણું કરીને પ્રથમ ગુજરાતની બહાર સંભવતઃ રાજસ્થાનમાં ઉદ્ભવી હોય એમ જણાય છે.

ગુજરાતમાં સોલંકીકાલની સ્થાપના થતાં પ્રદેશ દ્વારા જ્ઞાતિને સૂચવવાની પ્રથાનું વલણ વધ્યું. એમ છતાં છેક ઈ. સ.ની ૧૧ મી સદી સુધી ગોત્ર–પ્રવર–વેદ દ્વારા બ્રાહ્મણોની ઓળખ આપવામાં આવતી હતી.

**(૨) ક્ષત્રિયો :**

સોલંકીકાલ દરમ્યાન ક્ષત્રિયો પણ અગાઉની જેમ જ સમગ્ર દેશમાં એક વર્ણ તરીકે રહ્યા નહોતા.[31] એઓ એમના ગોત્રથી નહિ, પણ કુળો પરથી ઓળખાતા હતા; જેમકે વિ. સં. ૧૦૨૮ (ઈ. સ. ૯૭૨)ના લેખમાં બપ્પકને ગુહિલોત ગોત્રનો જણાવવામાં આવ્યો છે.[32]

આ સમય દરમ્યાન પરમાર, ચાહમાન, ચૂડાસમા, વાળા, ઝાલા, જેઠવા, મેર, રાઠોડ, ગોહિલ, આભીર, કાઠી વગેરે ક્ષત્રિય કુલોના ઉલ્લેખો જોવા મળે છે.

**(૩) વૈશ્યો :**

સોલંકીકાલના અભિલેખોમાંથી વણિકોની પ્રાગ્વાટ, ઓસવાલ, શ્રીમાલ, ધરકટ, મોઢ, પલ્લી, હુંબડ વગેરે જ્ઞાતિઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે; આ

માહિતી ઉપરાંત તેમનાં નિવાસસ્થાન, ધર્મ, મનુષ્ય નામો, પદ વિશે પણ વિગતે માહિતી પ્રાપ્ત થાય છે. એક બે લેખોમાંથી ગુર્જર વણિકોના ઉલ્લેખો પણ મળે છે.[33]

**માહેશ્વરી વણિકો :**

ભગવાન શિવનું ઉપનામ "મહેશ્વર" છે. એના ઉપાસકો "માહેશ્વરી" તરીકે ઓળખાય છે. ચૌલુક્યકાલીન અભિલેખો તથા સાહિત્યમાંથી માહેશ્વરી વણિકો વિશે માહિતી પ્રાપ્ત થાય છે. લેખમાં દાતાના નામ આગળ સ્પષ્ટતઃ "વણિક" શબ્દનો પ્રયોગ થયો નથી, પરંતુ એમાં પ્રાપ્ત થતાં મનુષ્યનામો કે અટકોના આધારે એમને વણિક જ્ઞાતિના ગણી શકાય. વિ. સં ૧૨૨૨ (ઈ. સ. ૧૧૬૬)ના લેખમાં શ્રી ચાહડ ઠાકુરના નામનો ઉલ્લેખ થયેલો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે "ચાહડ" નામ એના વણિકત્વનું સૂચન કરે છે.

**શ્રીમાળીવણિકો :**

શ્રીમાળી વણિકોના સ્થળાંતરને લીધે એમનામાં અનેક પેટાવિભાગો પડ્યા હતા. શ્રીમાળીઓ જ્યાં વસતા તે પ્રદેશના નામ પરથી એમનાં અલગ જ્ઞાતિજૂથો અસ્તિત્વમાં આવ્યાં. જે શ્રીમાળી વણિકો લાટપ્રદેશમાં રહેવા ગયા તેઓ સમય જતાં લાટ–લાડ શ્રીમાળી તરીકે અલગ જ્ઞાતિથી જાણીતા થયા.[34] ચૌલુક્ય રાજા કર્ણદેવે લાટનો વિજય વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)માં કર્યા બાદ શ્રીમાળી વણિકોને નવા જીતેલા પ્રદેશોનો વહીવટ કરવા માટે નીમ્યા હતા.

સૌરાષ્ટ્રમાં જે શ્રીમાળી વણિકો વસ્યા હતા તે વખત જતાં કંડોળીયા, કપોલ અને સોરઠિયા એમ વિવિધ જ્ઞાતિભેદે ઓળખાવા લાગ્યા.[35]

**મોઢ વણિકો** : શ્રીમાળી વણિકોની માફક સ્થળાંતરના લીધે મોઢ વણિકોમાં પણ જ્ઞાતિભેદો ઉદ્‌ભવ્યા હતા.

મોઢ વણિકોની ઉત્પત્તિ અંગે કેટલીક પૌરાણિક કથાઓ પણ છે.[36] ચૌલુક્ય કાલ દરમ્યાન આ વણિકો લશ્કરમાં સેવા આપતા હતા અને ઉચ્ચ પદો પણ પ્રાપ્ત કરતા હતા. મંત્રી નિન્ન વનરાજ ચાવડાના સમયમાં ગાંભૂ ગામમાં સૈનિક હતો. આ પછી એના વંશમાં મંત્રી વિમલ થયો હતો જે ચંદ્રાવતીનો દંડનાયક હતો.[37] આ ઉપરાંત સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના સમકાલીન મંત્રી ઉદયન અને એના પુત્રોએ પણ યુદ્ધમાં ભાગ લીધો હતો.

મોઢ વણિકોની જ્ઞાતિ પણ વિભિન્ન પેટાજ્ઞાતિઓમાં વિભાજિત બની હતી. તેમના આવા ભેદો અંગેની માહિતી પદ્મપુરાણાંતર્ગત "ધર્મારણ્ય પુરાણ"માંથી પ્રાપ્ત થાય છે. મંડલીપુરના રહેવાસી વણિકો 'મોઢ માંડલિયા' કહેવાયા છે.[૩૮]

**ઓસવાળ જ્ઞાતિ** : આ જ્ઞાતિનું નામ રાજસ્થાનના ઓસિયા નગર પરથી પડ્યું છે. અભિલેખોમાં એને ઉસવંશ, ઉકેશ, ઉપકેશ, ઓસવાલ જ્ઞાતિ વગેરે નામોથી ઓળખવામાં આવી છે.[૩૯]

શ્રીમાલનગરની વસતિએ ઉસનનગરમાં સ્થળાંતર કર્યું હતું. રત્નપ્રભસૂરિએ ઓસિયાનગરના રાજા ઉત્પલદેવને અને પ્રજાજનોને જૈનધર્મી બનાવ્યા હતા.

**પોરવાડ જ્ઞાતિ** : ચૌલુક્યકાલીન લેખોમાંથી પોરવાડ જ્ઞાતિના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પોરવાડ શબ્દ પ્રાગ્વાટ–પૂર્વ દિશા પરથી થયેલો ગણાય છે. વસ્તુતઃ "પ્રાગ્વાટ" મેવાડના એક પ્રાચીન વિભાગનું નામ હતું. ત્યાંના નિવાસીઓ જુદી જુદી જગ્યાએ જઈ રહ્યા કે જ્યાં પોતાના મૂળ નિવાસસ્થાનના કારણે "પ્રાગ્વાટ" કહેવડાવતા રહ્યા.[૪૦]

"પોરવાડ" કે "પોરવાળ"ની વ્યુત્પત્તિના સંદર્ભમાં શ્રી સાંકળિયા જણાવે છે કે આ શબ્દ સામાન્ય રીતે માનવામાં આવે છે તેમ "પ્રાગ્વાટ" શબ્દમાંથી ઉદ્ભવ્યો નથી, પરંતુ "પોરિત્યવોડાણુ" નામના શબ્દમાંથી ઊતરી આવ્યો હોય. "પોરવાડ"નું સંસ્કૃતમાં રૂપાંતર "પ્રાગ્વાટ" થયું જણાય છે. વળી "પોરિત્યવોડાણુ" અન્વય કુલ અને વંશ જેવી સંજ્ઞાઓ પ્રાપ્ત થતી હોવાથી એ કોઈ સ્થળ વિશેષનું નહિ, પરંતુ વ્યક્તિવિશેષનું નામ હોવાનું સંભવે છે અને મૂળ પુરુષના નામ પરથી જાતિને નામ પ્રાપ્ત થયું હોય[૪૧]. પરંતુ શ્રી મો. દ. દેસાઈના મત મુજબ બ્રાહ્મણોની જેમ જ વણિકોની મુખ્ય જ્ઞાતિઓ, જેવી કે શ્રીમાળી મોઢ તથા અનેક પેટાવિભાગો સ્થળ પરથી જ ઉત્પન્ન થયા છે, નહિ કે મૂળ પુરુષ પરથી.[૪૨]

સમય જતાં પોરવાડોમાં બીજા પણ બે ભેદ પડ્યા. જેઓએ સોરઠમાં વાસ કર્યો તે સોરઠિયા પોરવાડ અને જેઓ કંડોલ, (થાનસમીપ) સૌરાષ્ટ્રમાં રહેવા ગયા તેઓ "કપોળ" કે "કંડોલીયા" વાણિયાના નામથી ઓળખાયા. ચૌલુક્યકાલ દરમ્યાન રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં પ્રાગ્વાટ કુલના મહાનુભાવોનો ફાળો અનેક રીતે નોંધપાત્ર છે. ઠક્કુર નિન્નાના કુટુંબમાં મહાપતિ નેઢ, દંડપતિ વિમલ, સચિવ ધવલ આનંદ, સચિવ પૃથ્વીપાલ, વગેરેએ ગુજરાતની ભારે સેવા કરી હતી.[૪૩] આ જ્ઞાતિના વસ્તુપાલ–તેજપાલે કરાવેલાં દેવાલયો અને જનસમાજને ઉપયોગી

સાર્વજનિક કામોને લઈને તેઓની ખ્યાતિ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલી છે. અભિલેખોમાંથી પણ એની પરિપૂર્તિ થાય છે.

**હુંબડ વણિક** : આ વણિકનો આભિલેખિક ઉલ્લેખ વિ. સં. ૧૨૭૫ના (ઈ. સ. ૧૨૧૯)ના લેખમાં[૪૪] થયેલો છે. હુંબડવંશ એ ગુજરાતના વણિકોની એક અલગ જ્ઞાતિ છે. આ વંશમાં મુખ્યત્વે દિગંબર જૈનધર્મના અનુયાયીઓ છે, પરંતુ ઇડરમાં આવેલ આ જ્ઞાતિના શ્વેતાંબર સંપ્રદાયના અનુયાયી પણ હતા. આ બાબત એ લેખ દ્વારા જાણી શકાય છે.

**ખડાયતા વણિક** : વિ. સં. ૧૨૯૮ (ઈ. સ. ૧૨૪૨)ના એક લેખમાં એ વણિકોનો નિર્દેશ થયેલો છે.[૪૫] આ જ્ઞાતિની ઉત્પત્તિ વિજાપુરથી ૪ માઈલ દૂર આવેલ ખડાત ગામમાંથી થયેલી છે. 'ખડાત'ના મૂળમાં સૂર્યનું 'ષડાદિત્ય' (પ્રા. खडाइत्त, ગુ. 'ખડાત') નામ સંભવે છે. આ કોમના ઇષ્ટદેવ 'કોટઅર્ક' છે એ ધ્યાનમાં લેવા જેવું છે.

**ધરકટ વણિક** : ભીમદેવ ૨ જાના સમયમાં વિ. સં. ૧૨૮૪ (ઈ. સ. ૧૨૨૮) અને વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના લેખોમાં આ જ્ઞાતિનો નિર્દેશ થયેલો છે[૪૬]; જોકે આજે ગુજરાતમાં આ જ્ઞાતિના વણિકો જોવામાં આવતા નથી. કદાચ રાજસ્થાનના મારવાડના પ્રદેશમાં એઓ વસતા હતા,[૪૭] પરંતુ ચૌલુક્ય કાલ દરમ્યાન આ વણિકો ગુજરાતમાં વસતા હતા અને એઓ જૈનધર્મ પણ પાળતા હતા. આ માહિતી આબુ પરના તેજપાલે બંધાવેલા લૂણવસહિકાના ઉપર્યુક્ત લેખોના આધારે જાણવા મળે છે.

સિદ્ધરાજ જયસિંહના રાજ્યકાલ દરમ્યાન શ્વેતાંબર અને દિગંબર આચાર્યો વચ્ચે વિ. સં. ૧૧૮૧ (ઈ. સ. ૧૧૨૫)માં થયેલા પ્રખ્યાત વાદવિવાદને વર્ણવતું "મુદ્રિતકુમુદચંદ્ર" નામનું પાંચ–અંકી નાટક ધર્કટ વણિક કવિ યશશ્ચંદ્રે રચ્યું હતું.[૪૮] આમ ચૌલુક્ય કાલ દરમ્યાન ગુજરાતના જુદા જુદા વિભાગોમાં ધરકટ વણિકો વસતા હતા એના નિર્દેશો પ્રાપ્ત થાય છે. એમણે ગુજરાતના સાંસ્કૃતિક ઉત્થાનમાં યથાશક્તિ ફાળો આપ્યો હતો. "ભવિસ્સત્તકહા"નો લેખક કવિ ધનપાલ પણ ધરકટ વણિક હતો.[૪૯]

**પલ્લી–પલ્લીવાલ વણિક** : ત્રિભુવનપાલના સમયના વિ. સં. ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૪)ના શિયાલબેટના અભિલેખમાં આ જ્ઞાતિનો નિર્દેશ થયેલો છે.

રાજસ્થાનના જોધપુર જિલ્લામાં પાલી નામના ગામ પરથી ત્યાંના વણિકો "પલ્લી" કે "પલ્લીવાલ" નામથી ઓળખતા હશે.

**(૪) કાયસ્થ જ્ઞાતિ :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાં લહિયા તરીકે કાયસ્થ જ્ઞાતિના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ચૌલુક્ય રાજવી મૂલરાજ ૧ લાના વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના લેખનો લેખક કાયસ્થ જેજ્જનો પુત્ર કાંચન હતો. વિ. સં. ૧૦૫૧ (ઈ. સ. ૯૯૫)ના તામ્રપત્રનો લેખક પણ કાયસ્થ કાંચન હતો.

ભીમદેવ ૧ લાનાં વિ. સં. ૧૦૮૬ (ઈ. સ. ૧૦૩૦)નાં બે દાનપત્રોનો લેખક કાયસ્થ કાંચનનો પુત્ર વટેશ્વર હતો, જ્યારે વિ. સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)ના લેખનો લેખક વટેશ્વરનો પુત્ર કેક્કક હતો.

કર્ણદેવ ૧ લાના વિ.સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૫)ના દાનશાસનનો લેખક પણ કેક્કક હતો.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૩ (ઈ. સ, ૧૨૨૭)ના લેખમાં લહિયા તરીકે કાયસ્થ સાતિકુમાર અને વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના બન્ને લેખોમાં લેખક તરીકે સ્તંભપુરીય વાજડના પુત્ર કાયસ્થ ધ્રુવ જયંતસિંહે સેવા બજાવી હતી. આમ કાયસ્થો લેખક ઉપરાંત અક્ષપટલિક અને ધ્રુવની ફરજો પણ બજાવતા હતા. ધ્રુવનો હોદ્દો તો છેક વલભી સમયથી જણાયો છે અને એ હિસાબ રાખનાર તલાટી કે કુલકર્ણી જેવો અમલદાર હતો.[૫૦] આમ કાયસ્થો રાજ્યકારભાર અને વહીવટ સાથે સારી રીતે સંકળાયેલા હતા.

શ્રી સાંકળિયા કાયસ્થોનાં નામોનો અભ્યાસ કરીને એમાં શક અથવા ગુર્જરની અસર જણાવે છે. એમના અભ્યાસ મુજબ ગુજરાતમાં ઈ. સ. ૬૦૦ જેટલા જૂના કાલથી લહિયાનું કામ કરનાર વર્ગ હતો, જેણે ઈસુની ૧૦ મી સદીની આસપાસ અલગ જ્ઞાતિ–જૂથમાં વિકાસ કર્યો. આ અભ્યાસથી શક્ય છે કે લહિયા કે કારકુન તરીકે ભરતી માટે બ્રાહ્મણો, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્ર એમ ચારે વર્ગોમાંથી પસંદગી થતી હશે અને એમની કામગીરી વંશપરંપરાગત નહિ હોય.[૫૧]

**(૫) વિવિધ સમુદાયો :**

ચૌલુક્યકાલના લેખોમાં વિવિધ જાતિઓના ઉલ્લેખો પણ જાણવા મળે છે, જેવાકે પલ્લી[૫૨] રાઠિય, રાજપૂત,[૫૩] આચાર્યો, મહાજનો, તંબોળીઓ, કુંભાર, ઠાકોર,[૫૪] વળિક,[૫૫] વોડાણા[૫૬] (રાજપૂત શાખાનું નામ), કોળી, વણકર (કૌલિક) વ્યવહારિન, ગોષ્ટિકો (ટ્રસ્ટીઓ)[૫૭] નાગર, પ્રાગ્વાટ[૫૭/૧], ચપલ અથવા ચપલીય[૫૭/૨], કાર્પટિકો[૫૭/૩] વગેરે.

સોલંકીકાલીન અભિલેખોને આધારે આ બધી જાતિઓ વિશે વિશેષ માહિતી પ્રાપ્ય થતી નથી, પરંતુ તત્કાલીન સાહિત્યમાંથી માહિતી ઉપલબ્ધ થાય છે, પણ તેનું અહીં વિવેચન પ્રસ્તુત નથી.

### ૩. મનુષ્ય–નામો[૫૮] :

સોલંકીકાલીન અભિલેખોમાં આવતાં મનુષ્યનામોનું અવલોકન કરવાથી ગુજરાતનાં તત્કાલીન મનુષ્યનામોની પ્રણાલી વિશે ઘણી માહિતી પ્રાપ્ત થાય છે. આ લેખોમાં રાજાઓ, એમના સચિવો, બ્રાહ્મણો અને પ્રશસ્તિકારો ઉપરાંત સમાજના દરેક વર્ણના લોકોનાં નામો પણ આવે છે. આ નામોમાં ઘણાં નામો દેવોનાં નામ પરથી પણ પડેલાં જણાય છે, જેવાં કે વિષ્ણુ, મહાદેવ, મધુસૂદન, રામચંદ્ર, કેશવ, માધવ, શંકર, સોમેશ્વરદેવ, શિવરાજ, નીલકંઠ, બૃહસ્પતિ, ગોવર્ધન, બલભદ્ર, વાસુદેવ, બ્રહ્મા, નરસિંહ, બ્રહ્મચંદ્ર, ગોવિંદ, દામોદર, વરુણદેવ વગેરે.

કેટલાંક નામો પ્રસિદ્ધ પૌરાણિક સ્ત્રી–પુરુષોનાં નામો પરથી પડેલાં જણાય છે, જેવાં કે લક્ષ્મણ, જાનકી, ધર્માદિત્ય, ભીમરાજ, શાંડિલ્ય, રોહિણી, ઇન્દુ, સાવિત્રી, લક્ષ્મી, પરાશર, ભોજ, કપર્દિન, નારાયણ, સહદેવ, 'રાવણ' (રાવણ નામ જોઈને નવાઈ લાગે છે, પરંતુ વસ્તુતઃ એક પ્રતિમાલેખમાં પ્રતિષ્ઠામહોત્સવ વખતે ઉપસ્થિત રહેતી વ્યક્તિમાં "રાવણ" નામની વ્યક્તિ ઉપસ્થિત હોવાનું નોંધાયું છે.)

સોલંકીકાલ દરમ્યાન જૈનધર્મનો ફેલાવો વ્યાપક બન્યો હતો તેથી સમાજમાં આ ધર્મની અસર વધુ હતી અને આ કારણોસર ચૌલુક્યકાલીન સમાજમાં નામો તીર્થંકરો વગેરેનાં નામ ઉપરથી પાડવામાં આવતાં હતાં. જેવાં કે વાસુદેવ, વીરદેવ, રાજિમતી, વિમલ, અજિતદેવ, શાંતિ, પદ્મચંદ્ર, જિનચંદ્ર, નેમિચંદ્ર, વર્ધમાન વગેરે.

કેટલાંક નામો ગ્રહો અને નક્ષત્રો પરથી પાડવામાં આવેલાં છે. જેવાં કે સૂર્યાચાર્ય, સોમ, સોમેશ્વર, સોમસિંહ, રોહિણી, બૃહસ્પતિ, ભાસ્કર, મૂલરાજ, ચંદ્ર વગેરે.

કોઈ કોઈ નામો ઋતુઓ પરથી પડેલાં છે. જેવું કે વસંતપાલ.

ક્વચિત્ પર્વત પરથી પણ નામ પાડવામાં આવતું. જેવાં કે, પાહડ; તો ક્યારેક સંગીતના રાગ પરથી પણ પાડવામાં આવતું, જેવું કે કેદાર. કદાચ આ તીર્થરાજ કેદારના નામ પરથી પણ રાખ્યું હોય એમ લાગે. પણ આ નામ જૈન લેખમાં આવેલું છે તેથી એ રાગ પરથી પડવાનું વિશેષ માની શકાય.

કેટલાંક નામો પ્રાણીઓ પરથી પણ પાડવામાં આવતાં હતાં, જેવું કે, ગજાઇલિ, ગંડરાજ, અશ્વરાજ, નાગલદેસુ, નાગપાલ વગેરે.

અમુક નામો ફળ–ફૂલોનાં નામ પરથી પડેલાં જણાય છે, જેમ કે, ફૂલચંદ્ર, પારસ, આમદેવ, આંબવીર, આંબસિરિ, આંબચંદ્ર, પદ્મસિંહ, પદ્મિણિ, પદ્મચંદ્ર, જાસૂ, બકુલસ્વામી વગેરે.

કેટલાંક જાતિવાચક કે પદાર્થવાચક નામો પરથી પડતાં જણાય છે. જેમ કે કાંચન, મહિધર, અજપાલ, મહીપાલ, ધરણીગ, બ્રહ્મજા, ભૂદેવ, વસ્તુપાલ, તેજપાલ, ત્રિભુવનપાલ, ત્રિલોક, નરેન્દ્ર, પૃથ્વી, ભુવન, વત્સ, ત્રિભુવનદેવી વગેરે.

કેટલાંક નામ ભાવવાચક નામો પરથી પડયાં જણાય છે. જેવું કે રૂપાદેવી, લીલુ, ઉદયપાલ, ગુણધર, ગુણચંદ્ર, લાવણ્ય, પ્રતાપદેવી, સંતોષ, પ્રતાપસિંહ, શુભકર, યશપાલ, ઉદયરાજ, રુચિ, ભાવ, મોક્ષ, વિજય, વિક્રમ, વૈરિસિંહ, શાંતિચંદ્ર, સૌભાગ્યદેવી, અભયસિંહ વગેરે.

કેટલાંક નામો સમૂહવાચક નામો પરથી પણ પડેલાં જણાય છે, જેવું કે કુલચંદ્ર.

કેટલાંક નામો વિશેષણો પરથી પડેલાં જણાય છે. જેવાં કે અનુપમા, દુર્લભાચાર્ય, દીર્ઘાચાર્ય, ધવલ, ચંડશર્મા, શોભાદેવ, અજયસિંહ, અમરચંદ્ર, દુર્લભરાજ વગેરે.

આ ઉપરાંત મનુષ્યનામોના અંતે અનેક પ્રકારનાં ઉપપદ જોવા મળે છે. ધર્મશાસ્ત્રમાં બ્રાહ્મણના નામોને અંતે "શર્મા", ક્ષત્રિયોનાં નામોને અંતે "વર્મા" કે "ભ્રાત", વૈશ્યોનાં નામોને અંતે "ભૂતિ" કે "દત્ત" અને શૂદ્રોનાં નામોને અંતે "દાસ" શબ્દ પ્રયોજવાનો સાધારણ નિયમ આપેલો છે. ચૌલુક્યકાલીન મનુષ્યોનાં નામ તપાસતાં એવાં બ્રાહ્મણોનાં નામોને અંતે "ઇશ્વર ' "અર્ક", આદિત્ય, "દેવ"નામ વગેરે મળે છે, જેવાં કે સોમેશ્વર, ચંડેશ્વર, બ્રહ્મદેવ, વયજલદેવ, મહાદેવ, ભોગાદિત્ય, અપરાદિત્ય ધર્માદિત્ય, વિશ્વેશ્વર, ચંડપ્રસાદ વગેરે.

ચૌલુક્યકાલીન રાજવીઓનાં નામોને અંતે "રાજ", "દેવ", "પાલ" વગેરે ઉપપદો પ્રયોજાયેલાં દષ્ટિગોચર થાય છે; જેવાં કે, મૂલરાજ, કર્ણદેવ, ભીમદેવ, કુમારપાલ, અજયપાલ, ત્રિભુવનપાલ વગેરે.

અધિકારીઓનાં નામોને અંતે "સિંહ", "પ્રસાદ", "રાજ" "ધવલ", "પાલ" વગેરે ઉપપદો પ્રયોજાયેલાં જોવા મળે છે, જેવાં કે જયંતસિંહ, વસ્તુપાલ, સોમસિંહ, જશોરાજ, ઉદયપાલ, જગસિંહ, અરિસિંહ, ગંડરાજ વગેરે.

શૈવધર્મના સાધુઓનાં નામોને અંતે ઘણું કરીને "રાશિ" ઉપપદ પ્રયોજવામાં આવતું, જેવું કે વેદગર્ભરાશિ, કેદારરાશિ, વાકલરાશિ, જયેષ્ઠરાશિ, યોગેશ્વરરાશિ, મૌનરાશિ, દુર્વાસરાશિ વગેરે.

આ કાલ દરમ્યાન જૈનધર્મના સાધુ આચાર્યોના નામોને અંતે "સૂરિ" ઉપપદ પ્રયોજાતું નજરે પડે છે, જેવું કે, દેવસૂરિ, હરિભદ્રસૂરિ, વિજયદેવસૂરિ, યશોભદ્રસૂરિ, શાંતિસૂરિ, સર્વદેવસૂરિ, વિજયસેનસૂરિ વગેરે.

ચૌલુક્યકાલીન સ્ત્રીઓનાં નામોની સાથે "દેવી" ઉપપદ પ્રયોજવામાં આવતું હતું, જેવું કે પ્રેમલદેવી, મહાદેવી, સૌભાગ્યદેવી, વીલાદેવી, સલખણદેવી, પ્રતાપદેવી, સુહડાદેવી, કપૂરદેવી, ગિરિજાદેવી વગેરે.

પુરુષોનાં નામોની પાછળ બીજાં પણ કેટલાંક ઉપપદ પ્રયોજાતાં હતાં, જેવાં કે "પાલ, ચંદ્ર, નાથ, દત્ત, કુમાર, વર્મા, સેન, પ્રભ, વીર, ભદ્ર, મલ્લ, શરણ, શેખર, સ્વામી" વગેરે.

ઉપર્યુક્ત નામોના આધારે નીચે પ્રમાણે તારણ કાઢી શકાય :

(૧) ચૌલુક્યકાલ દરમ્યાન પ્રચલિત મનુષ્યનામો પ્રજાની ધર્મભાવનાને દર્શાવે છે, જુદા જુદા ધર્મો–સંપ્રદાયો પાળતી પ્રજા પોતપોતાનાં દેવ–દેવીઓ તથા પૌરાણિક પાત્રો પરથી નામ પાડતી હતી.

(૨) નામ પાડવા માટેના વિષયોનું વૈવિધ્ય હતું.

(૩) બ્રાહ્મણ તથા ક્ષત્રિય નામોમાં પરિવર્તન જણાતું નથી.

(૪) બ્રાહ્મણોનાં મનુષ્યનામોનું સંખ્યાપ્રમાણ ઘટતું જણાય છે, જે સમાજમાં એમના ઘટેલા મહત્વને લઈને સંભવે છે.

(૫) વણિકોનાં નામોમાં ઘણી વૃદ્ધિ થયેલી જણાય છે, જે હકીકત સમાજમાં વાણિકોના વધેલા વર્ચસનાં દ્યોતક હોઈ શકે.

(૬) ચૌલુક્યકાલીન ગુજરાતનાં સ્ત્રી–પુરુષોનાં મનુષ્યનામોમાં દક્ષિણના કન્નડ તથા દ્રાવિડ પ્રદેશોની અસર હજી પણ ક્યાંક ક્યાંક વરતાય છે.

### ૪. સ્થળનામો

ચૌલુક્યકાલના લેખોમાં આવતાં સ્થળનામો તપાસતાં જણાય છે કે આમાં પણ મનુષ્યનામો જેવી વિવિધતા વરતાય છે. આ સ્થળનામોનું વિષયવાર વર્ગીકરણ કરતાં એમાંથી નીચે પ્રમાણેની માહિતી ઉપલબ્ધ થાય છે :

ઘણાં સ્થળોનાં નામ દેવો પરથી પાડવામાં આવ્યાં છે, જેવાં કે મુંડસ્થલ[૫૯], મુંડક,[૬૦] હરિપુરા, બ્રહ્માવર્ત[૬૧], સ્તંભતીર્થ[૬૨], લિંગવટશિવ[૬૩], ઘણ્ટાપલ્લી[૬૪], શિવનાથ[૬૫], સોમનાથ[૬૬], વામનસ્થલી, ઘણ્ટેલાણા, શીવાલીયા, બ્રહ્મપુરી[૬૭], ચંદ્રાવતી[૬૮], ઇદ્દિલા[૬૯], ઇંદ્રાવટ, કુશલોડ,તળાજા, દેવપત્તન, માલકતરી, સત્યપુર, સૂરયજ, સ્તંભનક વગેરે.

કેટલાંક ગામોનાં નામો પ્રસિદ્ધ સ્ત્રી–પુરુષોનાં નામો પરથી રાખવામાં આવેલાં છે. જેવાં કે અણહિલપુર[૭૦], ભોજ પરથી ભોજુયા[૭૧], ભીમપલ્લી, પ્રહ્લાદનપુર, ધવલક્ક[૭૨], સાકળી[૭૩], ભાઇલ્લસ્વામી[૭૪], વીરમગામ, નંદાવસણ[૭૫], પ્રસન્નપુર, રૂપપુર, સાહિલવાડા વગેરે.

કેટલાંક ગામોનાં નામો ટોળી પરથી પણ પડેલાં જણાય છે, જેવાં કે આહીરાણા[૭૬] દાસયજ[૭૭], હંડાઉદ્રા[૭૮], રાણાવાડા, મુંડસ્થલ[૭૯], મહિસાણા, વગેરે.

કેટલાંક ગામોનાં નામો અમુક ધંધો કે કામ કરનાર કોમનો વિશેષ નિવાસ હોય એના પરથી પડેલાં જણાય છે, જેવાં કે ફલાવસણ[૮૦], ચંડાવસણ[૮૧], ઢેઢવસણ[૮૨], ડાંગરૌઆ[૮૩], ચોરાયાવાડ[૮૪], બ્રહ્મપુરી[૮૫], બ્રાહ્મણવાડા[૮૬], લુંડાવસણ વગેરે.

કેટલાંક ગામોનાં નામો પ્રાણીઓનાં નામો પરથી પાડવામાં આવેલાં છે, જેવાંકે ઉદ્દિરા[૮૭], ઉટઉયા[૮૮], સમડીયા[૮૯] નાગરાજ[૯૦], નાગજવા[૯૧], નાગસારિકા[૯૨], વ્યાઘ્રપલ્લી, સિંહપુર, કુરલી વગેરે.

કોઈ કોઈ ગામનાં નામ પર્વતના નામ પરથી પડેલાં જણાય છે; જેવું કે આબુયગ્રામ વગેરે.

કેટલાંક ગામોનાં નામો વનસ્પતિ તેમજ તળાવના નામ ઉપરથી પડેલાં જણાય છે. જેવાં કે દર્ભાવતી[૯૩], ઇદ્દિલા[૯૪], કડા[૯૫], કાસહ્રદ[૯૬] વગેરે.

કેટલાંક ગામોનાં નામો અનાજનાં નામો પરથી પડ્યાં હોય એમ જણાય છે, જેવાં કે કંબાઈ[૯૭], ડાંગરૌઆ[૯૮], ડોડિયાપાટક.[૯૯]

કેટલાંક ગામોનાં નામ ફળોનાં નામ પરથી પડેલાં જણાય છે, જેવું કે જામ્બુગ્રામ.

કેટલાંક ગામોનાં નામો દ્રવ્યવાચક નામ પરથી પહેલાં જણાય છે, જેવાં કે દધિપદ્ર[૧૦૦], તામ્રપર્ણી, દુધૂઆ વગેરે.

કોઈ કોઈ ગામનાં નામો ભાવવાચક નામ પરથી પડેલાં જણાય છે, જેવાં કે આનંદપુર[૧૦૧], આશાપુરી[૧૦૨], ઉનાઊઆ વગેરે. મૂળ નામ 'ઉન્નતપુર' છે એના પરથી "ઉનાઉઆ (ઊના)" થયું છે.

ઉપર્યુક્ત ગામોના નામને આધારે જણાય છે કે ચૌલુક્યકાલીન ગામોનાં નામોને અંતે મનુષ્યનામોની જેમ અનેક પ્રકારનાં ઉપપદ જોવા મળતાં નથી, એમ છતાં "પુર, ગ્રામ, પલ્લી, દુર્ગ, નગર" વગેરે ઉપપદ મળે છે ખરાં. જેવાં કે આનંદપુર વડનગર, આબુયગ્રામ, લાટાપલ્લી (લાડોલ), જીર્ણદુર્ગ (જૂનાગઢ), દેવનગર (પ્રભાસ-પાટણ) વગેરે.

## ૫. વિવિધ ગોત્રો[૧૦૩]

ચૌલુક્યકાલના લેખોને આધારે એમાંથી કેટલાંક ગોત્ર વિશે માહિતી પ્રાપ્ત થાય છે. જેવાં કે માંડવ; વોરાફ્રિય, ગોપાલિ, માંડવ્ય, લાઠશિવા, નિવૃત્તિ, કુશિક, વચ્છસ, ગૌતમ, વૈદિક, વત્સ, ગાર્ગેય વગેરે.

ઉપર્યુક્ત ગોત્રો પૈકીનાં નીચે મુજબનાં ગોત્રની સાથે સંબંધિત વેદશાખાનો પણ ક્યાંક ક્યાંક નિર્દેશ કરેલો છે. જેવાં કે,

(૧) લઠશિવા, જેની વેદશાખા સામવેદિક છે.

(૨) વચ્છસ, જેની વેદશાખા વાજસનેય અને બ્રાહ્મણ યજુર્વેદી છે.

(૩) ગાર્ગેય, જેનું મંડલ ગંડેશ્વર છે.

કેટલાક લેખોમાં ગોત્રને બદલે પ્રવરનો ઉલ્લેખ કરેલો છે, જેમ કે માંડવ્ય, ભાર્ગવ, અંગિરાઊર્મિ, જામદગ્નિ, વિશ્વામિત્ર, દેવરાત, ઓછલ વગેરે. આ બધા પ્રવરોને આધારે એનાં સંબંધિત ગોત્ર ઓળખવામાં આવે છે.

## ૬. વિવિધ અટકો[૧૦૪]

ચૌલુક્યકાલના કેટલાક લેખોમાં વિવિધ અટકો વિશે પણ માહિતી આવે છે. આ અટકોને આધારે એ સમયની વિવિધ જ્ઞાતિઓ તેમ વર્ણ, ધંધો અને કેટલીક અટકોમાંથી વિશેષ પ્રવૃત્તિ પણ જાણવા મળે છે. આ વિવિધ અટકો, જેવી કે–શ્રેષ્ઠી, વ્યાપારી, સંઘવી, ઠાકુર, પારેખ, શાહ, દોસી, દીક્ષિત, ઠક્કર, પંડિત, જોષી, રાવલ, ભંડારિ, આચાર્ય, નાયક, મહેતા, ભટ્ટ, સોઢલ વગેરેનો નિર્દેશ થયેલો છે.

ઉપર્યુક્ત અટકો પૈકીની ઘણી વર્તમાન સમયમાં અટકો અમુક ધર્મ કે જ્ઞાતિના લોકોમાં પ્રયોજાતી જોવા મળે છે. જેવી કે શ્રેષ્ઠી, સંઘવી, પારેખ, શાહ, દોસી વગેરે. આ અટકો સામાન્ય રીતે જૈન સમાજમાં વધુ જાણીતી છે, જ્યારે દીક્ષિત, પંડિત, જોશી, રાવળ, આચાર્ય, મહેતા, ભટ્ટ વગેરે અટકો હિન્દુ સમાજમાં મુખ્યત્વે બ્રાહ્મણોમાં છે. મહેતા, પારેખ જેવી અટકો વૈશ્યોમાં પ્રચલિત હોય છે, જ્યારે 'સોઢલ' અટક રાજપૂત લોકોમાં પ્રચલિત જોવા મળે છે.

## ૭. સ્ત્રીઓની સામાજિક સ્થિતિ :

ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે તત્કાલીન સ્ત્રીઓની સ્થિતિ વિશે માહિતી પ્રાપ્ત કરવી એ જરા કઠિન કાર્ય છે. અભિલેખોને આધારે સ્ત્રીઓની સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર જાણવા મળતું નથી એમ છતાં કેટલાક પ્રતિમાલેખો તેમજ શિલાલેખો અને તામ્રપત્રોને આધારે મળતી માહિતીનું પૃથક્કરણ અહીં આ પ્રમાણે આપી શકાય :

**(૧) સમાજમાં સ્ત્રીઓનું સ્થાન :** ચૌલુક્યકાલમાં સમાજનું વલણ વધુ સંકુચિત થતું જણાય છે. અગાઉ જોયું તેમ આ સમયમાં જ્ઞાતિઓ પેટાજ્ઞાતિઓમાં પરિવર્તન પામી જેના લીધે કૌટુંબિક જીવન તથા રીતરિવાજોમાં વધુ સંકુચિતતા આવી, જેનો સીધો પ્રભાવ સ્ત્રીઓના જીવન પર પડ્યો. એઓની સ્થિતિ સમાજમાં વધુ સંકુલ બની; જોકે કોઈ કોઈ સ્ત્રીઓ જાહેર સામાજિક કાર્યોમાં ભાગ લેતી જોવા મળે છે. રાજ્યની ગંભીર બાબતો માટે તેમની સલાહ પણ લેવામાં આવતી હતી; જેમકે મીનળદેવી, અનુપમાદેવી, વગેરે. મીનળદેવી રાજમાતા તરીકે પણ સત્તા ધરાવતી હતી. સિદ્ધરાજના રાજકીય ઉદયમાં મીનળદેવીનો ફાળો નોંધપાત્ર હતો. રાજસત્તાની રૂએ એણે સિદ્ધરાજ દ્વારા કેટલાક કરવેરા માફ કરાવ્યા હતા, જે ઇતિહાસની એક નોંધપાત્ર હકીકત છે. તેજપાલની પત્ની અનુપમાદેવીની પણ સલાહ લેવામાં આવતી હતી. એની કુશળ બુદ્ધિને કારણે ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં અસંખ્ય ધાર્મિક સ્થાપત્યો બંધાયાં હતાં જેમાંનું આબુનું લૂણવસહિ કલાના ઉત્તમ નમૂનારૂપ છે, પણ આવી રાજમહિલાઓ અપવાદરૂપ જણાય છે. મોટા ભાગની સ્ત્રીઓનું જીવન ઘરની ચાર દીવાલો વચ્ચે જ પૂરું થતું જણાય છે.

સ્ત્રીઓના સામાજિક અધિકારો નહિવત્ હોવાનું પ્રતીત થાય છે. અલબત્ત, એમને ધાર્મિક અધિકારો વિશેષ હતા જ. સમાજના દરેક વર્ગની સ્ત્રીઓ પૂર્તદાન કરી શકતી હતી. સ્ત્રીઓ તીર્થયાત્રા ~~કરી શકતી હતી.~~[૧૦૫] વિધવા સ્ત્રીઓ પુનર્લગ્ન

પણ કરી શકતી હતી. કેટલાક તત્કાલીન સાહિત્યિક ઉલ્લેખો પરથી જણાય છે કે આ કાલમાં દાસીપ્રથા પણ પ્રચલિત હતી. બહુપત્નીપ્રથાનો પણ વ્યાપક પ્રચાર હતો. લેખોમાં એક પતિ અને એની બે પત્નીઓએ કરેલ દાનના ઉલ્લેખ પણ મળે છે. સાધારણ રીતે બહુપત્નીઓ રાજાઓ મંત્રીઓ અને શ્રેષ્ઠીઓ કરતા હતા.

(૨) **લગ્નવિચ્છેદ** : અભિલેખોને આધારે ચૌલુક્યકાલના સમાજમાં લગ્ન-વિચ્છેદ અથવા છૂટાછેડા સમાજના અમુક વર્ગોમાં પ્રચલિત હોવાનું જણાય છે. આ કાલમાં લખાયેલા "લેખપદ્ધતિ" નામના ગ્રંથમાં લેખ તેમજ દસ્તાવેજોના નમૂના આપેલા છે. આ ગ્રંથમાં "ઢૌકનપત્ર" અથવા લગ્નવિચ્છેદનો એક લેખ આપેલો છે[૧૦૬]. લેખના સારાનુવાદ પ્રમાણે શ્રીપત્તનમાં મહામાત્ય શ્રી અમુક મેહર શ્રી ચાંઈઆકને ઢૌકનપત્ર આપે છે કે મેહર લૂનીઆકે કુટુંબમંડળ એકત્ર કરીને[૧૦૭] પોતાની પુત્રી ચાંઈઆક પાસેથી છોડાવી છે. આ પછી દિવસો જતા કુટુંબ-સમવાય સહિત મેહર ચાંઈઆકે આત્મીય સ્વજન લોકની જાણપૂર્વક આભીર ધઉલીઆકને ઢૌકન–વ્યવહારથી પોતાની પુત્રી આપી[૧૦૮]. આ ઢૌકનપત્ર રાજકુલમાંથી મેળવ્યું છે. કાલાંતરે પણ પૂર્વકાલનાં પતિપત્નીઓ એકબીજાનું મુખ જોતાં નહિ. સં. ૧૨૮૮, વર્ષ વૈશાખ સુદ ૧૫ સોમ. લગ્નવિચ્છેદનો આ એક અત્યંત નોંધપાત્ર દસ્તાવેજ છે. લગ્નવિચ્છેદના બન્ને પક્ષના લોકો મેર જાતિના હોય, પરંતુ એમાં સ્ત્રીનું પુનર્લગ્ન આભીર જાતિના પુરુષ સાથે કરવામાં આવેલું છે. આ વિચ્છેદવિધિ જ્ઞાતિની પંચાયત સમક્ષ જ કરવામાં આવેલો છે. આ ઢૌકનપત્ર પાટણમાં રાજકુલમાંથી લેવામાં આવેલ છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે મેર, આભીર કે રબારી જેવી જાતિઓ ચૌલુક્યકાલ દરમ્યાન અસ્તિત્વ ધરાવતી હશે. મેર જાતિનો આ નોંધપાત્ર પ્રાચીન ઉલ્લેખ છે.

(૩) **દાસીપ્રથા** : ચૌલુક્યકાલીન ગુજરાતમાં પૂર્વકાલથી ચાલી આવતી દાસીપ્રથા ચાલુ રહેલ જોવા મળે છે[૧૦૯]. જોકે એના આભિલેખિક ઉલ્લેખો પ્રાપ્ત નથી. "લેખપદ્ધતિ"માંથી દાસીના વેચાણના વિધિસરના દસ્તાવેજ અથવા એના નમૂનાઓ મળી આવેલ છે.[૧૧૦] તેમાંથી પહેલા બેનું શીર્ષક "દાસીપત્રવિધિ" છે જ્યારે બીજા બેનું શીર્ષક "સ્વયમાગતદાસીપત્રવિધિ" એવું છે.[૧૧૧] "લેખપદ્ધતિ"માં દાસવિક્રયનો કોઈ દસ્તાવેજ નથી.

આ કાલ દરમ્યાન મિલકતની વહેંચણી અંગેનું વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)નું વિભંગપત્ર "લેખપદ્ધતિ"માં પ્રાપ્ત થાય છે[૧૧૨]. આ પત્રમાં આપેલી

માહિતીને આધારે ચૌલુક્યકાલ દરમ્યાન મિલકતની વહેંચણી માટે કદાચ નીચેના નિયમો પ્રવર્તતા હોવાનું સંભવિત છે[૧૧૩] :

(૧) મિલકતની વહેંચણી અંગે નારદ અને બૃહસ્પતિમાં જણાવ્યા અનુસાર લિખિત દસ્તાવેજ કરવો પડતો હશે.

(૨) પિતાની ઉત્તરક્રિયા, ધર્મદેય, રાજકર, દેવકર તેમજ અન્ય દેવું આપવા માટે મિલકતમાંથી વ્યવસ્થા કરવી પડતી.

(૩) માતાનો સરખો હિસ્સો રાખવામાં આવતો.

(૪) મિલકતની વહેંચણી વખતે અપરિણીત પુત્રીના લગ્ન માટેની જોગવાઈ કરાતી.

**(૪) અપુત્રિકાધનનો ત્યાગ :**

કેટલાક સાહિત્યિક ઉલ્લેખોને આધારે જાણવા મળે છે કે કુમારપાલે રાજ્યમાંથી લેવાતા અપુત્રિકાધનનો ત્યાગ કર્યો હતો; આ કારણોસર કુમારપાલ ચૌલુક્ય રાજવીઓમાં વિશેષ પ્રશંસાપાત્ર બનેલ છે. અપુત્રિકાધનનો ત્યાગ એટલે કે જે વિધવાને કોઈ પુત્ર ન હોય તેનું ધન રાજા લઈ લેતો, આથી એ વિધવાની દુર્દશા થતી. આથી આ ધન "રુદત્તીવિત્ત" ધન તરીકે ઓળખાય છે.[૧૧૪]

આમ અગાઉના રાજવીઓ નહોતા કરી શક્યા તે કાર્ય કુમારપાલે કર્યું હતું. એમ કહેવાય છે કે અપુત્રિકાધનનો ત્યાગ એ રાજકીય અર્થવ્યવહારની દૃષ્ટિએ વધુ અગત્યનું પગલું છે. આ અપુત્રિકાધનના ત્યાગનો ઉલ્લેખ રાંજોર ગામના ગુર્જર પ્રતીહાર વંશના રાજા મથનદેવના વિ. સં. ૧૦૧૬ ના લેખમાં પણ જોવા મળે છે.[૧૧૫] આ પરથી સ્પષ્ટ થાય છે કે મધ્યકાલમાં રાજ્યની આવકનાં સાધનોમાં આ અપુત્રિકાધનનો પણ સમાવેશ થતો હોવો જોઈએ.

**૮. મોજશોખ–ખાનપાન :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાંથી આ સમયના લોકો મોજશોખ અને ખાનપાન માટે શું શું કરતા હશે એનો ખ્યાલ આવતો નથી. અભિલેખોમાં એના નિર્દેશનો પ્રસંગ પડ્યો નહિ હોવાથી આ પ્રકારની માહિતી પ્રાપ્ય થતી નથી. આ પ્રકારની માહિતી વિશેષતઃ સાહિત્યમાંથી પ્રાપ્ય થાય છે.

કુમારપાલના વિ. સં. ૧૨૦૯ (ઈ. સ. ૧૧૫૩)ના લેખમાં[૧૧૬] જણાવ્યા પ્રમાણે રાજ્યમાં પ્રત્યેક પક્ષની અષ્ટમી, એકાદશી અને ચતુર્દશીના દિવસોએ જીવહિંસાની મનાઈ હતી. આ પરથી સૂચિત થાય છે કે ચૌલુક્યકાલ દરમ્યાન જીવહિંસા થતી હતી. આ હિંસાનાં ત્રણ પ્રયોજનો સંભવે છે :

(૧) મોજશોખ માટે,
(૨) માંસાહાર માટે,
(૩) શિકાર માટે.

આ કાલના લોકો માંસાહાર પણ કરતા હશે. આ ઉપરાંત મોજશોખ માટે સૂરાપાન પણ કરતા હશે; જોકે સૂરાપાનની વિગતો અભિલેખોમાંથી જાણવા મળતી નથી.

સોલંકીકાલીન લોકો મનોરંજન માટે દ્યૂત રમતા હતા. આ માહિતી અભિલેખોને આધારે જાણવા મળે છે. વિ. સં. ૧૦૫૩ ના હસ્તિકુંડીના ધવલના બીજાપુરના લેખમાં[૧૧૭] દ્યૂત રમનારનો ઉલ્લેખ થયેલો છે. આ લેખમાંના ઉલ્લેખ પ્રમાણે દ્યૂત રમનારાઓએ એક પેલ્લક આપવો પડતો હતો. આ ૧ પેલ્લક દ્યૂત રમનાર માટે કર તરીકે આપવો પડતો હશે.

રમતગમત અને વિનોદમાં કુક્કુટ–યુદ્ધ[૧૧૮] અને આખલાની સાઠમારીનો[૧૧૯] ઉલ્લેખ પણ થયો છે. ગેડીદડાની રમતના ઉલ્લેખો તથા એની માહિતી "દ્વયાશ્રય"માં[૧૨૦] નોંધાઈ છે.

આમ ઉપર્યુક્ત ઉલ્લેખો પરથી જાણી શકાય છે કે ચૌલુક્યકાલના લોકો રમતગમતના શોખીન હતા.

અભિલેખોને આધારે ખાદ્યપદાર્થો વિશે પણ માહિતી પ્રાપ્ત થાય છે. ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૭ ના લેખમાં ખાદ્ય પદાર્થોનાં નામ મળે છે, જેવાં કે માંજિષ્ટ, ત્રપુક, હિંગ, પટ્ટસૂત્ર, હિંગુલ્લ, પ્રવાલક, શ્રીખંડ, કસ્તૂરી, તમાલપત્ર, જાઈફલ, જાવંત્રી, નાલિકેર, હરડાં, સાકર, ખજૂર, ખારેક વગેરે.

માંગરોળના સોઢળીવાવમાંના વિ. સં. ૧૨૦૨ ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે પાન, કેરી, મડાવા (ત્રોફા અથવા લીલું નાળિયેર), પૂગ (સોપારી) વગેરેના ઉલ્લેખો પણ છે.

**૯. વહેમ–માન્યતા :**

ચૌલુક્યકાલના સમાજમાં અનેક પ્રકારનાં વહેમ, અંધશ્રદ્ધા, ભૂતપ્રેતની માન્યતા વગેરે પ્રચલિત હતાં. આને લગતી માહિતી અભિલેખોને આધારે બહુ અલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, પરંતુ સાહિત્યિક સામગ્રીના આધારે આના વિશે વિગતે જાણી શકાય છે.

કુમારપાલના વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના વડનગર–પ્રશસ્તિ લેખમાં કેટલાક ઉલ્લેખો આવે છે. આ ઉલ્લેખો નોંધપાત્ર છે, જેવા કે સિદ્ધરાજ જયસિંહે સિદ્ધરસ વડે જગતને અનૃણ (ઋણમુક્ત) કર્યું. આ પ્રકારના ઉલ્લેખોમાં પ્રજાની ઋણમુક્તિ કર્યાનો ઉદ્દેશ છે. આ ઉપરાંત કુમારપાલે ચંડીદેવીને વહેતા લોહીથી તૃપ્ત કર્યાનો ઉલ્લેખ છે તે ધાર્મિક માન્યતાનો દ્યોતક છે[૧૨૧]. (આનંદપુર) વડનગરના વર્ણનમાં સતત ચાલતા યજ્ઞો, દ્વિજોના વેદઘોષ, દેવાલયોના ધ્વજોના ફરફરાટ, વિપ્રાંગનાઓના રત્નાલંકાર તથા ગીતધ્વનિનો નિર્દેશ એનું દ્વિજમહાસ્થાન તરીકેનું મહત્ત્વ બતાવે છે. એની પાછળ શાંતિક, પૌષ્ટિક કર્મો વડે વિપ્રો નૃપની તથા રાષ્ટ્રની રક્ષા કરે છે એવા પ્રકારની માન્યતા પ્રવર્તતી હોવાનું જણાય છે.

વિ. સં. ૧૨૨૫ના કુમારપાલના પ્રભાસપાટણના લેખમાં જણાવ્યા પ્રમાણે સોમનાથ મંદિરના મહંત ભાવબૃહસ્પતિ શિવના નંદીશ્વરનો અવતાર હોવાની માન્યતા એમના સમયમાં પ્રચલિત હતી. આ મંદિર ભીમદેવ ૧ લાએ કુમારાવસ્થામાં પથ્થરથી બાંધ્યું તે પહેલાં લાકડાનું હતું. આ અનુશ્રુતિને વાસ્તવિક ગણાવી શકાય, પરંતુ એની પહેલાં આ મંદિર રૂપાનું હતું અને એની પહેલાં સોનાનું હતું એવી માન્યતા પ્રવર્તતી હતી. એના ખરાપણાનાં કોઈ પ્રમાણ મળતાં નથી.

ભીમદેવ ૨ જાએ સોમનાથ પાટણમાં બંધાવેલ કુંડમાં સ્નાન કરવાથી કુષ્ઠ (કોઢ) રોગ પૂર્ણપણે જતો રહે છે એવી માન્યતા ત્યાંના શિલાલેખમાં ઉલ્લિખિત છે. આ હકીકત નોંધપાત્ર ગણી શકાય.

આ સમયના લોકોમાં કૃતયુગ (સત્યયુગ), કલિયુગ, સ્વર્ગ–નરક, કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણિ વગેરેને લગતી માન્યતાઓ પણ પ્રચલિત હતી. જેવી કે ઈ. સ. ૧૦૫૦ના લેખમાં જણાવ્યા પ્રમાણે[૧૨૨] દાનના રક્ષણ માટે અન્ય રાજાને લખેલું છે કે "કન્યા, ધેનુ અને તસુ જેટલી જમીન હરી લે છે તે વિશ્વના પ્રલયકાલ સુધી નરકમાં જાય છે." વિ. સં. ૧૨૧૩ના લેખમાં ઉલ્લેખ્યા પ્રમાણે આ દાનનો જો લોપ થાય તો બ્રહ્મહત્યા અને ગોહત્યા (૧૬ હજાર ગાયો માર્યા)નું પાપ લાગે.

વિ. સં. ૧૦૪૩ના લેખમાં જણાવ્યા પ્રમાણે[૧૨૩] સૂર્યગ્રહણના દિવસે દાન આપતી વખતે નદીમાં સ્નાન કરવું, દેવની પૂજા કરવી, સંસારની અસારતાનું ચિંતન કરવું. આવી રીતે દાન આપવાથી માતાપિતામાં પુણ્ય વધે છે એવી માન્યતા હતી.

**૧૦. સમીક્ષા :**

પ્રાપ્ય માહિતીના આધારે આ કાલના સામાજિક આચારવિચારનું જે નિરૂપણ થયેલું જોવા મળે છે તે પરથી એમાં એકંદરે સમાજની સંસ્કારિતાનું દર્શન થાય છે. અભિલેખોને આધારે એ કાલના રાજાઓની તેમજ પ્રજાજનોની વિદ્યા-સંસ્કારિતા અને સમૃદ્ધિનું દર્શન થાય છે. આ સમયની પ્રજા વધુ ધાર્મિક હતી એમ આ સમય દરમ્યાન થયેલાં પૂર્તકાર્યોને આધારે જાણી શકાય છે. સમાજમાં ધાર્મિક પર્વો અને પ્રતિષ્ઠા–મહોત્સવો ધામધૂમથી ઊજવવામાં આવતા હતા.

આ કાલનો સમાજ એના બંધારણીય માળખાના સંદર્ભમાં જોતાં વધુ સંકુચિત બનીને જ્ઞાતિવાડાના વિભાગોમાં વિભક્ત થયો હતો.

આ સમયના જે અરબી–ફારસી અભિલેખો ઉપલબ્ધ થયા છે તે પરથી મુસલમાનોની વસ્તી ભરૂચ, ખંભાત, ઘોઘા, ભદ્રેશ્વર, પેટલાદ, રાંદેર, કર્ણાવતી (અમદાવાદ) વગેરે જગ્યાએ હોવાનું કહી શકાય. અલબત્ત, એના સમાજ કે સામાજિક સ્થિતિ વિશે અભિલેખોમાંથી કોઈ જાણકારી મળતી નથી.[૧૨૪]

---

**પાદટીપ**

૧. મુસ્લિમ અભિલેખો માટે જુઓ અલગ પરિશિષ્ટ.

૨. અ. નં. ૧૦ ૩. અ. નં. ૧૭ ૪. અ. નં. ૧

૫. અ. નં. ૧ ૬. અ. નં. ૧૪–અ ૭. અ. નં. ૮–અ

૮. અ. નં. ૧૦ ૯. અ. નં. ૮૨ ૧૦. અ. નં. ૭

૧૧. અ. નં. ૧૧૧ ૧૨. અ. નં. ૫૭ ૧૩. અ. નં. ૧૦૧

૧૪. "ગુ. રા. સાં. ઇ.," ગ્રં. ૪, પૃ. ૨૩૦

૧૫. અ. નં. ૧૧૦, ૧૩૧ ૧૬. અ. નં. ૧૮૫

૧૭. અ. નં. ૬, ૭, ૯, ૧૦, ૧૭, ૧૮, ૧૯, ૨૧.

૧૮. શાસ્ત્રી હ. ગં., "ગુ. મ. રા. ઇ.," પૃ. ૧૭૬

૧૯. "એ. ઈ.," વો. ૧, પૃ. ૧૫૬–૫૭

૨૦. જુઓ "નાગર બ્રાહ્મણોના જ્ઞાતિભેદો," પૃ. ૫૯–૬૧

૨૧. ડૉ. ર. ના. મહેતાને મતે સાઠોદરા નાગરોનું આગમન ૧૫–૧૬ મી સદી પહેલાં પુરવાર થતું નથી.
જુઓ 'નાગર ખંડ–સમયાંકન,' "સ્વાધ્યાય," પુ. ૭ (ઈ. સ. ૧૯૭૦), પૃ. ૧૪૧

૨૨. કાવ્યાનુશાસન : ઉપોદ્ઘાત, પૃ. ૧૩૫ ઉપરની પાદટીપ
૨૩. શાસ્ત્રી, દુ. કે., "ઐતિહાસિક સંશોધન," પૃ. ૭૦૯
૨૪. સાંકળિયા હ. ધીં., ધી "આર્કિયોલોજી ઑફ ગુજરાત," પૃ. ૨૭૮; શાસ્ત્રી દુ. કે., "ઐતિહાસિક સંશોધન," પૃ. ૬૪૩–૪૪
૨૫–૨૬. શાસ્ત્રી દુ. કે., "ગુ. મ. રા. ઇ.," પૃ. ૧૭૬
૨૭–૨૮. સાંકળિયા હ. ધી., "આર્કિયોલોજી ઑફ ગુજરાત," પૃ. ૨૦૮
૨૯. અ. નં. ૧૧૧
૩૦. દવે, ક. ભા., ગુજરાતનાં જ્ઞાતિપુરાણો અને 'તીર્થમાહાત્મ્યો', "સ્વાધ્યાય," નવેમ્બર, ૧૯૬૭, પૃ. ૯૭
૩૧–૩૨. વૈદ્ય, સી. વી., "હિસ્ટરી ઑફ મિડિયવલ હિન્દુ ઇન્ડિયા," ભા. ૨, પૃ. ૧૭૦–૭૧
૩૩. સાંકળિયા, હા. ધી., "સ્ટડીઝ ઇન ધી હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ જ્યોગ્રોફી એન્ડ એથનોગ્રાફી ઑફ ગુજરાત," એપેન્ડિક્ષ ૪, પૃ. ૨૦૫–૨૪૫
૩૪. એજન, પૃ. ૧૪૩–૪૪
૩૫. દવે, ક. ભા., ઉપર્યુક્ત, "સ્વાધ્યાય", પૃ. ૧૦૩–૦૪
૩૬. જુઓ "શ્રીધર્મારણ્ય પુરાણ", અધ્યાય ૫, ૭, ૮, વગેરે.
૩૭. દેસાઈ, મો. દ., "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ," પૃ. ૧૭૩–૭૪
૩૮. 'શ્રી ધર્મારણ્યપુરાણ,' ૪૩–૭૪ થી ૭૬, ૪૫–૫૦
૩૯. જુઓ જૈન પ્રતિમાઓની લેખસૂચિ.
૪૦. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, પૃ. ૨૧૨–૧૩
૪૧. સાંકળિયા, હ. ધી., "સ્ટડીઝ ઇન ધી હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ...," પૃ. ૧૪૩–૪૪
૪૨. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, પૃ. ૧૭૨–૭૩
૪૩. વ્યાસ, મ. બ. (સંગ્રાહક સંશોધક), "શ્રીમાળી (વાણિયા)ઓનો જ્ઞાતિભેદ," પૃ. ૧૧૭
૪૪. અ. નં. ૨૨, નં. ૧૦૧
૪૫. "ગુ. રા. સાં. ઇ.," ગ્રં. ૪, પૃ. ૨૩૦ ૪૬. અ. નં. ૧૧૦, ૧૩૧
૪૭. સાંકળિયા, હ. ધી., "સ્ટડીઝ ઇન ધી હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ.....," પૃ. ૧૪૪
૪૮. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, પૃ. ૨૪૭–૪૮
૪૯. શાસ્ત્રી, કે. કા., "આપણા કવિઓ," ખં. ૧, રાસયુગ, પૃ. ૪૦

૫૦. શાસ્ત્રી, દુ. કે., "ગુ. મ. રા. ઇ.," પૃ. ૧૯
૫૧. સાંકળિયા હ. ધી., "ધી સ્ટડીઝ ઈન ધી...," પૃ. ૧૪૬–૪૮
૫૨. પ્ર. લે. નં. ૪૦૫ ૫૩. "આપ્રાજૈલેસં." લે. ૨૫૧, પૃ. ૧૦૪
૫૪. અ. નં. ૬૨ ૫૫. અ. નં. ૫૨
૫૬. અ. નં. ૫૦ ૫૭. અ. નં. ૯૨
૫૭/૧. અ. નં. ૯૫ ૫૭/૨. અ. નં. ૯૪ ૫૭/૩ અ. નં. ૧૮૨
૫૮. આ નામો કયા લેખોમાં પ્રયોજાયાં છે તે અંગે આ લેખિકાના આ શીર્ષકના મૂળ મહાનિબંધનાં પૃ. ૨૬૭ થી ૨૭૪ જુઓ.
૫૯. "આપ્રાજૈલેસં," લે. ૨૫૧, પૃ. ૧૦૪
૬૦. અ. નં. ૧૦ ૬૧. અ. નં. ૧૯–અ
૬૨. "જૈસપ્ર," પુ. ૧૯, પૃ. ૬; ચાર જૈન તીર્થ, પૃ. ૭૨
૬૩. અ. નં. ૧૪ ૬૪. અ. નં. ૧૩ ૬૫. અ. નં. ૧
૬૬. અ. નં. ૯૯ ૬૭. અ. નં. ૯૫ ૬૮. અ. નં. ૯૪
૬૯. અ. નં. ૧૬૭ ૭૦. અ. નં. ૬ ૭૧. અ. નં. ૧૭૬
૭૨. અ. નં. ૧૬૭ ૭૩. અ. નં. ૯૫ ૭૪. અ. નં. ૬૯
૭૫. અ. નં. ૧૩૪ ૭૬. અ. નં. ૯૬ ૭૭. અ. નં. ૧૮૩
૭૮. અ. નં. ૧૧૧ ૭૯. અ. નં. ૧૩૩ ૮૦. અ. નં. ૧૧૧
૮૧. અ. નં. ૧૮૩ ૮૨. અ. નં. ૧૭૭ ૮૩. અ. નં. ૧૮૩
૮૪. અ. નં. ૩૯ ૮૫. અ. નં. ૬૧ ૮૬. અ. નં. ૭૨
૮૭. અ. નં. ૧૩૩ ૮૮. અ. નં. ૧૮૩ ૮૯. અ. નં. ૯૫
૯૦. અ. નં. ૫ ૯૧. અ. નં. ૧૪ ૯૨. અ. નં. ૧૯–અ
૯૩. અ. નં. ૧૩૪ ૯૪. અ. નં. ૮૯ ૯૫. અ. નં. ૮૩
૯૬. અ. નં. ૧૧૧, ચાજૈલે; નં. ૨ ૯૭. અ. નં. ૬
૯૮. અ. નં. ૧૮૩ ૯૯. અ. નં. ૧૦૪ ૧૦૦. અ. નં. ૩૨
૧૦૧. અ. નં. ૬ ૧૦૨. અ. નં. ૨૨; "બુદ્ધિપ્રકાશ," ૧૯૫૧, પૃ. ૪૦
૧૦૩. અહીં પ્રયોજાયેલ નામો કયા લેખમાં વપરાયાં છે તેની વિગત માટે જુઓ લેખિકાનો મૂળ મહાનિબંધ, પૃ. ૨૮૦–૮૧
૧૦૪. એજન, પૃ. ૨૮૧–૮૨
૧૦૫. વસ્તુપાલ–તેજપાલની માતાએ વિધવા પુનઃલગ્ન કરેલ, જે માહિતી ઇતિહાસ-પ્રસિદ્ધ છે.
૧૦૬. "લેખપદ્ધતિ", પૃ. ૫૨

૧૦૭. મૂળમાં 'કુલહર કુટુંબં કૃત્વા,' એવા શબ્દો છે.
૧૦૮. આનો અર્થ 'પુત્રીને ઠામ બેસાડી'–એવો થાય.
૧૦૯. "ગુ. રા. સાં. ઇ.," ગ્રં. ૩, પૃ. ૧૯૦
૧૧૦–૧૧૧. 'લેખપદ્ધતિ,' પૃ. ૪૪–૪૭
૧૧૨. એજન, પૃ. ૪૭
૧૧૩. આચાર્ય ન. આ., "ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ," પૃ. ૨૭૨
૧૧૪. દ્વયાશ્રય," સર્ગ ૨૦, શ્લો. ૧૦૦
૧૧૫. જુઓ "એ. ઈ.," ગ્રં. ૩, પૃ. ૨૬૬; તથા "પ્રાલેમા," નં. ૧૨, જેમાં "અપુત્રિકાધન" શબ્દ પ્રયોજાયો છે.
૧૧૬. અ. નં. ૪૩
૧૧૭. અ. નં. ૬–બ
૧૧૮. મજુમદાર, એ. કે., "ચૌલુક્યઝ ઑફ ગુજરાત", પૃ. ૩૬૦
૧૧૯. મોદી રામલાલ ચુ., "સંસ્કૃત દ્વયાશ્રય કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ," પૃ. ૧૮
૧૨૦. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૩૫૯
૧૨૧. અ. નં. ૬૧ ૧૨૨ અ. નં. ૧૪ ૧૨૩ અ. નં. ૬
૧૨૪. આ અંગેની બિગતો અલગ પરિશિષ્ટમાં આપી છે.

# ૭ ધાર્મિક સ્થિતિ

**પ્રાસ્તાવિક :**

ચૌલુક્યકાલીન અભિલેખોનો મુખ્ય વિષય દાનશાસનનો રહ્યો છે. આ દાનશાસનોમાં જે દાનની વિગતો મળે છે તે દાન ધાર્મિક હેતુનું જ જણાય છે. આ કાલનાં તામ્રપત્રો, શિલાલેખો અને પ્રતિમાલેખોના આધારે એ સમયની ધાર્મિક પ્રવૃત્તિઓ વિશે ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે.

**ધર્મદાય :**

એ જમાનામાં દાનનું મહત્ત્વ અંકાયું હતું. ધર્મશાસ્ત્રમાં તેમજ પુરાણોમાં એનો મહિમા જોરશોરથી ગવાયો હતો. પૌરાણિક ધર્મના પ્રચાર સાથે આ દાન પૂર્ત ધર્મનો પણ ભારે ફેલાવો થયો હતો. કલિયુગમાં દાનને ધર્મનું પરમ અંગ માનવામાં આવ્યું હતું. ગૃહસ્થોનો પણ એ પરમ ધર્મ ગણાતો.[1] અભિલેખો તેમજ સાહિત્યમાં થયેલા ઉલ્લેખો તેમજ ઉપલબ્ધ અવશેષો એ બાબતના સમર્થક છે. દાન લેવાનાં વિવિધ દ્રવ્યો પૈકી અમુક દ્રવ્યોનું દાન ઉત્તમ કોટિનું એટલે કે મહાદાન ગણવામાં આવતું. એમાં સુવર્ણ, ધેનું, અશ્વ, હસ્તી, ભૂમિ, કન્યા વગેરેનો સમાવેશ થતો.[2] ક્યારેક ધેનું, ભૂમિ અને વિદ્યાનું દાન અત્યુત્તમ અતિદાન કોટિનું માનવામાં આવતું.[3] સાધારણ રીતે ભૂમિદાન સર્વોત્તમ કોટિનું ગણાતું.[4] સુવર્ણ, ધેનુ, અન્ન વગેરે પદાર્થોનું દાન કરવાનો અધિકાર સર્વમાન્ય હોવાથી બધા વર્ણના લોકો એ પ્રકારનાં દાન યથાશક્તિ આપતા હશે. પણ આ જંગમ પ્રકારના દાનને અંગે લખાણ લખવાની ભાગ્યે જ જરૂર રહેતી હોય. જો એનું ખત કદાચિત લખાવ્યું હોય તો પણ એ પદાર્થોનો ઉપયોગ અનિત્ય હોવાથી એને તામ્રપત્ર જેવા અક્ષય પદાર્થ પર કોતરવાની જરૂરિયાત ભાગ્યે જ પડે. આથી વિપરીત, સ્થાવર ભૂમિનું દાન શાશ્વત હોઈ ભૂમિદાનને અંગે હંમેશા ખત લખવામાં આવતું ને તે પ્રતિગ્રહિતાને તાંબાના પતરા પર લખી આપવામાં આવતું. ચૌલુક્ય-કાલ દરમ્યાન આવાં ભૂમિદાન લખાયેલ અનેક પ્રકારનાં તામ્રપત્રો મળી આવ્યાં છે. અલબત્ત, તેના પૂર્વેના મૈત્રકકાલની સરખામણીએ ચૌલુક્યકાલમાં તામ્રપત્ર પર લખેલાં દાનશાસનોની સંખ્યા ઓછી મળી છે. આ કાલમાં શિલા પર લખેલા

લેખોની સંખ્યાનું પ્રમાણ વધુ મળે છે. આ દાનશાસનોમાં દાતા તરીકે રાજા ઉપરાંત એના મહામાત્ય કે મંત્રી તેમજ રાજકુળના બીજા સભ્યોનાં નામ પણ મળે છે.[૫] ચૌલુક્યકાલ દરમ્યાન ખંડિયા રાજાઓ પણ ભૂમિદાન કરી શકતા હતા એ વાત લક્ષ્યમાં લેવા જેવી છે.[૬] આથી ભૂમિદાન આપવાનો અધિકાર રાજા ઉપરાંત એમના સામંતોને પણ હોવાનું પ્રતીત થાય છે.

દાતાઓ આ દાન પોતાનાં માતાપિતા તથા પોતાનાં યશ તથા પુણ્યની અભિવૃદ્ધિ માટે તેમજ ધાર્મિક વૃત્તિથી પ્રેરાઈને કરતા હતા.

ભૂમિદાનમાં કેટલીક વાર ખેતર, વાવ, કૂવો તેમજ આખા ગામનું પણ દાન અપાતું. ધર્મદાનનો પ્રતિગ્રહ કરનારને એ ભૂમિની ઉપજના સર્વ અધિકાર આપવામાં આવતા હતા. એ અધિકાર પેઢી–દર–પેઢી સુધી ચાલુ રહે તે રીતે શાશ્વત કાલ માટે આપવામાં આવતો. લગભગ દરેક રાજાનું આવું ઓછામાં ઓછું એકાદ દાનશાસન તો મળેલું છે. ઘણા રાજાઓનાં એકથી વધારે દાનપત્રો પણ મળેલાં છે.[૭] ઉપરાંત અન્ય વિગતોની નોંધવાળા પણ ઘણા લેખો મળેલા છે. આ લેખોને આધારે ચૌલુક્યકાલીન ઇતિહાસ તેમજ સંસ્કૃતિને લગતી કેટલીક વિશિષ્ટ માહિતી ઉપલબ્ધ થાય છે, જેમાં તત્કાલીન ધાર્મિક સ્થિતિ વિશે સર્વાધિક માહિતી ઉપલબ્ધ થાય છે.

ઉપલબ્ધ સાધનસામગ્રીને લક્ષમાં લેતાં આ કાલમાં અપાયેલ ધર્મદાયોને બે વર્ગમાં વહેંચી શકાય : (૧) દેવદેય એટલે કે દેવાલયને અર્પણ કરેલાં[૮] અને (૨) બ્રહ્મદેય એટલે કે બ્રાહ્મણને આપેલાં દાન. ચૌલુક્યકાલીન દાનશાસનોમાં ઘણાં દાન બ્રાહ્મણોને આપવામાં આવેલાં જોવા મળે છે, જેમકે ભીમદેવ ૨ જાના આહડના દાનપત્ર પરથી બ્રાહ્મણને દાન અપાયાનો ઉલ્લેખ છે,[૯] જ્યારે બાકીનાં દાન દેવાલય, વાપી, કૂવા, ધર્મશાળા, સત્રાગાર, તેલ માટેની ઘાણી, સરોવર વગેરેના નિભાવ નિમિત્તે આપવામાં આવેલાં છે.[૧૦] કેટલાંક દાન વિદ્યાલયના નિભાવ માટે પણ આપવામાં આવેલાં છે.[૧૧]

ગ્રંથોમાં દાન આપનારને દાતા, દાન લેનારને પ્રતિગ્રહીતા અને દાનમાં આપવામાં આવતા પદાર્થને દેય કહેવામાં આવે છે.[૧૨] દાનપત્રમાં દાન આપવામાં રહેલો દાતાનો હેતુ તેમજ એ દાન વડે પ્રતિગ્રહીતાને જે લાભ થાય છે તેનો ખ્યાલ આપેલ હોય છે. દાન આપનાર દાતાનો મુખ્ય હેતુ અગાઉ કહ્યું તેમ માતાપિતાનાં તથા પોતાનાં પુણ્ય અને યશની વૃદ્ધિ માટે અથવા માતાપિતાના પુણ્યની અભિ-

વૃદ્ધિનો અને પોતાનાં ઐહિક તેમજ આમુષ્મિક ઇચ્છિત ફળની પ્રાપ્તિ માટેનો રહેતો. બ્રાહ્મણ વ્યક્તિને જો દાન આપવામાં આવ્યું હોય તો એના પ્રતિગ્રહીતાને ધાર્મિક ક્રિયાઓના અનુષ્ઠાન માટે તેમજ તેના પોતાના તથા એના કુટુંબના નિભાવ માટે દાન આપવામાં આવતું. જો દાન દેવાલયને આપવામાં આવતું તો એનું મુખ્ય પ્રયોજન દેવપૂજન, ઉપાસના યથાવત ચાલુ રહે તેમજ દેવાલયના પૂજારીના ભરણ-પોષણ માટે તથા દેવાલયની સુરક્ષા માટે રહેતું. દેવાલયની સાથે જો સત્રાગાર આવેલ હોય તો સત્રાગારમાં ભોજન તેમજ અન્ય જોગવાઈ માટે પણ જણાવવામાં આવતું.

ચૌલુક્યકાલમાં ઘણાંખરાં દાન મુખ્યત્વે રાજધાની અણહિલપુરમાંથી આપવામાં આવેલાં જણાય છે. કેટલાંક દાન જુદી જુદી જગ્યાએ નાખેલી વિજય–છાવણીમાંથી પણ આપેલાં છે. દા.ત. ભીમદેવ ૧ લાએ વિ.સં. ૧૧૨૦ (ઈ. સ. ૧૦૬૪)માં પોતાની છાવણી ઇંલા (પાલનપુરથી અગ્નિ ખૂણે હાલનું ઇલોલ) મુકામે હતી ત્યારે જાનક નામના મોઢ બ્રાહ્મણને ત્રણ હળ જમીન દાનમાં આપી હતી.[૧૩]

દાનશાસનમાં જણાવેલી મિતિઓને આધારે કહી શકાય કે દાન માટે મોટે ભાગે પર્વદિનોની પસંદગી થતી. એમાં પૂર્ણિમા, અમાવાસ્યા, મકરસંક્રાંતિ, સપ્તમી, ચતુર્દશી, સૂર્યગ્રહણ અને અધિક માસની મિતિઓ નોંધપાત્ર જણાય છે. આ બધામાં પૂનમના દિવસે તેમજ અમાસના દિવસે દાન અપાયાના વધુ કિસ્સા સાધારણ રીતે નજરે પડે છે.[૧૪]

દાન ધાર્મિક વિધિપૂર્વક કરવામાં આવતું, જેમાં સ્નાન કરીને, સૂર્યપૂજા કરીને જલાંજલિ સાથે અથવા પિતૃતર્પણ કરીને, શ્રાદ્ધ કરીને અથવા જલાંજલિ લઈ, કોઈ દેવ કે દેવીની સ્તુતિ કરીને આપવાના વિધિનો સમાવેશ થતો.

દાન રાજાના સ્વમુખે આજ્ઞા આપીને, રાજ્યની જવાબદાર વ્યક્તિ મારફતે સંદેશો પહોંચાડી જાહેર કરાતું. દાનને લગતું ખત બધી વિગતો મેળવ્યા બાદ તૈયાર કરવામાં આવતું. મહાસાંધિવિગ્રહકોને દાનપત્રનો મુસદ્દો ઘડવાનું કામ સોંપવામાં આવતું. આ અધિકાર રાજ્યના કોઈ અન્ય મંત્રીને પણ સોંપવામાં આવતો.

આ દાનશાસનના લેખમાં શાસન ફરમાવ્યાનું સ્થળ, દાતાના પૂર્વજો તેમજ એની પોતાની વિગતો, પ્રતિગ્રહીતા, દેય, દાન આપવાનું પ્રયોજન, દૂતક, લેખક અને મિતિ જેવી અત્યંત મહત્ત્વની જરૂરી વિગતો નોંધવામાં આવતી. લેખના અંત-

ભાગમાં લેખ કોતરનાર તથા મહાસાંધિવિગ્રહક વગેરેનાં નામોનો પણ ઉલ્લેખ કરવામાં આવતો. લેખના અંતે રાજાના હસ્તાક્ષર પણ કરાતા.

ચૌલુક્યકાલનાં દાનશાસનોની સૌથી નોંધપાત્ર વાત એ છે કે કેટલાંક દાન-શાસનોમાં રાજાના હસ્તાક્ષર આપવામાં આવેલ નથી[૧૫] અને છતાં એ દાનશાસન ઉપયોગમાં લેવાયેલું સ્પષ્ટ જણાય છે. આ બાબત વિશે હજી વિદ્વાનોનુ ધ્યાન ગયું નથી.[૧૬] દાનનું સંબોધન મુખ્યત્વે લાગતાવળગતા અધિકારીઓ તેમજ સ્થાનિક લોકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવતું.

રાજા પોતે આપેલા દાનપત્રને જિંદગીપર્યંત ચાલુ રાખે એ વાસ્તવિક છે, પરંતુ પછી આવનાર રાજવીઓ એ દાનને માન્ય રાખશે કે કેમ એવી શંકા ઉપસ્થિત રહેતી હતી, આથી આપેલા દાનને અનુમોદન આપવા માટે આગ્રહ રાખવામાં આવતો અને એને આગામી ભદ્ર નૃપતિઓની નૈતિક ફરજ માનવામાં આવતી હતી. આ અનુરોધમાં પોતાના દાનશાસનનો ભંગ કરનારને અથવા કરવા દેનારને પંચમહાપાતકો ને ઉપપાતકો લાગશે એવો ધાર્મિક ભય બતાવવામાં આવતો હતો.

પૂર્વવર્તી મૈત્રક અને અનુમૈત્રક કાલનાં દાનશાસનોની જેમ, ચૌલુક્યકાલીન દાનશાસનોમાં પણ દાનથી અને દાનના અનુપાલનથી પ્રાપ્ત થતા પુણ્યને લાગતા તેમજ આપેલા દાનનો ભંગ કરનારને લાગતા પાપને લગતા શ્લોકો ટાંકવામાં આવેલા છે. ઉપલબ્ધ દાનશાસનોમાં નીચે પ્રમાણેના શ્લોકો જોવા મળે છે :

षष्टिं वर्षसहस्राणि स्वर्गे मोदति भूमिदः ।
आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसेत् ॥

(અ. સૂચી નં. ૬, ૧૨, ૧૦૩)

(ભૂમિદાતા સાઠ હજાર વર્ષો સુધી સ્વર્ગમાં વસે છે અને આપેલી ભૂમિ છીનવી લેનાર એટલાં જ વર્ષો સુધી નરકમાં જાય છે.)

यानीह दत्तानि पुरा नरेन्द्रैर्दानानि धर्म्मार्त्थयशस्कराणि ।
निर्म्माल्यवान्तप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥

(અ. સૂચી નં. ૬)

(અગાઉ રાજાઓએ ધર્મ, અર્થ અને યશ દેનારાં જે દાન અહીં આપેલાં હોય તે નિર્માલ્ય જેવાં દાનોને કયો સતપુરુષ પાછું લઈ લે?)

बहुभिर्व्वसुधा भुक्ता राजभिस्सगरादिभिः ।
यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलम् ॥

(સગર વગેરે અનેક રાજાઓ (આ) ભૂમિને ભોગવી ગયા છે. જ્યારે જેની પાસે જે ભૂમિ હોય તેનું તેને ત્યારે ફળ મળે છે.)

(આ શ્લોક લગભગ બધામાં મળે છે).

स्वदत्तां परदत्तां वा यो हरेत वसुन्धराम् ।
गवां शतसहस्रस्य हन्तुः प्राप्नोति किल्बिषम् ॥

(પોતે કે પારકે આપેલી ભૂમિને જે નર હરે છે તેને લાખો ગાય હણ્યાનું પાપ લાગે છે).

(અ. સૂચી નં. ૮૯)

दत्त्वा भूमिं भाविनः पार्थिवेन्द्रान् भूयो भूयो याचते रामभद्रः ।
सामान्योऽयं दानधर्म्मो नृपाणां स्वे स्वे काले पालनीयो भवद्भिः ॥

(ભૂમિનું દાન કરીને રામભદ્ર ભાવી રાજાઓની પાસે વારંવાર યાચના કરે છે. આ રાજાઓનો સામાન્ય દાનધર્મ તે આપ સૌએ પોતપોતાના કાલમાં પાળવો જોઈએ.)

विन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः ।
कृष्णाहयो हि जायन्ते भूमिदायं हरन्ति ये ॥

(જે આપેલું ભૂમિદાન છીનવી લે છે તે વિંધ્યની નિર્જળ અટવીઓમાં શુષ્ટ કોટરમાં વસતા કાળા સાપ તરીકે જન્મે છે.)

(અ. સૂચી નં. ૧૭૬)

દાનશાસનમાં જણાવેલ ઉપર્યુક્ત શ્લોકો ભગવાન વેદ વ્યાસ રચિત જણાવવામાં આવેલાં છે. આમાંના ઘણાખરા શ્લોકો પુરાણોમાંથી મળી આવે છે તેથી કદાચ એ શ્લોકો પુરાણોમાંથી આવ્યા હશે.[૧૭] અલબત્ત, બધાં પુરાણોના કર્તા વેદવ્યાસને માનવામાં આવે છે તેથી વેદ વ્યાસને નામે આ શ્લોકો મૂકવાનું પ્રયોજન પણ એ હોઈ શકે.

ભૂમિના ધર્મદાયને લગતા રાજશાસનના ખતમાં પ્રાચીન પ્રણાલિકાનું અનુસરણ નજરે પડે છે. અલબત્ત, અહીં બધાં જ દાનશાસનોમાં આ બધા શ્લોકો આપેલા હોતા નથી.

લેખના અંતે લેખ ઘડનારના નામ પછી દાનશાસનનો સંદેશો આપનાર દૂતકનું નામ અને દાનની મિતિ જણાવી દાનપત્ર પૂરું કરવામાં આવતું અને એના પર રાજાના હસ્તાક્ષર કરાવી એનો મુસદ્દો શાહીથી તામ્રપત્ર પર લખવામાં આવતો

અને પછી કંસારો એ પ્રમાણે કોતરતો. આ રીતે તૈયાર થતાં તામ્રશાસનની આ પ્રત દાન લેનારની પાસે કાયમ રહેતી. લેખનદ્રવ્ય–તાંબાના ટકાઉપણાને લઈ ને[૧૮] દાનનો પ્રતિગ્રહીતા પોતે અને પોતાના વંશજોને દાન પરના પોતાના અધિકારના આધાર–લેખ તરીકે એ કાયમ માટે કામ લાગતી. ચૌલુક્યકાલીન દાનશાસનોમાં તામ્રપત્રોની કડીના સાંધા પર રાજમુદ્રા જોવા મળતી નથી. અલબત્ત, એથી એની વિશ્વસનીયતા ઘટતી નથી.

## (૩) પૂર્તધર્મ

ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં પરમાર્થધર્મને પૂર્તધર્મ[૧૯] કહે છે. આ પૂર્તધર્મ એટલે દેવાલય, વાપી, કૂવા, તડાગ વગેરે લોકોપયોગી બાંધકામ કરાવવાં તેમજ સત્રાગર, ધર્મશાળા, પાઠશાળા વગેરે ધર્મદાય(ધર્માદા)ની સંસ્થાઓ કરાવવી.

સાધારણ રીતે ભૂમિદાનનો અધિકાર લગભગ રાજકુળનો જ રહેતો હતો, પરંતુ પૂર્ત દાન કરવાનો અધિકાર લગભગ રાજકુળનો જ રહેતો. ભૂમિદાનનો લાભ ઘણુ કરીને બ્રાહ્મણો, પાઠશાળાઓ તેમજ ધર્મશાળાઓ, દેવાલયોને જ મળતો હતો, જ્યારે પૂર્તદાનનો લાભ સાર્વજનિક રહેતો, આથી પૂર્તદાનનો ઘણો મહિમા પ્રવર્ત્યો હતો. આ પ્રકારના દાનને ચૌલુક્યકાલમાં ઘણું પ્રોત્સાહન મળતું જણાય છે. પ્રજા તેમજ રાજા બંનેએ એમાં ખૂબ રસ દાખવ્યો હોવાનું નીચેના વિવરણ પરથી ફલિત થાય છે.

## (૪) પૂર્તકાર્યોની સમીક્ષા :

ચૌલુક્યકાલ દરમ્યાન પૂર્તધર્મનો વિકાસ આ કાલના આરંભથી થતો વરતાય છે.

કર્ણદેવ ૧ લાના વિ. સં. ૧૧૪૮ના દાનપત્રમાં[૨૦] સૂણક (જિ. મહેસાણા) ના સરોવરના નિભાવ માટે આનંદપુર વિષયનાં ૧૨૬ ગામોના વહીવટી એકમરૂપ લઘુડાભી ગામનો એક ટુકડો દાનમાં આપ્યાનું નોંધાયું છે. સાધારણ રીતે સરોવરના નિભાવ માટે દાન અપાયાનું જાણવા મળતું નથી. એમ બને કે સૂણક જે મહામંદિર (આશરે ૧૧મી સદીના પૂર્વાર્ધ પછીનું)[૨૧] આવેલું છે, તે પરથી સૂણક અગત્યનું તીર્થ ગણાતું હોય અને આસપાસના લોકો મોટી સંખ્યામાં આવતા હોય તેથી ત્યાં ઠક્કર મહાદેવે સાર્વજનિક ઉપયોગ માટે મંદિર બાંધાવ્યું હોય અને એની સમીપના સરોવરને ફરતા ઘાટ (પગથિયા સાથે) મંડપ કે મંડપિકાઓ તથા સંભવતઃ દેવાલય કે દેવકુલિકાઓ કરાવી હોય. આ નિત્ય વપરાતા સ્થાનના નિભાવ માટે લોકો પાસેથી લાગા લેવામાં આવતા; એમ છતાં એના નિભાવ માટે કાયમી ઊપજ

મળે એ માટે સ્થાનિક લોકોએ અથવા વહીવટી લોકોએ વિનંતી કરી હોવી જોઈએ અને રાજાએ આ અંગે ચાર હળ (સાંતી) જેટલી ખેડવાણ ભૂમિ સૂણકની પાસે આવેલાં લઘુડાભી ગામમાંથી એ સરોવરના નિભાવ અર્થે આપી હશે.

વિ. સં. ૧૧૯૩ માં[૨૨] સિદ્ધરાજ જયસિંહના વખતમાં રાજ્યના ખજાનચી અંબપ્રસાદના સંબંધીઓએ ચંદ્રભાગા નદીને કિનારે દ્રુમતીર્થમાં (ગાળાને એ વખતે દ્રુમતીર્થ તરીકે ઓળખવામાં આવતું હશે) ગણેશ અને ભટ્ટારિકાદેવીનું મંદિર બંધાવેલું હતું.

વિ. સં. ૧૧૯૬માં સિદ્ધરાજ જયસિંહના સમયના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે જયસિંહના સેનાપતિ કેશવે દધિપદ્ર(હાલનું દાહોદ)માં પોતાની માતાના શ્રેય અર્થે ગોગ્નારાયણનું મંદિર બંધાવ્યું હતું.[૨૩] આ વિષ્ણુમંદિર હતું એમ કેટલાક વિદ્વાનો ધારે છે,[૨૪] પરંતુ એ બરાબર નથી. આ બાબત તરફ અંગુલિનિર્દેશ કરીને શ્રી રત્નમણિરાવે યોગ્ય રીતે જ ગોગ્ગનારાયણ એ સર્પમંદિર હોવાનું જણાવ્યું છે. તેઓ ઉમેરે છે કે એ વખતે સર્પપૂજા પ્રચલિત હતી અને ગોગ્ગ નામે પૂજાતા સર્પદેવતાનાં મંદિરો પણ બંધાતાં હતા[૨૫] અહીં વધુમાં ઉમેરવાનું કે ગોગા(ઘોઘા)બાપા તરીકે આજે પણ સર્પદેવતા અને નાગદેવતાની પૂજા ગુજરાત–સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે.

વિ. સં. ૧૨૦૨ ના માંગરોળના સોઢળીવાવના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલના સમયમાં શ્રી સાહારનો પૌત્ર અને સહજીગનો પુત્ર ગૂહિલ મૂલુક રાજ્ય કરતો હતો. તેના નાનાભાઈ સોમરાજે પોતાના પિતાની યાદગીરીમાં સહજિગેશ્વર મંદિર બંધાવ્યું તેમજ એના નિભાવ માટે દેગુઆ નામની વાવ દાનમાં આપી હતી. આ વાવ હાલમાં માંગરોળ પાસે હોવાનું મનાય છે.[૨૬]

ચૌલુક્યકાલમાં મોટા ભાગનાં દાન તેમજ પૂર્ત ઘણું કરીને મંદિર, વાવ, સરોવર, કૂવા વગેરેને નિમિત્તે અર્પણ થયેલ જણાય છે. વિ. સં. ૧૨૦૭ના કુમારપાલના શિલાલેખમાં[૨૭] જણાવ્યા પ્રમાણે રાજા કુમારપાલે સમિદ્ધેશ્વર મંદિરમાં પૂજા કરી એના નિભાવ માટે એક ગામ અને તેલની ઘાણી દાનમાં આપેલી. અત્યાર સુધીનાં પૂર્તકાર્યોમાં આ ઘાણીનું દાન વિશિષ્ટ ભાત પાડે છે.

વિ. સં. ૧૨૦૭ માં કુમારપાલે વડનગરની સુરક્ષા માટે ફરતો કોટ કરાવ્યો હતો તેમજ લોકહિત માટે ત્યાં જળાશય કરાવ્યાં હતાં.[૨૮]

વિ. સં. ૧૨૧૬ ના કુમારપાલના બાલીના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે વાલરી ગામ અનુપમેશ્વર દેવને ભેટ આપ્યું હતું તેમજ બહુસુણદેવીની પૂજા માટે ૧ હળ જમીન અને વાડી દાનમાં આપ્યાં હતાં.

વિ. સં. ૧૨૨૦ ના કુમારપાલના ઉદયપુરના લેખમાં જણાવ્યા અનુસાર કુમારપાલે ચંદ્રગ્રહણના દિવસે ઉદલેશ્વર મંદિરના નિભાવ માટે દાન આપ્યું હતું.

વિ. સં. ૧૨૨૨ માં કુમારપાલના સમયમાં ચાહડ ઠાકુરે માતાપિતાના પુણ્યની વૃદ્ધિ માટે ઉદયપુરમાં મંદિરના નિભાવ માટે સાંગવદા ગામનો અર્ધો ભાગ દાનમાં આપ્યો હતો.[૨૯] આ પરથી કહી શકાય કે મંદિરના નિભાવ માટે ગામની ઊપજનો અર્ધ ભાગ પણ અપાતો હતો.

વિ. સં. ૧૨૨૨ ના ગિરનારના એક લેખમાં રાણિગના પુત્ર આંબાકે સુવાવડી પરબ નીચે રસ્તાની ઉત્તર બાજુ (આ સ્થળ ગિરનારમાં આવેલું છે.) પગથિયાં કરાવ્યાં હતાં. આ સુવાવડી એટલે 'સારી વાવડી' અર્થાત્ 'સારી વાવ' અને એના પરની પરબ પર ચડવા કરાયેલ પગથિયાંની આ વાત હોવાનું કહી શકાય.

આ આંબાકે વિ. સ. ૧૨૨૩ માં ગિરનારમાં ખબુત્રીખાબમાં પગથિયાં કરાવ્યાં હોવાનું ગિરનારના લેખોમાં નોંધાયેલું છે.

વિ. સં. ૧૨૨૫ માંના એક શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલના સચિવ ધવલની પત્નીએ આનંદનગર (વડનગર)માં શિવાલય બંધાવ્યું હતું ને એના નિભાવ માટે એક ગામ દાનમાં આપ્યું હતું.[૩૦]

એ જ વર્ષના શિલાલેખમાં[૩૧] કુમારપાલે કરેલાં અસંખ્ય પૂર્તકાર્યોનો ઉલ્લેખ મળે છે, જેવો કે

(૧) કુમારપાલે વૃક્ષ, જળ વગેરે સાથે બ્રહ્મપુરી નામનું ગામ ઉપભોગ માટે આપ્યું.
(૨) દેવાલયના ઉદ્ધાર માટે ૫૫૫ પૂજ્ય જનોની પૂજા કરી.
(૩) મંદિરની દક્ષિણ અને ઉત્તર બાજુ મજબૂત દુર્ગ બંધાવી નગરનો વિસ્તાર કર્યો.
(૪) ગૌરી, ભીમેશ્વર, કપર્દી, સિદ્ધેશ્વર વગેરેનાં મંદિરો પર સુવર્ણકળશો મુકાવ્યા.
(૫) રાજાઓની સભા માટે દરબારખંડ બનાવરાવ્યો તેમજ રસોડાં અને સ્નાન માટે વાપીની રચના કરાવી.

(૬) મંદિરના આગળના ભાગમાં સ્તંભોના આધારવાળી પરસાળ બનાવી તેમજ રૂપાના જળમાર્ગવાળું મુંડકના આકારનું શિવનું આસન બનાવ્યું.
(૭) પાપમોચન દેવમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ નદીમાં પગથિયાં કરાવ્યાં.
(૮) બ્રાહ્મણો માટે વિશાળ ગૃહો બંધાવ્યાં.
(૯) સોમનાથના માર્ગ પર નવીન નગરમાં બે વાપી કરાવી અને ત્યાં અપર-ચંડિકાની સ્થાપના કરી.

કુમારપાલનાં ઉપર્યુક્ત કાર્યો એની પ્રશસ્તિમાં જણાવ્યાં છે.

વિ. સં. ૧૨૩૧ માંના અજયપાલના સમયના તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે ચાહુયાન વંશના મહામંડલેશ્વર વૈજલદેવે એક સત્રાગારને, ત્યાં નિયમિત ૫૦ બ્રાહ્મણો ભોજન કરે એ માટે એક ગામ દાનમાં આપ્યું હતું.

ત્રિભુવનપાલના વિ. સં. ૧૨૫૯ ના દાનપત્રમાં જણાવ્યા પ્રમાણે ત્રિભુવન-પાલના સમયમાં રાણા લૂણપ્રસાદે પોતાની માતા સલખદેવીના પુણ્યાર્થે માઉલ તલપદ્રમાં બાંધેલાં સત્રાગારમાં કાર્પટિકોના ભોજન માટે સૂર્યગ્રહણના દિવસે એક ગામ દાનમાં આપ્યું હતું.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩ ના દાનપત્રમાં ભીમદેવે રાણા સમરસિંહ ચક્રમાનની પુત્રી રાણી લીલાદેવીએ કરીરા અને માલકતરી ગામો વચ્ચે લીલાપુરમાં બંધાવેલા ભીમેશ્વર અને લીલેશ્વરનાં મંદિરો તેમજ પ્રપા (પરબ) અને સત્રાગારના નિભાવ માટે એક ગામનું દાન કરેલું હતું.

વિ. સં. ૧૨૬૪ ના મહેર રાજા જગમલ્લના ટિમાણાના તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે રાજા જગમલ્લે પોતાના પિતા અને માતાના શ્રેય અર્થે તળાજામાં દેવશ્રી ચઉડેશ્વર અને પૃથિવિદેવીશ્વરની બે મૂર્તિઓની સ્થાપના કરી હતી. આ ઉપરાંત આ બન્ને દેવોના રંગભોગ, પૂજાનૈવેદ્ય, ઉત્સવ દીપોત્સવ તેમજ સ્થાનના સમારકામ માટે તથા પ્રતિવર્ષ ધોળાવવા માટે અન્નપાકવાળી તેમજ પાક વિનાની ૫૫ પારા જમીન દાનમાં આપી. લેખ પરથી જણાય છે કે જેને ખેડવા ત્રણ ખેડૂતોની જરૂર પડે તેટલી આ જમીન હતી.

વિ. સં. ૧૨૬૫ માં ભીમદેવ ૨ જાના સમયમાં ઉજ્જૈનમાં શિવમઠના મહંત કેદારરાશિના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે એણે કોટેશ્વર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેમજ એ સ્થાનમાં કોટ બંધાવ્યો, અતુલનાથના જૂના નિવાસસ્થાનનું સમારકામ કરાવ્યું તેમજ કનખલનાથના આગળના ભાગમાં શૂલપાણિનાં બે નવાં

ભવ્ય મંદિરો કરાવેલાં. કેદારરાશિની બહેન મોક્ષેશ્વરીએ શિવનું મંદિર કરાવેલુ. આ ઉપરાંત કેદારરાશિએ કનખલના શંભુમંદિરમાં પથ્થરની સ્તંભાવલિ કરાવેલી.

વિ. સં. ૧૨૬૬ ના દાનપત્રમાં જણાવ્યા પ્રમાણે ખેતી માટેનો કૂવો તથા એના હવાડાના નિભાવ માટે ભૂમિદાન આપવામાં આવ્યાં હતાં. આ લેખ ભીમદેવ ૨ જાના સમયનો છે.[૩૨]

વિ. સં. ૧૨૭૩ ની શ્રીધરની દેવપાટણની પ્રશસ્તિને લગતા શિલાલેખમાં ભીમદેવ ૨ જાએ મેઘધ્વનિ નામવાળો સોમેશ્વરમંડપ બંધાવ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૭૫ ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાના રાજ્યમાં સોરઠદેશમાં કારભારી સામંતસિંહે માતરી–વાવના નિભાવ માટે ભરાણા ગામની માંડવીની ઊપજ દાનમાં આપી હતી.

વિ. સં. ૧૨૮૦ ના અભિનવ સિદ્ધરાજના દાનપત્રમાં એણે આનલેશ્વર અને સલખણેશ્વર મંદિરોના નિભાવ માટે ગામ દાનમાં આપ્યું હોવાની નોંધ છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૩ ના દાનપત્રમાં ભીમદેવે માંડલમાં મૂલેશ્વરનું મંદિર અને એને જોડેલા મઠના યોગીઓને નિત્ય પૂજા તેમજ ભોજન માટે ગામ દાનમાં આપ્યું હતું.

વિ. સં. ૧૨૮૬ (ઈ. સ. ૧૨૩૦)ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે મૂલુકના પુત્ર રાણકના રાજ્યમાં ભૃગુમઠમાં (ભૃગુમઠ–માંગરોળ બંદરની પૂર્વ દિશાએ ચાર માઇલ પાસે ઢેલાણા ગામની પાસે નોળી નદીના કાંઠા પર કામનાથ મહાદેવના મંદિરમાં આ મઠ આવેલો છે.) દેવની પૂજા માટે પથ્થરની પાટ આપી હતી.

વિ. સં. ૧૨૮૭ ના શિલાલેખમાંના ઉલ્લેખ પ્રમાણે વસ્તુપાલ અને તેજપાલે સરોવર, કૂવા, વનરાજિ, તળાવ, મંદિરો વગેરે ઘણાં શહેરો, ગામો, માર્ગો અને પર્વતનાં શિખરો પર કરાવ્યાં હતાં.

વિ. સં. ૧૨૮૭ માં તેજપાલે પોતાના પુત્ર લૂણસિંહના પુણ્ય માટે અર્બુદાચલ (આબુ) પર નેમિનાથનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૮૭ ના દાનપત્રમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવ ૨ જાએ આનલેશ્વર અને સલખણેશ્વર મંદિરોના નિભાવ માટે દેવાઉ ગામ દાનમાં આપ્યું, જ્યારે વિ. સં. ૧૨૮૮ ના એવા જ દાનપત્રમાં એ મંદિરોના બ્રાહ્મણોના ભોજનાર્થે તેમજ સત્રાગાર માટે ગામનું દાન (ગામનું નામ લેખમાં આપેલ નથી) પણ આપેલ છે.

વિ. સં ૧૨૯૧ ના ભીમદેવ ૨ જાના ધોળકાના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે પોતાના પુણ્ય અને આત્મશ્રેય અર્થે વાવ કરાવી, ગળેશ્વર મંદિરનો મંડપ કરાવ્યો તેમજ આ મંદિરનાં તોરણદ્વાર કરાવ્યાં.

વિ. સં. ૧૨૯૨ ના શિલાલેખમાંના ઉલ્લેખ પ્રમાણે જયાદિત્ય મંદિરમાં રત્નાદેવીની મૂર્તિ તેમજ મંદિર કરાવવામાં આવ્યાં હતાં.[33]

વિ. સં. ૧૨૯૫ ના દાનપત્રમાંના ઉલ્લેખ પ્રમાણે ભીમદેવ ૨ જાએ વીરમેશ્વર અને સૂમલેશ્વર મંદિરમાં પૂજારીના નિભાવ માટે ગામ દાનમાં આપ્યું હતું.

ભીમદેવ ૨ જાના અચોક્કસ મિતિવાળા લેખમાં જણાવ્યા પ્રમાણે એણે સોમનાથ મંદિર બંધાવ્યું હતું અને એનું નામ 'મેઘનાદ' પાડયું હતું.[34] હકીકતે એ મહામંદિરનો મેઘનાદ–મંડપ કરાવ્યાનો લગતો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૯૬ માંના ભીમદેવ ૨ જાના સમયના આબુ પરના શિલાલેખમાં[35] વસ્તુપાલ અને તેજપાલે નીચેની વસ્તુઓ કરાવ્યાની નોંધ છે :

(૧) વૈશાખ સુદિ ૩ ના દિવસે શત્રુંજય તીર્થ ઉપર તેજપાલે નંદીસરના પશ્ચિમ મંડપ આગળ આદિનાથ ભગવાનનું બિંબ તથા ધ્વજાદંડ અને કળશ સહિત દેવકુલિકા કરાવ્યાં.

(૨) જ્યારે આબુતીર્થમાં વસ્તુપાલે નીચેની વસ્તુઓ કરાવી :

—સત્યપુરીય મહાવીરબિંબ અને ખત્તક (ગોખલા) બનાવ્યા.

—ત્યાં પાષાણનું બિંબ કરાવ્યું.

—બીજી દેવકુલિકામાં બે ખત્તક અને ઋષભદેવ વગેરે તીર્થંકરોની ચોવીસી કરાવી.

—ગૂઢ મંડપમાં પૂર્વ બાજુના દ્વાર આગળ ખત્તક, મૂર્તિયુગ્મ અને આદિનાથનું બિંબ કરાવ્યાં.

—ગિરનાર પરના નેમિનાથના પાદુકામંડપમાં નેમિનાથનું બિંબ અને ખત્તક કરાવ્યાં.

—આદિનાથની આગળ મંડપમાં નેમિનાથનું બિંબ અને ખત્તક બનાવ્યાં.

—આબુમાં નેમિનાથના મંદિરની જગતીમાં બે દેવકુલિકા અને ૬ બિંબ કરાવ્યાં.

—જાબાલિપુર (જાલોર, રાજસ્થાન)માં પાર્શ્વનાથના મંદિરમાં આદિનાથનું બિંબ અને દેવકુલિકા કરાવ્યાં.

—તારણગઢ(તારંગા)માં અજિતનાથ મંદિરના ગૂઢ મંડપમાં આદિનાથ બિંબ અને ખત્તક કરાવ્યાં.
—વિજાપુરમાં દેવકુલિકા તથા નેમિનાથ અને પાર્શ્વનાથનાં બિંબો ભરાવ્યાં તથા મૂલપ્રાસાદમાં કવલી (ગાદી) અને ખત્તક તથા આદિનાથ અને મુનિસુવ્રતસ્વામીની પ્રતિમાઓ કરાવ્યાં.
—લાટપલ્લી (લાડોલ)માં આવેલા કુમારવિહારમાં જીર્ણોદ્ધાર સમયે પાર્શ્વનાથના આગળના મંડપમાં પાર્શ્વનાથનું બિંબ અને ખત્તક કરાવ્યાં.
—પ્રહ્લાદનપુર(પાલનપુર)માં આવેલા પાલ્હણવિહારમાં ચંદ્રપ્રભ તીર્થંકરના મંડપમાં બે ખત્તકો કરાવ્યાનો ઉલ્લેખ પણ છે.

આ ઉપરાંત આ સમયની લગભગ ૪૦૯ જેટલી પ્રતિમાઓ પૂર્તધર્મ પ્રમાણે પ્રતિષ્ઠા પામેલી જણાય છે. આ હકીકત પ્રતિમાલેખોને આધારે જાણવા મળે છે. પ્રતિમાનિર્માણ તેમજ એની પ્રતિષ્ઠાને લગતો પૂર્તધર્મ સમાજના ઘણાખરા વર્ગના લોકો સાથે મળીને, ધર્મસહિષ્ણુતાથી પ્રેરાઈને પળાતા હતા. સાધારણ રીતે વ્યક્તિને જેના પ્રત્યે આસ્થા હોય તે દેવ, દેવી, તીર્થંકર કે યક્ષ વગેરેની મૂર્તિઓ કરાવતા. આવી મૂર્તિઓ શાસ્ત્રીય વિધાન અનુસાર થતી.

### (૫) ધર્મભાવના :

ઇષ્ટધર્મ અને પૂર્તધર્મને લગતા ઉલ્લેખો પરથી ચૌલુક્યકાલીન લોકોમાં રહેલી ધર્મ માટેની ઉત્કટતાની ઝાંખી થાય છે અને એમાંય દાનશાસનોમાં આવતા સ્પષ્ટ ઉલ્લેખોને કારણે આ ધર્મભાવનાનું ચિત્ર વધુ જીવંત થાય છે. ચૌલુક્ય રાજાઓની પ્રશસ્તિઓમાં કળિયુગના વિલાસ દૂર કરી કૃતયુગ પ્રવર્તાવવા માટે મનુ વગેરેએ રચેલી સ્મૃતિઓમાં જણાવેલ ધર્મપાલનનો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. ચૌલુક્ય રાજાઓ પરાવિદ્યા (અધ્યાત્મવિદ્યા), ત્રણ વેદો તેમજ શાસ્ત્રાભ્યાસ[૩૬] દ્વારા સુચરિત કેળવતા તેમજ ધર્મરાજ યુધિષ્ઠિરની જેમ વિનય અને વ્યવસ્થા તેમજ શાંતિ સ્થાપીને પ્રજાના ચિત્તને પ્રસન્ન રાખનાર અર્થાત્ પ્રજાનાં ચિત્તનું રંજન કરનાર હોઈને "રાજા" શબ્દને સાર્થક કરતા સોલંકી રાજાઓ રાજલક્ષ્મીનો ઘણો ભાગ દાન અને પૂર્તધર્મ નિમિત્તે વાપરતા.

### (૬) બ્રાહ્મણો :

ચૌલુક્યકાલીન ધાર્મિક જીવનમાં બ્રાહ્મણોનો ફાળો મૂલ્યવાન હતો. આ કાલના લેખોમાં ઘણા લેખો બ્રહ્મદેયને લગતા હોવાથી એ સમયના બ્રાહ્મણો વિશે

સારી માહિતી પ્રાપ્ત થાય છે. આમાંના દરેક લેખમાં દાન લેનાર બ્રાહ્મણનું નામ, એના પિતાનું નામ, એનું ગોત્ર, એની વેદશાખા, એનું નિવાસસ્થાન તેમજ મૂળ સ્થાન (વતન) જણાવવામાં આવે છે. બ્રાહ્મણોનાં નામ મુખ્યત્વે શિવ, વિષ્ણુ, સૂર્ય, ઇન્દ્ર વગેરે દેવતાઓનાં નામો પરથી પાડવામાં આવતાં અને એમાં નામને અંતે ઈશ્વર, દેવ, ભૂતિ, શર્મા વગેરે ઉપપદ લગાડવામાં આવતાં હતાં. બ્રાહ્મણોની જ્ઞાતિઓમાં મુખ્યત્વે શ્રીગોડ, રાયકવાલ, મેવાડા, મોઢ, ગૂગળી, શ્રીમાળી, નાગર, ઉદીચ્ય વગેરે મળે છે. એમનાં ગોત્રોમાં કૃષ્ણાત્રેય, વત્સ, ચપલ, મૈત્રેય, કૌરુષ, ગાર્ગ્ય, કુશિક, બાદરાયણ, શાંડિલ્ય, મનગસ, હારીત, ગૌતમ, ભારદ્વાજ, ઉપમન્યુ, પરાશર, વૈજપાય, માંડવ્ય વગેરેના નિર્દેશો મળે છે.[૩૭]

**(૭) પંચમહાયજ્ઞો :**

બ્રાહ્મણોને ભૂમિદાન આપવાનો હેતુ એ હતો કે એઓ પંચમહાયજ્ઞોની ક્રિયાઓ નિયમિત સંપાદિત કરી શકે એ માટે દાન દ્વારા એઓને કાયમી આવકનું સાધન કરી આપવામાં આવતું. આ પરથી ચૌલુક્યકાલીન બ્રાહ્મણો પંચમહાયજ્ઞોની ક્રિયાઓ નિયમિત કરતા હોવાનું પ્રતીત થાય છે. આ ધાર્મિક ક્રિયાઓ ગૃહસ્થજીવનની દૈનિક ક્રિયાઓ ગણાતી. પ્રસ્તુત કાલ દરમ્યાન આવા યજ્ઞોની પ્રથા હોય એવું અભિલેખોને આધારે સ્પષ્ટ જણાતું નથી એમ છતાં પણ મોટાં નગરોમાં તેમજ ઉચ્ચ બ્રાહ્મણ કુટુંબોમાં આ પ્રથા હોય એમ જણાય છે; જેમકે કુમારપાલના સમયના વડનગરમાંથી મળેલા પ્રશસ્તિલેખમાં જણાવ્યું છે કે "દ્વિજ વર્ગના અવિરત હોમના અગ્નિના ધુમાડાથી અંધાપાને પામેલો કલિયુગ એ નગરની સમીપ આવી શકતો નથી."[૩૮] એ બાબત નિયમિત અને દરરોજ યાજ્ઞિક કાર્યો થતાં હોવાનું સૂચવે છે. આવી ક્રિયા બ્રાહ્મણો માટે નિયમિત દાનની આવકથી જ સંભવી શકે. આ બાબત એમ સૂચવે છે કે બ્રાહ્મણો નિયમિત અગ્નિહોમ કરતા હોવા જોઈએ. બીજા પણ વૈશ્વદેવાદિ આહ્નિક યજ્ઞો કરતા હશે.

દેવદેય તરીકે આપેલાં ધર્મદાન દેવાલયોને અર્પણ કરવામાં આવતાં હતાં. દેવાલય માટે દાનશાસનોમાં જુદા જુદા શબ્દો પ્રયોજેલા જણાય છે, જેવા કે देवकुल, प्रासाद, मंदिर વગેરે.

**(૮) ધર્મપરકતા :**

ચૌલુક્ય વંશના રાજવીઓ શૈવધર્મી હતા અને આ કારણોસર શૈવધર્મનાં દેવાલયોને એ રાજાઓ તરફથી દાન આપ્યા અંગેની વિગતો વધુ પ્રાપ્ત થાય છે.

મૂલરાજ ૧ લો, ચામુંડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમદેવ ૧ લો, કર્ણદેવ, જયસિંહદેવ (સિદ્ધરાજ), કુમારપાલ, મૂલરાજ ૨ જો અને ભીમદેવ ૨ જો આ બધા ચૌલુક્ય રાજવીઓને એઓના લેખમાં "ઉમાપતિવરલબ્ધપ્રસાદ" કહ્યા છે. આ બાબત એમની શૈવધર્મ પ્રત્યેની આસ્થાની સૂચક છે.

શિવપૂજાની સાથે સાથે શક્તિપૂજા પણ પ્રચલિત હતી. વિ. સં. ૧૧૯૩ માં સિદ્ધરાજ જયસિંહના ખજાનચીએ ગણેશ તેમજ ભટ્ટારિકદેવીનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે;[૩૯] જોકે દેવીપૂજા શિવપૂજા જેટલી વ્યાપક ન હતી તેથી દેવીનાં મંદિરોનો ઉલ્લેખ જૂજ મળે છે. ભાગવત સંપ્રદાય પ્રમાણેની વિષ્ણુપૂજાના ઉલ્લેખો કેટલાંક દાનશાસનોમાં મળી આવે છે. ભાવબૃહસ્પતિએ વિષ્ણુપૂજન નિમિત્તની વૃત્તિઓનો ઉદ્ધાર કરેલો.[૪૦] ભીમદેવ ૨ જાના સમયમાં વિપ્ર શ્રીધરે માતાના નામ પરથી રોહિણીસ્વામી (બલરામ)નું મંદિર કરાવ્યું હતું.[૪૧]

સૂર્યપૂજા પણ ચૌલુક્યકાલમાં પ્રચલિત હતી. મહામાત્ય વસ્તુપાલે ખંભાત પાસેના નગરક નગરમાં જયાદિત્ય નામે સૂર્યની મૂર્તિ પાસે એમની પત્નીઓ રત્નાદેવી અને રાજદેવીની મૂર્તિઓ પધરાવી હતી.[૪૨] વિ. સં.૧૨૯૩ માં ખેરાળુમાં સૂર્ય અને એમની બે પત્નીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી.[૪૩]

ચૌલુક્યકાલમાં બૌદ્ધધર્મ સંપૂર્ણપણે લુપ્ત થયેલો જણાય છે. એના સ્થાને જૈન ધર્મનો પ્રસાર વ્યાપકપણે જોવા મળે છે. આભિલેખિક પુરાવા જોતાં એમ સ્પષ્ટ જણાય છે કે ચૌલુક્ય રાજાઓ તરફથી જૈન ધર્મને રાજ્યાશ્રય મળ્યો હતો. ચામુંડરાજ, કર્ણદેવ અને જયસિંહદેવે જિનાલયોને આપેલાં ભૂમિદાનોના ઉલ્લેખો પણ મળે છે. ભીમદેવ ૧ લાના સમયમાં દંડનાયક વિમલે આબુ પર વિ. સં. ૧૦૮૮ માં આદિનાથનું આરસથી ભવ્ય મંદિર બંધાવ્યું હતું. આ ઉલ્લેખ સં. ૧૩૭૮ માં થયેલા એના જીર્ણોદ્ધારને લગતા પ્રશસ્તિલેખમાં થયો છે.[૪૪]

ચૌલુક્ય રાજાઓમાં કુમારપાલના સમયમાં જૈન ધર્મનો ફેલાવો સર્વાધિક થયેલો તેમ આભિલેખિક પુરાવા જોતાં ચોક્કસ કહી શકાય, જેની ચર્ચા અન્યત્ર કરેલી છે.

**(૬) દેવપૂજા :**

દેવાલયને દાન આપવાનું મુખ્ય પ્રયોજન એ હતું કે દેવાલયમાં રહેલ દેવ-પ્રતિમાની વિધિસરની પૂજા માટે જે ખર્ચો થતો તેની વ્યવસ્થા બરોબર થઈ શકે. દેવપૂજાની વિધિના અનેક પ્રકાર હોય છે. તેને ઉપચાર પણ કહેવાય છે. દેવપૂજા પંચોપચાર, દશોપચાર કે ષોડશોપચારથી કરવામાં આવતી હતી. પંચોપચાર પૂજા

ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્યથી કરવામાં આવતી હતી. આ પૂજામાં પાદ્ય, અર્ઘ્ય, આચમનીય, સ્નાન ને યજ્ઞોપવીતના બીજા પાંચ ઉપચાર કરવામાં આવે તે તેમને દશોપચાર પૂજા કહેવાય છે. આમાં આવાહન, આસન, વસ્ત્રાલંકાર, નમસ્કાર, પ્રદક્ષિણા અને વિસર્જનના બીજા છ ઉપચાર ઉમેરવામાં આવે તો એ ષોડશોપચાર પૂજા થઈ કહેવાય.[૪૫] ચૌલુક્યકાલીન દાનશાસનોમાં દેવપૂજાની માહિતીમાં સ્નાન, ગંધ, ચંદન, પુષ્પ, દીપ, ધૂપ, નૈવેદ્ય વગેરેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.[૪૬]

ઉપર્યુક્ત દેવપૂજાની જે વિગતો જણાવેલી છે તેમાં પંચોપચાર પૂજાનો સ્પષ્ટ ઉલ્લેખ ચૌલુક્યોનાં દાનશાસનોમાં મળે છે. વિ. સં. ૧૨૦૨ ના દાનશાસનમાં આ પ્રકારનો ઉલ્લેખ થયેલો છે.[૪૭] આ ઉપરાંત આ સમયનાં ઘણાંખરાં દાનશાસનોમાં દેવપૂજાના ઉલ્લેખો જોવા મળે છે; જોકે ચૌલુક્ય રાજવીઓ શૈવધર્મી હોવાથી શિવપૂજાના ઉલ્લેખો વિશેષ મળે એ સ્વાભાવિક છે; જેમકે વિ. સં ૧૦૫૧ ના મૂલરાજ **૧**ના લેખમાં શિવપૂજાનો ઉલ્લેખ છે, વિ. સં. ૧૧૪૮ ના કર્ણદેવ **૧** ના લેખમાં શિવપૂજાનો ઉલ્લેખ છે. દાનશાસનોમાં આ દેવપૂજા સામાન્ય દિવસો ઉપરાંત તહેવારના વિશેષ દિવસોમાં કરવામાં આવતી હતી, જેમકે વિ. સં. ૧૨૨૫ માં કુમારપાલે ચંદ્રગ્રહણના સમયે સોમનાથની પૂજા કરી હતી. આ ઉપરાંત વિ.સં. ૧૨૩૧ માં અજયપાલે અગિયારસના દિવસે ઉપવાસ કરીને શિવ અને પુરુષોત્તમની પૂજા કર્યાના ઉલ્લેખ છે. આ દેવપૂજા અખંડ ચાલુ રહે એ માટે પણ દાન આપવામાં આવેલાં હતાં; જેમકે વિ. સં. ૧૩૦૨ માં કુમારપાલે શિવની પૂજાનો પ્રબંધ કર્યાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૨૮૩ માં ભીમદેવ ૨ જાએ નિત્યપૂજા માટે દાન આપેલ હતું. શિવપૂજાની સાથે સાથે જૈન તીર્થંકરોની પૂજાના પણ ઉલ્લેખ દાનશાસનોમાં પ્રાપ્ત થાય છે; જેમકે વિ. સં. ૧૨૮૭ માં ભીમદેવ ૨જાના લેખમાં નેમિનાથ દેવની અષ્ટભોગ પૂજાનો ઉલ્લેખ આવે છે.[૪૮] આમ ચૌલુક્યકાલીન દાનશાસનોમાંથી દેવપૂજાની માહિતી પણ પ્રાપ્ત થાય છે.

### (૧૦) આશ્રમો :

દેવાલયોની સાથે સાથે સાધુઓ, સંન્યાસીઓ તેમજ મહંતોના નિવાસ માટે આશ્રમ કે મઠ બાંધવામાં આવતા હતા; ચૌલુક્યકાલીન દાનશાસનોમાં એના પણ ઉલ્લેખો મળે છે. આ સમયે શિવાલયો સાથે શૈવ મઠો પણ સ્થપાયેલા હતા. આમાં મઠના વડાને "મઠાધિપતિ" કહેવામાં આવતો. આ સમયમાં મંડલી, આબુ અને સોમનાથ જેવાં સ્થાનોમાં મુખ્ય મઠ આવેલા હતા. મંડલીમાં મઠના સ્થાનપતિ તરીકે વિ. સં. ૧૨૮૩ માં વેદગર્ભરાશિ હતા.[૪૯] ઈ. સ. ૧૨૪૩ માં ત્રિભુવનપાલે

વેદગર્ભરાશિને એ ગામોનું દાન આપેલું હતું. આ ઉપરાંત અન્ય મઠોમાં મહાકાલદેવમઠ તેમજ[૫૦] કનખલ તીર્થમાં શિવમંદિર સાથેના મઠનો ઉલ્લેખ વિ. સં. ૧૨૬૫ ના લેખમાં થયેલ છે.[૫૧] વિ. સં. ૧૨૬૬ માંના એક લેખમાં વિરમેશ્વરદેવનાં મઠનો તેમજ કેદારદેવના મઠનો નિર્દેશ થયો છે.[૫૨]

### (૧૧) વિવિધ સંપ્રદાયો

ઉપર્યુક્ત માહિતીના આધારે ચૌલુક્યકાલીન ધાર્મિક પરિસ્થિતિનો સામાન્ય ખ્યાલ આવે છે અને એના આધારે ચૌલુક્યકાલમાં વિવિધ સંપ્રદાયો હોવાનું પણ જણાય છે.

**શૈવ સંપ્રદાય :**

ચૌલુક્ય રાજવીઓ ધર્મપરાયણ રાજવીઓ હતા. એઓનો કુલધર્મ શૈવ ધર્મ હોવાનું એઓના પ્રાપ્ત લેખો પરથી સ્પષ્ટપણે કહી શકાય છે. સોલંકીઓ પોતાને પરમમાહેશ્વર તરીકે ઓળખાવતા હતા. પરમમાહેશ્વર એટલે મહેશ્વર(શિવ)ના પરમ ઉપાસક. ઘણા ઉત્કીર્ણ લેખોમાં કેટલાક રાજાઓને "ઉમાપતિવરલબ્ધપ્રસાદ" તરીકે પણ ઓળખાવેલા છે.[૫૩] કુમારપાલનું એ એક ખાસ બિરુદ હતું.

દાનશાસનોના આધારે શિવપૂજાનો વિધિ તેમજ એનું મહત્ત્વ જાણવા મળે છે. પૂર્વે ચર્ચા થઈ ગયા મુજબ શિવની પૂજા મુખ્યત્વે પંચોપચારે ગંધ, પુષ્પ ધૂપ, દીપ અને નૈવેદ્ય વડે થતી. કુમારપાલના વિ, સં. ૧૨૦૨ ના દાનશાસનમાં આ પ્રકારની પૂજાનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. આ સિવાયનાં અન્ય દાનશાસનોમાં પણ શિવપૂજાના ઉલ્લેખો ઉપલબ્ધ છે.

વિ. સં. ૧૦૫૧ ના મૂળરાજ ૧ લાના લેખમાં, વિ. સિં. ૧૧૪૮ ના કર્ણદેવ ૧ લાના લેખમાં, વિ. સં. ૧૨૨૫ માં કુમારપાલે, વિ. સં. ૧૨૩૧ માં અજયપાલે વગેરેએ શિવપૂજા કરી હતી.

કેટલીક વાર કોઈ વિશેષ તહેવાર કે અગત્યના પર્વે શિવપૂજા વિશિષ્ટ રીતે સંપાદિત થતી. કુમારપાલે વિ. સં. ૧૨૨૫ માં ચંદ્રગ્રહણના સમયે સોમનાથની કરેલી પૂજા આનું દૃષ્ટાંત છે. વિ. સં. ૧૨૩૧ માં અજયપાલે અગિયારસના દિવસે ઉપવાસ કરીને શિવપૂજા કરી હતી.

ચૌલુક્ય રાજવીઓએ શૈવ ધર્મની આસ્થા ધરાવનારાઓને દાનો વધુ આપ્યાં છે; જેમકે મૂલરાજના વિ. સં. ૧૦૩૦ ના તામ્રપત્રમાં વચ્છકાચાર્યને દાન આપ્યાનો ઉલ્લેખ છે.

મૂલરાજના કડીના વિ. સં. ૧૦૪૩ ના તામ્રપત્રમાં રુદ્રમહાલયદેવને પૂજીને દાન આપ્યાનો ઉલ્લેખ છે. એ તામ્રપત્ર પર નંદીનું ચિહ્ન છે. ચૌલુક્યકાલીન તામ્રપત્રોમાં આ એક જ તામ્રપત્ર પર આ પ્રકારનું ચિહ્ન દષ્ટિગોચર થાય છે. આ લેખ પરથી રુદ્રમહાલય વિ. સં. ૧૦૪૩ પહેલાં બંધાયો હોવાનું જણાય છે. મૂલરાજે આ દાન વઢિયાર દેશના મંડલી ગામમાં પોતે સ્થાપેલા મૂલનાથદેવને આપેલ છે. મૂલરાજનો આ લેખ એની તીવ્ર શિવભક્તિનો પ્રબળ પુરાવો પૂરો પાડે છે.

વિ. સં. ૧૦૫૧ ના મૂલરાજના બાલેરાના તામ્રપત્રમાં ચરાચર–ગુરુ ભગવાન ભવાનીપતિને પૂજીને શ્રીદુર્લભાચાર્યના પુત્ર દીર્ઘાચાર્યને દાન આપેલું છે. આ પણ શૈવ આચાર્ય છે. શૈવ આચાર્યો ચૌલુક્યરાજ્યમાં છેક મૂલરાજના વખતથી રાજમાન્ય હશે એવું આ લેખ પરથી સ્પષ્ટ થાય છે.

વિ. સં. ૧૦૮૬ ના ભીમદેવના તામ્રપત્રમાં ભગવાન ભવાનીપતિને પૂજીને કચ્છમાં મસૂર ગામ આચાર્ય મંગલશિવના પુત્ર ભટ્ટારક આજપાલને આપ્યાનો લેખ છે. આ આચાર્ય પાશુપત મતના હોવાનું જણાય છે.

કર્ણદેવના ઘમડાછાના વિ. સં. ૧૧૩૧ ના તામ્રપત્રમાં ચરાચર–ગુરુ મહેશ્વરને પૂજીને કર્ણદેવે દાન આપ્યાનો ઉલ્લેખ છે. આ તામ્રપત્રના બીજા પતરામાં લાટના મહામંડલેશ્વર દુર્લભરાજે નારાયણને પૂજીને દાન આપ્યાનો ઉલ્લેખ છે. બન્ને પતરામાં વર્ષ (શક ૯૯૬ કે વિ. સં. ૧૧૩૧) એક જ છે અને દાન સરખું જ આપેલ છે. આનો અર્થ એ થાય કે, ગુજરાતનો રાજા શિવભક્ત હતો અને એનો લાટનો મહામંડલેશ્વર વિષ્ણુભક્ત હતો.

વિ. સં. ૧૧૪૮ ના સૂણકના તામ્રપત્રમાં ભગવાન ભવાનીપતિની પૂજા કરીને કર્ણદેવે દાન આપ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૦૨ ના કુમારપાલના માંગરોળના લેખમાં લેખનો આરંભ શિવ-સ્તુતિથી કરેલો છે અને સુરાષ્ટ્રના સામંત સોમે પોતાના પિતાના નામ પરથી સહજિગેશ્વર મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં ૧૨૦૭ ના ચિતોડગઢના મોકલજીના મંદિરના શિલાલેખમાં કુમારપાલે સમિધ્ધેશ્વર મહાદેવને પૂજીને શિવચરણની પૂજા માટે ગામ આપ્યાનો નિર્દેશ છે.

વિ. સં. ૧૨૧૩ ના નાંદોદના તામ્રપત્રમાં તથા વિ. સં. ૧૨૨૫ ના પ્રશસ્તિ લેખમાં કુમારપાલને "ઉમાપતિવરલબ્ધપ્રસાદ પ્રૌઢપ્રતાપ" કહેલ છે.

વિ. સં. ૧૨૨૦ ના ઉદયપુરના શિલાલેખમાં પણ કુમારપાલને "ઉમાપતિ વરલબ્ધપ્રસાદ પ્રૌઢપ્રતાપ" કહ્યો છે તેમજ કુમારપાલના મહાસંધિવિગ્રહક વસંતપાલે ઉદ્લેશ્વદેવ માટે દાન આપ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૨૫ માં સોમનાથની ભાવબૃહસ્પતિ પ્રશસ્તિ લખાયેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણે કુમારપાલના સમયમાં સોમનાથના મઠપતિ ભાવબૃહસ્પતિની દેખરેખ નીચે મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. આ વખતે કુમારપાલે ભાવબૃહસ્પતિને બ્રહ્મપુરી ગામનું દાન આપેલું. આ પાશુપતાચાર્ય ભાવબૃહસ્પતિ વિશે એ પ્રશસ્તિમાં જ લખ્યું છે કે એઓ કાન્યકુબ્જી બ્રાહ્મણ હતા અને માળવાના રાજાના ગુરુ હતા, એમણે અનેક શિવમંદિરો બંધાવ્યાં હતાં. એમણે સોમનાથના રસ્તામાં વાવો બાંધી સત્કાર્યો પણ કર્યાં હતાં.

ઉપર્યુક્ત દાનશાસનોના આધારે ચૌલુક્યકાલમાં શૈવધર્મ કેટલો વ્યાપક હતો એનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. આ સમયમાં ગુજરાતમાં મુખ્ય ત્રણ શૈવ મંદિરધામો હોવાનું પ્રતીત થાય છે :

(૧) મંડલી(માંડલ, તા. વીરમગામ)માં મૂલરાજે બંધાવેલ મૂલેશ્વરદેવનું મંદિર,
(૨) સિદ્ધપુરનું રુદ્રમહાલય
(૩) પ્રભાસનું સોમનાથનું મંદિર

### (૧) અભિલેખોમાં ઉલ્લિખિત વિવિધ શિવાલયો :

ચૌલુક્ય રાજવીઓ ધર્મપરાયણ હતા એ ઉપરાંત એઓ શૈવધર્મના પરમ સમર્થકો પણ હતા. આ કારણોસર ચૌલુક્ય રાજવીઓએ અસંખ્ય શૈવમંદિરો બંધાવ્યાં તેઓના નિભાવ માટે દાન આપ્યાં અને એઓના જીર્ણોદ્ધાર કરાવ્યા. અભિલેખોને આધારે શિવાલયોનાં વિવિધ નામો જાણવા મળે છે.

જોકે આ મંદિરોની વધુ વિગતો કલાના પ્રકરણમાં આપેલી છે, જેવી કે વિ. સં. ૧૨૦૭ ના લેખમાં સમિદ્ધેશ્વરના મંદિરનો ઉલ્લેખ છે. લેખમાં જણાવ્યા પ્રમાણે આ મંદિર ચિતોડગઢમાં આવેલું છે.

વિ. સં. ૧૧૦૩ ના લેખમાં મણેશ્વરના મંદિરનો ઉલ્લેખ છે. ૫૪ મણેશ્વરનું મંદિર એ હાલનું મણિનાગેશ્વરનું મંદિર (તિલકવાડા) હોવાનું જણાય છે.

વિ. સં. ૧૧૭૬ ના લેખમાં સોમનાથ પાટણના સોમનાથ–મંદિરનો ઉલ્લેખ આપેલ છે.

સિદ્ધરાજ જયસિંહના વિ. સં ૧૧૮૪ ના લેખમાં સૂણસરના નીલકંઠ મહાદેવનો ઉલ્લેખ છે.

ઉદયપુરના ઉદલેશ્વર–મંદિરનો ઉલ્લેખ વિ. સં. ૧૨૨૯ ના લેખમાં થયેલો છે.

વિ. સં. ૧૨૬૩ માં ભીમદેવ ૨ જાના લેખમાં કુંભારિયામાં આવેલ કુંભેશ્વર-મહાદેવનો નિર્દેશ છે.

વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૭)માંના લેખમાં ટિમાણામાં આવેલ ચડેશ્વર, પૃથિવીદેવીશ્વર, શ્રીવર્ધમાનેશ્વર, સૂઈસિરેશ્વર, સાહિણેશ્વર, સીતેશ્વર વગેરે શિવાલયોનાં નામો મળે છે.

વિ. સં. ૧૨૬૫ ના લેખમાં આબુ પરના કોટેશ્વર–મંદિરનો ઉલ્લેખ છે.

વિ. ૧૨૬૬ ના લેખમાં સોમનાથનો વિસવેશ્વરમઠ, કેદારદેવનો મઠ તેમજ કપાલેશ્વરી–મંદિરના સંદર્ભ જોવા મળે છે.

વિ. સં. ૧૨૮૦ ના કડીના લેખમાં આનલેશ્વર અને સલખણેશ્વર મંદિરોના ઉલ્લેખો છે.

વિ. સં. ૧૨૮૩ ના કડીના લેખમાં મૂલેશ્વર–મંદિરનો ઉલ્લેખ થયો છે.

વલભી સંવત ૯૧૧ ના (વિ. સં. ૧૨૮૬, ઈ. સ. ૧૨૩૦) લેખમાં માંગરોળ-સોરઠથી પૂર્વમાં પાંચેક કિ.મી. ઉપર આવેલા ઢેલાણાની નજીકના નોળી નદી પરના કામદેવ મહાદેવના મંદિરનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૯૧ માંના લેખમાં ધોળકાના ગળેશ્વર મંદિરનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૯૬ ના લેખમાં વીરમગામના વીરમેશ્વર અને સૂમલેશ્વરનાં મંદિરોનો ઉલ્લેખ છે.

ઉપર્યુક્ત વિવિધ મંદિરોના આધારે ચૌલુક્યકાલમાં શિવનાં નામોની વિવિધતા પણ જોવા મળે છે. સાધારણ રીતે આમાંનાં ઘણાં નામો શિવાલય કરાવનાર દાતાના નામની પાછળ 'ઈશ્વર' શબ્દ પ્રયોજીને આપેલાં જણાય છે; જેમકે સીતેશ્વર, ઉદલેશ્વર ભૂમલેશ્વર વગેરે.

**શાક્ત સંપ્રદાય :**

શૈવસંપ્રદાયની સાથે શાક્તસંપ્રદાય ઘણો ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે, પરંતુ ચૌલુક્યકાલીન લેખોમાં માહેશ્વરોની જેમ શાક્તોનો સ્પષ્ટ નિર્દેશ આવતો નથી. અલબત્ત, એમાં દેવીનાં નાનાં મંદિરો બંધાવ્યાના ઉલ્લેખો મળે છે ખરા. શક્તિ-

પૂજાના સાહિત્યિક ઉલ્લેખો વિશેષ પ્રાપ્ત થાય છે, પરંતુ એના આભિલેખિક પુરાવા નહિવત્ છે.

વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૦૯૪)માં સિદ્ધરાજ જયસિંહના ગાળાના શિલાલેખમાં સિદ્ધરાજના મહંત અંબપ્રસાદના સંબંધીઓએ ચંદ્રભાગાને કિનારે દુમતીર્થમાં ગણેશ તેમજ ભટ્ટારિકાદેવીનું મંદિર કરાવ્યા અંગેની માહિતી મળે છે.

વિ. સં. ૧૨૦(૧) (ઈ. સ. ૧૧૪૪–૪૫)માં કુમારપાલના સમયમાં મણ્ડલીના રહીશ આચાર્ય ભાસ્કરના દીકરાએ અક્ષયતૃતીયાના દિવસે ભટ્ટારિકાદેવીની પૂજા માટે અમુક દ્રમ્મો દાનમાં આપ્યાની નોંધ છે.[૫૫]

વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮–૬૯)ના શિલાલેખમાં કુમારપાલે કરેલાં અસંખ્ય પૂર્તકાર્યોનો ઉલ્લેખ મળે છે તેમાં એણે ગૌરીમંદિર પર સુવર્ણકલશ ચડાવ્યાનો ઉલ્લેખ થયો છે.

ભીમદેવ ૨ જાના સમયમાં વિ. સં. ૧૨૯૨ (ઈ. સ. ૧૨૩૬)ના શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે નગરામાં રત્નાદેવીની મૂર્તિ તેમજ મંદિર કરાવવામાં આવ્યાં હતાં એવો ઉલ્લેખ થયેલો છે. પ્રસ્તુત લેખમાં જણાવ્યા પ્રમાણે વસ્તુપાલે ખંભાત પાસેના નગરક–નગરામાં જયાદિત્યના મંદિરમાં સૂર્યની મૂર્તિ પાસે એમની પત્નીઓ રન્નાદેવી અને રાજદેવીની મૂર્તિઓ પધરાવી હતી.[૫૬] વિ. સં. ૧૨૯૩માં ખેરાળુમાં સૂર્ય અને એમની બે પત્નીઓની પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી.[૫૭]

## વૈષ્ણવ સંપ્રદાય

ચૌલુક્યકાલ પહેલાં ગુજરાતમાં વૈષ્ણવ સંપ્રદાયની અસર સારી હતી. અભિલેખો પરથી જણાય છે કે આ કાલ દરમ્યાન હવે વૈષ્ણવ સંપ્રદાયની તુલનાએ શૈવ અને જૈન ધર્મનો પ્રભાવ વધવા લાગ્યો હતો, આમ છતાં વિષ્ણુપૂજા અને પૌરાણિક વૈષ્ણવ (ભાગવત) ધર્મ પ્રવર્તવો ચાલુ રહ્યો હોવાના નિર્દેશો મળે છે.

વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના લેખની શરૂઆત વિષ્ણુના નૃસિંહાવતારની સ્તુતિથી કરેલ જોવા મળે છે.

ગુજરાતમાં ૧૦ મા–૧૧ મા શતકમાં બંધાયેલ મંદિર, જેવાં કે આબુ પરનું વિમલવસહિના મંદિરમાં વૈષ્ણવ સંપ્રદાયને લગતી પ્રતિમાઓ જોવા મળે છે, કર્ણદેવ ૧ લાના નવસારી પાસેના ધમડાછા ગામમાંથી મળેલ વિ. સં. ૧૧૩૧ (ઈ. સ. ૧૦૭૪)ના લેખમાં "नमो भगवते वासुदेवाय" મંત્રનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે.

વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના દાહોદના લેખમાં પણ લેખની શરૂઆત "ॐ नमो भगवते वासुदेवाय" થી કરેલ છે.

ભાવબૃહસ્પતિએ વિષ્ણુપૂજન વિષયક વૃત્તિઓનો ઉદ્ધાર કર્યો હતો એવા ઉલ્લેખો વેરાવળના વિ. સં. ૧૨૨૫ ના લેખમાં જોવા મળે છે.[૫૮]

ભીમદેવ ૨ જાના સમયમાં વિપ્ર શ્રીધરે વિ. સં. ૧૨૭૩ માં માતાના નામ પરથી રોહિણીસ્વામીનું મંદિર કરાવેલું હોવાનું નોંધાયું છે. આ વૈષ્ણવ મંદિર હોવાનું પ્રતીત થાય છે. વિ. સં. ૧૨૩૧ માં અજયપાલે અગિયારસનો ઉપવાસ કરીને શિવ અને પુરુષોત્તમની પૂજા કર્યાના સ્પષ્ટ ઉલ્લેખો છે. ધોળકામાં આવેલા લક્ષ્મીનારાયણ–મઠમાં ચતુર્ભુજ વિષ્ણુની એક પ્રતિમા વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)માં પ્રતિષ્ઠિત કર્યાનો ઉલ્લેખ છે.[૫૯]

આમ ઉપરનાં પ્રમાણો જોતાં સ્પષ્ટ જણાય ને કે ચૌલુકયકાલ દરમ્યાન ગુજરાતમાં વૈષ્ણવ ધર્મની અસર ઠીક ઠીક હશે.

**આદિત્યપૂજા:**

પ્રાચીન ભારત વર્ષમાં છેક વેદકાળથી આદિત્યપૂજા પ્રચલિત હતી અને ચૌલુકય-કાલમાં પણ આદિત્યપૂજા થોડા પ્રમાણમાં ચાલુ રહેલી જોવા મળે છે. આદિત્યપૂજાના સાહિત્યિક ઉલ્લેખો વિશેષ છે, જ્યારે આભિલેખિક પુરાવા જૂજ ઉપલબ્ધ થાય છે.

આ કાલ દરમ્યાન ૧૧ મી સદીમાં ભીમદેવ ૧ લાના સમયમાં મોઢેરાનું સૂર્ય-મંદિર એ પ્રાચીન મહામંદિરોમાં અત્યંત પ્રસિદ્ધ છે. "સરસ્વતીપુરાણ"માં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજ જયસિંહે સહસ્રલિંગ તળાવના કાંઠે ભાઇલ્લસ્વામીનું સૂર્યમંદિર બંધાવ્યું હતું.[૬૦]

મહામાત્ય વસ્તુપાલે ખંભાત પાસેના નગરક (નગરા)માં જયાદિત્ય નામે સૂર્યની મૂર્તિ પાસે એમની બે પત્નીઓ રન્નાદેવી અને રાજદેવીની મૂર્તિઓ પધરાવતી હતી[૬૧], વિ. સં. ૧૨૯૩માં ખેરાળુમાં સૂર્ય અને એમની બે પત્નીઓની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ વસ્તુપાલે કરી હતી[૬૨], જે એઉનો આ પહેલાં નિર્દેશ થયો છે.

**ગણેશપૂજા :**

ગણપતિને વિઘ્નહર્તા દેવ તરીકે ગણવામાં આવે છે અને એમની પૂજા ઘણા પ્રાચીન સમયથી ગુજરાતમાં પણ પ્રચલિત હતી. ચૌલુકયકાલમાં ગણપતિની પૂજા થતી હશે એમ આભિલેખિક પુરાવા જોતાં જણાય છે. જોકે ગણેશનાં સ્વતંત્ર

મંદિર બંધાયાનાં ઉલ્લેખો વિરલ છે, પરંતુ અન્ય દેવોનાં મંદિરોમાં ગણેશની પ્રતિમા તેમજ પૂજાના ઉલ્લેખો ઠીક ઠીક જોવા મળે છે.

લાટ પ્રદેશના ચૌલુક્ય રાજા ત્રિભુવનપાલના વિ. સં. ૧૦૨૬ (ઈ. સ. ૯૭૦)ના તામ્રપત્રની શરૂઆતમાં વિનાયકને પ્રણામ કરેલા છે.

વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)માં સિદ્ધરાજના સમયમાં ભટ્ટારિકા–સહિત વિનાયકનું મંદિર બંધાવવામાં આવ્યું હતું. ભટ્ટારિકા એ દેવીનું નામ છે. આમ દેવીપૂજાની સાથે સાથે ગણેશપૂજા થતી હશે તેમ જણાય છે.

શક સં. ૯૭૨ (ઈ. સ. ૧૦૫૭)ના લેખની શરૂઆતમાં ગણપતિની સ્તુતિ કરેલ છે.

પોરબંદરની પૂર્વમાં થોડે દૂર ભાયાવદરમાં સોમાદિત્યના મંદિરમાં દ્વાર પર ગણેશ તથા નવગ્રહો કોતરાયેલા જોવા મળે છે. આ મંદિર વિ. સં. ૧૨૦૨ (ઈ.સ. ૧૧૪૬)માં બંધાવવામાં આવ્યું હતું.

વિ. સં. ૧૨૬૭ (ઈ. સ. ૧૧૨૧)ના આબુ પરના લેખમાં વીરધવલના લેખમાં ક્રમમાં સરસ્વતી પછી ગણેશની સ્તુતિ કરવામાં આવી છે.[૬૩]

વિ. સં. ૧૨૯૧ (ઈ. સ. ૧૨૩૫)માં વસ્તુપાલે ધૂમલીના ગણેશ મંદિરનો મંડપ બંધાવ્યાનો ઉલ્લેખ છે.[૬૪]

**સર્પપૂજા :**

ચૌલુક્યકાલીન લેખોને આધારે સર્પપૂજા પણ પ્રચલિત હતી એવું જાણવા મળે છે. વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)ના સિદ્ધરાજ જયસિંહના દાહોદના લેખમાં સિદ્ધરાજના મંત્રી સેનાપતિ કેશવે દધિપદ્ર (હાલનું દાહોદ)માં પોતાની માતાના શ્રેયાર્થે ગોગ્નારાયણનું મંદિર બંધાવ્યું હતું. આ અંગેની ચર્ચા અગાઉ કરેલી જ છે, જેમાં ગોગ્નારાયણ એ સર્પદેવ હોવાનું સ્પષ્ટ થયું છે.

હાલમાં પણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં 'ગોગાબાપા' કે 'ઘોઘાબાપા' તરીકે સર્પદેવતા અને નાગદેવતાની પૂજા થાય છે.

**જૈન ધર્મ :**

ચૌલુક્યકાલમાં બૌદ્ધ ધર્મ સદંતર લુપ્ત હતો. બીજી બાજુ જૈન ધર્મનો આ કાલ દરમ્યાન સારો અભ્યુદય થયેલો. અલબત્ત, ચૌલુક્યકાલ દરમ્યાન હિન્દુ-ધર્મ વ્યાપક હતો. ચૌલુક્યકાલના મધ્યભાગમાં જૈન ધર્મની અસર વધુ તીવ્ર

થયેલી વરતાય છે. પ્રબંધોમાં ચૌલુક્ય રાજવીઓએ તેમજ એમના સામંતો અને દંડનાયકોએ કરાવેલ અનેક જિનાલયોના ઉલ્લેખો મળે છે. આ ઉપરાંત તત્ત્વજ્ઞાન તેમજ અનુકાલીન સાહિત્યમાંથી પણ આ સમયના અસંખ્ય જૈન સૂરિઓની તથા સાહિત્યકારોની માહિતી ઉપલબ્ધ થાય છે. એની સાથે સાથે પુરાવશેષીય તેમજ આભિલેખિક માહિતી પણ વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે.

ચામુંડરાજ, કર્ણદેવ અને જયસિંહદેવે જિનાલયોને ઘણાં ભૂમિદાન આપેલાં હતાં. ભીમદેવ ૧ લાના દંડનાયક વિમલે વિ. સં. ૧૦૮૮ માં આબુ પર આદિનાથનું આરસનું મંદિર બંધાવ્યું હતું, જેનો ઉલ્લેખ વિ. સં. ૧૩૭૮ માં એના જીર્ણોદ્ધારને લગતા પ્રશસ્તિલેખમાં થયેલો છે.[૬૫]

ચામુંડરાજે એક જૈન મંદિરને ભૂમિદાન આપ્યું હતું. દુર્લભરાજના સમયમાં પાટણમાં એક જૈન શ્રેષ્ઠીએ મહાવીરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. કુંભારિયાનાં જિનાલયોને લગતા શિલાલેખો પ્રાપ્ત થયા નથી તેથી એઓના નિર્માણકાલ વિશે એના સ્થાપત્યસ્વરૂપ પરથી જ અનુમાન કરવું પડે છે, જે આ કાળમાં રચાયાનું જણાય છે.

કર્ણદેવ અને સિદ્ધરાજ જયસિંહે પણ લાટપલ્લી(લાડોલ) પાસે જૈન મંદિરને ભૂમિદાન આપ્યું હતું. મુંજાલ મંત્રીએ એક જૈન મંદિર પાટણમાં બંધાવ્યું હતું. અભયદેવસૂરિએ સ્તંભનકમાં તેમજ દંડનાયક સજ્જને ગિરનાર ઉપર જૈન મંદિરો બંધાવ્યાં હતાં. પાટણમાં રાજવિહાર અને સિદ્ધપુરમાં સિદ્ધવિહાર સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યા હતા.

જૈન ધર્મનો વ્યાપક ફેલાવો કરનાર સોલંકી રાજવી કુમારપાલે ગુજરાતમાં ઠેકઠેકાણે જિનાલયો બંધાવ્યાં હોવાના સાહિત્યિક ઉલ્લેખો મળે છે, પરંતુ એ બધાને લગતા શિલાલેખ મળ્યા નથી. પાટણમાં એણે પાર્શ્વનાથનો કુમારવિહાર બંધાવ્યો હતો. આ ઉપરાંત એણે ગિરનાર, શત્રુંજય, પ્રભાસપાટણ, ખંભાત વગેરે સ્થળોએ અસંખ્ય જિનમંદિર બંધાવ્યાં હતાં. હેમચંદ્રાચાર્યની જન્મભૂમિ ધંધુકામાં એણે એક જિનમંદિર બંધાવ્યું હતું. મંત્રી આમ્રભટે ભરૂચમાં શકુનિકા-વિહાર તથા એના ભાઈ વાગ્ભટે શત્રુંજય પર આદિનાથનું જૈન મંદિર સમરાવેલું[૬૬]

ચૌલુક્ય રાજવી કુમારપાલની જેમ મહામાત્ય વસ્તુપાલ અને તેજપાલ પણ જૈન ધર્મના પરમ ચાહક હતા. વિ. સં. ૧૨૮૮ ના ગિરનારના શિલાલેખોને આધારે જણાય છે કે વસ્તુપાલે શત્રુંજય, ઉજ્જયંત (ગિરનાર) વગેરે તીર્થોમાં સંઘ કાઢી યાત્રા કરેલી તથા એણે અને તેજપાલે બન્નેએ શત્રુંજય અને આબુની ટૂંકો ઉપર

તેમજ અણહિલપુર(પાટણ), ભૃગુપુર(ભરૂચ), સ્તંભનક(થામણા), સ્તંભતીર્થ (ખંભાત), દર્ભાવતી(ડભોઈ) ધવલક્ક(ધોળકા) વગેરે નગરોમાં તેમજ બીજાં અનેક સ્થળોમાં ઘણાં નવાં ધર્મસ્થાનો કરાવ્યાં હતાં.[૬૭] વળી એમણે અનેક જિનાલયોનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો. વસ્તુપાલે ગિરનાર ઉપર ઋષભદેવ, પાર્શ્વનાથ, મહાવીર તેમજ સરસ્વતીની દેવકુલિકા તથા નેમિનાથદેવની ચાર દેવકુલિકાઓ પણ કરાવી હતી. સાથે સાથે નેમિનાથના મુખ્ય મંદિરમાં સમેતશિખર અને અષ્ટાપદ મહાતીર્થના પ્રાસાદ કરાવ્યા હતા. આને લગતા છ શિલાલેખો સોમેશ્વર, નરચંદ્રસૂરિ, નરેન્દ્રસૂરિ અને ઉદયપ્રભસૂરિએ રચેલા પ્રશસ્તિશ્લોકો સહિત કોતરેલા છે.

વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના આબુ પર્વત પરના લૂણવસહિમાંના લેખમાં તેજપાલે પોતાની બીજી પત્ની સુહડાદેવીના શ્રેય અર્થે એ જિનાલય કરાવ્યાનો ઉલ્લેખ છે.[૬૮]

આ ઉપરાંત તેજપાલે વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)માં પોતાનાં કુટુંબીઓના શ્રેયાર્થે એમાં (ઉપર્યુક્ત મંદિરમાં) દેવકુલિકાઓ કરાવી હોવાનું પણ નોંધાયું છે.[૬૯]

કુમારપાલના સમયના વિ. સં. ૧૨૧૩ ના એક લેખમાં કુમારપાલના ખંડિયા મહામાંડલિક પ્રતાપસિંહે ત્રણ જૈન મંદિરોને દાન આપ્યાનું નોંધાયું છે. ત્રણ જિનમંદિરો પૈકીનાં બે નડુલડાંગિકા(રાજસ્થાન)માં આવેલ મહાવીર અને અરિષ્ટનેમિનાં મંદિર હતાં, જ્યારે ત્રીજું મંદિર લવદંડી(રાજસ્થાન)માં આવેલ અજિતનાથનું હતું.[૭૦]

વિ. સં. ૧૨૯૬ (ઈ. સ. ૧૨૪૦)માં તેજપાલે શત્રુંજય, ગિરનાર, આબુ જાબાલિપુર(જોધપુર), તારણગઢ (તારંગા) અણહિલપુર પાટણ, બીજાપુર (ઉ. ગુ.), લાટપલ્લી (લાડોલ), પ્રહ્લાદનપુર (પાલનપુર) વગેરે તીર્થોમાં મંદિર બંધાવેલાં, તેમજ મંદિરોમાં કલાકારીગરી–પૂર્ણ ખત્તકો(ગવાક્ષો) કરાવેલા. વળી એમણે મંદિરોનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો. વિ. સ. ૧૨૯૬ ના શિલાલેખમાં આ બાબત નોંધાયેલી છે.[૭૧]

**જૈનધર્મમાં મૂર્તિપૂજા :**

જૈનધર્મમાં તીર્થંકરોની મૂર્તિપૂજા વ્યાપક હતી. મૂર્તિ બનાવવી અને એની પ્રતિષ્ઠા કરાવવી એ ભારે પુણ્યપ્રદ ગણાતું. અભિલેખો પરતી જણાય છે કે

દાતાઓ માતાપિતા અને પોતાના શ્રેયાર્થે મૂર્તિઓ ભરાવતા અને બિંબપ્રતિષ્ઠા કરાવતા.

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં સેંકડોની સંખ્યામાં નાના મોટાં જૈનમંદિરો ઠેર ઠેર બંધાયાં હતા. તેમજ જૂનાં મંદિરોના જીર્ણોદ્ધાર થયેલા પણ જાણવામાં આવ્યા છે. આ મંદિરોમાં દેવકુલિકાઓ કરાવવા તેમજ મૂર્તિઓ ભરાવવા અંગેના સંખ્યાબંધ લેખો મળે છે. ગિરનાર, શત્રુંજય, તારંગા, આબુ, પાલિતાણા, પાટણ, ખંભાત વગેરે તીર્થસ્થાનોમાં આવા લેખો વિશેષ મળ્યા છે. પ્રાપ્ત લેખોના આધારે જણાય છે કે ચોવીસ તીર્થંકરો પૈકી આદિનાથ, ઋષભદેવ, શાંતિનાથ અને પાર્શ્વનાથની મૂર્તિઓ સર્વાધિક મળે છે. તીર્થંકરો ઉપરાંત તેમનાં શાસનદેવતાઓ, વિદ્યાદેવીઓ વગેરેની પૂજા પણ પ્રચલિત હતી[૭૨] એના આભિલેખિક પુરાવા પણ મળે છે.[૭૩]

અભિલેખોમાં પંચતીર્થી અને કાર્યોત્સર્ગની મૂર્તિઓના ઉલ્લેખો મળે છે. આ બાબત સપરિકર પંચતીર્થી પ્રતિમાઓ તેમજ કાર્યોત્સર્ગમુદ્રામાં ઊભેલી મૂર્તિઓની સૂચક છે.

**જૈન સૂરિઓ :**

ચૌલુક્યકાલીન અભિલેખામાંથી જૈન તીર્થંકરો ઉપરાંત જૈન સૂરિઓ વિશેની માહિતી પણ પ્રાપ્ત થાય છે. આ કાલમાં શિલાલેખોની સાથે સાથે પ્રતિમાલેખો અને ધાતુલેખો ઘણી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. લગભગ પ્રત્યેક લેખમાં એ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર તરીકે કોઈ સૂરિનું નામ મળે છે. અહીં જે જે સૂરિઓ અંગે વિશિષ્ટ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તેઓ વિશેની વિગતો પ્રસ્તુત છે.

**દ્રોણાચાર્ય**–વિ. સં ૧૦૦૬ (ઈ. સ. ૯૪૯–૫૦)ની અકોટાની પાર્શ્વનાથની પ્રતિમા પરના લેખમાં નિર્વૃત્તિકુલના દ્રોણાચર્યનો ઉલ્લેખ છે[૭૪]. એમણે અકોટાના જિનાલયમાં પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. દ્રોણાચાર્ય ભીમદેવ ૧લાના મામા થતા હતા[૭૫]. એઓ નિર્વૃત્તિકુલના હતા[૭૬]. એમણે પિંડનિર્યુક્તિ પર ટીકા પણ લખી હતી.

**પાર્શ્વિલગણિ :** વિ. સં. ૯૧૦ (ઈ. સ. ૧૦૪૪)ના પ્રતિમાલેખોમાં[૭૭] પાર્શ્વિલગણિનો ઉલ્લેખ છે. આ લેખ કડીમાંથી મળી આવેલ છે. એમાં જણાવ્યા પ્રમાણે ભૃગુકચ્છ(ભરૂચ)માં મૂલવસહિમાં (એટલે કે મૂલ નામના શ્રાવકે વસતિ બંધાવેલ હશે)માં ત્રણ જિનપ્રતિમાઓ કરાવી અને એની પ્રતિષ્ઠા આ પાર્શ્વિલગણિએ કરી હતી. આ સૂરિ નાગેન્દ્રગચ્છના હતા.

**વટેશ્વરસૂરિ** : રામસેનના વિ. સં. ૧૦૮૪ (ઈ. સ. ૧૦૨૭–૨૮)ના પ્રતિમા-લેખમાં[૭૮] આચાર્ય વટેશ્વરસૂરિનો ઉલ્લેખ છે. ચૈત્રી પૂર્ણિમાના દિવસે રામસેનમાં થારાપદ્રગચ્છના આ વટેશ્વરસૂરિએ થારાપદ્રગચ્છની સ્થાપના કરી હોવાનું મનાય છે. વટેશ્વર પોતે મહાવીરસ્વામીની શિષ્યપરંપરામાં વજ્ર શાખાના ચંદ્રકુલમાં થયા હોવાનું આ અભિલેખમાં જણાવેલ છે. વટેશ્વર વિશે જૈન પરંપરાના ઈતિહાસમાં ત્રિપુટી મહારાજે કરેલા વિશ્લેષણ પરથી જણાય છે કે, વટેશ્વરસૂરિ ગુરુપરંપરાએ ચારણગણની વજ્રનાગરી શાખાના ચંદ્રકુલના હતા.[૭૯]

**સોમસૂરિ** : વિ. સં. ૧૨૭૫ ના વડાલીના પ્રતિમાલેખમાં સોમસૂરિનો ઉલ્લેખ થયેલો છે.[૮૦] સોમસૂરિ ચંદ્રકુલના અને હુંબડ શાખાના હતા.[૮૧]

**પૂર્ણકલશસૂરિ** : વિ. સં. ૧૨૮૯ ના રામસેનના ધાતુપ્રતિમા–લેખમાં પૂર્ણકલશસૂરિએ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી એવો ઉલ્લેખ છે.[૮૨] આ સૂરિ ખરતરગચ્છના હતા. તેઓના ગુરુ જિનેશ્વરસૂરિ હતા. આ પૂર્ણકલશસૂરિએ વિ. સં. ૧૩૦૭ માં હેમચંદ્રાચાર્યકૃત વ્યાકરણની વૃત્તિ રચેલી હતી. આ સૂરિ વિદ્વાન પણ હતા. એમનું મુખ્ય વિહારસ્થાન પાલનપુરની આસપાસનો પ્રદેશ જણાય છે.[૮૩]

**દેવચંદ્રસૂરિ** : વિ. સં. ૧૨૪૫ ના આબુ પરના લેખોમાં દેવચંદ્રસૂરિનો ઉલ્લેખ થયેલો છે.[૮૪] આ સૂરિનો ગચ્છ પિપ્પલગચ્છ[૮૫] નામે પ્રસિદ્ધ હતો.[૮૬]

વિ. સં. ૧૧૬૦ માં હેમચંદ્રસૂરિ પ્રખ્યાત હતા. એમના ગુરુ દેવચંદ્રસૂરિએ ખંભાતમાં "શાંતિનાથ–ચરિત" પ્રાકૃતમાં ગદ્ય–પદ્યમય રચ્યું. તેની તાડપત્રની પ્રત પાટણના ભંડારમાં છે. વળી એમણે પોતાના પ્રગુરુ પ્રદ્યુમ્નસૂરિ–કૃત "મૂલશુદ્ધિ અપરનામ સ્થાનકાનિ" પર ટીકા–સ્થાનકવૃત્તિ રચેલી. વિ. સં. ૧૧૬૧ માં ચંદ્રકુલના બૃહદ્ગચ્છના નેમિચંદ્રના શિષ્ય શાંતિસૂરિએ સ્વશિષ્ય મુનિચંદ્ર માટે "પૃથ્વીચંદ્ર–ચરિત્ર" રચેલું. આ શાંતિસૂરિએ સિદ્ધ નામના શ્રાવકે બંધાવેલા નેમિનાથ ચૈત્યમાં પોતાની પાટે આઠ આચાર્યો સ્થાપેલા. તેઓમાં દેવચંદ્રસૂરિ પણ હતા.[૮૭]

**વિજયસેનસૂરિ** : વિજયસેનસૂરિ વસ્તુપાલ અને તેજપાલના ગુરુ હતા. તેથી વસ્તુપાલ અને તેજપાલે કરાવેલાં ઘણું કરીને દરેક પૂર્ત કામ તેમજ પ્રતિમાની પ્રતિષ્ઠા આ વિજયસેનસૂરિએ કરી હતી. વિજયસેનસૂરિ નાગેન્દ્રગચ્છના હતા. એઓ આચાર્ય હરિભદ્રસૂરિના શિષ્ય હતા.[૮૮] વિજયસેનસૂરિએ વિ. સં. ૧૨૮૮ (ઈ.સ. ૧૨૩૨)ની આસપાસ ગુજરાતી ભાષામાં "રેવંતગિરિરાસુ" નામનું કાવ્ય રચ્યું હતું.

વસ્તુપાલ અને તેજપાલે જે જે સત્કાર્યો કર્યાં તેના પ્રેરણાપુરુષ એઓ હતા. એમના ઉપદેશથી વસ્તુપાલ–તેજપાલે ગિરનારની યાત્રાનો મોટો સંઘ કાઢયો હતો. આ સંઘમાં સ્ત્રીવર્ગને ગાવા માટે ગિરનારના ધાર્મિક મહિમાને વ્યક્ત કરતો આ સુંદર અને ઐતિહાસિક રાસ રચેલ. એમણે આસડ કવિની "વિવેકમંજરી" ઉપરની બાલચંદ્રસૂરિની ટીકાનું સંશોધન કર્યું હતું. એમણે સંસ્કૃતમાં એકથી વધુ રચનાઓ કરી હતી. એમના સંસ્કૃત શીઘ્રકાવ્યોનો ઉલ્લેખ પ્રબંધોમાં પણ આવે છે.[૮૯]

**હેમચંદ્રસૂરિ** : વિ. સં. ૧૨૧૫ (ઈ. સ. ૧૧૫૯)ના પ્રતિમાલેખમાં હેમચંદ્રસૂરિનો નિર્દેશ થયેલો છે.[૯૦] એઓ પૂર્ણતલગચ્છના હતા.

ચૌલુક્યકાલમાં સિદ્ધરાજ અને કુમારપાલના સમય દરમ્યાન આ સૂરિ થયા હતા. ગુજરાતના ઇતિહાસમાં કલિકાલસર્વજ્ઞ તરીકે ખ્યાતિ પામેલા આ હેમચંદ્રનો સમય સુવર્ણકાલ હતો. આ સમય દરમ્યાન આ. હેમચંદ્રસૂરિએ વિદ્યા અને સાહિત્યના ક્ષેત્રમાં ગુજરાત જ નહિ, આખાયે ભારતવર્ષના સાહિત્યાચાર્યસ્વરૂપે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ હેમચંદ્રસૂરિનો જન્મ વિ. સં. ૧૧૪૫ (ઈ. સ. ૧૦૮૯)માં ધંધુકામાં થયો હતો. એમણે વિ. સં. ૧૧૫૦ (ઈ. સ. ૧૦૯૪)માં આ. દેવચંદ્રસૂરિ પાસે ખંભાતમાં દીક્ષા લીધી હતી. એમણે "સિદ્ધહેમશબ્દાનુશાસન" નામનો વ્યાકરણગ્રંથ એની લઘુવૃત્તિ અને બૃહદ્‌વૃત્તિ સાથે રચ્યો હતો. એમણે વ્યાકરણની સાથે સાથે "અભિધાનચિંતામણિ", "અનેકાર્થસંગ્રહ': "નિઘંટુકોશ" અને "દેશીનામમાલા" જેવા શબ્દકોશો, "ધાતુપારાયણ", "લિંગાનુશાસન"ની રચના કરી હતી. એમણે એમના સિદ્ધહેમ શબ્દાનુશાસન (વ્યાકરણ)ના છેલ્લા–૮મા અધ્યાયમાં પ્રાકૃત વ્યાકરણ અને એના એક ભાગરૂપે ચોથા પાદને અંતે અપભ્રંશ વ્યાકરણની સૌપ્રથમ વાર રચના કરી હતી. આ ઉપરાંત "કાવ્યાનુશાસન"નો "અલંકારગ્રંથ", "છંદોનુશાસન" જેવું છંદઃશાસ્ત્ર, "પ્રમાણમીમાંસા", "અન્યયોગદ્વાત્રિંશિકા" અને "વેદાંકુશ" જેવા દર્શનગ્રંથો, સંસ્કૃત–પ્રાકૃત દ્વયાશ્રય જેવાં ઇતિહાસ–કાવ્યો, "ત્રિષષ્ટિશલકાપુરુષચરિત" અને "પરિશિષ્ટપર્વ" જેવાં પુરાણકાવ્યો, "યોગશાસ્ત્ર" જેવો યોગેવિષયક ગ્રંથ, "અનુન્નીતિ" જેવો નીતિવિષયનો ગ્રંથ અને સ્તુતિ–કાવ્યોની રચના કરી એમની વિદ્યાવિષયક વૈવિધ્યપૂર્ણ સાહિત્ય કૌશલની ઓળખ કરાવેલી.[૯૧] પિટર્સન નામના વિદ્વાને એમની સાહિત્યરચનાઓથી આશ્ચર્યમુગ્ધ બની એમને "જ્ઞાન-મહોદધિ"ના બિરુદથી નવાજ્યા હતા.[૯૨]

**વિવિધ ગચ્છો :** ચૌલુકચકાલ દરમ્યાન પ્રસિદ્ધિ પામેલો જૈનધર્મ પાછળથી ગુજરાત ઉપરાંત સમગ્ર ભારતવર્ષમાં પ્રવર્તમાન થયો હતો તેથી વિસ્તરેલા જૈન સંઘોને સંગઠિત રાખવા માટે (મુનિસંઘોની) ગચ્છપરંપરાનો વિકાસ થયો.

મુનિઓ સતત વિહાર કરી જુદાં જુદાં ક્ષેત્રોમાં ધર્મપ્રચાર કરતા. આથી સમય જતાં એ મુનિસંઘો કોઈ પ્રદેશ", વિશેષ અથવાં મુખ્ય નગર, મુખ્ય મુનિ નાયક કે નોંધપાત્ર વિશિષ્ટ ઘટનાના નામથી પ્રસિદ્ધિ પામ્યા અને એ 'ગચ્છ' તરીકે ઓળખાયા. ધીમેધીમે જૈનોમાં ખાસ કરીને શ્વેતાંબરોમાં, ૮૪ (ચોરાસી) ગચ્છો બન્યા હતા.[૯૩]

આ પૈકી ચૌલુકચકાલના અભિલેખોમાંથી કુલ ૨૭ ગચ્છો વિશે જાણવા મળે છે; જોકે આ ૨૯ ગચ્છો વિશેની પૂરેપૂરી માહિતી પ્રાપ્ત થતી નથી. આ ગચ્છો નીચે મુજબ છે :

(૧) અટ્ટાલિજ ગચ્છ, (૨) આગમ ગચ્છ, (૩) ઉકેશ કે બહુકેશ ગચ્છ કક્કસૂરિ ગચ્છ, (૫) કાસહૃદ ગચ્છ, (૬) કોરંટ ગચ્છ, (૭) ચંદ્ર ગચ્છ, (૮) ચૈત્ર ગચ્છ, (૯) તપા ગચ્છ (૧૦) થારા કે થારાપદ્ર ગચ્છ, (૧૧) દેવાચાર્ય ગચ્છ, (૧૨) દેવસૂરિ ગચ્છ, (૧૩) દેવાનંદિત ગચ્છ, (૧૪) નન્નાચાર્ય ગચ્છ, (૧૫) નાગેન્દ્ર ગચ્છ, (૧૬) નાળ કે નાળકીય ગચ્છ, (૧૭) ના...રૂ...લ ગચ્છ, (૧૮) નિર્વૃત્તિ ગચ્છ, (૧૯) પિપ્પલ ગચ્છ, (૨૦) બ્રહ્માણ કે બ્રાહ્મણ ગચ્છ, (૨૧) મહાડ ગચ્છ, (૨૨) રાજ ગચ્છ, (૨૩) વટપાલ કે બૃહદ્ ગચ્છ, (૨૪) વાયટીય ગચ્છ, (૨૫) શ્વેતાંબર ગચ્છ, (૨૬) સરવાલ ગચ્છ, (૨૭) સાવદેવાચાર્ય ગચ્છ, (૨૮) સંડેર કે પુરીય ગચ્છ, (૨૯) સિત ગચ્છ વગેરે.

*આમાંના કેટલાક ગચ્છો વિશે થોડી વધુ વિગતો પ્રાપ્ત થાય છે, જેવી કે*

**ચૈત્રગચ્છ** : વિ. સં. ૧૩૦૦ના પ્રતિમાલેખમાં આ ગચ્છનો ઉલ્લેખ થયેલો[૯૪] છે. આ ગચ્છ આ કાલમાં સ્થપાયો છે.

આચાર્ય ધનેશ્વરસૂરિ મહાન પ્રભાવક હતા. એમણે ધારાનગરીના રાજા મુંજ-(વિ. સં. ૧૦૩૧ થી ૧૦૫૨)ની રાજસભામાં શાસ્ત્રાર્થ કરી વિજય પ્રાપ્ત કર્યો ત્યારથી આ મુંજરાજા એમને ગુરુ માનતા હતા. આ સૂરિએ પોતાના ૧૮ શિષ્યોને આચાર્ય બનાવ્યા. તેમનાથી ૧૮ શાખાઓ નીકળી, જેમાં "ચૈત્ર ગચ્છ" અને "ધર્મઘોષ ગચ્છ" મુખ્ય છે.[૯૫]

**થારા કે થારાપદ્રગચ્છ :** આ ગચ્છનો ઉલ્લેખ વિ. સં. ૧૦૮૪ના રામસેનના લેખમાં થયેલો છે.[૯૬] ચંદ્રગચ્છના આચાર્ય હરિતસૂરિની શિષ્ય-

પરંપરામાં આચાર્ય વટેશ્વરસૂરિ થયા હતા. તેમણે થરાદમાં આ થારાપદ્ર ગચ્છ પ્રવર્તાવ્યો હતો. આ ગચ્છમાં ઘણા વિદ્વાન આચાર્યો થયા પછી અનુક્રમે વટેશ્વર, જ્યેષ્ઠાચાર્ય, શાંતિભદ્ર, સિદ્ધાંતમહોદધિ, સર્વદેવ, શાલિભદ્ર, પૂર્ણભદ્ર વગેરે થયા છે.

આ ગચ્છ હારિતગચ્છમાંથી ઉદ્‌ભવ્યો છે. આ ગચ્છમાંથી વિ. સં. ૧૨૨૨ માં પિપ્પલગચ્છ ઉદ્‌ભવ્યો હતો.[૯૭]

આ ગચ્છના બીજા ઉલ્લેખો વિ. સં. ૧૧૧૦, ૧૧૧૨, ૧૧૧૯, ૧૧૨૬, ૧૧૩૧, ૧૧૫૭, ૧૧૫૯, ૧૧૬૧, ૧૧૯૧, ૧૧૯૮, ૧૨૯૯ વગેરે વર્ષોના પ્રતિમાલેખોમાં થયેલા છે.[૯૮]

**દેવાચાર્યગચ્છ** : વિ. સં. ૧૧૯૧ ના પ્રતિમાલેખમાં આ ગચ્છનો ઉલ્લેખ થયો છે.[૯૯]

આચાર્ય વાદિદેવસૂરિને હસ્તે કુમારપાલે જાલોરના સુવર્ણગઢ ઉપર ભગવાન પાર્શ્વનાથનો કુમારવિહાર સ્થાપિત કરાવ્યો ત્યારથી આ ગચ્છ પ્રસિદ્ધ થયો.[૧૦૦]

એક મત પ્રમાણે દેવાચાર્યગચ્છ વડગચ્છનો પેટા–ગચ્છ છે.[૧૦૧]

**રાજગચ્છ** : વિ. સં. ૧૨૮૫ના પ્રતિમાલેખમાં આ ગચ્છનો નિર્દેશ થયેલો છે.[૧૦૨]

આચાર્ય અભયદેવસૂરિના શિષ્ય ધનેશ્વરસૂરિ (વિ. સં. ૧૦૩૧ થી ૧૦૫૨) મુંજ રાજાની સભામાં વિજેતા બન્યા તેથી એઓ રાજાના માનીતા ગુરુ થયા, જે વિશે ઉપર યથાસ્થાન બતાવ્યું છે. એમણે પ્રવર્તાવેલા ગચ્છનું નામ "રાજગચ્છ" પડયું.[૧૦૩]

બીજા મત પ્રમાણે આ ગચ્છના સ્થાપક આચાર્ય નન્નસૂરિ હતા અને એમણે વિ. સં. ૮૫૦ માં આ "રાજગચ્છ" સ્થાપ્યો હતો.[૧૦૪]

**વાયટીય ગચ્છ** : વિ. સં. ૧૨૮૫, ૧૨૯૮ અને ૧૩૦૦ ના લેખમાં આ ગચ્છનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.[૧૦૫]

ગુજરાતના વાયટ ગામમાં વાયટીય ગચ્છના પ્રસિદ્ધ જિનદત્તસૂરિ વિ. સં. ૧૨૬૫ માં થયા. તેમણે આ ગચ્છ પ્રવર્તમાન કર્યો. આ ગચ્છની સૂરિપરંપરામાં જિનદત્ત, રાશિલ્લ અને જીવદેવસૂરિ થયા હતા.[૧૦૬]

બીજી માન્યતા મુજબ વાયટ નામના પુરમાં રહેનાર આચાર્યોથી વાયટીય ગચ્છ પ્રસિદ્ધિ પામ્યો. એક અનુમાન મુજબ એના મુખ્ય પ્રવર્તક, ગુજરાતના રાજા વીસલદેવના ગુરુ, સમરચંદ્રસૂરિ હતા.[૧૦૭]

**તપાગચ્છ** : આ ગચ્છના નામોલ્લેખવાળો વિ. સં. ૧૨૩૬નો એક પ્રતિમાલેખ દાંતીવાડામાંથી મળ્યો છે. "જૈન તીર્થસર્વસંગ્રહ"ના લેખકે નોંધ્યું છે કે રાઉલ ગજસિંહના રાજ્યકાલમાં તપાગચ્છીય શ્રીવિજયસોમસૂરિએ આ મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી.[૧૦૮] અહીં પ્રશ્ન એ ઊભો થાય છે કે વિ. સં. ૧૨૩૬માં તપાગચ્છ હતો કે કેમ? જૈન પરંપરા અનુસાર વિ. સં. ૧૨૮૫માં જગચ્ચંદ્રસૂરિએ કરેલા ઉગ્ર તપને લીધે મેવાડના રાજાએ એમને "તપા"નું બિરુદ આપતાં એમનાથી તપાગચ્છની સ્થાપના થઈ.[૧૦૯]

આ સંદર્ભમાં વિ. સં. ૧૨૩૬ માં તપાગચ્છમાં વિજયસોમસૂરિ થયાની વાત ખરી લાગતી નથી. આમાં રાઉલ ગજસિંહનો જે ઉલ્લેખ છે તે ગજસિંહ જો દાંતાનો હોય તો એનું અવસાન ઈ. સ. ૧૬૭૭માં થયું હતું[૧૧૦] એ દૃષ્ટિએ જોતાં આ પ્રતિમાલેખ પરનું વર્ષ ૧૨૩૬ ને બદલે વિ. સં. ૧૭૩૬ હોવાની શક્યતા વધુ બંધ બેસે. આ લેખનો પાઠ ઉપલબ્ધ થયો નથી તેમજ દાંતીવાડા જઈને એની ખાતરી થઈ શકી નથી.

**(૧) ઉત્સવો-પર્વો :**

ઉત્સવો જીવનને મધુર બનાવે છે. વિવિધ ઉત્સવો અને પર્વો દ્વારા માણસ માણસ વચ્ચેની નિકટતા વધે છે. ઉત્સવ સમાજનું એક પ્રગતિકારક અંગ છે. ચૌલુક્યકાલના સમાજમાં લોકો અનેક જાતના ઉત્સવો અને તહેવારો ઊજવતા હતા. અભિલેખોમાં આનો કોઈક કોઈક જગ્યાએ નિર્દેશ થયેલો નજરે પડે છે, પરંતુ સાહિત્યિક વર્ણનોમાં ઉત્સવો અને તહેવારોની વિશેષ ચર્ચા કરેલી છે. સામાન્ય રીતે આ ઉત્સવો અને પર્વો ધર્મને અનુલક્ષીને ઊજવવામાં આવતાં જણાય છે.

આ સમયમાં અભિલેખોમાં એકાદશી, પૂર્ણિમા અને અમાસની તિથિઓનો નિર્દેશ વારંવાર નજરે પડે છે. એકાદશી, પૂર્ણિમા, અમાસ ઉપરાંત સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણ વગેરેનો ઉલ્લેખ મળે છે તેથી આ તિથિઓનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાનું જણાય છે. તે વખતે નિશ્ચિત વ્રત કરવામાં આવતાં હશે.

**હિંદુ પર્વો : એકાદશી :**

દરેક માસની એકાદશીને ધાર્મિક રીતે પવિત્ર ગણવામાં આવે છે, આથી આ દિવસે દાન આપવામાં આવતું હતું. વિ. સં. ૧૨૩૧ના લેખમાં[૧૧૧] કારતક સુદિ ૧૧ ને સોમવારે ઉપવાસ કરી ધર્મવૃદ્ધિ તથા માતાપિતાના તેમજ પોતાના યશ માટે જડ ચેતન શિવ અને પુરુષોત્તમની પૂજા કરી ભોજનાલયના નિભાવ માટે ગામ દાનમાં આપ્યાની નોંધ છે.

વિ. સં. ૧૨૩૨ ના લેખમાં[૧૧૨] ચૈત્ર સુદિ ૧૧ ના દિવસે અજયપાલની રાણીના પુણ્ય માટે ભૂમિદાન આપવામાં આવ્યું હતું.

કુમારપાલના સમય વગરના એક લેખમાં[૧૧૩] જણાવ્યા પ્રમાણે દરેક માસની બન્ને પક્ષની અગિયારસ, ચૌદસ અને અમાસ તેમજ પુણ્યતિથિએ પ્રાણીઓને અભયદાન આપવું. અમાસના દિવસે આજે પણ જ્યાં ઓજારો વાપરવામાં આવતાં હોય તેવા વ્યવસાયો કરાતા નથી. દા. ત. કુંભાર, સુથાર, લુહાર, કડિયા, રંગારા વગેરે. આજે પણ ગુજરાતમાં અમાસના દિવસે પાકી રખાય છે.

**દીપોત્સવી :**

ચૌલુક્યકાલના અભિલેખોમાં દીપોત્સવીના તહેવારના ઉલ્લેખો પણ આવે છે; જેમકે વિ. સં. ૧૨૨૧, ૧૨૪૨, ૧૨૫૬ ના લેખમાં[૧૧૪] દીપોત્સવીના દિવસે નવા નાટકીય પ્રયોગ માટે મંડપમાં સુવર્ણમય કળશારોપણનો વિધિ થતો હતો એના ઉલ્લેખો છે.

**મકરસંક્રાંતિ :**

મકરસંક્રાંતિના દિવસે દાન આપવાનો ભારે મહિમા હોવાનું જણાય છે. વિ. સં. ૧૧૨૦ ના લેખમાં[૧૧૫] ઉત્તરાયણ પર્વના દિવસે દાન આપવાનો મહિમા જણાવેલ છે.

વિ. સં. ૧૧૪૦ ના લેખમાં[૧૧૬] ઉત્તરાયણના દિવસે દાન આપવાનો ઉલ્લેખ થયેલો છે.

વિ. સં. ૧૧૯૩ ના લેખના[૧૧૭] મકરસંક્રાંતિના દિવસે દાન આપ્યાનો ઉલ્લેખ થયેલો છે.

**સૂર્યગ્રહણ :**

સૂર્યગ્રહણના દિવસે દાન આપવાનો મહિમા પ્રવર્તતો હતો.

વિ. સં. ૧૦૪૩ ના લેખમાં સૂર્યગ્રહણના દિવસે દાન આપ્યાનો ઉલ્લેખ થયેલો છે.[૧૧૮]

વિ. સં. ૧૦૪૩ ના ભીમદેવ ૧લા ના એક લેખમાં[૧૧૯] જેઠ માસની અમાવાસ્યાએ સૂર્યગ્રહણ હતું. આ દિવસે દાન આપવામાં આવેલું હતું.

સિદ્ધરાજ જયસિંહના સાલ વગરના એક લેખમાં[૧૨૦] પણ સૂર્યગ્રહણનો નિર્દેશ થયેલો છે.

ત્રિભુવનપાલના વિ. સં. ૧૨૯૯ના એક લેખમાં[૧૨૧] સૂર્યગ્રહણના દિવસે દાન અપાયાનો ઉલ્લેખ નજરે પડે છે.

**ચંદ્રગ્રહણ :**

સૂર્યગ્રહણની જેમ જ ચૌલુક્યકાલમાં ચંદ્રગ્રહણનો પણ મહિમા હતો. આ સમયે દાન આપવાથી બહુ પુણ્ય મળે છે એવી માન્યતા પ્રવર્તતી હતી.

વિ. સં. ૧૦૫૧ના મૂલરાજના તામ્રપત્રમાં[૧૨૨] ચંદ્રગ્રહણના દિવસે શિવપૂજા કરી ગામનું દાન આપ્યાના ઉલ્લેખો નજરે પડે છે.

કુમારપાલના વિ. સં. ૧૨૨૦ના લેખમાં [૧૨૩] આ દિવસે ઉદ્લેશ્વર–મંદિરને એના નિભાવ માટે દાન આપ્યાના ઉલ્લેખો થયેલા છે.

**વૈશાખી પૂર્ણિમા :**

વૈશાખી પૂર્ણિમાના દિવસને પુણ્ય પર્વ તરીકે ઓળખવામાં આવતો હતો. હજુ આજે પણ આ પર્વ ઊજવવામાં આવે છે.

વિ. સં. ૧૦૮૬ના એક લેખમાં[૧૨૪] વૈશાખી પૂર્ણિમાએ દાન આપ્યાનો નિર્દેશ થયેલો છે.

ભીમદેવ ૨ જાના આબુ પરના વિ. સં. ૧૨૯૩ના લેખમાં[૧૨૫] વૈશાખી પૂર્ણિમાનો નિર્દેશ થયેલો છે.

**શ્રાવણી પૂર્ણિમા :**

ચૌલુક્યકાલના અભિલેખોમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે દાન આપ્યાના ઉલ્લેખો છે. આ દિવસને મોટો ધાર્મિક દિવસ ગણવામાં આવતો હશે. હજુ આજે પણ શ્રાવણી–પૂર્ણિમાના દિવસને બળેવ તરીકે ધાર્મિક મહત્ત્વ આપવામાં આવે છે.

સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૫૬ના લેખમાં[૧૨૬] શ્રાવણ સુદિ ૧૫ના દિવસે તીર્થંકર સુમતિનાથના મંદિરને દાન આપ્યાનો ઉલ્લેખ છે.

વિ. સં. ૧૨૮૩ના ભીમદેવ ૨ જાના લેખમાં[૧૨૭] ઉલ્લેખ પ્રમાણે માંડલમાં મૂલેશ્વરનું મંદિર અને એને સંલગ્ન મઠના યોગીઓના નિત્યપૂજા અને ભોજન માટે શ્રાવણ સુદિ પૂર્ણિમાના દિવસે દાન આપ્યું હતું.

**અક્ષયતૃતીયા :**

આ સમયના અભિલેખોમાં કેટલીક તિથિઓ વૈશાખ સુદિ ત્રીજના દિવસની છે. અક્ષયતૃતીયાના દિવસને મોટું પર્વ માનવામાં આવતું હતું. આ દિવસે, મૃત્યુ

પામેલા પૂર્વજોને પિંડદાન આપવામાં આવતું હતું. આ પ્રથા આ. હેમચંદ્રના સમયમાં પણ પ્રચલિત હતી. હાલમાં[૧૨૮] આ પ્રથા પ્રચલિત હોય એમ જણાતું નથી. વિષ્ણુધર્મોત્તરમાં વૈશાખ માસની શુકલતૃતીયાને દિવસે ઉપવાસ કરવાથી સર્વપુણ્યનું અક્ષય ફળ મળે છે એમ જણાવ્યું છે. આ દિવસે અક્ષય પુણ્ય થાય છે માટે એ દિવસને 'અક્ષયતૃતીયા' કહેવામાં આવે છે. હજુ આજે પણ અક્ષયતૃતીયા(અખાત્રીજ)ની તિથિને મહત્ત્વ આપવામાં આવે છે.[૧૨૯]

વિ. સં. ૧૨૦૧ ના કુમારપાલના ગાળાના શિલાલેખમાં અક્ષયતૃતીયાનો નિર્દેશ થયેલો છે.

અજયપાલના વિ. સં. ૧૨૨૯ ના લેખમાં તૃતીયાને દિવસે ઉદયપુરમાં ભગવાન વૈદ્યનાથને ઉમરથા નામનું ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે.

**મહાશિવરાત્રિ** :

હિંદુધર્મમાં શિવરાત્રિને મોટો ધાર્મિક ઉત્સવ ગણવામાં આવે છે. એ કાલમાં પણ આ તહેવાર ઉજવવામાં આવતો હશે. આ કાલના અભિલેખોમાં આ પર્વનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આ પર્વ હજુ આજે પણ એટલા જ ઉત્સાહ સાથે ઊજવવામાં આવે છે.

વિ. સં. ૧૨૦૯ ના લેખમાં [૧૩૦] શિવરાત્રીના દિવસે કુમારપાલે પોતાના રાજ્યમાં અમારિની ઘોષણા ફરમાવી હતી એવા ઉલ્લેખો છે.

**ચૈત્રી પૂર્ણિમા** :

ચૈત્રી પૂર્ણિમાના દિવસે મોટો મેળો ભરવામાં આવતો હોય છે. આ પર્વ આજે પણ ઊજવવામાં આવે છે. આ કાલના અભિલેખમાં આ પર્વનો પણ ઉલ્લેખ થયેલો નજરે પડે છે.

વિ. સં. ૧૨૬૪ ના લેખમાં ચૈત્રીપૂનમના દિવસે દાન અપાયાનો ઉલ્લેખ છે.[૧૩૧]

ઉપરોક્ત જણાવેલ પર્વો અને ઉત્સવોની સાથે સાથે બીજા કેટલાક તહેવારો પણ ઉજવવામાં આવતા હતા. જેમકે સોમપર્વણી એટલે કે સોમવતી અમાસના દિવસે દાન અપાયાના પણ ઉલ્લેખો અભિલેખોમાંથી જાણવા મળે છે. વિ. સં. ૧૧૫૩ ના લેખમાં[૧૩૨] સોમપર્વણીના દિવસે દાન આપ્યાનો ઉલ્લેખ નજરે પડે છે.

**જૈનપર્વ** :

આ કાલ દરમ્યાન જૈનધર્મનો ફેલાવો ઘણો થયો હતો. આ સમયના પ્રતિમાલેખો ઘણી સંખ્યામાં પ્રાપ્ત થયેલા છે. આ પ્રતિમાલેખોને આધારે જૈન

તહેવારો વિશે વિશેષ માહિતી પ્રાપ્ત થતી નથી, કારણ કે પ્રતિમાલેખોમાં વધુ પ્રતિમા કરાવ્યાના જ ઉલ્લેખોનો નિર્દેશ થયેલો છે. થોડાક લેખોમાં મંદિરો દેવકુલિકા કરાવ્યાના ઉલ્લેખ થયેલા છે.

**અક્ષયતૃતીયા :**

હિંદુધર્મની માફક જૈનધર્મમાં પણ અક્ષયતૃતીયાના પર્વને મહત્ત્વ આપવામાં આવેલું છે.

વિ. સં. ૧૨૨૬ ના લેખમાં[૧૩૩] અને વિ. સં. ૧૨૮૧ ના લેખમાં[૧૩૪] અક્ષયતૃતીયા (વૈશાખ સુદિ–૩)ના દિવસે ઋષભદેવ અને વીરનાથની પ્રતિમા કરાવ્યાના ઉલ્લેખો છે.

**સંવત્સરી–મહોત્સવ :**

વિ. સં. ૧૨૮૭ માં ભીમદેવ ૨ જાના સમયના લેખમાં[૧૩૫] સંવત્સરી-મહોત્સવનો ઉલ્લેખ થયેલો છે. આ લેખમાં આ ઉત્સવની ઊજવણી માટેના કેટલાક નિયમો પણ આપેલા છે, જેવા કે

- આ ઉત્સવ પવિત્ર ચૈત્ર માસના કૃષ્ણપક્ષ તૃતીયાને દિવસે શરૂ થઈને ૮ દિવસ સુધી ચાલુ રાખવો જોઈએ.
- આ ઉત્સવમાં સ્નાન પૂજા વગેરે ક્રિયાઓ ચંદ્રાવતી પ્રદેશના શ્રાવકોને કરવાની હતી.
- ઉત્સવનો દરેક દિવસ તે તે સ્થળની અમુક જ્ઞાતિ માટે નક્કી કરેલ હતો.
- ઉન્નત મનવાળો જ આ ઉત્સવ કરે, પછી કપાલ, કમંડલ, વલ્કલ, સિત અને રક્ત જટા વગેરેની જરૂર નથી.

જૈન મંદિરોમાં સ્થાપિત દેવોની પૂજા કરવા માટે કેટલાક નિયમો હતા. આ સમયના પ્રતિમાલેખોમાં આવા નિયમો દર્શાવતો લેખ પ્રાપ્ત થયો છે. અત્યાર સુધીના પ્રાપ્ત બધા લેખોમાં ઉત્સવોના વિધિ તેમજ વિવિધ ઉત્સવો અંગેની વાત કરેલી જોવા મળે છે, પરંતુ ઉત્સવોને લગતા નિયમોની માહિતી આપેલ નથી.

વિ. સં. ૧૨૮૭ ના ભીમદેવ ૨ જાના એક અન્ય શિલાલેખમાં[૧૩૬] મંદિરની પૂજા કરવા માટે કેટલાક નિયમો રાખ્યા હતા તેની નોંધ આપેલી છે, જે નીચે મુજબ છે :

(૧) ચંદ્રાવતી નગરીના સમસ્ત મહાજન અને બધાં જિનમંદિરોના ગોષ્ઠિકો–કાર્યવાહકો વગેરે શ્રાવકોનો સમુદાય તથા ઉંબરણી અને કીશરઉલી–કીવરલી ગામોના પોરવાડ જ્ઞાતિના રાસલ, આસધર, મણિભદ્ર, આલ્હણ, દેલ્હણ, ખીમસિંહ, સાવડ શ્રીપાલ, જીંદા પાલ્હણ, પૂના સાલ્હા, ધરકટ જ્ઞાતિના–નેહા સાલ્હા, ધઉલિગ આસચંદ્ર, વટુદેવ સોમ, પાસુ સાદા, શ્રીમાલ જ્ઞાતિના–પૂના સાલ્હા આ બધાએ ગોષ્ઠિઓ નેમિનાથદેવની પ્રતિષ્ઠાની વર્ષગાંઠની યાત્રાના અઠ્ઠાઈ મહોત્સવમાં દેવકીય–શાસ્ત્રીય ચૈત્ર વદિ ૩ને દિવસે સ્નાત્ર અને પૂજા–ઉત્સવ કરવો.

(૨) કાસહ્રદ (કાસિંદ્રા) ગામના ઓસવાલ જ્ઞાતિના–સોહી પાલ્હણ, સલખણ વાલણ, પોરવાડ જ્ઞાતિના–સાંતુય દેલ્હુય, ગોસલ આલ્હા, કોલા આંબા, પાસચંદ પૂનચંદ, જસવીર જયા, બ્રાહ્મદેવ રાલ્હા, શ્રીમાલ જ્ઞાતિના–કદુયરા, કુલધર વગેરેએ ફાગણ વદિ ૪ને દિવસે અષ્ટાન્હિકાના બીજા દિવસનો મહોત્સવ કરવો.

(૩) બ્રહ્માણ (વરમાણ) નિવાસી પોરવાડ જ્ઞાતિ–મહાજન આમિગ પૂનડ, મહા, પાલ્હણ ઉદયપાલ, વીરદેવ અમરસિંહ, ધનચંદ્ર રામચંદ્ર, ઓસવાલ જ્ઞાતિના–ધાંધા સાગર, મહા સટા, વરદેવ મહા, આવોધન જગસિંહ, શ્રીમાલ જ્ઞાતિના–મહાવીસલ પાસદેવ વગેરેએ ફાગણ વદિ ૫ ને દિવસે મહોત્સવ કરવો.

(૪) ધઉલી (ધવલી) ગામના પોરવાડ જ્ઞાતિના સાજણ પાસવીર, વેહડી પૂના, જસડુપ જેગણ, સાજણ ભોળા, પાસિલ પૂનુય, રાજુગ સાવદેવ, દુગસરણ સાહગીય, ઓસવાલ જ્ઞાતિના–સલખણ, મંત્રી જોગા, દેવકુમાર આસદેવ વગેરે જિનમંદિરના કાર્યવાહકોએ ફાગણ વદિ ૬ને દિવસે નેમિનાથદેવના અષ્ટાન્હિકાના ચોથા દિવસનો મહોત્સવ કરવો.

(૫) મુંડસ્થલ : મહાતીર્થ (મૂંગથલા)નિવાસી પોરવાડ જ્ઞાતિના સંધીરણ, ગુણચંદ્ર પાલ્હા, સોહિય આંબેસર, જેજા ખાંખણ, ફીલિણી ગામના રહેવાસી શ્રીમાલ જ્ઞાતિના વાપલ, ગાજલ વગેરે જિનમંદિરના ગોષ્ઠિકો–કાર્યવાહકોએ ફાગણ વદિ ૭ ને દિવસે નેમિનાથદેવનો વર્ષગાંઠ સંબંધી પાંચમા દિવસનો મહોત્સવ કરવો.

(૬) હંડાઉદ્રા (હણાદ્રા) અને ડવાણી (ડમાની) ગામના શ્રીમાલ જ્ઞાતિના– આંબુય જસરા, લખમણ આસ, આસલ જગદેવ, સુમિગ ધનદેવ, જિનદેવ જાલા, દેલા વીસલ, આસધર આસલ, થિરદેવ વીરુય, ગુણચંદ્ર દેવધર વગેરે,

પોરવાડ જ્ઞાતિના–આસલ સાદા, લખમણ કડુયા, વગેરેએ ફાગણ વદિ ૮ ને દિવસે નેમિનાથદેવની વર્ષગાંઠને લગતો ૬ ઠ્ઠા દિવસનો મહોત્સવ કરવો.

(૭) મડાહડ (મઢાર)નિવાસી પોરવાડ જ્ઞાતિના–દેસલ બ્રહ્મસરણ, જસકર ધણિયા, દેલ્હણ આલ્હા, વાલ્હા પદ્મસિંહ, આંબુય બોહડી, વોસરી પૂનદેવ, વીરય સાજણ, પાહુય જિનદેવ વગેરેએ નેમિનાથદેવની વર્ષગાંઠ નિમિત્તના અઠ્ઠાઈ મહોત્સવના ૭ મા દિવસનો મહોત્સવ ફાગણ વદિ ૯ ને દિવસે કરવો.

(૮) સાહિલવાડા (સેલવાડા) નિવાસી ઓસવાલ જ્ઞાતિના દેલ્હા આલ્હણ, નામદેવ આંબદેવ, કાલ્હણ આસલ, વોહિય લાખણ, જસદેવ વાહડ, સીલણ દેલ્હણ, વહુદા, મહધરા ધનપાલ, પૂનિગ વાઘા, ગોસલ વાહડા વગેરે, જિનમંદિરના ગોષ્ઠિકો–કાર્યવાહકોએ ફાગણ વદિ ૧૦ ને દિવસે અઠ્ઠાઈ મહોત્સવનો ૮ મા દિવસનો મહોત્સવ કરવો.

(૯) આબુ પરના આમ દેઉલવાડા(દેલવાડા)ના રહેવાસી સમસ્ત શ્રાવકોએ નેમિનાથદેવનાં પાંચ કલ્યાણકોના દિવસોમાં દર વર્ષે સ્નાત્રપૂજા અને મહોત્સવ કરવો.

આ ઉપરાંત ચંદ્રાવતીના રાજા સોમસિંહદેવે તેમના પુત્ર રાજકુમાર કાન્હડદેવ–પ્રમુખ બધા રાજકુમારોએ રાજ્યના બધા અધિકારીઓ તથા ચંદ્રાવતીના સ્થાનપતિ,ભટ્ટારક, (આચાર્યો, મહંતો) ધર્માચાર્યો, ગુગુલિ બ્રાહ્મણો, મહાજનો, જિનમંદિરોના કાર્યવાહકો તેમજ આબુ પરના અચલેશ્વર અને વશિષ્ઠ સ્થાનની નજીકનાં ગામો–દેઉલવાડા ગામ, શ્રીમાતાનું મતેબુગ્રામ, હેઠઉજીગ્રામ, આખીગ્રામ, ધાંધલેશ્વર, દેવનું કોટડીગ્રામ આ બાર ગામના રહેવાવાળા સ્થાનપતિ (આચાર્યો, મહંતો, મઠપતિઓ), તપોધન, સાધુઓ, રાઠિય વગેરે તથા ભલિ, ભાડા વગેરે ગામના રહેનારા પ્રતિહારવંશના બધા રાજપૂતો વગેરેએ પોતપોતાની ઇચ્છાથી લૂણવસહીના મૂળ નાયક નેમિનાથદેવના મંડપમાં બેસીને મંત્રી તેજપાલ પાસેથી પોતપોતાની રાજીખુશીપૂર્વક આ મંદિરની રક્ષા કરવાનો બધો ભાર સ્વીકાર્યો.

ચૌલુક્યકાલ દરમ્યાન હિંદુ અને જૈનધર્મની સાથે સાથે ઇસ્લામ ધર્મનો પણ ફેલાવો શરૂ થયો હતો. આ સમયના બાર જેટલા મુસ્લિમ લેખો મળ્યા છે [૧૩૭] એ બાબત ગુજરાતનાં મુખ્ય મુખ્ય કેન્દ્રોમાં એનો ફેલાવો થયો હોવાનું સૂચન કરે છે.

## પાદટીપ

૧. કાણે, "હિસ્ટરી ઑફ ધર્મ–શાસ્ત્ર", પુ. ૨, પૃ. ૮૩૭
૨. હેમાદ્રિ, "દાનખંડ," પૃ. ૧૬૦; અગ્નિપુરાણ, ૨૦૯–૨૩, ૨૪
૩. વશિષ્ઠધર્મ ૦ ૨૯–૧૯
૪. અનુશાસનપર્વ, ૬૨–૨
૫. અ. નં. ૪૦, ૯૪
૬. અ. નં. ૧૯, ૨૦, ૭૩
૭. દાનપત્રો પૈકી મૂલરાજનું ૧, ચામુંડરાજ અને દુર્લભરાજનાં ૨, ભીમદેવ ૧ લાનાં ૪, કર્ણદેવ ૧ લાનાં ૩, સિદ્ધરાજ જયસિંહનાં ૨૦, કુમારપાલનાં ૧૮, અજયપાલનાં ૨, ભીમદેવ ૨ જાનાં ૧૧ અને જયસિંહ ૨ જાનાં ૨ મળ્યાં છે.
૮. અ. નં. ૧૦૩, ૧૦૬, ૧૧૨, ૧૩૨, ૧૭૬ વગેરે
૯. અ. નં. ૬, ૭, ૯, ૧૦, ૧૯, ૧૭૬, ૧૭૮
૧૦. આની વિગતો ગ્રંથને અંતે આપેલા પરિશિષ્ટમાં સમાવિષ્ટ છે.
૧૧. "વલ્લભવિદ્યાનગર સંશોધનપત્રિકા', પુ. ૧, અંક ૨, નં. ૪
૧૨. હેમાદ્રિ, ઉપર્યુક્ત, પૃ. ૧૪
૧૩. અ. નં. ૧૭
૧૪. દા.ત., અ. નં. ૬, ૧૪
૧૫. અ. નં. ૧૮–૧૯
૧૬. આ અંગેની ચર્ચા આ પૂર્વેના રાજકીય સ્થિતિના પ્રકરણમાં આપણે જોઈ છે.
૧૭. बहुभिर्व्वसुधा भुक्ता......ભવિષ્યપુરાણ, ૪–૧૬૪–૨૨
षष्टिं वर्षसहस्राणि......પદ્મપુરાણ, ૬–૩૩–૨૬–૨૭
જુઓ કાણે, ઉપર્યુક્ત, પુ. ૨, પૃ. ૧૨૭૧–૭૭.
૧૮. "સ્કંદપુરાણ", ૩–૩૪–૭
૧૯. "અપરાર્ક", પૃ. ૨૪
૨૦. અ. નં. ૨૦
૨૧. સોમપુરા કે. એફ., "ધ સ્ટ્રક્ચરલ ટેમ્પલ્સ ઑફ ગુજરાત", પૃ. ૧૦૩
૨૨. અ. નં. ૨૭
૨૩. અ. નં. ૩૨
૨૪. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૩૬૬; મજુમદાર એ. કે., "ચૌલુક્યઝ ઑફ ગુજરાત", પૃ. ૨૯૫; શાસ્ત્રી હ. ગં., "ઇતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ," પૃ. ૨૪
૨૫. જોટે, રત્નમણિરાવ, "ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ," ખંડ ૧, ભા. ૧–૨, પૃ. ૧૦૨
૨૬. હાલ આવી વાવ માંગરોળ પાસે જાણવામાં આવી છે.

૨૭. અ. નં. ૪૩ ૨૮. અ. નં. ૪૪
૨૯. અ. નં. ૫૭ ૩૦. અ. નં. ૬૦
૩૧. અ. નં. ૬૧ ૩૨. અ. નં. ૯૪
૩૩. જોટે, રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ", પૃ. ૨૬૩
૩૪. અ. નં. ૧૮૧ ૩૫. અ. નં. ૧૭૮
૩૬. અ. નં. ૨૧, ૩૯, ૪૪
૩૭. આની વિગત ઉપર સામાજિક સ્થિતિના પ્રકરણમાં ચર્ચાયેલી છે.
૩૮. અ. નં. ૪૪ ૩૯. અ. નં. ૨૭
૪૦. અ. નં. ૬૧ શ્લોક ૨૯ ૪૧. અ. નં. ૯૯, શ્લોક ૪૪
૪૨. જોટે, રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ," પૃ. ૨૬૩
૪૩. "ઍન્યુયલ રિપૉર્ટ, આર્કિયોલૉજિકલ ડિપાર્ટમેન્ટ ઑફ બડૌદા સ્ટેટ", ૧૯૩૫–૩૬, પૃ. ૧૨
૪૪. જિનવિજયજી, "પ્રાચીન લેખસંગ્રહ", ભા. ૨, લે. ૧૩૨
૪૫. કાણે, ઉપર્યુક્ત, પૃ. ૭૨૯–૩૦
૪૬–૪૭. અ. નં. ૩૯
૪૮. અ. નં. ૧૧૧ ૪૯. અ. નં. ૧૦૭, ૧૧૩
૫૦. અ. નં. ૧૮૨ ૫૧. અ. નં. ૯૪ ૫૨. અ. નં. ૯૫
૫૩. જેમકે કુમારપાલના લેખોમાં એને "ઉમાપતિવરલબ્ધપ્રસાદ' કહ્યો છે.
૫૪. અ. નં. ૧૩ ૫૫. અ. નં. ૩૫–અ
૫૬. જોટે, રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ", પૃ. ૨૬૩
૫૭. "ઍન્યુઅલ રિપૉર્ટ, આર્કિઓલોજિકલ ડિપાર્ટમેન્ટ ઑફ બડૌદા સ્ટેટ", ૧૯૩૫–૩૬, પૃ. ૧૨
૫૮. અ. નં. ૬૧, શ્લોક ૨૯
૫૯. શાસ્ત્રી હ. ગં., 'ધોળકાના કેટલાક પુરાતન અવશેષ', "પથદીપ", પૃ. ૫૫
૬૦. મજુમદાર એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૨૯૯
૬૧. "ઍન્યુઅલ રિપૉર્ટ, આર્કિયોલૉજિકલ ડિપાર્ટમેન્ટ ઑફ બડૌદા સ્ટેટ," ૧૯૩૫–૩૬, પૃ. ૧૨
૬૨. જોટે, રત્નમણિરાવ, "ખંભાતનો ઇતિહાસ", પૃ. ૨૬૩
૬૩. અ. નં. ૯૬ ૬૪. અ. નં. ૧૫૫–અ
૬૫. જિનવિજયજી, "પ્રાચીન જૈન લેખસંગ્રહ,", ભા. ૨, લે. ૧૩૨
૬૬. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૩૭૦–૭૨

૬૭. જુઓ અ. નં. ૧૩૪ થી ૧૩૯ ૬૮. અ. નં. ૧૧૦
૬૯. અ. નં. ૧૧૬ થી ૧૩૧, ૧૨૩ થી ૧૨૯ ૭૦. અ. નં. ૫૦
૭૧. જિનવિજયજી, "આબુ પ્રાચીન જૈન લેખસંગ્રહ", લે. ૩૫૨, પૃ. ૧૪૨
૭૨. દવે, ક. ભા., "ગુજરાતનું મૂર્તિવિધાન," પૃ. ૪૪૧
૭૩. જેમકે વિ. સં. ૧૨૦૦ માં ચક્રેશ્વરીદેવીની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે. વિ. સં. ૧૨૧૫ ના લેખમાં અંબિકાની પ્રતિમાની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે.
૭૪. પ્ર. લે. નં. ૨ ૭૫. "જૈ. તી. સ. સં.", ભા. ૧, પૃ. ૨૭
૭૬. "જૈ. ધા. પ્ર. લે. સં." ભા. ૧, પૃ. ૧૩૨
૭૭. પ્ર. લે. નં. ૯ ૭૮. પ્ર. લે. નં. ૧૧
૭૯. ત્રિપુટી મહારાજ, જૈન પરંપરાનો ઇતિહાસ, પૃ. ૪૪૯
૮૦. પ્ર. લે. નં. ૨૯૯ ૮૧. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૨
૮૨. પ્ર. લે. નં. ૩૩૮
૮૩. દેસાઈ મો. દ., "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", ટિ. ૫૮૮, પૃ. ૪૧૦
૮૪. પ્ર. લે. નં. ૨૨૯ થી ૨૪૩
૮૫. આ ગચ્છ અંગે જુઓ આ પ્રકરણમાં ગચ્છ–વિભાગ.
૮૬–૮૭. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, ટિ. ૩૨૭, પૃ. ૨૩૮
૮૮. એમની ગુરુપરંપરા માટે જુઓ મુનિ જિનવિજયજી, ઉપર્યુક્ત, ભા. ૨, પૃ. ૮૪, લે. ૬૪.
૮૯. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૩૧૬
૯૦. પ્ર. લે. નં. ૧૭૪ ૯૧. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, પૃ. ૧૩૦
૯૨. "ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૪, પૃ. ૨૮૮
૯૩. આ ૮૪ ગચ્છોનાં નામ માટે જુઓ "પટ્ટાવલિસમુચ્ચય," પરિશિષ્ટ ૫, પૃષ્ઠ ૨૦૩.
૯૪. પ્ર. લે. નં. ૩૯૮
૯૫. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, ભા. ૨, પૃ. ૧૯
૯૬. પ્ર. લે. નં. ૧૧
૯૭. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, ભા. ૨, પૃ. ૪૭૧
૯૮. પ્ર. લે. નં. ૧૬–અ, ૧૭, ૨૧, ૨૩, ૨૬, ૮૧, ૮૬, ૯૦, ૧૧૩, ૧૨૧, ૩૯૬
૯૯. પ્ર. લે. નં. ૧૧૨
૧૦૦. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, ભા. ૨., પૃ. ૫૯૬
૧૦૧. એજન, પૃ. ૬૧૮ ૧૦૨. પ્ર. લે. નં. ૩૨૪

૧૦૩. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, પૃ. ૩૪૧
૧૦૪. ત્રિપુટી મહારાજ, ઉપર્યુક્ત, ભા. ૨, પૃ. ૬૧૦
૧૦૫. પ્ર. લે. નં., ૩૨૬, ૩૮૯, ૩૯૮
૧૦૬. દેસાઈ મો. દ., ઉપર્યુક્ત, પૃ. ૩૪૦, ૩૭૯, ૪૯૭ ટિ. ૩૯૩
૧૦૭. ત્રિવેદી ચન્દ્રવદન વિ. "ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાંથી મળતી માહિતી," પૃ. ૪૪૧ (મહાનિબંધ–અપ્રકટ)
૧૦૮. "જૈ. તી. સ. સ", ભા. ૧, અં. ૧, પૃ. ૩૫; પ્ર. લે. નં. ૨૦૯
૧૦૯. "તપાગચ્છ–પટ્ટાવલી," ભા. ૧, પૃ. ૧૫૦
૧૧૦. 'ગુ. રા. સાં. ઇ.", ગ્રં. ૬, મુઘલકાલ, પૃ. ૧૩૪
૧૧૧. અ. નં. ૭૦ — ૧૧૨. અ. નં. ૭૨
૧૧૩. અ. નં. ૬૨ — ૧૧૪. અ. નં. ૫૬, ૭૨, ૮૩–અ
૧૧૫. અ. નં. ૧૭ — ૧૧૬. અ. નં. ૨૦
૧૧૭. "જઐાઇ," પુ. ૨, પૃ. ૩૬૯
૧૧૮. અ. નં. ૬ — ૧૧૯. અ. નં. ૧૫
૧૨૦. અ. નં. ૩૫ — ૧૨૧ અ. નં. ૧૮૩
૧૨૨. અ. નં. ૭ — ૧૨૩. અ. નં. ૫૫
૧૨૪. અ. નં. ૧૦ — ૧૨૫. અ. નં. ૧૭૪
૧૨૬. અ. નં. ૨૨ — ૧૨૭. અ. નં. ૧૦૭
૧૨૮. "ત્રિશષ્ટિશલાકાપુરુષચરિત" (અંગ્રેજી ભાષાંતર), પૃ. ૧૮૧
૧૨૯. "વ્રતરાજ", પૃ. ૬૧ — ૧૩૦. અ. નં. ૪૫
૧૩૧. અ. નં. ૯૨ — ૧૩૨. અ. નં. ૧૩
૧૩૩. પ્ર. લે. નં. ૧૯૮–અ
૧૩૪. પ્ર.લે. નં. ૩૨૦ — ૧૩૫. અ. નં. ૧૧૧
૧૩૬. "આપ્રાજૈલે", નં. ૨૫૧, પૃ. ૧૦૪
૧૩૭. વધુ વિગતો માટે જુઓ ગ્રંથના અંતે અપાયેલ પરિશિષ્ટ.

# ૮ કાલગણના અને સમયનિર્દેશ

**પ્રાસ્તાવિક :**

ચૌલુક્યકાલીન અભિલેખોને આધારે ચૌલુક્ય રાજવીઓના સમય દરમ્યાન ગુજરાતમાં કેવા પ્રકારની કાલગણનાની પદ્ધતિઓ પ્રચલિત હતી એની ઘણી માહિતી ઉપલબ્ધ થાય છે. આ મિતિઓમાં સામાન્ય રીતે વર્ષ, માસ, પક્ષ, તિથિ અને વાર આપવામાં આવે છે. આ વર્ષ સામાન્ય રીતે વિક્રમ સંવતનાં હોય છે, સાથે સાથે કેટલાક અભિલેખોમાં સિંહ સંવત, શક સંવત, વલભી સંવત અને સિદ્ધ–હેમ–કુમાર–સંવતનાં વર્ષોના આંકડા પણ અપાયા છે.

ચૌલુક્યકાલીન અભિલેખોમાં મોટા ભાગે સંવતનું નામ આપવામાં આવે છે, ક્યારેક અધ્યાહાર રાખવામાં આવે છે. વિક્રમ સંવત જ એનો ગુજરાતનો સૌથી વધુ પ્રચલિત સંવત હોવાના લીધે માત્ર "સંવત" જણાવ્યો હોય ત્યાં વિક્રમ સંવતનો અર્થ જ અભિપ્રેત હોય છે, પરંતુ એના બદલે બીજો કોઈ સંવત જો ઉલ્લિખિત હોય તો ત્યાં તે સંવતનું નામ સ્પષ્ટ આપવામાં આવે છે.

અભિલેખોમાં ઉલ્લિખિત સંવતો તથા એઓની ઉત્પત્તિ નક્કી કરવા માટે વિદ્વાનોએ ઘણો શ્રમ ઉઠાવેલો છે જેની અહીં સમીક્ષા કરવી આવશ્યક ગણાય. આ ઉપરાંત વર્ષનો પ્રારંભ કયા માસથી ગણાતો અને માસનો પ્રારંભ કયા દિવસથી ગણાતો એ પણ સમજવું જરૂરી છે. વર્ષ અને તિથિની સંખ્યા મોટા ભાગે આંકડાઓમાં આપવામાં આવતી, ક્યારેક શબ્દોમાં પણ આપવામાં આવતી. કેટલાક પ્રચલિત શબ્દોના સંક્ષેપમાં હાલની જેમ એના અક્ષરોનો પ્રયોગ કરવામાં આવતો હતો, જેમકે स, संव કે संवत (संवत्सर); सु (शुद्ध) વગેરે.

ચૌલુક્યકાલીન સમગ્ર અભિલેખોનો અભ્યાસ કરતાં કુલ લેખોમાં પ્રતિમાલેખો, શિલાલેખો અને તામ્રપત્રોની સંખ્યા ૬૪૪ છે. આ લેખોને આધારે અભિલેખોમાં કુલ પાંચ પ્રકારના સંવતનો પ્રયોગ થયેલો જણાય છે :

(૧) વિક્રમ સંવત
(૨) શક સંવત
(૩) સિંહ સંવત
(૪) વલભી સંવત
(૫) સિદ્ધ–હેમ–કુમાર–સંવત

આ પાંચ પ્રકારના સંવતોમાં મુખ્યત્વે વિક્રમ સંવતનો ઉપયોગ વધુ થયેલો છે. કુલ ૬૪૪ લેખોમાંથી ૬૦૩ લેખોમાં એનો પ્રયોગ થયો છે, જેમાં પ્રતિમાલેખો ૪૦૪ અને લેખો ૧૯૯ છે.

શક સંવતના કુલ ૮ લેખો મળે છે, જેમાં એક પ્રતિમાલેખ છે અને સાત શિલાલેખો છે.

સિંહ સંવતના સ્પષ્ટ નિર્દેશવાળા કુલ ૪ લેખો પ્રાપ્ત થાય છે. આ નિર્દેશ શિલાલેખો અને તામ્રપત્રોમાં થયેલ છે.

વલભી સંવતના નિર્દેશવાળા કુલ ૪ લેખો પ્રાપ્ત થયા છે, જ્યારે સિદ્ધ–હેમ–કુમાર–સંવતના નિર્દેશવાળો એક પ્રતિમાલેખ જ્ઞાત થાય છે.

હવે આ સંવતોની ક્રમવાર સમીક્ષા અત્રે કરીએ.

**વિક્રમસંવત :**

આ સંવત અનુશ્રુતિ પ્રમાણે ઉજ્જૈનના પ્રસિદ્ધ રાજા શકારિ વિક્રમાદિત્યના રાજ્યકાલથી પ્રારંભ થયેલો મનાય છે. આ સંવત ઈ. પૂ. ૫૭માં શરૂ થયો છે. પરંતુ આ રાજાનાં ઐતિહાસિકતા, સમય અને અભિજ્ઞાન નક્કી થતાં નથી. આ સંવતનો વિક્રમ સંવત તરીકે સૌ–પ્રથમ વાર વર્ષ ૮૯૮માં ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આ પહેલાં રાજસ્થાન અને માળવામાં વર્ષ ૨૮૨ થી ૪૮૧ દરમ્યાન "કૃત" નામે અને વર્ષ ૪૬૧ થી ૯૩૬ દરમ્યાન "માલવગણ" તરીકે અભિલેખોમાં નિર્દેશ થયેલો છે. આ પછીના સમયમાં એ "વિક્રમ" તરીકે પ્રચલિત થયેલો. આ સંવતના ઉત્તર ભારતમાં ચૈત્રાદિ વર્ષ અને પૂર્ણિમાન્ત માસની પદ્ધતિ પ્રચલિત છે.[1]

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં વિક્રમ સંવતનો વ્યાપક પ્રયોગ થયેલો જોવા મળે છે. ચૌલુક્યકાલના મિતિના નિર્દેશવાળા કુલ ૬૧૭ અભિલેખો મળ્યા છે, જેમાંથી ૬૦૩ લેખોમાં વિક્રમ સંવતનો પ્રયોગ થયેલો છે તેમાં પ્રતિમાલેખો ૪૦૪ અને શિલાલેખો–તામ્રપત્રોમાં ~~૧૯૯ લેખોમાં~~ વિક્રમ સંવતનાં વર્ષ જણાય

છે. ચૌલુક્યકાલીન અભિલેખોમાં વિક્રમ સંવતનું જૂનામાં જૂનું વર્ષ ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯) છે અને છેલ્લું વર્ષ ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૪) છે.

આ સમગ્ર લેખોનો અભ્યાસ કરતાં જણાય છે કે લેખોમાં તિથિ સાથે વાર પણ આપવામાં આવેલો છે. આ મિતિઓનાં તિથિ વાર મેળવી જોતાં જણાય છે કે ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં વિક્રમ સંવતમાં ઉત્તર ભારતની ચૈત્રાદિ વર્ષની પદ્ધતિને બદલે ગુજરાતની કાર્તિકાદિ વર્ષની વર્તમાન પદ્ધતિ જ વધુ પ્રચલિત હતી,[2] જ્યારે કચ્છમાં[3] અને પશ્ચિમ સૌરાષ્ટ્રમાં[4] આષાઢાદિ વર્ષ ગણાતાં હતાં.

ઉત્તર ભારતમાં વિક્રમ સંવતના વર્ષનો પ્રારંભ ચૈત્રમાં થાય છે. ગુજરાતમાં આ વર્ષ આ પછીના કાર્તિક અર્થાત્ સાત મહિના મોડું શરૂ થાય છે, જ્યારે કચ્છ હાલારમાં આ બન્નેની વચ્ચેના આષાઢમાં એટલે કે ગુજરાત કરતાં ચાર મહિના વહેલું શરૂ થાય છે. આવી રીતે ઉત્તર ભારતમાં માસ પૂર્ણિમાન્ત ગણાય છે, જ્યારે ગુજરાતમાં વિક્રમ સંવતમાં પૂર્ણિમાન્તના બદલે અમાન્ત માસ ગણવાની પ્રથા ચૌલુક્યકાલમાં સવિશેષ હતી. ઉત્તર ભારતમાં ચૈત્ર માસ ચૈત્ર વદિથી ગણાય છે, જ્યારે ગુજરાતમાં એને ફાગણ વદ કહેવાય છે અને ગુજરાતમાં ચૈત્ર માસ એ પછીના પખવાડિયે ચૈત્ર સુદિથી ગણાય છે, આથી કૃષ્ણ પક્ષમાં માસનું નામ જુદું પડે છે.

આ તફાવત નીચેના કોષ્ઠક દ્વારા વધુ સ્પષ્ટ થઈ શકે :

| ઉત્તર ભારત | | ગુજરાત |
|---|---|---|
| ચૈત્ર કૃષ્ણ | = | ફાગણ કૃષ્ણ |
| ચૈત્ર શુકલ | = | ચૈત્ર શુકલ |
| વૈશાખ કૃષ્ણ | = | ચૈત્ર કૃષ્ણ |

**શક સંવત**

ચૌલુક્યકાલીન કેટલાક અભિલેખોમાં શક સંવત પ્રયોજાયેલો છે, પરંતુ બહુ ઓછા લેખોમાં આ સંવત પ્રયોજાયેલો નજરે પડે છે :

(૧) શક સંવત ૯૪૦ (ઈ. સ. ૧૦૧૮) કીર્તિરાજના સમયનો સુરતનો શિલાલેખ
(૨) શક સંવત ૯૫૬ (ઈ. સ. ૧૦૩૪) ચામુંડરાજનું ચિંચણીનું તામ્રપત્ર
(૩) શક સંવત ૯૬૪ (ઈ. સ. ૧૦૪૨)નું ષષ્ઠ ૨ જાનું ગણદેવી તામ્રપત્ર
(૪) શક સંવત ૯૬૯ (ઈ. સ. ૧૦૪૮) નો પરમાર ભોજદેવનો તિલકવાડા શિલાલેખ

(૫) શક સંવત ૯૭૨ (ઈ. સ. ૧૦૫૦–૫૧)નું ત્રિલોચનપાલનું સુરતનું તામ્રપત્ર
(૬) શક સંવત ૯૭૫ (ઈ. સ. ૧૦૫૪)નું વૈજ્જલદેવનું ચિંચણીનું તામ્રપત્ર
(૭) શક સંવત ૯૯૬ (ઈ. સ. ૧૦૭૪)નું કર્ણદેવ ૧ લાનું નવસારીનું તામ્રપત્ર
(૮) શક સંવત ૯૯૯ (ઈ. સ. ૧૦૭૭)નું ત્રિવિક્રમપાલનું મોડાસાનું તામ્રપત્ર

વિક્રમ સંવતની સરખામણીએ આ સંવત ગુજરાતમાં સળંગ સંવત તરીકે કાર્દમક ક્ષત્રપ રાજાઓના લેખોમાં વહેલો વાપરવાનો શરૂ થયો હતો. આ સંવત વિક્રમ સંવત પછી ૧૩૫ વર્ષે પ્રચલિત થયો હતો. વર્તમાન રાષ્ટ્રિય પંચાગમાં પણ આ સંવત અપનાવાયો છે.

શક સંવતનાં વર્ષ ચૈત્રાદિ ગણવામાં આવે છે. એના માસ ઉત્તર ભારતમાં પૂર્ણિમાન્ત અને ગુજરાતમાં તથા દક્ષિણ ભારતમાં અમાન્ત છે.

ચૈત્રાદિ વિક્રમ સંવતના વર્ષ કરતાં શક સંવતનું વર્ષ ૧૩૫ વર્ષ મોડું હોય છે આથી વિક્રમ સંવતના ચૈત્રાદિ વર્ષમાંથી ૧૩૫ વર્ષ બાદ કરતાં શક વર્ષ આવે છે, કાર્તિકાદિ વિક્રમ સંવતના વર્ષમાંથી કાર્તિકથી ફાલ્ગુન સુધીમાં ૧૩૫ અને ચૈત્રથી આશ્વિન સુધીમાં ૧૩૪ બાદ કરતાં શક સંવતનું વર્ષ આવે છે.

શક વર્ષ અને ઈ. સ.ના વર્ષ વચ્ચેના તફાવતની બાબતમાં ચૈત્ર સુદ ૧ થી ડિસેમ્બરની ૩૧મી સુધી શક વર્ષમાં ૭૮ અને એ પછી છેલ્લા બે ત્રણ માસ દરમ્યાન ૭૯ ઉમેરવાથી ઈ. સ.નું વર્ષ આવે છે.[૫]

**વલભી સંવત :**

આ કાલના ચાર જ અભિલેખોમાં વલભી સંવતનાં વર્ષો અપાયાં છે :

(૧) જૂનાગઢના ભૂતનાથના મંદિરમાંના કુમારપાલના સમયના વલભી સં. ૮૫૦ (ઈ. સ. ૧૧૬૯)ના (૨) એના જ સમયના પ્રભાસપાટણના ભદ્રકાળીના મંદિરની દીવાલના વ. સં. ૮૫૫ ના (૩) વ. સં. ૯૪૫ ના વેરાવળ હરસિદ્ધિ માતાના મંદિમાંના અને (૪) ભીમદેવ ૨ જાના સમયમાં માંગરોળથી પાંચ કિ.મી. ઉપર આવેલા ઢેલાણા ગામ નજીકના કામનાથ મહાદેવમાંના વલભી સં. ૯૫૫ (ઈ. સ. ૧૨૩૦)ના ઓરસિયાના લેખમાં.

ગુજરાતમાં સ્કંદગુપ્તના મૃત્યુ (લગભગ ઈ. સ. ૪૬૭–૬૮) પછી વલભીના મૈત્રકોની સત્તા પ્રવર્તતી હતી. આ વંશનાં તામ્રશાસનોમાં નામનિર્દેશ વગરના સંવતનાં વર્ષ ૧૮૩ થી ૪૪૭ આપેલાં છે. આ સંવત અને અનુમૈત્રકકાલ દરમ્યાન "વલભી સંવત" તરીકે ઓળખાવેલ સંવત એક જ સંવત છે. વલભી સંવત એ ગુપ્ત સંવતનું રૂપાંતર છે.[૬]

આ સંવતનાં વર્ષ કાર્તિકાદિ અને એના માસ પૂર્ણિમાન્ત હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે.[૭] એના વર્ષમાં ૩૧૮–૧૯ ઉમેરવાથી ઈ. સ.નું વર્ષ આવે છે.

**(૪) સિંહ સંવત :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાંના કેટલાક લેખોમાં સિંહ સંવતનો નિર્દેશ થયેલો છે. આ સંવતનો ઉલ્લેખ કરતા મોટા ભાગના લેખો દક્ષિણ સોરઠના જૂનાગઢ જિલ્લામાંથી પ્રાપ્ત થાય છે. અભિલેખોમાં આ સંવતનું નામ સ્પષ્ટતઃ "સિંહ સંવત" પ્રયોજેલું છે, જેમાં આ સંવતનાં વર્ષ ૩૨ થી ૧૫૧ ની મિતિઓ પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સંવતના વર્ષની સાથે બીજા જાણીતા સંવતો વિક્રમ સંવત કે વલભી સંવત કે હિજરી સંવતનો પણ નિર્દેશ થયેલો છે. આ લેખોની વિગતો નીચે મુજબ છે :

(૧) સિં. સં. ૩૨–વિ. સં. ૧૨૦૨. આ લેખ માંગરોળની સોઢળી વાવમાંથી મળી આવેલો છે. આ લેખમાં માંગરોળના શાસક ગૂહિલવંશના મૂલુકના ભાઈ સોમરાજે પિતા સહજિગના સ્મરણાર્થે મંદિર બંધાવ્યું હતું તેના નિભાવ અર્થે વાવ તથા જકાતની અમુક આવક બાંધી આપી હતી તે વિષયને લગતો છે.[૮]

(૨) સિં. સં. ૬૦, વ. સં. ૮૫૫ પ્રભાસ પાટણનો. શિલાલેખ[૯] આમાં મંત્રી ધવલની પત્નીએ બે મંદિરો બંધાવ્યાં અને એના નિભાવ અર્થે ગામ દાન કર્યાના ઉલ્લેખો છે.[૧૦]

(૨) સિં. સં. ૯૬, વિ. સં. ૧૨૬૬ નાં વંથલીનાં તામ્રપત્રો. એમાં કોઈ ઊતરતા દરજ્જાનાં માણસોએ વાવ, પરબ, ખેતર, વગેરેનું દાન કર્યું હતું એની વિગતો નોંધાયેલી છે.[૧૧]

(૪) સિં. સં. ૧૫૧, વિ. સં. ૧૩૨૦, વ. સં. ૯૪૫, હિ. સ. ૬૬૨, વેરાવળ હરસિદ્ધિ માતાના મંદિરમાંના લેખમાં ઈરાનના અખાતના ખોજા શ્રીમંત પીરાજે સોમનાથ પાટણના વાજા શ્રી છાડ પાસેથી જમીન ખરીદી એ ઉપર મસ્જિદ બાંધ્યાની તથા એના નિભાવ અર્થે કરેલી વ્યવસ્થાની વિગતો આપેલી છે.[૧૨]

ઉપર્યુક્ત પુરાવાઓ ઉપરાંત કેટલાક લેખોમાં સિંહ સંવતના સંભવતઃ નિર્દેશો થયેલા છે જે નીચે પ્રમાણે છે :

ભીમદેવ ૨ જાના સમયનું એક તામ્રપત્ર મળી આવ્યું મનાયું છે.[૧૩] આ તામ્રપત્રની મિતિ ફ્લીટે સિંહ સંવત ૯૩ વાંચેલી છે. એમણે આ સિંહ સંવતના વર્ષ ૯૩ બરાબર વિક્રમ સંવત ૧૨૬૨-૬૩ હોવાનો અને ભીમદેવ ૨ જા (વિ. સં. ૧૨૩૫ થી ૧૨૯૮) સાથે ઓળખાવવાનો તર્ક કરેલો છે,[૧૪] પરંતુ આ લેખની વિગતો ઝીણવટથી તપાસતાં જણાય છે કે એમાં જણાવેલ લેખક અને દૂતક તેમજ ભીમદેવ ૧ લાના રાધનપુરના લેખ[૧૫] અને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના લેખ[૧૬](બન્નેનો સમય વિ. સં. ૧૦૯૬)માં જણાવેલ લેખક અને દૂતક બંને એક જ છે. આ જ પ્રમાણે આ લેખના દાતા અને લેખકનો ભદ્રેશ્વરના ભીમદેવ ૧ લાના લેખ વિ. સં. ૧૧૧૭ માં નિર્દેશ થયો છે,[૧૭] આથી આ લેખમાં જણાવેલ વર્ષ વિ. સં. ૧૧૦૭ માં શરૂ થયેલ સિંહ સંવત તરીકે ઉલ્લેખી શકાય નહિ. વર્ષ સ્પષ્ટ રીતે ભીમદેવ ૧ લાના રાજ્યકાલ વિ. સં ૧૦૮૦ થી ૧૧૨૨ વચ્ચે આવે છે,[૧૮] આથી લેખમાં જણાવેલ સં. ૯૩ એ ખરેખર વિ. સં.નો હોવો જોઈએ. એમાં શતકના અંક અધ્યાહૃત હોય અને એ અધ્યાહૃત શતકના અંક ૧૦ હોવાનું જણાય છે.

આ સંદર્ભમાં એમ પણ કહી શકાય કે કચ્છમાંના ચૌલુક્યોના બધા લેખો વિ. સં.ના છે અને તેમાંના કોઈમાં પણ સિંહ સંવત વપરાયો નથી.

બીજું વર્ષ રાજા જયસિંહદેવના સમયના અત્રુમાંથી મળેલ શિલાલેખમાં નોંધાયેલું છે જે સંભવતઃ સિં. સં.નું વર્ષ છે.[૧૯]આ શક્યતાને આધારે આ લેખમાં જણાવેલ રાજાને ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહ સાથે ઓળખાવાનું સૂચવાયેલું છે. આનો વધુ અભ્યાસ કરતાં દર્શાવાયું છે કે આ લેખમાં જણાવેલ વર્ષ ૧૪ ને વિ. સં. (૧૩) ૧૪ તરીકે ચોક્કસપણે લઈ શકાય અને નિર્દિષ્ટ રાજા માળવાના પરમાર વંશના રાજા જયસિંહદેવ ૨ જા સાથે ઓળખાવી શકાય. (તેના બીજા જાણીતા અભિલેખો વિ. સં. ૧૩૧૧ અને ૧૩૧૨ના છે.)[૨૦] આ રાજાઓની સત્તા કોટા પ્રદેશમાં ૧૧ મી સદીથી ૧૩ મી સદી સુધી હતી.[૨૧]

કટુદેવના સમયના સેવાડીના લેખમાંનું વર્ષ ડી. આર. ભાંડારકરે સં. ૩૧ વાંચ્યું છે. એમણે લેખમાં જણાવેલ રાજાને નાડોલના ચાહમાન રાજા કટુરાજ તરીકે ઓળખાવ્યો છે, જ્યારે તર્ષ સિંહ સંવત હોવાનું જણાવ્યું છે. સિંહ સં. ૩૧ બરાબર વિ. સં. ૧૨૦૦નું વર્ષ ગણાવી શકાય.[૨૨] પંડિત ગૌરીશંકર હી. ઓઝાએ આ વર્ષ (વર્ષ ૩૧)ના વાચનની સત્યતા અંગે શંકા કરી છે અને એઓ વધુમાં ઉમેરે છે કે ઉલ્લિખિત વર્ષ સિં સં.નું ન હોઈ શકે, કારણ કે નાડોલના ચાહમાન રાજાઓના લેખોમાં ક્યાંય સિંહ સંવત વપરાયો નથી.

પંડિતશ્રી ઓઝા સૂચવે છે કે આ વર્ષમાં પણ શતકનો અંક અધ્યાહૃત છે. એ શતકનો અંક વિ. સં.નું વર્ષ (૧૨)૩૧નું લઈને ગણવું જોઈએ.[૨૩]

રાજા કટુદેવ નાડોલનો ચાહમાન રાજા કટુક હોવાની પૂરી શક્યતા છે, કારણ કે સેવાડીનો સમાવેશ નાડોલના ચાહમાન રાજ્યમાં થતો હતો. સેવાડીના વર્ષ વિ. સં. ૧૧૭૬[૨૪] થી ૧૨૧૩નાં[૨૫] છે. પરંતુ વાંચવામા આવેલું વર્ષ માની શકાય તેવું છે, કારણ કે કટકનો જાણીતો લેખ વિ. સં. ૧૧૭૨ નો છે.[૨૬] કાયપલના લેખો વિ. સં. ૧૧૮૯[૨૭] અને ૧૨૦૨ ના[૨૮] છે. કેલ્હણના વિ. સં. ૧૨૨૦[૨૯] થી ૧૨૩૬ ના[૩૦] છે, એટલે જ કટુદેવના લેખનું વર્ષ ન તો ઈ. સ. ૧૨૦૦ હોઈ શકે (જે કાયપલના રાજ્યનું વર્ષ છે) કે ન તો વિ. સં. ૧૨૩૧નું હોઈ શકે, જે કેલ્હણના રાજ્યનું વર્ષ છે. શ્રી ઓઝા નોંધે છે તેમ આ લેખ સુરક્ષાની દૃષ્ટિએ સારી સ્થિતિમાં નથી તેથી એનું વાચન ચોક્કસ કહી શકાય નહિ,[૩૧] તેથી શક્ય છે કે કટુદેવના સેવાડીના લેખનું વર્ષ (૧૨)૩૧ ને બદલે (૧૧) ૭૧ વાંચવું જોઈએ.

આ સંદર્ભમાં એ પણ નોંધવું જોઈએ કે રાજસ્થાનના કોટા અને જોધપુર પ્રદેશના લેખોમાં સામાન્ય રીતે વિ. સં. વપરાયેલો છે અને કોઈ પણ લેખમાં સિંહ સંવતનું વર્ષ આવ્યું નથી. ગિરનારના પ્રતિમાલેખનું વર્ષ સં. ૫૮ છે.[૩૨] અહીં પણ સંવતનું નામ આપેલ નથી, પરંતુ ઉલ્લિખિત વર્ષ સિંહ સંવતનું છે અને એની તારીખ ૧૩ માર્ચ, ઈ. સ. ૧૧૨૭, વિ. સં. ૧૨૨૮[૩૩] કહી શકાય. વર્ષ ૫૮ ને સિં. સં. નું અનુમાનવાનો મુખ્ય આધાર એ છે કે સહીઓમાંથી આંકડા દૂર કરવાની પ્રથાની જાણ કિલ્હોર્ન અને બીજાના વખતમાં ખ્યાત ન હતી.

ઉપર જણાવ્યા પ્રમાણે શતકના અંક અધ્યાહૃત રાખવાની પ્રથા આ સમયમાં સ્પષ્ટ રીતે હતી. ઉપરાંત જે લેખોમાં સિંહ સંવતનાં વર્ષો આપવામાં આવેલાં છે તે ચોક્કસ રીતે એ જ સંવતનો નિર્દેશ કરે છે અને સિંહ સંવતનું વર્ષ અનિવાર્યપણે એ લેખોમાં વિક્રમ કે વલભી સંવતની મિતિ સાથે આપવામાં આવ્યું છે. આ બે બાબતો તપાસતાં ઉપર્યુક્ત સંદિગ્ધ મિતિ સિંહ સંવતની હોવાના અનુમાનની વિરુદ્ધમાં જાય છે.

સિદ્ધપુરના રુદ્રમહાલયમાં આવેલા શિલાલેખમાં સં. ૬૫ વર્ષનો નિર્દેશ થયેલો છે,[૩૪] જેને સંભવતઃ સિંહ સંવતનું વર્ષ માનવામાં આવે છે.[૩૫] આ લેખમાં અન્ય કોઈ સંવતનો નિર્દેશ થયેલો નથી.

ઉપર્યુક્ત દર્શાવેલ સિંહ સંવત ઉલ્લેખિત હોય તેવા લેખો નીચે પ્રમાણે ગણાવી શકાય

**સ્પષ્ટ ઉલ્લેખો :**

| ક્રમ | સિંહ સંવતના વર્ષ | અન્ય સંવતો | સ્થળ | ઈ. સ. વર્ષ | તારીખ વાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૨ | વિ. સં. ૧૨૦૨ | માંગરોળ | ૧૧૪૫ | ૧૫ ઑક્ટો. સોમવાર (આશ્વિન વદિ ૧૩) |
| ૨ | ૬૦ | વ. સં. ૮૫૫ | પ્રભાસ–પાટણ | ૧૧૭૩ | — |
| ૩ | ૯૬ | વિ. સં. ૧૨૬૬ | વંથલી | ૧૨૦૯ | ૧૨ નવેમ્બર ગુરુવાર (માગ. સુદિ ૧૪) |
| ૪ | ૧૫૧ | વિ. સં. ૧૩૨૦<br>વ. સં. ૯૪૫<br>હિ. સ. ૬૬૨ | વેરાવળ | ૧૨૬૪ | ૨૫ મે રવિવાર આષાઢ વદિ ૧૩) |

**સંભવિત સિંહ સંવતને લગતા ઉલ્લેખો :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ૧૪ | — | — | ૧૧૨૮ | |
| ૬ | ૩૧ | — (૧૨૦૦) | સેવાડી | ૧૧૪૩ | — |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૭ | ૫૮ | — (વિ. સં. ૧૨૨૮) | ગિરનાર | ૧૧૭૨ | ૧૩ માર્ચ |
| ૮ | ૬૫ | (વિ. સં. ૧૨૬૫ ફા. વ. ૧) | સિદ્ધપુર (રુદ્રમહાલય) | ૧૨૦૯ | ૨૪ ફેબ્રુઆરી શનિવાર |
| ૯ | ૯૩ | (૧૨૬૨–૬૩) | ધોળકા | ૧૨૦૫–૬ | |

**માસ અને વર્ષ ગણવાની પદ્ધતિ :**

સિંહ સંવતની મિતિઓને વિક્રમ અને વલભી સંવતના વર્ષની સાથે જોતાં સિંહ સંવત વલભી સંવત કરતાં ૭૯૪–૭૯૫ વર્ષ અને વિક્રમ સંવત કરતાં ૧૧૬૯–૧૧૭૦ વર્ષ મોડો શરૂ થયો હોવાનું જણાય છે; જેમ કે

| સિં. વર્ષ | વિ. સં. | તફાવત | વ. સં. | તફાવત |
|---|---|---|---|---|
| ૩૨ | ૧૨૦૨ | ૧૧૭૦ | — | — |
| ૬૦ | — | — | ૮૫૫ | ૭૯૫ |
| ૯૬ | ૧૨૬૬ | ૧૧૭૦ | — | — |
| ૧૫૧ | (૧૩૨૦ કાર્તિકાદિ) | ૧૧૬૯ | ૯૪૪ | ૭૯૪ |
| | ૧૩૨૧ ચૈત્રાદિ | ૧૧૭૦ | | |

ઉપર્યુક્ત પ્રમાણે જોતાં વલભી સંવત પછી ૭૯૪–૭૯૫ ના વર્ષે સિંહ સંવત શરૂ થયો અને ચૈત્રાદિ વિક્રમ સંવત ૧૧૭૦–૭૧ પછી શરૂ થયો ગણાય. બીજી રીતે કહીએ તો ઇસવીસન ૧૧૧૩–૧૪ માં એ શરૂ થયો.

કિલ્હોર્ને આ સંવતનાં ૩૨, ૯૬ અને ૧૫૧ નાં વર્ષો તપાસીને તારણ કાઢ્યું છે. આ ત્રણે વર્ષો જોતાં સિંહ સંવતનાં વર્ષો કાર્તિકાદિ નથી; જોકે ચૈત્રાદિ અથવા આષાઢદિથી શરૂ હોવાનું પણ નિશ્ચિત નથી.

ગિરનારના લેખમાં સિંહ સ'વત ૫૮ નું વર્ષ આપેલું જણાય છે. કિલ્હોર્નના મત પ્રમાણે સિંહ સંવત ચૈત્રને બદલે આષાઢથી શરૂ થતો હોવો જોઈએ,[૩૬] પરંતુ ઉપરની રીતે જોતાં આ લેખની મિતિ સિંહ સંવતની નહિ, પરંતુ વિક્રમ સંવતની હોવાનું જણાયેલું છે.

સિંહ સંવતની સાથે વલભી અને વિક્રમ સંવતનાં વર્ષોના તફાવતનાં જે સમીકરણો આપેલાં છે તે નવેસરથી ચર્ચા માગી લે છે.

વલભી સંવત અને સિંહ સંવતનો આ તફાવત નીચે પ્રમાણે આપી શકાય

| માસ | સિંહ સંવત | વલભી સંવત | તફાવત |
|---|---|---|---|
| — | ૬૦ | ૮૫૫ | ૭૯૫ |
| આષાઢાદિ | ૧૫૧ | ૯૪૫ | ૭૯૪ |

આ તફાવત જોતાં આષાઢમાં ૭૯૪ અને બીજા મહિનાઓમાં ૭૯૫ નો છે. આ સ્પષ્ટ કરે છે કે સિંહ સંવત કાર્તિકાદિ હોઈ શકે નહીં કારણ કે વલભી સંવતનાં વર્ષ કાર્તિકાદિ હતાં.[૩૭]

સિંહ સંવત અને વિક્રમ સંવતનો તફાવત નીચે પ્રમાણે આપી શકાય :

| માસ | સિંહ સંવત | વિક્રમ સંવત | તફાવત |
|---|---|---|---|
| આશ્વિન | ૩૨ | ૧૨૦૨ | ૧૧૭૦ |
| માર્ગશિર્ષ | ૯૬ | ૧૨૬૬ | ૧૧૭૦ |
| આષાઢ | ૧૫૧ | ૧૩૨૦ | ૧૧૬૯ |
| | | ૧૩૨૧ | ૧૧૭૦ |

આષાઢદિમાં ઈસ્વીસન ૧૧૬૯ અને આશ્વિનમાં ઈ. સ. ૧૧૭૦ નો તફાવત અહીં જણાય છે તેથી અહીં એમ નક્કી કરી શકાય કે આષાઢમાં જણાવેલું

વિક્રમ વર્ષ કાર્તિકાદિ છે અને આશ્વિનમાંનું વિક્રમ વર્ષ ચૈત્રાદિ હોવું જોઈએ.[૩૮] એ જ રીતે માર્ગશીર્ષમાંનું વિક્રમ વર્ષ ચૈત્રાદિ હોવું જોઈએ, કારણ કે આશ્વિનમાં જણાવેલ તફાવત અને સિંહ સંવતમાં જણાવેલો તફાવત સરખો છે, આથી ઉપર જણાવ્યા પ્રમાણે સિંહ સંવત કાર્તિકાદિ હોઈ શકે નહિ.

વિગતે જોતાં એમ જાણી શકાય છે કે સિંહ ચૈત્રાદિ અથવા તો આષાઢાદિ હોઈ શકે, પરંતુ ચૈત્ર અને આષાઢ વચ્ચેની મિતિઓ ઉપલબ્ધ નહિ હોવાથી દૃઢ પણે કહી શકાય નહિ, કે સિંહ સંવત એ ચૈત્રાદિ અથવા આષાઢાદિનો હશે. વધુમાં તિથિ અને વારની ગણતરી કરતાં નીચે મુજબ તારણ કાઢી શકાય :

| ક્રમ | સિંહ સંવતમાં આપેલી મિતિઓ | ઈસવીસનની તારીખ |
|---|---|---|
| ૧ | સિંહ સંવત ૩૨ આશ્વિન વદિ–૧૩ સોમવાર | ઑક્ટોબર, ૧૫, ઈ. સ. ૧૧૪૫ |
| ૨ | સિંહ સંવત ૯૬ માર્ગશીર્ષ સુદિ–૧૪ ગુરુવાર | નવેમ્બર, ૧૨, ઈ. સ. ૧૨૦૯ |
| ૩ | સિંહ સંવત ૧૫૧ આષાઢ વદિ–૧૩ | મે, ૨૨, ઈ. સ. ૧૨૬૪ |

ઉપર્યુક્ત જોતાં જણાય છે કે બન્ને વચ્ચેનો તફાવત ચોક્કસ રહે છે. આ તફાવત એ છે કે સિંહ વર્ષ માર્ગશીર્ષ સુદિ અને આષાઢ વદિના મહિનાની વચ્ચે શરૂ થયો હોવો જોઈએ. એનો અર્થ એ કે સિંહ વર્ષ ચૈત્રાદિ કે આષાઢાદિ હોઈ શકે. મહિનાઓની પદ્ધતિ પ્રમાણે જણાવી શકાય કે સિંહ સંવતની જાણીતી મિતિમાંથી માત્ર બે જ તારીખોમાં વિગતો સંપૂર્ણ આપેલી નથી તેથી વર્ષગણના અને માસગણનાની પદ્ધતિનો ખ્યાલ આવી શકે નહીં. સિંહ સંવત ૩૨માં વાર આપેલો છે,[૩૯] જે અમાંત માસની પદ્ધતિએ બંધ બેસે છે, જ્યારે સિંહ સંવત ૧૫૧ માં આપેલ વાર[૪૦] પૂર્ણિમાન્ત પદ્ધતિએ બંધ બેસે છે. આમ સિંહ સંવતના માસ પૂર્ણિમાન્ત કે અમાન્ત હતા એ નિશ્ચિત કરી શકાતું નથી. એ માટે વધુ જાણકારી અપેક્ષિત રહે છે. જોકે ડૉ. દિનેશચંદ્ર સરકાર એવા સ્પષ્ટ મતના છે કે આ સંવતનાં વર્ષો અમાન્ત આષાઢ સુદિ ૧ થી શરૂ થયેલાં છે.[૪૧] પરંતુ બીજી મિતિ મળવાથી જ આ અંગે ચોક્કસ કહી શકાય.

પ્રસ્તુત સંવત પ્રથમ માસના શુક્લપક્ષમાં શરૂ થયેલો હોવો જોઈએ કે જે ચૈત્ર અથવા આષાઢ હોવો જોઈએ. આ પ્રમાણે સિંહ સંવતનું શૂન્ય વર્ષ

ઈ. સ. ૧૧૧૩ ની ૨૦મી માર્ચ, ગુરુવારના રોજ શરૂ થયું હોવું જોઈએ અને ઈ. સ. ૧૧૧૪, ૮મી માર્ચ, રવિવારના દિવસે પૂરું થયું હોવું જોઈએ (ચૈત્રાદિ વર્ષ પ્રમાણે).

જો આષાઢાદિ હોય તો ઈ. સ. ૧૧૧૩ની ૧૬ મી જૂન, સોમવારના રોજ શરૂ થયું હોવું જોઈએ અને ઈ. સ. ૧૧૧૪ની, ૫ મી જૂન શુક્રવારે પૂરું થયું હોવું જોઈએ.

આમ આભિલેખિક ઉલ્લેખોને આધારે એમ જાણી શકાય કે

(૧) આ સંવતને સિંહ સંવત નામ અપાયેલું છે.

(૨) આ સંવત ઈ. સ. ૧૧૧૩–૧૪ માં શરૂ થયો છે.

(૩) આ સંવતનો દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં જ ઉલ્લેખ થયેલો છે.

(૪) આ સંવતની સાથે પ્રચલિત સંવતોના ઉલ્લેખો થયેલા છે (જેમકે, વિક્રમ સંવત, વલભી સંવત, હિજરી સન)

(૫) આ સંવતનાં વર્ષો ૩૨ થી ૧૫૧ સુધીનાં મળે છે.

સિંહ સંવતના આરંભ વિશે શ્રી મોહનપુરી ગોસ્વામીનું માનવું છે કે ઉત્તર ભારતમાં ચૈત્ર વદિ ૧ ના દિવસે વર્ષ બદલાય છે. એ જ દિવસે ગુજરાત સૌરાષ્ટ્રમાં ફાગણ વદિ ૧ હોય છે અને સિંહ સંવતનું વર્ષ આથી ચૈત્રાદિ નહિ, કાર્તિકાદિ નહિ, આષાઢદિ નહિ પરંતુ ફાલ્ગુનાદિ હોઈ શકે.[૪૨]

શ્રી મોહનપુરીના આ મતને શ્રી મણિભાઈ વોરા ટેકો આપતા જણાય છે. પરંતુ એમાં ફરક એ છે કે એઓ સિંહ સંવતને ફાગણિયો સંવત કહે છે,[૪૩] પરંતુ આવી ફાગણાદિ કોઈ પદ્ધતિ ગુજરાત–સૌરાષ્ટ્રમાં પ્રચલિત હોય એમ જાણમાં નથી અને ફાલ્ગુનાદિ કહેવાથી હકીકતે તો ચૈત્રાદિ પદ્ધતિનો જ સ્વીકાર થાય છે, કારણ કે માસગણનાની પૂર્ણિમાન્ત પદ્ધતિ અનુસાર ઉત્તર ભારતમાં માસના પક્ષને ચૈત્ર વદિ ગણવામાં આવે તો એને અમાંત પદ્ધતિમાં ફાગણ વદિ ગણવામાં આવે છે.

**સિંહ સંવતની ઉત્પત્તિ અંગે વિવિધ મંતવ્યો :**

ચૌલુકયકાલીન અભિલેખોમાં વપરાયેલા સંવતો પૈકી સિંહ સંવત વિશે ભારે વિવાદ સર્જાયેલો છે. અલબત્ત, આ વિવાદ એના આરંભવર્ષ માટે નથી તે જ પ્રમાણે ઉપર જોયું તેમ ગણનાપદ્ધતિ અંગે પણ એટલો વિવાદ નથી, પરંતુ એ સંવત કોણે શરૂ કર્યો અને ઘટનાની સ્મૃતિમાં શરૂ કર્યો એ અંગે વિવાદ બહુ ચાલ્યો છે. આ મુદ્દાની ચર્ચાની શરૂઆત છેક ઈ. સ. ૧૮૩૯ થી શરૂ થઈ અને હજુ પણ એ ચાલુ છે એ અંગે કોઈ છેવટનો નિર્ણય કરી શકાયો નથી.

કેવળ અભિલેખોમાં જ પ્રયોજાયેલ આ સંવત વિશે અહીં ઊંડી અને વ્યાપક ચર્ચા કરવી અભિપ્રેત છે.

ઈ. સ. ૧૮૩૯માં જેમ્સ ટૉડે એમના પ્રસિદ્ધ ગ્રંથ "ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા"માં સોરઠના આભલેખોના સંદર્ભમાં અને એમાં પ્રયોજાયેલ સિંહ સંવત વિશે એવો અભિપ્રાય આપ્યો કે સિંહ સંવત એ શિવ સંવત છે અને દીવના ગૂહિલ રાજા "શિવસિંહે" એ શરૂ કર્યો હશે.[૪૪]

ત્યારપછી શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્યે બૉમ્બે ગેઝેટીયર (ગ્રંથ : ૮)માં કાઠિયાવાડ વિભાગ માટે જે લખાણુ તૈયાર કર્યું તે ઈ. સ. ૧૮૮૪ માં પ્રગટ થયું તેમાં એમણે સિંહ સંવત માંગરોળના ગૂહિલ રાજા સહજિગે શરૂ કર્યો હોવાનું સૂચવ્યું અને દક્ષિણ સૌરાષ્ટ્રના આ સ્થાનિક રાજાએ અણહિલપાટણના ચૌલુક્યોથી સ્વતંત્ર થઈ એ ઘટનાની સ્મૃતિમાં આ સંવત પ્રવર્તાવ્યો હોય એવો મત રજૂ કર્યો.[૪૫]

જોકે બૉમ્બે ગૅઝેટિયરના ઇતિહાસને લગતો મુખ્ય ગ્રંથ : ૧ ઈ. સ. ૧૮૮૬ માં બહાર પડ્યો તેમાં ભગવાનલાલ ઇન્દ્રજીએ સિંહ સંવત ચૌલુક્ય રાજા જય-સિંહદેવે પોતે સોરઠ જીત્યાનું અજબ પરાક્રમ કર્યું હોઈ એ પ્રસંગની યાદગીરીરૂપે એના નામમાં આવતો સિંહ શબ્દ પ્રયોજીને આ સંવત શરૂ કર્યો હોવાની વિચારસરણી આગળ કરી.[૪૬]

પછીના વર્ષે ભારતીય પ્રાચીન શોધસંગ્રહમાં શ્રી વજેશંકર ઓઝાએ આ સંવતની ચર્ચા કરતાં એમ સૂચવ્યું કે, આ સંવત સોરઠના કોઈ સ્થાનિક રાજા-એ શરૂ કર્યો હશે અને પોરબંદરના એક લેખમાં મંડલેશ્વર સિંહનો ઉલ્લેખ છે, કદાચ એ સિંહે આ સંવત શરૂ કર્યો હોય; જો કે કઈ ઘટનાની સ્મૃતિમાં આ સંવત શરૂ કર્યો હોય એ અંગે શ્રી ઓઝાએ કોઈ નિર્દેશ કરેલો નથી.[૪૭]

ત્યાર પછી ઈ. સ. ૧૯૧૮માં ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ એમના સુપ્રસિદ્ધ ગ્રંથ "ભારતીય પ્રાચીન લિપિમાલા"માં અભિલેખોમાં પ્રવર્તમાન સંવતોની ચર્ચા કરતી વખતે સિંહ સંવત વિશે વિગતવાર ચર્ચા કરીને એવો મત બાંધ્યો કે આ સંવત સોરઠના કોઈ સિંહ નામના સ્થાનિક રાજાએ ચલાવ્યો હશે અને સૌરાષ્ટ્રમાં મંડલેશ્વર શ્રી સિંહ નામનો રાજા જાણમાં આવ્યો છે તે સંભવતઃ એ સંવતનો પ્રવર્તક હોય. આમ ગૌરીશંકર ઓઝા એમના પૂર્વવર્તી વજેશંકર ઓઝાના મતને સમર્થન કરતા જણાય છે.[૪૮]

ઈ. સ. ૧૯૩૮માં શ્રી ર. છો. પરીખે "કાવ્યાનુશાસન"ની પ્રસ્તાવનારૂપે આપેલા ઇતિહાસમાં સિદ્ધરાજના સોરઠવિજયના સંદર્ભમાં એમ સ્પષ્ટ વિધાન

કર્યું છે કે સિંહ સંવત એ સૌરાષ્ટ્રમાં પ્રચલિત થયેલ છે તે જયસિંહ સિદ્ધરાજે પ્રવર્તાવેલો સંવત છે અને એનું પ્રવર્તન સોરઠવિજયની યાદગીરી રૂપે કરવામાં આવ્યું છે એ નિ:સંશય છે. એઓ વધુમાં જણાવે છે કે જો સિંહ સંવત આ ઘટનાની યાદગીરીમાં પ્રવર્તાવ્યો હોય તો ખેંગારને વિ. સં ૧૧૭૦ (ઈ. સ. ૧૧૧૪)માં હરાવ્યો હોવાની ઘટના કહી શકાય. આ મત સ્વાભાવિક રીતે જ પંડિત ભગવાન લાલ ઇન્દ્રજીના મતને મળતો છે; જોકે શ્રી પરીખે પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીના નામનો નિર્દેશ કરેલો નથી.[૪૯]

ઈ. સ. ૧૯૬૪માં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ એમના પ્રસિદ્ધ ગ્રંથ "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ"માંની પ્રથમ આવૃત્તિમાં આ સંવત કોણે સ્થાપ્યો એની ચર્ચા નહિ કરતા ભગવાનલાલ ઈન્દ્રજી અને રસિકલાલ પરીખના મતની નિકટનું મંતવ્ય રજૂ કર્યું. એઓએ "સોરઠ વિજયની અજબ સિદ્ધિની યાદગીરીમાં જયસિંહદેવે સિંહ સંવત શરૂ કર્યો" અને "સિદ્ધચક્રવર્તી" બિરુદ ધારણ કર્યું એવું મંતવ્ય પ્રતિપાદિત કર્યું. સૌરાષ્ટ્રના કેટલાક શિલાલેખોમાં દેખા દેતો આ સિંહ સંવત વિ. સં. ૧૧૭૦થી શરૂ થતો હોઈ જયસિંહદેવે સોરઠ જીત્યાનો બનાવ એ વર્ષે બન્યો ગણાય.[૫૦]

સિંહ સંવતના આરંભ વિશે તથા સિંહ સંવતના સ્થાપક વિશે દિનેશચંદ્ર સરકારે એમના પ્રસિદ્ધ ગ્રંથ "ઇન્ડિયન એપિગ્રાફી"માં ઈ. સ. ૧૯૬૫માં ભગવાનલાલ ઇન્દ્રજીના મતની સમીક્ષા કરીને સિંહ સંવત જયસિંહ સિદ્ધરાજે પ્રવર્તાવ્યા અંગે કેટલીક શંકાઓ રજૂ કરી, પરંતુ એઓએ આ બાબતમાં કોઈ પણ મતનું સમર્થન ન કર્યું તેમજ પોતાનો અંગત મત પણ જણાવ્યો નહિ.[૫૧]

ડૉ. ભારતીબહેન ઠાકરે ૧૯૬૯ માં એમના ગુજરાતમાંની કાલગણનાને લગતા પોતાના મહનિબંધમાં સિંહ સંવતની સ્થાપનાની સર્વાંગી સમીક્ષા પ્રથમ વાર ઉપસ્થિત કરી. તેમણે પોતાના પૂર્વવર્તી બધા જ મતોની ચર્ચા કરીને એવું તારણ કાઢ્યું કે સિંહ સંવત ધરાવતા અભિલેખો અણહિલપાટણના ચૌલુક્ય વંશના તત્કાલીન રાજાઓના આધિપત્યનો નિર્દેશ કરે છે;[૫૨] જોકે સોરઠ જેવા મર્યાદિત પ્રાંતમાં જ સિંહ સંવત ધરાવતી મિતિઓના લેખો મળે છે એ એમ માનવા પ્રેરે છે કે સૌરાષ્ટ્રના કોઈ સ્થાનિક રાજાએ આ સંવત શરૂ કર્યો હોય અને એ રાજાના ઉત્તરાધિકારીએ એને ચાલુ રાખ્યો હોય, પરંતુ, સોરઠના ચૂડાસમા રાજાઓનો ઇતિહાસ એમ સૂચવે છે કે મહારાજાધિરાજ જયસિંહદેવ સિદ્ધરાજે સોરઠનો વિજય કર્યા પછી નવો સંવત સ્થાપી શકે તેવો કોઈપણ શક્તિશાળી સ્થાનિક રાજા ત્યાં

ન હતો. વળી સિંહ સંવત ધરાવતા અભિલેખો પૈકી કોઈમાં એક પણ સ્થાનિક રાજવંશના રાજાનો ઉલ્લેખ નથી. જો એમ ધારીએ કે સોરઠના સ્થાનિક રાજાએ સિંહ સંવત શરૂ કર્યો હતો અને સિદ્ધરાજ જયસિંહે ઉન્મૂલન કરેલ ચૂડાસમા રાજાએ સ્થાપેલા નવા સંવતને ચૌલુક્ય રાજ્યના સ્થાનિક દંડનાયકોએ ચાલુ રાખ્યો હતો, પણ આવી દલીલ તો કોઈ રીતે ગળે ઊતરે નહિ. આ સમીક્ષા કરીને ડૉ. ઠાકર એવા સ્પષ્ટ મંતવ્ય પર આવ્યાં કે, લગભગ નિશ્ચિત જણાય છે કે સિંહ સંવત સ્થાનિક ચૂડાસમા વંશના રાજાએ સ્થાપ્યો હોવાને બદલે સોરઠના ચૌલુક્ય વિજેતાએ સ્થાપ્યો હોય અને જયસિંહદેવે પોતાના સોરઠ વિજયની યાદગીરીમાં ફક્ત એ નવા જિતાયેલા વિસ્તારમાં જ એનો પ્રયોગ કર્યો હોય. ડૉ. ઠાકર એમ ઉમેરે છે કે એ જમાનામાં પોતાના નામનો "ભલો" સંવત પ્રવર્તાવતી વખતે રાજાએ પ્રજાને ઋણમુક્ત કરવી પડતી એવા ઉલ્લેખો "દ્વયાશ્રય", "કુમારપાલભૂપાલચરિત", "પ્રભાવકચરિત" વગેરેમાં આવે છે અને જયસિંહદેવે સિદ્ધરસ વડે પ્રાપ્ત કરેલ સ્વર્ગસિદ્ધિ દ્વારા પ્રજાને ઋણમુક્ત કરેલી હોવાનું મનાતું એ પરથી કદાચ એમ કહી શકાય કે સિદ્ધરાજે સોરઠના નવા જિતાયેલા પ્રદેશને ઋણમુક્ત કર્યો હોય અને એટલા પૂરતો એના સામ્રાજ્યના એ મંડલ પૂરતો પ્રચલિત કર્યો હોય.[૫૩]

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ "સ્વાધ્યાય–૧૯૭૧"માં "સિંહ સંવત" નામનો સ્વતંત્ર લેખ લખીને એમાં ડૉ. ભારતી ઠાકરના ઉપર્યુક્ત વિવેચનને વધુ દઢતાપૂર્વક પ્રગટ કર્યું[૫૪] અને એમણે સિંહ સંવત સિદ્ધરાજે પ્રવર્તાવ્યો હોય એવી સંભાવના વધુ છે એમ દર્શાવ્યું.

ઈ. સ. ૧૯૭૨ માં ડૉ. ભારતીબહેન શેલતે "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ: ૧"માં ગુજરાતમાં પ્રચલિત થયેલી કાલગણનાની સમીક્ષા કરતી વખતે સિંહ સંવત અંગે વિસ્તૃત છણાવટ કરી અને એમાં આ સંવત સિદ્ધરાજે સોરઠવિજયની સ્મૃતિરૂપે શરૂ કર્યો હશે એમ ભારપૂર્વક જણાવીને સોરઠના કોઈ પણ સ્થાનિક રાજાએ એ શરૂ કર્યો હોવાની શક્યતા નથી એમ દર્શાવી એના કારણમાં એમ જણાવ્યું કે જો એ સ્થાનિક રાજાએ શરૂ કર્યો હોત તો એ સૌરાષ્ટ્રના મંડલેશ્વરોએ એ સંવતનો ઉપયોગ ચાલુ રાખ્યો હોત જ, પરંતુ એમ જોવામાં આવતું નથી.[૫૫]

ઈ. સ. ૧૯૭૩ માં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ એમના "ગુજરાતમાં વપરાયેલા સંવતો" લેખમાં અન્ય સંવતો જેવા કે વિક્રમ સંવત, શક સંવત, વલભી

સંવતની સાથે સિંહ સંવતની પણ સમીક્ષા કરેલી છે. આમાં સિંહ સંવત પરત્વે એઓ પોતાના અગાઉના સિદ્ધરાજે આ સંવત સ્થાપ્યો હોવા અંગેના મંતવ્યને વળગી રહ્યા છે.[૫૬]

પરંતુ એમના આ લેખથી સિંહ સંવત પરત્વે ભારે વિવાદ–વંટોળ ઊભો થયો અને "કુમાર" માસિકે આ ચર્ચાને મુક્ત મને પ્રગટ કરી. આ ચર્ચા અંક ૬૦૦ થી શરૂ થઈ અંક ૬૨૦ સુધી, અર્થાત્ લગભગ સવાવર્ષ સુધી ચાલી, જેના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે :

ડૉ. શાસ્ત્રીના મતની ટીકા કરતાં શ્રી નરોત્તમ પલાણે જણાવ્યું કે સિદ્ધરાજ જયસિંહે વિ. સં. ૧૧૭૦ માં સોરઠ જીત્યાની યાદમાં આ સંવત શરૂ કર્યો એવો એમનો મત યથાર્થ નથી, કારણ કે સિદ્ધરાજે પોતાના કોઈ વિજયની યાદમાં આ સંવત ચલાવ્યો હોય તો એ સમગ્ર ગુજરાતમાં વપરાયેલો હોવો જોઈએ, જ્યારે સિંહ સંવત તો માત્ર દક્ષિણ–પશ્ચિમ સૌરાષ્ટ્રમાં જ મળે છે. આ એક જ હકીકત સિદ્ધરાજે સિંહ સંવત ફેલાવ્યો નથી એની પ્રબળ સાબિતી છે. સિદ્ધરાજના લગભગ દરેક કાર્યની નોંધ હેમચંદ્ર જેવા લેખકોએ લીધી છે તો આ એક નવો સંવત શરૂ થાય એની નોંધ કેમ કોઈ ન લે ? આથી સિંહ સંવત સાથે સિદ્ધરાજને કોઈ મેળ નથી.[૫૭] અહીં શ્રી પલાણે આ સંવતના સ્થાપક વિશે પોતે કોઈ સ્વતંત્ર મંતવ્ય આપ્યું નથી.

શ્રી મોહનપુરી ગોસ્વામીએ ડૉ. શાસ્ત્રીના સિંહ સંવતને લગતા મતની ટીકા કરતાં જણાવ્યું છે કે સિદ્ધરાજ ગુજરાતનો રાજા હતો તેણે કોઈ સંવત પ્રવર્તાવ્યો હોય તો સૌ–પ્રથમ એના લેખ ગુજરાતમાં મળવા જોઈએ, જ્યારે આ સંવત તો સૌરાષ્ટ્રમાં જ અને એ પણ સોમનાથથી દ્વારકા વચ્ચે જ મળે છે. વસ્તુતઃ સિદ્ધરાજે સોરઠપ્રદેશ જીત્યો હતો ખરો ? એમણે આ શંકા ઉઠાવીને એના અનુસંધાનમાં કહ્યું કે આ સંવત એ પ્રદેશના કોઈ સ્થાનિક રાજવીએ જ ચલાવ્યો હશે.

શ્રી મોહનપુરીના મતે વસ્તુતઃ સિંહ સંવત પ્રવર્તાવનાર તો ધૂમલીનો પહેલો રાણો સંગજી જ છે. આ રાણા સંગને શિલાલેખમાં 'સંઘ' કે 'સિંહ' કહેવામાં આવ્યો છે. આ ધૂમલીનો રાણો સંગ વિ. સં. ૧૧૭૦ માં હયાત હતો અને એ સિદ્ધરાજનો સમકાલીન હતો તેમજ રાણા સંગથી જ જેઠવા કુળની સાલવારી મળે છે. પોરબંદરની બાજુમાં વિસાવાડા ગામે સિદ્ધેશ્વર મહાદેવના મંદિરમાંનો આ સિંહ–સંગનો લેખ આ બાબતમાં સૂચક છે.[૫૮]

"કુમાર"માં પ્રગટ થયેલ ઉપર્યુક્ત ત્રણેય મતોની ચર્ચા કરી એ પૈકીના શ્રી મોહનપુરીના મતને અનુમોદન કરતાં શ્રી કંચનપ્રસાદ છાયા જણાવે છે કે શ્રી મોહનપુરી ગોસ્વામીએ આ સંવતના પ્રવર્તક તરીકે ધૂમલીનો રાણો શ્રી સિંહ કે સંઘ હોવાનું માન્યું છે એમને અને શ્રી વજેશંકર ઓઝાને શ્રી સિંહનું નામ પોરબંદરના એક લેખમાંથી મળી આવેલ હતું જે લેખમાં એને સૌરાષ્ટ્રનો મંડલેશ્વર કહ્યો છે. આ બાબતને લક્ષ કરીને શ્રી છાયા ઉમેરે છે કે એ રાણો સિંહ પાછળથી અધિક સબળ બનતાં એણે વિ. સં. ૧૧૭૦ (ઈ. સ. ૧૧૧૪)થી સ્વતંત્ર સત્તા હાંસલ કરી પોતાનો સંવત ચલાવ્યો હોય. ગૌરીશંકર ઓઝાને ટાંકતા એઓ જણાવે છે કે સૌરાષ્ટ્રથી બહાર આ સંવતનો પ્રચાર ન હોવાનું પણ એમ સાબિત કરે છે કે આ સંવત સૌરાષ્ટ્રના સિંહ નામના કોઈ રાજાએ ચલાવ્યો હશે.[૫૯]

પોતાના મૂળ લેખ પરની શ્રી નરોત્તમ પલાણ, શ્રી મોહનપુરી ગોસ્વામી તથા શ્રી કંચનપ્રસાદ છાયાએ કરેલી સમીક્ષા અને એમાંથી પ્રગટેલ વાદનો પ્રતિવાદ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ "કુમાર"માં જ કર્યો છે. એઓ જણાવે છે કે શ્રી ગોસ્વામીનો મત પ્રથમ નજરે સ્વીકાર્ય લાગે, પરંતુ એને સ્વીકારવામાં કેટલીક મુશ્કેલી જણાય છે. વિસાવાડાના લેખના આધારે સિંહ સંવત ધૂમલીના જેઠવા રાણા સિંહે (સંગે) શરૂ કર્યાનું તેઓ ધારે છે, પણ આ લેખ વિ. સં. ૧૨૬૨ નો છે અને એમાં રાણા વિક્રમાદિત્યની મૂર્તિ કરાવ્યાનો ઉલ્લેખ છે.

બીજું એ કે લેખની પંક્તિમાં "સીહ" પછી "રા...ધે" વાંચી એનો અર્થ એમણે "રાજાધિરાજ" કર્યો છે અને છતાં સિંહ અને વિક્રમાદિત્ય વચ્ચેનો અન્વય દર્શાવતો કોઈ સ્પષ્ટ શબ્દ લેખમાં દર્શાવી શકયા નથી. ધૂમલીના જેઠવા રાણા સિંહના સમયમાં સિંહ સંવત શરૂ કર્યો હોય, થયો હોય તો એ રાજ્ય સોરઠની નજીક પડે ખરું ? પરંતુ સિંહ સંવતના વર્ણવાળા કોઈ અભિલેખમાં જેઠવા રાણાઓના શાસન કે આધિપત્યનો નિર્દેશ સુધ્ધાં નથી અને જેઠવા રાજ્યના પોતાના મૂળ પ્રદેશમાં સિંહ સંવતનો ઉપયોગ થયો હોય એવા ઉલ્લેખ પણ પ્રાપ્ત થતા નથી, આથી જેઠવા રાણા સિંહની બાબતમાં આ બે મુદ્દા પ્રતિકૂળ પડે છે. સોરઠનો કોઈ સિંહ મળી આવે તો સહુથી વધુ બંધ બેસે, નહિ તો ત્યાં સુધી ઉપલબ્ધ ઉલ્લેખોના આધારે જયસિંહની સંભાવના ઊભી રહે.[૬૦]

"કુમાર"માંની આ ચર્ચાના દોરને આગળ લંબાવતા શ્રી મધુસૂદન ઢાંકી જણાવે છે કે સિદ્ધરાજે સોરઠ જીત્યાની હકીકતમાં શ્રી મોહનપુરી શંકા કરે છે એ અસ્થાને છે. એનાં કારણો નીચે પ્રમાણે ગણાવી શકાય :

(૧) ગિરનાર પરનું નેમિનાથનું મંદિર સોરઠના દંડનાયક સજ્જને ઈ. સ. ૧૧૨૯ માં બંધાવ્યું. આ હકીકત "રેવંતગિરિ રાસુ"માં પણ આપેલી છે. સોરઠમાં એ સમયે ચૌલુક્યોનો દંડનાયક તો જ નીમી શકાયો હોય, જો એ પ્રદેશ સિદ્ધરાજને અધીન હોય.

(૨) સિદ્ધરાજે શત્રુંજય તીર્થને બાર ગામનું શાસન કરી આપ્યાની વાત ૧૩ માથી ૧૫ મા શતકના ઘણાં જૈન પ્રબંધ ચરિતોમાં નોંધાયેલી છે.

(૩) સિદ્ધરાજે પુત્રપ્રાપ્તિ માટે સોમનાથની યાત્રા પગપાળા કરેલી છે.[૬૧]

આમ કહી શ્રી ઢાંકી આ સંદર્ભમાં સિદ્ધરાજની તરફદારી કરતા મતને અનુમોદન આપતા જણાય છે.

આ ચર્ચાના જવાબરૂપે શ્રી ગોસ્વામી જણાવે છે કે, વિસાવાડા ગામમાં આવેલી રાણા શ્રી સિંહની પ્રતિમા નીચેના લેખનું વાચન મારા વાચન કરતાં જુદું પડે છે એનું કારણ એ છે કે આ પ્રતિમાલેખ છે અને એમાં ઊભી તથા બેઠેલી બે આકૃતિઓ છે, જેમાં બીજી ઊભી આકૃતિ રાણા શ્રી સિંહ રાધેરાજ શ્રી વિક્રમાદિત્યની છે અને તેના ચરણો પાસે બેઠેલી આકૃતિ શ્રી સિંહના ઉત્તરાધિકારી રાણા શ્રી વિક્રમાદિત્યની છે. આ રાણા શ્રી વિકિયોજીએ વિ. સં. ૧૨૬૨ માં શ્રી સિંહની મૂર્તિ કરાવી એ સંબંધનો લેખ છે. વિ. સં. ૧૨૬૨ માં હયાત રાણા વિકિયોજીની ૯૨ વર્ષ પહેલાં એટલે કે વિ. સં. ૧૧૭૦ માં રાણા શ્રી સિંહ ધૂમલીની ગાદીએ છે. આના આધારરૂપે એમને જેઠવા વંશના ઇતિહાસનું પુસ્તક "મકરધ્વજવંશી મહિપમાળા" તથા જેઠવા વંશના ચોપડાઓને ગણાવ્યા છે. જેઠવા વંશનો સાલવાર ઇતિહાસ પણ ઉપર્યુક્ત ગ્રંથોમાં છે. રાણા શ્રી સિંહે ધૂમલીની ગાદીએ ઘણો લાંબો સમય રાજ્ય કર્યું છે અને એ "રાધેરાજ (રાજાધિરાજ)"નું બિરુદ ધરાવે છે તેથી એ સ્વતંત્ર રાજા હોવાનું જાણી શકાય. આ રાણા શ્રી સિંહે વિ. સં. ૧૧૭૦ માં વ્યાઘ્રપલ્લીના કોઈ રાજાને મોરબી પાસે હરાવ્યો છે. ધૂમલીના રાજાઓની આ સૌથી મોટી લડાઈ અને મહાન વિજય છે. મોરબી પાસે લડાઈ થઈ તે જગ્યાએ આજે પણ જેઠવો ડુંગર કહેવામાં આવે છે.[૬૨] આમ કહીને એઓ જેઠવા રાણા શ્રી સિંહે જ સિંહ સંવત પ્રવર્તાવ્યો હોવાનો મત આગળ કરે છે.

આ ચર્ચાના સંદર્ભમાં શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદા જણાવે છે કે સિદ્ધરાજે જૂનાગઢના રા'ખેંગારને જીત્યો અને રાણકદેવીનો કિસ્સો બન્યો એ લોકકથામાં છે, પરંતુ અમારી પરંપરા જુદી છે. સિદ્ધરાજ સોમનાથનાં દર્શન કરવા ઇચ્છતો પણ હતો, પરંતુ ખેંગાર એના રાજ્યમાંથી પસાર થવા દે એમ ન હતું. આથી

બન્ને વચ્ચે યુદ્ધ થયું અને ખેંગારને હરાવી, કારાગૃહમાં નાખી, સજ્જનને દેખરેખ માટે મૂકી સોમનાથ યાત્રા માટે ગયો. આમ કહી શ્રી રાયજાદા ઉમેરે છે કે આ પરથી એમ સિદ્ધ થાય છે કે સિદ્ધરાજનો વિજય ટૂંકા ગાળા પૂરતો જ હોઈ અને એની યાદમાં સંવત પ્રવર્તાવેલો તે વધારે પડતું કહેવાય. અહીં એમ વિચારવું રહ્યું કે આ સંવતના નિર્દેશ કેવળ વંથળી, માંગરોળ અને વેરાવળમાંથી જ મળે છે, આથી આ સંવત કોઈ સૌરાષ્ટ્રના રાજાએ જ પ્રવર્તાવ્યો હોય એ વધુ તાર્કિક લાગે છે. એક અનુમાન કરી શકાય કે સોરઠમાં મળતા આ શિલાલેખો ઉપરથી એ ચૂડાસમા વંશના જ કોઈ રાજાએ શરૂ કર્યો હોય.

વળી આ સંવત થોડા સમય સુધી પ્રવર્તે છે અને એ પછી લુપ્ત થઈ જાય છે એ વિશે એમ કહી શકાય કે સિદ્ધરાજના આખરી વિગ્રહમાં ખેંગારે એને લાંબો સમય સુધી રોકી રાખ્યો હોય અને પછી એનો પરાજય થયો હોય તો ગુજરાતના રાજાને લાંબા સમય સુધી રોકી રાખવાની સ્મૃતિમાં આ સંવત ચલાવ્યો હોય, પરંતુ ખેંગાર કેદ પકડાયા પછી, થોડા સમય બાદ, પ્રજાના માનસમાં આ વિજયમાં શરૂ કરેલા સંવત પ્રત્યે આગ્રહ રહ્યો ન હોય અને એ લુપ્ત બન્યો હોય. આમ આ સંવત સોરઠના ચૂડાસમા વંશથી શરૂ થયો હોય એમ અનુમાની શકાય. એઓ બીજાઓની જ જેમ એમ જણાવે છે કે સિદ્ધરાજે ખેંગારને કેદ કર્યો અને મોટા વિજયમાં ખપાવીને સિંહ સંવત શરૂ કર્યો હોય તો ગુજરાતમાંથી એના આ વિજયના અને એના માનમાં સિંહ સંવત શરૂ કર્યાના ઉલ્લેખ ક્યાંક મળવા તો જોઈએ જ.[૬૩]

આ ચર્ચામાં ઝુકાવતાં શ્રી મણિભાઈ વોરાએ શ્રી મોહનપુરીના મતને ટેકો આપતાં જણાવ્યું કે આ સંવત પ્રવર્તાવનાર રાણો સિંહ ધૂમલીનો સંભવે છે.[૬૪]

વળી "કુમાર"ના ઑગસ્ટ ૧૯૭૫ના અંકમાં શ્રી કંચનપ્રસાદ છાયાએ શ્રી રાયજાદાના મતની સમીક્ષા કરતાં જણાવ્યું કે ખેંગારે સિંહ સંવત સિદ્ધરાજના યુદ્ધમાં રોકી રાખવા બદલ ચલાવ્યાની વાત કોઈ પણ ઇતિહાસકારના ગળે ઊતરે એવી નથી. વળી ખેંગારના નામ સાથે સિંહ શબ્દ જોડાયેલો નથી. જો ખેંગારે સિંહ સંવત ચલાવ્યો હોય તો એને ખેંગાર સંવત તરીકે ઓળખાવાત, જે બન્યું નથી. બીજા મતોની સમીક્ષા કરતાં એઓ જણાવે છે કે, સિદ્ધરાજ જયસિંહના નામ પાછળ સિંહ શબ્દ આવે છે, પરંતુ સંવતપ્રવર્તક પોતાનું આખું નામ આપે એટલે "જયસિંહ સંવત" કહેવાત, પરંતુ એમ પણ બન્યું નથી. આ બે તર્કો સાથે શ્રી ગોસ્વામી સ્પષ્ટ રીતે ધૂમલીના રાણા સિંહે સિંહ સંવત ચલાવ્યાનું

મંતવ્ય આંધારસહિત રજૂ કરેલું છે.[૬૫] આમ કહી એઓ શ્રી ગોસ્વામીના મંતવ્યને સ્વીકારતા જણાય છે.

આ ચર્ચાના સંબંધમાં શ્રી નરોત્તમ પલાણ સિંહ સંવત સાથે સિદ્ધરાજનો કોઈ મેળ બેસતો નથી એ જણાવતા મુદ્દા પુનઃ રજૂ કરે છે, પણ પોતાનો મત પુષ્ટ કરવા કોઈ નવી દલીલ કરતા નથી.[૬૬]

શ્રી કે. કા. શાસ્ત્રી શ્રી ગોસ્વામીના મતની ચર્ચા કરતાં કહે છે કે વિસાવાડાના લેખ પરથી જણાય છે કે વિ. સં. ૧૨૬૨ માં બરડાના પથક પૂરતું રાણા સિંહનું આધિપત્ય હતું એટલે સિંહ સંવતનો સ્થાપક આ રાણો સિંહ નથી. રાણાઓની સાલવારી મળે છે તેમાં રાણો સંઘજી વિ. સં. ૧૧૭૬–૧૨૦૨ માં જણાવવામાં આવેલો છે. સિંહ સંવત અને વિક્રમ સંવત વચ્ચે ૧૧૭૦ વર્ષોનો તફાવત હોવાથી સિંહ સંવત શરૂ થયા પછી ૬ વર્ષે પેલો રાણો સંઘજી સત્તા પર આવે છે એટલે એ મોરબીથી દક્ષિણ સૌરાષ્ટ્રમાં સિંહ સંવત સ્થાપવા આવ્યાની કોઈ શકચતા વિચારી શકાય નહિ[૬૭] વળી એમણે શ્રી મોહનપુરી પાસેથી વિસાવાડાના લેખની ફોટોપ્રિન્ટ મેળવી લેખ વાંચ્યો અને એ વિશે 'પથિક' (ઑકટો. નવે., ૧૯૭૪ ના દિવાળી અંક)માં એ સ્પષ્ટતા કરી આપી કે 'રા. ધે.' નહિ, પણ રાજ્યે છે અને એ લેખ સં ૧૨૬૨માં રાણા 'સિંહ' ના રાજ્યકાલમાં ઉત્કીર્ણ થયેલો છે. આ લેખની માન્ય વાચના' 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ' ['ન્યૂ ઇન્ડિયન ઍન્ટિક્વરી, વૉ. ૧ (૧૯૩૮–૩૯), પૃ. ૬૮૬]માં છપાયેલી પણ છે. આ રાણો 'સીહ' તે જૂનો રાણો સંગ (વિ. સ. ૧૧૭૬–૧૨૦૨) નથી, પરંતુ સં ૧૨૬૨ (ઈ. સ. ૧૨૦૬)માં વિદ્યામાન 'સીહ' છે. આ જ 'સીહ'નો માધવપુર–ઘેડથી કેશોદના ધોરીમાર્ગ ઉપર આવેલા આજક ગામના પાદરના સીતામાઈના કુંડના, અત્યારે રાજકોટના વોટ્સન મ્યુઝિયમમાં સચવાયેલા, સં. ૧૨૬૨ના લેખમાં પણ ધૂમલીના શાસક તરીકે ઉલ્લેખ થયેલો છે. આ 'સીહ' એ જેઠવાઓની વંશાવલીમાંનો 'વિજયસિંહ' (ઈ. સ. ૧૨૦૬–૧૨૪૫, વિ. સં. ૧૨૬૨–૧૩૦૧) જ છે. આમ શ્રી શાસ્ત્રી દ્વારા શ્રી મોહનપુરી વગેરેની માન્યતાનો છેદ જ ઊડી ગયો છે.

શ્રી ગોસ્વામીએ વિસાવાડાના લેખમાં વાંચેલ રા. ધે. ના સંદર્ભમાં ડૉ. પ્રવીણચંદ્ર પરીખ જણાવે છે કે શ્રી ગોસ્વામીએ પોતે કરેલ વાચન અને મૂર્તિઓનું અભિજ્ઞાન વસ્તુતઃ લિપિ અને ભાષાની દૃષ્ટિએ જુદાં છે. આ લેખની ૨ જી–૩ જી પંક્તિઓમાં "રાણા શ્રી સિંહ રાધે રાજશ્રી વિક્રમાદિત્યેન" વાંચીને એને આધારે એમણે રાણા શ્રી સિંહના "રાધેરાજ" (રાજાધિરાજ) બિરુદનું પ્રતિપાદન કર્યું છે પરંતુ એમાં 'રા...ધે'ને બદલે રાજ્યે જ વંચાય છે અને તે જ ઉપયુક્ત છે

આથી 'રા. ધે' ઉપરથી 'રાજાધિરાજ' કરીને જે મત બાંધવામાં આવ્યો છે તેનો પાયો જ રહેતો નથી.[૬૮]

આ સંદર્ભમાં શ્રી દેવજીભાઈ વાજાએ પણ એમનો મત રજૂ કર્યો છે. એઓ જણાવે છે કે અત્યાર સુધીની ચર્ચામાં શ્રી રાયજાદાના મતથી સિંહ સંવત વિશે નક્કી કરવામાં વિશેષ ગૂંચવાડો ઊભો થયો. જોકે મોહનપુરીનો જેઠવા રાણા સિંહ અંગેનો દાવો કંઈક અંશે વજૂદવાળો છે, પણ એને વિદ્વાનો ત્યારે માન્ય રાખે છે કે જેઠવા રાણા સિંહે તે સંવત ચલાવ્યો હોય તો પણ તેણે વિજય મેળવી રાજ્યવિસ્તાર કયાં સુધી વિસ્તાર્યો હતો કે એવા વિજય પછી રાજાધિરાજપદ ધારણ કરવા વિશે સિંહ સંવતવાળો કોઈ લેખ કે સાબિતી એની રાજધાની ધૂમલીમાંથી મળે.[૬૯]

શ્રી ગોસ્વામી જણાવે છે કે ધૂમલીમાં નવલખો "શિવમહાલય" એ વિજય-સંવતની સ્મૃતિમાં બંધાયેલ છે, પણ એ અંગે કોઈ આભિલેખિક કે અન્ય પુરાવો મળતો નથી.[૭૦]

અંતમાં "કુમાર"ના એ જ અંકમાં આ ચર્ચાના અંતિમ તબક્કામાં મધુસૂદન ઢાંકી જણાવે છે કે જો સિંહ રાણાએ ઈ. સ. ૧૧૭૦ માં સિંહ સંવત પ્રવર્તાવ્યો હોય તો ખુદ જેઠવાઓના જેટલા શિલાલેખો મળ્યા છે એમાંના એકાદમાં પણ એનો પ્રયોગ કેમ જોવા મળતો નથી. રાણક સિંહની પ્રતિમાના વિસાવાડાના ચર્ચાસ્પદ લેખમાં પણ સિંહ સંવત્સરને બદલે વિક્રમ સંવત જ કેમ મળે છે ? સાથે સાથે એ પણ હકીકત છે કે ચારે લેખોમાં સિંહ સંવત સ્પષ્ટ રીતે સૂચવવામાં આવેલો છે. આ સંવત ભલે અલ્પ ભાગમાં પ્રયોજાયેલો હોય, જ્યારે ઊલટપક્ષે ચૌલુક્ય રાજાઓના તળપ્રદેશોમાં અને એમના પોતાના જ અભિલેખોમાં એનો ઉપયોગ નથી એવો શ્રી ગોસ્વામીનો સામો પ્રશ્ન વાજબી છે, પરંતુ એનો જવાબ શ્રી શાસ્ત્રીએ આપેલો જ છે. હકીકતમાં રાણા સિંહે આ સંવત પ્રવર્તાવ્યો હોય એવું માનવા જતાં કેટલીક મુશ્કેલી નડે છે. જ્યારે સિદ્ધરાજે પ્રવર્તાવ્યો એવું માનવા માટે ઓછી મુશ્કેલી નડે છે. પરંપરાથી પ્રતિષ્ઠિત વિક્રમ સંવતના સામે સિંહ સંવત સ્વીકૃત બનાવવો એ સહેલી વાત નથી, આથી એનાં ચાર દૃષ્ટાંતોમાં એમાં આપેલાં વર્ષોના કાલસ્થાને વિસ્ફુટ કરવા વિક્રમ સંવત કે વલભી સંવત કે એ બન્નેનાં નામ એનાં તુલ્યકાલીન વર્ષો સાથે આગળ મૂકવાનું લેખ કરાવનારાઓએ યોગ્ય માન્યું હશે. આ મુદ્દો સિંહ સંવતના અલ્પ પ્રચાર અને તેથી એના નિર્બળ મૂળનું દ્યોતક બની રહે છે.[૭૧]

શ્રી મોહનપુરી ગોસ્વામીએ (ઈ. સ. ૧૯૭૪ "પુરાતન")માં "શ્રી સિંહ સંવત" નામનો વિસ્તૃત સમીક્ષાત્મક લેખ લખ્યો અને એમણે એમાં એમની પૂર્વેના બધા મતોની સમીક્ષા કરી એમણે વિસાવાડાના સંવત ૧૨૬૨ ના લેખને આધારે એમ સૂચવ્યું કે રાણો શ્રી સિંહ અને વિક્રમાદિત્ય પૈકી રાણો સિંહ ધૂમલીમાં થયો. આ જેઠવા રાણાનું રાજ્ય વિ. સં. ૧૧૬૯–૭૦ માં પ્રવર્તતું હતું અને સિંહ સંવત કદાચ એણે પ્રવર્તાવ્યો હોય. ધૂમલીના રાજા રાણા સિંહની આગળ "રા...ધે" બિરુદ વપરાયું હોવાથી એ રાજાધિરાજ હોય અને તો એ સિદ્ધરાજના સમકાલીન રાજાએ પોતે પણ કંઈક છે એમ બતાવવા ગૌરવ ખાતર પોતાના નામ પરથી સિંહ સંવત ચલાવ્યો હોય.[૭૨]

ઈ. સ. ૧૯૭૫ ના એપ્રિલ–જૂનમાં શ્રી નરોત્તમ પલાણે સિંહ સંવત નામના એમના લેખમાં સિંહ સંવતના પ્રવર્તક અંગે ખૂબ વિસ્તારથી ચર્ચા કરી અને એ અંગે ઉપલબ્ધ તેમજ સંભવિત બધા મતોની ચર્ચા કરીને એઓ એવા મંતવ્ય પર આવ્યા કે સિદ્ધરાજની સોરઠ પરની ચડાઈ એ એક તોફાનથી વિશેષ જણાતી નથી. એ વંટોળિયાની જેમ સોરઠ પર ચડી આવ્યો અને ખેંગારને કેદ કરી, સોમનાથની યાત્રા પતાવી પાછો પોતાની રાજધાનીમાં હજુ પહોંચ્યો નહિ હોય ત્યાં સોરઠે એની સત્તા ફગાવી દીધી હોવાનું જણાય છે અને સોરઠને ચૌલુક્યોની સત્તાના હાથથી મુક્ત કરવામાં માંગરોળના ગૂહિલોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ ગૂહિલોમાં સહજિગ સિદ્ધરાજનો સમકાલીન હતો. આ સહજિગનો એક શિલાલેખ જે કેવળ સિદ્ધરાજની સોરઠ ચડાઈ પછી ૩૨ વર્ષ પછી લખાયો હતો, જેમાં સિંહ સંવત ૩૨ નો ઉલ્લેખ છે તેમાં સહજિગને "સોલંકીઓની કીર્તિઓને કલંકિત કરનાર" કહ્યો છે. આ સહજિગે પોતાના વિશાળ સૈન્યથી ખેંગાર સાથેના યુદ્ધ પછી બાકી રહેલા ચૌલુક્ય સૈન્યને 'ગોપનીય' રાખ્યું હતું. સંભવ છે કે સિદ્ધરાજના સૈન્યને પણ કાઢવાના માનમાં માંગરોળના ગૂહિલ રાજા સહજિએ સિંહ સંવત પ્રવર્તાવ્યો હોય. આમાં "સિંહ" શબ્દ વિક્રમ, પરાક્રમ, બહાદુરી એવા ગુણનો સૂચક છે અને એ સહજિગના પરાક્રમનો નિર્દેશ કરે છે, નહિ કે સિદ્ધરાજના.[૭૩]

શ્રી નરોત્તમ પલાણના ઉપર્યુક્ત "સિંહ સંવત"ના લેખની સમીક્ષા કરી એનો પ્રત્યુત્તર આપતો વિસ્તૃત લેખ ફાર્બસ સભાના એ ત્રૈમાસિકના પછીના અંકમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પ્રગટ કર્યો. એમાં એઓ માંગરોળના લેખનો અભ્યાસ કરતાં જણાવે છે કે સહજિગનો પુત્ર મૂલુક વિ. સં. ૧૨૦૨ માં સોરઠ પર શાસન કરતો હતો અને એ રાજા કુમારપાલના આધિપત્ય નીચે હતો. બીજું, આ લેખના

આરંભમાં સિદ્ધરાજનો તથા કુમારપાલનો આદરપૂર્વક ઉલ્લેખ કરેલો છે એ પરથી આ બાબત સ્પષ્ટ થાય છે. સહજિગના પુત્રો, જેઓમાં મૂલુક મુખ્ય હતો તે "સૌરાષ્ટ્રની રક્ષા કરવામાં સમર્થ" હતો. સહજિગ માટે "ચૌલુક્ય–અંગ–નિગૂહક" વિશેષણ વપરાયું છે તેનો અર્થ આ સંદર્ભને અનુલક્ષીને ઘટાવવો પડે. "અંગ" એટલે શરીર અથવા સૈન્ય. "નિગૂહક"નો અર્થ સામાન્ય રીતે ઢાંકનાર, છુપાવનાર, સંતાડનાર એવો થાય છે, પરંતુ એ અર્થ અહીં બરાબર બંધબેસતો નથી. આ શબ્દનો બીજો અર્થ રક્ષણ કરનાર એવો થાય છે. એ અર્થ અહીં બરાબર બંધબેસે છે. ગૂહિલ સહજિગે સિદ્ધરાજના સમયમાં ચૌલુક્ય સૈન્યનું રક્ષણ કર્યું હશે[૭૪] અને પછી એના પુત્રોએ ચૌલુક્ય રાજાના આધિપત્ય નીચે સોરઠના રક્ષણની જવાબદારી સંભાળી લીધી હશે એવું આ ઉલ્લેખો દર્શાવે છે. જેમ ગુપ્ત રાજા સ્કંદગુપ્તની તરફથી પર્ણદત્ત સુરાષ્ટ્રના ગોપ્તા (રક્ષક) તરીકે સુરાષ્ટ્ર દેશનું રક્ષણ કરતો હતો તેમ ગૂહિલ મૂલુક ચૌલુક્ય રાજા કુમારપાલની તરફથી "સુરાષ્ટ્રનાયક" તરીકે સૌરાષ્ટ્રનું રક્ષણ કરતો લાગે છે, અર્થાત્ આ સોરઠ પ્રદેશ પર અણહિલવાડના ચૌલુક્ય રાજા સિદ્ધરાજનું ને પછી કુમારપાલનું શાસન હતું અને એમાં એઓને આ ગૂહિલ કુલની સક્રિય મદદ મળેલી. વિ. સં. ૧૨૦૨, સિંહ સંવત ૩૨ (ઈ. સ. ૧૧૪૫)માં એ કુલના સહજિગનો પુત્ર મૂલુક કુમારપાલના આધિપત્ય નીચે આ પ્રદેશનો વહીવટ કરતો હતો. આ શિલાલેખમાં "સોલંકીઓની કીર્તિને કલંકિત કરનાર" એવો અર્થ હોવાનું ક્યાંય બંધ બેસે એમ નથી, આથી આ સંવત ગૂહિલ સહજિગે ચૌલુક્ય સૈન્યને હરાવી એની યાદગીરીમાં શરૂ કર્યો હોય એવું સંભવે નહિ. એવું હોય તો મૂલુક પોતાના લેખના આરંભમાં એ બે ચૌલુક્ય રાજાઓનો આદરપૂર્વક ઉલ્લેખ કરે નહિ. સિંહ સંવત જેમાં વપરાયો છે તે ચારેય લેખોમાં અણહિલવાડના ચૌલુક્ય રાજાઓનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એઓમાંના છેલ્લા બે લેખોમાં તો ત્યાં તે તે વંશના તે તે સમયના ચૌલુક્ય રાજાનું રાજ્ય પ્રવર્તતું હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે. આ પ્રદેશ–(સોરઠ)માં કુલ–પરંપરાગત રાજ્ય તો ચૂડાસમા વંશના રાજાઓનું ચાલતું હતું. સિંહ સંવત વિ. સં. ૧૧૭૦ માં શરૂ થયો હોય ત્યારે ત્યાં રા'ખેંગાર ૨ જાના રાજ્યનો અંત આવ્યો હતો અને એના વંશમાં આગળ જતાં રા'નવઘણ ૩ જો (ઈ. સ. ૧૧૩૬–૧૧૮૦), રા'રાયસિંહ (ઈ. સ. ૧૧૮૦–૧૧૮૪), રા'મહીપાલ ૨જો (ઈ. સ. ૧૧૮૪–૧૨૦૧) રા'જયમલ્લ (ઈ. સ. ૧૨૦૧–૧૨૩૦) રા'મહીપાલ ૩ જો (ઈ. સ. ૧૨૩૦–૧૨૫૩), રા'ખેંગાર ૩ જો (ઈ. સ. ૧૨૫૩–૧૨૬૦) વગેરે રાજાઓ થયા,[૭૫] પરંતુ સોરઠમાંથી મળેલા એ સમયના અભિલેખોમાં એમાંના કોઈ રાજાનો ઉલ્લેખ આવતો નથી, ઊલટું કુમારપાલ પછી અજયપાલ પછી ભીમદેવ ૨ જો અને

અર્જુનદેવનું અર્થાત્ ચૌલુક્ય મૂલરાજના વંશજોનું અને પછી વાઘેલા–ચૌલુક્ય રાજાઓનું શાસન પ્રવર્તતું હતું, આથી સિંહ સંવત સોરઠના કોઈ ચૂડાસમા રાજાએ શરૂ કર્યો જણાતો નથી. આ ચર્ચાના અંતે એઓ ઉમેરે છે કે, વિ. સં. ૧૧૭૦ માં શરૂ થયેલા અને સોરઠમાં વપરાયેલા સિંહ સંવતના સ્થાપક તરીકે સોરઠનો કોઈ સિંહ મળે તો એ સહુથી વધુ બંધ બેસે, પરંતુ એવો ઉલ્લેખ ન મળે ત્યાંસુધી ચૌલુક્ય રાજા જયસિંહદેવ, જેમણે સોરઠના રાજાને કારાગૃહમાં નાંખ્યો હતો, તેમણે એ સંવત સોરઠના વિજયની યાદગીરીમાં સોરઠ પ્રાંત માટે પ્રવર્તાવ્યો હોય એ સંભાવના ઊભી રહે.[૭૬]

ઉપર્યુક્ત વિવિધ મંતવ્યોનું વર્ગીકરણ કરતાં એમાંથી નીચેના મતો પ્રવર્તતા જણાય છે :

(૧) જેમ્સ ટૉડે આગળ કરેલો દીવના ગોહિલ રાજા શિવસિંહે સ્થાપેલા સંવતને લગતો મત. આ સંવત, જે સિંહ સંવત તરીકે ઓળખાયો.

આ મતના પુરાવારૂપે દીવના ગોહિલ રાજા શિવસિંહ વિશે કોઈ આભિલેખિક કે બીજાં સ્પષ્ટ પ્રમાણો ઉપલબ્ધ થતાં નથી તેથી અનુકાલના કોઈ વિદ્વાને આ મતનું સમર્થન કર્યું નથી. આ મત સર્વથા અગ્રાહ્ય રહે છે.

(૨) શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્યે આગળ કરેલો અને પાછળથી શ્રી નરોત્તમ પલાણે જેને સુદૃઢ ટેકો આપેલો તે માંગરોળના ગૂહિલ રાજા સહજિગે આ સંવત પ્રવર્તાવ્યાને લગતો મત. આ મતની મુખ્ય દલીલ એ છે કે એમાં ગૂહિલ મૂલુકના લેખમાં સિંહ સંવત ૩૨ નો પહેલી વાર ઉલ્લેખ થયેલો છે અને ગૂહિલ સહજિગનો અમલ સોરઠમાંથી મળતા સિંહ સંવતના અભિલેખોના વિસ્તારમાં પ્રવર્તતો જણાય છે, પરંતુ પલાણે ચૌલુક્યોની કીર્તિને કલંકિત કરીને એની સ્મૃતિમાં સહજિગે આ સંવત પ્રવર્તાવ્યાની જે વાત કરી છે તે સ્વીકાર્ય એટલા માટે બનતી નથી કે ખુદ મૂલુકના વિ. સં. ૧૨૦૨ ના લેખમાં સિદ્ધરાજ અને કુમારપાલનો આદર કરેલો છે, એટલું જ નહિ, ડૉ. શાસ્ત્રીએ જે અર્થઘટન કરેલું છે તે સંદર્ભમાં ગૂહિલ સહજિગે સિદ્ધરાજના સમયમાં ચૌલુક્ય સૈન્યનું રક્ષણ કર્યું લાગે છે. વસ્તુતઃ ચૌલુક્યોની કીર્તિને કલંકિત કરનાર એવું વિશેષણ સહજિગ માટે બંધબેસતું આવતું નથી, આથી માંગરોળના ગૂહિલ સહજિગે સિંહ સંવત શરૂ કર્યો હોય એવું પ્રતીત થતું નથી.

(૩) શ્રી ભગવાનલાલ ઇન્દ્રજી, શ્રી રસિકલાલ છો. પરીખ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભારતીબેન શેલત અને શ્રી મધુસૂદન ઢાંકીએ સિંહ સંવત ચૌલુક્ય રાજા જયસિંહદેવે સોરઠ વિજયની સ્મૃતિમાં વિ. સં. ૧૧૭૦ માં શરૂ કર્યો હોવાનો સંભવ આગળ કર્યો છે.

(ક) આ મતની પણ ખૂબ ટીકા કરવામાં આવેલી છે, જેવી કે જો સિદ્ધરાજે એ શરૂ કર્યો હોય તો સોરઠ સિવાયના એના તળ...ગુજરાતના મુખ્ય શાસન પ્રદેશમાં એનો પ્રયોગ કેમ મળતો નથી ?

(ખ) એના અનુગામી રાજાએ પણ આ સંવતનો કોઈ પ્રયોગ કરેલો નથી.

(ગ) હેમચંદ્રાચાર્ય તેમજ સમકાલીન અને અનુકાલીન ઇતિહાસ અને વૃત્તાંતના નિવેદકોએ આવી મોટી ઘટનાની નોંધ લીધી નથી એ વિસ્મયકારક છે.

વળી આ સંવતનું નામ "જયસિંહ સંવત"ને બદલે એ નામના ઉત્તર ચરણ "સિંહ"ની સાથે જ કેમ સંયોજાયું એ સમજાતું નથી, આથી સિદ્ધરાજ જયસિંહે આ સંવત પ્રવર્તાવ્યાનું પણ નિર્વિવાદ કહી શકાતું નથી.

(૪) સિંહ સંવત સોરઠના કોઈ સ્થાનિક રાજાએ પ્રવર્તાવ્યો હોય એવો શ્રી વજેશંકર ઓઝા, શ્રી ગૌરીશંકર ઓઝા, શ્રી મોહનપુરી ગોસ્વામી, શ્રી કંચનપ્રસાદ છાયા, શ્રી મણિભાઈ વોરા અને શ્રી દેવજીભાઈ વાજાએ આગળ કર્યો. આ વિદ્વાનોનાં મંતવ્યો પરથી ફલિત થાય છે કે સોરઠના મહામંડલેશ્વર સિંહે ચૌલુક્યોથી સ્વતંત્ર થઈ એની સ્મૃતિમાં આ સંવત પ્રવર્તાવ્યો હશે. આ શ્રી સિંહ તે ધૂમલીનો પહેલો જેઠવા રાણા સંઘજી હોવાની સંભાવના એઓએ સૂચવી જ્યારે શ્રી કે. કા. શાસ્ત્રીએ તો વિસાવાડાના લેખવાળો 'સીહ' એ તો ધૂમલીનો જેઠવો રાણો 'વિજયસિંહ' (ઈ. સ. ૧૨૦૨–૧૨૪૫, વિ. સં. ૧૨૬૨–૧૩૦૧) છે એ બતાવી જૂના રાણા સંગનો છેદ જ ઉડાડી નાખ્યો છે.

આમાં પણ સિંહ સંવત અને રાજાના નામના સામ્ય સિવાય બીજા કોઈ પ્રમાણો મળતાં નથી. મહામંડલેશ્વર સિંહના જે લેખો મળ્યા છે તેમાં પણ કોઈ જગ્યાએ સિંહ સંવતનો પ્રયોગ થયો નથી. વળી જેઠવાઓના બીજા રાજાઓના અભિલેખોમાં પણ આ પ્રયોગ થયો નથી. વળી રાણો સિંહ મહામંડલેશ્વરમાંથી "રાજાધિરાજ" કેવી રીતે બન્યો એ સ્પષ્ટ થતું નથી એટલે આ મંતવ્ય પણ સર્વથા સ્વીકાર્ય બનતું નથી.

(૫) શ્રી રાજેન્દ્ર રાયજાદાએ સોરઠના ચૂડાસમા રાજા રા'ખેંગારે પોતે સિદ્ધરાજની સેનાને ભગાડીને પુનઃ સોરઠમાં પોતાની સત્તા પ્રવર્તાવી એના માનમાં આ સંવત શરૂ કર્યો હોવાની સંભાવના રજૂ કરી. આ મંતવ્ય પણ સ્વીકાર્ય બનતું નથી, કારણ કે ચૂડાસમાઓના કોઈ લેખમાં સિંહ સંવતનો પ્રયોગ થયો નથી. બીજું, રા'ખેંગારે સિદ્ધરાજની સેનાને પરાજિત કર્યાનાં પ્રમાણો પણ મળતાં નથી.

ઉપર્યુક્ત પાંચેય મંતવ્યો અને એનાં વિવેચનોને લક્ષ્યમાં લેતાં એમ સંભવિત જણાય છે કે સિદ્ધરાજ જયસિંહે સોરઠ–વિજયની સ્મૃતિમાં સિંહ સંવત શરૂ કર્યો હોય, કારણ કે એ સંવતનો પ્રયોગ જેમાં થયો છે તે અભિલેખો કોઈ રીતે ચૌલુક્ય રાજવીઓ સાથે સંકળાયેલા છે જ. અલબત્ત, એ સંવત આ ઘટનાની સ્મૃતિમાં સોરઠના સ્થાનિક મંડલેશ્વરે શરૂ કર્યો હોય અને એ સંવત સ્વાભાવિક રીતે જ સ્થાનિક લોકોમાં આદર પામ્યો ન હોય. આને લીધે જ્યાં જ્યાં આ સંવત પ્રયોજાયો છે ત્યાં એનો ગૌણ સંવત તરીકે પ્રયોગ થયો હોય અને લોકાદર નહિ પામવાને લીધે આ સંવત સો–દોઢસો વર્ષે લુપ્ત થયો હોય. વસ્તુતઃ શ્રી મધુસૂદન ઢાંકીએ કહ્યું છે તેમ, મૂલતઃ આ સંવતનો પ્રયોગ જ નિર્બળ હોઈ એ વિક્રમ સંવત કે શક સંવતની પ્રચલિત પરંપરાની સામે ટકી શક્યો નહિ અને એ દોઢ સૈકા જેટલું જીવી લુપ્ત થઈ ગયો.

## સિદ્ધ-હેમ-કુમાર સંવત

આ સંવત વિશે સર્વપ્રથમ મુનિશ્રી પુણ્યવિજયજીએ ધ્યાન દોર્યું છે.[૭૭]

આ સંવત શત્રુંજય પર આવેલા ચોમુખજીની ટૂંકના મૂળ મંદિરના ડાબી બાજુના મંદિરમાં આવેલી એક ધાતુપ્રતિમા પર કોતરેલો છે.[૭૮] લેખ બહુ નાનો છે. આમાં એ સંવતનું વર્ષ ૪ આપેલું છે, પરંતુ એની સાથે અન્ય કોઈ સંવતનો નિર્દેશ કરેલો નથી.[૭૯] આ સિવાય સિદ્ધ–હેમ–કુમાર સંવત વિશે બીજા કોઈ આભિલેખિક ઉલ્લેખ મળતા નથી.

સાહિત્યમાં આનો એક સંદર્ભ ડૉ. ભારતીબહેન શેલતે શોધી કાઢ્યો છે,[૮૦] એમાં એમના જણાવ્યા પ્રમાણે "અભિધાનચિંતામણિ" ગ્રંથમાં હેમચંદ્રાચાર્યે પોતે લખેલી ટીકામાં આ સંવતનો નિર્દેશ કર્યો છે,[૮૧] પરંતુ આ સાહિત્યિક ઉલ્લેખ સિવાય બીજી કોઈ જગ્યાએ એનો ઉલ્લેખ થયો નથી.[૮૨]

ઉપર્યુક્ત બન્ને ઉલ્લેખોને લક્ષ્યમાં લઈ ડૉ. ભારતીબહેન શેલત એવા અનુમાન પર આવ્યાં છે કે આ સંવત કુમારપાલે જૈનધર્મ અપનાવ્યો એના સંદર્ભમાં

શરૂ થયો હોય.[૮૩] કુમારપાલે જૈનધર્મ વિ. સં. ૧૨૧૬ માં અંગીકાર કરેલો[૮૪] એટલે એ હિસાબે અભિલેખનું વર્ષ ૪ આવે અને એ રીતે જોતાં એના બરાબર ઈ. સ. ૧૧૬૪ આવે.[૮૫] આથી આ સંવત ઈ. સ. ૧૧૬૦ માં સ્થપાયો કહેવાય.[૮૬]

## પાદટીપ

૧. પરીખ, ર. છો. અને શાસ્ત્રી હ. ગં. (સં) 'ગુ. રા. સાં. ઇ', ગ્રં. ૧, પૃ. ૪૮૭–૪૯૦; શાસ્ત્રી, હ. ગં., "ભારતીય અભિલેખવિદ્યા", પૃ. ૧૬૮–૧૭૩

૨–૪. શેલત, ભારતી, "ધી ક્રોનોલૉજિકલ સિસ્ટમ્સ ઑફ ગુજરાત", પૃ. ૫૮

૫. શાસ્ત્રી હ. ગં, ઉપર્યુક્ત, પૃ. ૧૭૩ થી ૧૭૬

૬. એજન, પૃ. ૧૭૬

૭. શાસ્ત્રી, હ. ગં. "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૨, પૃ. ૫૭૧–૫૮૭

૮. અ. નં. ૩૯ ૯. અ. નં. ૬૦

૧૦. શેલત, ભારતી, ઉપર્યુક્ત, પૃ. ૩૩૦–૩૧ પાદ. ૧૧/૨

૧૧. અ. નં. ૯૫

૧૨. આચાર્ય ગિ. વ., "ગુ. ઐ. લે.", ભા. ૩, લે. ૨૧૭

૧૩. અ. નં. ૮૯

૧૪. મજુમદાર, એ. કે., "ચૌલુક્યઝ ઑફ ગુજરાત", પૃ. ૧૩૮

૧૫. અ. નં. ૯

૧૬. "જે. બી. બી. આર એ. એસ." વૉ. ૪ (સપ્લિમેન્ટરી ઇસ્યૂ), પૃ. ૪૯

૧૭. પંડ્યા, એ. વી., "સમ ન્યૂલી ડિસ્કવર્ડ ઇન્સ્ક્રિપ્શન્સ ફ્રૉમ ગુજરાત', "વલ્લભવિદ્યાનગર રિસર્ચ બુલેટિન", ઇસ્યૂ ૨, પૃ. ૪

૧૮. મજુમદાર, એ. કે., ઉપર્યુક્ત, પૃ. ૪૩

૧૯. દેવવ્રત ભાંડારકરે (પ્રોસિડિંગ રિપૉર્ટ ઑફ આર્કિયોલૉજિકલ સર્વે, વેસ્ટર્ન સર્કલ, ૧૯૪૪, પૃ. ૪૮ માં) આ અભિલેખ પ્રત્યે ધ્યાન દોર્યું હતું. એમણે કોઈ બીજો જયસિંહ હોવાનું પણ સૂચન કર્યું હતું, પરંતુ પછીનો રાજા ચૌલુક્ય રાજા સિદ્ધરાજ જયસિંહ કરતાં પહેલો ન હોઈ શકે. આ કારણે તથા લિપિવિદ્યાની દૃષ્ટિએ પણ આ લેખને ૧૨ મી સદી પહેલાં મૂકી શકાય એમ નથી.

૨૦. "ગુ. ઐ. લે." નં. ૨૧૫

૨૧. ભાંડારકર, ડી. આર., ઉપર્યુક્ત, ૧૯૭૫–૭૬, પૃ. ૫૬, નં. ૨૧૧૧
૨૨. "એ. ઈ", વૉ. ૧૧, પૃ. ૩૪, ૬૯
૨૩. ઓઝા, ગૌ. હી., "ભારતીય પ્રાચીન લિપિમાલા", પૃ. ૧૮૨
૨૪–૨૫. ભાંડારકરનું લિસ્ટ નં. ૧૮૨, ૨૮૯
૨૬. અ. નં. ૧૮૯
૨૭. અ. નં. ૨૨૬
૨૮. અ. નં. ૨૬૭
૨૯. અ. નં. ૨૧૮
૩૦. અ. નં. ૩૮૪–૮૫
૩૧. ઓઝા, ગૌ. હી., ઉપર્યુક્ત, પૃ. ૧૮૨
૩૨. ભાંડારકરનું લિસ્ટ, નં. ૧૪૬૨
૩૩. કિલ્હોર્ન, "એ લિસ્ટ ઑફ ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ધ સધર્ન ઇન્ડિયા" ('એઇ', વૉ. ૫–૬–૭ માં પ્રસિદ્ધ)
૩૪. અ. નં. ૭૩ અ
૩૫. દવે, ક. ભા., "રુદ્રમહાલય અને સિદ્ધપુર", પૃ. ૩૬૫
૩૬. કિલ્હોર્ન, ઉપર્યુક્ત, ૨૧, પૃ. ૧૦૯; શેલત, ભારતી, ઉપર્યુક્ત, પૃ. ૩૩૭, પાદ. ૩૫
૩૭. શેલત, ભારતી, ઉપર્યુક્ત, પૃ. ૩૩૭
૩૮. ફ્લીટ, "કૉર્પસ ઇન્સ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ", વૉ. ૩, પૃ. ૮૭
૩૯. સોમવાર, તા. ૧૫ મી ઑક્ટોબર, ઈ. સ. ૧૧૪૫
૪૦. રવિવાર, તા. ૨૫ મી મે, ઈ. સ. ૧૨૬૪
૪૧. ડી. સી. સરકાર, "ઇન્ડિયન એપિગ્રાફી", પૃ. ૩૦૫
૪૨. ગોસ્વામી, મોહનપુરી, સિંહ સંવત, "પુરાતન", પુરાતત્ત્વ સંશોધન મંડળ, પોરબંદર, પૃ. ૧૦૮ (૧૯૭૪)
૪૩. વોરા, મણિભાઈ, 'ધૂમલીના જેઠવા', "ઊર્મિ નવરચના", ૧૯૭૬, પૃ. ૭૨૩
૪૪. ટૉડ, જેમ્સ, "ટ્રાવેલ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા", પૃ. ૫૦૬
૪૫. "બૉમ્બે ગૅઝેટિયર", વૉ. ૮, પૃ. ૫૪૩
૪૬. એજન, વૉ. ૧, પૃ. ૧૭૬
૪૭. ઓઝા, વજેશંકર, "ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ", ભા. ૧, પૃ. ૪–૫
૪૮. ઓઝા, ગૌ. હી., ઉપર્યુક્ત, પૃ. ૧૮૨
૪૯. પરીખ, આર. સી., 'કાવ્યાનુશાસન'ની પ્રસ્તાવના, પૃ. ૧૫૧
૫૦. શાસ્ત્રી, હ. ગં., "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", (પ્રથમ આવૃત્તિ), પૃ. ૧૯૩
૫૧. સરકાર, ડી. સી., ઉપર્યુક્ત, પૃ. ૩૦૫

૫૨–૫૩. ઠાકર, ભારતી, "ધી ક્રોનોલોજિકલ સિસ્ટમ્સ ઑફ ગુજરાત" (મૂળ મહાનિબંધ) પૃ. ૫૯૫–૬૦૨

૫૪. શાસ્ત્રી, હ. ગં., 'સિંહ સંવત', "સ્વાધ્યાય, પૃ. ૮, પૃ. ૪૬૪ અને પછીનાં પૃષ્ઠ

૫૫. "ગુ. રા. સાં. ઇ", ગ્રં. ૧, ૪૯૦

૫૬. શાસ્ત્રી, હ. ગં., "ગુજરાતમાં વપરાયેલા સંવતો', "કુમાર", અં. ૬૦૦, (ડિસેમ્બર, ૧૯૭૩), પૃ. ૪૮૭

૫૭. પલાણ, નરોત્તમ, "કુમાર", અં. ૬૦૪ (એપ્રિલ ૧૯૭૪), પૃ. ૧૧૨

૫૮. ગોસ્વામી, મોહનપુરી, "કુમાર", એજન પૃ. ૧૧૨

૫૯. છાયા, કંચનપ્રસાદ, "કુમાર", અંક ૬૦૮ (ઑગસ્ટ, ૧૯૭૪), પૃ. ૨૪૦

૬૦. શાસ્ત્રી, હ. ગં. "કુમાર" એજન, પૃ. ૨૪૦

૬૧. ઢાંકી. મધુસૂદન, "કુમાર", અંક ૬૧૧ (નવેમ્બર, ૧૯૭૪), પૃ. ૩૮૪

૬૨. ગોસ્વામી, મોહનપુરી, "કુમાર", અંક ૬૧૭ (મે ૧૯૭૫), પૃ. ૧૬૩

૬૩. રાયજાદા, રાજેન્દ્રસિંહ, "કુમાર" એજન, પૃ. ૧૬૩

૬૪. વોરા, મણિભાઈ, "કુમાર", એજન, પૃ. ૧૬૩

૬૫. છાયા, કંચનપ્રસાદ, "કુમાર", અંક ૬૨૦ (ઑગસ્ટ, ૧૯૭૫), પૃ. ૨૯૩

૬૬. પલાણ નરોત્તમ, "કુમાર", એજન, પૃ. ૨૯૩

૬૭. શાસ્ત્રી, કે. કા., "કુમાર", એજન, પૃ. ૨૯૩
આ પછી શ્રી કે. કા. શાસ્ત્રીએ જે સ્પષ્ટતા કરી છે તે 'પથિક'માંનો લેખ "શ્રી કે. કા. શાસ્ત્રી–અમૃત મહોત્સવ–અભિનંદન ગ્રંથ–૨ જો (૧૯૮૩)માં પૃ.૧૯૮–૧૯૯ પર પુનર્મુદ્રિત થયેલો છે. 'સીહ' વિશે જુઓ 'ધૂમલી' : રાજકીય અને સાંસ્કૃતિક' (૧૯૮૨) માં શ્રી શાસ્ત્રીનો 'રાજકીય વિભાગ', પૃ. ૪૨–૪૩ [૧૫૫. વિજયસિંહ–સીહ (બીજો) (સં. ૧૨૬૧–૧૩૦૫)].

૬૮. પરીખ પ્ર. ચિ., "કુમાર", એજન, પૃ. ૨૯૩

૬૯. વાજા, દેવજીભાઈ, "કુમાર", એજન, પૃ. ૨૯૪

૭૦. ગોસ્વામી, મોહનપુરી, "કુમાર", અંક ૬૧૭, (મે, ૧૯૭૫), પૃ. ૧૬૩

૭૧. ઢાંકી, મધુસૂદન, ઉપર્યુક્ત.

૭૨. ગોસ્વામી, મોહનપુરી, શ્રી સિંહ સંવત, "પુરાતન", પૃ. ૧૦૮ થી ૧૧૮

૭૩. પલાણ, નરોત્તમ, 'સિંહ સંવત', "ફા. ગુ. સ. ત્રૈ", પુ. ૪૦, અંક ૨ (એપ્રિલ–જૂન, ૧૯૭૫)

૭૪. "કલેકશન ઑફ પ્રાકૃત ઍન્ડ સંસ્કૃત ઇન્સ્ક્રિપ્શન્સ" (ભાવનગર સ્ટેટ), પૃ. ૧૫૯ માં "ચૌલુક્ય સૈન્યનો સેનાપતિ"-અર્થ આપ્યો છે. શ્રી શંભુપ્રસાદ દેશાઈ પણ સહજિગ ચૌલુક્ય સૈન્યનો સેનાપતિ હતો એમ અર્થ ધરાવે છે. "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", પૃ. ૨૬૧, ૨૯૩

૭૫. એજન, પૃ. ૨૪૮–૯૭

૭૬. શાસ્ત્રી, હ. ગં., 'સિંહ સંવતની સમસ્યા', "ફા. ગુ. સ. ત્રૈ." પુ. ૪૦, જુલાઈ–સપ્ટેંબર, ૧૯૭૫, પૃ. ૧૦૮.

૭૭. મુનિ, પુણ્યવિજયજી, 'સિદ્ધ–હેમ–કુમાર–સંવત', "જૈન સત્યપ્રકાશ", વર્ષ ૮, અં, ૯, પૃ. ૨૫૯

૭૮. પ્ર. લે. નં. ૧૮૩–અ.

૭૯. મુનિ, પુણ્યવિજયજી, ઉપર્યુક્ત, પૃ. ૨૫૯

૮૦. શેલત, ભારતી, ઉપર્યુક્ત, પૃ. ૩૪૩

૮૧. "અભિધાનચિંતામણિ", ૬–૧૭૧

૮૨. શેલત, ભારતી, પૃ. ૩૨૩

૮૩. એજન, પૃ. ૩૪૫

૮૪. જિનમંડન, "કુમારપાલપ્રબંધ", પૃ. ૬૭

૮૫. શેલત, ભારતી, ઉપર્યુક્ત, પૃ. ૩૪૧

૮૬. ડૉ. ભારતીબહેન શેલતે એમના (ઉપર્યુક્ત) પુસ્તકના પૃ. ૩૯૧ માં જુદા જુદા સંવતોની સ્થાપનાને લગતો આલેખ આપ્યો છે તેમાં સિદ્ધ–હેમ–કુમાર–સંવત ઈ. ૧૨૦૪ માં સ્થપાયાનું દર્શાવ્યું છે એ સરતચૂક લાગે છે, વસ્તુતઃ ત્યાં ઈ. સ. ૧૧૬૦ જોઈએ.

# ૯ કલા

### સ્થાપત્ય

આ સમય દરમ્યાન બંધાયેલાં દેવાલયો, જળાશયો, દુર્ગો વગેરેના ઉલ્લેખો તત્કાલીન ઉપલબ્ધ લેખો, અભિલેખો અને સાહિત્યમાંથી મળી આવે છે. એમાંના કેટલાંક પુરાવશેષીય સ્મારકો પણ હાલ મોજુદ છે, જો કે અભિલેખોમાં ઉલ્લેખિત અનેક સ્થાપત્યો પૈકીનાં ઘણાં થોડાં જ સ્થાપત્યો હાલ મોજુદ રહ્યાં છે.

### અભિલેખોમાં ઉલ્લેખિત નાગરિક સ્થાપત્ય

નાગરિક સ્થાપત્યમાં ગ્રામ, નગર, પ્રાસાદ, કિલ્લાઓ, જળાશયો વગેરે વિશિષ્ટ બાંધકામનો સમાવેશ કરવામાં આવે છે. અભિલેખોને આધારે આ નાગરિક સ્થાપત્ય વિશેની માહિતી ઠીકઠીક પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

### (૧) કિલ્લાઓ

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં ઘણા કિલ્લાઓનું બાંધકામ થયું હતું. આ કાલમાં બંધાયેલ કિલ્લાઓના અવશેષો જળવાઈ રહ્યા છે પરંતુ તેમના અભિલેખિક ઉલ્લેખ બહુ જૂજ મળે છે. આ કાલના કિલ્લાઓમાં કંથકોટ, અણહિલપાટણ, પાવાગઢ, ઝીંઝુવાડા, ડભોઈ, ઘૂમલી, ઉપરકોટ, વડનગર અને પ્રભાસપાટણ વગેરે સ્થળના કિલ્લાઓ જાણીતા છે.

વિ. સં. ૧૨૦૮ (ઈ. સ. ૧૧૫૨)ના કુમારપાલના લેખમાં કુમારપાલે વડનગરમાં વડનગરનો કોટ બંધાવ્યાના આભિલેખિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૧]

આ કોટ પૂર્વવિહિત યોજના પ્રમાણે બંધાયેલો નથી.[૨] આ કોટને છ દરવાજાઓ છે. જેમાંના ચાર દરવાજાઓ મુખ્ય દિશાઓએ આવેલા છે. પૂર્વમાં અમરપોળ, પશ્ચિમનાં રામપોળ કે ગાડી, ઉત્તરમાં અર્જુનબારી અને દક્ષિણમાં ગાંસ-કુળ દરવાજો આવેલો છે. બાકીના બે દરવાજાઓ ખૂણા તરફ આવેલા છે. જેમકે અગ્નિખૂણે પિઠોરી અને વાયવ્યકોણે નદીપોળ દરવાજો આવેલો છે. દરવાજાઓની બહાર નગરરક્ષક દેવોનાં શિલ્પો છે. આ કિલ્લો ગિરિસમાન દુર્ગ હતો. કોટના બાંધકામમાં ઈંટો વાપરવામાં આવી હતી. કાંગરા પથ્થરના બનેલા હતા અને તેની પર ચૂનાનો લેપ કરેલો હતો.

વિ. સં. ૧૨૨૫ (ઈ.સ. ૧૧૬૯)ના પ્રભાસપાટણના ભદ્રકાલીના શિલાલેખમાં[૩] "દુર્ગ બાંધ્યો" એવા ઉલ્લેખો છે. આ કિલ્લો કુમારપાલના સમયનો છે. અલ્લાઉદ્દીન ખિલજીના આક્રમણ વખતે આ કિલ્લો હતો એમ ઇતિહાસકારો માને છે,[૪] એટલે અનુમાન કરી શકાય કે પ્રભાસનો દુર્ગ ૧૨ મી સદીમાં બંધાયો હશે. આ પછી ઈ. સ. ૧૩૮૬ અને ઈ. સ. ૧૭૪૭માં આ દુર્ગનો જીર્ણોદ્ધાર થયો હતો તેથી એનું મૂળ સ્વરૂપ જાણી શકાતું નથી.[૫]

આ કિલ્લાનું ક્ષેત્રફળ ૧૦૯ એકર છે અને એનો આકાર ખંડિત ગોળ છે. પૂર્વ અને ઉત્તરની દીવાલો ઊભી છે. એની પરના કાંગરાની ઊંચાઈ ૫ ફૂટ છે. દીવાલની ઊંચાઈ ૩૭ ફૂટ છે. દીવાલ ભૂખરા (રેતિયા) પથ્થરોની બનેલી છે. ચણતરમાં ચૂનો વપરાયો છે. કિલ્લાને ફરતી પરિખા પણ છે.[૬]

આ સિવાય અન્ય કિલ્લાઓમાં કંથકોટ, અણહિલપાટણ, પાવાગઢ, ઝીંઝુવાડા, ડભોઈ, ઘૂમલી અને જૂનાગઢ ઉપરકોટના પણ કિલ્લા હતા. કંથકોટનો કિલ્લો કચ્છમાં આવેલો છે. આ કિલ્લા માટેના આભિલેખિક પુરાવા પ્રાપ્ત થતા નથી, પરંતુ એના પુરાવશેષીય અવશેષોને આધારે આ કિલ્લો ચૌલુક્યકાલનો જણાય છે. લાટના બારપ્પે અને શાકંભરી(સાંભર)ના રાજવીએ મૂલરાજ ૧ લા પર ચડાઈ કરી ત્યારે મૂલરાજ કંથકોટના કિલ્લામાં સંતાયો હતો. મહમૂદ ગઝનવીના આક્રમણ સમયે ભીમદેવ ૧ લાએ પણ આ કિલ્લામાં આશ્રય લીધો હતો. આનો અર્થ એ થયો કે ચૌલુક્યકાલ દરમ્યાન આ કિલ્લો અસ્તિત્વ ધરાવતો હશે.[૭]

**ઝીંઝુવાડા** : આ કિલ્લો ચૌલુક્યકાલીન છે. "ભારતીય દુર્ગવિધાન"માં મધુસૂદન ઢાંકી અને પ્રભાશંકર સોમપુરાએ આ કિલ્લાને મારુગુર્જર શૈલીનો કહ્યો છે.[૮] કિલ્લાની દીવાલમાં ઘણી જગ્યાએ "मह्रं श्री उदल। એવું લખાણ કોતરેલું છે, આથી કિન્લૉક ફૉર્બ્સ માને છે કે આ કિલ્લાનું બાંધકામ ઉદયન મંત્રીની દેખરેખ હેઠળ થયું હશે,[૯] પરંતુ જેમ્સ બર્જેસ આ વાત સ્વીકારતા નથી.[૧૦]

આ કિલ્લાની રચના સમચોરસ છે, નૈઋર્ત્ય કોણના પ્રાકારનો કેટલોક ભાગ અવશેષરૂપે ઊભો છે, જ્યારે કિલ્લાનો બાકીનો ભાગ લગભગ નાશ પામ્યો છે.

વિ. સં ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨)ના કુમારપાલના કિરાડુ લેખમાં તણુકોટનો કિલ્લો તેમજ નવસર કિલ્લાના ઉલ્લેખો થયેલા છે. આ કિલ્લાઓની અન્ય કોઈ માહિતી પ્રાપ્ય થતી નથી.

**(૨) જળાશયો :**

વાસ્તુગ્રંથોમાં પુર કે નગરની રચનાની સાથે જળાશયોની વ્યવસ્થાના પણ ઉલ્લેખો થયેલા નજરે પડે છે. આ ઉપરાંત જળાશયોના અનન્ય સ્થાન, પ્રકાર તથા વિવિધ ઘાટો વિશેનું નિરૂપણ પણ જોવામાં આવે છે. ચારે બાજુએ બાંધેલા સરોવરને મુખ્યત્વે જળાશય કહેવામાં આવે છે. આ સાથે ચારે બાજુએ પથ્થરના ઘાટ તથા પગથિયાંની રચનાવાળા કુંડ અને વિશિષ્ટ પ્રકારની રચનાવાળી વાવો અગત્યનું સ્થાન ધરાવે છે.

આ કાલ દરમ્યાન ગુજરાતમાં કેટલાંક ગણનાપાત્ર ઐતિહાસિક જળાશયોની વિગતો મળી આવે છે. ગુજરાતમાં વરસાદનું પ્રમાણ કંઈક અંશે ખેંચવાળું છે અને તેથી અહીં વિપુલ પ્રમાણમાં જળાશય બંધાયાં હોવાના ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.[૧૧]

**(ક) સરોવર :** સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)ના અરસા શિલાલેખમાં[૧૨] એ રાજાએ સરોવર કરાવ્યાનો ઉલ્લેખ થયેલો છે. મુનિ જિનવિજયજી અને રામલાલ મોદી આ બન્ને વિદ્વાનોએ આ સરોવરને સિદ્ધરાજનું સહસ્રલિંગ સરોવર હોવાનું જણાવ્યું છે.

**(ખ) વાવ :** નાગરિક સ્થાપત્યમાં વાવનું સ્થાન સવિશેષ છે. ચૌલુક્યકાલ દરમ્યાન જાહેર વેપારમાર્ગો ઉપર મુસાફરોની સગવડ ખાતર છેક નીચે પાણી સુધી જઈને હાથપગ ધોવા, નાહવા તેમજ જરૂરી પાણી લેવા માટે વાવો બંધાવવામાં આવતી હતી. વાવની રચના લંબચોરસ હોય છે અને એક છેડે કૂવો હોય છે. આ કૂવાની સામેના છેડેથી પાણીની સપાટી તરફ નીચે ઊતરવાનાં પગથિયાં હોય છે. આમ વાવ એટલે પગથિયાંવાળો કૂવો (**दीर्घिका**). આ વાવ પથ્થરથી બનાવવામાં આવતી. કેટલીક વાવ સાદી હોય છે, જ્યારે કેટલીક વાવો અલંકૃત કરેલી હોય છે. કૂવાના પાણીની સપાટીએ પહોંચવા માટે વાવમાં ત્રણ, પાંચ કે સાત મજલાઓની યોજના પણ કરવામાં આવેલી હોય છે.

આ કાલ દરમ્યાન અસંખ્ય વાવોનું નિર્માણ થયું હતું, પરંતુ એના આભિલેખિક પુરાવા બહુ જૂજ મળે છે. આ સમયની ગુજરાતમાં જે સુંદર અને અલંકૃત વાવો જળવાઈ રહી છે તેઓમાં પાટણની રાણકી વાવ સમગ્ર ગુજરાતના જ નહિ, પણ સમગ્ર ભારતમાંના આ પ્રકારના સ્થાપત્યમાં સર્વોત્તમ જણાય છે. આ વાવ ભીમદેવ ૧ લાની રાણી ઉદયમતિએ બંધાવી હતી. આ વાવની તાજેતરની

સાફસૂફી દરમ્યાન ઉદયમતિની મૂર્તિ મળી આવી છે, જેના પર રાણીનું નામ અંકિત છે. (જુઓ આકૃતિ ૮).

વિ. સં. ૧૧૪૮ (ઈ. સ. ૧૦૯૨)ના કર્ણદેવ ૧ લાના સૂણકના તામ્રપત્રમાં સૂણકના ઠક્કુર મહાદેવે વાવ બંધાવ્યાનો ઉલ્લેખ થયેલો છે. આ વાવની અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

કુમારપાલના વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના માંગરોળના સોઢળી વાવમાં પાછળથી ચોડાયેલા શિલાલેખમાં એક વાવ (દેગુઆવાવ)નો નિર્દેશ થયેલો છે. ચોરવાડના મહાજને પણ દેગુઆ ગામની વાવ મંદિરના ઉપયોગ માટે અર્પણ કર્યાના ઉલ્લેખો આ લેખમાં થયેલા છે. આ વાવ ચોરવાડથી વિસણવેલિ (જિ. જૂનાગઢ, તા. માળિયા) ગામ જતાં રસ્તા પર આવેલી છે.

વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૮–૬૯)ના કુમારપાલના વેરાવળના શિલાલેખમાં એ વાવ ખોદાવ્યાનો નિર્દેશ થયેલો છે. આ વાવ (તા. પાટણ, જિ. જૂનાગઢ) વેરાવળ સોમનાથના માર્ગ પર આવેલી હતી. આ વાવ વિસ્તારમાં ભવ્ય હતી.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)ના લેખમાં વાવનો ઉલ્લેખ થયેલો છે. આ વાવ ધણ્ટેલાણા (જિ. જૂનાગઢ, તા. વંથળી) ગામના દક્ષિણ ભાગમાં આવેલી હતી.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૭૫ (ઈ. સ. ૧૨૧૯)ના ભરાણા–(જિ. જામનગર, તા. ખંભાળિયા)ના શિલાલેખમાં પણ વાવ કરાવ્યાનો નિર્દેશ થયેલો છે.

**(ગ) કૂવા :** ચૌલુક્યકાલીન અભિલેખોમાંથી કૂવા વિશેની માહિતી પણ પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે ૪ હાથથી માંડીને ૧૩ હાથ સુધીના પહોળા કૂવા કરવાનું "રાજવલ્લભ"માં જણાવ્યું છે.[૧૩] કૂવાને ગોળ ફરતી પથ્થરની દીવાલ કરવામાં આવતી હોય છે. આ કૂવા જમીનમાં છેક ઊંડે સુધી ખોદેલા હોય છે.

વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના હસ્તિકુંડિના ધવલના બીજાપુરના લેખમાં પિપ્પલ નામના કૂવાનું દાન કર્યાનો નિર્દેશ થયેલો છે.

સિદ્ધરાજ જયસિંહના વર્ષ વગરના એક શિલાલેખમાં[૧૪] એણે સાંભરમાં (રાજસ્થાન)માં કૂવો ખોદાવ્યાની માહિતી પ્રાપ્ત થાય છે.

વિ. સં. ૧૨૬૬ (ઈ. સ. ૧૨૧૦)ના શિલાલેખમાં[૧૫] ભીમદેવે ઘેલાણા (જિ. જામનગર–સૌરાષ્ટ્ર) ગામમાં કૂવો ખોદાવ્યો હતો તેવો નિર્દેશ થયેલો છે.

**(૩) કીર્તિસ્તંભો :**

ચૌલુકયકાલીન નાગરિક સ્થાપત્યમાં કીર્તિસ્તંભો, અને તોરણોનો પણ સમાવેશ કરવામાં આવેલો છે. આમ જોવા જઈએ તો વાસ્તુકલામાં કેટલાંયે તોરણોનાં અભિનવ સ્વરૂપો દેશ અને કાળ અનુસાર વિકાસ પામેલાં છે. આ કાલ દરમ્યાન દેવાલયોની સાથે સાથે તોરણો તેમજ કીર્તિસ્તંભોનું પણ નિર્માણ કરવામાં આવતું હતું. તોરણોને દેવાલયોનું વિશિષ્ટ અંગ માનવામાં આવતું હતું.

ચૌલુકયકાલ દરમ્યાન ઘણી સંખ્યામાં આવા કીર્તિસ્તંભો અને તોરણો નિર્માણ પામ્યાં હતાં, જેમાં પાટણ, મોઢેરા, સિદ્ધપુર, શામળાજી, વડનગર વગેરે સ્થળોનાં તોરણોનો સમાવેશ થાય છે.

સિદ્ધપુરના એક કીર્તિસ્તંભ પરથી સિદ્ધરાજ જયસિંહના સમયનો એક શિલાલેખ પ્રાપ્ત થયો છે.[૧૬] (જુઓ આકૃતિ ૫). જોકે આ લેખમાંથી એનું વર્ષ જાણવા મળતું નથી તેમજ લેખના આધારે આ કીર્તિસ્તંભના સ્થાપત્ય વિશે કોઈ વિશેષ માહિતી પણ પ્રાપ્ત થતી નથી.

**(૪) અન્ય સ્થાપત્ય :**

અભિલેખો દ્વારા ચૌલુકયકાલીન કિલ્લાઓ અને જળાશયો ઉપરાંત અન્ય પ્રકારનાં સ્થાપત્યો વિશે પણ જાણવા મળે છે, જેમાં સત્રાગાર એટલે કે ભોજનાલય ઉપરાંત પાઠશાળા, પગથિયાં, હીંચકો વગેરેની માહિતી ઉપલબ્ધ થાય છે.

આ સમયના લેખોમાં સત્રાગારનો નિર્દેશ થયેલો છે. સત્રાગારનું બાંધકામ ઘણું સાદું હશે. વચ્ચે ખુલ્લો ચોક અને ફરતો રવેશ હોય એવી આમાં રચના હોવાનું અનુમાની શકાય છે.

વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૪)ના વૈજલ્લદેવના લેખમાં બ્રાહ્મણોને ભોજન અર્થે એક સત્રાગારને ગામ દાનમાં આપ્યાનો નિર્દેશ થયેલો છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૭)ના કડીના તામ્રપત્રમાંના ઉલ્લિખિત નિર્દેશ પ્રમાણે સત્રાગારના નિભાવ અર્થે ઇંદિલા ગામ દાનમાં અપાયું હતું.

વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના કડીના તામ્રપત્રમાં પણ સત્રાગારનો ઉલ્લેખ થયેલો છે.

ત્રિભુવનપાલના વિ. સં. ૧૨૯૦ (ઈ. સ. ૧૨૪૩)ના લેખમાં સત્રાગારમાં કાર્પટિકોના ભોજન માટે ભાંખહર ગામ અને રાજપુરી ગામ દાનમાં આપ્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

અભિલેખોમાં પાઠશાળાનો પણ નિર્દેશ થયેલો છે; જેમકે વિ. સં ૧૧૩૪ના (ઈ. સ. ૧૦૭૭) ત્રિવિક્રમપાલના લેખમાં જણાવ્યા પ્રમાણે શુક્લતીર્થમાં ૫૦૦ વિદ્યાર્થીઓની શાળાના નિભાવ માટે દાન આપ્યાનો નિર્દેશ થયેલો છે એ પરથી ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તેવું વિશાળ વિદ્યાસંકુલ ત્યાં હોવું જોઈએ. અલબત્ત, એના સ્થાપત્યકીય સ્વરૂપ વિશે કંઈ જાણી શકાતું નથી.

કેટલાક લેખોમાં પગથિયાં કરાવ્યાના ઉલ્લેખો મળે છે. વિ. સં. ૧૨૨૨ અને ૧૨૨૩ (ઈ. સ. ૧૨૬૬–૬૭)ના શિલાલેખમાં[૧૭] જણાવ્યા પ્રમાણે રાણિકના પુત્ર આંબાકે ગિરનારમાં પગથિયાં કરાવ્યાં હતાં.

કુમારપાલના પ્રાચી(ગીર)ના વર્ષ વગરના શિલાલેખમાં[૧૮] હીંચકો કરાવ્યાનો ઉલ્લેખ છે. અલબત્ત, એ વિશિષ્ટ પ્રકારનો હોવો જોઈએ તો જ એનો અભિલેખમાં નિર્દેશ કરેલો હોય.

**અભિલેખોમાં ઉલ્લિખિત ધાર્મિક સ્થાપત્ય :**

આ કાલના મોટા ભાગના અભિલેખો દેવાલયોના નિર્માણ અથવા જીર્ણોદ્ધારને લગતા છે. દેવને આપવાનાં ધર્મદેય મુખ્યત્વે દેવાલયોને અર્પણ કરવામાં આવતાં. એવી જ રીતે ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં દેવાલયો બંધાવવા કે બાંધવા માટે દાન આપવામાં આવતાં હતાં, એટલું જ નહિ, પરંતુ જીર્ણમંદિરનો જીર્ણોદ્ધાર કરવા માટે પણ દાન આપવામાં આવતાં હતાં. આવાં મંદિરોમાં શિવમંદિરોના ઉલ્લેખો વધુ થયેલા જણાય છે, જોકે સૂર્યમંદિર, વિષ્ણુમંદિર અને કોઈક કોઈક શક્તિપૂજાનાં મંદિરોના પણ ઉલ્લેખો થયેલા નજરે પડે છે. તદુપરાંત પાર્શ્વનાથ, શાંતિનાથ, આદિનાથ, મહાવીર અને અન્ય તીર્થંકરોની મૂર્તિઓની પ્રતિષ્ઠા કર્યાના ઉલ્લેખો વિશેની માહિતી પણ પ્રાપ્ત થાય છે. અભિલેખોમાં ક્વચિત્ મંદિરનાં અંગ–ઉપાંગોના નિર્દેશ અપાયેલા મળે છે.

**(ક) હિન્દુ ધર્મનાં દેવાલયો :**

પરમાર સીયક રજાના હરસોલના વિ. સં. ૧૦૦૫ (ઈ. સ. ૯૪૯)ના તામ્રપત્રમાં સરનાલમાં શિવમંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિર ગળતેશ્વરના નામથી ઓળખાય છે. આ મંદિર ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં આવેલું છે.

મંદિરની રચનાશૈલીની દૃષ્ટિએ આ મંદિર ગુજરાતનાં અન્ય મંદિરો કરતાં જુદું પડે છે.[૧૯]

આ મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરના ગર્ભગૃહનું તલમાન અંદરની બાજુએ (૧૧ × ૧૧) સમચોરસ છે. દરેક દિશામાં ભદ્રનિર્ગમોને કારણે સમચોરસ મંડપનું તલમાન ક્રોસ કે સ્વસ્તિક આકારનું બન્યું છે. મંડપના મધ્યભાગમાં આઠ સ્તંભ કરેલા છે. આ સ્તંભ ભદ્રકઘાટના બનેલા છે. મંડપની વેદિકા પર વામન કદના યુગ્મસ્તંભોની રચના કરેલી છે. મંડપની આગળની પ્રવેશચોકી સંપૂર્ણપણે નાશ પામી છે. મંદિરના ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત લિંગ અને જલાધારીને પહોંચવા માટે સોપાનશ્રેણીની રચના કરેલી છે. એની આ પ્રકારની રચનાને લઈને ડૉ. સાંકળિયા આ મંદિરને ચૌલુક્યશૈલીનું ગણાવે છે.[૨૦]

શ્રી ઢાંકી આ મંદિરને "અપરાજિતપૃચ્છા" વગેરે ગ્રંથોના આધારે "ભૂમિજ" પ્રકારનું જણાવે છે. આ ઉપરાંત મંદિરનાં તલમાન અને સુશોભનથી દૃષ્ટિએ કુમારપાલના સમયના સોમનાથના મંદિર સાથે સામ્ય ધરાવતાં હોવાથી તેઓ આ મંદિરને ૧૨મી સદીનું માને છે.[૨૧]

વિ. સં. ૧૦૪૩ (ઈ. સ. ૯૮૭)ના મૂલરાજ ૧ લાના કડીના તામ્રપત્રમાં મૂલેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર હાલ અસ્તિત્વ ધરાવતું નથી. આ મંદિરના સ્થળ માટે જુદા જુદા મત પ્રવર્તે છે. શ્રી સોમપુરાએ આ મંદિરનું સ્થળ વર્દ્ધિવિષયમાં દર્શાવ્યું છે.[૨૨] વર્દ્ધિવિષયમાં ચાણસ્મા અને હારીજ તાલુકાના કેટલાક ભાગ સાથેના વીરમગામ તાલુકા સાથેના પ્રદેશનો સમાવેશ થતો હતો. લેખ પ્રમાણે આ મંદિરને વિ. સં. ૧૦૪૩ માં મોઢેરા વિભાગનું એક ગામ દાનમાં આપ્યું હતું. આ દાન રાજા કર્ણે શ્રીસ્થલ(સિદ્ધપુર)ના રુદ્રમહાલયના દેવને પૂજીને આપ્યું હોવાના ઉલ્લેખ મળે છે એ પરથી આ મંદિર એ સમયથી બંધાવાનું શરૂ થયું હોવાનું કહી શકાય.

ગુજરાતનું હાલનું સુવિખ્યાત સૂર્યમંદિર મોઢેરામાં આવેલું છે. આ મંદિરના બાંધકામ અંગે કોઈ સ્પષ્ટ અને વિગતપૂર્ણ આભિલેખિક પુરાવા પ્રાપ્ય નથી. અલબત્ત, મંદિરની પાછલી દીવાલના એક ભાગમાં "विक्रम संवत १०८३" (ઈ. સ. ૧૦૨૭) એમ લખેલું વંચાય છે.[૨૩] આ પરથી સંભવતઃ આ મંદિર એ સમયે બંધાયું હોવાનું જણાય છે.

વિ. સં. ૧૧૪૮ (ઈ. સં. ૧૧૨૮)ના સિદ્ધરાજ જયસિંહના સૂણસરના તામ્રપત્રમાં નીલકંઠ મહાદેવના મંદિરનો નિર્દેશ થયેલો છે. આ પહેલાં આ મંદિર

વિ. સં. ૧૧૪૮માં કર્ણદેવ ૧ લાએ બંધાવ્યું હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જોકે તામ્રપત્રમાં આ મંદિરનો નિર્દેશ થયેલો નથી, પરંતુ લેખમાં "ઠક્કુર" મહાદેવનો ઉલ્લેખ થયેલો છે, જેનાં વિવિધ અર્થઘટન કરવાનો પ્રયાસ થયેલો છે. આ લેખના સંપાદક ઈ. હુલ્ઝ લેખમાં ઉલ્લિખિત વાવ ઠક્કુર મહાદેવે બંધાયાનું કહ્યું છે.[૨૪] અર્થાત્ હુલ્ઝ ઠક્કુર મહાદેવને વ્યક્તિ તરીકે ઓળખાવે છે. જ્યારે ડૉ. સાંકળિયા એવું અર્થઘટન કરે છે કે "આ વાવ ઠક્કુર મહાદેવ માટે બાંધવામાં આવી હતી. સામાન્ય રીતે દેવને "ઠાકુર" કહેવાનો રિવાજ છે એટલે આનો અર્થ એ થયો કે વાવ "ઠાકુર મહાદેવ" નામના મંદિર માટે બાંધવામાં આવી હોય.[૨૫]

આ મંદિર હાલ મહેસાણા જિલ્લાના સિદ્ધપુર તાલુકામાં આવેલું છે. મંદિર પૂર્વાભિમુખ છે. એ ગર્ભગૃહ, રંગમંડપ અને શૃંગારચોકીનું બનેલું છે.

સિદ્ધરાજ જયસિંહના વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)ના ગાળાના શિલાલેખમાં ગણેશ અને ભટ્ટારિકાદેવીના મંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિર સુરેન્દ્રનગર જિલ્લાના ગાળા ગામ પાસે આવેલ છે. હાલ આ મંદિર ત્યાં અસ્તિત્વ ધરાવે છે.

વિ. સં. ૧૧૯૫ના (ઈ. સ. ૧૧૩૯) સિદ્ધરાજ જયસિંહનાં કચ્છ–ભદ્રેશ્વરના શિલાલેખમાં ચોખંડા મહાદેવનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર (તા. ભૂજ જિ. કચ્છ)માં આવેલું છે. આ મંદિર પૂર્વાભિમુખ છે. મંદિર ગર્ભગૃહ, મંડપ, પ્રવેશચોકી વગેરે અંગોનું બનેલું છે.

વિ. સં. ૧૧૯૬ (ઈ. સ. ૧૧૪૦)માં સિદ્ધરાજ જયસિંહના દાહોદના શિલાલેખમાં ગોગ્નારાયણના મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર વિષ્ણુમંદિર નહિ, પરંતુ સૂર્યમંદિર હતું. આ મંદિર દાહોદમાં આવેલું હતું.[૨૬]

સિદ્ધરાજ જયસિંહના નામ વગરના વિ. સં. ૧૧૯૮ (ઈ. સ. ૧૧૪૧–૪૨)ના શિલાલેખમાં એક મંદિરનો ઉલ્લેખ થયેલો છે,[૨૭] પણ એમાં મંદિર વિશે ચોક્કસ માહિતી પ્રાપ્ત થતી નથી.

વિ. સં. ૧૨૦૧ (ઈ. સ. ૧૧૪૪–૪૫)ના કુમારપાલના ગાળાના શિલાલેખમાં ઉપર્યુક્ત ભટ્ટારિકાદેવીના મંદિરનો ઉલ્લેખ થયેલો છે.

વિ. સં. ૧૨૦૨ (ઈ. સ. ૧૧૪૬)ના શિખાલેખમાં સહજિગેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર સહજિગના નાના પુત્ર સોમરાજે બંધાવ્યું હતું.

આ મંદિર ચોરવાડ (જિ. જૂનાગઢ)માં આવેલું કહેવાય છે. આ મંદિરને શ્રી કાંતિલાલ સોમપુરાએ જાગેશ્વર મહાદેવ તરીકે ઓળખાવ્યું છે, પરંતુ કે. કા. શાસ્ત્રીનું છેલ્લું મંતવ્ય એવું છે કે માંગરોળના બાગરકોટના જેલ દરવાજાથી કામનાથ મહાદેવના રસ્તે નજીકમાં આવેલા તળાવના દક્ષિણ કાંઠે હોવાની ઘણી શક્યતા છે.[૨૮]

વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૦–૫૧)ના કુમારપાલના ચિત્તોડગઢના શિલાલેખમાં સમિદ્ધિશ્વેર મંદિરનો નિર્દેશ કરેલો છે. આ મંદિર ચિત્તોડગઢમાં આવેલું છે.

કુમારપાલના વિ. સં. ૧૨૦૭ (ઈ. સ. ૧૧૫૦–૫૧)ના ખંડોસણના શિલાલેખમાં હિંગળાજી માતાના મંદિરનો ઉલ્લેખ થયો છે. આ મંદિર ખંડોસણ-(તા. વીસનગર જિ મહેસાણા)માં આવેલું છે. આ મંદિરમાં ગર્ભગૃહ, મંડપ અને પ્રવેશચોકી છે. પ્રવેશમંડપના સ્તંભ ઘટપલ્લવ ઘાટના છે અને એના ઉપરની સંવરણા નાશ પામી છે. મંડોવરના ત્રણ બાજુના ગવાક્ષોમાં દેવીઓની મૂર્તિઓ કરેલી છે.

વિ. સં. ૧૨૦૯ (ઈ. સ. ૧૧૫૩)ના કુમારપાલના પાલીના શિલાલેખમાં સોમનાથ મંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિર રાજસ્થાનમાં (તા. પાલી, જિ. જોધપુરમાં) આવેલું છે.

વિ. સં. ૧૨૧૬ (ઈ. સ. ૧૧૬૦)ના કુમારપાલના બાલી શિલાલેખમાં બહુ-સૂણદેવી અને અનુપમેશ્વર મંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિર પણ રાજસ્થાનમાં તા. બાલી (જિ. જોધપુર)માં આવેલું છે.

વિ. સં. ૧૨૧૮ (ઈ. સ. ૧૧૬૨)ના કુમારપાલના કિરાડુના શિલાલેખમાં કિરાડુ (તા. બાડમેર, જિ. જોધપુર)ના મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર હાલ ખંડેર અવસ્થામાં છે.

કુમારપાલના વિ. સં. ૧૨૨૦ (ઈ. સ. ૧૧૬૪)ના ઉદેપુરના શિલાલેખમાં ઉદ્દલેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. લેખમાં આ મંદિર ઉદેપુરમાં આવ્યું હોવાનો નિર્દેશ થયેલો છે અને એ આજે પણ ત્યાં છે.

વિ. સં. ૧૨૨૫ના (ઈ. સ. ૧૧૮૮–૬૯)ના કુમારપાલના જૂનાગઢના શિલા-લેખમાં આનંદનગર (વડનગર)માં બે શિવાલયો બંધાવ્યાનો નિર્દેશ થયેલો છે.

કુમારપાલના વિ. સં. ૧૨૨૫ના (ઈ. સ. ૧૧૬૯) પ્રભાસપાટણના શિલા-લેખમાં સોમનાથના મંદિરનો નિર્દેશ થયેલો છે. આ લેખ ભદ્રકાલીના મંદિરમાં

આવેલો છે. આ મંદિર પાટણ તા. વેરાવળ, (જિ. જૂનાગઢ)ના અત્યારના પ્રસિદ્ધ સોમનાથના મંદિરના સ્થાને આવેલું હતું. આ લેખમાં મંદિર માટે 'પ્રાસાદ' શબ્દ પ્રયોજાયેલ છે, જે 'મેરુપ્રાસાદ' હતો.

ભીમદેવ ૨ જાની વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭)ની સોમનાથ પાટણની શ્રીધરપ્રશસ્તિમાં જણાવ્યા પ્રમાણે ભીમદેવે સોમનાથના મંદિરની આગળ મેઘધ્વનિ નામનો સોમેશ્વર–મંડપ કરાવ્યો હતો.

અજયપાલના વિ. સં. ૧૨૨૯ (ઈ. સ. ૧૧૭૩)ના ઉદેપુરના શિલાલેખમાં વૈદ્યનાથ મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર ઉદેપુરમાં આવેલું છે.

વિ સં. ૧૨૩૫ (ઈ. સ. ૧૧૭૮–૭૯)ના ભીમદેવ ૨ જાના કિરાડુના શિલાલેખમાં કિરાડુમાં આવેલ સોમેશ્વર–મંદિરનો નિર્દેશ થયેલો છે.

વિ. સં. ૧૨૪૯ (ઈ. સ. ૧૧૯૨–૯૩)ના ભીમદેવ ૨ જાના ગાળાના શિલાલેખ (ગાળા, તા. ધ્રાંગધ્રા)માં આવેલ એક ખંડિત મંદિરનો ઉલ્લેખ થયેલો છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩ (ઈ. સ. ૧૨૦૭)ના કડીના તામ્રપત્રમાં ભીમેશ્વરના અને લીલેશ્વર મંદિરના ઉલ્લેખો થયેલા છે. આ મંદિરો સમરસિંહ ચાહુમાનની પુત્રી રાણી લીલાદેવીએ માલકતરી લીલાપુર ગામમાં બંધાવેલાં હતાં તેમજ બીજી રાણી સુમલાદેવીએ ધૂસડી(તા. વીરમગામ)માં સુમલેશ્વરનું મંદિર બંધાવ્યું હતું.

આ જ સમયના કુંભારિયાના એક શિલાલેખમાં[૨૯] કુંભેશ્વર મહાદેવના એક મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર કુંભારિયા (તા. દાંતા, જિ. બનાસકાંઠા)માં જૈનમંદિરોના સમૂહની બાજુમાં આવેલું છે. આ મંદિર તદ્દન સાદું છે. ગર્ભગૃહની સંમુખ ગૂઢ મંડપ આવેલો છે. ગર્ભગૃહ શિખરાન્વિત છે, જ્યારે મંડપ પર ઘૂમટનું છાવણ છે. આ મંદિરમાં બ્રહ્મા, વિષ્ણુ, લક્ષ્મી અને ઉમામહેશ્વરનાં શિલ્પો આવેલાં છે. આ મંદિર આજે પણ અસ્તિત્વ ધરાવે છે.

વિ. સં. ૧૨૬૪ (ઈ. સ. ૧૨૦૮)ના ભીમદેવ ૨ જાના સમયના મહેર જગમલ્લના ટિમાણાના તામ્રપત્રમાં જગમલ્લ મહેરે તળાજામાં ચઉડેશ્વર અને પૃથિવીદેવીશ્વરનાં મંદિરો બંધાવ્યાની નોંધ છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯)ના આબુના શિલાલેખમાં[૩૦] આબુ (જિ. શિરોહી, રાજસ્થાન)ના કોટેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. લેખમાં જણાવ્યા મુજબ એ મંદિરનો એ વખતે જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

આ મંદિર હાલ કનખલમાં આવેલું છે. આ મંદિર મોક્ષેશ્વરદેવીએ બંધાવ્યું હતું. લેખમાં જણાવ્યા પ્રમાણે આ મંદિરમાં કાળા પથ્થરના સ્તંભોની હાર કરાવાઈ હતી.

આ પૂર્વે બતાવ્યા મુજબ વિ. સં. ૧૨૭૩ (ઈ. સ. ૧૨૧૭)ના ભીમદેવ ૨ જાના સોમનાથ પાટણના શિલાલેખમાં ભીમદેવ ૨ જાએ સોમનાથ પાટણના મંદિરમાં મેઘધ્વનિ નામવાળો સોમેશ્વરમંડપ બંધાવ્યાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત શ્રીધરે સોમનાથ પાટણમાં માતા રોહિણીની યાદમાં બે શિવમંદિર કરાવ્યાં હતાં એવા ઉલ્લેખો થયેલા છે.

અભિનવ સિદ્ધરાજના વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩-૨૪)ના કડીના તામ્રપત્રમાં સણખલપુરમાં આનલેશ્વર અને સલખણેશ્વરનાં મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ સલખણપુર વર્દ્ધિપથકની (એટલે કે હારીજ કે વીરમગામ તાલુકાની) પાસે આવેલાં છે. આ મંદિરો સોલંકી રાણા લૂણપસાકે એની માતા સલખણદેવીના પુણ્યાર્થે કરાવ્યાં હતાં.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૩ (ઈ. ૧૨૨૬)ના કડી તામ્રપત્રમાં મૂલેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર માંડલમાં આવેલું હતું.

વિ. સં. ૧૨૮૬ (ઈ. સ. ૧૨૩૦)ના ભીમદેવ ૨ જાના સમયના શિલાલેખમાં કામનાથ મંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિર ઘેલાણા (તા. માંગરોળ, જિ. જૂનાગઢ) ગામની દક્ષિણે થોડા અંતર ઉપર નોળી નદીના પશ્ચિમ કાંઠે આવેલું છે.

વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના ભીમદેવ ૨ જાના કડીના તામ્રપત્રમાં સલખણપુરમાં બંધાયેલા આનલેશ્વર અને સલખણેશ્વર મંદિરોનો નિર્દેશ થયેલો છે. આ પહેલાં વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩-૨૪)ના ભીમદેવ ૨ જાના કડીના તામ્રપત્રમાં પણ આ મંદિરનો નિર્દેશ થયેલો હતો. આ પરથી એમ કહી શકાય કે આ મંદિરના નિભાવ અર્થે બે વાર દાન અપાયેલ હતાં. ઉપરાંત વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના તામ્રપત્રમાં ત્રીજી વાર પણ આ જ મંદિરોને દાન અપાયાનો ઉલ્લેખ મળે છે.

વિ. સં. ૧૨૯૦ (ઈ. સ. ૧૨૩૪)ના ભીમદેવ ૨ જાના મિયાણીના શિલાલેખમાં મિયાણી (તા. પોરબંદર, જિ. જૂનાગઢ)માં આવેલ નીલકંઠ મહાદેવના મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિરના મંડોવરની જંઘાના ગવાક્ષોમાં આવેલ મૂર્તિ-શિલ્પોમાં દક્ષિણ બાજુનું લકુલીશનું શિલ્પ ઉલ્લેખનીય છે. મંદિરની દ્વારશાખાના

લલાટબિંબમાં ગણેશનું શિલ્પ તથા ઓતરંગમાં નવગ્રહોના પટ્ટ આવેલા છે.૩૧ મંદિરના શિખરનો થોડો ભાગ તૂટી થયેલો છે.

ધૂમલીના વિ. સં. ૧૨૯૧ (ઈ. સ. ૧૨૩૫)ના ભીમદેવ ૨ જાના શિલાલેખમાં ધૂમલી (તા. ભાણવડ, જિ. જામનગર)માં ગણેશમંદિરનો મંડપ કરાવ્યાનો નિર્દેશ થયેલો છે.

વિ. સં. ૧૨૯૧ (ઈ. સ. ૧૨૩૪–૩૫)ના ભીમદેવ ૨ જાના સમયના ધોળકાના શિલાલેખમાં ગળેશ્વર મંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ મંદિર ગાળઉલગામ (તા. ધોળકા, જિ. અમદાવાદ)માં આવેલું છે.

ભીમદેવ ૨ જાના અણહિલ્લપાટણના વિ. સં. ૧૨૯૫(ઈ. સ. ૧૨૩૮)ના દાનપત્રમાં વીરમેશ્વર અને સૂમલેશ્વર મંદિરોના ઉલ્લેખો થયેલાં છે. આ મંદિરો વર્દ્ધિપથકની નજીક આવેલ ધૂસડી ગામમાં બંધાયેલાં હતાં, જેના ઉલ્લેખ ઉપર આવેલ છે.

વિ. સં. ૧૨૯૬ (ઈ. સ. ૧૨૩૯–૪૦)ના ભીમદેવ ૨ જાના કડીના તામ્રપત્રમાં અગાઉ વિ. ૧૨૮૦ અને વિ. સં. ૧૨૮૮ માં જણાવ્યા મુજબ ફરી વાર વીરમેશ્વર અને સૂમલેશ્વર મંદિરોના ઉલ્લેખ થયેલા છે, જે વિશે આ પૂર્વે કહેવાયું છે.

વિ. સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૭)ના ભીમદેવ ૨ જાના વેરાવળના શિલાલેખમાં વેરાવળ (તા. વેરાવળ–પાટણ, જિ. જૂનાગઢ)માં આવેલા સોમનાથ મંદિરમાં મેઘનાદ મંડપ કરાવ્યો હતો એનો નિર્દેશ થયેલો છે.

**(ખ) જૈન ધર્મનાં દેવાલયો :**

ચૌલુક્યકાલીન અભિલેખોમાં સૌપ્રથમ જૈનમંદિરનો ઉલ્લેખ મૂલરાજ ૧ લાના સમય–વિ. સં. ૧૦૩૩ (ઈ. સ. ૯૭૬–૭૭)ના તામ્રપત્રમાં થયેલો છે. પ્રસ્તુત લેખમાં મંદિરના સ્થળનો નિર્દેશ વરુણશર્મક એટલે કે વડસામા (જિ. મહેસાણા) નામે થયેલો છે.

હસ્તિકુંડિના ધવલના વિ. સં. ૧૦૫૩ (ઈ. સ. ૯૯૭)ના બીજાપુર (રાજસ્થાન)ના શિલાલેખમાં ઋષભદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો નિર્દેશ થયેલો છે. આ લેખમાં મંદિરનું સ્થળ જણાવ્યું નથી, પણ આ મંદિર સદર શિલાલેખના સ્થળે અર્થાત્ બીજાપુરમાં હશે એમ કહી શકાય.

ભીમદેવ ૧ લાના સમયના વિ. સં. ૧૦૮૮ (ઈ. સ. ૧૦૩૨)ના આબુના શિલાલેખમાં૩૨ વિમલવસહિકાના જૈનમંદિરનો ઉલ્લેખ થયેલો છે. આ પ્રસિદ્ધ મંદિર આબુ–દેલવાડા (જિ. સિરોહી, રાજસ્થાન)માં આવેલું છે.

આ મંદિર ભીમદેવ ૧ લાના મંત્રી વિમલશાહે બંધાવ્યું હતું, પરંતુ મંદિરનાં બધાં અંગો વિમલના સમયનાં નથી.[૩૩] વિમલની હયાતી દરમ્યાન આ મંદિર આજના સ્વરૂપનું ન હતું.[૩૪] આ મંદિર હાલના સ્વરૂપમાં ગર્ભગૃહ, અંતરાલ, ગૂઢમંડપ, નવચોકી, રંગમંડપ, મંદિરને ફરતી બાવન દેવકુલિકાઓ, એની આગળ સ્તંભયુક્ત પડાળી, બલાનક, હસ્તિશાલા અને તોરણ ધરાવે છે.[૩૫] એમાં કુલ ૧૫૭ મંડપ અને ૧૨૧ સ્તંભ છે. આ સ્તંભોમાં ૩૦ સ્તંભો સુંદર કોતરણીવાળા છે.[૩૬] આ મંદિરનો મૂળ પ્રાસાદ, ગર્ભગૃહ અને એની સાથે આવેલ ગૂઢમંડપ વગેરે મંત્રી વિમલના સમયનાં હોવાનું સ્પષ્ટ જણાય છે. આ ગર્ભગૃહ અને ગૂઢમંડપ અંદર તેમજ બહારની બાજુએથી તદ્દન સાદા છે, જ્યારે આગળની નવચોકી, રંગમંડપ અને દેવકુલિકાઓ સામેની પડાળીમાંના સ્તંભો તથા છતો વગેરે સુંદર કોતરણી-વાળાં છે.

વિમલવસહિની સામે પૂર્વમાં હસ્તિશાળા આવેલી છે તેમાં સૌ–પ્રથમ અશ્વારૂઢ વિમલની પ્રતિમા આવેલી છે. આ હસ્તિશાળામાં પૃથ્વીપાલે એના પૂર્વજો અને વંશજોની પ્રતિમાઓ કરાવેલી હતી.

વિ. સં. ૧૨૧૩ (ઈ.સ. ૧૧૫૬–૫૭)ના કુમારપાલના નાડોલના (રાજસ્થાન) શિલાલેખમાં મહાવીર અને અરિષ્ટનેમિના મંદિરનો ઉલ્લેખ થયેલો છે.

કુમારપાલના વિ. સં. ૧૨૧૫ (ઈ.સ. ૧૧૫૯)ના ગિરનારના શિલાલેખમાં[૩૭] ગિરનાર(જિ. જૂનાગઢ)ના નેમિનાથના મંદિરનો નિર્દેશ કરેલો છે. બોત્તેર જિનાલય હોવાને કારણે ગુજરાતનું આ મહત્ત્વનું મંદિર ગણાય છે.[૩૮] આ મંદિર પહેલાં લાકડાનું હતું. પાછળથી સિદ્ધરાજના સમયમાં એના મંત્રી સજ્જને પાષાણમાં બનાવ્યું હતું. આ મંદિર વિશાળ જગતી પર આવેલું છે. મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, અંતરાલ, ગૂઢમંડપ, મંડપ, રંગમંડપ, દેવકુલિકાઓ અને બલાનકનું બનેલું છે. મંદિરના ગર્ભગૃહમાં શ્યામ પાષાણની નેમિનાથની પ્રતિમા સ્થાપિત કરેલી છે.

ભીમદેવ ૨ જાના સમયમાં વિ. સં. ૧૨૫(?)ના પાટણના શિલાલેખમાં મૂલવસહિકાનો ઉલ્લેખ થયેલો છે. પ્રસ્તુત લેખમાં આ મંદિરનો ઉલ્લેખ પાટણ (જિ. મહેસાણા)માં થયેલો છે. પાટણમાં આ સમયનાં અસંખ્ય મંદિરો આવેલાં છે, આથી એમાં સ્પષ્ટ રીતે આ મંદિર અસ્તિત્વ ધરાવે છે કે કેમ એ કહેવું અઘરું છે.

વિ. સં. ૧૨૬૫ (ઈ. સ. ૧૨૦૯)ના ભીમદેવ ૨ જાના આબુના શિલાલેખમાંના અજિતનાથના મંદિરનો નિર્દેશ થયેલો છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ઉજ્જૈનના શિવમઠના મહંત કેદારરાશિએ કરાવ્યો હતો. આ મંદિર અચલગઢ કનખલતીર્થમાં કરાવ્યું હતું. આ મંદિરના જીર્ણોદ્ધારની સાથે સાથે કનખલમાં કોટેશ્વરના મંદિરનો પુનરુદ્ધાર પણ કરાવ્યો તેમજ કનખલતીર્થની અંદરનો બધો ભાગ પથ્થરની મોટી લાદીઓથી જડાવ્યો હતો. વળી આ કનખલમાં જ સૂલપાણિનાં બે નવાં મંદિરો કરાવ્યાં હતાં અને કાળા પથ્થરના સ્તંભોની હાર કરાવાઈ હતી.

ભીમદેવ ૨ જાના સમયના વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૧)ના આબુ પરના શિલાલેખમાં[૩૯] લૂણવસહિકાનો ઉલ્લેખ થયેલો છે. લૂણવસહિકા આબુ દેલવાડા (હાલ જિ. શિરોહી, રાજસ્થાન)માં આવેલું છે. લેખમાં આ મંદિરનું વર્ણન કરેલું છે. સમગ્ર મંદિર સફેદ આરસપહાણનું બનેલું છે. મંદિરની આગળ મોટો મંડપ આવેલો છે. એની ચારે બાજુ બાવન જિનાલયો આવેલાં છે તથા આગળના ભાગમાં બલાનક કરેલ છે. આ ઉપરાંત આ મંદિરમાં હસ્તિશાળા આવેલી છે તેમાં ચંડપ, ચંડપ્રસાદ, સોમ, અશ્વરાજ, લૂણિગ, મલ્લદેવ, વસ્તુપાલ, તેજપાલ, જૈત્રસિંહ અને લાવણ્યસિંહની પ્રતિમાઓ આવેલી છે.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૮૮ (ઈ. સ. ૧૨૩૨)ના આબુના શિલાલેખમાં[૪૦] આબુમાં નાના મંદિરો (અર્થાત્ દેવકુલિકાઓ) બંધાવ્યાનો નિર્દેશ થયેલો છે. એ બધી દેવકુલિકાઓ આબુમાં હાલ પણ મોજૂદ છે.

વિ. સં. ૧૨૮૯ (ઈ. સ. ૧૨૩૩)ના ગિરનારના શિલાલેખમાં[૪૧] કપર્દિયક્ષના મંદિરનો ઉલ્લેખ થયેલો છે અને આ મંદિર આજે પણ ગિરનાર પર ઊભું છે. આ ઉપરાંત આદિનાથનું મંદિર તેમજ વસ્તુપાલની પત્ની લલિતાદેવીના શ્રેય માટે ચોવીશ જિનાલયનું અષ્ટાપદનું મંદિર બંધાવ્યાના નિર્દેશ થયેલા છે. આ ચાર મંદિરોમાંથી બે મંદિરો વિદ્યમાન છે, જ્યારે બીજાં મંદિરો કાળવિલીન થયાં કે જીર્ણોદ્ધાર થવાને લીધે એઓનું મૂળ સ્વરૂપ લુપ્ત થયું હોઈ એ જાણી શકાતું નથી.

વિ. સં. ૧૨૯૬ (ઈ. સ. ૧૨૩૯)ના ભીમદેવ ૨ જાના સમયના આબુ પરના શિલાલેખમાં[૪૨] વરહુડિયા વંશના શેઠ નેમડ અને એનાં કુટુંબીજનોએ આબુ ઉપરાંત અન્ય સ્થળોએ વિવિધ મંદિરો, મંદિરમાં મંડપો, દેવકુલિકાઓ અને જિનબિંબો કરાવ્યાં હોવાનો નિર્દેશ થયેલો છે, જેવો કે—

(૧) શત્રુંજય પરના એક મંદિરમાં કલશયુક્ત દેવકુલિકા કરાવી તેમજ આદિનાથનું બિંબ ભરાવ્યું તથા મહાવીર સ્વામીના મંદિરમાં એક બિંબ અને એક ગોખલો

કરાવ્યાં, ઋષભદેવની ચોવીશી કરાવી, મંદિરના ગૂઢમંડપના પૂર્વદ્વારમાં એક ગોખલો કરાવ્યો તેમજ એમાં બે મૂર્તિઓ કરાવી. આ ઉપરાંત ગોખલાની ઉપર આદિનાથનું બિંબ ભરાવ્યું.

(૨) ઉજ્જયંત–ગિરનારમાં નેમિનાથના પાદુકામંડપમાં એક ગોખલો અને નેમિનાથનું બિંબ કરાવ્યાં.
ગિરનારના આદિનાથના મંદિરના આગળના મંડપમાં એક ગોખલો અને નેમિનાથનું બિંબ કરાવ્યાં.

(૩) અર્બુદાચલ (આબુ)માં નેમિનાથના મંદિરની ભમતીમાં ૭ બિંબયુક્ત બે–બે દેવકુલિકાઓ કરાવી.

(૪) જાબાલિપુર (તા. જાલોર જિ. જોધપુર મારવાડ)માં પાર્શ્વનાથના મંદિરની ભમતીમાં આદિનાથની દેવકુલિકા કરાવી.

(૫) તારણગઢ (તારંગા)માં અજિતનાથના મંદિરના ગૂઢમંડપમાં આદિનાથના બિંબયુક્ત એક ગોખલો કરાવ્યો.

(૬) અણહિલપુર પાટણમાં સુવિધિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી એમાં સુવિધિનાથનું બિંબ કરાવ્યું.

(૭) વીજાપુર (જિ. કડી ઉ. ગુજરાત)ના મંદિરમાં નેમિનાથ અને પાર્શ્વનાથની દેવકુલિકા કરાવી.

(૮) લાટાપલ્લી(હાલમાં લાડોલ)માં વીજાપુરની ઉત્તરે ત્રણ ગાઉ દૂર આવેલા કુમારવિહારના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી પાર્શ્વનાથના સામેના મંડપમાં પાર્શ્વનાથનું બિંબ અને ગોખલો કરાવ્યાં.

(૯) પ્રહ્લાદનપુર(પાલનપુર)ના પાલ્હણ વિહારના મંદિરમાં ચંદ્રપ્રભુસ્વામીના મંડપમાં ગોખલા કરાવ્યા.
આ ઉપરાંત મંદિરની ભમતીમાં નેમિનાથની આગળના મંડપમાં મહાવીર સ્વામીનું બિંબ કરાવ્યું.

(૧૦) લાટાપલ્લીના કુમારવિહારના મંદિરની ભમતિમાં અજિતનાથનું બિંબ તથા દંડકલશાદિયુક્ત દહેરી કરાવી. એ જ મંદિરમાં શાંતિનાથ અને અજિતનાથની ઊભી મૂર્તિઓ પણ મુકાવી.

(૧૧) અણહિલપાટણની નજીક આવેલા ચારોપ (ચારૂપ) ગામમાં આદિનાથનું બિંબ અને ગૂઢમંડપ તથા ૭ ચોકીઓ સહિત જિનાલય કરાવ્યાં.

વિ. સં. ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૪)ના ત્રિભુવનપાલના શિયાળબેટના શિલાલેખમાં સહજિગપુરના રહેવાસી પલ્લિવાલ જ્ઞાતિના શ્રાવકોએ દેવકુલિકા સહિત મલ્લિનાથનું બિંબ કરાવ્યાનો નિર્દેશ થયો છે. આ મંદિર હેન્રીકઝિન્સના સર્વેક્ષણ સમયે હતું, પરંતુ પાછળથી આ મંદિરનું કોઈ અસ્તિત્વ નથી. કદાચ ગામના લોકોએ આ નધણિયાતા મંદિરના પથ્થરો કામમાં લઈ લીધા હશે.[૪૩]

વસ્તુપાલ–તેજપાલે ગિરનાર ઉપર પણ અષ્ટાપદાવતાર, સમેતશિખરાવતાર, શત્રુંજયાવતાર, સ્તંભનકતીર્થાવતાર બંધાવ્યાં હતાં. ધોળકાના રાણક ભટ્ટારક મંદિરનો, પાટણના પંચાસરા પાર્શ્વનાથ મંદિરનો, ખંભાતના પાર્શ્વનાથ અને યુગાદિ જિનમંદિરનો, કાસહૃદના આદીશ્વર અને અંબિકા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એઓએ અનેક જિનમંદિરોમાં વિવિધ પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ કરાવી હતી. ધોળકા ખંભાત વગેરે સ્થળોએ નવા ઉપાશ્રયો બંધાવ્યા હતા.[૪૪]

આમ ઉપર્યુક્ત આભિલેખિક માહિતીના આધારે સ્પષ્ટ કહી શકાય કે આ કાલ દરમ્યાન ગુજરાતમાં અનેક મંદિરોનું નિર્માણ થયું હતું, જેમાંના કેટલાંક મંદિરો હજુ આજે પણ એની પ્રતીતિ કરાવતાં ઊભેલાં છે.

**અભિલેખોમાં ઉલ્લિખિત પ્રતિમાઓ :**

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં સ્થાપત્યની સાથે સાથે મૂર્તિકલાનો પણ વિકાસ થયો હતો. આની વિગતો આ સમયના પ્રતિમા–લેખોને આધારે પ્રાપ્ત થાય છે. સામાન્ય રીતે પ્રતિમાની પાછળ મૂર્તિપૂજાનો વ્યાપક ખ્યાલ રહેલો હોય છે અને મૂર્તિપૂજા પાછળ ધર્મની તીવ્ર અસર વરતાય છે. આ કાલમાં અસંખ્ય પ્રતિમાઓ બનાવવામાં આવતી હતી. આ પૈકી હિન્દુ અને જૈન પ્રતિમાઓ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

જૈનધર્મમાં મૂર્તિ કરાવવી અને પ્રતિષ્ઠા કરાવવી એ ભારે પુણ્યપ્રદ ગણાતું અને જૈન સાધુઓ એ માટે શ્રાવકોને પ્રોત્સાહિત કરતા. એમના પ્રભાવથી પાષાણપ્રતિમાઓ અને ધાતુપ્રતિમાઓ પણ વિપુલ પ્રમાણમાં કરાવાતી. આમાં પણ ધાતુપ્રતિમા કરાવવી સામાન્ય માણસને પણ પોષાતી હતી તેથી એની સંખ્યા વિશેષ પ્રમાણમાં મળે છે. આની મૂર્તિઓ પર જેના શ્રેય અર્થે મૂર્તિ કરાવી હોય તેનું નામ અને પ્રતિષ્ઠા કરનાર આચાર્યનું નામ પણ લખવામાં આવતાં. આવાં લખાણોને લઈને કેટલાક શ્રાવકો પ્રોત્સાહિત પણ થતા હશે. આવા લેખ સામાન્ય રીતે શુદ્ધ સંસ્કૃતમાં લખાતા. ક્યારેક એમાં રાજાનો ઉલ્લેખ પણ કરવામાં આવતો

હતો. આ બધાં કારણોને લીધે જૈન પ્રતિમાઓની સંખ્યા વિશેષ પ્રાપ્ત થાય છે અને એમાં ક્વચ્ચિત્ જ કોઈ પ્રતિમા લેખ વગરની હોય છે.

**(ક) હિન્દુ પ્રતિમાઓ :**

જૈન પ્રતિમાની સરખામણીએ હિન્દુપ્રતિમા પર કોતરાયેલા લેખો અલ્પ પ્રમાણમાં પ્રાપ્ય થાય છે.

કુંભારિયાના વિ. સં. ૧૧૫૩ (ઈ. સ. ૧૦૯૬)ના લેખમાં[૪૫] શિવપ્રતિમાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

વિ. સં. ૧૧૯૫ (ઈ. સ. ૧૧૩૯)નો કુંભારિયાનો પ્રતિમાલેખ પણ શિવપ્રતિમાને લગતો છે.[૪૬]

શિવના સામાન્ય સ્વરૂપની પ્રતિમાઓ ઉપરાંત ઉમા–મહેશ્વરની સંયુક્ત પ્રતિમાઓ પણ પ્રાપ્ત થાય છે. ઉમા–મહેશ્વરની ઘણીખરી પ્રતિમાઓ અર્ધપર્યંકાસન અને આલિંગનયુક્ત હોય છે.[૪૭]

ખંભાતના વિ. સં. ૧૨૩૨ (ઈ. સ. ૧૧૭૫–૭૬)નો પ્રતિમાલેખ[૪૮] ઉમા–મહેશ્વરની પ્રતિમા નીચે કોતરેલો છે.

ધોળકાની વિ. સં. ૧૨૩૬ (ઈ. સ. ૧૧૭૯)ની વિષ્ણુની એક પ્રતિમા નીચે લેખ પ્રાપ્ત થાય છે.[૪૯]

વિ. સં. ૧૨૮૦ (ઈ. સ. ૧૨૨૩)ની ખંભાતની સરસ્વતીની પ્રતિમા નીચે લેખ પ્રાપ્ત થાય છે.[૫૦]

વિ. સં. ૧૨૯૧ (ઈ. સ. ૧૨૩૫)નો ગણેશપ્રતિમાલેખ પ્રાપ્ત થાય છે.[૫૧]

વિ. સં. ૧૨૯૨ (ઈ. સ. ૧૩૩૭)ના નગરાના લેખમાં[૫૨] સૂર્યપત્ની રત્નાદેવીની સ્વતંત્ર પ્રતિમા બનાવ્યાના ઉલ્લેખો નજરે પડે છે, જ્યારે વિ. સં. ૧૨૯૩ (ઈ. સ. ૧૨૩૯)ના ખેરાળુના લેખમાં[૫૩] સૂર્યપ્રતિમા બનાવ્યાનો નિર્દેશ થયેલો છે.

**(ખ) જૈન પ્રતિમાઓ :**

જૈનધર્મમાં તીર્થંકરોની મૂર્તિપૂજા વ્યાપક હતી. મૂર્તિ ભરાવવી અને એની પ્રતિષ્ઠા કરાવવી એ ભારે પુણ્યપ્રદ ગણાતું. પ્રતિમાલેખોને આધારે જણાય છે કે દાતાઓ માતાપિતા અને પોતાના શ્રેયોર્થે મૂર્તિઓ ભરાવતા અને બિંબ-પ્રતિષ્ઠા કરાવતા.

ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાં સેંકડોની સંખ્યામાં નાનાં મોટાં જૈનમંદિરો ઠેર ઠેર બંધાયાં હતાં, વળી જૂનાં મંદિરોના જીર્ણોદ્ધાર પણ થયા હતા. આ મંદિરોમાં દેવકુલિકાઓ કરાવ્યાના તેમજ પ્રતિમા ભરાવ્યાના અસંખ્ય લેખો પ્રાપ્ત થાય છે. એમાંય ગિરનાર, શત્રુંજય, તારંગા, આબુ, પાલિતાણા, પાટણ, ખંભાત વગેરે તીર્થસ્થાનોમાંથી આવા લેખો વિશેષ મળ્યા છે. આ લેખોના આધારે જણાય છે કે ચોવીસ તીર્થંકરો પૈકી આદિનાથ, શાંતિનાથ અને પાર્શ્વનાથની પ્રતિમાઓ અધિક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તીર્થંકરો ઉપરાંત એમના શાસનદેવતા, યક્ષયક્ષિણીઓ તેમજ વિદ્યાદેવીઓની પૂજા પણ પ્રચલિત હતી.[૫૪]

આ સમયના લેખોમાંથી પંચતીર્થી અને કાયોસગ્ગીય પ્રતિમાઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ બાબત સપરિકર પંચતીર્થી–પ્રતિમાનો તેમજ કાયોત્સર્ગ–મુદ્રામાં ઊભેલી મૂર્તિઓની સૂચક છે. સપરિકર પ્રતિમાઓમાં મુખ્ય તીર્થંકરની પ્રતિમા યોગાસનવાળી બેઠેલી હોય છે. એમાંય મોટા ભાગની પ્રતિમાઓ પદ્માસન કે અર્ધપદ્માસનવાળી બેઠેલી ધ્યાન મુદ્રાવાળી તેમજ મુખ પરના ભાવ અત્યંત નિર્મળ અને વીતરાગપૂર્ણ શરીર નગ્ન કે એક અધોવસ્ત્રથી આચ્છાદિત અને મસ્તક પર શિરોવેષ્ટનયુક્ત હોય છે. આદિનાથની પ્રતિમામાં વિખરાયેલ વાળની છૂટી લટો સ્કંદ પર બતાવવામાં આવે છે. કાયોત્સર્ગ–અવસ્થામાં તીર્થંકર ઊભા રહી તપ કરતા હોય એમ દર્શાવેલ હોય છે. ચોવીસે ચોવીસ તીર્થંકરો એકસરખી અવસ્થામાં મૂર્ત થતા હોવાથી એમની બધી જ પ્રતિમાઓ એકસરખા કલાવિન્યાસવાળી લાગે છે, આથી એમને ઓળખવા માટે નિર્ધારિત લાંછનો (ઓળખચિહ્નો) અંકિત કરવામાં આવે છે. જૈનમંદિરોમાં એક કરતાં વધુ તીર્થંકરોની પ્રતિમાઓ બેસાડી હોય છે, એમાંની મંદિરના ગર્ભાગારમાં બેસાડેલી પ્રતિમાને મૂળ નાયક તરીકે ઓળખવામાં આવે છે.

અલબત્ત, ચૌલુક્યકાલ દરમ્યાન ગુજરાતમાંથી જૈન તીર્થંકરોની પ્રતિમા પરના અસંખ્ય લેખો પ્રાપ્ત થયા છે, પરંતુ એ પરથી જે તે તીર્થંકરના મૂર્તિવિધાન વિશેની માહિતી પ્રાપ્ત થતી નથી, કારણ કે લેખોમાં અમુક તીર્થંકરનું બિંબ ભરાવ્યું કે અમુકે મૂર્તિ કરાવી એવા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એમાંય પંચતીર્થી કે કાયોસગ્ગીયા જેવા ઉલ્લેખો કવચિત જ મળે છે.

આ કાલ દરમ્યાન પ્રાપ્ત જૈનપ્રતિમાઓ પૈકીના ૪૦૦ જેટલા લેખો જ્ઞાત થયા છે. આ પ્રતિમાઓનું સંખ્યાત્મક વિશ્લેષણ નીચે મુજબ છે :

(૧) જૈનધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવની પ્રતિમાના લગભગ ૩૫ જેટલા ઉલ્લેખો મળે છે. એમાં ઋષભદેવ ઉપરાંત એમનાં આદિનાથ, યુગાદિદેવ, આદિદેવ, યુગંધર સ્વામી વગેરે નામો પ્રયોજાયાં છે. ઋષભદેવનું લાંછન વૃષભ છે.

(૨) બીજા તીર્થંકર અજિતનાથની લગભગ ૧૫ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એમનું લાંછન હાથી છે.

(૩) ત્રીજા તીર્થંકર સંભવનાથ છે. એમની ૧૦ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એમનું લાંછન અશ્વ છે.

(૪) ચોથા તીર્થંકર અભિનંદનનાથની પ્રસ્તુતકાલ દરમ્યાન લગભગ ૧૦ જેટલી પ્રતિમાઓ જ્ઞાત થાય છે. એમનું લાંછન કપિ (વાનર) છે.

(૫) પાંચમા તીર્થંકર સુમતિનાથની પાંચ જેટલી પ્રતિમાઓ જ્ઞાત થયેલી છે. એમનું લાંછન ક્રૌંચ પક્ષી છે.

(૬) છઠ્ઠા તીર્થંકર પદ્મપ્રભુ છે. એમની આ કાલ દરમ્યાન પાંચ જેટલી પ્રતિમાઓ પ્રાપ્ય થાય છે. એમનું લાંછન લાલ કમળ છે.

(૭) સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથ છે. એમનું લાંછન સ્વસ્તિક છે. આ ઉપરાંત એની સાથે એક, પાંચ કે નવ ફણાવાળા નાગની પણ આકૃતિ હોય છે.[૫૫]

(૮) આઠમા તીર્થંકર ચંદ્રપ્રભુ છે. આ કાલ દરમ્યાન એમની ૧૦ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તેમનું લાંછન ચંદ્ર છે.[૫૬]

(૯) નવમા તીર્થંકર સુવિધિનાથ છે. આ સમય દરમ્યાન આ તીર્થંકરની આઠ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એમનું લાંછન મકર (મગર) છે. આ તીર્થંકરને પુષ્પદંત પણ કહેવામાં આવે છે.[૫૭]

(૧૦) દસમા તીર્થંકર શીતલનાથ છે. આ તીર્થંકરની લગભગ ૭૦ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. એમનું લાંછન શ્રીવત્સ છે.

(૧૧) અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથ છે. એમનું લાંછન ગેંડો છે. આ તીર્થંકરની લગભગ દસ જેટલી પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે.

(૧૨) વાસુપૂજ્ય બારમા તીર્થંકર છે. આ તીર્થંકરની લગભગ ૧૫ જેટલી પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. એમનું લાંછન મહિષ (પાડો) છે. આબુ પરની વિમલવસહિની દેરી નં. ૧૩ માં તેમજ લૂણવસહિની ૧ લી દેરીમાં વાસુપૂજ્યની પ્રતિમાઓ બેસાડેલી છે.

(૧૩) વિમલનાથ તેરમા તીર્થંકર છે. આ તીર્થંકરની પાંચ જેટલી પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. એમનું લાંછન વરાહ છે.

(૧૪) અનંતનાથ ચૌદમા તીર્થંકર છે. એમનું લાંછન શ્વેતાંબર પરંપરા પ્રમાણે બાજ અને દિગંબર પરંપરા પ્રમાણે રીંછ છે. આ તીર્થંકરની પાંચ પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે.

(૧૫) પંદરમા તીર્થંકર ધર્મનાથ છે. આ તીર્થંકરની સાત જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય થાય છે. એમનું લાંછન વજ્રદંડ છે.

(૧૬) જૈન પુરાણોના મત મુજબ સોળમા તીર્થંકર શાંતિનાથનું સ્થાન બધા તીર્થંકરો કરતાં વિશેષ છે. એમનું લાંછન હરણ છે. આ તીર્થંકરની લગભગ ૨૫ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૧૭) કુંથુનાથ એ સત્તરમા તીર્થંકર છે. એમનું લાંછન અજ (બકરો) છે. અન્ય તીર્થંકરોની સરખામણીએ આ તીર્થંકરની પ્રતિમાઓ જૂજ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આ તીર્થંકરની ફક્ત ત્રણ પ્રતિમાઓના જ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૧૮) અઢારમા તીર્થંકર અરનાથ છે. એમનું લાંછન નંદ્યાવર્ત છે. આ કાલ દરમ્યાન એમની પાંચ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૧૯) ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથ છે. શ્વેતાંબર પરંપરા પ્રમાણે એ સ્ત્રી છે, જ્યારે દિગંબરોના મત પ્રમાણે એ પુરુષ છે. એમનું લાંછન કુંભ છે. આ તીર્થંકરની દસ જેટલી પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. અલબત્ત, બંનેમાં સાધારણ રીતે મૂર્તિ પુરુષ દેહની કરવામાં આવે છે.

(૨૦) મુનિ સુવ્રતસ્વામી વીસમા તીર્થંકર છે. એમનું લાંછન કૂર્મ (કાચબો) છે. આ તીર્થંકરની ૨૦ જેટલી પ્રતિમાઓની માહિતી પ્રાપ્ત થાય છે. ભરૂચમાં આ તીર્થંકરનો મહિમા ખૂબ પ્રચલિત હતો. જૈન અનુશ્રુતિ પ્રમાણે મુનિ-સુવ્રતસ્વામીના ચૈત્યથી ભરૂચ તીર્થસ્વરૂપ બન્યું હતું. આ ભૂમિની જૈનતીર્થ તરીકેની પ્રસિદ્ધિ भरुकच्छा हि मुणिसुव्वतम् એ પદથી જ્ઞાત થાય છે.[૫૮]

(૨૧) એકવીસમા તીર્થંકર નમિનાથ છે. તેમનું લાંછન શ્વેતાંબરના પ્રમાણે નીલકમલ અને દિગંબરના મતે અશોક વૃક્ષ છે.[૫૯] આ તીર્થંકરની બહુ જ ઓછી પ્રતિમાઓ પ્રાપ્ત થાય છે. આ તીર્થંકરની ફક્ત બે જ પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૨૨) બાવીસમા તીર્થંકર નેમિનાથ છે. એમનું લાંછન શંખ છે. એમનો યક્ષ ગોમેધ છે અને યક્ષિણી અંબિકા છે. એમનું અપર નામ અરિષ્ટનેમિ છે.[૬૦] નેમિનાથની અસંખ્ય પ્રતિમાઓ ગુજરાતમાંથી પ્રાપ્ત થાય છે. આ તીર્થંકરની ૨૫ જેટલી પ્રતિમાઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

(૨૩) ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ છે. આ તીર્થંકરને ઐતિહાસિક વ્યક્તિ માનવામાં આવે છે. એમનું લાંછન સર્પ છે. આ તીર્થંકરની લગભગ ૭૫ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પાર્શ્વનાથની પ્રતિમાઓ બે પ્રકારે જોવા મળે છે : કાયોત્સર્ગવાળી અને બેઠેલી; જોકે એમની બધી પ્રતિમાઓમાં એમના મસ્તક પર ધરણ નાગની છાયા હોય છે. એમાં કેટલીક પ્રતિમાઓમાં પાંચ, સાત, નવ અને સહસ્ર ફણાઓ પણ હોવાનું જણાય છે.

(૨૪) ચોવીસમા–છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામીનું જૈનધર્મમાં વિશેષ મહત્ત્વ છે. એમનું લાંછન સિંહ છે. આ તીર્થંકરની લગભગ ચાળીસ જેટલી પ્રતિમાઓના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ઉપર્યુક્ત ચોવીસ તીર્થંકરો ઉપરાંત જૈનધર્મના વીરપ્રભુ, સુબાહુ, ચક્રેશ્વરીદેવી જિનેન્દ્ર, બાહુજિન, અંબિકા, સીમંધર સ્વામી, સુબાહુ, શાશ્વતજિન વગેરેની પ્રતિમાઓના લેખ પણ પ્રાપ્ત થાય છે. ચોવીસ તીર્થંકરો ઉપરાંત ભવિષ્યના ૨૪ તીર્થંકરોની પ્રતિમાઓ પણ આ કાલ દરમ્યાન થયેલી જણાય છે, જે પૈકીના કોઈ કોઈના લેખ પણ મળે છે.

આ ઉપરાંત આ કાલના જૈનધર્મના પ્રભાવક સૂરિઓ તેમજ આચાર્યોની પ્રતિમાઓ, જેવા કે હેમચંદ્રસૂરિ, સિંહદત્તસૂરિ, દેવભદ્રસૂરિ વગેરેની પણ પ્રતિમાઓ લેખસહિત પ્રાપ્ત થાય છે.

જૈન તીર્થંકરો, સૂરિઓ અને આચાર્યો ઉપરાંત ચૌલુક્યકાલ દરમ્યાન થયેલાં પ્રસિદ્ધ સ્ત્રી–પુરુષોની પ્રતિમાઓ પણ પ્રાપ્ત થાય છે, જેવી કે

વિ. સં. ૧૨૮૫ (ઈ. સ. ૧૨૨૯)ના લેખમાં[૬૧] સિદ્ધરાજ જયસિંહની પ્રતિમા કરાવ્યાનો ઉલ્લેખ થયેલો છે. (જુઓ આકૃતિ ૭)

વિ. સં. ૧૨૮૭ (ઈ. સ. ૧૨૩૦–૩૧)ના લેખમાં[૬૨] પરમારવંશની પ્રતિમાઓ તેમજ વસ્તુપાલ–તેજપાલ અને એમની પત્નીઓ તેમજ એમના પુત્રોની પ્રતિમાઓ આબુના વિમલવસહિકાના મંદિરની હસ્તિશાળામાં કરાવ્યાની નોંધ તેમજ મૂર્તિઓ પણ મળે છે.

